ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

અધ્યાત્મ પિપાસા

(ભાગ–૩)

(ધન્યાવતાર પ્રશમમૂર્તિ ભગવતી માતા
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન દ્વારા ચાલેલ તત્ત્વચર્ચાનો ગ્રંથ
'સ્વાનુભૂતિદર્શન' ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના શબ્દશઃ સળંગ પ્રવચનો)
(પ્રશ્ન–૮૯ થી ૧૩૮)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર-૩૬૪૦૦૧

વિક્રમ સંવત	વીર સંવત	ઈ. સન
૨૦૭૯	૨૫૪૯	૨૦૨૨

પ્રકાશન

તા. ૩૦-૧૧-૨૦૨૨, માગશર સુદ-૮

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૦મી જન્મ જયંતી

પૃષ્ઠ સંખ્યા : ૪૨૮

પ્રત : ૧૪૦

પડતર મૂલ્ય : ૯૦૦/-

વેચાણ મૂલ્ય : ૪૦/-

પ્રાપ્તિ સ્થાન

૧. વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર-૩૬૪૦૦૧.
રાજેન્દ્રભાઈ કાલા-મો. ૯૮૨૫૧૫૫૦૬૬
૨. 'ગુરુ ગૌરવ'
(પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની સ્મારક ભવન)
સોનગઢ (સૌરાષ્ટ્ર)
www.satshrut.org,

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક
અજય ઑફસેટ
અમદાવાદ
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ ભગવાન શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ધર્મના આધારસ્તંભ એવા આચાર્ય ભગવંત, મહામુનિવરો તથા જ્ઞાની ધર્માત્મા થતા આવ્યા છે. જેઓએ સ્વયંના અનુભવગર્ભિત વાણી દ્વારા શાસ્ત્રોની રચના કરી અને ભવ્ય જીવોના હિતાર્થે, અનંત કાળથી દુઃખ ભોગવતા પ્રાણીઓને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય અને સાદિઅનંત કાળ સુખાનુભવમાં રહે તે અર્થે ધર્મોપદેશ પ્રવર્તાવ્યો.

જીવ અનંત કાળથી પરિભ્રમણ કરી રહ્યો છે જેમાં અસહ્ય દુઃખ સહન કરી રહ્યો છે. અનેક માનેલા ધર્મસાધનો કરતો રહ્યો હોવા છતાં જેના ફળસ્વરૂપે અંશમાત્ર પણ સુખની પ્રાપ્તિ થઈ નથી, પરંતુ દુઃખ જ ભોગવતો રહ્યો છે. જ્ઞાનીપુરુષોએ સ્વયંની નિષ્કારણ કરુણાથી જીવો દુઃખથી મુક્ત થાય તે હેતુથી સમ્યક્ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું છે. પ્રવર્તમાન શાસનમાં અધ્યાત્મયુગ પ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ મોક્ષમાર્ગનું સત્ય સ્વરૂપ સમજાવ્યું અને મિથ્યાત્વરૂપી ઘોર અંધકારમાંથી બહાર નીકળવાનો માર્ગ દર્શાવ્યો. અનેક શાસ્ત્રો ઉપર થયેલા તેમના પ્રવચનોમાં મોક્ષમાર્ગનું સત્ય સ્વરૂપ પ્રકાશ્યું છે. તદ્ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેને મુમુક્ષુઓ સત્ય સ્વરૂપને પ્રાપ્ત કરે તે હેતુથી ચર્ચા-સમાધાન કરી પરમ ઉપકાર કર્યો છે.

'અધ્યાત્મ પિપાસા' નામક પ્રસ્તુત પ્રવચન-ગ્રંથમાં પૂજ્ય બહેનશ્રીની થયેલ તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' નામે પ્રકાશિત કરવામાં આવ્યો હતો તેની ઉપર પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનો છે. પૂજ્ય બહેનશ્રીની વિદ્યમાનતામાં સુવર્ણપુરી તીર્થધામમાં પ્રતિદિન બપોરે ચાલતી તત્ત્વચર્ચાનો આ ગ્રંથ વર્તમાન મુમુક્ષુજીવોની અનેક પ્રકારની મૂંઝવણને દૂર કરે છે. સાદી સરળ ભાષામાં તેમના દ્વારા અપાયેલ સમાધાન મુમુક્ષુઓની અધ્યાત્મ પિપાસાની તૃપ્તિ માટે અમૃતના કુંભ સમાન જ છે. પૂજ્ય બહેનશ્રી દ્વારા અપાયેલા સમાધાન, પ્રત્યેક વચન આગમ જ છે.

જ્ઞાનીઓના હૃદય જ્ઞાની જ જાણે. તદ્અનુસાર નિષ્કારણ કરુણામૂર્તિ, અધ્યાત્મ રહસ્યોદઘાટક પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈએ 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર પ્રવચનો કરી અતિ સરળ છતાં મર્મભેદક પ્રવચનો કરી પૂજ્ય બહેનશ્રીના હૃદયકમળમાં બિરાજમાન જ્ઞાયકદેવના દર્શન કરાવ્યા છે. પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલા આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવે એવી ભાવના મુમુક્ષુઓને થવાથી તેનો તૃતીય ભાગ પાઠકવર્ગના

હસ્તકમળમાં મૂકતા અત્યંત હર્ષ થાય છે. આ પ્રવચનો કુલ ૧૩ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના છે.

પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલા આ પ્રવચનો મુમુક્ષુજીવોને આત્મહિતાર્થે અત્યંત લાભદાયક થશે એવી ભાવના સાથે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા પૂજ્ય ભાઈશ્રીના કરકમળમાં આ ગ્રંથ અર્પિત કરતાં પ્રસન્નતા અનુભવાય છે. સર્વ પ્રવચનોને સાંભળીને શબ્દશઃ લખી જ્યાં જરૂર લાગે ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. ત્યારબાદ પ્રત્યેક પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા સાંભળીને તપાસવામાં આવ્યા છે. તેમ છતાં કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા યાચીએ છીએ અને પાઠકવર્ગને ધ્યાન દોરવા વિનંતી છે. પ્રસ્તુત પ્રવચન ગ્રંથ **www.satshrut.org** ઉપર ઉપલબ્ધ છે.

સર્વ જીવો પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાય દ્વારા આત્મહિતને સાધે એ જ ભાવના.

તા. ૨૫-૧૦-૨૦૨૨
(શ્રી વીર નિર્વાણકલ્યાણક દિન
દિવાળી)

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

'અધ્યાત્મ પિપાસા' ભાગ–૩ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

શ્રી કુંદકુંદ–રાજ–કહાન પ્રભાવના ટ્રસ્ટ, હૈદ્રાબાદ	૫૧,૦૦૦
શ્રીમતી મીતાબહેન શૈલેષભાઈ મુમુક્ષુ પરિવાર, મુંબઈ	૨૫,૦૦૦
શ્રી સૌરભભાઈ જૈન, આગ્રા	૨૧,૦૦૦
જમનાદાસ હેમચંદ હેમાણી ચેરીટેબલ ટ્રસ્ટ	૧૫,૦૦૦
શ્રી સુમતિલાલ શાહ, અમેરિકા	૧૧,૦૦૦
ડૉ. મહેશભાઈ મહેતા, મુંબઈ	૧૧,૦૦૦
ડૉ. ગીતાબહેન મહેશભાઈ મહેતા, મુંબઈ	૧૧,૦૦૦
શ્રીમતી મીનાબહેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ	૧૧,૦૦૦
શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા	૧૧,૦૦૦
એક મુમુક્ષુ, મુંબઈ	૧૦,૦૦૦
સ્વ. ખીમજીભાઈ ગંગરના સ્મરણાર્થે, વિલેપાર્લા, મુંબઈ	૫,૦૦૦
શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા, ભાવનગર	૨,૫૦૦
શ્રી હેમંતભાઈ સી. શાહ, મુંબઈ	૨,૫૦૦
શ્રીમતી કૃપાલીબહેન પિયૂષભાઈ ભાયાણી, કોલકાટા	૨,૧૦૦
શ્રી વિસ્મય જૈન, વિદિશા	૨,૨૦૦
શ્રીમતી બેલાબહેન જૈન, ભાવનગર	૧,૧૦૦
શ્રી પ્રમોદભાઈ એમ. શાહ, અમદાવાદ	૧,૦૦૦
શ્રી મહેન્દ્રકુમાર માલુ, ભોપાલ	૧,૦૦૦
શ્રી મિતેશભાઈ શાહ, ભાવનગર	૧,૦૦૦
શ્રીમતી વર્ષાબહેન હેમાણી, ભાવનગર	૧,૦૦૦
શ્રી અજીતભાઈ શાહ, ભાવનગર	૧,૦૦૦
સ્વ. ચંદ્રિકાબહેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર	૧,૦૦૦
સાકરબેન મેઘજી	૧,૦૦૦
શ્રીમતી અવનીબહેન શાહ, ભાવનગર	૫૦૦
શ્રી નિર્મિત ઋષભ શાહ, ભાવનગર	૫૦૦
શ્રીમતી ચારૂબહેન નિલેષભાઈ જૈન, ભાવનગર	૫૦૦

અનુક્રમણિકા

પ્રવચન નં.	તારીખ	પ્રશ્ન	પૃ.સં.
૫૬	૧૫–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૮૯	૦૦૧
૫૭	૧૬–૧૨–૧૯૯૬	પ્રશ્ન –૮૯	૦૧૩
૫૮	૧૭–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૯૦	૦૨૫
૫૯	૧૮–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૯૧	૦૩૬
૬૦	૧૯–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૯૨ થી ૯૪	૦૪૭
૬૧	૨૦–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૯૫ થી ૯૭	૦૬૦
૬૧ A	૦૬–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૯૭–૯૮	૦૭૨
૬૨	૦૭–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૯૮	૦૮૪
૬૩	૦૮–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૯૮–૯૯	૦૯૩
૬૪	૦૯–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૦૦ થી ૧૦૨	૧૦૫
૬૫	૧૦–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૦૩	૧૧૫
૬૬	૧૧–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૦૪	૧૨૭
૬૭	૧૨–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૦૪	૧૩૭
૬૮	૧૩–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૦૫–૧૦૬	૧૪૭
૬૯	૧૪–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૦૭	૧૫૯
૭૦	૧૫–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૦૮	૧૬૯
૭૧	૧૬–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૦૯	૧૮૧
૭૨	૧૭–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૧૦	૧૯૩
૭૩	૧૮–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૧૦	૨૦૨
૭૪	૧૯–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૧૧	૨૧૫

૭૫	૨૦–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૧૧ થી ૧૧૪	૨૨૬
૭૬	૨૧–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૧૪ થી ૧૧૬	૨૩૮
૭૭	૨૨–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૧૭–૧૧૮	૨૫૦
૭૮	૨૩–૦૧–૧૯૯૭	પ્રશ્ન – ૧૧૯	૨૬૨
૭૯	૦૩–૦૨–૧૯૯૭	પ્રશ્ન – ૧૧૯–૧૨૦	૨૭૨
૮૦	૦૪–૦૨–૧૯૯૭	પ્રશ્ન – ૧૨૧–૧૨૨	૨૮૩
૮૧	૦૫–૦૨–૧૯૯૭	પ્રશ્ન – ૧૨૩–૧૨૪	૨૯૪
૮૨	૦૬–૦૨–૧૯૯૭	પ્રશ્ન – ૧૨૫–૧૨૬	૩૦૬
૮૩	૦૭–૦૨–૧૯૯૭	પ્રશ્ન – ૧૨૬–૧૨૭	૩૧૭
૮૪	૦૮–૦૨–૧૯૯૭	પ્રશ્ન – ૧૨૮–૧૨૯	૩૩૧
૮૫	૦૯–૦૨–૧૯૯૭	પ્રશ્ન – ૧૨૯–૧૩૦	૩૪૩
૮૬	૧૦–૦૨–૧૯૯૭	પ્રશ્ન – ૧૩૧ થી ૧૩૪	૩૫૬
૮૭	૧૨–૦૩–૧૯૯૭	પ્રશ્ન – ૧૩૨ થી ૧૩૪	૩૬૭
૮૮	૧૩–૦૩–૧૯૯૭	પ્રશ્ન – ૧૩૫–૧૩૬	૩૮૦
૮૯	૧૪–૦૩–૧૯૯૭	પ્રશ્ન – ૧૩૬	૩૯૩
૯૦	૧૫–૦૩–૧૯૯૭	પ્રશ્ન – ૧૩૬ થી ૧૩૮	૪૦૫

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.

સીમંધરગણધર સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.

સંસારના વિષવૃક્ષને ક્ષણમાત્રમાં ક્ષય કરાવનાર,
મહા સુખસાગરનો સમ્યક્ માર્ગ પ્રાપ્ત કરાવનાર,
અતુલ મહિમાના ધારી, પરમોપકારી શ્રી ગુરુદેવનાં
ચરણકમળમાં પરમ ભક્તિથી નમસ્કાર, વારંવાર નમસ્કાર.

ૐ
।।નમઃ સિદ્ધેભ્ય।।

અધ્યાત્મ પિપાસા

(ભાગ-૩)

('સ્વાનુભૂતિદર્શન' પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાના ગ્રંથ ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

પ્રશ્ન-૮૯

પ્રશ્ન :- રુચિ પરથી ખસતી નથી અને અહીં આવતી નથી તો સ્વરૂપ કઇ રીતે જ્ઞાનમાં લેવું કે જેથી રુચિનો પલટો સહેજે થાય? મૂંઝવણ પણ ઘણી થાય છે કે ક્યાં સુધી આમ ને આમ રહેવું?

સમાધાન :- આત્માને જ્ઞાનમાં લીધો, પણ આત્માની યથાર્થ મહિમા અંતરમાંથી આવવી જોઇએ. સમજણની સાથે વિરક્તિ પણ જોઇએ, તો રુચિ પલટાય. તેને પર તરફથી વિરક્તિ આવવી જોઇએ કે બહારમાં કાંઇ નથી,આત્મામાં જ બધું છે. નિરાળાપણું આવવું જોઇએ કે બહારમાં ક્યાંય અટકવા જેવું નથી, ક્યાંય સુખ નથી તેનો નિર્ણય એવો દૃઢ હોવો જોઇએ કે રુચિ પલટો ખાય. જ્ઞાનમાં-સમજણમાં વસ્તુ આવવી જોઇએ પણ એકલી સમજણ નહિ, સમજણ સાથે વિરક્તિ, મહીમા વગેરે બધું અંદરમાં હોય તો રુચિ પલટો ખાય.

મુમુક્ષુ :- તે બધું કઇ રીતે આવે?

બહેનશ્રી :- પોતે કરે તો થાય.

મુમુક્ષુ :- કરવામાં શું બાકી રહી જાય છે? કુટુંબ-પરિવાર છોડી અહીં રહીએ છીએ ને રુચિપૂર્વક શાસ્ત્ર વાંચી, વિચારવાનું મન પણ થાય છે.

બહેનશ્રી :- આવું કરવા છતાં પણ પોતે અટકે છે કેમકે રુચિ ત્યાં ને ત્યાં છે. જેટલી જોઇએ તેટલી અંદર તીવ્રતા નથી, અંતરમાં પાછો વળતો નથી, અંતરની મહિમા આવતી નથી; પોતાને ગ્રહણ કરતો નથી ને વિરક્તિ આવતી નથી; જેમ કોઇ સૂતો હોય ને જાગૃત થવાનો નિર્ણય કર્યો હોય, પણ જાગું છું....જાગું છું એમ કર્યા કરે તો પણ પ્રમાદને લઇને જાગતો નથી-ઊઠતો નથી તેમ જેટલું કારણ આપવું જોઇએ તેટલું આપતો નથી, જેટલી તીવ્રતા જોઇએ તેટલી કરતો નથી, જ્ઞાન-વિરક્તિ-મહિમા કરતો નથી તે ક્યાંક અટકે છે. અંતરમાંથી તાલાવેલી લાગવી જોઇએ કે પોતે ક્યાંય ન અટકતાં પોતામાં ચાલ્યો જાય. તેટલી અંદરથી લગની લાગવી જોઇએ.

દૃષ્ટિ અંતરમાં થંભતી નથી અને પર તરફથી છૂટતી નથી તેનું કારણ પોતાનું છે. પોતાનો આશ્રય પ્રબળપણે લે અને પરનો આશ્રય છોડી દે તો નિરાલંબન થઇ જાય. પોતાના આશ્રયનું જોર થાય તો પરનો આશ્રય છૂટી જાય છે, પણ પોતે છોડે તો છૂટે. દ્રવ્યને ગ્રહણ કર્યું નથી-તેથી પર્યાયમાં બધે અટકેલો છે. બીજા તરફથી પાછો હઠે તો પલટો થાય, તે પોતાના પુરુષાર્થથી થાય છે. ૮૯.

તા. ૧૫-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૮૯
પ્રવચન નં. ૫૬

સ્વાનુભૂતિદર્શન પ્રશ્ન-૮૯, પાનું-૭૩. ૮૯મો પ્રશ્ન છે.

'**પ્રશ્ન :- રુચિ પરથી ખસતી નથી અને અહીં આવતી નથી તો સ્વરૂપ કઇ રીતે જ્ઞાનમાં લેવું કે જેથી રુચિનો પલટો સહેજે થાય? મૂંઝવણ પણ ઘણી થાય છે કે ક્યાં સુધી આમ ને આમ રહેવું?**' અથવા રહેશે.

પ્રશ્ન ઠીક છે. વચ્ચે જે પ્રશ્ન ઉઠાવ્યો છે, એમ ન ઉઠાવવો જોઇએ. રુચિ પરથી ખસતી નથી અને સ્વરૂપ ઉપર આવતી નથી તો શું કરવું એમ પ્રશ્ન હોવો જોઈએ. સ્વરૂપ કઇ રીતે જ્ઞાનમાં લેવું? એટલે સ્વરૂપ જ્ઞાનમાં લેવાનું પોતે નકકી કરી લ્યે છે. કઇ રીતે લેવું ઇ સમજાવો.

મુમુક્ષુ :- પ્રશ્ન એવી રીતે કર્યો છે કે સ્વરૂપને જ્ઞાનમાં પોતે લે તો રુચિનો

પલટો થાય. ખરેખર એમ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- રુચિ થાય તો પલટો થાય.

મુમુક્ષુ :- તો જ્ઞાનમાં ગ્રહણ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રશ્ન બરાબર ઉઠાવ્યો નથી. એટલે આ તો કલ્પનાથી પ્રશ્ન ઉઠાવ્યો છે. કદાચ સાચો કોઈએ ઉઠાવ્યો હોય તોય ભૂલ કરી છે. એવી રીતે પ્રશ્ન ન લેવાય કે હું આ કામ કેવી રીતે કરું એમ નહિ, મારી આ સ્થિતિ છે, હવે મારે શું કરવું? એમ લેવું જોઈએ. (પછી) લીધું છે એ ઠીક છે. સમય જાય છે આમને આમ એટલે મુંઝવણ થાય છે.

'**સમાધાન :- આત્માને જ્ઞાનમાં લીધો, પણ આત્માની યથાર્થ મહિમા અંતરમાંથી આવવી જોઈએ.**' જ્ઞાનમાં લીધો એટલે શું? સમજણમાં લીધો. શાસ્ત્રોથી કે સાંભળીને, આત્માનું સ્વરૂપ સાંભળીને, વાંચીને, વિચારીને જ્ઞાનમાં લીધું, તો યથાર્થપણે જ્ઞાનમાં આવ્યું હોય તો મહિમા ઉત્પન્ન થયા વિના રહે નહિ. કેમકે જે આત્મસ્વરૂપ જાણવા મળે છે એમાં તો આત્માનું અનંત સામર્થ છે એ સમજવા મળે છે. સામર્થ્યને સમજે અને સામર્થ્યનો મહિમા ન આવે એ તો બાળકને સો રૂપિયાની નોટનાં જ્ઞાન જેવું થયું. તને સો એકડા શીખવાડ્યાં છે, હવે જો જોઈએ આ સો રૂપિયાની નોટમાં તને શું દેખાય છે? તો કહે, એકડો ને બે મીંડા સો. બરાબર છે. સો રૂપિયા એમ લખ્યું છે. સો રૂપિયાની કિંમતની એને ખબર નથી. એટલે એ નોટને એ સાચવે, પસ્તીની જેમ સાચવે, બીજા કાગળિયા સાચવે એમ જ સાચવે. અથવા એ જ બાળકને સો રૂપિયાની નોટ વંચાવો અને બીજા એક કોરાં કાગળ ઉપર એક સો રૂપિયા લખેલા વંચાવો તો એને શું ફરક પડે? એને તો બેય સરખુ જ લાગે. આનાં ઉપર પણ સો રૂપિયા લખ્યા છે અને આનાં ઉપર પણ સો રૂપિયા લખ્યા છે. એને તો કાંઈ સમજણ નથી પડતી, કે આ સો રૂપિયામાં ને આ સો રૂપિયામાં ફરક શું? એટલે કોરો કાગળ છે એનો કોઈ એક પૈસો પણ ન આપે અથવા એનું કાંઈ ન આવે. અને આ સો રૂપિયામાં સો રૂપિયાનો માલ આવે. પચાસ રૂપિયાનાં ગાંઠિયા કિલો હોય તો બે કિલો ગાંઠિયા આવે.

મુમુક્ષુ :- એટલે એનો મહિમા આવે. સોની નોટનો.

પૂજ્ય ભાઈશ્રી :- સો ની નોટની કિંમત આવે તો એનો મહિમા આવે, એમ અહીંયાં આત્માને જ્ઞાનમાં લીધો પણ, પણ કરીને વાત શું લીધી? '**પણ આત્માની યથાર્થ મહિમા અંતરમાંથી આવવી જોઈએ.**' નથી આવતી એટલે એમ કહે છે. એમ શું કરવા કીધું? કે પ્રશ્ન પૂછનારને આત્મા સમજાવે છે. મહિમા આવતી નથી. એટલે

એમ કહે છે, કે અંતરમાંથી મહિમા તો આવવી જોઈએ ને. ભલે તમે સમજ્યા આત્માને, કે આત્મામાં અનંત જ્ઞાન છે, આત્મામાં અનંત આનંદ છે, એવી જે અનંત શક્તિઓ છે (એનો) મહિમા આવવો જોઈએ ને, મહિમા તો આવતો નથી, એમ કહે છે. આવવો જોઈએ એનો અર્થ શું છે? કે નથી આવતો.

'સમજણની સાથે વિરક્તિ પણ જોઈએ, તો રુચિ પલટાય.' આ જે બીજું પડખું છે, એ બહુ મહત્ત્વની વાત કરી છે. લાગે સામાન્ય પણ સમજણની સાથે વિરક્તિ પણ જોઈએ તો રુચિ પલટાય. સમજણમાં એવું આત્મસ્વરૂપ સમજાવાય છે કે જો ભાઈ તારું આત્મસ્વરૂપ છે એ અસંગ તત્ત્વ છે. નિર્લેપ તત્ત્વ છે અને અસંગ તત્ત્વ છે. કોઈની સાથે એકત્વપણાને પામતું નથી, ભિન્ન જ રહે છે. અથવા તારું આત્મસ્વરૂપ એવું ભિન્ન છે, કે તને તારાં આત્મસ્વરૂપ સિવાય બીજું કાંઈ તારું નથી. એમ સમજાવે છે ને. તારી અનંત શક્તિઓ છે એ તારું સ્વરૂપ છે. એથી આગળ તારું કોઈ નથી. તો પછી બીજે મારું થાય, શરીરમાં મારાપણું થાય, બીજી સામગ્રીમાં, સંયોગમાં મારાપણું થાય, કુટુંબ પરિવારમાં મારાપણું થાય, ત્યાં એ વાત અથડાવી જોઈએ ને. તારું કોઈ નથી, એમ સમજવામાં આવે. તેં બુદ્ધિથી સંમત પણ કર્યું કે વાત તો બરાબર છે, આ આત્માનું કોઈ નથી. અને હોય તો કોઈ કોઈને મૂકીને જાય નહિ. મમતા એટલી બધી છે. માંને દીકરાની, પતિને પત્નીની, દીકરાને માં-બાપની એટલી બધી મમતા છે, તો શું કરવા કોઈ કોઈને મૂકીને જાય? છતાં મૂકીને જાય છે ત્યારે અસહ્ય દુઃખ થાય છે. એનો અર્થ કે કોઈ કોઈનું નથી, નહિતર આટલું અસહ્ય દુઃખ કોઈ સહન કરવા તૈયાર થાય નહિ. છોડે જ નહિ. છોડે કોઈ કોઈને? એ વાત યુક્તિથી, આ યુક્તિ કહેવાય, નજરે જે જોવા મળે છે, એને શું કહેવાય? યુક્તિ. એ યુક્તિમાં પ્રત્યક્ષ અનુભવ પણ છે. જો આ કુટુંબમાંથી ફલાણો મને છોડીને ચાલ્યો ગયો. એમ અનુભવપૂર્ણ યુક્તિ હોવા છતાં પણ મારાપણું કેમ મૂકાતું નથી? એ પ્રશ્ન બરાબર લડી લેવા જેવો છે. એ સમસ્યા લડીને સમાધાન કરવા જેવી છે, બુદ્ધિથી માત્ર નહિ, બુદ્ધિથી તો બરાબર આવે છે. આ બાજુ આત્મા સમજે અને આ બાજુ મારાપણું ન મૂકાય શરીર અને બીજા સંયોગોથી, તો કોઈ દિવસ આત્માનો અનુભવ થાય નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! લડી લેવા જેવું છે એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- લડી લેવા જેવું છે એટલે શું છે? મારાપણું મૂકે. ન મૂકાય ત્યાં સુધી મૂકવાનો પુરુષાર્થ કરવો જોઈએ. નહિતર કોઈ દિવસ અનુભવ ન થાય. ગમે એટલા શાસ્ત્રો વાંચે અને ગમે એટલી વાર આત્મા સમજે.

મુમુક્ષુ :- કૃપાળુદેવે કીધું છેને કે ત્યાં સુધી નીચા મને બેસવું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં સુધી નીચે પગ વાળીને બેસવું નહિ. એટલે પુરુષાર્થ છોડવો નહિ ત્યાં સુધી. સતત રાત-દિવસ પુરુષાર્થ કરવો. કેવો? રાત-દિવસ પુરુષાર્થ કરવો.

મુમુક્ષુ :- અંદરથી લડવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અંદરથી જ લડવાની વાત છે આ તો. મુંબઈ વાત થઈ હતી. ભાઈ કહેતા હતા કે અમારે જે ચર્ચા ચાલે છે, હમણા ચર્ચા ચાલે છે, સાંજે, સાંજે ચર્ચા રાખે. સાંજે સાતથી નવ, બે કલાક, સ્વાધ્યાય રાખે. શરૂઆતમાં કલાક ચર્ચા રાખે. તમે અહીંથી ઘરે ગયા ત્યારથી કેવા પરિણામ થયા. ઉદયનાં પરિણામ, સંસારના પરિણામ કેવાં થયા ઈ કહો. સ્વપ્ન આવ્યું હોય તો સ્વપ્ન કેવું આવ્યું? ઊંઘી ગયા એમ નહિ, સ્વપ્નું આવ્યું હોય તો ઈ કહો. સ્વપ્નમાં કાંઈ ચાલ્યું ઈ કહો. પછી જાગ્યા ત્યાંથી માંડીને સાંજ સુધીમાં સંસારને લાયક પરિણામ કેવા થયા? આત્માર્થને લાયક પરિણામ કેવા થયા? ભૂલો ક્યાં ક્યાં કરી? અને ભૂલો મટાડવાનો પ્રયત્ન ક્યાં ક્યાં કર્યો? ચારેય પડખેથી બરાબર ખબર લેવાની. એમને એમ નહિ, ખબર લેવાની. એટલે શું છે કે જો મારાપણું મૂકવાનો પ્રયત્ન જીવ ન કરે તો ઈ ભૂમિકાની જે સમજણની વિરક્તિ છે, ઈ નથી. અહીંયાં વિરક્તિ ઈ છે, અહીંયાં ત્યાગ કરવાની ભૂમિકા નથી. કોઈ વગર સમજે ત્યાગ કરીને બેસી જાય છે મુમુક્ષુની ભૂમિકામાં તો એથી કાંઈ એને લાભ થવાનો નથી.

મુમુક્ષુ :- નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો એની પાછળ...

પૂજ્ય ભાઈશ્રી :- આ છે. ક્રમથી ઉદાસીનતા આવવી જોઈએ. નિરંતર ઉદાસીનતા કરવી એમ ન લીધું, ક્રમથી ઉદાસીનતા સેવવી. જે ભૂમિકામાં જે ઉદાસીનતા જે પ્રકારે આવે, એ પ્રકારે આવવી જોઈએ. તો આ સમજણ છે એ અંદર ઉતરે અને જે મહિમા આવવો જોઈએ એ આવે અંદરથી. નહિતર સમજણ બરાબર થાય અને મહિમા આવે નહિ, સમજણનું ફળ ન આવે. સમજણ બરાબર લાગે, ભૂલવાળી ન લાગે, પણ યથાર્થ ક્યારે? કે એનું રિઝલ્ટ દેખાડે ત્યારે, નહિતર નહિ.

શું કહે છે? '**સમજણની સાથે વિરક્તિ પણ જોઈએ,**' વિરક્તિમાં આ લેવું છે કે તમારો રસ ઉદયભાવમાં ઠંડો થવો જોઈએ અને મારાપણું પાતળું પાડવાનો પ્રયત્ન થવો જોઈએ, મારાપણાં ઉપર પ્રહાર થવો જોઈએ. હું નથી ને મારાપણું કેમ થાય? જે વ્યક્તિમાં મારું અસ્તિત્ત્વ નથી, જે સામગ્રીમાં મારું અસ્તિત્ત્વ નથી, જે દેહમાં મારું અસ્તિત્ત્વ નથી, જે શુભાશુભ રાગમાં મારું અસ્તિત્ત્વ નથી, ત્યાં મારાપણું કેમ

થાય? થવું જોઈએ નહિ. '**તો રુચિ પલટાય.**' વિરક્તિ આવે તો રુચિ પલટાય. એમ કેમ લીધું? કે નહિતર વિરક્તિ નથી એ જગ્યાએ આસક્તિ છે એટલે રુચિ ત્યાં છે. જ્યાં રુચિ નથી ત્યાં વગર પૂછે આસક્તિ છે અને આસક્તિ છે ત્યાં રુચિ છે. એટલે રુચિ પલટવામાં, જ્યાં રુચિ છે ત્યાં તો ફેરફાર થઈ જવો જોઈએ. ત્યાં એમ ને એમ રહે અને અહીંયાં રુચિ થાય એમ કેમ બને? પછી રુચિનો પ્રશ્ન ઊભો થાય કે મારી રુચિ પલટાતી નથી. ક્યાં રુચિ છે એ તું જોતો કાં નથી? રુચિ વગરનો તો તું છો નહિ, કાં રુચિ સ્વમાં આવે અને કાં રુચિ પરમાં જાય, ત્રીજું તો સ્થાન નથી.

માણસ એમ કહે કે બરાબર સમજણ થઈ પણ આત્મામાં વળાતું નથી. આત્મામાં વળવું છે પણ વળાતું નથી. તો તું અટકે છે એ વાત જરૂર છે. પરમાં વળે છો એ વાત બરાબર છે. પરમાં વળે છે એમ કહો કે પરમાં અટકે છે એમ કહો. તો ક્યાં અટકે છે એ જોવે નહિ, જ્યાં અટકે છે એ જોવે નહિ તો ત્યાં કાંઈ કરવાનું તો એને રહેતું નથી. ત્યાં પુરુષાર્થ કેવી રીતે કરે?

મુમુક્ષુ :- મારાપણું છોડવા જઈએ ત્યારે જ આસક્તિ દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જો દેખાય તો નિષેધ આવે ને. દેખાય જ નહિ તો નિષેધ પણ ન આવે. જ્ઞાનનો તો એટલો પ્રભાવ છે, મિથ્યાજ્ઞાનનો પણ એટલો પ્રભાવ છે કે ચાલતા દોષને જોવે ત્યાં એનો રસ ઠંડો પડી જાય. નિષેધ તો આવવાનો જ, ટાળવાનો ઉદ્દેશ હોવાથી નિષેધ તો આવવાનો જ, પણ જોવે ત્યાં એનો રસ ઠંડો પડી જાય. એટલો જ્ઞાનનો તો પ્રભાવ છે, પણ દેખાય જ નહિ અને જોવે જ નહિ તો રુચિ એમને એમ રહે, પછી મૂંઝાવાનો વારો આવે.

મુમુક્ષુ :- .....

પૂજ્ય ભાઈશ્રી :- પીછે સે માલૂમ પડતા હૈ, ઉસી વક્ત દેખે તો ફેરફાર હુયે બિના રહે નહિ. પીછે સે માલૂમ પડે કિ ઐસા હુઆ. તો ઉસકા તો કોઈ અર્થ નહિ હૈ. વો તો નુકસાન હો ગયા તો હો ગયા. નુકસાન હો ગયા તો હો ગયા. કાંચકા બરતન હૈ, હાથમેંસે ગીર ગયા. ટૂટ ગયા માલૂમ પડા કિ મેંને ઠીક પકડા નહીં થા, લેકિન વો માલૂમ પડા કિસ કામકા? મૈંને ઠીકસે નહીં પકડા ઈસલિયે ગીર ગયા. ટૂટ ગયા. માલૂમ તો પડા કિ ઠીકસે નહીં પકડા, ઈધરસે નહીં પકડા, ઉધરસે પકડા. લેકિન વો સમજ કિસ કામકી? નુકસાન તો હો ગયા. ટૂકડા તો હો ગયા સો હો ગયા. પીછેસે માલૂમ પડા કિસ કામકા, કોઈ કામકા નહીં. ઉસી વકત માલૂમ પડના ચાહિયે.

મુમુક્ષુ :- વિશેષ જાગૃતિકે બિના વો સંભવ નહિ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, જાગૃતિ આની ચાહિયે.

મુમુક્ષુ :- પોતાના હિત, અહિતની એટલી કાળજી આવી હોય તો જ એટલી જાગૃતિ રહે.

પૂજ્ય ભાઈશ્રી :- તો જ આવે, નહિતર આવે નહિ વિશેષ જાગૃતિ. હિત, અહિતની કાળજી ઘણી હોય તો જ એલર્ટ રહે.

મુમુક્ષુ :- રુચિ એટલે મૂલ્યાંકન...?

પૂજ્ય ભાઈશ્રી :- મૂલ્યાંકન જ્ઞાનમાં થાય છે. મૂલ્યાંકન થાય તો રુચિ થાય. મૂલ્યાંકન કારણ છે અને રુચિ એનું કાર્ય છે.

'જીવને પર તરફથી વિરક્તિ આવવી જોઈએ કે બહારમાં કાંઈ નથી, આત્મામાં જ બધું છે.' બહારમાં જે કાંઈ છે એ નકામું છે. કાંઈ નથી એનો અર્થ શું છે? નકામું છે. એની કિંમત ઊડી જવી જોઈએ.

મુમુક્ષુ :- નુકસાનકા ધંધા ભાસિત હોના ચાહિએ અંદરસે.

પૂજ્ય ભાઈશ્રી :- નુકસાન ન દેખાય તો નુકસાન એમને એમ રહે, નફો ક્યાંથી થવાનો? નુકસાન ચાલુ રહે અને નફો થાય એવું બને કોઈ દિવસ વેપારમાં? વેપારમાં તો બનતું નથી. આ પરિણામનો વેપાર છે.

કેવી રીતે આવવું જોઈએ? કે વિરક્તિ એ પ્રકારે આવવી જોઈએ, કે બહારમાં કાંઈ નથી, બહારમાં મને જે સંયોગો મળ્યા છે, એમ કહેવાય છે, કે મને મળ્યા છે, કુટુંબ મળ્યું, પૈસો મળ્યો, આબરૂ મળી, કે બીજા મકાન વગેરે જે કાંઈ મળ્યું એમાં કાંઈ નથી, હું ક્યાંય નથી અને મારું ક્યાંય નથી, બધું આમને આમ અહીંયાં રહેશે. જેટલું છે એટલું બધું આમને આમ અહીંયાં જ રહેશે. બહારમાં કાંઈ નથી. **'આત્મામાં જ બધું છે.'** જે કાંઈ છે એ બધું આત્મામાં જ છે. એમ અહીંયાં કાંઈ નથી અને અહીંયાં બધું છે. આમ મહત્ત્વ ફરે ને. બહારનું વજન છૂટી ગયું, મહત્ત્વ ઊડી ગયું, તો અંદર રુચિ કામ કરે. બહારમાં હજી મહત્ત્વ હોય ત્યાં સુધી રુચિ ક્યાંથી ખસે?

મુમુક્ષુ :- પહલે અગર સત્પુરુષકે તરફ ભી ઉસકી રુચિ ચલી જાયે તો બહારકી રુચિ ઉઠ જાતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- તો ભી ઉઠ જાતી હૈ. વો ભી એક આધાર હૈ, વો ભી એક આધાર હૈ.

'આત્મામાં જ બધું છે. નિરાળાપણું આવવું જોઈએ' ઈ તો કૃપાળુદેવે જ એ

સાહસ કર્યું છે. ગુરુદેવ, બહેનશ્રી સત્‌પુરુષની વાત નહોતા લેતા, કેમકે પોતે સત્‌પુરુષ થઈને, સત્‌પુરુષની વાત શું કરે? આમ તો શું છે, બધા બહુમાન કરતા હતા. ગુરુદેવનું બહુમાન ઘણું હતું. સંપ્રદાયમાં સાધુઓનું બહુમાન હોય એના કરતાં પણ ગુરુદેવ પ્રત્યે લોકોને બહુમાન તો હતું, પણ ઓળખીને નહિ, ઓઘે ઓઘે. તો એ શું કહે કે તમે બહુમાન કરો, બહુમાન કરો એવું શું કહે? યથાર્થ બહુમાન હોય તો વિરક્તિ બહારમાં આવ્યા વિના રહે નહિ. જેમ આત્માનું બહુમાન આવે તો બહારમાં રસ ઊડી જાય, એમ સત્‌પુરુષનું બહુમાન આવે તો રસ ઊડી જાય. એનાં બદલે આ બાજુ સત્‌પુરુષનું બહુમાન કરે અને આ બાજુ પાછો એમને એમ રચ્યો-પચ્યો રહે, સંયોગોમાં ઘરે જાય એટલે એટલો જ રચ્યો-પચ્યો રહે. આ મારું ને, આ મારું, આ મારું. એ યથાર્થ નથી. એ યથાર્થ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! બહુમાન જબ આયેગા કિ જબ ઉનકી આજ્ઞા પર ચલેગા.

પૂજ્ય ભાઈશ્રી :- બહુમાન આવે ત્યારે એ કહે ઈ અમલીકરણ કરે.

મુમુક્ષુ :- સત્‌પુરુષ પ્રત્યે એને મહિમા આવે છે, ત્યારે એ મુમુક્ષુ ક્યાંય રસ નથી લેતો?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, યથાર્થ મહિમા આયે તો કહીં રસ આતા નહીં, રસ નહીં આતા હૈ ઉનકો. ઐસા હો જાતા હૈ. ક્યા? ઐસા હો જાતા હૈ. તો યથાર્થ મહિમા આયી, વરના યથાર્થ મહિમા નહિ આયી, વો તો લોલમેં લોલ કિયા.

મુમુક્ષુ :- લોલમેં લોલ મતલબ?

પૂજ્ય ભાઈશ્રી :- બોલા થા. આપ થે નહીં? હમારે યહાં માતાજીકા ગરબા બોલતા હૈ ન, તો ગરબામેં પીછે લોલ જ્યાદા આતા હૈ. માં પાવા તે ગઢથી ઉતર્યા રે લોલ. ઓલું યાદ ન રહે. ગવડાવે ને, કોઈ ગાતાં હોય તો જીલનેવાલે હોતે હૈં ન, તો જીલ નહિ સકે, તો લોલ બોલ લે પીછેસે. ક્યા બોલે? પીછેસે લોલો બોલે. બાકી કુછ યાદ નહિ રહેવે. પકડ નહીં સકે કિ ક્યા સુનાયા. સુને નહીં, ધ્યાન દેવે નહીં લેકિન લોલ બોલ લેવે પીછેસે. ઐસે સબ સત્‌પુરુષકી ભક્તિ કરતે હૈં તો હમ ભી ગુરુદેવકી ભક્તિ કરતે હૈં, હમ ભી બહેનશ્રીકી ભક્તિ કરતે હૈં. સબ કરતે હૈં, ઐસી હમ ભી કરતે હૈં.

મુમુક્ષુ :- દેખાદેખી કરતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- દેખાદેખી. લોલમેં લોલ માને દેખાદેખી કરતા હૈ. તો વિરક્તિ નહિ આવે. દેખાદેખી કરશે એને વિરક્તિ નહિ આવે એમ કહેવું છે.

મુમુક્ષુ :- વહ તો આજ્ઞા નહિ ઉઠાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- આજ્ઞા તો ઉસ તરહ ઉઠાની ચાહિયે કિ અપનેકો નહિ બોલે, દૂસરેકો બોલે, લેકિન લગે કિ યે તો મેરેકો ભી લાગૂ પડતી હૈ, તો અમલીકરણ કર લે. ઈસ તરહસે ઉઠાની ચાહિયે.

'જીવને પર તરફથી વિરક્તિ આવવી જોઈએ કે બહારમાં કાંઈ નથી, આત્મામાં જ બધું છે.' આત્મામાં બધું છે એનો અર્થ કે મહિમા આવવો જોઈએ. બધું આત્મામાં છે. સુખ છે, શાંતિ છે, આનંદ છે, જ્ઞાન છે, દર્શન છે, વસ્તુપણું છે અને પોતે જ પ્રભુ છે. પ્રભુત્વ છે એટલે પોતે જ પ્રભુ છે. એમ બધું આત્મામાં છે એમ આવવું જોઈએ. **'નિરાળાપણું આવવું જોઈએ'** નિરાળાપણું ક્યારે આવે? બહારમાં મારાપણું ન કરે ત્યારે. મારાપણું કરે, મારું, મારું કરે (ત્યાં) નિરાળાપણું ક્યાં રહ્યું? ન રહ્યું. **'નિરાળાપણું આવવું જોઈએ કે બહારમાં ક્યાંય અટકવા જેવું નથી,'** કોઈ ચીજમાં અટકવા જેવું નથી. અટકવા જેવું નથી એટલે કોઈ ચીજમાં મારાપણું કરવા જેવું નથી.

મુમુક્ષુ :- જીવને મારાપણું હોય ત્યાં જ આસક્તિ થાય છે. સુખ લાગે ત્યાં જ આસક્તિ થાય છે. આ બે ફેકટર જ એવાં છે કે, જે વિરક્તિને નથી આવવા દેતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. **'નિરાળાપણું આવવું જોઈએ કે બહારમાં ક્યાંય અટકવા જેવું નથી, ક્યાંય સુખ નથી તેનો નિર્ણય એવો દઢ હોવો જોઈએ કે રુચિ પલટો ખાય.'** સુખ છે, જ્યાં સુખ ભાસે ત્યાં આસક્તિ થાય અને ત્યાં રુચિ ચોંટી જાય. ક્યાંય સુખ નથી તેનો દઢ, તેનો નિર્ણય એવો દઢ હોવો જોઈએ, કે રુચિ પલટો ખાય જાય. બહુ સરસ વાત લીધી છે. રુચિને કેવી રીતે પલટાવવી? બેય પડખાં સંભાળવા પડશે. તું એકલો સાંભળ્યા કરે આત્માને એટલે આત્માની રુચિ થઈ જાય એવું નથી કાંઈ. સાથે-સાથે નાસ્તિનું જે પડખું છે, જ્યાં રુચિ કામ કરી રહી છે. ત્યાં ચોખ્ખું કરવું જોઈએ, જાગૃતિ આવે અને ચોખ્ખું થાય તો રુચિ પલટો ખાય. રુચિ જ્યાં સુધી પલટો નહિ ખાય ત્યાં સુધી ઉપયોગ પલટો ખાવાનો નથી. એ ક્રમ છે.

મુમુક્ષુ :- રુચિની સાથે સુખની વાત લ્યે છે. સુખ નથી ક્યાંય

પૂજ્ય ભાઈશ્રી :- રુચિ છે ક્યાં? જ્યાં સુખ લાગે છે ત્યાં. પછી ભલે એ કલ્પનાનું સુખ હોય, કલ્પિત સુખ હોય તોપણ રુચિ ત્યાં પહોંચી જશે. ખોટા સુખમાં પણ રુચિ પહોંચે છે તો સાચા સુખની ઓળખાણ થાય તો રુચિ કેમ ન થાય? અનન્ય રુચિ થાય. કેવી થાય? અનન્ય રુચિ થાય. સંસ્કાર પડી જાય એવી રુચિ

થાય. તરત જ પાછી. ઓળખાણ થઈ તો રુચિ અંદરથી ઊછળે, ઊમટી પડે. એમ તરત ને તરત કામ થાય. એટલે એ જ વખતે, ઓળખાણ વખતે જ સંસ્કાર પડી જાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મેરાપના છોડનેસે હી સંસાર છૂટ જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. પરમાં પોતાપણું કરીને ભવ વનમાં ભટક્યો છે. અનેક પ્રકારનાં ભવ થયા એ વન છે. એમાં ભટક્યો છે. ક્યાં? કે પરમાં પોતાપણું કરીને. આટલી ભૂલ સુધરી એટલે બધું સુધર્યું એનું. આ એક ભૂલ સુધારવાની છે. પરમાં પોતાપણું કેટલું દઢ કર્યું છે, કે આત્મામાં આત્માપણું છે એ સમજણને ઈ ફેલ કરી નાખે છે. સમજતો નથી એવું કાંઈ થોડું છે, કે આત્મા આમ છે, આમ છે.... અત્યારે તો જે સમજવાની સામગ્રી મળી છે એમાં તો કાંઈ કસર રહી નથી. પણ એ જ્ઞાનને, એ સમજણને એકત્વ છે ઈ નિષ્ફળ કરે છે.

આમ સ્વભાવ જુઓ તો પરિપૂર્ણ અંતર્મુખ રહેવાનો સ્વભાવ છે. જેવા અરિહંત અને સિદ્ધ પરમાત્મા પૂર્ણ અંતર્મુખ છે એવો સ્વભાવ છે ઈ પ્રગટ ત્યાં થઈ ગયો છે. છતાં અહીંયાં એક અંશે અંતર્મુખપણું નહિ, આ તે કેવી હાલત? સ્વભાવ વિરુદ્ધ. અંદરમાં વેદ્યવેદક ભાવ છે, અંદરમાં વેદ્યવેદક ભાવ છે. વેદાય છે પોતે, વેદક પણ પોતે છે. ત્યાં તો બહિર્મુખપણું સંભવિત નથી. બેભાન અવસ્થામાં ચાલે છે.

'બહારમાં ક્યાંય અટકવા જેવું નથી, ક્યાંય સુખ નથી તેનો નિર્ણય એવો દઢ હોવો જોઈએ...' એમ કહે છે. **'કે રુચિ પલટો ખાય'** જાય. એ સ્વલક્ષી નિર્ણય થાય ત્યારે જ રુચિ પલટો ખાય. પરલક્ષી નિર્ણયમાં રુચિ પલટો ખાય નહિ. નહિતર એમ કહે, કે અમને એ વાત સમંત થઈ છે. સમંત થઈ છે એટલે સમંત થયેલી વાતનો નિશ્ચય દઢ થવા અર્થે અમે વારંવાર તેની તે વાત વાંચીએ, વિચારીએ અને સાંભળીએ છીએ. કે જેથી દઢતા આવી જાય ને રુચિ પલટો મારે. એમ નહિ થાય. એ પરલક્ષી સમજણ કામમાં નહિ આવે. પોતાની જાતને ભેળવવી પડશે. નિર્ણય દઢ કહો કે નિર્ણય યથાર્થ કહો, નિર્ણય દઢ કહો કે નિર્ણય યથાર્થ કહો. યથાર્થ નિર્ણય થાય તો રુચિ પલટો ખાય. જે યથાર્થ છે એ જ દઢ છે. બાકી દઢતા હોઈ શકે નહિ. નહિતર રાગની દઢતાને દઢતા માની લે છે. આ જ્ઞાનની દઢતા લેવી છે. અહીંયાં તો જ્ઞાનમાં યથાર્થતા આવે, ત્યારે ભાસે અંદર સુખ ભાસે. સુખ ભાસે એટલે રુચિ પલટો ખાય. ખોટું આભાસપણું સુખનું છે ત્યાં રુચિ દોડે છે તો યથાર્થ સુખના ભાવભાસનમાં રુચિ કેમ પલટો ન ખાય?

મુમુક્ષુ :- રોકી રોકાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- રોકી શકાય નહિ, પોતે જ રોકી શકે નહિ. બીજા સંયોગો તો શેના રોકે? અનુકૂળતા, પ્રતિકૂળતા તો શેની રોકે? પોતે રોકી ન શકે. એવી વસ્તુ સ્થિતિ છે પોતાની. એ શક્તિસ્વરૂપ પોતે વસ્તુ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, લાગી એટલે લાગી...

'**જ્ઞાનમાં-સમજણમાં વસ્તુ આવવી જોઈએ**' વસ્તુ આવવી જોઈએ, ભાસવી જોઈએ. ભલે વિકલ્પવાળી સમજણ છે તોપણ વસ્તુ ભાસવી જોઈએ. અને વસ્તુ તો પોતે છે. વસ્તુ તો પોતે જ છે. કંઈ બહારની વસ્તુ થોડી ભાસવી છે. અંદરમાં જ્ઞાન લક્ષણથી જ્ઞાનસ્વભાવ ભાસે. ભલે ભાસે સવિકલ્પ દશામાં, પણ વિકલ્પ ઉપર વજન નથી. જ્ઞાન જ્ઞાનનું કામ કરે છે. અનુભવાંશે પ્રતીતિ છે. વેદનના આધારે, જ્ઞાનના આધારે જ્ઞાનસ્વભાવ ભાસ્યો. એમ વસ્તુ સમજણમાં, જ્ઞાનમાં આવવી જોઈએ. '**પણ એકલી સમજણ નહિ**' એટલે એકલી પરલક્ષી સમજણ નહિ. સમજણની સાથે વિરક્તિ અને મહિમા બે પ્રકાર લીધા. બહારમાં વિરક્તિ અને અંદરમાં સ્વરૂપનો મહિમા. બેય એકસાથે હોય. વિરક્તિ ન હોય તો મહિમા ન હોય, મહિમા ન હોય તો વિરક્તિ ન હોય. વિરક્તિ નથી ત્યાં રક્તપણું અને આસક્તપણું છે. મહિમા ત્યાં છે તો રુચિ પણ ત્યાં જ કામ કરશે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હમે તો ઐસા લગા કિ શરીર પડા રહ ગયા, જાનનેવાલા તો નિકલ ગયા. તો મહિમા કિસકી રહી? જાનનેવાલે કી રહી યા શરીરકી રહી?

પૂજ્ય ભાઈશ્રી :- ઐસે હી મહિમા તો જાનનેવાલેકી હૈ. જાનનેવાલા ચલા ગયા તો જલ્દી નિકાલો, જલ્દી નિકાલો હો જાયેગા. અભી દેર મત કરો, નિકાલનેમેં દેર મત કરો. યે સબ ઐસા કરેગેં. ઈસકો નિકાલો, દેર મત કરો. જ્યાં ઓલો અંદરથી નીકળી ગયો ત્યાં બધું ફરી જાય છે. અને તોય આત્માની સાચી મહિમા આવતી નથી પાછી. જુઓ વિચિત્રતા! જીવની મહત્તા આવતી નથી કે આ જીવ છે તો આ બધું છે. જીવ ગયો એટલે ખલાસ થઈ ગયું. છતાંય જીવની મહિમા કરતો નથી. પરલક્ષી સમજણ કેવી નિષ્ફળ જાય છે.

મુમુક્ષુ :- જૈસે કિસીકી બુદ્ધિ કમ હૈ. કિસીકી જ્યાદા હૈ, કિસીકી કમ હૈ. તો કમવાલેકી મહિમા નહીં આતી, જ્યાદાવાલેકી મહિમા આતી હૈ. જો હુશિયાર હોતા હૈ ઉસકી મહિમા આતી હૈ. તો વહ તો જ્ઞાનકી મહિમા આ રહી હૈ. લેકિન જ્ઞાન કહાં હૈ? ...

પૂજ્ય ભાઈશ્રી :- કૃપાલુદેવને બહુત અચ્છા લિખા હૈ. બુદ્ધિમાનકો તો જગત

ભી બહુમાન કરતા હૈ, યાની સ્વીકારતા હૈ. શબ્દ તો ઐસા લિયા હૈ, કિ બુદ્ધિમાનકો તો જગત ભી સ્વીકારતા હૈ. લેકિન યહાં તો ઐસા બુદ્ધિમાનકો લિયા કે જિસકી બુદ્ધિમાનીને જગતકા ત્યાગ કર દિયા. જિસ જગતને સ્વીકાર કિયા, જિસ જગતને મહિમા કિયા ઉસીકો છોડ દિયા. ઈ બુદ્ધિમાની છે. વિરક્તિ આઈ, ઉસકો જગત પર વિરક્તિ આ ગઈ. વો બુદ્ધિમાની સહી હૈ. ભલે બુદ્ધિમાનકો જગત સ્વીકાર કરે, હમારી બુદ્ધિકો ભલે જગત સ્વીકાર કરે, હમકો જગત નહીં ચાહિયે. હમકો જગત નહીં ચાહિયે મતલબ જગતમેં કિસી પ્રકારસે કિસી સંયોગસે હમકો રુકના નહીં હૈ. વો સચ્ચી બુદ્ધિ હૈ. યથાર્થ બુદ્ધિ વો કિ જગતસે વિરક્તિ આ જાયે. વો હી વિરક્તિ હૈ. ભર્તુહરિનો શ્લોક લીધો છેને. ત્યાં વિરક્તિનો શ્લોક છેને. ભોગે રોગ ભયં. વાત ભર્તુહરિએ કરી છે, ઘણા મહાત્માઓએ કરી છે, એથી ઉત્કૃષ્ટ હતા એમણે પણ આવી વાત કરી, એથી નિકૃષ્ટ હતા એમણે પણ આવી વાત કરી, એમણે પણ કરી. પણ ભગવાન મહાવીરે કરી ઈ બીજી રીતે કરી છે. એમ કરીને વાત.. એમ કે અન્ય મતના મહાત્માઓએ વિરક્તિની વાત કરી છે (પણ) ભગવાન મહાવીરે જે વાત કરી છે, એ જુદી રીતે કરી છે. વાત મૂકવાની શૈલી છે એમની. ઉત્તરાધ્યયની ગાથા લીધી છે. ... હું એવું શું કરું કે જેથી મને ભવભ્રમણ ન થાય? આ પ્રશ્ન ઉઠાવ્યો છે ઉત્તરાધ્યનમાં. અધ્રુવ એવા પદાર્થોમાં મેં આસક્તિ કરી કે જેથી મારું ભવભ્રમણ મેં ઉપજાવ્યું. ... ભવનું ઉપાર્જન કર્યું. હવે એવું શું કરું કે જેથી મને ભવભ્રમણ ન રહે? એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. પછી આ વાત લીધી કે અતિબુદ્ધિમાનને તો જગત સ્વીકાર કરે છે, પણ આ એવો અતિબુદ્ધિમાન છે, અતિ મેધાવી પુરુષ છે, મેધાવી શબ્દ વાપર્યો છે, મેધા એટલે બુદ્ધિ, કે જે જગતનો ત્યાગ કરે છે. જગતની ઉપેક્ષા કરીને, જગતને પીઠ દઈને આત્મકલ્યાણ બાજુ વળી જાય છે. એ અતિમેધાવી છે. એને બુદ્ધિમાન ગણ્યો. એટલે એકલી પરલક્ષી સમજણ નહિ, સમજણની સાથે વિરક્તિ હોય જગત પ્રત્યે અને સ્વરૂપનો મહિમા અંદરમાં હોય અસ્તિમાં. નાસ્તિમાં વિરક્તિ અને અસ્તિમાં સ્વરૂપનો મહિમા વગેરે બધું અંદરમાં હોય, બેય પડખાં સાજા હોય તો રુચિ પલટો ખાય જાય. રુચિ પલટો ખાધા વિના રહે નહિ. પૂછ્યું કે આવું બધું કેવી રીતે થાય? કે કરે તો થાય. તું કરતો નથી તો નથી થાતું. કરવા ધારે તો થાય. ન કરે તો ન થાય. તારું કામ કોઈક બીજો કરી દ્યે એવું તો કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! રુચિ કે સાથ મન ભી પલટ જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વો તો પીછે પીછે ચલતા હૈ.

મુમુક્ષુ :- રુચિ એટલે શ્રદ્ધાનું જ પરિણમન લેવાનું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, શ્રદ્ધાગુણમાં લેવાય છે રુચિને. પણ અહીંયાં શું છે કે શ્રદ્ધા સમ્યક્ નથી થઈ અને શ્રદ્ધા મિથ્યા છે એટલે એ રીતે શ્રદ્ધાગુણનું પરિણમન મિથ્યા છે. પણ એ મિથ્યા પરિણમન, મિથ્યાત્વ પાતળું પડ્યું, મિથ્યાશ્રદ્ધા—દર્શનમોહ પાતળો પડ્યો એટલે અહીંયાં રુચિ થઈ. એ રુચિ છે એ પોઝિટિવ સેન્સ બતાવે છે. દર્શનમોહ અને મિથ્યાત્વ પાતળું પડ્યું એ નેગેટીવ પડખે એટલો ફેર પડ્યો, પોઝિટિવમાં રુચિ આવી. એમ. અહીં સુધી રાખીએ.

તા. ૧૬-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૮૯
પ્રવચન નં. ૫૭

સ્વાનુભૂતિદર્શન, ૮૯મો પ્રશ્ન (ચાલે છે). પ્રશ્ન રુચિનો છે. રુચિ થતી નથી તેથી મુંઝવણ થાય છે. ત્યારે એ વાત લીધી કે જ્ઞાનમાં સમજણની સાથે વિરક્તિ પણ આવવી જોઈએ. નાસ્તિનો પોઈન્ટ લીધો. સમજણમાં તો અસ્તિ આવે છે. મુમુક્ષુજીવ પ્રયોજનભૂત સમજીને આત્મસ્વરૂપની સમજણ કરે છે પણ એ સમજણની સાથે સાથે જે પરમાં પોતાપણું છે એ પણ ચાલુ રાખે છે. એક બાજુ આત્મસ્વરૂપની સમજણ કરે છે. આત્મસ્વરૂપની સમજણ કરવામાં એકલી પોઝિટિવ સાઈડ લ્યે છે. દ્રવ્ય ગુણ પર્યાયથી આત્મા કેવો છે? આત્મામાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ કેવા છે? આત્મામાં શક્તિઓ કેવી કેવી છે? પણ પ્રયોજન શું છે? ભિન્ન પડવાનું પ્રયોજન છે. જે પોઝિટિવ સ્વરૂપ છે એટલે અસ્તિરૂપ જે સ્વરૂપ છે એ આપોઆપ ભિન્ન તો છે જ, પણ વજન ભિન્નતા ઉપર જતું નથી એટલે પોતાપણું ચાલુ રહે છે. આત્મા પણ સમજે, પોતાપણું પણ ચાલુ રાખે, એટલે વિરક્તિ આવે નહિ એ ભૂમિકાની. એટલે આત્મા સમજાય પણ અનુભવ ન થાય. કેમકે ઊલટા અનુભવ ઉપર કાંઈ ખ્યાલ જતો નથી. સૂલટા અનુભવમાં સુધારો કરવાનો છે એના ઉપર લક્ષ રહેતું નથી. એ કામ ચાલુ રહે છે. એટલે એ કામ ચાલુ રહે છે એનો અર્થ શું છે? કે આત્મા સમજ્યો તોપણ

પ્રયોજનભૂત સમજણ નથી કરી. એટલે યથાર્થ સમજણ નથી કરી. એમ થયું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ... ક્યા કહના ચાહતે હૈં?

પૂજ્ય ભાઈશ્રી :- ભિન્ન. ભિન્ન આત્મા હૈ કિ નહીં હૈ? આત્મા અનંત ગુણકા પિંડ હૈ. બાત તો ઠીક હૈ. જ્ઞાન, સુખ આદિ અનંત અનંત શક્તિસે ભરપૂર હૈ. લેકિન ભિન્ન હૈ કિ નહીં હૈ? ભિન્નવાલા પ્રયોજન ઈસલિયે હૈ કિ પરમેં અપનત્વ કર રહા હૈ. શરીર આદિ સંયોગમેં અપનત્વ કર રહા હૈ. વહાંસે ભિન્ન હોના જરૂરી હૈ. વહાં સે ભિન્ન નહીં હોવે તો તો સ્વરૂપકા અભિન્ન અનુભવ કૈસે હોગા? ઈસલિયે યહાં વો બાત ચલી હૈ, કે વિરક્તિ સાથમેં હોની ચાહિયે. ઉસકા નામ વિરક્તિ હૈ, યહાં પર તો ઉસકા નામ વિરક્તિ હૈ. યહાં કોઈ ત્યાગ કર દે ઘરકા, દીક્ષા લે લે વો વિરક્તિકી બાત નહીં હૈ, વો ભૂમિકા હી નહીં હૈ.

એકવાર એવું થયું હતું. (એક મુમુક્ષુ) ઘર છોડી અને સોનગઢ રહ્યા હતા, પછી શું છે કે, પરિગ્રહ તો કાંઈ રાખવો નહોતો એટલે એનાં ભાઈએ ચાર લાખ રૂપિયા આપ્યા ઈ પાછા મોકલી દીધા. પૈસા નથી જોઈતા. બે જોડ કપડાં ખાદીભંડારમાંથી ખાદીનાં લેંઘો, કફની અપાવી દીધાં હતા, નાહવાની બે-ચાર ગોટી કપડાં ધોવાની ને નાહવાની સાબુની આપી દીધી. બસ! પછી એને બીજું કાંઈ જોઈતું નહોતું. માથામાં તેલ નાખવું નહોતું અને હજામત કરાવી નહોતી. દાઢી વધી. એકવાર બહેનશ્રી પાસે ગયેલા. કહ્યું કે મારે થોડીક ચર્ચા કરવી છે. ચર્ચા કરે તો વિષયાંતર કરી નાખે જલ્દી, જલ્દી. એમ નહિ, એવી રીતે ચર્ચા ન હોય. બરાબર ક્લિયર કરો, સમજો અને જરાક ધીરજ રાખો, એના ઉપર વિચાર કરો પછી બીજી વાત ઉપર આવો. એમ ન ચર્ચા થાય.

મુમુક્ષુ :- બહેનશ્રીએ કહ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી (પૂછ્યું) કે આ દાઢી કેમ વધારી છે? આવો વેશ કેમ છે? કે બસ, એકદમ એમ કે કાંઈ કરવું જ નથી, બસ! બીજું કાંઈ કરવું નથી, એક આત્માનું જ કરવું છે. (બહેનશ્રીએ કહ્યું કે) આ ભૂમિકામાં એવું નથી. એની ભૂમિકા જોઈને શું કીધું? આ ભૂમિકામાં એવું નથી, કે તમે બધો ત્યાગ કરી દ્યો એટલે તમારું આત્મકાર્ય થાય. એવી વાત છે. ભૂમિકા બહારનો કોઈ ત્યાગ કરે, તો ત્યાગ કરે એમાં જ્ઞાની શું કરવા નિષેધ કરે? ગ્રહણ કરવામાં નિષેધ કરે, કે ભાઈ તું આ પરિગ્રહ નહિ રાખ, તારી વૃતિ શું કરવા જાય છે પરપદાર્થ ઉપર? પણ ત્યાગમાં તો પરપદાર્થ ઉપરની વૃતિ છોડવાની છે, એને શું કરવાં ના પાડે? વિચારવા જેવો વિષય તો ખરો કે નહિ? તારી જે શક્તિ છે, ઈ તારી જ્યાં લગાડવાની છે

ત્યાં તું લગાડતો નથી, બીજે લગાડે છે. દર્શનમોહ અને ચારિત્રમોહ એમાં લડવાનું છે દર્શનમોહ સાથે. લડે છે જીવ ચારિત્રમોહ સાથે. તો જ્ઞાની ના પાડશે કે એ વિધિ નથી, તારી ભૂમિકા નથી. જ્ઞાનીનો માર્ગ એમ કૃપાળુદેવે શું કરવા કીધું? જ્ઞાનીનો માર્ગ એટલે શું પણ? કે જ્યાં જે યોગ્ય છે, ત્યાં તે જ કરવું ઈ જ્ઞાનીનો માર્ગ છે. અને ઈ આમ ભલે આપણે મોટી મોટી આઉટલાઈનમાં પરિભ્રમણની વેદનાથી આખી ચેનલ મૂકી છે, પણ એ પહેલાં તો દરેકને જુદો જુદો પ્રકાર છે. દરેકનું માર્ગદર્શન જુદું જુદું. આ જીવને આમ નહિ ને આમ થવું જોઈશે, આને આમ નહિ ને આમ જોડવો જોઈએ, આને આમ નહિ ને આમ જોડવો જોઈએ. ઈ જ્ઞાનીના લક્ષમાં હોય છે. પોતાને એની સૂઝ ન હોય એ ભૂમિકાનો. લાઈને ચડે પછી સૂઝ આવતી જાય, સૂઝ આવતી જાય તોપણ ભૂલવાનાં ઠેકાણાં અનેક હોવાથી ત્યાં પણ માર્ગદર્શનની તો જરૂર પડે છે. ઠેઠ ભેદજ્ઞાનના સ્ટેજ સુધી જરૂર પડે છે. અવલોકન પછી પણ. ભાવભાસન થાય પછી લાઈન સીધી પડી જાય છે. પછી માર્ગદર્શનની એટલી જરૂર નથી પડતી.

મુમુક્ષુ :- છોડતા હૈ ઔર છૂટતા હૈ... દોનોંમેં બહુત અંતર હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વો તો હૈ, બહુત અંતર હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વો અલગ બાત હો ગઈ. વો છોડતા હૈ.

મુમુક્ષુ :- બાહ્યત્યાગ ઉપર જાય તો એમાં છેતરાઈ જવાનું રહે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, છેતરાય જ જાય. છેતરાય જાય અને શક્તિ ખર્ચાય ને. શું છે કે આ એક વ્યાપાર છે. એ વેપારમાં મૂડીની જરૂર છે. હવે આ નમૂડીયો છે પોતે. એમાં ખોટો ખર્ચો કરી નાખે, શું કામ લાગે? એની શક્તિનો ખર્ચ ખોટો કરે, તો એ મૂડી છે. એની પાસે એક તો મૂડી છે નહિ. છતાં ખોટો ખર્ચ કરે તો વેપાર ક્યાંથી કરે? એમ છે. ઈ ખ્યાલ આવે છે જ્ઞાનીને કે આ બીજે રસ્તે ચડી જશે. ખ્યાલ શું આવે છે? કે આ બીજે રસ્તે ચડી જશે.

મુમુક્ષુ :- અભિપ્રાય જ સુધારવાના છે પહેલાં. અભિપ્રાય ઉપર જ વજન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અભિપ્રાય જ સુધારવાના છે. ત્યાગ તો કરવાનો નથી, પણ પરિણામ સુધારવા ઉપર પણ વજન જાય અને અભિપ્રાય સુધારવા ઉપર વજન ન જાય અને પરિણામની ચર્ચા કરે તોય ભૂલ થવાનો સંભવ છે. નહિ સુધરે પરિણામ. પરિણામ તો અભિપ્રાય સુધરવાથી યથાર્થપણે સુધરવાના છે. એ પહેલા કોઈ વાર તું સુધારવામાં નિષેધ કર તો મંદતા આવે. પરિણામનો નિષેધ કર તો મંદતા આવે,

પણ સુધરે નહિ, યથાર્થપણે ન સુધરે.

મુમુક્ષુ :- આ મૂળ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, લાઈન એ છે, એની લાઈન એ છે. એટલે આ ચેનલ છે એ અભિપ્રાય સુધારની છે. એને પાછળ જે હેતુ છે એ અભિપ્રાય સુધારના હેતુથી આખી સંકલ્પના છે.

મુમુક્ષુ :- ત્યાગ તો સહજ એના ક્રમમાં એની રીતે આવવાનો ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો આપોઆપ જ આવે. જેમ જેમ વિરક્તિ વધતી જશે એમ આવતો જશે.

૭૪ પાને પ્રશ્ન લીધો છે કે '**મુમુક્ષુ :- કરવામાં શું બાકી રહી જાય છે? કુટુંબ-પરિવાર છોડી અહીં રહીએ છીએ...**' સોનગઢ (રહ્યા) એણે તો કુટુંબ છોડી દીધું. કોઈએ મુંબઈ છોડ્યું, કોઈએ કલકતા છોડ્યું, કોઈએ અમદાવાદ છોડ્યું, કોઈએ રાણપુર છોડ્યું, કોઈએ કાંઈ છોડ્યું. રાણપુરવાળા (એક મુમુક્ષુ) ત્યાં રહેતા હતા પહેલેથી. બહુ જૂના માણસ. ગુરુદેવ સંપ્રદાયમાં હતા અને છૂટા પડ્યા ત્યારથી ચાર જણમાંથી એક જણ હતાં. બે રાણપુરવાળા અને બે વઢવાણવાળા હતા. ચાર જણા હતા. વળગી રહેલા એટલું જ, આમ બીજી કોઈને લાંબી ખબર નહિ, ઓળખાણ-બોળખાણ એવું કાંઈ નહિ, પણ વળગી રહેલાં. આખા સમાજથી છૂટા પડી ગયા. સમાજ આખો વિરોધમાં આવી ગયો. સંપ્રદાય છોડ્યો ને, તો આખો સંપ્રદાય જ વિરુદ્ધમાં આવી ગયો. કેમકે સાધુ લોકો ઉઠ્ઠેરે. સાધુનું માને ને પાછા. બીજા સાધુ ન માને, કોમ્પીટીટીવ હોય. આખો સમાજ વિરોધમાં. સ્થાનકવાસીનો આખો સંપ્રદાય ગુરુદેવનો વિરોધી. અને કેવો વિરોધ કરે, આપણે તો કાંઈ વિરોધ નથી થાતો. જ્યાં જાય ત્યાં કાળા વાવટા લઈને ઊભા રહે. લાઠીમાં જાય તો લાઠીવાળા કાળા વાવટા લઈને ઊભા રહે, વિંછીયા જાય તો વિંછીયાવાળા કાળા વાવટા લઈને ઊભા રહે વિરોધ દર્શાવવા માટે. અને કોઈ કોઈ જગ્યાએ તો અગાશીમાંથી પથરા નાખે. અને અફવા એવી આવે કે લાકડીઓ લઈને ઊભા છે મારવા. કેવો વિરોધ, સ્ટોંચ વિરોધ હતો. એમાં આ ચાર જણા અડિખમની જેમ પડખે (ઊભા હતા). વગર ઓળખાણે ઊભા રહ્યા ઈ મોટી વાત કહેવાય ને.

એક જણ ગુરુદેવ પાસે એકાંતમાં ચર્ચા કરતો હતો એમાં એક ભાઈ આવી ગયા. ગુરુદેવની તબિયત થોડી નાદુરસ્ત હતી. એ દિવસે બપોરનું વ્યાખ્યાન બંધ હતું એટલે હું બપોર પછી ગયો હતો. બપોર પછી એટલે લગભગ ત્રણ-સાડા ત્રણ આસપાસ, વ્યાખ્યાન બંધ હતું એટલે. ચર્ચા અમારે ચાલતી હતી એમાં બરાબર આવી

ચડ્યા. ચમક્યા. આવી ચર્ચા ચાલે છે અહીંયાં. એમ ચર્ચા સાંભળીને એમ થયું કે અહીંયાં ચર્ચાઓ ચાલે છે ખાનગીમાં. એ તો બહુ જૂના. કુટુંબ પરિવાર છોડીને રહેલા પહેલેથી જ. સાધારણ, એવી સારી સ્થિતિ નહિ, છતાં સાધારણ સ્થિતિમાં પણ કુટુંબ છોડીને રહેલા.

'**રુચિપૂર્વક શાસ્ત્ર વાંચી, વિચારવાનું મન પણ થાય છે.**' વાંચન એનું સારું, વાંચન સારું. કરવામાં શું બાકી રહી જાય છે? કોઈએ પ્રશ્ન કર્યો છે તો કરવામાં શું બાકી રહી જાય છે? આટલું તો કર્યું કે ન કર્યું? એમ. હવે થઈ ગયું કે કર્યું એ સવાલ છે. પ્રશ્ન એમનો મુદ્દાનો છે, કે થઈ ગયું કે કર્યું? જો કર્યું હશે તો તારું વજન કરવા ઉપર જશે. થઈ ગયું હશે તો એ થઈ ગયેલા સામું તું જોઈશ નહિ. મારે હજી બાકી છે, મારે હજી બાકી છે, મારે હજી બાકી છે, મારે હજી બાકી છે. મારું કામ બાકી છે. બહેનશ્રી લખે છે ને, આમાં શું થઈ ગયું.? ખેદ થયો તો શું થઈ ગયું? એવી રીતે. પોતે ગણે જ નહિ, એને પોતાને ગણવામાં આવે જ નહિ. એવી પરિસ્થિતિ રહે. નહિતર ગણ્યા કરે કે આટલું તો કર્યું હજી કેમ થતું નથી? આટલું તો કર્યું હજી કેમ થતું નથી? પ્રશ્ન પૂછનારે શું (પૂછ્યું કે) અમે તો કુટુંબ પરિવાર છોડીને અહીં આવ્યા છીએ અને ત્યાગ કર્યો.

'**બહેનશ્રી :- આવું કરવા છતાં પણ પોતે અટકે છે...**' આવું કરવા છતાં પણ પોતે અટકે છે. '**કેમકે રુચિ ત્યાં ને ત્યાં છે.**' ઠીક! જ્યાં અટકે છે ત્યાં ને ત્યાં રુચિ છે, જ્યાં અટકે છે ત્યાં ને ત્યાં રુચિ છે. રુચિનો પોઈન્ટ સારો ક્લિયર કર્યો છે. '**જેટલી જોઈએ તેટલી અંદર તીવ્રતા નથી,...**' દરકાર નથી અને તીવ્રતા નથી. તીખાશ આવવી જોઈએ.

મુમુક્ષુ :- ઉપર ઉપરના ફેરફાર કર્યા, અંદરના ફેરફાર કોઈ ન કર્યા. રુચિ ત્યાં ને ત્યાં જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપરનો ફેરફાર કર્યો છે. બહારનો ફેરફાર કર્યો. બહારનો ફેરફાર કર્યો માટે રુચિ છે એવું નથી. રુચિ, રુચિ છે. ગમે ઈ હાલતમાં રુચિ, રુચિ છે. બહારનો ફેરફાર થાય, ન થાય એના ઉપર એની રુચિનું માપ નથી.

મુમુક્ષુ :- રુચિ ઊંધી છે એટલે પુરુષાર્થ પણ ઊંધો પરિણામમાં ચાલે છે. પુરુષાર્થની પરિણતિ પણ ઊંધી જ ચાલી રહી છે રુચિ ઊંધી છે એટલે. ફેરફાર નથી થતો એટલે પુરુષાર્થ પણ નિરંતર ઊંધો જ ચાલુ છે.

મુમુક્ષુ :- રુચિના અનુસાર પુરુષાર્થ હોય ને. એ તો પુરુષાર્થનો તબકકો પણ નથી. અહીંયાં તો હજી પુરુષાર્થનો તબકકો નથી. અહીંયાં તો હજી રુચિનો તબકકો છે.

મુમુક્ષુ :- ત્યાં ને ત્યાં છે એટલે એટલે કુટુંબ પરિવારમાં છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ કુટુંબમાં કોઈ પ્રસંગ આવે એટલે ઉપડે. એમાં કોઈ પ્રસંગ ઊભો થાય, કુટુંબમાં પ્રસંગ છે, જવું જોઈએ. હમણાં જ (એક મુમુક્ષુ) સાથે વાત થઈ. બે ભાઈઓને ત્યાં પ્રસંગ છે. મેં કહ્યું, હવે તમારે શું? તમે છોડીને સોનગઢ આવ્યા, ભાઈઓનું ભાઈઓ સંભાળે. ભાઈને કહી દેવાનું, મેં સન્યાસ લીધો છે ભાઈસા'બ. મેં કપડા નથી બદલ્યા એટલે તમારો ઉપકાર છે કે એવો આગ્રહ નથી રાખતા. હું છૂટો થઈ ગયો. તમને તો પાછી હાર્ટની તકલીફ છે. પરિશ્રમ પણ શું કરવા લેવો? પોતાપણું હોય (એટલે એમ થાય કે) મારે ત્યાં પ્રસંગ છે, મારે ત્યાં પ્રસંગ છે. સગાઓ આવે, સબંધીઓ આવે, બધાને હળવાં-મળવાનું થાય. મીઠાશ આવે.

મુમુક્ષુ :- ન જઈએ ને તો વ્યવહારબહાર થઈ જઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- બાદ જ કરવાનો છે વ્યવહાર, વ્યવહાર બાદ જ કરવાનો છે. અને વ્યવહારવાળા એકવાર સમજી લે કે આ નાતબહાર થઈ ગયો. વ્યવહાર વાળાં શું સમજી લે? કે નાતબહાર થઈ ગયો છે. મને મંજૂર છે, તમારું ટાઈટલ મને મંજૂર છે. ૬૦ વટાવી ગયા પછી બાજી સંકેલવી જોઈએ કે ન સંકેલવી જોઈએ? અત્યાર સુધી પથારો કર્યો અણસમજણથી. પચાસ-સાંઈઠ થઈ ગયા પછી બાજી સંકેલી નાખવી જોઈએ. મારે હવે કાંઈ કરવાનું નથી, મારે મારું કરવાનો જેટલો સમય છે એમાં હું મારું કરી લઉં. મને ન પોષાય, હવે મને સમય અને શક્તિ ખર્ચવી ન પોષાય. કોઈને કદાચ થોડું ખોટું લાગે તો હાથ જોડીને માફી માંગી લેવાની. ભાઈસા'બ હું નબળો-પાતળો માણસ છું, તમારા સુધી પહોંચવાની શક્તિ નથી. અશક્તિ છે, અશક્તિવાળાને તમારે માફ કરી દેવો જોઈએ. મને યાદ છે, કે મુંબઈ ગામમાં ક્યાંય જવાનું નહોતું. લગ્ન પ્રસંગ કોઈ જગ્યાએ ક્યાંય જવાનું નહિ ને. કોઈ જગ્યાએ જાતો જ નહિ. વિકલ્પ જ આવે નહિ જવાનો કે રોકવો પડે વિકલ્પને, કામે લાગી ગયો ઈ કામે લાગી ગયો, બીજો વિકલ્પ નહિ પછી. જેને જાવું હોય એ જાય કુટુંબમાંથી, ન જાવું હોય ઈ ન જાય.

મુમુક્ષુ :- ઘરનું વાસ્તુ લીધું હતું...

પૂજ્ય ભાઈશ્રી :- આપણે ક્યાં આબરૂ કાઢવી છે. આબરૂ જાય ઈ સારું, આબરૂ જાય ઈ સારું. નહિતર શું છે? જીવ માન ભોગવે છે. આબરૂ-કીર્તિ ભોગવવી એનાથી આત્મા દૂષિત થાય છે. એને ખબર નથી પડતી. એટલે ઈ એમ માને કે આ સાવ આવા જ છે. હા, ભાઈ અમે એવાં જ છીએ.

મુમુક્ષુ :- દરેક વાતમાં એમ કહે, કે એને સમજણ જ નથી પડતી.

પૂજ્ય ભાઈશ્રી :- સાવ સાચી વાત છે. તમારી વાત સવાસો ટકા છે. એકસો ટકા નથી. તમારી વાત સવાસો ટકા સાચી. કૃપાળુદેવે જડભરતનો દૃષ્ટાંત લીધો છે. ભરતજી બોલતા નહોતા. કેમકે આગલા ભવમાં એનું નામ ભરત જ હતું, મનુષ્ય જ હતાં. અને એને જાતિસ્મરણ થયું હતું. ત્યાગી થઈ ગયેલા, બાવા થઈ ગયેલા પણ જંગલમાં એક હરણિયા સાથે પ્રેમ કર્યો. આ બિચારું હરણિયું છે, શાંત છે, બિચારું. લાવ એને પાળું, એને જરાક સરખી રીતે (રાખું). ટાઢ-તડકો હોય ત્યારે જરાક એને સંરક્ષણ આપું. ટાઢમાં ઓઢાડે. ઈ લંગોટીમાંથી ચોફાળ થઈ ગયો એને.

મુમુક્ષુ :- ચોફાળ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- બહુ મોટું કપડું હોય એને ચોફાળ કહે. ચાર કપડાનો સાંધો કરીને. પનો એટલો મોટો ન હોય એટલે સાંધો કરીને મોટા પનાવાળું કરે ઓઢવાનું. ચાર સાંધા કરીને. એને ચોફાળ કહે. એટલે એવું થઈ ગયેલું ને એમાંથી ભવ આખો એનો બગડી ગયો. પરિગ્રહ વધારવો પડ્યો. એમ કંઈક કથા આવે છે કે પછી એના માટે આ કર્યું, એના માટે આ કર્યું, ગાય લીધી, ફલાણું કર્યું, ગાય માટે પછી એના કામ કરવાવાળા રાખ્યા, એવું બધું કાંઈક વધી ગયેલું. આશ્રમમાં વહિવટ વધી ગયેલો. આ ભવમાં એને યાદ આવ્યું ને, બોલવાનું જ બંધ કરી દીધું. કોઈની સાથે બોલે નહિ એટલે આ સાવ જડ જેવા છે. પહેલાં બોલતા હશે, પછી બોલતા બંધ થઈ ગયા એટલે ઈ તો ખબર પડી કે પહેલાં બોલતા હતા, હવે બોલતા નથી. આમ જડની જેમ જોઈ રહે. આ જડભરત છે. નામ જ જડભરત પડી ગયું. મને મંજૂર છે. જડભરત તરીકે મને મંજૂર છે. કાંઈ વાંધો નહિ, ક્રેડિટ મેળવવાની વૃતિ છે, જઈએ તો આપણી ગણના થશે, બધામાં ગણાશું, વ્યવહારવાળા તરીકે આપણું સ્થાન રહેશે હજી, ઈ (આત્મહિતનું) કામ ન કરી શકે, કામ ન કરી શકે.

'જેટલી જોઈએ તેટલી અંદર તીવ્રતા નથી, અંતરમાં પાછો વળતો નથી,...' વિકલ્પ આવે છે, પાછો નથી વળતો. પછી દબાવવાં પડે વિકલ્પને એ ખોટું. **'અંતરની મહિમા આવતી નથી; પોતાને ગ્રહણ કરતો નથી ને વિરક્તિ આવતી નથી;...'** પોતાની મહિમાપૂર્વક વિરક્તિ જોઈએ. ભલે સ્વરૂપનો મહિમા ન આવે, તો આત્મકાર્યની તો કિંમત આવી છે કે નથી આવી? કે સર્વોત્કૃષ્ટ કાર્ય છે ઈ મારું આત્મકાર્ય છે. આ જગતમાં આથી કોઈ મોટું ઉત્કૃષ્ટ કાર્ય નથી. સૌથી મોટા કામની જવાબદારી મેં લીધી છે.

'વિરક્તિ આવતી નથી; જેમ કોઈ સૂતો હોય ને જાગૃત થવાનો નિર્ણય કર્યો

હોય,...' સૂતો હોય એને એમ થાય કે હવે ઊઠી જવું છે, જાગી ગયો એટલે હવે ઊઠી જાવું છે, કામે લાગી જાવું છે, **'પણ જાગું છું....જાગું છું એમ કર્યા કરે...'** જાગું છું ને પણ, હું જાગું છું ને હું ક્યાં ઊંઘી ગયો છું, જાગુ છું ને. એમ કંઈ સૂતા સૂતા કામ થાય નહિ એમ કહે છે. ઈ જાગું છું શું કામનું? એમ કહે છે. **'એમ કર્યા કરે તો પણ પ્રમાદને લઈને જાગતો નથી-ઊઠતો નથી...'** આમ જાગે છે પણ ઊઠતો નથી. એનો અર્થ કે ઈનીસિયેટીવ મુડ આવવો જોઈએ, અમલીકરણનો મુડ આવવો જોઈએ.

'તેમ જેટલું કારણ આપવું જોઈએ તેટલું આપતો નથી, જેટલી તીવ્રતા જોઈએ તેટલી કરતો નથી, જ્ઞાન-વિરક્તિ-મહિમા કરતો નથી...' ત્રણ પોઈન્ટ સાથે લીધા. સમજણની સાથે મહિમા અને મહિમાની સાથે વિરક્તિ. આ કો-ઓર્ડિનેશન હોવું જોઈએ. અહીંયાં જ્ઞાન એટલે સમજણ. સમજણ, આત્મકાર્યની મહિમા અને એની સાથે વિરક્તિ. આ ત્રણનું કો-ઓર્ડિનેશન થાય એટલે મુમુક્ષુની ભૂમિકાનો વિકાસ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ત્રણે આવી ગયા.

'કરતો નથી તે ક્યાંક અટકે છે.' ક્યાંક અટકે છે, કેમ લીધું? કે દરેકને જુદું જુદું છે. અટકવાનું સ્થાન દરેકનું જુદું જુદું છે. એટલે ક્યાંક શબ્દ વાપરવો પડે છે. ક્યાંક એટલે ઉદયમાં. બીજું કાંઈ નથી. અટકે છે ક્યાં જીવ? ઉદયમાં. કેમકે મારો ઉદય. પોતાપણું ઉદયમાં કર્યું. આ ભૂલ છે. જ્યાં પોતાપણું નથી કરવાનું ત્યાં પોતાપણું કર્યું. મોટા ભાગે જીવ કુટુંબની ચિંતામાં અટકે છે. ઉદય મોટો એ જ છે. કુટુંબ પ્રતિબંધ. પણ કુટુંબનો દરેક સભ્ય એનું પ્રારબ્ધ લઈને આવ્યો છે. પ્રારબ્ધ લઈને આવ્યા છે કે નહિ? તો એનાં પ્રારબ્ધ પ્રમાણે એનાં સંયોગ-વિયોગ છે કે તારી ચિંતા પ્રમાણે છે? તારી ફિકર પ્રમાણે છે? કોના પ્રમાણે છે? એનાં પ્રારબ્ધ પ્રમાણે એના ઉદય છે. તું શું કરવાનો? ચિંતા કરીને તારું નુકસાન કરવા સિવાય તું બીજું શું કરવાનો? કાંઈ નહિ કરી શકે.

મુમુક્ષુ :- વહેલાસર માં-બાપ ગુજરી જાય, છોકરાં નાના મૂકીને વયા જાય છે. તો પછી શું ઈ કાંઈ પાછા આવે?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ કાંઈ એની વગર મરી જાય છે? મા-બાપની વાંહે છોકરા થોડા મરી જાય છે? એનું આયુષ્ય હોય ઈ કેવી રીતે મરે? ઈ ડાહ્યા માણસો તો એમ જ કરે, સમજદાર માણસો વ્યવહારમાં એવું કરે છે. છોકરાને તૈયાર કરવો હોય ને, તો પોતે જગ્યા ખાલી કરી દે. તું તૈયાર થા, તારી મેળે તૈયાર થા, પૂછવા

જેવું લાગે તો પૂછજે, નહિતર તું તારી મેળે કર. જ્યાં સુધી હું બેઠો હોઈશ ને ત્યાં સુધી તું માથે નહિ લે. અને માથે લઈને નહિ કર ત્યાં સુધી તું શીખીશ નહિ.

મુમુક્ષુ :- પગભર કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તું તારા પગભર થઈ જા. ખસી જાય. અને કાં એને બીજે મોકલે શીખવા માટે. ત્યાં કહેવત છે કે, પારકી માં કાન વીંધે.

મુમુક્ષુ :- સમજમેં નહીં આયા.

પૂજ્ય ભાઈશ્રી :- મા હોતી હૈ ન, સગી માં હૈ વો બચ્ચાકો ઈતના પ્યાર કરતી હૈ તો બીગડતા હૈ, બચ્ચા બીગડતા હૈ. ક્યોંકિ વો બુરા નહિ મનાના ચાહતી. પારકી માં માને અપર મા હોતી હૈ ના, સાવકી માં, વો થપ્પડ લગા દે, ઐસા નહીં ચલેગા. કાન વિંધે માને ક્યા હૈ, કાનમેં વો હોલ કરતા હૈ ના, ઈયરીંગ લગાને કે લિયે, ઉસકો વિંધવું એમ કહે છે, વિંધવું એટલે છેદ પાડવો-હોલ કરના. વહ તો કોમલ ચીજ હૈ તો પેઈન હોતા હૈ. પારકી માં કાન વિંધે એટલે પારકી માં ઉસકો પેઈન કરાવે તો વો તૈયાર હો જાયેગા. ઉસકો કઠિનાઈ પડેગી તો વો તૈયાર હો જાયેગા. કઠિનાઈ નહિ પડેગી તો બીગડ જાયેગા. વો બાત હૈ. સમજદાર માણસો, પૈસાવાળા માણસો પોતાના છોકરાને બીજે નોકરીએ મૂકે, આપણી દુકાને પછી કામ કરજે તું, પહેલાં ત્યાં તૈયાર થઈને આવ. પેલો શેઠ કામ લે બરાબર. ભૂલ કરીશને (તો) તારે ખાતે ચડી જશે નુકસાન જાશે એ, શું કહે? તારે ભરવા પડશે. ભૂલ કર એ નહિ કામ આવે.

અમારે એવું થયું હતું. મુંબઈમાં મારા ફુવાજીની પેઢી હતી. સગપણ કરાવનાર એ વચ્ચે હતા. અહીંયાં તને ટ્રેઈન કરવા માટે પરાણે રાખ્યો. એકવાર ભૂલથી વાત તો અઢીસો રૂપિયાની હતી. એમ ન ચાલે, ખાતે ચડાવી દઈશ. કહી દીધું ચોખ્ખું આંખ ફેરવીને. તે દિ અઢીસોની રકમ મોટી હતી. સો રૂપિયાનો પગાર હોય. ખાતે ચડી જશે. નહોતા લગાવ્યા. ધ્યાન રાખવાનું. બહુજ હોંશિયાર હતા, એને ત્યાંથી નીકળ્યો એ છાપેલ કાટલું કહેવાય, ડિગ્રીવાળો કહેવાય. એની પેઢીમાં વર્ષ-બે વર્ષ કામ કરે એને ડિગ્રીવાળો ગણાય. વ્રજલાલ નારણદાસ કોલેજ કહેવાતી હતી મુંબઈની પેઢીઓમાં. .. પેઢી હોય ને એમાં કોલેજ કહેવાતી

મુમુક્ષુ :- ભાઈશ્રી! જબ બચ્ચા જન્મ લેતાં હૈ તો, ઉસકી તૈયારી પહલે કૈસે હો જાતી હૈ. ઉસકા પુણ્ય હોતા હૈ તો વિકલ્પ ભી ઐસે ચલને લગતે હૈ કિ ઈસકે લિયે યે બનાના હૈ, યે કરના હૈ, યે કરના હૈ, યે કરના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- બધું, પુણ્ય લઈને આવે છે એને બધું થાય છે.

મુમુક્ષુ :- સાથમેં કુછ લેકે આતા હૈ ક્યા? સારી તૈયારી ઑટોમેટિક હોતી હૈ યે કે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- સાથમેં કુછ લેકે આતા નહીં હૈ ઔર સાથમેં કુછ લેકે જાયેગા નહીં. બીચમેં ધમાલ હૈ સબ, બીચમેં ધમાલ હૈ. વો ધમાલમેં ભવભ્રમણ બઢાતા હૈ. વો ધમાલમેં ક્યા કરતા હૈ? ભવભ્રમણ બઢાતા હૈ. આતા હૈ દેહ લેકે, જાયેગા તો દેહ છોડકે. દેહ ભી નહિ લે જાયેગા. યે બાત હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઈસસે એક બાત ઔર સાબિત હોતી હૈ, કિ જીવકા પુણ્ય-પાપ સાથમેં હોતા હૈ. પુણ્યસે અપને આપ સામગ્રી ઑટોમેટિક ઈકટ્ઠી હો જાતી હૈ, કરની નહીં પડતી હૈ. ઔર હમ લોગ તો ક્યા હૈ? નિમિત હૈ. જબ બચ્ચા હુઆ થા ના ભઈ, તો હમ લોગ તો ક્યા હૈ, નિમિત્ત હૈ. ઉસકા પુણ્ય ઈતના તેજ હૈ, કિ યહાં જીવકે ઑટોમેટિક પરિણામ હો ગયે. વૈસે-વૈસે સામગ્રી ઉસકી આને લગેગી. મતલબ સારા હમને ફિલ કીયા તો દેખા, કૈસા પાપ પુણ્યકા ખેલ હૈ. ઉસકો કુછ ભી કરના પડતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- એને ક્યાં ભાન છે. એને શું કરવું પડે? એને પણ કરવાનું ભાન પણ ક્યાં છે? પુણ્ય પ્રમાણે થાય. એક બચ્ચો રાજાનાં મહેલમાં જન્મે, ઈ જ સમયે ઈ જ કુંડળી એની નીકળે અને એક ઝૂંપડીમાં જન્મે. નામ પણ બેયના સરખા પડે. પુણ્ય-પાપ બેયના સ્વતંત્ર. અહીંયાં આખું ગામ, રાજકુંવર જન્મ્યો, રાજા જન્મ્યો, રાજા જન્મ્યો એમ કરીને હરખ મનાવે, અને આને દૂધ પીવાનું ન હોય. ગાયનું દૂધ તો ન હોય પણ એની માતાનાં સ્તનમાં દૂધ ન હોય. એટલો એને રોગ થઈ જાય. એને દૂધ પાવું હોય તો દૂધ એને ન મળે. ... શું કરે? (છોકરો રાડું) પાડે. રાડું પાડ્યે કાંઈ મળી જાય? એકસાથે જન્મયા હોય એને આ સ્થિતિ હોય. પોતાના પ્રારબ્ધ (પ્રમાણે થાય). કોઈ કરી શું શકે? કરી શકતા નથી પછી શું કરે? એ વસ્તુ અશક્ય છે, એને શું કરવાનું?

મુમુક્ષુ :- બિમાર હો જાયે ગરીબકા બચ્ચા તો દવાઈ લેકે જાયેગા તો દવાઈ રસ્તેમેં ફૈલ જાયે, શીશી તૂટ જાયે, તો ઉસકા પ્રારબ્ધ હૈ ના, તો ઈસસે ભાઈશ્રી! નિઃશંકતા આતી હૈ અંદરમેં કિ જૈસે હમારા પુણ્યકા પ્રારબ્ધ હુઆ તો વૈસા મિલેગા. પાપ કા પ્રારબ્ધ હુઆ તો વો ઊલ્ટા હો જાયેગા. તો ઈસમેં હમ ક્યા કરે?

પૂજ્ય ભાઈશ્રી :- હોગા વો ભી ચલા જાયેગા. ચિંતા કરનેસે કોઈ ફાયદા નહીં હૈ. ચિંતા કરવાથી નવું કર્મ બંધાશે.

'જ્ઞાન-વિરક્તિ-મહિમા કરતો નથી...' એટલે એને થતા નથી. **'તે ક્યાંક અટકે**

છે. અંતરમાંથી તાલાવેલી લાગવી જોઈએ કે પોતે ક્યાંય ન અટકતાં પોતામાં ચાલ્યો જાય. તેટલી અંદરથી લગની લાગવી જોઈએ.' આ ફર્સ્ટ સિમ્પટમ છે એનું. લગની અને તાલાવેલીથી ઊપડ્યો ઈ ક્યાંય અટકવાનો નહિ. અને એના વગર શરૂઆત કરી ઈ ક્યાં અટકે છે એનેય ખબર નહિ હોય.

'દૃષ્ટિ અંતરમાં થંભતી નથી અને પર તરફથી છૂટતી નથી તેનું કારણ પોતાનું છે.' એનું કારણ પોતાનું છે. પર ઉપર દૃષ્ટિ પડી છે. દૃષ્ટિ છે એટલે જેની દૃષ્ટિ છે તેની ઉપાદેયતા છે, જેની દૃષ્ટિ છે એની સાથે અભિન્નતા છે. બે વાત છે, બે પોઈન્ટ છે એમાં. દૃષ્ટિ સાથે શું પોઈન્ટ છે બીજા? અભિન્નતાની અને ઉપાદેયતાની. જેની દૃષ્ટિ એની સાથે અભિન્નતા અને એની ઉપાદેયતા. ભિન્નપણામાં ઈ આવે છે. એનું ઉપાદેયપણું છૂટે છે. હેય થઈ જાય છે, ભિન્નપણામાં હેયતા આવે છે. આ મુદો છે. **'પોતાનો આશ્રય પ્રબળપણે લે...'** એટલું સમજાવવામાં દૃષ્ટિ શબ્દ વાપરે છે. ભિન્નતા-હેયપણું, અભિન્નતા-ઉપાદેયપણું. એટલું સમજાવવા એક શબ્દ દૃષ્ટિ વાપરે છે.

'દૃષ્ટિ અંતરમાં થંભતી નથી અને પર તરફથી છૂટતી નથી તેનું કારણ પોતાનું છે.' અને પોતા ઉપર દૃષ્ટિ જાતી નથી. પોતાના કામ ઉપર દૃષ્ટિ જાતી નથી. **'પોતાનો આશ્રય પ્રબળપણે લે અને પરનો આશ્રય છોડી દે તો નિરાલંબન થઈ જાય.'** કોઈના આલંબનની જરૂર રહેતી નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યે સમજમેં નહીં આયા. ભિન્નતા, હેયપના.

પૂજ્ય ભાઈશ્રી :- હમ અપનત્વ નહીં કરે, તો ભિન્નતા કિયા તબ તો અપનત્વ નહીં કિયા ન. તો ઉસમેં હેયપણા આ જાતા હૈ, ભિન્નતામેં હેયપણા આ જાતા હૈ. ઔર સ્વરૂપમેં અપને કાર્યમેં અભિન્નતા રખતે હૈં તો ઉસકી ઉપાદેયતા આતી હૈ. દોનોં બાત સમજાનેકે લિયે એક 'દૃષ્ટિ' શબ્દકા પ્રયોગ કરતે હૈં. વો કહનેકા મતલબ હૈ.

મુમુક્ષુ :- દૃષ્ટિ એટલે જ્ઞાન લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. આટલું લેવું સાથે. દૃષ્ટિ એટલે દૃષ્ટિકોણ. દૃષ્ટિકોણમાં શું? કે આ અસ્તિ અને નાસ્તિથી બે-દુ ચાર પોઈન્ટ એમ.

'પોતાના આશ્રયનું જોર થાય તો પરનો આશ્રય છૂટી જાય છે,...' પોતાના આશ્રયનું જોર થાય તો પરનો આશ્રય છૂટી જાય છે.

મુમુક્ષુ :- પોતાનો આશ્રય એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- આશ્રય એટલે આલંબન. પછી આલંબનની વાત લઈ લીધીને. પોતાના સ્વરૂપનો જો આશ્રય થાય તો પરનો આશ્રય છૂટી જાય છે. એકસાથે બેનો

આશ્રય તો રહે નહિ. આધારબુદ્ધિ કહો. '**પણ પોતે છોડે તો છૂટે.**' આધારબુદ્ધિ છોડે તો છૂટે. આધારબુદ્ધિ, સુખબુદ્ધિ એને લઈને આશ્રય છે, એને લઈને આશ્રય છે. આલંબન થાય છે. છોડે તો છૂટે.

'**દ્રવ્યને ગ્રહણ કર્યું નથી-તેથી પર્યાયમાં બધે અટકેલો છે.**' જેટલી જેટલી પર્યાય થાય એ બધે અટકેલો છે. પર્યાયબુદ્ધિ થઈને પર્યાયબુદ્ધિમાં રહીને અટકેલો જ છે. '**બીજા તરફથી પાછો હઠે તો પલટો થાય,...**' જુઓ! નાસ્તિ લ્યે છે. વિરક્તિ, બીજા તરફથી પાછુ હટવું, ઉપર પણ લીધું, અંતરમાં પાછો વળતો નથી. અંતરમાં પાછો વળતો નથી એમ પાછું કેમ લીધું? કે બહારમાં પાછો વળે છે. બહારના ફેરફારો કરી લ્યે છે. અંતરમાં પાછો વળતો નથી. એટલે '**બીજા તરફથી પાછો હઠે તો પલટો થાય, તે પોતાના પુરુષાર્થથી થાય છે.**' રુચિ અને પુરુષાર્થ ત્યાં કામ કરે છે. સરસ લીધું છે. એમની શૈલી છે 'દૃષ્ટિ' શબ્દ વાપરવાની, એમાંથી એ લીધું. દૃષ્ટિમાં દૃષ્ટિકોણ લેવો છે કે પરનું હેયપણું અને ભિન્નપણું, પોતાનું અભિન્નપણું અને ઉપાદેયપણું. સાયમલટેનિયસલી-એકસાથે. ચારેય મુદ્દાને સાંકળે એનું નામ દૃષ્ટિ. અહીંયાં ઓલી સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની વાત નથી. મુમુક્ષુની ભૂમિકા છે ને, પછી ૯૦માં એ પ્રશ્ન ચાલુ રાખ્યો છે. ઈને ઈ પર્યાયમાં અટક્યો છે. એના માટે શું કરવું? અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૯૦

પ્રશ્ન :- પર્યાયમાં અટક્યો છે તેના માટે શું કરવું?

સમાધાન :- બહારમાં સર્વસ્વ નથી, જ્ઞાયકમાં જ બધું છે તેમ પોતે દૃઢતા કરવી. ભલે પ્રથમ બુદ્ધિપૂર્વક વિચાર કરીને દૃઢતા કરે, પણ અંદરથી પલટો ખાવામાં વિશેષ તૈયારી થવી જોઈએ તો પરિણતિ પલટો ખાય. બુદ્ધિમાં દૃઢતા આવે, પણ પરિણતિ જ્યાં સુધી પલટો ખાતી નથી ત્યાં સુધી કચાશ છે. પરિણતિ પરના એકત્વ તરફ ઢળી રહી છે, તે પોતાની કચાશ છે. બુદ્ધિમાં નિર્ણય કરે

કે મહિમાવંત જ્ઞાયક આત્મા છે, સુખ પણ આમાં છે, બહારમાં સુખ નથી.– આમ નિર્ણય સુધી પોતે આવે છે, પણ પરિણતિ પલટો ખાતી નથી, તે કચાશ છે. વારંવાર જ્ઞાયકની તરફ પરિણતિ રહ્યા કરે તો પલટો ખાય, પરંતુ જ્ઞાયક તરફ પરિણતિ ટકે ક્યારે? કે પોતા તરફ રહેવાની જરૂરિયાત લાગે તો જ્ઞાયક તરફ પરિણતિ ટકે.

ગુરુદેવે બધાને ગ્રહણ થાય તેવું ચોખ્ખું કરી દીધું છે, આખો માર્ગ ચોખ્ખો કરીને બતાવી દીધો છે. ૯૦.

તા. ૧૭-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૯૦
પ્રવચન નં. ૫૮

સ્વાનુભૂતિદર્શન, પાનું-૭૪. ૯૦મો પ્રશ્ન છે. **'પ્રશ્ન :- પર્યાયમાં અટક્યો છે તેના માટે શું કરવું?'** પર્યાયદૃષ્ટિને કારણે પર્યાયમાં અટક્યો છે. પર્યાયદૃષ્ટિને કારણે પર્યાયમાં અટક્યો છે અને પર્યાયમાં પણ વિભાવની દૃષ્ટિ છે. પર્યાયમાં પણ સ્વભાવની દૃષ્ટિ નથી પણ વિભાવની દૃષ્ટિ છે. વિભાવમાં એકાકાર છે, વિભાવની ઉપાદેયતા છે અને વિભાવમાં અભિન્નતા, એકત્વ છે, અભેદતા પણ છે. ઈ બધાના સરવાળામાં એમ કહેવાય કે, વિભાવની દૃષ્ટિ છે અથવા પર્યાયની દૃષ્ટિ છે. જ્ઞાનમાં જે સ્વભાવ અંશ ખુલ્લો છે એથી તો અજાણ્યો છે, એની દૃષ્ટિ કે એની ઉપાદેયતાનો સવાલ નથી, સ્વભાવની ઉપાદેયતાનો આવતો નથી.

મુમુક્ષુ :- સ્વભાવ ખુલ્લો છે, ઈ ખબર પડે તો દૃષ્ટિ બદલાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો એને પોતાને સાધ્ય ફેર પડી જાય કે મારે આ સાધવું છે. ઉપાદેયતામાં ફેર પડી જાય ને.

મુમુક્ષુ :- અત્યાર સુધી પોતાને રાંકો માની લીધેલો, એની જગ્યાએ આખી દૃષ્ટિ ફેર થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દૃષ્ટિ ફેર થઈ જાય.

'સમાધાન :- બહારમાં સર્વસ્વ નથી, જ્ઞાયકમાં જ બધું છે તેમ પોતે દૃઢતા કરવી.' સ્વભાવને છોડીને, જ્ઞાયક એટલે સ્વભાવ, સ્વભાવમાં જ બધું છે, સર્વસ્વ છે એમ દૃઢતા કરવી. બહારમાં સર્વસ્વ માન્યું છે એની જગ્યાએ લેવું કે બહારમાં

સર્વસ્વ નથી. સર્વસ્વ તો નથી પણ કાંઈ નથી, સર્વસ્વ નથી પણ ખરેખર આત્માને ઉપાદેય કરવા જેવું, કામમાં આવે એવું કાંઈ નથી. '**ભલે પ્રથમ બુદ્ધિપૂર્વક વિચાર કરીને દઢતા કરે,...**' ઓળખાણ ન હોય, સ્વભાવમાં બધું છે એમ ઓળખાણથી ભલે ન હોય, તો બુદ્ધિપૂર્વક વિચાર કરીને, સમજીને, વાંચીને, સાંભળીને, વિચારીને દઢતા કરે. '**પણ અંદરથી પલટો ખાવામાં વિશેષ તૈયારી થવી જોઈએ.**' આ 'પણ' કહીને જે વાત કરી છે ઈ વજનદાર વાત કરી છે. વજન ત્યાં છે. ભલે બુદ્ધિપૂર્વક વિચાર કરીને દઢતા કરી હોય, '**પણ અંદરથી પલટો ખાવામાં વિશેષ તૈયારી થવી જોઈએ તો પરિણતિ પલટો ખાય.**' એમાં રિઝલ્ટ આવે. પરિણતિમાં એનું રિઝલ્ટ આવે. પરિણતિ ક્યારે થાય? રસ વધે ત્યારે. પછી તો વારંવાર ઉપયોગ થાય પણ રસ વધે ત્યારે (પરિણતિ થાય). ઈ રસ વધે એના માટે એમ કીધું અંદરથી પલટો ખાવામાં વિશેષ તૈયારી થવી જોઈએ. મારા અનંત લાભનું કારણ છે. થોડોઘણો મને લાભ નથી પણ અનંત લાભનું મને કારણ છે. એનો રસ ઊભો થવો જોઈએ. ક્યારે કોઈ બુદ્ધિવાળા માણસને પૂછો, તમે ટેન્શન ફ્રી છો? ના પાડશે. કેમકે બુદ્ધિવાળો હોય એટલે સમાજમાં, ધંધામાં, કુટુંબમાં અમુક લેવલના હોય. એમને એમ બુદ્ધિવાળો બેસી ન રહી શકે. બુદ્ધિશક્તિ છે એ ક્યાંયને ક્યાંય એપ્લાય કરતો હોય. કાં કુટુંબમાં મુખિયો થઈને બધા કુટુંબના કામ કરતો હોય, કાં ધંધામાં મુખિયો થઈને ધંધાના કામ કરતો હોય, નોકરી કરતો હોય તો ત્યાં બોસિંગપણું અને મુખિયાપણું હોય એનું. બુદ્ધિવાળો છેને. સમાજની અંદર કાંઈક સામાજિક રીતે કામ કરતો હોય, ધાર્મિક ક્ષેત્રમાં હોય તો ત્યાં પણ (મુખિયો થઈને કરતો હોય). જ્યાં મુખ્ય થવા જાય ત્યાં એનું ટેન્શન આવ્યા વિના રહે નહિ. કેમકે સત્તા અને ઉપાધિ એક સિક્કાની બે બાજુ છે. સત્તા અને ઉપાધિ એક સિક્કાની બે બાજુ છે. જેમકે કુટુંબમાં તો બધાંય રહે છે, જો કુટુંબની ઉપાધિ ન રાખવી હોય તો કુટુંબની સતા છોડી દેવી જોઈએ. પહેલું કામ શું કરવું? કુટુંબની સતા છોડી દેવી જોઈએ. મારું ચાલે એવું કાંઈ ન જોઈએ મારે, જેમ તમે બધા કહો. તમારે જેમ કરવું હોય એમ, આપણે સમંત છીએ.

મુમુક્ષુ :- પંગુ સમજકે દો વક્તકી રોટી ખીલા દેના.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ તો જ્ઞાનદશામાં હતા એટલે એની વાત આખી જુદી હતી. એટલે હદ સુધી આવવું તો હજી કઠણ પડે. અહીંયાં પહેલાં હજી સત્તા તો છોડે. મારું કુટુંબ છે, ને હું મુખ્ય છું, મારું પણ ચાલવું જોઈએ, ને હું પણ કાંઈક છું, મારું પણ કાંઈક સ્થાન છે - એને ઉપાધિ આવ્યા વગર નહિ રહે. અને ટેન્શનની

કોઈ દવા નથી. ઘેન આપે છે બહુ ટેન્શનમાં રહે એને, ટ્રેન્ક્વીલાઈઝર આપે છે. કોઈ દારૂ પીવે છે. ઘેનમાં ચડવા માટેના જુદાં જુદાં ખાવાં-પીવાંના પ્રકારો છે. ઈ એની સાચી દવા નથી. ઈ તો ઈ જેવો એનો પાવર ઉતર્યો કે ડબલ ટેન્શન ચાલુ. કેટલી ઘેનની ટિકડી લે અને કેટલો દારૂ પીવે? ટેન્શનથી મુક્ત થવા માટે સાચી સમજણ સિવાય જગતમાં, જ્ઞાન સિવાય બીજું કોઈ પદ્ધતિ નથી. બુદ્ધિવાળા માણસને એમ તમે પૂછો કે ટેન્શન ફ્રી છો? ના.

હમણાં બે દિવસ પહેલા એક ભાઈ ઘરે આવી ચડ્યા. સાધનસંપન્ન માણસ હોય એટલે બુદ્ધિવાળો હોય અને સાધનસંપન્ન હોય એટલે લોકો એમ માનતા હોય કે સુખી થયા છે. (એમને) પૂછ્યું, ટેન્શન (રહે છે)? ટેન્શન વગર તો છે જ નહિ, જીવન જ નથી ટેન્શન વગર એવું લાગે. વાત તો એમ ચાલી હતી (મને કીધું) કે તમે કેમ આ લાઈન વહેલી પકડી લીધી? બધા તો સીતેર વર્ષે, પાસંઠ વર્ષે માંડ નિવૃત પરાણે પરાણે થાતાં હોય. સીતેર વર્ષે ન થાય, પંચોતેર વર્ષે ન થતા હોય એવા પણ એના ઘરમાં હોય. મૂકી દીધું. એવું શું છે આમાં? કે એમાં એવું એક તો આ છે કે ટેન્શન વગર જીવાય છે. મેં કીધું, તમે ટેન્શનમાં છો કે નહિ? હા, ટેન્શન તો છે ભાઈસા'બ. ઈ તો ના પાડે તો સમજીએ કે આ ખોટું બોલે છે. બાકી તો સમજી તો જઈએ જ. ટેન્શન તો છે ભાઈસા'બ. એક તો પ્રોબ્લેમ મોટો ઈ છે કે જગતમાં એની કોઈ દવા નથી. હોય તો દેખાડો અને હોય તો તમે લીધા વગર રહો નહિ.

બીજું, કે જન્મ-મરણનો એથી મોટો પ્રોબ્લેમ છે એ આમાં સોલ્વ થાય છે. અને કલ્પનાય નહિ આવે કે આવું થઈ શકે. આટલી બધી પોસીબીલીટી છે. જીવ જન્મ-મરણનો નાશ કરી શકે છે. આ એવી કિંમતી લાઈન છે. એમને એમ નથી મળતી. પાછળ કાંઈક કિંમત છે. અને અત્યારના જૈન સંપ્રદાય જોઈને કોઈ માનવા તૈયાર થાય એવું નથી. કેમકે અત્યારના સંપ્રદાયના જૈનો લૌકિક માણસો કરતાં કાંઈ સારા હોય એવું કાંઈ છે નહિ. જે બીજા લૌકિકજનોનું સ્તર છે એવું જ જૈનોનું સ્તર છે. કોમન સ્તર ઉપર જીવે છે. એટલે આવું મોટું એચીવમેન્ચટ અને આટલી મોટી ઉપલબ્ધિ જૈન દર્શનમાં છે ઈ જૈનોને ખબર નથી તો પારકાને ક્યાંથી ખબર હોય? મેં કીધું, તમે અત્યારના જૈનોને જોઈને કાંઈ વિચારજ કરતા નહિ હોં! ઈ કહે, ના-ના ઈ તો તમે ઊંડા ઉતર્યા છો એ તો તમારી છાપ અમસ્તી પણ પ્રસિદ્ધ છે. કોઈ ન સમજતા હોય ને ઈ તો ખબર છે, કે તમે ઊંડા ઉતર્યા છો. ઊંડા ઉતર્યા પછી એની શોધની વાત છે. આ ઊંડા ઉતરીને કરેલી શોધ છે કે આમાં

ટેન્શન ફ્રિ થવાય છે અને જન્મ-મરણથી મુક્ત થવાય છે. અને આની કિંમત કેટલી? કિંમત આંકતા આવડે એ આખી દુનિયાને ગૌણ કરી શકે. એવી જગ્યાએ આવીને બીજી હુંસાતુસીમાં પડી જાય કે રાજનીતિમાં પડી જાય, બીજી માથાકૂટમાં પડી જાય, કાંઠે આવીને ડૂબવા જેવું છે. બધા ટેન્શનમાં છે. ધન વિના નિર્ધન દુઃખી, તૃષ્ણાથી ધનવાન દુઃખી, દુઃખી, દુઃખી ને દુઃખી. બધાય દુઃખી જ છે.

મુમુક્ષુ :- ગોવર્ધન પર્વતની નીચે જ રહેવું.

પૂજ્ય ભાઈશ્રી :- કૃષ્ણ વિચિત્ર કેટલા હતાં. ગોવાળિયા બધાને કહે લાકડીનો ટેકો રાખજો હોં! બધા લાકડી અડાડજો. મેં ટચલી આંગળીએ ઉપાડ્યો છે ઈ વાત ન કરી. એમાં કો'ક લાકડીવાળાને એવું થાય કે મારા ટેકાથી જ રહ્યો છે. ઈ મર્યો, ઈ મર્યો. શું કહે છે?

'બુદ્ધિપૂર્વક વિચાર કરીને દઢતા કરે, પણ અંદરથી પલટો ખાવામાં વિશેષ તૈયારી થવી જોઈએ' એ વિશેષ તૈયારી રસ વિના ન થાય અને રસ લાભ દેખાયા વિના ન થાય. આટલું એમાંથી ચાલ્યું આપણે. જીવને લાભ દેખાય તો જ એને રસ આવે, નહિતર એને રસ આવે નહિ. આ પ્રેક્ટિલ વાત છે એ વિષયની. એમાં બીજી આર્ટીફિશીયાલીટી કામ આવે એવું નથી કે પરાણે રસ લાવીએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિશેષ તૈયારી એટલે દઢતાની તૈયારી?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મક્કમતા. શેની મક્કમતા? કે આત્મકલ્યાણની અને સ્વભાવમાં જ સર્વસ્વ છે. આત્મામાં જ સર્વસ્વ છે અને બીજે ક્યાંય મારું કાંઈ નથી. એ જે મક્કમતા છે એમાં મૂલ્યાંકન એ પાયાની ચીજ છે. એ મૂલ્યાંકન થાય એટલે રસ આવે, રસ આવે એટલે અંદરથી પલટો ખાવાની વિશેષ તૈયારી થાય અને પરિણતિ ઊભી થાય. પછી પરિણતિ થઈ જાય.

'બુદ્ધિમાં દઢતા આવે, પણ પરિણતિ જ્યાં સુધી પલટો ખાતી નથી ત્યાં સુધી કચાશ છે.' આ બહેનશ્રીની ખાસ પદ્ધતિ હતી. બોલતા હતા હળવેક દઈને એટલે કોઈને એમ લાગે કે આમાં વજન ક્યાં છે ઈ ખબર ન પડે. એ તો વિચક્ષણ થઈને ગોતવું પડે એમની વાતમાં. એવું હળવેકથી બોલે. પરિણતિ થઈ જવી જોઈએ. પરિણતિ થઈ જવી જોઈએ એનાં ઉપર વજન છે, ઈ બીજાને ખ્યાલ ન આવે, જો ધ્યાન ન હોય તો. માર્ક કરેલી વાત છે. પરિણતિ થઈ જવી જોઈએ. વાત એ ઘણી વાર કરતા હતા. અને એ આવી છે, ડાયરીમાંથી આવી પણ છે. જ્યાં સુધી પરિણતિ પલટો ખાતી નથી ત્યાં સુધી ભલે વાંચે, સાંભળે, વિચાર કરે, ચર્ચા કરે, પ્રશ્ન પૂછે પણ કચાશ છે એ વાત નક્કી છે. આ માપદંડ છે.

જ્ઞાનીઓનું આ માપદંડ છે કે એની પરિણતિ થઈ છે કે નથી થઈ? આટલા વખતથી આવે છે, આટલા વખતથી સાંભળે છે, પરિણતિ થઈ છે કે નથી થઈ? એ જોઈ લ્યે છે. પરિણતિ નથી થઈ (તો) કાચો છે. ગમે એટલો સ્વાધ્યાય કરતો હોય, ગમે એટલી ધાર્મિક પ્રવૃતિ કરતો હોય, છે કાચો. અહીંથી જોઈ લ્યે છે. કેમકે પરિણતિ રસથી ઊભી થાય છે, રસ મૂલ્યાંકનથી આવે છે. આણે હજી મૂલ્યાંકન કર્યું નથી.

મુમુક્ષુ :- કૃપાળુદેવ (એમ કહે છે), માંહેથી ફરવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, માંહેથી ફરવો જોઈએ ઈ વાત આ છે. મૂલ્યાંકન થયા વગર માંહેથી ફરે નહિ. ગણિત તો સાદું છે. કેટલું સાદું છે? કે અનંતકાળના દુઃખો ભોગવવા ન પડે કોઈપણ પ્રકારના ચારેય ગતિનાં અને અનંત કાળનું અનંતસુખ મળે. દુઃખ જાય અને સુખ થાય. મોટું નુકસાન ન થાય અને નફો અનંતો થાય. અનંતા નુકસાનથી બચે અને અનંતો નફો થાય. આવું સાવ સાદું ગણિત હોવા છતાં દર્શનમોહ જીવને એનું સાચું મૂલ્યાંકન કરવા દેતો નથી. એટલે એમ કીધું કે બુદ્ધિપૂર્વક તો નિર્ણય કરે, બુદ્ધિમાં તો દઢતા આવે. બુદ્ધિવાળો હોય એટલે મારું પાક્કું છે, મારું પાક્કું છે (એમ માને). પરિણતિ નથી ત્યાં સુધી તારું પાક્કું નથી. એની પાસે એનો થર્મોમીટર છે. જોઈ લ્યે છે, એની પરિણતિ થઈ છે કે નથી થઈ? પરિણતિ નથી થઈ ત્યાં સુધી ગમે ઈ કરે નહિ, સમર્પણ કરે ગમે એટલું, તન-મન-ધનથી સમર્પણ કરે. પરિણતિ થઈ છે કે નહિ ઈ જોવે છે. માપ એ છે. ત્યાં સુધી એની કચાશ છે એમ જોવે છે. આ પાકો થયો નથી. કાચો ગણે, આ નહિ રહે, ગમે ત્યારે ગારો થઈ જશે. થોડીવાર પાણી રહ્યું એટલે હોંશ લાવવાની જરૂર નથી.

મુમુક્ષુ :- ઊલટી પરિણતિ ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચાલુ જ છે. પરિણતિ ક્યારે થાય? કે ઊલટી તૂટે ત્યારે થાય. ઊલટી તો ચાલુ છે. પરિણતિ વિનાનો કોઈ જીવ નથી પાછો. ઊલટી ચાલુ છે. સૂલટી થાય એને જ્ઞાની કહે પાકો થઈ ગયો. આનો હવે વાંધો નથી. વહેલું મોડું આ કામ કરશે. ... આમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અમલીકરણમેં આને કી ખુશી હો જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- અમલીકરણ તો ઉત્સાહ કે કારણસે હોતા હૈ, યહાં જો બાત ચલતી હૈ, થોડા પોઈન્ટ પકડના હૈ કિ પરિણતિ હો જાની ચાહિયે. વો બાત ચલતી હૈ.

આ ધ્યાન ખેંચે એવી વાત છે. આપણને દરેકને આટલા વર્ષ થયા. બરાબર? કોઈ નવા મુમુક્ષુ આજકાલના તો કોક જ છે. આજે તો કોઈને વર્ષ થયું, ને બે

વર્ષ થયું, કોઈને પાંચ વર્ષ, કોઈકને સાત વર્ષ, કોઈકને ઈથી વધારે (થયા). પરિણતિ નથી થઈ એનું શું? ત્યાં સુધી કાચું છે. આંક નીકળશે ત્યાંથી. આ વિષયનું મુમુક્ષુની ભૂમિકાનું તલસ્પર્શી જ્ઞાન છે. તળિયું બતાવ્યું છે.

મુમુક્ષુ :- આમ તો ભાઈશ્રી! દરેક ભૂમિકાની પરિણતિ થઈ જાય છે ને? જ્યારથી શરૂઆત કરે...

પૂજ્ય ભાઈશ્રી :- દરેક ભૂમિકાની પરિણતિ થઈ જાય છે. પણ પહેલેથી પરિણતિ થઈ જવી જોઈએ. મૂલ્યાંકન પહેલું આવે. મૂલ્યાંકન આવે, એનો રસ ઉપજે, વારંવાર એનો ઉપયોગ જાય ને એમાંથી એની પરિણતિ થઈ જાય. ભલે ભૂમિકા અનુસાર પણ પરિણતિ થઈ જવી જોઈએ. એમ છે.

મુમુક્ષુ :- ભાવભાસન વિના પરિણતિ થાતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પરિણતિ તો સ્વરૂપની પરિણતિ થઈ જાય છે. પણ એની પહેલાં પણ ઊપડે છે, રસ આવે છે. અંદરથી જ્યાં ઊપડે છે એને પરિણતિ થઈ જાય છે. આત્મકલ્યાણ કરવાની પરિણતિ થઈ જાય છે. હવે બીજું કાંઈ નહિ, પણ આત્મકલ્યાણ કરી લેવું છે એની પરિણતિ થઈ જાય છે.

મુમુક્ષુ :- સંસારથી છૂટવું છે એ પરિણતિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણતિ થઈ જાય છે. પછી ઈ એને માટે જ પ્રયાસ કરે છે. આ વેદના પણ તીવ્ર આવે છે એ પરિણતિ ઊભી કરે છે. પછી લક્ષમાં પરિણતિ થાય છે. ... જ્યાં સુધી પરિણતિ પલટો ખાતી નથી, જૂની પરિણતિ બદલાતી નથી, એ સંસાર પરિણતિ છે. જ્ઞાનીઓએ પોતપોતાની ભાષામાં મૌલિક વચનોમાં, મૌલિક એટલે વિશેષતાવાળા, પોતપોતાની વિશેષતાવાળા વચનોને મૌલિકતા કહે છે. સાહિત્યની ભાષામાં મૌલિક શબ્દ વપરાય છે એને. આ વાત કરી છે.

કૃપાળુદેવે ૫૬૯માં આ વાત કરી છે અંતરભેદ થવાની. તથારૂપ યોગ પામીને એક ક્ષણ પણ અંતરભેદ જાગ્રતિ થઈ જાય, અહીંયાં કીધું કે, અંતરથી પલટો ખાય, અંતરભેદ જાગ્રતિ થાય તો મોક્ષ વિશેષ દૂર નથી પછી એને. કેમકે એવી સરસ અને સુંદર લાઈન છે કે થોડા કાળમાં ઘણું કામ થઈ જાય છે. અજ્ઞાનમાં અનંતો કાળ કાઢ્યો એવો જ્ઞાનમાં અનંતો કાળ કાઢવો પડે એવું નથી. કાળ સમય થોડો અને નફાનો ઢગલો થઈ જાય. પંડ રળે તો પેટ ભરાય, ધન રળે તો ઢગલાં થાય એમ કહે છે ને? આ અંદરની સંપત્તિ કમાય છે પછી. આત્મગુણની સંપત્તિ કમાય. પરાણે પરાણે મહેનત કરે એમાં પરસેવો ઉતરે પણ કાંઈ થાય નહિ, પરિણતિ ન પલટે ત્યાં સુધી કાંઈ થાય નહિ.

'પરિણતિ પરના એકત્વ તરફ ઢળી રહી છે, તે પોતાની કચાશ છે.' કચાશની વાત કરી. પરિણતિ પરના એકત્વ તરફ ઢળી રહી છે, પરનું એકત્વ છૂટું પડતું નથી એ પોતાની કચાશ છે. પછી ભૂમિકાની પરિણતિ થઈ, હવે એકત્વ તોડવાની વાત આવી. ક્યાં સુધી લેવું છે? હવે એકત્વ તોડવાની વાત આવી. વિકલ્પ થયો એની સાથે એકત્વ, વિકલ્પ થયો એની સાથે એકત્વ થઈ જાય છે. જે ઓલી પરિણતિ થઈ છે મુમુક્ષુની ભૂમિકાની, હવે એકત્વની જે પરિણતિ છે, ઈ પરિણતિ થઈ ગઈ છે. આ છેલ્લે એકત્વની પરિણતિ તૂટે એટલે જ્ઞાનદશા આવે અને એ સ્વાનુભવમાં તૂટે છે. સ્વાનુભવ ન થાય ત્યાં સુધી એકત્વની પરિણતિ તૂટતી નથી. નિશ્ચયનયનો પક્ષ આવે તોપણ. ભાવભાસન થાય તોપણ એકત્વની પરિણતિ નથી તૂટતી. પરિણતિના મૂળ કેટલા ઊંડા છે! ભાવભાસન થઈ ગયું, સ્વરૂપલક્ષ અને સ્વરૂપનો પક્ષ બેય થયો. નિર્વિકલ્પ અનુભવ ન આવે ત્યાં સુધી એકત્વબુદ્ધિ છે. એને પક્ષમાં નાખ્યો. કુંદકુંદાચાર્યદેવ અને અમૃતચંદ્રાચાર્યદેવે એને પક્ષમાં નાખ્યો કે હજી પક્ષમાં ઊભો છે. પક્ષાતિક્રાંત થા તું. હજી મારી દૃષ્ટિએ કાચો છો એમ કહે છે. ભાવભાસનવાળાને શું કીધું? મારી દૃષ્ટિએ હજી કાચો છો. એવી વાત છે. ક્યાંય અટકવા દ્યે એમ નથી. શ્રીગુરુ ક્યાંય અટકવા દે નહિ. પછી નહિ અટકે. પછી તો દ્રવ્યદૃષ્ટિ થઈ ગઈ એટલે પર્યાયમાં અટકવાનું સ્થાન ખલાસ થઈ ગયું. એ પહેલાં પર્યાયમાં અટક્યો છે હજી. ભાવભાસન થયું તોપણ પર્યાયમાં અટક્યો છે એમ કહે છે એકત્વ છે ને? એ અટક્યો છે. ભલે એ પક્ષમાં દક્ષ છે, એ અટક્યા વિના આગળ નીકળી જશે પણ ઈ તો જ્ઞાન કરાવ્યું છે. ત્યાં સુધી આવ્યો હોય એને ઈ જોવાનું નથી. એને તો એકત્વ તૂટવું જ જોઈએ. બીજું કાંઈ નહિ. એકત્વ તૂટ્યું (કે) ભવની અનંતતા ખલાસ.

મુમુક્ષુ :- હજી અનુભવ ક્યાં થયો છે?

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ નથી થયો ત્યાં સુધી ભવની અનંતતાનું બીજ બળ્યું નથી. ઓલું અનંત ભવનું બીજ બળી જાય. એને અનંત ભવ રહે જ નહિ પછી. અનુભવ થયો એને અનંત ભવ ન રહે.

'પરિણતિ પરના એકત્વ તરફ ઢળી રહી છે, તે પોતાની કચાશ છે. બુદ્ધિમાં નિર્ણય કરે કે મહિમાવંત જ્ઞાયક આત્મા છે, સુખ પણ આમાં છે, બહારમાં સુખ નથી.-આમ નિર્ણય સુધી પોતે આવે છે, પણ પરિણતિ પલટો ખાતી નથી, તે કચાશ છે.' આ ત્રીજી વાર લીધું. સ્વાધ્યાય કરે છે, સ્વાધ્યાય કરે છે એટલે બુદ્ધિમાં તો નિર્ણય કરે છે કે આત્મા અનંત ગુણનો ભંડાર છે એટલે મહિમાવંત તો છે

જ. મહિમાવંત છે તો તને મહિમા આવતો નથી શું કરવા? ઈ કહે. બુદ્ધિમાં નક્કી કર્યું કે આત્મા અનંત મહિમાવંત છે અને પરિણમનમાં? તો પ્રગટ કરવો છે. ઈ વાત ક્યાંથી આવી તો પછી? મહિમાવંત છે એમ જાણ્યા પછી મહિમા પ્રગટ કરવો છે ઈ વાત કેમ બાકી રહે? તો મહિમાવંત જાણ્યો કેવી રીતે તેં એને? મહિમાવંતમાં શું જાણ્યું? નાના છોકરાએ એકડો ને બે મીંડાં, સોની નોટનો વાંચ્યા એના જેવું થયું ઈ તો. સો ની નોટની કિંમત આવી નથી. એમ અનંત ગુણથી સમૃદ્ધ છે પણ મહિમા ન આવી (તો) એ વાત તને સમજાણી નથી.

'**બુદ્ધિમાં નિર્ણય કરે કે મહિમાવંત જ્ઞાયક આત્મા છે, સુખ પણ આમાં છે, બહારમાં સુખ નથી.**' આ બધા નિર્ણય કરે. અનંત સુખ આત્મામાં ભર્યું છે, અનંત જ્ઞાન આત્મામાં ભર્યું છે, બહારમાં સુખ નથી, કાંઈ નથી. '**આમ નિર્ણય સુધી પોતે આવે છે, પણ પરિણતિ પલટો ખાતી નથી,...**' ક્યાં એનું માપદંડ છે? પરિણતિ ઉપર છે. પરિણતિ કેમ પલટો ખાતી નથી? માટે કચાશ છે. બહુ ચોખ્ખું કર્યું છે. '**વારંવાર જ્ઞાયકની તરફ પરિણતિ રહ્યા કરે તો પલટો ખાય,...**' પરિણતિ ચાલુ થઈ જાય. આમ તો ભાવભાસનથી પરિણતિ થઈ જાય છે એટલે એ તો થાય જ છે. પણ એકત્વ તૂટવું જોઈએ. ભલે પરિણતિ થઈ તોપણ એકત્વ તૂટવું જોઈએ. એટલી પુરુષાર્થની કચાશ છે હજી. પુરુષાર્થનું એટલું પરાક્રમ જોઈએ કે એકત્વને તોડી નાંખે.

'**વારંવાર જ્ઞાયકની તરફ પરિણતિ રહ્યા કરે તો પલટો ખાય, પરંતુ જ્ઞાયક તરફ પરિણતિ ટકે ક્યારે? કે પોતા તરફ રહેવાની જરૂરિયાત લાગે તો જ્ઞાયક તરફ પરિણતિ ટકે.**' જરૂરત વગર પુરુષાર્થ નથી. જરૂરતમાંથી રુચિ અને રુચિમાંથી પુરુષાર્થ (જાગે છે). જીવનો સ્વભાવ છે. જરૂર વિના જરાય મહેનત કરે નહિ. સૂતો હોય તો બેઠો થાય નહિ, બેઠો હોય તો ચાલવા માટે ઊભો થાય નહિ. અને જરૂર લાગે તો દોડમદોડ કરે. એમ છે. આમ તો પ્રયોજનની પક્કડ આઠ વર્ષે આવે, પછી આવે. અત્યારે તો નાના બાળકોમાં પણ પ્રયોજનની પક્કડ હોય એવું લાગે! બે-ત્રણ વર્ષની ઉંમરથી એને જરૂરત હોય ઈ એને ભૂલવાડવા માંગો તો ભૂલે નહિ. ફટાકડા જોઈએ છે. (આપણે કહીએ) કે તું દાઝી જા. તો કહે, નહિ, મારે ફટાકડા જોઈએ છીએ. એને સમજાવે તોપણ કહે, મારે ફટાકડા જોઈએ છે. બીજે રસ્તે ચડાવે તો વળી પાછો ત્યાં આવે. ભૂલવાડવા માટે એને બીજું રમકડું આપે, એને બીજું કાંઈક આપે. વળી કહે મારે ફટાકડા જોઈએ છે. આવી પક્કડ કરે છે. નાનું બાળક મોટા થયા પછી પક્કડ ન કરે એને શું કહેવું? બે-ત્રણ વર્ષનું બાળક આવી પક્કડ કરી શકતું હોય

અને પાકટ ઉંમરે પક્કડ ન કરતો હોય પોતાના પ્રયોજનની, કેવી વાત ગણવી!

'જરૂરિયાત લાગે તો જ્ઞાયક તરફ પરિણતિ ટકે.' જરૂરિયાત લાગે એટલે અહીંયાં સામાન્ય જરૂરિયાતની વાત નથી. (એના વિના) ચાલે નહિ. કેવી જરૂરિયાત લાગે? પાણી ન મળે તો ચાલે નહિ. પાણી જ પીવા ન મળે તો કેમ ચાલે? એમ આત્માને શાંતિ ન મળે તો ચાલે નહિ. સોગાનીજીએ કહ્યું ને, કે વિકલ્પમાં ઈતના દુઃખ લગતા થા, મંદ કષાયના વિકલ્પ હતા હોં એમના, વિકલ્પમાં ઈતના દુઃખ લગતા થા કિ યા તો વિકલ્પ ફટ જાયેંગે, યા તો દેહ છૂટ જાયેગા. જીવી નહિ શકું. પછી પરિણતિ પલ્ટી. અનુભવ પછી થયો. આટલી ચોખવટ કર્યા પછી શું કહે છે?

'ગુરુદેવે બધાને ગ્રહણ થાય તેવું ચોખ્ખું કરી દીધું છે,...' ઠીક! ક્યાં નાખ્યું? ગુરુના ખાતે ચડાવ્યું. એ જેટલું અંદરથી પોતે કાઢે છે એને ખાતે ચડાવે છે ગુરુદેવના. સાચું હશે કે ખોટું હશે? કેમકે અંદરથી કાઢી ક્યારે શક્યા? ગુરુએ અંદર પહોંચાડ્યા ત્યારે. ... પોતે કાઢે છે પણ અંદર સમજે છે કે આટલું બધું આવ્યું ક્યાંથી? ગુરુ ન મળ્યા હોત તો મને તો કાંઈ ખબર પડતી નથી. આત્મા બોલતા નહોતું આવડતું. અત્યારે નવો ઉપયોગ થાય ઈ તો પોતામાંથી ડાયરેક્ટ નીકળે છે. પણ એમને ખ્યાલ આવે છે કે અંદરથી નવું નવું આવે છે, અપૂર્વ આવે છે ઈ ગુરુદેવની કૃપા થઈ ત્યારે આવે છે. પોતાને ભાનમાં છે. સામાન્ય રીતે જ્ઞાની થાય તોપણ, મુનિ થાય તોપણ ગુરુના ઉપકારને કોઈ ભૂલતા નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- બહેનશ્રી તો યે બોલતે થે કિ આત્મા શબ્દ બોલનેકો સીખે વો ગુરુદેવ મિલનેકે બાદ સીખે. ઈસકે પહલે તો આત્મા કહાં બોલનેકો આતા થા. ગહરાઈમેં જાનેકી તો બાત પીછે હૈ, આત્મા શબ્દ બોલનેકો ઈનસે સીખે હૈં હમ તો. હમ તો બિલકુલ ઝીરો થે ઝીરો. ઐસા લેતે હૈં. એક શબ્દ ભી સીખે તો ... એક સંસ્કૃતમાં વાક્ય છે. કૃતમ ઉપકારમ્ સજ્જનો ન વિસ્મરયંતિ. એવું સંસ્કૃત ... છે. સંસ્કૃતમાં એ બોલાય છે. ... કરેલાં ઉપકારને સજ્જન લોકો કોઈ દિ' ભૂલતા નથી.

'ગુરુદેવે બધાને ગ્રહણ થાય તેવું ચોખ્ખું કરી દીધું છે, આખો માર્ગ ચોખ્ખો કરીને બતાવી દીધો છે.' મોક્ષનો આખો એટલે અખંડ મોક્ષમાર્ગ જેમના વચનોમાં પ્રસિદ્ધ થયો અને પોતે ગ્રહણ કર્યો. એટલે એમને કાંઈ પૂછવા જાવું પડે એવું નથી કે જ્ઞાની છે કે નથી? અખંડ મોક્ષમાર્ગ એમનાં વચનમાં પોતે જોયો અને ગ્રહણ કરી લીધો. એટલે ગુરુદેવની ભૂલ છે ઈ બોલાય જ નહિ એમ કહેતાં. ઈ ચર્ચા

નીકળી (એટલે કહ્યું), એ વાત જ બોલાય નહિ.

મુમુક્ષુ :- વિકલ્પ પણ ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વપ્ને પણ નહિ. સપનામાં પણ વિકલ્પ નહિ. તું એકેન્દ્રિયમાં વયો જાઈશ. કેમ? કે જીભ છે એ બીજી ઈન્દ્રિય છે. એક ઈન્દ્રિય સ્પર્શ ઈન્દ્રિય છે, બીજી ઈન્દ્રિય જીભ છે. જીભ છે ત્યારે એમ બોલે છો ને, ગુરુદેવની ભૂલ છે. વઈ જશે. એટલે ક્યાં જઈશ? એકેન્દ્રિયમાં. એવી વાત છે. જેણે અંદરમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ એવો આત્મા ખોજ કરી, શોધ કરી, અનુભવ કરી અને બહાર મૂકીને બતાવ્યો અને આમાં ભૂલનો પ્રશ્ન ઊભો ક્યાં થાય?

મુમુક્ષુ :- એક પણ વિપર્યાસ નથી રહેવા દીધો.

પૂજ્ય ભાઈશ્રી :- એક પણ વિપર્યાસ ન રહે ત્યારે તો આત્મજ્ઞાન થાય. જેણે એક પણ વિપર્યાસ નથી રહેવા દીધો એની ભૂલ થઈ? બને કેવી રીતે? તું ભૂલો પડી ગયો. અને કોઈ ક્ષયોપશમની વાત હોય તો એ કાંઇ છળ પકડાય નહિ. એ તો કીધુંને પાંચમી ગાથામાં કે અનુભવથી પ્રમાણ કરજે. છલં ન ઘેતવમ્. કાંઈ ભૂલ દેખાય તો ઈ છળ પકડીશ નહિ તું. છળ એટલે શું? નાની વાતને મોટી કરે એનું નામ છળ. સ્થાનકવાસી લોકોએ શું કર્યું? કે મંદિર બનાવવામાં હિંસા થાય છે એટલે મંદિર નહિ બનાવવું. ઉપાશ્રય બનાવતી વખતે એ વાત ન લ્યે. ભગવાનનું મંદિર બનાવે તો કહે નહિ, હિંસા થાય, આરંભ સમારંભ થાય. હિંસા થાય છે એ વાત સાચી પણ ઈ વાત નાની છે. મંદિરના શુભ પાછળ હિંસાનું અશુભ થોડું છે. ઈ મોટું કરે એનું નામ છળ પકડ્યો કહેવાય. એને શું કહેવાય? છળ પકડ્યો કહેવાય. નાની વાતને મોટી કરે અને મોટી વાતને ગૌણ કરે એનું નામ છળ.

એમ અનુભવ કર્યો એ બહુ મોટી વાત છે. કૃપાળુદેવની બાબતમા પણ ચર્ચા કરે છે ને? હમણા બેને સવારે ચર્ચા કાઢી હતી. મને આમ સમાધાન નથી થતું. એક વાત ગાંઠ મારી દેવાની કે જ્ઞાનીની ભૂલ હોય જ નહિ. ગુરુદેવ કાંઈક આવું બોલ્યા હતા. એ ગુરુદેવ ગુરુદેવનું જાણે. મહાજ્ઞાની છે. આપણી ચાંચ એમાં ન બૂડે. આપણા માટે એક વાત નક્કી છે કે જ્ઞાનીની ભૂલ છે એ વાત આપણે ભૂલી જવાનું છે. એવું છે. બહુ બુદ્ધિ હોય ને એ ડોકિયા કરે. મને સમાધાન થતું નથી, મને સમાધાન થતું નથી. તો માર તારી બુદ્ધિને થપ્પડ બે ઉપાડીને કે બેસ છાની-માની. તારી અવળચંડાઈ છે. હવે ફરીને અવળચંડાઈ કરીશને તો આવી બન્યું સમજ તું. એમ કહેવું પડે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ૧૩૩મો પ્રશ્ન.

પૂજ્ય ભાઈશ્રી :- લીધું હશે, બહેનશ્રીએ લીધું હશે. કારણ કે બધા પ્રકાર તો એમની હાજરીમાં પણ ભજ્યા છેને.

'પ્રશ્ન :- જ્ઞાની ગમે તેવાં વચનો મુમુક્ષુને કહે તો તેમાં શંકા કે અન્ય વિચાર ન આવવા જોઈએ એ બરાબર છે?'

'સમાધાન :- જેને આત્માર્થતા હોય કે મારે મુક્તિ જ જોઈએ છે તે બીજી કોઈ કલ્પનામાં પડતો નથી.' મારે મારું આત્મકલ્યાણ કરવું છે અને ઈ વાત એમની પાસે છે. મારે બીજી માથાકૂટમાં ઊતરવું નથી. **'મારે તો મારા આત્માનું કામ છે. સાચો માર્ગ જે જ્ઞાનીએ બતાવ્યો તે, ગમે તે કહે, મારે પ્રમાણ છે,...'** દિવસે એમ કહે, કે રાત છે. મને મંજૂર છે. સૂરજ ઊગ્યો હોય તો કહે કે અંધારી રાત છે. મારે પ્રમાણ છે. એવું આવવું જોઈએ. **'પોતાના આત્માનું કલ્યાણ કરવા બધી રીતે જ્ઞાનીને અર્પણતા કરવી અને વર્તન કરવું. આવી મુમુક્ષુની પરિણતિ હોય છે.'** ત્યાં પરિણતિ નાખી પાછી. આમ પરિણતિ થઈ જવી જોઈએ. એ ભૂમિકાની પરિણતિ થઈ જવી જોઈએ. નહિતર કાંઈક થાશે ને તું અંદરથી હલી જઈશ, કાંઈક થાશે ને તું અંદરથી હલી જઈશ.

મુમુક્ષુ :- કૃપાળુદેવે લીધું છેને, એક સત્પુરુષને શોધ અને તેના ગમે તેવા વચનમાં.... એ રીતે લીધું છેને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે. એ તો બધાની મૌલિક શૈલી છે કહેવાની. બધાની કહેવાની પોતપોતાની વિશિષ્ટ શૈલી છે, મૌલિક શૈલી છે. વાત બધાયની એક જ આવે છે.

મુમુક્ષુ :- અર્પણતાની વાત લીધી પાછી. પ્રશ્ન આ લીધો છે અને વાત અર્પણતાની લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અર્પણતાની લીધી છે. અર્પણતા હોય ને, તો જ શંકા ન પડે. જો અર્પણતા ન હોય,... બધી રીતે એટલે સર્વસ્વપણે, સર્વસ્વ બુદ્ધિએ, સર્વાર્પણબુદ્ધિએ અર્પણતા હોય પછી શંકા ન પડે, નહિતર શંકા પડયા વિના રહે નહિ. (અહીં સુધી રાખીએ).

પ્રશ્ન-૯૧

પ્રશ્ન :- ''તત્પ્રતિ પ્રીતિચિત્તેન યેન વાર્તાપિ હિ શ્રુતા'' આમાં શું કહેવું છે?

સમાધાન :- રુચિપૂર્વક વાતો સાંભળે છે તે 'ભાવિ નિર્વાણ ભાજનમ્'. આ વાત અંતરથી રુચિપૂર્વક સાંભળે છે તેની પરિણતિ પલટો ખાધા વગર રહેવાની જ નથી અને તે 'ભાવિ'-ભવિષ્યમાં નિર્વાણનું ભાજન થાય છે. પોતે પુરુષાર્થ કરીને પલટો ખાવાનો છે. જે જિજ્ઞાસુ હોય તેને એમ આવે છે કે મારી પરિણતિ કેવી રીતે પલટો ખાય, એમ તેને પોતાને પુરુષાર્થ કરવાની ભાવના રહે છે. ૯૧.

તા. ૧૮-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૯૧
પ્રવચન નં. ૫૯

સ્વાનુભૂતિદર્શન. પાનું-૭૫. ૯૧મો પ્રશ્ન છે. '**પ્રશ્ન :- ''તત્પ્રતિ પ્રીતિચિત્તેન યેન વાર્તાપિ હિ શ્રુતા'' આમાં શું કહેવું છે?**' પદ્મનંદીઆચાર્યદેવનું વચન છે. જે જીવ પ્રીતિથી, રુચિથી તત્ત્વની વાત સાંભળે છે તે ભવિષ્યમાં નિર્વાણપદનો અધિકારી છે. જે નિર્વાણપદ થવાનું છે તેનો, ભવિષ્યમાં જે નિર્વાણપદ થવાનું છે તેનો વર્તમાનમાં અધિકારી થાય છે. અધિકારીનો અર્થ પાત્રતા. એમાં શું કહેવું છે? એમ કે આ જ વચનને સામાન્યપણે લઈએ એટલે લાઈટલી કોઈ લઈ લ્યે કે આપણને તત્ત્વ પ્રત્યે તો પ્રીતિ છે જ. તેથી રોજ સાંભળીએ છીએ. તો નિર્વાણપદના પાત્ર થયા કે નહિ? ભાજન-ભાજન શબ્દ વાપર્યો છે એમણે. ભાવિ નિર્વાણ ભાજનં. ભવિષ્યના નિર્વાણનું ભાજન એટલે વર્તમાન પાત્ર થાય છે. એમ કોઈ હળવેથી પણ લઈ લ્યે. હળવેથી લઈ લે તો બફમમાં રહી જાય.

મુમુક્ષુ :- પૂરે પૂરા સુનના ચાહિયે ભલે હી અપને ભૂમિકા કા નહીં હો, આગે કા હો લેકિન ઉસે પ્રેમ સે રુચિપૂર્વક સુનના ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રેમસે રુચિપૂર્વક સુનના તો ચાહિયે વહ બાત નહીં હૈ, ભૂમિકા, બિના ભૂમિકાકી. બાત તો ઉતના હી આચાર્યદેવને બતાયા હૈ કિ જો આત્મતત્ત્વકી બાત, આત્મસ્વરૂપકી વાર્તા જો રુચિસે સુનતા હૈ વહ વર્તમાનમેં પાત્ર હો ગયા. કિસ બાતકા પાત્ર હો ગયા? કિ ભાવિમેં નિર્વાણ હોનેકા વહ પાત્ર હો ગયા. ઉતના શ્લોકકા શબ્દાર્થ હૈ. યહાં પૂછનેવાલેને યહ પૂછા હૈ કિ આચાર્યશ્રી ઈસમેં ક્યા કહના ચાહતે હૈં? ક્યા હમ વહ બાત હમારે લિયે લે લે? કિ હમ ભી રુચિ સે સુનતે હૈં. જૈસે અભી સ્વાધ્યાય કા ટાઈમ સાત બજેકા હો ગયા. જલ્દી ઉઠના, ઠંડમેં ભી તૈયાર હોના. અમારે રુચિ છે તો આવું બધું અમે કરીએ છીએને? તો અમે નિર્વાણપદના પાત્ર થયા કે ન થયા? અથવા થઈ ગયા એમ માની લઈએ તો વાંધો શું?

પ્રશ્ન તો એ છે કે આચાર્યશ્રી આમાં પ્રીતિ એટલે કેવા પરિણામ કહેવા માંગે છે? એમ. આચાર્યશ્રી પ્રીતિ એટલે કેવા પરિણામ કહેવા માંગે છે? જેથી અમે એ પરિણામને સમજી શકીએ. પ્રશ્ન તો ઊભો કરેલો છે. ક્યાંક ક્યાંક પ્રશ્ન થયા હશે, પણ ચર્ચાને પ્રશ્ન-ઉત્તરના રૂપમાં ગોઠવી છે. જે ચર્ચા ચાલી છે એને પ્રશ્નોત્તરના રૂપમાં ગોઠવી છે.

'સમાધાન :- રુચિપૂર્વક વાતો સાંભળે છે તે 'ભાવિ નિર્વાણ ભાજનમ્.' આ વાત અંતરથી રુચિપૂર્વક સાંભળે છે તેની પરિણતિ પલટો ખાધા વગર રહેવાની જ નથી...' કેવી રુચિ લીધી છે? અંતર પરિણતિ પલટો ખાય એવી રુચિ. અને બહેનશ્રીએ એનો આંક બાંધીને આપ્યો. તમે કહો કે ભાઈ અમને રુચિ છે, આ કહે અમને રુચિ છે. બધા પોતપોતાને રુચિ છે એમ માનીને આવે છે અને એમ માનતા પણ હોય. એ રુચિને આમાં ગણવી કે ન ગણવી? તો કહે છે, તારી પરિણતિ પલટો ખાય તો ગણવી. પરિણતિ પલટો ન ખાય તો એ ગણવાની ભૂલ કરતો નહિ. વાતને ખીલે તો બાંધવી પડે કે નહિ? નહિતર બધા એમ લઈ લ્યે જનરલ કે અમને રુચિ છે ત્યારે તો રોજ અહીંયાં આવીએ છીએ. અમથી ક્યાં અમને ક્યાં કાંઈ કરવાની ફુરસદ છે. અમે કાંઈ એવા નવરા નથી કે ગમે ત્યાં જઈને બેસી જઈએ. અમારે તો ઘણા કામ છે અથવા અમારો ટાઈમ કિંમતી છે. અત્યારમાં કારખાનુ શરૂ કરી દેવાનું હોય, કોઈને નોકરી હોય. અમારે તો આજીવિકાનો આધાર જ એ બધી વસ્તુ છે. એને ગૌણ કરીને આવતા હશું ત્યારે રુચિ હશે ત્યારે આવતા હશું કે નહિ આવતા હોય? કેટલી ગૌણતા કરીને અહીંયાં આવીએ છીએ એ ગણવું કે ન ગણવું? લ્યો આ સવાલ છે. તો કહે છે, નહિ. એ બાજુથી ગણવાનું નથી.

મુમુક્ષુ :- કઈ બાજુથી ગણવાનું છે?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ પલટો ખાય એ બાજુથી ગણવાનું છે એમ કહે છે. ઠીક! ઘણા વર્ષ સુધી ઘણું બધું ગૌણ કરીને તત્ત્વ (સાંભળીએ છીએ). માનો કે ટેમ્પરરી થોડું આઘું-પાછું કરીને આવીએ, પણ ગુરુદેવ પાસે જે રહ્યા સોનગઢ આવીને વસ્યા. એ તો કાંઈ ઘડીકમાં આવ-જા ન કરી શકે કે ભાઈ ચાલો આઠ વાગી ગયા, સ્વાધ્યાય પૂરો થયો એટલે હવે સ્કૂટર મારી મૂકો કારખાને. ત્યાં તો થાય નહિ. સોનગઢ રહેવા આવ્યા હોય. એ તો ત્યાં રહેવા આવ્યા હોય, ઘરવખરી લઈને આવ્યા હોય, ઘર વસાવ્યું હોય, વ્યવસ્થા વિચારી હોય. આખું એસ્ટાબ્લીશમેન્ટ ફેરવીને આવ્યા હોય. ચાલો મુંબઈનું ઘર કાઢી નાખો. ભાવનગરમાં ફ્લેટ લઈ લ્યો. રુચિ ગણવી કે ન ગણવી? એવું કર્યું કોઈએ કે મુંબઈનો ફ્લેટ કાઢી નાખ્યો. અહીંયાં ફ્લેટ લઈ લીધો. ત્યાંથી ગણવાની વાત નથી પહેલા તો. પહેલા તો ત્યાંથી ગણવાની આ વાત છે નહિ. વાત અહીંથી ગણવાની છે કે તારી પરિણતિએ પલટો ખાધો કે નહિ? કેટલા ટાઈમથી આવ્યો એ ગણવાનું નથી અને શું કરીને આવ્યો ઈ પણ ગણવાનું નથી. કેવો સરસ જવાબ આપ્યો છે! નહિતર શું થશે? કે ભાઈ ચાલો સોનગઢ આવી ગયા. સોનગઢમાં ભલે આપણે નાનું ઘર લીધું. પહેલા ત્યાં રહેતા હતા એવી સગવડતાવાળું ન હોય અને ત્યાંના પ્રમાણમાં બધી અગવડ-સગવડ હોય.

મુમુક્ષુ :- આઘું-પાછું હોય તો ચલાવી લેતા હોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એ ચલાવી લેતા હોઈએ. પણ એમાં મને ફાવે એમ બધું ગોઠવું. ત્યાં પણ આ નાના ઘરમાં પણ નાની-મોટી ચીજ મને ફાવે એવી રીતે ગોઠવી અને મારી રીતે રહું તો મને અનુકૂળ રહે. દૃષ્ટિ ક્યાં ગઈ? અનુકૂળતા ઉપર રહી.

મુમુક્ષુ :- વજન બદલાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગમે એમ ચલાવી લેવું છે. અનુકૂળતા, પ્રતિકૂળતા જેવું મારે કાંઈ છે જ નહિ એટલે ગણવાનો પ્રશ્ન રહેતો નથી. મારે મારું કામ કરી લેવું છે. અંદરમાં લાગી કે લાગી. મારે મારું કામ કરી લેવું છે. એક જ વાત છે કે મારે મારું કામ કરી લેવું છે... મારે મારું કામ કરી લેવું છે. જલ્દી-જલ્દી જેમ શીઘ્ર થાય તેમ ત્વરાથી મારે મારું કામ કરી લેવું છે. ત્યાં જ એની દૃષ્ટિ છે. તો તેની પરિણતિ પલટાશે. પરિણતિ પલટાશે તો રુચિ છે એ એનો આંક છે. નહિતર રુચિનો આંક બીજી રીતે મેળ ખાય એવો નથી. બાહ્ય દૃષ્ટિ હોવાને લીધે બાહ્ય દૃષ્ટિ જીવો બહારની ગણતરી કરવા મંડે. અત્યાર સુધીમાં મેં આટલો સમય આપ્યો, આટલું ધન ખર્ચ્યું, આટલી શક્તિ ખર્ચી, આટલા ફેરફારો કર્યા, આટલું ગૌણ કર્યું, આટલું-આટલું મેં કર્યું. તારી બધી રુચિ હજી ત્યાં જ છે.

મુમુક્ષુ :- ગણતરી કરે છે એટલે બીજા માટે કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતા માટે કરતો નથી. એ પારકા માટે કરે છે, પોતા માટે કરતો નથી. મેં મારા છોકરાને આટલા વર્ષ સુધી રોજની આટલી રોટલી ખવરાવી, આટલા વર્ષની કેટલી રોટલી થઈ હશે બોલો? વાત કરવાવાળી બાઈ ઉપર શંકા જાય કે આ એની મા છે કે પારકી છે? શું ગણે? અજાણ્યો માણસ હોય એને શું વિચાર આવે? મા હોય એ કાંઈ આવું ગણે નહિ. સાવકી મા હશે અને કાં કોક કામ કરવાવાળી હશે. કોઈએ ગણી છે પોતાના છોકરાની રોટલી કહી દ્યો? એક માને પૂછીને કહો. કે એક દિ'ની ન ગણાય. આટલા વર્ષની તો ન ગણાય. પણ આજે જે પાંચ રોટલી ખાધી એ પણ ગણે નહિ. ગણે? કે આજે તે ચારવાળી પાંચ ખાધી. રોજ તો તું ચાર ખા છો. આજે તેં પાંચ ખાધી. એક તેં વધારે ખાધી આજ હોં! કોઈ દિવસ ગણે? એ ગણાય જ નહિ. ભૂલ ભૂલમાં ખવડાવી દે. ભૂખ્યો થયો લાગે છે. લાવને એક રોટલી પધરાવી દઉં છાની-માની. એક રોટલી ઓછી ખાય તો એને ચિંતા થાય, પણ વધારે ખાય એનું કાંઈ થાય નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગિનતી કૈસે હોતી હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- અપને આત્માકે પ્રતિ પ્રેમ નહીં હૈ. એ શું બતાવે છે? ત્યાં જેમ ઓલી માનો પ્રેમ નથી, છોકરો પારકો થઈ ગયો અને કાં મા પોતે પારકી થઈ ગઈ. છોકરો પારકો થઈ ગયો એટલે પોતે પારકી થઈ ગઈને? એમ આ જીવને પોતાના આત્મા પ્રત્યે પ્રેમ નથી. જેટલો એને જે સંયોગો ગણ્યા એના ઉપર પ્રેમ છે એટલો પ્રેમ પણ એને પોતાના આત્મા ઉપર નથી.

મુમુક્ષુ :- આત્મા સાવકો થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- સાવકો થઈ ગયો. એમ છે. એટલે અરુચિ છે, પ્રેમ નથી એટલે રુચિ નથી, રુચિ નથી એટલે અરુચિ છે. રુચિ છે એટલે દ્વેષ છે. 'દ્વેષ અરોચક ભાવ.' આનંદઘનજીનું માર્મિક વચન છે. 'દ્વેષ અરચોક ભાવ.' ઊંડેથી વિચાર કરવાનો છે. ઉપર-ઉપરથી લઈ લ્યે કે અમને રુચિ છે. સામે નિર્વાણપદની વાત લીધી છે. કોનો પાત્ર લીધો છે? નિર્વાણપદનો.

મુમુક્ષુ :- મોક્ષની પરિણતિ થઈ હોય...

પૂજ્ય ભાઈશ્રી :- એ પરિણતિને અનુસંધાન મોક્ષ સાથે છે. રુચિ, રુચિના ફળમાં થયેલી પરિણતિ, એનું અનુસંધાન ક્યાં છે? મોક્ષ સાથે છે. ત્રણલોકનો નાથ.

'આ વાત...' એટલે આ આત્મસ્વરૂપની વાત **'અંતરથી રુચિપૂર્વક સાંભળે છે તેની પરિણતિ પલટો ખાધા વગરની રહેવાની જ નથી...'** એ રુચિની સાબિતી થઈ.

મુમુક્ષુ :- બહેનશ્રી બધે ગેરંટી બહુ આપે.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ વાણી છેને, અનુભવ વાણી છે. પોતે વાત કરે છે એ પોતાના અનુભવને જ દર્શાવી રહ્યા છે. જ્ઞાની વાત કરે છે એ પોતાના અનુભવને દર્શાવી રહ્યા છે. પોતાને શું થયું હતું? પોતાની રુચિ પ્રગટી ત્યારે પોતાને શું થયું હતું? કેમકે આ બધી વાતો કાંઈ શાસ્ત્રમાં તો મળે નહિ. આવી બધી વાતો કાંઈ શાસ્ત્રમાં મળે નહિ. શાસ્ત્રમાં તો આચાર્યશ્રી લખે કે તને જો રુચિ થશે અને રુચિપૂર્વક સાંભળીશ તો નિર્વાણનો તું પાત્ર થઈ ગયો. હવે એ રુચિ કેવી? એ વાત પછી ત્યાં ન આવે. એ કાંઈ પદ્મનંદી પંચવિંશતિમાં ન આવે.

મુમુક્ષુ :- એ પરિણમનની વાત થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- એ પરિણમનની વાત સત્સંગમાં મળે. શાસ્ત્રમાં ન મળે, સત્સંગમાં મળે. કૃપાળુદેવે લખ્યું કે શાસ્ત્રમાં નથી, પણ અનુભવમાં આવે એવી જેની વાત છે. જ્ઞાનીની વાણી કેવી છે? એનું આ એક સિમ્પટમ આપ્યું છે, કે શાસ્ત્રમાં નથી, વાંચ્યામાં નથી, સાંભળ્યામાં નથી, પણ અનુભવમાં આવે એવી જેની વાત છે. અનુભવવાણી છેને? અનુભવમાં આવે છે એવી જેની વાત છે એટલે શું? કે જેની પરિણતિ પલટી હોય એ ટેલી કરી લ્યે. રુચિથી મારી પરિણતિ પલટી ગઈ છે, નક્કી આ પુરુષ કહે છે એ અનુભવથી કહે છે. આ પુરુષને એવો અનુભવ છે, મારા અનુભવ સાથે એ સાક્ષી પૂરે છે. એટલે એને ખાત્રી થઈ જાય છે. જ્ઞાનીના અનુભવની એને ખાત્રી થઈ જાય છે. એમ અંદરથી એની પરિણતિ પકડે છે, ઓળખાણ કરે છે. જ્ઞાનીના અનુભવને પકડે છે. પોતાના અનુભવથી જ્ઞાનીના અનુભવને પકડે છે. એટલે જ્ઞાની છે એમ ખબર પડે છે, એમ ઓળખાણ થાય છે.

અને પરિણતિ ન થઈ હોય એ પણ ટેલી કરી શકે. મને હજી આમ નથી થયું. માટે આમના અનુભવ સાથે હજી મારી દશાને મેળ ખાતો નથી. માટે મારે જરાય મારા માટે વધારે પડતું માની લેવાની જરૂર નથી કે મને રુચિ થઈ ગઈ છે, મને રુચિ વર્તે છે એમ માનવાની જરૂર નથી. એમ બેય પડખેથી લઈ શકે. પરિણતિ પલટો ખાઈ હોય તોપણ ટેલી કરે, ન પલટો ખાઈ હોય તોપણ ટેલી કરે. તો એ સંશોધક જીવ છે. મેળવે છે, મેળવણી કરે છે, પોતાના પરિણામો સાથે મેળવણી કરતો જાય છે. એને પુરુષાર્થ કરવાનો અવકાશ રહેશે. નહિતર મને રુચિ થઈ છે એમ માનશે એ ગયો, એ પુરુષાર્થ નહિ કરી શકે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વહ તો ક્યા હૈ ઉસકો અતિપરિણામીપના હો ગયા.

અતિપરિણામીપના હો ગયા. જો ભી તત્ત્વજ્ઞાન કે વિષય મેં સુનનેકા, પઢનેકા, ચર્ચા કરનેકા પ્રવૃત્તિ કરતા હૈ ઉસ પ્રવૃત્તિમેં દમ નહીં હોનેપર ભી વહ માન લેતા હૈ કિ મેરી રુચિ અચ્છી હૈ.

મુમુક્ષુ :- માન હી તો હુઆ ન?

પૂજ્ય ભાઈશ્રી :- માન તો શું માનમાં ક્યાં... ધોખા હો ગયા ઉનકો ખુદકો. હૈ કુછ નહીં ઔર માન લિયા જ્યાદા. બસ ઈતના હો ગયા. ભૂલ કર લી. માનનેકી ભૂલ કર લી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરિણતિ પલટા ખા જાતી હૈ તો હરએક ઉદયમેં વો વાલી બાત ખ્યાલમેં આતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- પરણતિ પલટા ખાતી હૈ તો ફિર પરિણતિ કે અનુસાર ઉપયોગ ચલેગા.

'અને તે 'ભાવિ' - ભવિષ્યમાં...' ભાવિ એટલે **'ભવિષ્યમાં નિર્વાણનું ભાજન થાય છે. પોતે પુરુષાર્થ કરીને પલટો ખાવાનો છે.'** પરિણતિની વાત બહેનશ્રી બહુ કરતા એ તો મને ખ્યાલ છે. કરતા ત્યારે ખ્યાલ આવે કે આ પરિણતિની વાત કરે છે. અહીં પરિણતિની વાત કરે છે. વાત કરેલી. બોલે એવું હળવેથી, કોઈનું ધ્યાન ન જાય, ખ્યાલ ન જાય કે આ વજનદાર વાત કરે છે. આરોહ-અવરોહ ન આવે. એમની વાત કરવાની પદ્ધતિ એકદમ શાંતપણે વાત મૂકી દ્યે. વક્તા હોય એ જે વાત હોય એના ઉપર વજન લઈ જાય કે જો અહીંયાં વજન દેવાનું, અહીં નહિ. ટોન બદલાય.

મુમુક્ષુ :- ઉપસાવે વાતને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપસાવે, ટોન બદલાય. એવું ન લાગે. એટલે એમ ખ્યાલ આવી જાય કે આમાં બહુ ઓછાનો ખ્યાલ જતો હશે. વાત પરિણતિની કરે છે અવાર-નવાર.

'પોતે પુરુષાર્થ કરીને પલટો ખાવાનો છે.' પુરુષાર્થ કરીને એટલે બહારના ફેરફાર કરીને નહિ. અંતર પુરુષાર્થ કરીને અંતરમાં પલટો ખાવાનો છે. બહારમાં ફેરફાર ઘણો કરે અને અંતરમાં ફેરફાર ન થાય તો? બહારનો ફેરફાર કાંઈ (કામ ન આવે). બહારમાં તો દીક્ષા પણ લીધી છે. આ જીવે બહારમાં ફેરફાર કરીને દ્રવ્યલિંગી થયો છે. રાજપાટ છોડ્યા છે, રાણીઓ છોડી છે. એટલા બધા (ફેરફાર કર્યા છે). અત્યારે તો કોઈ એટલો ફેરફાર નથી કરતું. હજી આ શ્વેતાંબરમાં અમુક લોકો નીકળે છે. સંપત્તિવાળા માણસો દીક્ષા લઈ લ્યે છે. કરોડોની સંપત્તિ હોય તો દીક્ષા લઈ લ્યે છે. એક-બે

વર્ષ પહેલાં નહોતું આવ્યું? નાની ઉંમરના ૨૮-૨૯ વર્ષના ભાઈએ દીક્ષા લીધી. કરોડપતિ મુંબઈનો છોકરો. અમદાવાદમાં દીક્ષા લીધી હતી. બહુ મોટી ધમાલ કરી હતી, લાખો રૂપિયા ખર્ચ્યા હતા દીક્ષાની અંદર. કારણ કે આમેય સંપત્તિ છોડી દે એટલે દીક્ષામાં પણ વાપરી સંપત્તિ. ઉંમર નાની હતી. બહુ જ જાહેરાત થઈ હતી એની. આવે છે એવું. એવું કો'ક નીકળે. પણ એટલે એને કારણે એને રુચિ છે અને એને કારણે એને નિર્વાણપદ મળશે એમ નથી. આ જીવે પણ રાજપાટ છોડી, રાણીઓ છોડીને દીક્ષા લીધેલી છે દિગંબરી દીક્ષા. આ વસ્ત્રવાળી નહિ, દિગંબરી દીક્ષા લીધેલી છે. જંગલમાં રહી ગયો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં અંતર પુરુષાર્થની વાત આવી. શરૂઆતમાં કેવી રીતે હોય?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ પલટે એવો. કેવો? પરિણતિ પલટે એવો. પરિણતિ પલટવી જોઈએ. એટલું જોર આવે, એટલો જોરથી પ્રવેશ થાય કે પરિણતિ પલટી જાય.

મુમુક્ષુ :- ભાવના, ઉપયોગ અને પરિણતિ. એમ થાયને સાયકલ?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના તીવ્ર હોય, વારંવાર ઉપયોગ થાય અને પરિણતિ થાય. પરિણતિ થાય એટલે વારંવાર ઉપયોગ અને ભાવના થયા કરે. એ સાયકલ ચાલ્યા જ કરે. પણ ગોખવાનું નહિ. ભાવના, ઉપયોગ અને પરિણતિ. થઈ જવું જોઈએ—પરિણમનમાં આવવું જોઈએ. પત્રમાં એ જ વાત આવે છેને કે આપણે આત્માની વાતો કરીએ છીએ. સમકિત-સમકિત કરીએ છીએ, પણ તેથી શું? એમાંથી કાંઈ મેળવ્યું કે ન મેળવ્યું? જોવે છે. વેપાર થયો પણ અંદર કાંઈ નફો થયો કે નહિ એ જોતા જાય છે.

મુમુક્ષુ :- કાંઈક વર્તનમાં મૂકાય તો સારું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કાંઈક વર્તનમાં મૂકાય તો સારું. ધ્યાન જ એ છે. લક્ષ એના ઉપર છે, દૃષ્ટિ એના ઉપર છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઉપરસે છોડ દેતે હૈં, અંદરકી પરિણતિ પલટા નહીં ખાતી હૈ ન?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં ઉપરસે, બાહર સે છોડ દેને સે કોઈ પરિણતિ પલટા ખા જાયે ઐસા નહીં હૈ. જૈસે આપ પરિવાર છોડકર આ ગયી હૈ. ઔર સબકુછ છોડ દિયા ઈસલિયે પરિણતિ હો જાયે વહ બાત નહીં હૈ. ઈસલિયે તો દૃષ્ટાંત, સમર્થ દૃષ્ટાંત દિયા. કિ ઈતના ક્યા છોડા હૈ? હમને તો ભૂતકાલ મેં રાજપાટ ભી છોડા,

રાનિયાં ભી છોડી ઔર દિગંબરી દીક્ષા લેકર જંગલમેં ચલે ગયે હૈ. ફિર ભી કુછ હુઆ નહીં હૈ. ક્યોંકિ રુચિ નહીં હુઈ હૈ, પરિણતિ નહીં પલટા ખાયા. પરિણતિને પલટા નહીં ખાયા. ઈસલિયે વો કભી ગિનતી નહીં કરનેકા હૈ કિ હમને યહ કર દિયા, વહ કર દિયા, યહ ફેરફાર કર દિયા, વહ ફેરફાર કર દિયા. ઈતના તો હમને કિયા કિ નહીં કિયા? કિ નહીં. વહ કિયા (ઐસા) લિયા તો બાત પરાયેકી હો ગયી. આત્મા પારકો થઈ ગયો. તને તારા આત્મા પ્રત્યે પ્રેમ નથી. ફેરફાર કર્યો એ ગણે છે એને એનો પ્રેમ છે, હજી સંયોગોનો પ્રેમ બીજા સ્વરૂપે દર્શન દ્યે છે. પહેલા ત્યાં હતો ત્યારે સંયોગોનો પ્રેમ હતો, હવે અહીંયાં આવ્યા પછી એ ગણે છે એ એનો એમને એમ છે હજી તારો અકબંધ. સંયોગોનો પ્રેમ છે, બીજું કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- રૂપ બદલીને આવ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજા રૂપે આવ્યો તારી સામે. એ પ્રેમ બીજું રૂપ બદલીને તારી સામે આવ્યો છે. બાકી વાત તો ત્યાંને ત્યાં છે, કાંઈ ફેરફાર થયો નથી. બહારનો ફેરફાર થયો છે, અંદરનો કોઈ ફેરફાર થયો નથી. એમ લેવાનું છે.

'પોતે પુરુષાર્થ કરીને પલટો ખાવાનો છે.' દષ્ટાંત શું કરવા લઈએ છીએ? કે ઓલી વાત તો સાંભળી હોય શાસ્ત્રમાં વાંચીને કે રાજપાટ અને રાણીઓ છોડીને દીક્ષા લીધી. તો કહે એ તો એણે કર્યું હશે કોકે. કોકે નહિ તેં કર્યું છે અને અત્યારે એથી સોમા ભાગનું તું કરે છો એ પાછો ગણે છો. કે તું કરે છે. એથી સોમા ભાગનું કે હજારમાં ભાગનું કરે છે અને એ પાછો તું ગણે છો. પત્તો ખાય એવું છે નહિ. એટલે વર્તમાન દષ્ટાંત લેવાનું કારણ ઈ છે.

'જે જિજ્ઞાસુ હોય તેને એમ આવે છે કે મારી પરિણતિ કેવી રીતે પલટો ખાય,...' જે જિજ્ઞાસુ હોય તેને એમ આવે છે કે મારી પરિણતિ કેવી રીતે પલટો ખાય? એ બહારનું જોતો નથી. એ અંદરની ચિંતા કરે છે. ભાવનાવાળો, જિજ્ઞાસુ એટલે અહીંયાં ભાવનાવાળો છે. એ તો એક જ જોવે છે કે મારી પરિણતિ કેમ પલટો ખાય? અહીંયાં પરિણતિ શરૂઆતની પહેલી ભૂમિકાની ફરી, તો કહે હજી બીજી ભૂમિકાની ક્યાં ફરી છે? હજી ઉપરની ભૂમિકાની ક્યાં ફરી છે? હજી ઉપરની ભૂમિકાની ક્યાં ફરી છે? હજી ભાવભાસન આવે એવી ક્યાં ફરી છે? ભાવભાસન આવ્યું તો કહે અનુભવ થાય અને ફરે એવી ક્યાં ફરી છે? એમ જ જોતો જાય. પૂર્ણતાના લક્ષવાળો પૂર્ણતા ન થાય ત્યાં સુધી જંપીને બેસે નહિ એનું નામ પુરુષાર્થ છે.

'મારી પરિણતિ કેવી રીતે પલટો ખાય, એમ તેને પોતાને પુરુષાર્થ કરવાની ભાવના રહે છે.' દરેક તબક્કે. પાછું એમ નહિ કે પહેલી શરૂઆતની પરિણતિ પલટાઈ

ગઈ એટલે ઘણું થઈ ગયું. એ વાત જ નથી અહીંયાં. પગવાળીને બેસવાની વાત નથી, નીચા મને બેસવાની વાત નથી, નિરાંત કરીને બેસવાની વાત છે જ નહિ. જિનમાર્ગની સુંદરતા તો જુઓ! પહેલે પગથિયે દ્રવ્યદૃષ્ટિ કરાવી છે. બહારમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ છે. 'કાંઈ વ્રત નહિ, પચ્ચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો.' પહેલી દ્રવ્યદૃષ્ટિ કરાવી છે. આમ છે. કેમ? કે નહિતર પર્યાયનું અહં ચડ્યા વિના રહે જ નહિ. પર્યાયદૃષ્ટિમાં પર્યાયનું અહં આવ્યા વિના કેવી રીતે તને રહેશે? પછી ત્યાગ થાશે (તો) વાંધો નહિ આવે. પહેલો ત્યાગ કરીને બેસીશ તો અહં આવશે. જ્યાં દ્રવ્યની દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયને ગણવાની વાત ગઈ. પર્યાયની ગણતરીની વાત ગઈ.

મુમુક્ષુ :- માન તો ચઢેગા હી નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- સવાલ હી નહીં હોગા. કેવલજ્ઞાનકી પર્યાય જિસ દ્રવ્યકે આગે અનંતવેં ભાગમેં હૈ. અબ સાધકદશા કા ક્યા માન કરે? માન થશે એ સાધકદશામાં થશેને? કષાયકણ રહ્યો હોય, ક્રોધ, માન, માયાની પ્રકૃતિ મુનિદશામાં સંજ્વલનની છે હજી. પ્રકૃતિ તો ચારે ઠેઠ સુધી રહેવાની છે. ઉપર ઉપરના ગુણસ્થાને ક્ષય થતી જાય, પછી શ્રેણી માંડે ત્યારે આઠમા, નવમા, દસમા, બારમામાં પછી ખતમ થાય. બારમામાં સાવ ખતમ થાય. ક્ષય. ક્ષાયિક ગુણસ્થાન છે અને ક્ષાયિક શ્રેણી છે. પ્રકૃતિ તો જીવતી રહે છે. ચોથા ગુણસ્થાને જીવતી છે, પાંચમાએ જીવતી છે, છઠ્ઠા-સાતમામાં પણ જીવતી છે. ભલે જાત બદલાણી છે. પહેલા અનંતાનુબંધી ગઈ છે, પછી પ્રત્યાખ્યાનાવરણીય ગઈ છે, પછી અપ્રત્યાખ્યાનવરણીયની ગઈ છે. પણ હજી જીવે છે. કોણ જીવતો છે? કે સાપ જીવે છે. કરડે. જીવતો હોય તો કરડે. મરેલો કાંઈ કરડે? જીવતો હોય તો કરડે. એ જોવે છે એને સાપ. એ જાગૃત છે. મુનિ આત્મદશામાં જાગૃત છે. કેટલા જાગૃત છે? કે રાત-દિવસ. મુનિ થઈ ગયો એટલે એમ નથી. ઊંઘ લેતા નથી. રાત-દિવસ પુરુષાર્થમાં લાગેલા છે. કેમકે દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે. પૂર્ણ દશા થાય એ અનંતમા ભાગે છે તો સાધકદશાને ગણવાનો સવાલ ક્યાં ઊભો થાય છે? અહીં તો હજી મુમુક્ષુતાના ઠેકાણા ન હોય ત્યાં અતિપરિણામીપણું કરે. આ છોડ્યું ને આ છોડ્યું, આ કર્યું ને મેં આ કર્યું. મેં આટલું કર્યું, મેં આટલું કર્યું. ક્યાંયનો ક્યાંય દૂર વયો ગયો. પહેલેથી દ્રવ્યદૃષ્ટિ પકડી છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ રહે.

'સમ્યગ્દર્શન હો ગયા તો ક્યા હો ગયા? મુનિ હો ગયા તો ક્યા હો ગયા? ઔર કેવલજ્ઞાન હો ગયા તો ભી ક્યા હો ગયા?' એમ અભિપ્રાયમાં પહેલેથી છે. કેવળજ્ઞાન વખતે વિકલ્પ નથી. વિકલ્પ તો હજી મુનિદશા સુધી જ હોય છે. કેવળજ્ઞાન

વખતે એવો વિકલ્પ ન આવે કે કેવલજ્ઞાન હો ગયા તો ક્યા હો ગયા? અભિપ્રાયમાં પહેલેથી છે. હજી તો સમ્યગ્દર્શન અને મુનિપણું આવ્યું છે પણ કેવળજ્ઞાન આવે તોપણ મારું જ દ્રવ્ય છે, મારું સ્વરૂપ છે એ અનંતગુણસમૃદ્ધ છે. એની મહિમા પાસે કોઈ પર્યાયની મહિમા આવવાનો કોઈ સવાલ ઊભો થતો નથી.

જેમ મુમુક્ષુ સાચો થાય તો જગતનો મહિમા ખોવે. સાચો મુમુક્ષુ શું ખોવે? જગતનો મહિમા ખોવે. આ જગતનો કોઈ પદાર્થ અને કોઈ વસ્તુનો મને મહિમા નથી. મારે તો મારા આત્મકલ્યાણ સિવાય બીજી કોઈ વાત છે નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ થાય એ પર્યાયનો મહિમા ખોવે. દ્રવ્યનો મહિમા એવો આવે કે પર્યાયનો મહિમા ખોવે. જાવ! બે ખોટ કરવાની છે.

મુમુક્ષુ :- ખોટ નથી, ફાયદો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખોવે એટલે ખોટ થઈને એટલી? ખોયું એટલે શું થયું? ખોટ થઈ. ખોટનો ધંધો? કે હા એ પણ કરવાનો છે. આ બે. તો સાચો લાભ થાય. આ ખોટ થાય તો સાચો લાભ થાય. શેનો લાભ થાય? પારિણામિકભાવનો લાભ થાય. શેનો લાભ થાય? પારિણામિકભાવનો લાભ થાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કંઈ સમજાણું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- પારિણામિકની જરાક વાત ગૂઢ છે. વિચાર તો એમ ચાલે છે કે પારિણામિકભાવની વ્યાખ્યા આચાર્યશ્રીએ એમ કરી છે 'દ્રવ્ય આત્મલાભ પારિણામિકઃ.' પારિણામિકભાવ એટલે ત્રિકાળી દ્રવ્ય આમ તો શબ્દાર્થ એમ થાય છે. એમને એમ કૂટસ્થપણે રહે તેને પારિણામિક કહે. એમને એમ રહી જાય. એમને એમ, એમને એમ. સદાય એમ ને એમ રહી જાય છે. એ તો વાત થઈ આગમ વિવિક્ષાએ.

મુમુક્ષુ :- એને લઈને સિદ્ધદશા છે?

પૂજ્ય ભાઈશ્રી :- ના, દ્રવ્ય ત્રિકાળ એમને એમ જ રહે છેને. સિદ્ધદશા નહિ, મૂળ સ્વરૂપ. અનાદિ-અનંત. અનાદિ-અનંત મૂળ સ્વરૂપ પારિણામિકભાવે છે. એ વસ્તુનું સ્વરૂપ છે આગમ વિવિક્ષાથી. અધ્યાત્મ વિવિક્ષાથી આચાર્યશ્રીએ એવી વ્યાખ્યા કરી કે 'દ્રવ્ય આત્મલાભ પારિણામિકઃ.' દ્રવ્યને પોતાને પોતાનો આત્મલાભ થયો તે પારિણામિક છે. આમાં લાભ-નુકસાનની ક્યાં વાત આવી? તો કહે, આ ખોયું અને આ આવ્યું. લાભ થાય ત્યારે ખોટ પુરાય કે ન પુરાય? એમ. વેપારમાં શું છે? ખોટ જાય ત્યારે લાભ જાય. લાભ ગયો, લાભની ખોટ ગઈ, મૂડીની ખોટ ગઈ તો નુકસાન થયું એમ કહીએ. નુકસાન થયું ક્યારે કહીએ છીએ? કે મૂડીની ખોટ

ગઈ. એમ લાભ થયો ત્યારે નુકસાનની ખોટ ગઈ.

મુમુક્ષુ :- માઈનસ-માઈનસ પ્લસ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. થયું કે નહિ? બે વાતની ખોટ કરવાની છે. ખોટનો વેપાર બે વાતનો—એક જગતનો મહિમા ખોવો અને પોતાની પર્યાયનો મહિમા ખોવો. તો દ્રવ્યનો આત્મલાભ છે ત્યાં. આત્મલાભ એટલે સ્વ. આત્મ એટલે સ્વ. સ્વનો લાભ થયો. દ્રવ્ય આત્મલાભ. આત્મદ્રવ્યનો આત્માને લાભ થયો. એ પારિણામિકભાવ મળ્યો એને. એને પારિણામિકભાવે આત્મા મળ્યો. લખ્યું છે આપણે આ સૂત્ર મંદિરમાં. બધા ચિત્રો છે એની નીચે એક એક સૂત્ર છેને? બધા ચિત્રોની નીચે એક એક સૂત્ર છે એમાં આ એક સૂત્ર લખેલું છે. 'દ્રવ્ય આત્મલાભ પારિણામિકઃ.'

મુમુક્ષુ :- ત્રિકાળી લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રિકાળી. દ્રવ્ય એટલે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ત્રિકાળી માને?

પૂજ્ય ભાઈશ્રી :- ત્રિકાળી માને અપના સ્વરૂપ, ત્રિકાળી માને અપના સ્વરૂપ, સ્વભાવ.

'જે જિજ્ઞાસુ હોય તેને એમ આવે છે કે મારી પરિણતિ કેવી રીતે પલટો ખાય, એમ તેને પુરુષાર્થ કરવાની ભાવના રહે છે.' એ પુરુષાર્થ કરવાની ભાવનામાં પરિણતિ પલટો ખાતા... ખાતા... ખાતા.. દ્રવ્યદૃષ્ટિ થઈ જશે. જેવી દ્રવ્યદૃષ્ટિ થશે એટલે પૂર્ણ થવા સુધીનો પુરુષાર્થ પણ ચાલશે અને પૂર્ણ થશે ત્યાં સુધી કોઈ પર્યાયનું વજન રહેશે નહિ. પર્યાયનો મહિમા ગયો. જેને પર્યાયનો મહિમા ગયો એને પર્યાય સુધરીને પૂર્ણ શુદ્ધ થવાની. એમ છે. તપાસતો જાય છે. છરીને ઘસતો જાય એમ તપાસતો જાય પણ વજન આપે નહિ. વજન આપે તો આંગળો કપાઈ જાય.

મુમુક્ષુ :- મુમુક્ષુએ જગતનું વજન ન દેવું.

પૂજ્ય ભાઈશ્રી :- જગતનું વજન ન દેવું. જગત જગતના ઘરે ગયું. હું એકલો અનાદિથી રખડું છું તો એકલું મારું હિત કરી લઉં. નહિતર હજી એકલો રખડ્યા કરીશ અને દૃષ્ટિ જગત ઉપર રહેશે. રખડ્યા કરીશ, દુઃખ ભોગવ્યા કરીશ એકલો, દૃષ્ટિ રહેશે જગત ઉપર. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૯૨

પ્રશ્ન :- શાસ્ત્ર વાંચવાથી ખોટી હૂંફ કે ઓથ ન આવી જાય?

સમાધાન :-શાસ્ત્ર વાંચવાથી ખોટી ઓથ આવી જાતી નથી, પણ તેની સાથે પરિણતિમાં કેમ પલટો થાય? કેમ પુરુષાર્થ કરું? કેવી રીતે થાય? એવી ભાવના-લગની લગાડનાર પલટો ખાય છે. પછી ક્યારે પલટો ખાય તે તેની યોગ્યતા પ્રમાણે છે. પણ ભાવના તો એમ રહે કે કેવી રીતે પુરુષાર્થ કરું, પુરુષાર્થ કેમ થાય-આ રીતે પુરુષાર્થ કરવાની જ ભાવના રહે તો પલટો થાય. ૯૨.

તા. ૧૯-૧૨-૧૯૯૬, પ્રશ્ન- ૯૨, ૯૩, ૯૪
પ્રવચન નં. ૬૦

સ્વાનુભૂતિદર્શન. પાનું-૭૫, પ્રશ્ન-૯૨.

'**પ્રશ્ન :- શાસ્ત્ર વાંચવાથી ખોટી હૂંફ કે ઓથ ન આવી જાય?**'

'**સમાધાન :- શાસ્ત્ર વાંચવાથી ખોટી ઓથ આવી જાતી નથી, પણ તેની સાથે પરિણતિમાં કેમ પલટો થાય? કેમ પુરુષાર્થ કરું? કેવી રીતે થાય? એવી ભાવના-લગની લગાડનાર પલટો ખાય છે.**' પોઝિટીવ વાત લીધી છે. પ્રશ્ન નેગેટીવ છે. શાસ્ત્ર વાંચવાથી નુકસાન થાય કે ન થાય? ના, શાસ્ત્ર વાંચવાથી નુકસાન ન થાય. કેમકે એમાં એવું નુકસાન થવાનું નિમિત્તત્વ નથી. પણ આ પ્રકારના ઉલ્લાસિત પરિણામ હોવા જોઈએ. માર્ગદર્શન શું આપ્યું છે? કે શાસ્ત્ર વાંચવું જોઈએ, શાસ્ત્ર સ્વાધ્યાય તો નિયમિત હંમેશા કરવો જોઈએ પણ પોતાના ઉલ્લાસિત પરિણામથી કરવો જોઈએ. એટલું માર્ગદર્શન છે. હું શાસ્ત્ર તો વાંચું છું પણ મારી પરિણતિમાં પલટો થઈ જવો જોઈએ. મારો પુરુષાર્થ ઉપડવો જોઈએ અને એ કેવી રીતે થાય એ પ્રકારનું પોતાનું લક્ષ સાથે રાખીને શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો જોઈએ.

માર્ગદર્શન બહુ સરસ છે. મુમુક્ષુને સ્વાધ્યાય તો ખોરાક છે. પછી એની અંદર પોતાની પરિણતિને યોગ્ય, પોતાની યોગ્યતાને યોગ્ય એ પ્રકારના શાસ્ત્રનું સિલેક્શન અથવા પસંદગી કરવી જોઈએ. એક તો એ વાત છે કે પોતાના પરિણામ ઉપર ક્યુ

શાસ્ત્ર અસર કરે છે? જે શાસ્ત્ર પોતાના પરિણામ ઉપર વધારે અસર કરતું હોય એ શાસ્ત્રનો સ્વાધ્યાય વિશેષપણે કરવો જોઈએ. સામાન્યપણે ગમે ઈ શાસ્ત્ર વાંચે એનો બાદ નથી. વિશેષપણે ક્યુ શાસ્ત્ર વાંચવું જોઈએ? કે જેની અસર વધારે થતી હોય. અને તો રસ વધારે આવે. રસ વધારે આવે તો પરિણતિમાં પલટો થાય. એટલી જો સૂઝ હોય તો એને શાસ્ત્રવાંચન અવશ્ય ફાયદો કરે.

જેમ કે કોઈ કૃપાળુદેવના વચનામૃત વાંચે, કોઈ બહેનશ્રીના વચનામૃત વાંચે પણ જ્ઞાની તો બંને જ્ઞાની છે. બંને જ્ઞાની જ છે. એટલે કોઈના વચનામૃત સારા કે વધારે સારા એમ જોવાનું નથી. એવી તુલના કરવાનો કાંઈ પ્રશ્ન નથી અહીંયાં, વાત પણ નથી અહીંયાં. પણ અનેક જ્ઞાનીઓના શાસ્ત્રો આપણી સામે છે. જ્ઞાનીના પણ છે, આચાર્યોના પણ છે. મારા આત્મા ઉપર કોના વચનોની અસર વધારે થાય છે? એ અનુભવને તપાસવો જોઈએ. અનુભવને જોવો જોઈએ કે મને આ વાંચતા શું થાય છે? એના ઉપર પોતાનો રસ વિશેષ વર્ધમાન થાય એ પ્રમાણે શાસ્ત્ર સ્વાધ્યાય કરવો જોઈએ. તો પરિણતિમાં પલટો થાય. કેવી રીતે પરિણતિમાં પલટો થાય અને પુરુષાર્થ થાય? એનો આ જવાબ છે.

પ્રશ્ન શું છે? ઓલા બે તો રિઝલ્ટ છે. શાસ્ત્ર વાંચતા પરિણતિમાં પલટો થવો જોઈએ, પુરુષાર્થ ઉપડવો જોઈએ. શાસ્ત્ર વાંચન કારણ અને આ કાર્ય. તો એ કેવી રીતે થાય? એ પ્રશ્ન મૂક્યો. અમથો નથી મૂક્યો. સત્સંગમાં એ રીતે એનો ઉત્તર મળે છે. જે શાસ્ત્રોની, જે વચનોની આમાં પણ જે વચનોની, જે ગાથાઓની, પહેલા એક તો એણે શાસ્ત્રનું સિલેક્શન કરવું જોઈએ અને શાસ્ત્રમાંથી પણ એના વચનોનું પણ સિલેક્શન થવું જોઈએ. કેમકે એક શાસ્ત્રમાં અનેક વાતો હોય.

મુમુક્ષુ :- પોતાની ભૂમિકાને યોગ્ય.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની ભૂમિકાને યોગ્ય હોય, જ્ઞાનદશાની હોય, મુનિદશાની હોય, કેવળીઓની હોય, અજ્ઞાનીઓની હોય. અજ્ઞાનીઓમાં ઊલટું કરનારાની હોય, અયોગ્યતાવાળાની હોય, યોગ્યતાવાળાની હોય. આવા અનેક પ્રકાર છે. શાસ્ત્રના વિષયના તો અનેક પ્રકાર છે. અનેક વિધવિધ વિષય હોય શાસ્ત્રની અંદર. એમાંથી પણ મને ક્યાં રસ પડે છે? મારા આત્મા ઉપર ક્યાં અસર આવે છે? મને ક્યાં લાભ થાય છે મારા પરિણામમાં? એટલી સૂઝથી જો શાસ્ત્ર વંચાય તો અવશ્ય પુરુષાર્થ ઊપડે અને પરિણતિમાં પલટો થાય. એ રીતે શાસ્ત્ર વાંચવું જોઈએ.

મુમુક્ષુ :- જીવ અજ્ઞાન મેં તો પડા હી હુઆ હૈ. તો જ્ઞાનીકે બિના કૈસે સમજે કિ મુઝે કૌન-સા યોગ્ય હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- ઈસલિયે સત્સંગ સાથમેં રખના. સત્સંગમેં વહ બાત સમજમેં આયેગી. અજ્ઞાનદશામેં વહ બાતકી સમજ સત્સંગમેં આયેગી. ઈસલિયે સત્સંગકી બાત સાથ-સાથ લેતે હૈં.

એવી રીતે વિવેકપૂર્વક જો શાસ્ત્ર વાંચવામાં ન આવે તો શાસ્ત્ર વાંચવાની ખોટી હૂંફ અથવા ઓથ આવી પણ જાય. પ્રશ્ન પૂછનારને પાછી લાલબત્તી મૂકવી પડેને. બહેનશ્રીએ એકલો પોઝીટિવ પોઈન્ટ લીધો છે પણ આપણે સત્સંગમાં તો બે પોઈન્ટ વિચારવા જોઈએ. બે પડખાથી વિચાર કરવો જોઈએ.

મુમુક્ષુ :- શાસ્ત્રીય અભિનિવેષનો દોષ આવી જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. હૂંફ આવે કે ઓથ આવે એટલે એનો અહંભાવ ક્ષયોપશમનો આવી જાય છે.

મુમુક્ષુ :- શાસ્ત્રસંજ્ઞાનો દોષ આવે?

પૂજ્ય ભાઈશ્રી :- શાસ્ત્રસંજ્ઞા ઊભી થાય અને શાસ્ત્રીય અભિનિવેષ પણ ઉભો થાય.

મુમુક્ષુ :- આપણે પૂછી લઈએ કે અને પછી અમારા માટે અમે ક્યો પત્ર વાંચીએ એ પણ પૂછી લઈએ. અમને અમારી ખબર ન હોય. અમને ક્યુ લાગુ પડે છે એની માથાકૂટ કરવા કરતાં સજીવનમૂર્તિને પૂછી લઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પૂછી લે.

'એવી ભાવના-લગની લગાડનાર પલટો ખાય છે.' જુઓ, કેવી રીતે થાય છે એનો એની અંદર ગૂઢ ઉત્તર આવી જાય છે. જેને ભાવના અને લગની હોય એને એવી સૂઝ હોય. ભાવના અને લગનીને ખોલીએ તો. જેને એવી ભાવના અને લગની હોય એને આવી સૂઝ હોય, એને આવો વિવેક હોય અને એને ખોટી હૂંફ કે શાસ્ત્રસંજ્ઞા કે શાસ્ત્રીયઅભિનિવેષ ન થાય એમ.

મુમુક્ષુ :- ભાવનાને લગનીની સાથે પ્રયોજનનો દૃષ્ટિકોણ સાથે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઑટોમેટિક જ હોય છે. લગનીની સાથે, ભાવનાની સાથે હોય છે એ એમણે વચનામૃતમાં, બીજા વચનામૃતમાં એ વાત કરી છે કે લગની જ તને સુઝાડશે. લગની જ તને માર્ગની સૂઝ કરાવશે. એ વાત એમણે ત્યાં ખોલી છે.

મુમુક્ષુ :- પરિણતિ અને લગની...

પૂજ્ય ભાઈશ્રી :- લગની લાગે તો પરિણતિ આવે. કારણ-કાર્યનો સંબંધ છે.

મુમુક્ષુ :- સચ્ચી લગની હુઈ તો સત્સંગ ભી મિલતા હૈ ઔર સત્પુરુષ ભી મિલતે હૈં. અંદરસે ભાવના હોની ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાવના હોતી હૈ તો મિલ જાયે.

'પછી ક્યારે પલટો ખાય તે તેની યોગ્યતા પ્રમાણે છે.' જુદાં-જુદાં જીવની યોગ્યતા અનુસાર છે. એના માટે કોઈ નિયમ નથી કે આટલા ટાઈમમાં પરિણતિએ પલટો ખાઈ જવો જોઈએ. ગમે ત્યારે ખાય. કોઈને બહુ ઓછા ટાઈમમાં પણ થાય, કોઈને થોડો વધારે ટાઈમ લાગે અને કોઈને ઘણો વધારે પણ લાગી શકે છે. પણ સત્સંગ અને સ્વાધ્યાય તો ચાલુ રાખવા જોઈએ. એટલા માટે છે કે સત્સંગ છે એ ગમે ત્યારે અવેલેબલ નથી. સત્સંગ છે એની પ્રાપ્તિ ગમે ત્યારે ન થાય. એની પ્રાપ્તિ અમુક ટાઈમે થાય, ક્યારેક-ક્યારેક થાય. ક્યારેક ન પણ થાય. કેમકે એ ઉદયાધીન છે. પોતાને કોઈ એવો ઉદય આવે કે પોતાને ગેરહાજર રહેવું પડે. જેની સાથે સત્સંગ કરતા હોય એનો ઉદય એવો હોય તો એ પણ ગેરહાજર હોય. એ તો કોઈ ઈચ્છા પ્રમાણે ન પણ મળે. પણ શાસ્ત્ર સ્વાધ્યાય છે એ ગમે ત્યારે થાય. નિત્યબોધક છે. એટલે એ અવકાશ પણ રાખવો જોઈએ. જો સત્સંગ મળે તો પ્રાયોરિટી સત્સંગને આપવાની, પહેલું એ સ્વીકારવાનું. કેમકે એ તો ગમે ત્યારે મળવાનો નથી, જોવે ત્યારે મળવાનો નથી. એની અછત છે. માટે એ મળે ત્યારે એને તો ચૂકવું ન જોઈએ. પછી ન મળે ત્યારે શાસ્ત્ર સ્વાધ્યાય (કરે). અને એ શાસ્ત્ર સ્વાધ્યાયમાં ક્યુ શાસ્ત્ર વાંચવું? અને કયા શાસ્ત્રમાં ક્યો વિભાગ વાંચવો? એ પોતાની ભાવનાથી સૂઝ આવવી જોઈએ અને ભાવનાથી સૂઝ ન આવે તો સત્સંગમાંથી એની સૂઝ મેળવવી જોઈએ.

'ક્યારે પલટો ખાય તે તેની યોગ્યતા પ્રમાણે છે. પણ ભાવના તો એમ રહે કે કેવી રીતે પુરુષાર્થ કરું, પુરુષાર્થ કેમ થાય-આ રીતે પુરુષાર્થ કરવાની જ ભાવના રહે તો પલટો થાય.' ભલેને પરિણતિએ ન પલટો ખાધો હોય, પુરુષાર્થ ન ઊપડ્યો હોય, પણ એની ભાવના રહેવી જોઈએ. ભાવના હશે તો ભાવના સફળ થયા વિના નહિ રહે. આ માર્ગમાં એ વાતની ગેરન્ટી છે કે ભાવના નિષ્ફળ જતી નથી. પણ ઉપર-ઉપરની નહિ. અંતરની ભાવના હોય તો કદી નિષ્ફળ ન જાય અને પરિસ્થિતિ અનુકૂળ ન હોય તો કુદરતને રસ્તો કરવો પડે છે. કુદરત બદલે છે એમ કહેવું છે.

એક પદમાં બહેનશ્રીએ નથી લીધું? ભગવાનના દર્શનની વાત લીધી છે કે પ્રભુ! તારા દર્શનથી તો મારી ભાગ્યની રેખા બદલે છે. એનો અર્થ શું? કે કુદરતને ફરવું પડે છે. આપના દર્શનથી મારા પરિણામ એવા થાય છે કે મારા જે સંચિત કર્મો છે એમાં ફેરફાર થઈ જાય છે. કર્મરેખા એટલે કર્મોની અંદર ફેરફાર થઈ જાય છે. આ રેખા તો ઈન્ડીકેશન છે સંચિત કર્મોનું. એમાં ફેરફાર થઈ જાય છે તો અહીંયાં પણ ફેરફાર થાય છે એમ કહે છે. કેમકે એને લઈને છેને. પણ ભગવાનના દર્શનમાત્રથી એમ થતું નથી. આત્મકલ્યાણની વિશેષ ભાવનાવાળાને કુદરત સાથ આપે, આપે ને

આપે જ. એટલે એમ કહ્યું કે કુદરત બદલે છે, કુદરત અનુકૂળતા કરી દે છે અથવા કુદરત એવી સેવા કરે છે. ભાવનાવાળાની તો કુદરત સેવા કરનારી દાસી થઈ. ભાવનાવાળાની તો કુદરત સેવા કરનારી થઈ.

માણસ કહે, શું થાય કે અમને અમારા સંયોગો જ એવા છે ત્યાં અમે શું કરીએ? ગમે તેવા સંજોગો હોય તારી ભાવના તો ફરવી જોઈએ નહિ. ભાવનામાં ફેરફાર ન થવો જોઈએ. સંજોગો ગમે એવા હોય. જો ભાવના ફરી જશે તારી, મોળી પડી જશે તો સંજોગો નહિ ફરે. ભાવના નહિ ફરે (તો) સંજોગોને ફરવું પડશે. હવે બોલ તારે શું કરવું છે? વિજ્ઞાન આ પ્રમાણે છે. અને સાયન્ટિફિક સોલ્યુશન છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ જ કેટલી માર્ગમાં મોકળાશ છે જીવ માટે. ગમે તેટલો દર્શનમોહ તીવ્ર હશે છતાં ભાવના હોય તો એને...

પૂજ્ય ભાઈશ્રી :- ગમે ત્યાં હોય નહિ... દર્શનમોહ તીવ્ર થઈને નિગોદમાં જઈ આવ્યો છે. અત્યારે તો એ ઘટાડીને સંજ્ઞી પંચેન્દ્રિય થયો. તીવ્ર દર્શનમોહથી નિગોદમાં ગયો. મિથ્યાત્વનું ફળ નિગોદ છે. અત્યારે સંજ્ઞી પંચેન્દ્રિય થયો તો એથી તો ઉપર આવ્યો છે કે નથી આવ્યો? પછી અહીંયાં જેટલી ભાવના આત્મકલ્યાણની અને આત્મસ્વરૂપની જેટલી ભાવના તીવ્ર થાય એટલો દર્શનમોહ ઘટે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ અકૃત્રિમ જિનબિંબ છે... પહેલેથી જ છેને. ઇ જ કુદરત ફેવરમાં છે તો જ હોયને? નહિતર એ શું કરવા હોય? કુદરત એની ફેવરમાં બંધાયેલી હોય તો જ એ જિનબિંબ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. કોઈ અન્યમતોની મૂર્તિ શાશ્વત નથી. એક જિનેન્દ્રદેવની મૂર્તિ જ શાશ્વત છે. જુઓ, કુદરત શું કરાવે છે? કુદરતનો સંકેત શું છે? કે આ જ સન્માર્ગ છે, આ જ સાચો માર્ગ છે. એ કુદરતનો સંકેત છે એની અંદર. જગતમાં ધર્મો તો અનેક ચાલે છે અને અનેકોની મૂર્તિઓ છે, અનેકોના ધર્મસ્થાનો છે પણ શાશ્વત જિન ચૈત્યાલય અને શાશ્વત જિનપ્રતિમા, જિનમંદિર અને જિનપ્રતિમા બે શાશ્વત છે. બાકી કોઈ શાશ્વત નથી. બધાયનો ગારો થવાનો.

મુમુક્ષુ :- ણમોકાર મંત્ર શાશ્વત છે.

પૂજ્ય ભાઈશ્રી :- ણમોકાર મંત્ર શાશ્વત છે. પછી આ લોકોએ હિન્દુઓએ કાઢ્યું કે અમારા વેદો પણ અનાદિથી છે અને વેદના મંત્રો પણ અનાદિથી છે. પણ એમાં કાંઈ નથી. એ તો જે શાશ્વત છે એટલું જ શાશ્વત છે. એમ છે.

મુમુક્ષુ :- તીર્થો પણ શાશ્વત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તીર્થો શાશ્વત છે. સમ્મેદશિખર, કૈલાસ.

મુમુક્ષુ :- વિદેહક્ષેત્રના દૃષ્ટિકોણથી જોઈએ તો ત્યાં તો કોઈ દિ' ભગવાનનો (વિરહ) થાતો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ ત્યાં શું છે કે ભગવાનનો વિહાર થાય છે એટલે સમવસરણ એક ને એક જગ્યાએ ન રહે, એક ને એક જગ્યાએ ન રહે. શાશ્વત જિનમંદિરો છે, જિનપ્રતિમાઓ છે એ ત્યાં ને ત્યાં જ રહે છે. હલે બલે નહિ, ફેરફાર ન થાય એમાં. જેમ આત્મા ધ્રુવ છે એમ એ ધ્રુવ છે બહારમાં. બે સામે સામા ધ્રુવે ધ્રુવ છે. બે ધ્રુવ સામે સામા. એક અંદરમાં, એક બહારમાં. અંદરનો, અંતર્મુખનો માર્ગ અજાણ્યો છે (તો) એ અંતર્મુખતા કરાવે એવા નિમિત્તો છે. શાશ્વત નિમિત્તો છે. ઉપાદાન શાશ્વત છે તારી પાસે ધ્રુવ. તો નિમિત્ત પણ શાશ્વત છે અને એ કુદરતની વ્યવસ્થા છે. કોઈની કરી કરાવેલી નથી. કોઈ ફલાણા તીર્થંકરે કરાવી એમ નથી. એવું છે. એ વાત આપણે લીધી છે આમાં. જિનેન્દ્ર દર્શનમાં લીધી છે? પ્રસ્તાવનામાં લીધી છે.

કુદરત આત્મસાધનાને અનુકૂળ છે, કુદરત આત્મસાધનાને અનુકૂળ છે. બે રીતે લીધી. એક શાશ્વત જિનમંદિર અને જિનપ્રતિમા અને એક શાશ્વત તીર્થો વગેરે અને એક ભાવનાનું ફળ શાશ્વત છે. ભાવના થાય કોઈ કાળ ન નડે એને. કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ન નડે. એ તો કુદરતી છે. આ કુદરત ઉપર વિજય મેળવે એવી છે. કારણ કે ચૈતન્યની ભાવના છેને? આ ચૈતન્યના ધ્રુવ ઉપાદાનમાંથી નીકળેલી વસ્તુ આવી એટલે કુદરત ઉપર વિજય મેળવે છે. અને એ ત્રણે કાળે વિજય મેળવે છે માટે એ સિદ્ધાંત શાશ્વત છે. આમ લેવું. શાશ્વતે શાશ્વતમાં એમ લીધું. ત્યારે જ્ઞાનીઓ એથી આગળ વધ્યા કે ભાવના તો અમને મુમુક્ષુની ભૂમિકામાં થઈ હતી પણ હવે તો આ આખું જગત મારી સાધનામાં અનુકૂળ જ છે, કોઈ પ્રતિકૂળ છે જ નહિ. જગત આખું મારી સાધનામાં અનુકૂળ છે. મારી સાધનામાં કોઈ જગતનો બનાવ પ્રતિકૂળ નથી. તો કહે, પણ પ્રતિકૂળતા આવીને? એ મારા માટે અનુકૂળતા છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવે લીધું છેને, ભક્તિનું ધામ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ જગત ઈશ્વરે રચેલું મારા માટે ભક્તિધામ છે. ઈશ્વર એટલે કુદરત છે અહીંયાં. એમ કેમ કીધું? કે આખા જગતમાં જે કાંઈ મને નિમિત્ત પડે છે અથવા જ્ઞાનનું જ્ઞેય થાય છે (એને) હું મારી સાધનામાં એને ઢાળી દઉં છું. મારું નયજ્ઞાન છે એ બધા નયો તો મને આત્મામાં જ દોરી જાય છે એટલે મને આખું જગત અનુકૂળ છે. કોઈ પ્રતિકૂળ છે જ નહિ. એ ૯૨ થયો.

પ્રશ્ન-૯૩

પ્રશ્ન :- જ્ઞાયકની રુચિ થતાં સ્વ-પરનો વિવેક શું યથાર્થ આવે?

સમાધાન :- જ્ઞાયકની રુચિ યથાર્થ હોય તો તેનો વિવેક પણ યથાર્થ હોય છે. સ્વ-પરનો વિવેક કરી, યથાર્થ જ્ઞાન કરે તો યથાર્થ માર્ગ ગ્રહણ થાય. જેની રુચિ યથાર્થ તેનું બધું યથાર્થ. આત્મા સ્વભાવે પૂર્ણ છે. તેની યથાર્થ રુચિ થતાં જ્ઞાન પણ યથાર્થ થાય છે.

મુમુક્ષુ :- નિમિત્તનો વિવેક યથાર્થ આવે!

બહેનશ્રી :- હા, નિમિત્તનો વિવેક યથાર્થ આવે, સ્વભાવનું ગ્રહણ થતાં બધું આવે, નિશ્ચય-વ્યવહારની સંધિ જેમ છે તેમ આવે. ૯૩

પ્રશ્ન ૯૩ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :- જ્ઞાયકની રુચિ થતાં સ્વ-પરનો વિવેક શું યથાર્થ આવે?**' મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાયકની રુચિ હોય તો વિવેક યથાર્થ આવે? એમ.

'**સમાધાન :- જ્ઞાયકની રુચિ યથાર્થ હોય તો તેનો વિવેક પણ યથાર્થ હોય છે.**' રુચિને આપણે શ્રદ્ધાની પર્યાય લઈએ, વિવેકને જ્ઞાનની પર્યાય લઈએ તો એકબીજાની એકબીજા ઉપર અસર આવે છે. રુચિ બળવાન થાય તો વિવેક પણ બળવાન થાય. જ્ઞાન નિર્મળ થાય એટલે વિવેક બળવાન થાય. રુચિ મોળી પડે તો વિવેકને જ્વર આવે. દિપચંદજીએ લીધું છે અનુભવપ્રકાશમાં. આત્મરુચિ મોળી પડે તો વિવેકજ્વર ઉત્પન્ન થાય છે. એટલે વિવેકને તાવ આવે. તાવ આવે ત્યારે જેમ માણસ નબળો પડે એમ વિવેક નબળો પડી જાય. એમ યથાર્થ સમજણ હોય તો એ રુચિને જગાડે ન જાગતી હોય તો. સામે-સામે એન્ટ્રી પડે છે. એકબીજાને પૂરક તત્ત્વો છે. શ્રદ્ધા અને જ્ઞાન એકબીજાનાં પૂરક તત્ત્વો છે. શાસ્ત્રમાં કોઈ વાર રુચિપૂર્વક જ્ઞાનની વાત આવે, કોઈવાર જ્ઞાનપૂર્વક રુચિની વાત આવે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં મૂલ્યાંકન થયું તો રુચિ આપોઆપ જ જાગે.

પૂજ્ય ભાઈશ્રી :- જાગે. મૂલ્યાંકન થયું કે રુચિ જાગ્યા વિના રહે નહિ. જેમ રુચિ વધે તેમ જ્ઞાન નિર્મળ થતું જાય. અમથું જ્ઞાન દ્વારા... જ્ઞાન સાધન છે. મૂળમાં જ્ઞાન સાધન છે. જ્ઞાનથી જેવી રુચિ ઉપર અસર આવી કે પાછી રુચિ જ્ઞાનને મદદ કરવા લાગી. પરિવારની અંદર વેપાર-ધંધો હોય તો છોકરો આગળ જતા મદદ કરે છે કે નથી કરતો ઉંમર થાય એટલે? એક હોય એના બદલે બે કામ કરનારા થઈ ગયા કે નહિ? એમ. પહેલા જ્ઞાન એકલું કામ કરતું હતું, હવે રુચિ ઉત્પન્ન થઈ એટલે એક સાથે (કામ કરે છે). રુચિ એનું સંતાન છે. જ્ઞાનમાંથી રુચિ ઉત્પન્ન થઈ. એક સાથે બે કામ કરવા માંડ્યા.

મુમુક્ષુ :- રુચિની પાછળ પુરુષાર્થ આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- રુચિની પાછળ પુરુષાર્થ આવ્યો એટલે બેમાંથી ત્રણ થયા. પુરુષાર્થ થયો એટલે લીનતા આવી, ત્રણમાંથી ચાર થયા. કામ કરવામાં સંખ્યા વધે છે. ગુણોની સંખ્યા, જેમ જેમ ગુણો પ્રગટ થતા જાય છે તેમ તેમ સંખ્યા વધતી જાય છે.

મુમુક્ષુ :- સાધક અવસ્થામાં બધા નયો છે એ સ્વરૂપમાં લઈ જાય છે અને મુમુક્ષુદશામાં આ બધા ગુણોનું પરિણમન છે એ સ્વરૂપ તરફ જ લઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે.

'સ્વ-પરનો વિવેક કરી, યથાર્થ જ્ઞાન કરે તો યથાર્થ માર્ગ ગ્રહણ થાય.' સ્વ-પરનો વિવેક કરીને. વિવેક કરવો એટલે શું? કે સ્વની ઉપાદેયતા, પરની હેયતા. સ્વની અભિન્નતા અને પરની ભિન્નતા. આ વિવેકનો વિષય આટલો છે. આટલું જો પકડાય તો લાઈન પાધરી સીધી છે. પછી કાંઈ તકલીફ પડવાનો સવાલ નથી. મુદ્દા પકડી લેવાના. સ્વના બે મુદ્દા શું? પોતાપણું, અભિન્નતા અને ઉપાદેયતા. પરના બે મુદ્દા ક્યા? કે ભિન્નપણું અને હેયતા. બસ. એ તો ભિન્ન કહેતા જ હેય આવી જાય છે. એમાં ટોન જ હેયપણાનો છે. ભિન્નતામાં જે આંતરધ્વનિ છે એ હેયપણાનો જ આંતરધ્વનિ છે.

'સ્વ-પરનો વિવેક કરી, યથાર્થ જ્ઞાન કરે તો યથાર્થ માર્ગ ગ્રહણ થાય.' બેયમાં યથાર્થ-યથાર્થ લીધું. યથાર્થ જ્ઞાન કરે તો યથાર્થ માર્ગ ગ્રહણ થાય. માર્ગ એટલે ઉપાય. યથાર્થ જ્ઞાન કરે તો યથાર્થ ઉપાય થાય. **'જેની રુચિ યથાર્થ તેનું બધું યથાર્થ.'** જેની રુચિ યથાર્થ તેનું બધું યથાર્થ. હવે શું થયું? સમજણમાં કેમ એવી રીતે ન લીધું અને આમાં લીધું? કે સમજણ ઘણા લોકોની શાસ્ત્ર અનુસાર હોય છે પણ યથાર્થ

નથી હોતી. એટલે કે એ સમજણે રુચિને હજી ઉત્પન્ન નથી કરી ત્યાં સુધી એ સમજણને અમે યથાર્થ કહેતા નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયની બરાબર સમજણ હોય, ઉત્પાદ-વ્યય-ધ્રુવની પણ બરાબર સમજણ હોય, નય જ્ઞાનોની પણ નયચક્ર ગ્રંથ વાંચવાથી બરાબર સમજણ કરી હોય. પણ યથાર્થ ક્યારે? કે આત્મરુચિ પ્રગટી હોય ત્યારે. એટલે રુચિથી સિમ્પટમ લીધું. જોયું? કે '**જેની રુચિ યથાર્થ તેનું બધું યથાર્થ.**'

મુમુક્ષુ :- પાયાની વાત લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- પાયાની વાત લીધી. જોકે યથાર્થ રુચિ યથાર્થ સમજણપૂર્વક હોય છે. પણ ત્યાં વિવાદની જગ્યા છે. કેમ? કે એવા જીવો પણ હોય છે કેટલાક કે જેની શાસ્ત્રજ્ઞાનમાં ભૂલ ન દેખાય પણ એની રુચિ બરાબર ન હોય. તો ઘણાને એ જ્ઞાન યથાર્થ લાગે. શું લાગે? એને જ્ઞાન યથાર્થ લાગે. બહુ સરસ, ઘણું સારું સમજે છે. કાંઈ ભૂલ નથી દેખાતી આમાં. એટલે એ મુદ્દો ન લીધો કે જેની યથાર્થ સમજણ તેનું બધું યથાર્થ. એમ ન લીધું. એ સમજણપૂર્વક રુચિ પ્રગટી છે? તો જ્ઞાન યથાર્થ છે એમ કહેવાની જરૂર નથી. કેમકે યથાર્થ સમજણ હોય તો જ યથાર્થ રુચિ પ્રગટી હોય. એ અંદર ઈન્ક્લુડ થઈ જાય છે. એનો સમાવેશ અંદર થઈ જાય છે. રુચિમાં યથાર્થ સમજણનો સમાવેશ થઈ જાય છે.

મુમુક્ષુ :- જે સમજણ રુચિને ન સાધે, જે સમજણ રુચિને ન સાધે, ન ઉત્પન્ન કરે એ સમજણ બેકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ સમજણ બરાબર હોય તોપણ એને કામમાં નહિ આવે. એને શાંતિ મેળવવામાં એ કામ કરશે નહિ. તો પ્રયોજન સિદ્ધ ન થાય એ વસ્તુ શું કામની? ઘણા માણસ નથી કહેતા? કે એ માણસ સાજો થઈ જાત, એની પાસે દવા, દારૂ, ટ્રીટમેન્ટ કરાવાના પૈસા પણ હતા પણ લોભી એટલો હતો કે એણે દવા કરાવી નહિ. તો રોગ વધી ગયો. તો એ પૈસા એને શું કામના? એમ ન કહે? પૈસા એને તો કામમાં આવ્યા નહિ. એના માટે એ પૈસા હોવા છતાં નહિ હોવા બરાબર અથવા નકામા હતા. એમ જે જ્ઞાન પ્રયોજનભૂત ન કામ કરે (એ શું કામનું)?

ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશકમાં એ વ્યાખ્યા કરી છે અજ્ઞાનની કે જે જ્ઞાન પ્રયોજનભૂત કાર્ય ન કરે તે અજ્ઞાન. ભલે એ જ્ઞાન શાસ્ત્રનું સાચું હોય તોપણ. અજ્ઞાનની વ્યાખ્યા જ એવી કરી છે એમણે. પ્રયોજનના દૃષ્ટિકોણથી વ્યાખ્યા કરી છે. જે જ્ઞાન પ્રયોજન ન સાધે તે અજ્ઞાન. આપણે બીજું જ્ઞાન-અજ્ઞાનમાં કાંઈ સમજવું નથી. પ્રયોજન સાધે છે કે નહિ? વાત તો ચોંટી જાય એવી હોય છે. મોક્ષમાર્ગપ્રકાશમાં કેટલીક વાતો એમણે એવી લખી છે કે સિદ્ધાંતસૂત્ર જેવી વાતો લખી. ટોડરમલજીએ

ઘણી વાતો એવી લખી છે. જ્ઞાનીપુરુષ હતાને. ઘણી વાતો એવી લખી છે.

મુમુક્ષુ :- આચાર્યકલ્પ કહેવાયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આચાર્યકલ્પ કહેવાયા. એ શૈલી અપેક્ષાએ. એમની સમજાવાની, શાસ્ત્ર બનાવવાની શૈલી એવી હતી. મહાન આચાર્યો શાસ્ત્રો બનાવે આગમ પદ્ધતિએ (એવી શૈલી હતી). આગમપદ્ધતિ હતી.

શું કહ્યું? '**કે જેની રુચિ યથાર્થ તેનું બધું યથાર્થ. આત્મા સ્વભાવે પૂર્ણ છે. તેની યથાર્થ રુચિ થતાં જ્ઞાન પણ યથાર્થ થાય છે.**' તો એનું જ્ઞાન યથાર્થ ગણવું જોઈએ. જેની રુચિ યથાર્થ હોય એની સમજણ અને એનું જ્ઞાન યથાર્થ ગણવું જોઈએ. નહિતર બરાબર હોય તોપણ યથાર્થ ગણવું ન જોઈએ. એમ.

'**મુમુક્ષુ :- નિમિત્તનો વિવેક યથાર્થ આવે!**'

'**બહેનશ્રી :- હા, નિમિત્તનો વિવેક યથાર્થ આવે,...**' ઉપાદાનનો વિવેક હોય એને નિમિત્તનો વિવેક હોય, હોય ને હોય જ. જેને નિમિત્તનો વિવેક નથી એને ઉપાદાનનો વિવેક હોવાનો સવાલ છે જ નહિ. '**હા, નિમિત્તનો વિવેક યથાર્થ આવે, સ્વભાવનું ગ્રહણ થતાં બધું આવે,...**' સ્વભાવ જ્યાં રુચિથી ગ્રહણ થયો ત્યાં બધું સવળું જ પડે. કોઈ અવળું રહે નહિ. '**સ્વભાવનું ગ્રહણ થતાં બધું આવે, નિશ્ચય-વ્યવહારની સંધિ જેમ છે તેમ આવે.**' એવી રીતે નિશ્ચય-વ્યવહારની સંધિ થાય છે. એ ૯૩ થયો.

પ્રશ્ન-૯૪

પ્રશ્ન :- સ્વભાવની રુચિવાળા જીવને વિવેક એક પ્રકારનો રહેતો હશે કે કોઇ વખત વિપરીતતા આવે અને કોઇ વખત યથાર્થતા રહેતી હશે?

સમાધાન :- અનુભવ પહેલાંની રુચિવાળાને એવો નિયમ નથી હોતો. જો સમ્યક્‌ધારા હોય એટલે કે જેને જ્ઞાન સમ્યક્ હોય તેને સદા વિવેક યથાર્થ હોય ને તે પહેલાંની રુચિવાળાને રુચિમાં કંઇક મંદતા આવી જાય તો વિવેકમાં જુદું આવી જાય. રુચિ યથાર્થ રહ્યા કરે તો વિવેક પણ યથાર્થ રહે ને રુચિમાં ફેરફાર થાય તો વિવેકમાં પણ ફેરફાર થાય. ૯૪.

પ્રશ્ન ૯૪ ઉપર પ્રવચન

૯૪. '**પ્રશ્ન :- સ્વભાવની રુચિવાળા જીવને વિવેક એક પ્રકારનો રહેતો હશે કે કોઈ વખત વિપરીતતા આવે અને કોઈ વખત યથાર્થતા રહેતી હશે?**' અને કોઈ વખત અયથાર્થતા થતી હશે? પ્રશ્ન ઠીક ઉઠાવ્યો છે. સ્વભાવની રુચિ હોય તો જીવને વિવેક એક પ્રકારનો રહે? કે વિપરીતતા પણ થઈ જાય? અને કોઈ વખત યથાર્થતા ન પણ રહે?

'**સમાધાન :- અનુભવ પહેલાંની રુચિવાળાને એવો નિયમ નથી હોતો.**' કે એને વિવેક યથાર્થ જ રહે. ક્યાંક ગડબડ થઈ જાય, રુચિ ઢીલી પડી જાય, વિવેકમાં પણ ફેરફાર થઈ જાય. કેમકે ધ્રુવ ખીલો હજી પકડ્યો નથી. ખીલે નથી બંધાણી વાત. એને આધાર, શાશ્વત આધાર મળવો જોઈએને? તો એ બરાબર જળવાઈ રહે છે. એ આધાર હજી મળ્યો નથી અથવા છૂટ્યો તો ફેર પડવાનો સવાલ ઉભો થાય છે. એટલે એમ કહ્યું કે '**અનુભવ પહેલાંની રુચિવાળાને એવો નિયમ નથી હોતો.**' એટલે એવો નિયમ નથી હોતો કે એક જ પ્રકારનો એકધારો વિવેક રહે અને વિપરીતતા ન આવે. એવો નિયમ રહેતો નથી.

'**જો સમ્યક્‌ધારા હોય એટલે કે જેને જ્ઞાન સમ્યક્ હોય તેને સદા વિવેક યથાર્થ હોય...**' સમ્યક્‌ધારા હોય એટલે કે જેને જ્ઞાન સમ્યક્ હોય, એ તો નિર્મળ જ્ઞાન છે. એને તો વિવેક યથાર્થ હોય જ. કેમકે એને રુચિ ન હોય, સ્વભાવની રુચિ એને ન હોય એવું બને નહિ. એને તો સ્વભાવની શ્રદ્ધા છે. એને રુચિ નથી કહેતા એને તો શ્રદ્ધા કહી દે છે. રુચિ તો હજી આછી-પાતળી વાત છે. શ્રદ્ધામાં તો પૂરી શક્તિ એક સાથે પૂરી શક્તિથી શ્રદ્ધા પરિણમે છે, એમાં કાંઈ અધૂરાપણું હોતું નથી. રુચિમાં તીવ્ર મંદતા લઈએ છીએ. કેમકે મિથ્યાત્વ તીવ્ર-મંદ થાય છે માટે. પણ જ્યાં સમ્યક્ થયું ત્યાં તીવ્ર-મંદતાનો સવાલ ખલાસ થઈ ગયો. એકધારું છે સમ્યક્ત્વ.

એટલે એમ કહ્યું કે '**સમ્યક્‌ધારા હોય એટલે કે જેને જ્ઞાન સમ્યક્ હોય તેને સદા વિવેક યથાર્થ હોય અને તે પહેલાંની રુચિવાળાને રુચિમાં કંઈક મંદતા આવી જાય...**' શું કીધું? રુચિમાં ક્યાંક મંદતા આવી જાય એટલે દર્શનમોહ તીવ્ર થાય. મુમુક્ષુની ભૂમિકામાં તીવ્ર-મંદ, તીવ્ર-મંદ થાય છે. '**તો વિવેકમાં જુદું આવી જાય.**' તો ફેર પડી જાય એમ કહે છે. દર્શનમોહ તીવ્ર થાય ત્યાં વિવેકમાં ફેર પડી જ

જાય. કેમકે હજી મોહનો સદ્‌ભાવ છેને. હજી મુમુક્ષુની ભૂમિકા છે ત્યાં હજી દર્શનમોહનો સદ્‌ભાવ છે ત્યાં સુધી તીવ્ર-મંદ થાય. જ્યાં સમ્યક્ થયું ત્યાં અભાવ થઈ ગયો. મોહનો, દર્શનમોહનો અભાવ થયો છે. એટલે અભાવ થયો ત્યાં તીવ્ર-મંદતાનો સવાલ ઊભો થતો નથી. એટલે વિવેક બરાબર રહે છે.

'રુચિમાં કાંઈક મંદતા આવી જાય તો વિવેકમાં જુદું આવી જાય.' ભાષા કેટલી માઈલ્ડ લીધી છે! વિવેકમાં વિપરીતતા થઈ જાય એમ નથી કહેતા. વિપરીતતા થઈ જાય એવું ચોખ્ખું આમ કહેવાને બદલે કઠોર શબ્દ નથી વાપરતા. રુચિ મંદ પડે તો ફેર પડી જાય, જુદું આવી જાય. ભાષા સારી લીધી છે.

મુમુક્ષુ :- એટલે એ પ્રકારનો જ એમનો પ્રકાર હતો.

પૂજ્ય ભાઈશ્રી :- પદ્ધતિ હતી એમની. એમના ભાઈ વાત કરતા હતા કે બહેનશ્રીના વચનામૃત તૈયાર કર્યા તો એમ કે જ્ઞાની-અજ્ઞાનીની તુલનાનું વચન હતું. જ્ઞાનીને આમ હોય અને અજ્ઞાનીને આમ હોય. એટલે હું વાંચી સંભળાવતો હતો. તો કહે એમ નહિ એમ લખો કે જ્ઞાનીને આમ હોય અને બીજાને આમ ન હોય. અજ્ઞાની શબ્દ ન વાપર્યો. બદલાવ્યો એમણે, શબ્દ ફેરવ્યો. જ્ઞાનીને આમ હોય. બીજાને એની ખબર પડતી નથી. અજ્ઞાનીને ખબર પડતી નથી એમ નહિ, બીજાને એની ખબર પડતી નથી. એટલે બને ત્યાં સુધી કઠોર શબ્દનો પ્રયોગ નહોતા કરતા. મૃદુભાષી હતા. પ્રકૃતિ નરમ હતી એટલે ઉગ્રતા ન આવે. ઉગ્ર પ્રકૃતિવાળાને કઠોર શબ્દ આવી જાય.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી હોય તો ચાબુક મારે. ગુરુદેવશ્રીની શૈલી ચાબુક મારે.

પૂજ્ય ભાઈશ્રી :- એ એમની કરુણા હતી.

મુમુક્ષુ :- બેયમાં કરુણા છે.

પૂજ્ય ભાઈશ્રી :- કરુણા તો બેયમાં હોયને. પણ કોઈની શૈલી આવી રીતે કરુણા કરવાની હોય, કોઈની શૈલી આવી રીતે કરુણા કરવાની હોય.

મુમુક્ષુ :- બેય મુમુક્ષુને ઉપાડે જ છે પરિણામે.

પૂજ્ય ભાઈશ્રી :- બંનેથી મુમુક્ષુને લાભ છે. કેમકે જ્ઞાનીપુરુષના વચનોમાં નુકસાન થાય એવું નિમિત્તત્વ નથી. એટલે બંન્નેથી લાભ થાય. કઠોર કહે તો લાભ થાય. આચાર્ય કઠોર નથી કહેતા? ચૌદ કળશ લખ્યા સમયસારમાં, તો એમાં જે ભૂલ કરનાર છે એને પશુ કીધો છે. એને શું કીધો છે? પશુ કીધો છે. કેમકે આવા તત્ત્વની ભૂલ કરશે તો પશુ ગતિમાં જાશે. નિગોદમાં જાય છે એ પશુ જ છેને, તિર્યંચ જ છેને.

મુમુક્ષુ :- ક્લિબ શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ક્લિબ શબ્દ વાપર્યો છે. નામર્દ. ક્લિબ એટલે નામર્દ. સંસ્કૃતમાં ક્લિબ કહે છે.

મુમુક્ષુ :- એટલો અધિકાર લઈને બેઠા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કાંઈ ખોટું છે જ નહિ પછી ક્યાં સવાલ છે? જ્ઞાનીઓનું કાંઈ ખોટું છે જ નહિ પછી ક્યાં સવાલ છે?

મુમુક્ષુ :- લકડી નહીં મારે તો કભી સુધરે નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, કભી ઐસી ભી જરૂરત પડતી હૈ. કભી કઠોર કહનેકી ભી જરૂરત પડતી હૈ. કોઈ ઓછું કઠોર કહે. બહેનશ્રી ક્યારેક તો એવો કોઈ શબ્દ વાપરી લે તો એમાં કોઈ દોષ નથી. ક્યારેક કડક થઈ જતા તો થઈ જાય. એવી જરૂર લાગે ત્યારે કડક થઈ જાય તો થઈ જાય. એ પણ ઉપકારી જ છે. કડક થાય તોપણ ઉપકારી છે. વિશેષ ઉપકારી છે એમ જ લેવું જોઈએ. સવળું લેવાવાળાએ સવળું જ લેવું જોઈએ.

મુમુક્ષુ :- બધું મંગલમય જ છે. આપણે કહીએ છીએ ને, ગુરુમંગલં,..

પૂજ્ય ભાઈશ્રી :- હા બધું મંગલ છે. સર્વ મંગલં. ગુરુદેવે સમ્યક્‌નો મહિમા કેટલો કર્યો! સમ્યગ્દૃષ્ટિ બળદની ખરી વિષ્ટાને અડે તો વિષ્ટા ધન્ય છે, જાવ.

મુમુક્ષુ :- તો પછી મંગલ ક્યુ નથી?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ પ્રશ્ન જ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! તમારે તો અમારા પ્રત્યે કડક જ થવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં તો શું છે કે ગાડી ખડી જાય એવું હોય તો ન કડક કહે. એમ લાગે કે આની ગાડી ખડે એવું નથી, ઉતરે એવું નથી તો કડક થાય.

'રુચિ યથાર્થ રહ્યા કરે તો વિવેક પણ યથાર્થ રહે ને રુચિમાં ફેરફાર થાય તો વિવેકમાં પણ ફેરફાર થાય.' આમ છે. વસ્તુસ્વરૂપ આમ છે. એટલે સ્વભાવની રુચિવાળાને વિવેક એક પ્રકારનો હોય? સમ્યક્ થયું હોય તો વાંધો ન આવે. એ પહેલા ફેરફાર થવાની શક્યતા છે, અવકાશ છે માટે મુમુક્ષુએ જાગૃત રહેવું જોઈએ. અહીં સુધી રાખીએ...

પ્રશ્ન-૯૫

પ્રશ્ન :- પુરુષાર્થ અધિક હો તો અભવ્ય હોતા હી નહીં?

સમાધાન :- જિસે આત્માકે પ્રતિ રુચિ હો વહ અભવ્ય નહીં હોતા. ગુરુદેવને ઈતના સમજાયા હૈ કિ 'શુભાશુભભાવ આત્માકા સ્વભાવ નહીં હૈ.' યહ બાત જિસે અંતરમેં બૈઠ જાય ઔર આત્માકી રુચિ જાગૃત હો વહ અભવ્ય નહીં હોતા. ૯૫.

તા. ૨૦-૧૨-૧૯૯૭, પ્રશ્ન- ૯૫ થી ૯૭
પ્રવચન નં. ૬૧

સ્વાનુભૂતિદર્શન. પાનું-૭૬, વચનામૃત-૯૫. '**પુરુષાર્થ અધિક હો તો અભવ્ય હોતા હી નહીં?**' ક્યા ઠીક બાત હૈ? જિસકા પુરુષાર્થ તેજ હો વહ જીવ અભી અભવિ નહીં હોતા હૈ ઐસા હોતા હૈ ક્યા? યાની ભવિ-અભવિકા કોઈ ઈસ પ્રકાર સે દેખા જાતા હૈ ક્યા? ભવિ-અભવિકો કૈસે સમજે? પુરુષાર્થકે દૌરાન યા કોઈ દૂસરી બાત હૈ? વહ પ્રશ્ન કિયા હૈ.

'**સમાધાન :- જિસે આત્મા કે પ્રતિ રુચિ હો વહ અભવ્ય નહીં હોતા.**' ઔર પુરુષાર્થ તો રુચિ કે બાદકા સ્ટેજ હૈ. રુચિ અનુયાયી વીર્ય. જિસકો આત્માકી રુચિ હો વહ અભવિ હો, વહ તો બન હી નહીં સકતા. ક્યોં? કિ અભવિકો આત્માકી રુચિ નહીં હોતી. અભવિકો અનાત્માકી રુચિ ઉતની હૈ કિ ઈસકે કારણસે આત્માકી રુચિ કભી ઉસકો હોતી હી નહીં. અનાત્માકી રુચિમેં રાગકી રુચિ ચાહે શુભરાગકી હો ઔર સંસારકે પદાર્થોંકી, દેહ આદિ સામગ્રીકી.

'**ગુરુદેવને ઈતના સમજાયા કિ 'શુભાશુભભાવ આત્મા કા સ્વભાવ નહીં હૈ'...**' સ્વભાવકી રુચિકી બાત હૈ યહાં. શુભાશુભભાવ આત્મા કા સ્વભાવ નહીં હૈ ઈસલિયે શુભ-અશુભકી રુચિ હૈ વહ આત્માકી રુચિ નહીં હૈ. '**યહ બાત જિસે અંતરમેં બૈઠ જાય ઔર આત્માકી રુચિ જાગૃત હો વહ અભવ્ય નહીં હોતા.**' અંતરસે ઐસા બૈઠ જાયે કિ યે શુભાશુભભાવ હૈ વો આત્મસ્વભાવ હૈ હી નહીં ઔર ફિર આત્માકી

માને સ્વભાવકી રુચિ લગે વહ અભવિ નહીં હોતા. તો રુચિ કા મહત્ત્વ બહુત હૈ. જો અભી ચર્ચા ચલી હૈ ઇન દિનોંમેં ઉસમેં રુચિકી બાત કાફી ચલી હૈ.

પ્રશ્ન-૯૬

પ્રશ્ન :- યહ જીવ કઈ બાર સમવસરણમેં હો આયા, તથાપિ સમ્યગ્દર્શન પ્રાપ્ત નહીં હુઆ, તો ઉસકા ક્યા કારણ? કૃપયા સમજાયે.

સમાધાન :- ઉસને અંતરસે ભગવાનકો નહીં પહિચાના, ઇસલિયે જ્યોં કા ત્યોં લૌટ આતા હૈ. ઉસને બાહરસે તો ભગવાનકો પહિચાના કિ ભગવાન સમવસરણમેં સિંહાસન પર વિરાજ રહે હૈં, અષ્ટ પ્રાતિહાર્ય હૈં, છત્ર-ચૅંવર હૈં ઔર શરીર શાંત હોનેસે વે શાન્ત હૈં-યહ સબ ઉસને દેખા; પરન્તુ અંતરસે ભગવાનકો નહીં પહિચાના, ઇસલિયે લૌટ આયા. ભગવાનકા ક્યા સ્વરૂપ હૈ, આત્માકા ક્યા સ્વરૂપ હૈ વહ નહીં પહિચાના ઇસલિયે લૌટ આતા હૈ. ૯૬.

પ્રશ્ન ૯૬ ઉપર પ્રવચન

૯૬. '**પ્રશ્ન :- યહ જીવ કઈ બાર સમવસરણમેં હો આયા, તથાપિ સમ્યગ્દર્શન પ્રાપ્ત નહીં હુઆ, તો ઉસકા કારણ ક્યા?**' સમવસરણમેં ધર્મ પ્રાપ્તિ કા બહુત વાતાવરણ હોતા હૈ-એન્વાયરમેન્ટ પૂરા ધર્મ પ્રાપ્તિકા હોતા હૈ. સબસે બડી બાત યહ હૈ કિ સજીવનમૂર્તિ સાક્ષાત પરમાત્મા જિનેન્દ્રદેવ બિરાજમાન હોતે હૈં ઔર બહુતસે મુનિરાજ હોતે હૈં. બહુતસે માને બહુતસે લાખોં. સમ્યગ્દષ્ટિ તો બહુત હોતે હૈં ઇસસે ભી. ભલે હી મિથ્યાદષ્ટિકી સંખ્યા સબસે અધિક હૈ, ફિર ભી ધર્મ કા એન્વાયરમેન્ટ પૂરા વાતાવરણ જમા હુઆ રહતા હૈ વહાં. ઔર ભગવાનકી વાણી જબ બંદ રહતી હૈ તો આપસ મેં ધર્મ ચર્ચાયેં બહુત ચલતી હૈ મુનિરાજોંકી, સાધર્મિઓંકી આપસમેં બહુત ચલતી હૈ. ઐસી પરિસ્થિતિમેં હમ લોગ અનંતબાર જાકર વાપિસ આયે કુછ લિયે બિના—ધર્મ પ્રાપ્તિ કિયે બિના. તો ક્યા કારણ હુઆ? ઐસા નહીં હુઆ કિ ભગવાનકી

પૂજા-ભક્તિ નહીં કી. વહ ભી બહુત કી. બહુત માને બહુત-બહુત કી. પૂજા-ભક્તિ બહુત-બહુત કી. ક્યોંકિ સબ બહુત કરતે હૈં. તો સામાન્ય જીવ તો જુડ જાતે હૈં. જો ભી પ્રવાહ ચલતા હૈ ઉસમેં સબ જુડ જાતે હૈં. યહાં ભી જુડ જાતે હૈં પ્રવાહમેં. સંપ્રદાયમેં જુડ જાતે હૈં કિ નહીં? તો વહાં તો બહુત વાતાવરણ હૈ. યહ ભી બહુત કિયા હૈ. ફિર ભી ધર્મ પ્રાપ્તિ નહીં કિયા હૈ ક્યા કારણ હુઆ હોગા?

'સમાધાન :- ઉસને અંતરસે ભગવાનકો નહીં પહિચાના,...' ક્યા? ક્યા બાત લી? પહચાનકી બાત લી. સજીવનમૂર્તિકી અંતરસે પહચાન નહીં કી.

મુમુક્ષુ :- સમ્યક્ત્વકી?

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્ત્વકી પહચાન નહીં કી. સર્વજ્ઞરૂપસે તો પહચાન કરના બહુત મુશ્કિલ હૈ. સર્વજ્ઞતાકો પહચાનના યા શુક્લધ્યાનકો પહચાનના વહ તો આખરી શુક્લધ્યાન વહાં વર્તતા હૈ ચૌથે નંબરકા. ઉસકી પહચાન હોના તો બહુત મુશ્કિલ હૈ ક્યોંકિ વહ તો બહુત સૂક્ષ્મ અવસ્થાયેં હોતી હૈં. ઈસકે આગે સમ્યક્ત્વ હૈ વહ સ્થૂલ હૈ. ઐસે તો સમ્યક્ત્વ ભી બહુત સૂક્ષ્મ હૈ. પરંતુ ઈસકે આગે (સ્થૂલ હૈ). તો સમ્યક્ત્વરૂપમેં ભી નહીં પહચાના.

વહ કૃપાલુદેવ એક ચિઠ્ઠીમેં લિખતે હૈં ન? કિ સમ્યક્ત્વ કે રૂપમેં ભી નહીં પહચાના. ક્યોંકિ વહ અંતરંગ ચીજ હૈ. તો અંતરસે નહીં પહચાના. બાહ્યસે દિખતે હૈં કિ દેખો કોઈ વિષયકષાયકી પ્રવૃત્તિ ભગવાનકો નહીં હૈ. હમારે જિનેશ્વર પરમાત્માકો કોઈ વિષય-કષાયકી પ્રવૃત્તિ નહીં હૈ. ખાના ભી નહીં હૈ, પીના ભી નહીં હૈ, નીંદ ભી નહીં હૈ, ટટ્ટી-પેશાબ ભી નહીં હૈ, કુછ ભી નહીં હૈ. શ્વેતાંબર માનતે હૈં ઐસા કુછ નહીં હૈ. ખાના, પીના, ટટ્ટી, પેશાબ વો લોગ માનતે હૈં ઐસા કુછ નહીં હૈ. કેવલધ્યાનમેં, કેવલજ્ઞાનમેં, કેવલધ્યાનમેં, કેવલદર્શનમેં, કેવલવીર્યમેં ઐસે પરિપૂર્ણ, કેવલ માને પરિપૂર્ણ, પરિપૂર્ણરૂપસે બિરાજમાન હૈં. ઔર વહ બાહ્ય સે દિખતા હૈ. ધ્યાનાદિ બાહ્ય સે દિખતા હૈ, લેકિન બાહ્ય સે પહચાન નહીં હોતી. પહચાન હોતી હૈ તો અંતર સે હોતી હૈ. તો ક્યા કહા? કિ **'અંતરસે ભગવાનકો નહીં પહિચાના,...'** ઓઘસંજ્ઞાસે માના કી યહ હમારે ભગવાન હૈ. વીતરાગ હૈ, જિનેશ્વરદેવ હૈ, સર્વજ્ઞ હૈ. ઈસલિયે પૂજા-ભક્તિ કરતે હૈં. જૈસે અભી કરતે હૈં મંદિરમેં જાકર.

મુમુક્ષુ :- ઉપર-ઉપર સે મહિમા કર લી.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ઉપર ઉપર સે માને ઓઘસંજ્ઞાસે. કિયા બહુત હૈ. ભક્તિ, પૂજા, ઘંટોં તક કિયા બહુત હૈ. થક જાયે વહાં તક કિયા હૈ. પૂજા કરતે-કરતે, ભક્તિ કરતે-કરતે થક જાયે ઈતને ઘંટે કિયા હૈ. ઔર કૃત્રિમતામેં તો થકાન લગે હી લગેગી

હી. વહ સ્વભાવ થોડી ન હૈ? વહ પૂજા, ભક્તિ કરના વહ કોઈ આત્માકા સ્વભાવ નહીં હૈ. તો થક તો જાયેગા.

મુમુક્ષુ :- એમાં એ પત્રમાં કૃપાળુદેવે એમ લખ્યું છે. કોઈ વિચારે, કોઈ કારણે અને કોઈ અવલંબને સમકિતપણે જો ઓળખાય એનું મહત્ત્વ છે. એમાં વિચારે, કારણે અને અવલંબને એનો શું અર્થ છે?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષ અને પરોક્ષ બે વાત લીધી છે. ૫૦૪ છેને? ૫૦૪ પત્ર છે.

'કોઈ પ્રગટ કારણને અવલંબી, વિચારી, પરોક્ષ ચાલ્યા આવતા સર્વજ્ઞ પુરુષને...' પ્રગટ કારણને અવલંબીને માને ક્યા? કિ શાસ્ત્રસે સુનનેકો મિલે યા ભગવાનકી જિનપ્રતિમા દેખનેકો મિલે. તો વો પ્રત્યક્ષમેં સર્વજ્ઞ નહીં હૈ. જો પરોક્ષ સર્વજ્ઞ ચલે આયે હૈં ઉનકી પ્રતિકૃતિ હૈ ઔર ઉનકા વર્ણન હૈ. શાસ્ત્રમેં ઉસકા વર્ણન હૈ ઔર મંદિરજીમેં ઉસકી પ્રતિમામેં ઉસકી પ્રતિકૃતિ હૈ. આવો **'પુરુષને માત્ર સમ્યગ્દૃષ્ટિપણે પણ ઓળખાય તો તેનું મહત્ ફળ છે;...'** બહુત હૈ. તો ઉસમેં ક્યા હૈ કિ જો સંસ્કારી જીવ હૈ તો ઉસકો તો પરોક્ષતાસે ભી પહચાન આ જાતી હૈ. ભગવાનકા દર્શન કરકે હી ઉસકો પહચાન આ જાયેગી યા શાસ્ત્ર સુનતે ભી ઉસકો પહચાન આ જાયેગી. વહ બાત તો પરોક્ષતાકી રહી.

અબ પ્રત્યક્ષ. **'પ્રત્યક્ષ સર્વજ્ઞ પુરુષને પણ કોઈ કારણે, વિચારે, અવલંબને સમ્યગ્દૃષ્ટિસ્વરૂપપણે પણ ન જાણ્યા હોય તો તેનું આત્મપ્રત્યયી ફળ નથી,...'** યાની આત્મલાભ હોવે ઐસા ફલ કુછ નહીં હૈ. તો ઉસમેં ક્યા કહા કિ કિસી કારણસે. કિસી કારણસે માને પુણ્યયોગકે કારણસે પ્રત્યક્ષ યોગ મિલ ગયા.

મુમુક્ષુ :- સર્વજ્ઞ પરમાત્માકા?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, સર્વજ્ઞ પરમાત્માકા. ઈતના પુણ્ય નહીં હોવે તો સમવસરણમેં પહુંચેગા કહાંસે? ઔર વહાં કુછ વિચારમેં આયા હૈ કિ યે ક્યા? સર્વજ્ઞ માને ક્યા? સમ્યગ્દૃષ્ટિ માને ક્યા? ઔર અવલંબનસે, અવલંબનસે માને જિસકી પહચાન હોતી હૈ ઉસકા કુછ આધાર મિલતા હૈ તો પહચાન હોતી હૈ. જૈસે જ્ઞાનલક્ષણકે આધારસે જ્ઞાનસ્વભાવકી પ્રાપ્તિ હુઈ. વહાં અવલંબન આયા. ઈસલિયે આધાર-આધેયકી બાત લી કિ પર્યાય આધાર હૈ, સ્વભાવ આધેય હૈ. અવલંબનમેં આધાર મિલતા હૈ. તો વહાં બાહ્યમેં ભી પહચાનમેં એક આધાર મિલતા હૈ કિ સિમ્પટમકા અવલંબન મિલતા હૈ તબ વહ સિમ્પટમ ક્યા હૈ? કિ સમ્યક્ત્વ. ઈસલિયે તો સમ્યક્કા પ્રકરણ ચાલુ કિયા હૈ. સ્વાધ્યાયમેં સમ્યક્ત્વકા પ્રકરણ નોટ કરાતે હૈં ન? ઉસી કારણસે કરાતે

હૈં. ઈસપર વિસ્તારસે કુછ બાતેં ચલેગી ફિર. જબ વહ પ્રકરણ હાથમેં લેગે તો વિસ્તારસે ઉસ વિષય પર ચર્ચા કરેંગે ઔર ફિર ઈસકા આર્ટિકલ ભી બન જાયેગા.

અભી સંક્ષેપમેં લેના હો તો ઉતના લે સકતે હૈં કિ 'સમ્યક્' શબ્દ હૈ વહ સ્વાભિમુખતા કો સૂચિત કરતા હૈ. વહ દિશાવાચક, દિશાસૂચક શબ્દ હૈ. ક્યા હૈ? દિશાકી સૂચના હૈ ઉસમેં ઔર ઉસકા વાચ્ય સ્વાભિમુખ અંતર્મુખ દિશા હૈ. વહ અગર પહચાનમેં આ જાયે જૈસે કૈસે ભી તો બસ વહ પહચાનમેં આ જાનેકે લિયે વહ સિમ્પટમ લિખવાતે હૈં કિ યહાંસે, યહાંસે સમ્યક્ત્વ માલૂમ પડ સકતા હૈ. ઈસ પ્રકારસે વૈસે વૈસે ભાવોંસે, વૈસે વૈસે શબ્દોંસે ઔર વાણીસે સમ્યક્ત્વકી હમેં સૂચના મિલતી હૈ. તો અગર સમ્યક્ત્વકી પહચાન હોગી યા અંતર્મુખતાકી પહચાન હોગી. ભગવાનકી મૂર્તિમેં મેઈન ચીજ તો વહી હૈ.

ઔર એક બાત વિશેષ હૈ કિ જો અંતર્મુખતા હૈ વહ સ્વસંવેદનસે અભેદ હૈ ઔર જો નિર્વિકલ્પ સ્વસંવેદન હૈ વહ અંતર્મુખતાસે અભેદ હૈ. તો જિસકો અંતર્મુખતા દિખતી હૈ ઉસકો સ્વસંવેદન દિખતા હૈ, સ્વસંવેદન દિખતા હૈ ઉસકો અંતર્મુખતા દિખતી હૈ. તબ દો અલગ-અલગ રહતે નહીં. તો ફેક્ટર આયા વેદનકા, વેદનકા-વેદનકા. ફેક્ટર આયા સ્વસંવેદનમેં કિસકા આયા? વેદનકા. જિસકો વેદન દિખે ઔર વહ ભી પ્રચુર વેદન દિખે ઔર અંદરમેં વેદન નહીં આયે ઐસા નહીં બન સકતા. વેદન વેદનકો લાતા હૈ. ચાહે પીડાકી વેદના હો, ચાહે સ્વસંવેદન હો. પીડાકી વેદના, અનજાને પ્રાણીકી પીડાકી વેદના તિર્યંચકી ભી હો, મનુષ્યકી ક્યા? દેખનેવાલેકો પીડા પૈદા કરતી હૈ. કિ અરેરે..! બેચારા બહુત દુઃખી હો રહા હૈ. બહુત દુઃખી હો રહા હૈ. ચિલ્લાતા હૈ, ચિલ્લાતા હૈ. પીડાકે મારા મારા ચિલ્લાતા હૈ, સહન નહીં કર સકતા હૈ. લોગ દેખ નહીં સકતે. દેખનેવાલેકો પીડા હોતી હૈ કિ નહીં? તો જિનેશ્વર પરમાત્માકે અનંત સ્વસંવેદનકો દેખે ઔર પરિપૂર્ણ નિરવશેષ અંતર્મુખતા દિખ જાયે તો યે સમ્યક્ત્વ હૈ, યે સમ્યક્ હૈ. અંતર્મુખતા ઔર સ્વસંવેદનકા અભેદ સ્વરૂપ વહી સમ્યક્ત્વ હૈ. લિખો. અંતર્મુખતાકા ઔર સ્વસંવેદનકા અભેદસ્વરૂપ વહી સમ્યક્ત્વ હૈ, વહી, સમ્યક્ હૈ.

ઈસપ્રકારસે અગર નહીં પહચાના હો તો ઉસકા આત્માકે વિષયમેં, આત્માકે પ્રતિ કોઈ ફલ નહીં આતા. ચાહે કિતના ભી ભક્તિ-પૂજા કિયા હો, ચાહે કિતના ભી સમર્પણ કિયા હો. ઈતના સમર્પણ કિયા કિ કોઈ દીક્ષા લેકર આ જાતા હૈ અંદર. કોઈ ભવિ જીવ ઐસા ભી હોતા હૈ, અભવિ નહીં આ સકતા વહાં સમવસરણમેં, સમર્પણ ઈતના કરે રાજપાટ, રાનિયાં છોડકરકે, દીક્ષા લેકરકે ભગવાનકે સમવસરણમેં પહુંચ જાયે. તો ઉસકો કુછ લાભ હોવે કિ નહીં હોવે? કિ નહીં. પહચાને તો લાભ

હો. નહીં પહચાને તો લાભ નહીં હોતા. કુછ ભી કર લે. યહ ઈસકા કેન્દ્રસ્થાન હૈ. પહચાનના વહી ઉસકા કેન્દ્રસ્થાન હૈ. સેન્ટર પોઈન્ટ. યહ ઈધર કહા.

પરમાર્થસે ઉસકી સેવા કી ઔર સેવા નહીં કી, જીવકો કુછ ફર્ક નહીં પડતા. પરમાર્થસે દેખે તો સેવા-ભક્તિ બહુત કિયા ઔર કુછ નહીં કિયા, કોઈ ફર્ક નહીં. દોનોં ઈક્વલ હૈ, બરાબર હૈ. બહુત સેવા-ભક્તિ કિયા એકને ઔર એકને કુછ સેવા-ભક્તિ નહીં કિયા, યે દોનોં બરાબર હૈ. દોનોં પરમાર્થસે તો બરાબર હૈ. પરમાર્થસે તો કોઈ ફર્ક નહીં હૈ દોનોંમેં. ઈસલિયે કુછ સફલ કારણરૂપસે ઈસ પૂજા, ભક્તિ, સેવાકો જ્ઞાનીપુરુષને સ્વીકાર નહીં કિયા હૈ ઐસા માલૂમ પડતા હૈ. સભી જ્ઞાનીપુરુષને ઈસકા સેવાકા કોઈ સફલ કારણ સ્વીકાર નહીં કિયા, અર્પણતાકા કોઈ સફલ કારણ સ્વીકાર નહીં કિયા.

મુમુક્ષુ :- એટલે ભાઈશ્રી? સ્વીકાર નથી કર્યો એટલે એક્સેપ્ટ?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વો માનતે નહીં હૈ કિ ઉસકો લાભ હુઆ હૈ.

મુમુક્ષુ :- આને સેવા ભક્તિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ઉસકા કોઈ કારણ સ્વીકાર નહીં કિયા હૈ કિ ઉસકો કુછ લાભ હુઆ હૈ. કુછ કારણ તો હુઆ હૈ કિ નહીં હુઆ હૈ? કાર્ય ભલે અભી નહીં હુઆ. કુછ તો કારણ હુઆ હોગા કિ નહીં હુઆ? બિલકુલ નહીં. સેવા-અસેવા પરમાર્થસે કોઈ ફર્ક નહીં હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સમ્યગ્દૃષ્ટિકો અંતર્મુખતા હરસમય રહતી હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આંશિક રહતી હૈ. પરિણતિ હૈ ન, વો અંતર્મુખ પરિણતિ હૈ. સમ્યગ્દૃષ્ટિકો જો પરિણતિ હો ગઈ વહ અંતર્મુખ પરિણતિ હૈ ઈસલિયે હરસમય રહતી હૈ.

મુમુક્ષુ :- અંતર્મુખ પરિણતિ છે ભાઈશ્રી! ઈ સ્વસંવેદનની સાથે કનેક્ટીવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અભેદ જ છે.

ક્યા હૈ કિ જીવને અંતર સે ભગવાનકો પહચાના નહીં. ઈસલિયે વૈસા કા વૈસા વાપિસ આતા હૈ. તો કોઈ કહે કિ ભાઈ! પૂજા-ભક્તિ ઈતના કિયા હૈ... ઈતના કિયા હૈ... બહુત કિયા હૈ, ટ્રિમેન્ડસ કિયા હૈ. જ્ઞાનીને સ્વીકાર નહીં કિયા. કોઈ ભી જ્ઞાનીને સ્વીકાર નહીં કિયા. જ્ઞાનીપુરુષને સ્વીકાર નહીં કિયા ઐસા લિયા ન? તો ઈસકા મતલબ વૈસા કા વૈસા વાપિસ આયા હૈ. ઉસકે પરિણામમેં... યહાં એક શબ્દપ્રયોગ વો કિયા હૈ કૃપાલુદેવને. જાતિભેદ નહીં હુઆ. ઉસકી સાદી ભાષા લેવે તો કોઈ ફર્ક નહીં પડા. જાતિ પલટ જાતી. પહચાનતા તો જાતિ પલટ જાતી. ઔર

પહચાન હોનેમેં યોગ્યતા જરૂરી હૈ. દઢ સત્સંગ, દઢ મુમુક્ષુતા માને મોક્ષાર્થીપના, પરિચય. સત્સંગ, સત્સંગ સે પરિચય, મોક્ષાર્થીપના, અમલીકરણકા ઉત્સાહ ઔર અંતરાત્મવૃત્તિ. ઈતને પરિણામ હુએ બિના પહચાન કિસીકો હોતી હી નહીં.

મુમુક્ષુ :- તબ તો ભાઈશ્રી! જ્ઞાનીકે પ્રતિ સહજ બહુમાન ઉછલતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યા ઉછલતા હૈ? વો તો સવાલ હી પૈદા નહીં હોતા.

ઉસને ભગવાન કો બાહર સે પહચાના હૈ કિ ભગવાન સમવસરણમેં બિરાજતે હૈં. જો સમવસરણ મેં બિરાજતે હૈં વહી ભગવાન હોતે હૈં. ગંધકુટી પર. બાકી દૂસરે કેવલીકા ક્યા હુઆ? ઉસકો તો સમવસરણ નહીં હૈ. સમવસરણમેં ભી કિતને અરિહંત હો જાતે હૈં, મુનિદશામેં સે શ્રેણી લગાતે હૈં. વૈસે તો ભગવાનકી જો ધર્મસભા હૈ ઉસસે ભગવાન કા પાંચસો ધનુષ ઊંચા સ્થાન હૈ. જૈસે સ્થાન ઊંચા હૈ. સુનનેવાલેકા ઔર બોલનેવાલેકા સ્થાન અલગ-અલગ રહતા હૈ ન ઊંચા-નીચા? ભગવાનકા સ્થાન પાંચસો ધનુષ ઊંચા હૈ. તીન પીઠીકા હૈ. ઉપર કમલાસનપર બિરાજમાન રહતે હૈં અંતરીક્ષમેં. વહ ભી અંતરીક્ષમેં. કમલાસન પર ભી અંતરીક્ષમેં રહતે હૈં. તો જો ભી મુનિરાજ કેવલી હો જાતે હૈં, ફટાકસે વહ પાંચસો ધનુષ ઊંચે ચલે જાતે હૈં. આકાશમેં દેવ કમલાસનકી રચના કર દેતા હૈ ઔર વહાં વહ કેવલી બિરાજમાન રહતે હૈં વહાં. તો સમવસરણમેં બિરાજમાન હૈ ઈસલિયે ભગવાન હૈ તો વહ કેવલીકો કૈસે માનેગા? અષ્ટ પ્રાતિહાર્ય તો વહ કેવલીકો નહીં હૈ. અષ્ટ પ્રતિહાર્ય દૂસરે કેવલીકો નહીં હૈ. ઔર ઐસે કિતને કેવલી હોતે હૈં? લાખોં.

'**સિંહાસન પર વિરાજ રહે હૈં,...**' માને કમલાસન કહો, સિંહાસન કહો, બૈઠનેકા વિશિષ્ટ પ્રકારકા આસન હોતા હૈ. વહ તો કુબેરકી રચના હૈ દેવોંકી. '**છત્ર-ચંવર હૈં ઔર શરીર શાંત હોનેસે વે શાંત હૈં.**' પરિણામ શાંત હોનેસે શરીર ભી શાંત હૈ, ધ્યાનસ્થ અવસ્થામેં હૈ. '**યહ સબ ઉસને દેખા;...**' યહ સબ સમવસરણમેં દેખનેકો મિલતા હૈ ઔર શાસ્ત્રમેં ભી આતા હૈ કિ જિનેશ્વરદેવકો ઐસા-ઐસા સમવસરણમેં હોતા હૈ તીર્થંકર પરમાત્માકો. '**પરંતુ અંતરસે ભગવાનકો નહીં પહિચાના,...**' ઉસકે અંતરંગમેં ક્યા ચલતા હૈ? અંતર્મુખતા ઔર સ્વસંવેદન વહ પહચાના નહીં.

અનુભવપ્રકાશમેં દેવ અધિકારમેં લિખા હૈ કિ ભગવાનકી પ્રતિમા, વહાં પ્રતિમાકી બાત ચલી હૈ, અભી તો સાક્ષાત્ હૈ નહીં, ૨૫૦૦ સાલ હો ગયા. અબ તો પ્રતિમાકે સિવા કોઈ ભગવાનકે સ્વરૂપ દેખનેકા તો, જિનેશ્વરકા સ્વરૂપ દેખનેકા તો કોઈ દૂસરા નિમિત્ત હૈ નહીં. દેખનેકા. સુનને કો મિલે શાસ્ત્રસે. દેખનેકા તો પ્રતિમાજીકે સિવા કુછ હૈ નહીં. તો વહાં લિખતે હૈં વે કિ ભગવાનકી પ્રતિમાકા દર્શન કરતે હુએ જ્ઞાનીપુરુષ

ઈનકે અનંત સ્વસંવેદનકો દેખતે હૈં. કિસમેં? પ્રતિમામેં. પ્રાણપ્રતિષ્ઠા કિયા હૈ ન? તો ઉસમેં સ્વસંવેદનકા આરોપ હૈ. જીવંતરૂપમેં દેખતે હૈ વહાં. પ્રતિમાકે રૂપમેં ભગવાનકો નહીં દેખતે. મંદિરમેં સાક્ષાત્ જિનેશ્વર બિરાજમાન હૈં ઐસા દેખતે હૈં. તો ઉનકે અનંત સ્વસંવેદનકો દેખતે હુએ વે અપને સ્વસંવેદનકો આવિર્ભૂત કરતે હૈં. વો બાત લિયા હૈ દેવ અધિકારમેં. ઈસલિયે જિનપ્રતિમા પૂજ્ય હૈ ઔર ધર્મકા નિમિત્ત હૈ. શુભભાવકા નિમિત્ત નહીં લિયા, ધર્મકા નિમિત્ત હૈ ઐસા લિયા હૈ. ઔર ભેદજ્ઞાનીકો, જ્ઞાનીકો ધ્યાનકા ભી નિમિત્ત હૈ. સ્વરૂપસ્થિરતાકા ભી નિમિત્ત હૈ. વહ તો નિરવશેષ અંતર્મુખતામેં શુક્લધ્યાનમેં બિરાજમાન હૈ. ધ્યાનકા ભી નિમિત્ત હૈ. ઔર મુમુક્ષુકો ભેદજ્ઞાન નહીં હો તો જ્ઞાનકા નિમિત્ત હૈ ઔર ઓઘસંજ્ઞાવાલેકો શુભભાવકા નિમિત્ત હૈ. ઉસકો આગે બાત ચલતી નહીં હૈ. લેકિન કોઈ ભેદજ્ઞાન કરતા હૈ, પ્રયાસ કરતા હૈ તો ઉસકો નિમિત્ત હોતા હૈ. ઉતની બાત હૈ ઉસમેં.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ધ્યેય તરીકે પણ લેવાયને? ધ્યેય છે તે પૂર્ણતાનું લક્ષ તો આ જીવંત થયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ધ્યેયકા હી સ્થાપન કિયા હૈ. ધ્યેયકી મૂર્તિ બનાકર મૂર્તિમંત ધ્યેય કરકે સ્થાપિત કિયા હૈ. ઈસલિયે જ્ઞાની ભી જિનમંદિર બનાતે હૈં ઔર ભગવાનકી પ્રતિમાકી સ્થાપના કરતે હૈં. ઔર વહ સ્થાપના અપને જ્ઞાનકા, જો સમ્યગ્જ્ઞાનકા નય હૈ ઉસકા હી વિષય હૈ. નયકે વિષયકો હી નિક્ષેપ કહતે હૈં. સ્થાપનાનિક્ષેપ. જિસકો નય હૈ ઉસકો નિક્ષેપ હૈ, જિસકો નય નહીં હૈં ઉસકો નિક્ષેપ કહાં કહા? અભી કોઈ જ્ઞાની નહીં હૈ તો મુમુક્ષુલોગ ભી કરતે હૈં. બાકી મૂલમેં તો વહ જ્ઞાનીકા સ્ટેજ હૈ. મૂલમેં તો વહ જ્ઞાનીકા સ્ટેજ હૈ, પ્રતિમા બનાના, સ્થાપના કરના.

'**યહ સબ ઉસને દેખા; પરંતુ અંતરસે ભગવાનકો નહીં પહિચાના, ઈસલિયે લૌટ આયા.**' વૈસા કા વૈસા. ઉપર કહા ન? વૈસા કા વૈસા વાપિસ આયા. '**ભગવાનકા ક્યા સ્વરૂપ હૈ, આત્માકા ક્યા સ્વરૂપ હૈ વહ નહીં પહિચાના...**' ક્યોંકિ સમ્યક્ત્વકો પહચાને તો આત્માકા સ્વરૂપ પહચાનનેમેં આ જાયે. ક્યોંકિ સર્વ ગુણાંશ વહી સમ્યક્ હૈ. યે દો હી મુદ્દા લિયા અંતર્મુખતાકા ઔર સ્વસંવેદનકા. લેકિન સર્વ ગુણાંશ વહી સમ્યક્ હૈ. એક ગુણકો અનંતગુણકા રૂપ હોતા હૈ. '**વહ નહીં પહિચાના ઈસલિયે લૌટ આતા હૈ.**' ક્યોં વાપિસ આયા સમ્યગ્દર્શન લિયે બિના? પહચાના નહીં. અગર પહચાન લેતા તો વહ દૂસરા સમકિત હો ગયા. તો ઉસકો તો તીસરા હો હી જાયેગા. ઉસમેં તો જ્યાદા કાલ લગતા નહીં હૈ.

ઔર પ્રશ્ન કિયા ૯૭ મેં.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમાં જે સમયસારમાં આવ્યું હતુંને એમાં ભગવાન આચાર્ય મહારાજે કીધું કે આ જીવે બધું કર્યું છે, પણ જ્ઞાનીની સોબત નથી કરી અને એની સેવા નથી કરી.

પૂજ્ય ભાઈશ્રી :- એ ચોથી ગાથા. સંગતિ નથી કરી અને સેવા કરી નથી એમ બે શબ્દ છે. સત્સંગ કિયે બિના, પરિચય કિયે બિના તો પહચાન હોતી નહીં. ઔર પરિચય કરનેકે બાદ ભી ઈતની અપની યોગ્યતા હોગી તો પહચાન હોગી તો બાત હોગી. મોક્ષાર્થીપના, અંતરાત્મવૃત્તિ ઔર અમલીકરણ. તભી પહચાન હોતી હૈ. સત્સંગ તો સમવસરણમેં ગયા તો સત્સંગ નહીં કિયા વહ ભી બાત નહીં હૈ. ઔર સેવા નહીં કિયા વહ ભી બાત નહીં હૈ. તો સમયસારકા મુદ્દા અકેલા લાગુ નહીં પડતા હૈ. યહાંસે થોડા ગહરાઈમેં જાને પડેગા. વહાં થોડી મોટી-મોટી બાત હૈ. કરની ચલા હૈ ન વહાં તો. વહ સબ કરકે આયા હૈ. સમયસાર સુનનેવાલા તો વહ સબ કરકે આયા હૈ. તો ઉનકો વહ બાત નહીં બતાતે. ઐસા લિયા હૈ. સંક્ષેપમેં લિયા હૈ સેવા-સંગતિ નહીં કિયા. લેકિન યહાં તો સેવા-સંગતિ આ ગયા સમવસરણમેં ગયા તો.

પ્રશ્ન-૯૭

પ્રશ્ન :- આત્માકે અસ્તિત્વકા સ્વીકાર કૈસે હો?

સમાધાન :- ગુરુદેવને કહા હૈ ઉસકી અપૂર્વતા અંતરમેં ભાસિત હો, આત્મામેં હી સર્વસ્વ હૈ, એસા લગે, આત્મા કોઈ નિરાલા હૈ, ઉસ ઓરકી રુચિ-પુરુષાર્થ જગે, ઔર શુભાશુભભાવોંમેં કહીં ભી રુચિ ન લગે તબ ઉસે અંતરસે અપને અસ્તિત્વકા યથાર્થ સ્વીકાર આતા હૈ. ૯૭.

પ્રશ્ન ૯૭ ઉપર પ્રવચન

'પ્રશ્ન :- આત્મા કે અસ્તિત્વકા સ્વીકાર કૈસે આયે?'

'સમાધાન :- ગુરુદેવને કહા હૈ...' હમ કહતે હૈં વૈસે નહીં લેતે. ખાતા ખુલા રખા હૈ. ઓપન એકાઉન્ટ. કભી ભી કોઈ ભી એન્ટ્રી ડાલ દો. **'ગુરુદેવને કહા હૈ ઉસકી અપૂર્વતા અંતરમેં ભાસિત હો, આત્મામેં હી સર્વસ્વ હૈ ઐસા લગે, આત્મા કોઈ નિરાલા હૈ,...'** અલગ હૈ. જુદી જાતિકા, અલગ જાતિકા હૈ. **'ઉસ ઓરકી રુચિ-પુરુષાર્થ જગે, ઔર શુભાશુભભાવમેં કહીં ભી રુચિ ન લગે તબ ઉસે અંતરસે અપને અસ્તિત્વકા યથાર્થ સ્વીકાર આતા હૈ.'** વહ તો બહુત સંક્ષેપમેં ઉત્તર દિયા હૈન? તો ઉસકે ઉપર લંબાચૌડા પ્રશ્ન ઉઠાયા હૈ. ઔર ફિર બહુત વિસ્તારસે ઉસકા ઉત્તર ભી દિયા હૈ. અબ સંક્ષેપમેં ક્યા કહા? કિ ઉસકી અંતરમેં અપૂર્વતા લગે. વહ તો પહચાન આયે તભી. અસ્તિત્વગ્રહણમેં અપૂર્વતા આતી હૈ. યાની વેદનસે અપને અસ્તિત્વકા ગ્રહણ હોતા હૈ. વેદન બિના તો હોતા નહીં હૈ. ક્યોંકિ અરૂપી પદાર્થ અપના સ્વરૂપ, અરૂપી પદાર્થ હોને સે દિખનેમેં તો આયેગા નહીં. ચક્ષુઇન્દ્રિયસે દેખનેકો જાયે તો અપના આત્મા તો નહીં દિખેગા કહીં ભી. શરીર દિખેગા લેકિન શરીરકે સંયોગમેં રહા હુઆ આત્મા નહીં દિખતા હૈ. ઔર દૂસરી ઇન્દ્રિયકા તો કોઈ કામ નહીં હૈ. તો કહાંસે ઉસકા અસ્તિત્વ, વહ હૈ ઇસકી મૌજૂદગીકા પતા કહાંસે ચલતા હૈ? જ્ઞાન વેદનસે. તો અપૂર્વતા લગે. ઉસ વક્ત ક્યા લગે? અપૂર્વતા લગે.

અનંતકાલમેં મુજે ઐસા સ્વભાવ માલૂમ પડા નહીં હૈ. વેદનસે માલૂમ પડતા હૈ. અસ્તિત્વ માલૂમ પડતા હૈ. અપૂર્વ-અપૂર્વ વો મહિમાસૂચક હૈ. ક્યા? અપને તો વો પ્રકરણ નિભ્રાંતદર્શનકી પગડંડીમેં પૂરા હૈ. લેકિન ઉસમેં મુખ્ય બાત વહ લિયા હૈ કિ સ્વભાવકી પહચાન હોનેવાલેકો યાની અસ્તિત્વ ગ્રહણ કરનેવાલેકો અનંત મહિમાવંત પદાર્થ હોનેસે, જિતના અનંત મહિમાવંત હૈ ઉતની મહિમા ઉસકે જ્ઞાનમેં આતી હૈ. અનંતી મહિમા આયી ઉસકો એક શબ્દમેં અપૂર્વ કહતે હૈં. 'ઘટ અંતરમેં ન સમાયે.' સમાતી નહીં હૈ. અપને પરિણામમેં વહ મહિમા સમાતી નહીં હૈ.

મુમુક્ષુ :- ઉછલ-ઉછલકર બાહર નિકલતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- બાહર નિકલ જાતી હૈ. તો ક્યા હોતા હૈ? કિ ઇતની મહિમા આતી હૈ... ઇતની મહિમા આતી હૈ કિ ઇસકી ધૂન ચડ જાતી હૈ, ઇસકી ધૂનમેં સે વહ બાહર નિકલ સકતા નહીં હૈ, છૂટ સકતા નહીં હૈ. ઇસલિયે વહ ઉસકી ધૂનમેં હી રહા કરતા હૈ.

મુમુક્ષુ :- વહી અંતર્મુખતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- અંતર્મુખતા તો ફિર વેદન સ્વસંવેદન આયેગા તબ હોગી, લેકિન અભી તો ધૂન, પહચાનને મેં તો અભી તો ધૂન ચડતી હૈ.

અપૂર્વતા અંતરમેં લગે. આત્મામેં હી સર્વસ્વ હૈ ઐસા લગે. ક્યા? લગે... લગે.. આયેગા. ફિલિંગ સ્ટેજ હૈ ન? વિચારમેં આતા હૈ. ઐસા નહીં લેતે હૈં. લગતા હૈ... લગતા હૈ... અપૂર્વતા લગતી હૈ, સર્વસ્વપના લગતા હૈ. યહી મેરા સર્વસ્વ હૈ. મેરી પૂરી દુનિયા હી યહાં હૈ, મેરા પૂરા જગત યહાં હૈ. ઔર બાહરકા જો જગત હૈ વહ ક્યા હૈ? શૂન્ય હૈ. વહાંસે ભગવાનકા વચન નિકલા હૈ. બ્રહ્મ સત્યં જગન્ મિથ્યા. ત કા ન હો ગયા હૈ વહાં સંધિમેં. જગત મિથ્યા. તો સંધિ ક્યા? તો ત, થ, દ, ધ, ન આતા હૈ ન. તો જગન મિથ્યા. જગત મિથ્યા નહીં લેતે, સંધિ કરતે હૈં તો જગન મિથ્યા. બ્રહ્મ સત્યં જગન્ મિથ્યા. જગત હૈ. યે જગત દિખતા હૈ ક્યા હૈ? કિ વહ તો મિથ્યા હૈ, વહ સબ માયા હૈ. યે ભગવાનકી માયા હૈ. ઉન લોગોંને ઐસા લે લિયા ભગવાનકી માયા હૈ. ઔર તુમ ભી ભગવાન હૈ, તુજે મોહ હોતા હૈ તો તેરી ભી માયા હૈ. માયાકા સ્થાન હો ગયા ન? ઈશ્વરકી માયા. માયા માને લગાવ. માયા હોતી હૈ ન? લગાવ હોતા હૈ. વો કૃપાલુદેવને લિયા ન? ભગવાનકા ભક્ત હોતા હૈ અગર વહ નિર્લેપ હોતા હૈ તો માયાદેવીને કુછ કૃપા કર લી. વહ વહાં પહુંચી નહીં. ક્યોંકિ ભગવાનકે ભક્તકો માયા લગતી નહીં હૈ. ઉસકો માયા નહીં લગતી. માયા લગતી હૈ તો ઉસકો ધૂન ચડેગી નહીં, ધૂન ચડેગી ઉસકો માયા લગેગી નહીં.

'આત્મામેં હી સર્વસ્વ હૈ ઐસા લગે, આત્મા કોઈ નિરાલા હૈ,...' માને કોઈ જગતસે જુદી જાતિકા પદાર્થ હૈ. **'ઉસ ઓરકી રુચિ-પુરુષાર્થ જગે,...'** રુચિ ભી ઈતની જગે, ઉતની જગે ઉસકો અનન્ય રુચિ કહનેમેં આતી હૈ. ઐસી રુચિ કભી અપૂર્વ રુચિ કભી હુઈ નહીં હો ઔર અપને સ્વરૂપસે અલગ રહ સકે, અન્ય રહ સકે યે ઈસ રુચિકો પુસાન નહીં. જૈસે પતંગાકો દીપકકી રુચિ હુઈ તો અપની જાતકો સ્વાહા કરકે ભી વહ વહાં રહના ચાહતા હૈ. જલ જાતા હૈ તોભી વહાં રહના ચાહતા હૈ. તો વહાં તો જલના હોગા. યહાં તો શાંતરસમેં ડૂબના હોગા. અભેદ હોકરકે શાંતરસમેં અમૃતરસમેં ડૂબ જાયેગા. અમૃતરસમેં ડૂબ જાયેગા અભેદ હોકરકે. ઐસી રુચિ હો, ઐસી રુચિ હો કિ ભિન્ન ન રહ સકે. એક સૂક્ષ્મ વિકલ્પકા ભી અંતરાય ઉસકો પુસાતા નહીં હૈ. સૂક્ષ્મ વિકલ્પ ભી અંતરાય હૈ. આત્માકા સૂક્ષ્મ વિકલ્પ ભી અંતરાય હૈ. એક પરદા હૈ જો અપને પરિણામમેં રુચિકો પુસાન નહીં હોતા. ઐસી અનન્ય રુચિ જગે, ઐસા પુરુષાર્થકા જોર આયે (કિ) કોઈ અપૂર્વ પરાક્રમ કરકે અપને સ્વરૂપમેં વહ અભેદ હોતા હૈ. ઐસા પુરુષાર્થ જગે.

'ઔર શુભાશુભભાવમેં કહીં ભી રુચિ ન લગે...' વહ તો આકુલતારૂપ લગે.

સૂક્ષ્મ વિકલ્પ ભી આકુલતારૂપ લગે. અસ્તિ-નાસ્તિ દોનોં લિયા હૈ. અંદરમેં ઐસા લગે ઔર બાહરમેં શુભાશુભમેં આકુલતા લગે. ઈસલિયે રુચે નહીં. આકુલતા લગે વહાં રુચે નહીં. '**કહીં ભી રુચિ ન લગે તબ ઉસે અંતરસે અપને અસ્તિત્વકા યથાર્થ સ્વીકાર આતા હૈ.**' ઐસી દશા હોવે ઉસકો અપને અસ્તિત્વકા વેદન અંશસે સ્વીકાર હો ગયા. વિશ્વાસ આ ગયા કિ ઐસા હી મેરા સ્વરૂપ હૈ. ઈસલિયે વહાં પ્રતીતિ શબ્દકા પ્રયોગ કર લિયા હૈ. વાસ્તવમેં પ્રતીતિ હોતી હૈ નિર્વિકલ્પ સમ્યક્ત્વમેં-તીસરે સમકિતમેં. લેકિન દૂસરે સમકિતમેં પ્રતીતિ શબ્દકા પ્રયોગ કિયા હૈ. પરમાર્થકી સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. પ્રતીતિ માને વિશ્વાસ, ખાત્રી. ઐસા હી મેરા સ્વરૂપ હૈ. ઔર અનુભવમેં આનેકે બાદ સવિકલ્પદશામેં મિલાન કરતા હૈ કોઈ જીવ તો ઉસકો અચ્છી તરહ માલૂમ પડતા હૈ કિ જૈસા મેરે ભાવભાસનમેં પહચાનનેમેં આયા થા, વૈસા હી મેરા સ્વરૂપ મેરે અનુભવમેં પ્રત્યક્ષ હો ગયા. વહ પરોક્ષરૂપમેં પહચાનનેમેં આયા થા અભી પ્રત્યક્ષ સ્વસંવેદનસે હો ગયા. ઉસકો સ્વીકાર કહતે હૈં. ઉસકો સ્વીકાર કહતે હૈં યા સમ્યક્ત્વકા અંગભૂત કારણ કહનેમેં આતા હૈ. તો કારણ શબ્દ વહાં થોડા હલકાસા દિખતા હૈ તો કૃપાલુદેવને બોલા કિ યે સમકિતકા અંગ હૈ. ઐસી જો પહચાન હૈ, અસ્તિત્વગ્રહણ હૈ વહ સમકિતકા અંગ હૈ, અવયવ હૈ. ઐસા લે લિયા હૈ. કારણકાર્ય કહનેમેં થોડા દૂર લગતા હૈ. નજદીક-સમીપતા ઈતની બતાયી યહ સમકિતકા અંગ હૈ. યહાં તક રખતે હૈં.

પ્રશ્ન-૯૭

પ્રશ્ન :- આત્માના આસ્તિત્ત્વનો સ્વીકાર કેમ આવે?

સમાધાન :- ગુરુદેવે કહ્યું છે તેની અપૂર્વતા અંતરમાં લાગે, આત્મામાં જ સર્વસ્વ છે એમ લાગે, આત્મા કોઇ જુદો છે તે તરફની રુચિ-પુરુષાર્થ જાગે અને શુભાશુભ ભાવમાં ક્યાંય રુચિ ન લાગે તેને પોતાના અસ્તિત્વનો અંતરથી યથાર્થ સ્વીકાર આવે છે. ૯૭.

તા. ૬-૧-૧૯૯૭, પ્રશ્ન-૯૭, ૯૮
પ્રવચન નં. ૬૧-એ

સ્વાનુભૂતિદર્શન. પાનું-૭૬, પ્રશ્ન-૯૭.

'**પ્રશ્ન :- આત્માના અસ્તિત્વનો સ્વીકાર કેમ આવે?**' અસ્તિત્વનો સ્વીકાર એટલે આત્માનો નિશ્ચય, આત્માની ઓળખાણ. એને અસ્તિત્વનો સ્વીકાર કહે છે. ગુજરાતીમાં ચાલશે.

'**સમાધાન :- ગુરુદેવે કહ્યું છે તેની અપૂર્વતા અંતરમાં લાગે, આત્મામાં જ સર્વસ્વ છે એમ લાગે, આત્મા કોઈ જુદો છે તે તરફની રુચિ-પુરુષાર્થ જાગે અને શુભાશુભ ભાવમાં ક્યાંય રુચિ ન લાગે તેને પોતાના અસ્તિત્વનો અંતરથી યથાર્થ સ્વીકાર આવે છે.**' આમાં પૂર્વભૂમિકાનો પ્રશ્ન છે. અસ્તિત્વનો સ્વીકાર છે એ કેવા પરિણામવાળાને ઊભો થાય? મૂળ પ્રશ્ન આમ ઉઠાવવો જોઈએ. પ્રશ્ન તો ઉઠાવેલા છેને. જેને અપૂર્વતા અંતરમાં લાગે. અપૂર્વતા અંતરમાં લાગે એટલે શું? કે કાંઈક અપૂર્વ કરવું છે, કાંઈક અપૂર્વ કરવું છે, આ ભવમાં કોઈ અપૂર્વ કાર્ય કરીને જવું છે. એવી જેની ઉત્સાહિત વૃત્તિ હોય.

બાંધણીમાં એક વાત ચાલી હતી કે ખરેખર આત્મા પોતાના માટે જાગૃત થવાનો હોય છે એ પહેલા કોઈ સળવળાટ અંદરથી થાય. જુદી જુદી ભાષા છે. એટલે કે અંદરમાં અપૂર્વતા કોઈ લાગવા માંડે. બીજું, કે આત્મામાં જ સર્વસ્વ છે એમ લાગે. એટલે બહારમાં જે વજન છે બધું એ ઊડી જાય. બધું વજન આત્મા ઉપર આવે કે મારે આ ભવમાં મારું આત્મકલ્યાણ કરી લેવું છે અને એ કરવું એ જ મારું સર્વસ્વ છે. ઉદય પ્રારબ્ધ અનુસાર થયા કરશે જે થાય તે. નહિતર શું હોય છે? કે સર્વસ્વ બધું ઉદયમાં જ થઈ જાય છે. જે જે સંયોગ, જે જે વિયોગ, જે જે પ્રકાર ઉત્પન્ન થાય છે એમાં જ બધું સર્વસ્વ અનુભવાય છે. અનુભવાય છે કહો કે લાગે છે એમ કહો. અહીં વાત લાગવા ઉપર છે—અનુભવવા ઉપર છે. લાગવું એટલે અનુભવવું. એ પરિસ્થિતિ પલટાય જાય છે. જ્યારે આત્માની ઓળખાણ થવાની હોય છે ત્યારે એવી બધી પરિસ્થિતિ પલટાઈ જાય છે. અને જીવને એ પહેલા બધું સર્વસ્વ આત્મામાં જ લાગે છે. આત્મકાર્ય અને આત્મા એ જ બધું સર્વસ્વ. બાકી

બધું ગૌણ, અત્યંત ગૌણ, નહિવત.

'આત્મા કોઈ જુદો છે તે તરફની રુચિ-પુરુષાર્થ જાગે...' આ એક અચિંત્ય તત્ત્વ, અપૂર્વતત્ત્વ (છે). અનાદિનો હું અજાણ્યો છું એવો પ્રકાર, મારું સ્વરૂપ કે જેમાં અનાદિનો હું અજાણ્યો છું. એ જુદો છે એ એની જિજ્ઞાસા બતાવે છે. સ્વરૂપની ઓળખાણ, સ્વરૂપનું ભાવભાસન એને અહીંયાં અસ્તિત્વગ્રહણ કીધું. અસ્તિત્વનો અંતરથી યથાર્થ સ્વીકાર. તો કહે છે કે એ પહેલા જિજ્ઞાસા અપૂર્વ અંતરશોધ, અપૂર્વ અંતર જિજ્ઞાસા એવી એક પહેલી પૂર્વભૂમિકા (હોય છે). આ કોઈ જુદી જ વસ્તુ છે. એના માટે કોઈ મારે અપૂર્વ કાર્ય કરવું છે. પત્તો કાઢવો છે, ગમે એમ કરીને પત્તો લેવો છે. આ કોઈ જુદી જ વાત છે. એટલે શું? જુદો જ છે એમ કહીને શું કહેવું છે? કે અત્યાર સુધી સંસારના કાર્યો કર્યા, જે રુચિથી કર્યા, જે લગનીથી કર્યા, જે ઉત્સાહથી કર્યા, જે રસથી કર્યા એના કરતાં વધારે રુચિથી એની ખોજ કરવી છે. વધારે જરૂરિયાત લાગીને એની ખોજ કરવી છે, વધારે રસથી એની શોધ કરવી છે. એનો પત્તો કાઢવો છે, એને ઓળખવું છે. કેમકે આ કોઈ જુદો પદાર્થ છે. જગતમાં એવો કોઈ નથી. જુદો એટલે શું કે જગતમાં એવું કોઈ નથી. જગતમાં એક પણ એવો પદાર્થ નથી. એટલું વજન અંતરખોજમાં જાય પછી પત્તો લાગે. એમને એમ સીધો કોઈને આત્મા ભાસી જાય છે એવું બનતું નથી. અપૂર્વ અંતરખોજ ચાલે, અપૂર્વ અંતર જિજ્ઞાસા થાય એટલે બધેથી ઉઠી જાય. એ વૈરાગ્ય છે. અને એ ભૂમિકાનો વૈરાગ્ય છે, એ તબક્કાનો વૈરાગ્ય છે.

'આત્મા કોઈ જુદો છે...' જુદો છે એટલે જગતમાં એની બરાબર કોઈ નથી. હજી ઓળખ્યા પહેલા આટલું વજન છે. ત્યારે ઓળખે. નહિતર તો જગતના કોઈ ને કોઈ ઉદયમાં એટલું બધું વજન ગયેલું છે જીવનું, એટલું બધું વજન રહેલું જ છે. ગયેલું જ છે અને રહેલું જ છે કે એને આત્માની કોઈ અપૂર્વ જિજ્ઞાસા આવવા જ ન દ્યે. એમાંને એમાં રચ્યો પચ્યો રહી જાય. એમાંને એમાં પરિણામ અને પરિણતિ લાગેલા રહે. પરિણતિ જ ફરે નહિ શું કરે? પણ ઓળખાણ પહેલા આવું થાય છે. આ કોઈ જુદી વાત છે. આના માટે કોઈ જુદો જ પ્રયત્ન કરવાનો છે. અત્યાર સુધી કોઈના માટે કાંઈ નથી કર્યું એટલું મારે મારા આત્માની શોધ માટે, ઓળખવા માટે કરવાનું છે.

મુમુક્ષુ :- કળશટીકામાં હતું, મરકર...

પૂજ્ય ભાઈશ્રી :- હા, કળશટીકામાં મરીને પણ કુતૂહલ કરે એમ આવ્યુંને? 'કથમપિ કૃત્વા કૌતુહલીસન્' મરીને પણ એનું કુતૂહલ કર.

જેને એક ભવમાં અનંત ભવમાં ન કર્યું હોય એવું કામ કરવું છે અને અનંતકાળ જેનું પછી ચાલ્યા જ કરે એવું કામ કરવું છે. પછી તો અનંતકાળ એનું સુખ ચાલ્યા કરશે, અનંતકાળ એનું જ્ઞાન ચાલ્યા કરશે, એવું અનંતકાળ પરિણમન ચાલશે. આત્મિક પરિણમન. અનંતગુણોનું આત્મિક પરિણમન અનંતકાળ ચાલી જાય એવું જેને કામ કરવું છે. મામુલી કામ નથી. ત્યારે એ કોઈ જુદું જ છે એમ લાગે. એટલું વજન જાય.

'**તે તરફની રુચિ-પુરુષાર્થ જાગે...**' અને તો એ તરફની રુચિ, જરૂરિયાત અને પુરુષાર્થ જાગે. '**અને શુભાશુભભાવમાં ક્યાંય રુચિ ન લાગે...**' એકલું અશુભ નથી લીધું જુઓ. બેય લીધા છે. અશુભભાવ તો આવવાનો મુમુક્ષુને, વિશેષરૂપથી આવવાનો. પણ ક્યાંય રુચિ ન લાગે. શુભભાવ આવી જાય ઉપર ઉપરથી, અશુભભાવ આવી જાય ઉપર ઉપરથી. ઉપરથી જાય એ બધું. જુઓ, સંસારની રુચિવાળા જીવને અનંતવાર સત્પુરુષ મળ્યા, મુનિ મળ્યા અને તીર્થંકર પણ મળ્યા અને અનંતવાર એના આત્માના હિતની વાત મળી. સંસારની રુચિવાળાને ઉપરથી ગયું છે બધું એને, ઉપરથી ગયું એને. હવે અહીંયાં એને આત્માને ઓળખવા બાજુ ખરું કામ હાથમાં લીધું. ત્યારે એને શુભાશુભ જેટલા ઉદય આવે અને જેટલા ભાવ થાય ઉદય અનુસાર, બધું ઉપરથી જાય. ક્યાંય રુચિ લાગે નહિ. આમ છે. ફેરફાર ઉલટો-સૂલટો છે. અત્યાર સુધી બધું અધ્યાત્મ તત્ત્વ, આત્મા બધું સાંભળ્યું, બધું એના કહેનારા તીર્થંકર સુધીના મળ્યા, સત્પુરુષ મળ્યા બધું ઉપરથી ગયું. હવે આત્માની અપેક્ષામાં, હજી તો અહીંયાં અપેક્ષા થઈ છે હોં કે મારે મારું સ્વરૂપ ઓળખવું છે, અસ્તિત્વ ગ્રહણ કરવું છે એની અપેક્ષામાં બધું ઉપરથી જાય ત્યારે ઓળખાય, ત્યારે અસ્તિત્વ ગ્રહણ થાય. સાવધાની છૂટી જાય.

મુમુક્ષુ :- ઓલું બધું કર્યું પરિણતિ ફેરવ્યા વિના કર્યું. અનંતકાળમાં ઓલું બધું કર્યું એ બધું પરિણતિ ફેરવ્યા વિના કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ ફેરવ્યા વિના અને પોતાના ઉદયભાવોમાં અને ઉદયમાં સાવધાન રહીને. એટલે અહીંયાં સાવધાની ન રહી—આત્મકાર્યમાં સાવધાની ન રહી.

મુમુક્ષુ :- પરિણામમેં શુભભાવકા તુચ્છતા હો જાતા હૈ. અનંતબાર શુભભાવ કિયા ફિર ભી કુછ નહીં હુઆ.

પૂજ્ય ભાઈશ્રી :- હો ગયા, અનંતબાર હો ગયા.

મુમુક્ષુ :- એક અંશ ભી અપના ભવ જો હૈ વ નહીં કટા.

પૂજ્ય ભાઈશ્રી :- શુભભાવ કહાં તક હુઆ? નવમી ગ્રૈવેયક ગયા વહાં તક હુઆ. દ્રવ્યલિંગી તકકા હો ગયા. એક અંશભી આત્મકાર્ય ઉસમેં નહીં હુઆ. દેખો,

વિચારણીય મુદ્દા હૈ યહ કિ જીવ ચારિત્રમોહ કમ કરનેકા પ્રયત્ન કરતા હૈ તો વહાંતક કર લેતા હૈ, દ્રવ્યલિંગી તક. એક અંશ ભી આત્મકાર્ય નહીં હોતા. એક અંશ ભી આત્મકાર્ય નહીં હોતા. તો ફિર દર્શનમોહકા અનુભાગ કટે ઐસી લાઈન પહલેસે ક્યોં નહીં ગ્રહણ કરના?

મુમુક્ષુ :- ઉસકી વેલ્યુ ભી બહુત હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- બહુત ફર્ક હૈ. એ વિચાર ઘણીવાર આવ્યો છે કે જેણે જેણે પહેલા ચારિત્રમોહમાં પુરુષાર્થ અને શક્તિ ખર્ચી એ કષાય તો એનો મંદ થયો છે. એને તો જલ્દી આ મળવું જોઈએ. એને વાર લાગી છે. અને જેણે સીધો દર્શનમોહ કાપવાવાળાની લાઈન પકડી એણે તરત જ ગ્રહણ કરી લીધું છે. એણે તરત તત્ત્વ પકડ્યું છે, આત્મા એણે પકડ્યો છે. આવો પ્રસંગ બને છે. કેમકે મુમુક્ષુની ભૂમિકામાં ભલે વીર્યનો ક્ષયોપશમ ગમે તેવો હોય, વ્રત-નિયમ ગમે તેટલા પાળી શકે એવો હોય, તોપણ અનંતાનુબંધી તો ઊભો છે કે નહિ? એને દર્શનમોહરાજા તો ઊભો છે કે નહિ? શું કામનું? એટલે ખરેખર શક્તિ અલ્પ જ છે. ભલે વીર્યનો ક્ષયોપશમ દેખાય અને મહાવ્રત લઈ લ્યે કે અણુવ્રત લઈ લ્યે કે વ્રત ગમે તે લઈ લ્યે પણ શક્તિ અલ્પ છે. એ અલ્પ શક્તિનો ખર્ચો યથાસ્થાને એટલે કે દર્શનમોહને કાપવામાં લગાડે તો કામ જલ્દી થાય. અને ચારિત્રમોહ બાજુ જાય તો દર્શનમોહવાળું કામ રહી જાય. રહી જાય, વધી જાય. કોઈને તો અહીંથી પ્રાપ્ત થયું હોય એવો જીવ લઈએ આપણે. પહેલા ત્યાગમાં આવી ગયો હોય અને પાછળથી પ્રાપ્ત ન થાય એવું કાંઈ નથી. પણ શક્તિ પહેલા ત્યાં ખર્ચાણીને. વિવેક કરવા જેવો લાગે છે. તું તારી જે પણ અલ્પ શક્તિ છે અત્યારે એને દર્શનમોહને કાપવામાં જ લગાડ અને દર્શનમોહ કપાય એ અંગેના સાધનો અને એ અંગેનો એ લાઈનના પુરુષાર્થમાં તું તારી શક્તિને ખર્ચ. જો થોડા કાળમાં ઘણું કામ થાશે. નહિતર કાળ થોડો લાંબો લાગશે.

મુમુક્ષુ :- અનેકવાર ભૂતકાળમાં આ જીવે શુભભાવ કરીને આત્મકલ્યાણ માટે અખતરા કર્યા.

પૂજ્ય ભાઈશ્રી :- અનંતવાર. અનેકવાર નહિ અનંતવાર કર્યા છે. અને દ્રવ્યલિંગી સુધી અનંતવાર પહોંચ્યા પછી આજે આ સ્થિતિમાં ઊભો છે. એક અંશ કામ નથી થયું. જો દ્રવ્યલિંગી સુધીના પ્રયત્નો અનંતવાર થયા હોય તો એથી નીચેના એથી અનંતવાર થયા હોય. આ તો એક્સ્ટ્રીમ પોઈન્ટ છે. ચારિત્ર અને ક્ષયોપશમ અને કષાય મંદ કરવાનો એક્સ્ટ્રીમ પોઈન્ટ સુધી ગયેલો છે અનંતવાર. તો એથી નીચે તો એથી અનંતવાર ગયો છે. તો અત્યારે હવે થોડુંક આમ કર કે આમ કર અને

એની સાવધાની રાખ એના કરતા સ્વરૂપની ઓળખાણ અને સ્વરૂપનો અનુભવ થાય એ અનુભવ લાઈનમાં તારી શક્તિને ખર્ચને. ખોટો વ્યય શા માટે કરવો? આપણે એમ નથી કહેતા ભાઈ! લેખે લાખ વાપરો.

અમારે કાઠિયાવાડમાં એક પૈસાને જંઈ કહેતા. લેખે લાખ વાપરો, અલખે એક જંઈ ન વાપરવો. એક પૈસાને જંઈ કહેતા. એ ખાસ ઝાલાવાડી ભાષા છે. ખબર છે તમને? ઝાલાવાડમાં હોય એને ખબર હોય. એક પૈસો. અલેખે એક પૈસો પણ ન વાપરવો. અલેખે એટલે શું? નકામો જાય એવી રીતે. લેખે લાખ વાપરોને કોણ તમને ના પાડે છે એમ કહે. એટલે સાર્થક થાય ત્યાં પૂરી શક્તિ ખર્ચો અને નિરર્થક જાય ત્યાં થોડી પણ નહિ ખર્ચો. એમ અહીંયાં તો શક્તિ જ થોડી છે. એને શું કરવા ખોટી રીતે ખર્ચી નાખવી જોઈએ?

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે કીધુંને કે દર્શનમોહને મોકો મળે ત્યારે મારવાનું ચૂકવું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

ક્યાંથી લીધું? આપણે '**શુભાશુભભાવમાં ક્યાંય રુચિ ન લાગે...**' શુભાશુભભાવ થઈ જાય, ઉપરથી જાય, વજન જ ન જાય. '**તેને પોતાના અસ્તિત્વનો અંતરથી યથાર્થ સ્વીકાર આવે છે.**' એટલું વજન જાય ત્યારે એ પોતાના આત્માને ઓળખવા બાજુની દિશામાં આગળ વધી શકે છે એમ કહેવું છે. અને એની શક્યતા છે. અસ્તિત્વ અંતરથી સ્વીકાર થવામાં એની યોગ્યતા અને એની ક્ષમતા છે.

મુમુક્ષુ :- શુભાશુભભાવકી જો રુચિ હૈ ઉસમેં રાગ યા મલિનતાકી રુચિ હૈ, સ્વભાવકી રુચિ નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નહીં હૈ. શુભની જરૂરત લાગે ત્યારે એણે સમજવું કે અનાત્માની એને જરૂરત લાગી છે, આત્માની જરૂરત નથી લાગી. કેમકે આત્મા તો કષાયના અભાવસ્વરૂપે છે. આ સદ્‌ભાવસ્વરૂપે છે અને આ અભાવસ્વરૂપે છે. જાત જ ફેર છે. વિરુદ્ધ જાત છે.

તાત્પર્ય એ નીકળે છે આ વચનામૃત ઉપરથી કે મુમુક્ષુએ પોતાની શક્તિ સાચી દિશામાં, થોડી પણ સાચી દિશામાં લગાડવી, થોડી પણ ખોટી દિશામાં ન લગાડવી. આ એક લક્ષમાં લેવા જેવો વિષય છે. ૯૭ થયો.

પ્રશ્ન-૯૮

પ્રશ્ન :- ગઈકાલની ચર્ચામાં આવ્યું કે ભેદજ્ઞાન રાગ અને જ્ઞાનસ્વભાવ વચ્ચે કરવાનું છે, દ્રવ્ય અને પર્યાય વચ્ચે નહિ. સમયસાર ગાથા ૩૮માં એમ આવે છે કે નવતત્ત્વથી આત્મા અત્યંત જુદો હોવાથી શુદ્ધ છે, તેમાં સંવર-નિર્જરા-મોક્ષ પણ આવી ગયા. તે ઉપરાંત દ્રવ્યદૃષ્ટિ કરવી અને પર્યાયદૃષ્ટિ છોડવી, તેમાં પણ દ્રવ્ય અને પર્યાય વચ્ચેના ભેદજ્ઞાનનો પ્રસંગ આવ્યો, તેવી રીતે ધ્રુવ અને ઉત્પાદ, નિષ્ક્રિયભાવ અને સક્રિયભાવ-આ બધામાં પણ દ્રવ્ય અને પર્યાય વચ્ચેની ભિન્નતા આવે છે. તો પછી રાગ અને સ્વભાવ વચ્ચેના ભેદજ્ઞાનને પ્રાધાન્ય કેમ આપવામાં આવ્યું?

સમાધાન :- રાગ તે વિભાવ છે, જ્ઞાન તે સ્વભાવ છે. બંને વચ્ચે સ્વભાવભેદ છે. તેથી તેના ભેદની પ્રાધાન્યતા છે. ગુણ-પર્યાયનો ભેદ તો દૃષ્ટિની અપેક્ષાએ છે, સર્વ અપેક્ષાએ નથી. ગુણ અને પર્યાય અંશ છે. દ્રવ્યદૃષ્ટિ સાધકદશાના જે જે ભેદો પડે તેને તથા ગુણસ્થાન-જીવસ્થાન આદિ બધા ભેદોને ગૌણ કરે છે. કારણ કે આશ્રય દ્રવ્યનો લેવાનો છે, ગુણ-પર્યાયનો નહિ. ગુણ-પર્યાય એવી જાતના જુદા નથી જેવી રીતે રાગથી જુદાપણું છે, જુદા-જુદાપણામાં ફેર છે. માટે તે અપેક્ષાએ કીધું હતું કે રાગથી ભેદજ્ઞાન કરવું. તે સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન છે અને આ (દ્રવ્ય-પર્યાયના) ભેદજ્ઞાનની અપેક્ષા જુદી છે. ચૈતન્ય પૂર્ણ ઐશ્વર્યશાળી છે તેનો આશ્રય લેવાનો છે, પણ ગુણ કે પર્યાય જે અંશ છે તેનો આશ્રય લેવાનો નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં દ્રવ્યનો આશ્રય આવે છે અને ગુણ-પર્યાયના ભેદનો આશ્રય છૂટી જાય છે. ત્યારે સાધકદશા અને બીજું બધું ગૌણ થઈ જાય છે.

જેવી રીતે એક શકિતશાળી રાજા તેના દુશ્મનથી જુદો છે તેવી રીતે તેના સંબંધીઓથી જુદો નથી. જોકે રાજા અને તેના સંબંધીઓ બધાં જુદાં જ છે તે છતાં સંબંધીઓ જુદા અને તેના દુશ્મન જુદા તે બંને વચ્ચેની જુદાઈમાં ફેર છે. અહીં દૃષ્ટિના બળમાં દૃષ્ટિ બધું જુદું પાડે છે. હું કૃત્યકૃત્ય-પૂર્ણ છું, વિભાવ મારાથી અત્યંત જુદો છે એમ જુદું પાડે છે અને વચ્ચે જે સાધકદશાની અધૂરી

પર્યાય તથા પૂર્ણ પર્યાય આવે છે તે બધાનું લક્ષ છોડી દે છે. તો પણ જ્ઞાન તેને લક્ષમાં રાખે છે કે આ પર્યાયો છે તે ચૈતન્યની અવસ્થાઓ છે. તેમ જ તે શુદ્ધ પર્યાયો તેના વેદનમાં આવે છે. આમ જ્ઞાન તેનો વિવેક કરે છે. તે અપેક્ષાએ ભેદજ્ઞાન મૂળ રાગથી કરવાનું છે. જ્યારે ગુણ–પર્યાયના ભેદજ્ઞાનમાં એવી જાતનો ભેદ છે કે દૃષ્ટિનો આશ્રય દ્રવ્ય ઉપર જાય છે,(ગુણ–પર્યાય ઉપર નહીં) માટે તે બધાનો ભેદ કરવાનો છે.

જેવો ભેદ રાગથી કરવાનો છે તેવો ભેદ ગુણ–પર્યાયથી નથી કરવાનો. ભેદ–ભેદમાં ફેર છે. માટે મૂળ રાગથી ભેદજ્ઞાન કરવાનું છે અને આનો (ગુણ–પર્યાયનો) વિવેક કરવાનો રહે છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર આદિ બધા ગુણો છે તે ચૈતન્યના એક–એક અંશો છે અને ચૈતન્ય અખંડ પૂર્ણ શકિતવાન છે. એક–એક અંશનો આશ્રય લેવાનો નથી, કેમકે તે અંશો છે, માટે તે બધાને ગૌણ કરવાના છે. દૃષ્ટિ તે બધાને કાઢી નાખે છે, નિમિત્ત અપેક્ષાએ જે અધૂરી–પૂર્ણ પર્યાય થઇ તે બધાને પણ દૃષ્ટિ જુદી કરે છે અને હું તો એક પૂર્ણ છું, કૃત્યકૃત્ય છું એમ સ્વીકારે છે.

હું એક, પૂર્ણ છું એમ દૃષ્ટિના બળમાં બધું નીકળી જાય છે. પણ એકાંતે જો તે પુર્ણ જ હોય તો સાધકદશા રહેતી નથી. તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિ બધી અવસ્થાઓ તો થાય છે. તેથી તેનો વિવેક કરે છે કે કોઇ અપેક્ષાએ આ ગુણો ચૈતન્યના છે; ચારિત્રની પર્યાય પ્રગટે તે ચૈતન્યની છે, જ્ઞાન–ચારિત્ર વગેરે બધું ચૈતન્યમાં પ્રગટે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી બધું પ્રગટે છે, માટે નવતત્ત્વની પરિપાટી છોડીને મને એક આત્મા પ્રગટ થાવ. નવતત્ત્વની પરિપાટી ઉપર દૃષ્ટિ મૂકવાની નથી, આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાની છે. આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાથી બધી નિર્મળ પર્યાયો પ્રગટે છે, પણ તે પર્યાયનો આશ્રય લેવાનો નથી. જેમ વિભાવ જુદો છે એવી રીતે નિર્મળ પર્યાયો જુદી નથી. સ્વાનુભૂતિનું વેદન–વીતરાગદશાનું વેદન–આવે છે. માટે જેવી રીતે વિભાવથી જુદું પડવાનું છે એવી રીતે શુદ્ધ પર્યાયથી જુદું પડવાનું નથી. આમ બધી અપેક્ષાએ સમજવું. ૯૮.

પ્રશ્ન ૯૮ ઉપર પ્રવચન

૯૮. બોરીવલી થોડાક બોલ લીધા હતા. અહીંથી આપણે મૂક્યા પછીના લીધા હતા. એમાં..

'પ્રશ્ન :- ગઈકાલની ચર્ચામાં આવ્યું કે ભેદજ્ઞાન રાગ અને જ્ઞાનસ્વભાવ વચ્ચે કરવાનું છે, દ્રવ્ય અને પર્યાય વચ્ચે નહિ. ' પ્રશ્ન તો એક જ ઉઠાવ્યો છે. બીજા કોઈ વચ્ચે નહિ એટલે જડ-ચેતન વચ્ચે પણ નહિ એમ. **'પણ સમયસાર ગાથા ૩૮માં એમ આવે છે કે નવ તત્ત્વથી આત્મા અત્યંત જુદો હોવાથી શુદ્ધ છે, તેમાં સંવર-નિર્જરા-મોક્ષ પણ આવી ગયા.** ' નવ તત્ત્વમાં. શુદ્ધ પર્યાય આવી ગઈને? **'તેમાં સંવર-નિર્જરા-મોક્ષ પણ આવી ગયા. તે ઉપરાંત દ્રવ્યદૃષ્ટિ કરવી અને પર્યાયદૃષ્ટિ છોડવી, તેમાં પણ દ્રવ્ય અને પર્યાય વચ્ચેના ભેદજ્ઞાનનો પ્રસંગ આવ્યો,...** ' દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિના પ્રકારમાં તો પર્યાયને પણ જુદી ગણવાની વાત આવી ગઈ.

'તેવી રીતે ધ્રુવ અને ઉત્પાદ, નિષ્ક્રિયભાવ અને સક્રિયભાવ-આ બધામાં પણ દ્રવ્ય અને પર્યાય વચ્ચેની ભિન્નતા આવે છે. તો પછી રાગ અને સ્વભાવ વચ્ચેના ભેદજ્ઞાનને પ્રાધાન્ય કેમ આપવામાં આવ્યું?' પ્રશ્ન શું મુદ્દાનો ઉઠાવ્યો છે? કે અનેક પ્રકારે જ્યારે વાત છે ભેદજ્ઞાનની. તો રાગ અને જ્ઞાન અથવા સ્વભાવ અને વિભાવ વચ્ચેના ભેદજ્ઞાનની વાત મુખ્યપણે અથવા ક્રમમાં પહેલા, મુખ્યપણે અથવા ક્રમમાં પહેલા લેવામાં આવે છે એમ કેમ? આટલો પ્રશ્ન છે. કેમકે યથાર્થ સમજણ વગર કોઈ ક્યાંયથી ઉપડે છે અને કોઈ ક્યાંયથી ઉપડે છે. આવું મુમુક્ષુ કરે છે. આમ તો ભેદજ્ઞાનનું પ્રકરણ ગુરુદેવ સિવાય કોઈએ ચલાવ્યું જ નથી. સમયસારમાં ભેદજ્ઞાનનો વિષય સળંગ આખા સમયસારમાં હોવાથી અને ગુરુદેવે વિશેષ સમયસારનો સ્વાધ્યાય આપ્યો હોવાથી ભેદજ્ઞાનનો વિષય આપણે જ ત્યાં ચાલે છે, બીજે તો ક્યાંય ભેદજ્ઞાનની ચર્ચા નથી. દિગંબર સાહિત્યમાં છે તોપણ દિબંગર સંપ્રદાયમાં નથી. બીજે તો વિષય જ નથી ચાલ્યો પછી ક્યાંથી ચર્ચા હોય?

હવે અહીંયાં આપણે ગુરુદેવના મુમુક્ષુઓમાં મુમુક્ષુ સમાજમાં જે ચાલ્યો એમાં પણ પ્રયોગની ચર્ચા નથી. ભેદજ્ઞાનની વાતો ચાલે છે. કોઈ કહે કે જડથી કરો, કોઈ કહે કે એક સમયની પર્યાયથી કરો તો કોઈ કહે રાગ અને જ્ઞાનથી કરો. ત્રણ વાત ચાલે છે. જેને જે ઠીક પડે ત્યાંથી ઉપાડ કરે છે. કેમકે યથાર્થતા શું એમાં? અને

પ્રયોગાત્મક શૈલી શું? એ વાત વિચારવામાં ક્ષતિ રહી છે. મુમુક્ષુઓને એ વાત વિચારવામાં ખામી રહી ગઈ. એટલે એ વિષય થોડોઘણો ચાલે તોપણ યથાર્થ ચાલતો નથી. મૂળ શું છે કે ભેદજ્ઞાનનો વિષય પ્રયોગાત્મક છે અને પ્રયોગે ન ચડે ત્યાં સુધી તેની યથાર્થતા ભાસે નહિ. એટલે આ વિકલ્પ ચાલે છે બધી જાતના. ત્રણે પ્રકારના વિકલ્પ ચાલે છે. પ્રયોગ નથી ચાલતો. બે પ્રકારમાં તો પ્રયોગ ચાલે જ નહિ. કેમકે યથાર્થતા નથી. પણ રાગ અને જ્ઞાન વચ્ચેના ભેદજ્ઞાનમાં પણ પ્રયોગ ચાલવો જોઈએ એના બદલે વિકલ્પ ચાલે તો કામ ન થાય. અને એ લગભગ વિકલ્પ ચાલે છે. પ્રયોગપદ્ધતિ પહેલેથી આગળના સ્ટેજની નહિ હોવાને લીધે. એમ થવાનું કારણ એ છે. એમ થવાનું કારણ એ છે કે આગળના સ્ટેજમાં આવ્યો ન હોય તો ભેદજ્ઞાનના સ્ટેજમાં ન આવે અને ભેદજ્ઞાનના સ્ટેજમાં ન આવે તો એનો પ્રયોગ ક્યાંથી ચાલુ થાય? પછી વિકલ્પ ચાલે.

મુમુક્ષુ :- પછી રિઝલ્ટ ઓરિએન્ટેડ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે થાય? તમે લોટમાં પાણી નાખ્યું, પણ એનો પિંડ કેળવ્યો નહિ તો રોટલી કેવી રીતે વણવાના? થાય કેવી રીતે રોટલી? કેટલોક લોટ કોરો અને કેટલોક ભીનો. લોંદો ઉપાડો. ગોરણામાં જ ઠેકાણું ન હોય, પછી વણો ત્યારે એની કેવી રીતે રોટલી થવાની? ગુંદે ત્યારે બધો લોટ બરાબર, બધા પરમાણુ બરાબર પલળે. પલળે (એટલું જ) નહિ, એની કેટલીક જે ચીકાશ છે એ બહાર આવે. ઘણીવાર તો શું કરે છે, મને બહુ ખબર નથી, પણ થોડીઘણી ખબર છે કે એ કણક કરીને રાખી મૂકે અમુક ટાઈમ, થોડીવાર પછી કરે. પા અડધી કલાક-કલાક જાવા દે અથવા અડધી કલાક-કલાક પહેલા બનાવી રાખે કણક. એવું પણ ઘણા કરે છે. એનું કારણ શું? કે એમાં જે પાણી નાખીને એને જે ગુંદે છે એની ચીકાશ પણ બરાબર વ્યક્ત થાય. પછી રોટલી કરે તો સરખી થાય. એમ હોવું જોઈએ. અનુમાન છે આ તો.

મુમુક્ષુ :- આપે કીધુંને કે લોટ કેળવવો જોઈએ. કેળવણી કરવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેળવવામાં ગુંદે અને એને થોડોક સમય પણ આપે. તો રોટલી સરખી થાય. એમને એમ લોટમાં પાણી નાખી દીધું એટલે કાંઈ લોંદો ઉપાડી લ્યો. એમ તો કાંઈ રોટલી થાય નહિ. એટલે ઓરિએન્ટેડ પોઝીશન આવવી જોઈએને. ત્યાં સુધી કામ બરાબર ન થાય. એવી રીતે ભેદજ્ઞાનના ક્રમ સુધી પહોંચ્યા વિના ભેદજ્ઞાનનો વિષય હાથમાં લ્યે તો વિકલ્પો થયા કરે. વિકલ્પોમાં પણ એક વિચારવા જેવો વિષય છે કે જે બુદ્ધિવાળો માણસ છે એ સમજીને, શાસ્ત્રમાં એની

ઘણી વાતો આવી છે અને ગુરુદેવથી પણ ઘણી વાતો ખુલી છે, તો એ બધી વાતો સમજીને વિચારે ત્યારે એને એમ થાય કે બરાબર છે આમ જ હોય, આમ જ હોય. આમ જ હોય એમાં એને એમ લાગે કે મને પણ એમ લાગે છે. સંમત થવામાં શું થાય છે? બરાબર આમ જ મને પણ આમ લાગે છે. હવે ત્યાં વિચાર થયો છે કે લાગવું થયું છે? એ જો ડિફરન્સિયેટ ન કરી શકે તો વિકલ્પમાં ચાલ્યો જાય. એટલે પહેલેથી ફિલિંગ સ્ટેજ લીધા છે. એ બધા ફિલિંગ સ્ટેજમાંથી ફિલ થતું... થતું... થતું... અનુભવપદ્ધતિએ જો ચડ્યો હોય અને પછી ભેદજ્ઞાનના પ્રયોગમાં આવે તો એનું લાગવું બરાબર ચાલે. નહિતર ચાલે વિચાર અને એને એમ થાય કે મને લાગે છે. લાગે છે એટલા માટે લાગે કે ઈ એક જલદ વસ્તુ છે. ભેદજ્ઞાનનો પ્રયોગ એટલો જલદ છે કે અનુભવને લાવે છે. એનો વિકલ્પ પણ કાંઈક અસર કરતો હોય એટલે લાગે છે... લાગે છે એવું થયા કરે.

જલદ વસ્તુ હોય છેને એની અસર થોડી લાંબી થાય, લાંબે સુધી હોય. જેમકે તેજાબ છે. તેજાબ છે એ ક્લિન્સીંગ એજન્ટ છે. સાફ કરે, મેલને બાળે. નાખે છેને સોનું-ચાંદી સાફ કરવામાં તેજાબ વાપરે. પણ દાગીના આપણા હાથેથી સાફ કરવા હોય ત્યારે એમાં પાણી નાખીને એને માઈલ્ડ કરવો જોઈએ. નહિતર ચામડી બળે. દાગીના સાફ કરવા જતા ચામડી બળી જાય, આંગળા બળે. એટલે એને ડાઈલ્યુટ કરે પાણી નાખીને. તોપણ દાગીના નહિ સાફ કરે. ડાઈલ્યુટ કરેલો તેજાબ પણ દાગીનાને સાફ કરે જ છેને. દુકાનમાં કરે છે, ઘરમાં કરે છે. બૈરા ઘરમાં કરે જ છે. કેમકે જલદ વસ્તુ છે. એમ ભેદજ્ઞાન છે એ જલદ પ્રયોગ છે. સ્વાનુભવ અને શુદ્ધોપયોગને ઉત્પન્ન કરનારો પ્રયોગ છે. એવી એનામાં તાકાત છે, શક્તિ છે. એટલે એ સંબંધીના વિકલ્પમાં પણ એને એમ થાય કે મને કાંઈક લાગે છે... મને કાંઈક લાગે છે... મને કાંઈક લાગે છે. એ લાગવું નથી હોતું, વિકલ્પ હોય છે. ત્યાં ભૂલ થવાનો સંભવ છે. ચોખવટ કરવાનું કારણ ઈ કે ત્યાં ભૂલ થવાનો સંભવ છે.

મુમુક્ષુ :- જાતિની પરખ આવ્યા વિના વિકલ્પ જ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે પૂર્ણતાના લક્ષે જે ફોર્સ આવે અને આત્મભાવના તીવ્ર થાય, આત્મકલ્યાણની ભાવના તીવ્ર થાય ત્યારે અંતર અવલોકન શરૂ થાય. નિષ્પક્ષપણે પોતાના પરિણામોનું જોવું. એ પ્રેક્ટિસ બહુ સારી રીતે ઘણી ચાલે, ધારી એવી રીતે ચાલે, સારી એવી ચાલે ત્યારે પરખ આવે. એ જે જાતિની પરખ આવી એ ફિલિંગથી આવી છે. રાગમાં મલિનતા, દુઃખ એટલે આકુળતા. મલિનતા, આકુળતા અને વિરુદ્ધતા ફિલ થાય. જ્ઞાનમાં નિરાકુળતા... મીંઢવીને, બેય ભાવને મીંઢવીને,

નિરાકુળતા, પવિત્રતા અને અવિપરીતતા ફિલ થાય પછી ભેદજ્ઞાન શરૂ થવાનો અવસર આવે. પછી ભેદજ્ઞાન શરૂ થવાનો અવસર આવે. એ પહેલા એ પ્રસંગ આવતો નથી અને વગર અવસરે વરસાદ પણ વરસે તો અનાજ થાતું નથી. અવસર વિનાનો મેહુલો નકામો જાય. હજી વાવણી થઈ જ ન હોય અને ચૈત્ર મહિનામાં બે-ચાર ઈંચ પાણી પડી જાય તો એ પાણી શું કામનું? નકામું જ જાયને ખેતરમાં. શું કામ લાગે? એનાથી કાંઈ પાકે નહિ. અથવા અનાજ સાવ પાકી ગયું હોય અને એ વખતે વરસાદ થાય (તો) બગાડે. શું કરે? બગાડે અનાજને. અવસર વગરનો તો મેહુલો પણ નકામો જાય છે. કામ તો અવસરે થવું ઘટે. એનું નામ ક્રમ છે. એ કુદરતનો ક્રમ છે. વરસાદમાં કુદરતનો ક્રમ છે. અહીંયાં પુરુષાર્થનો ક્રમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભેદજ્ઞાનકા જો પ્રયોગ ચલેગા તો ઉસમેં તો વિચાર વિકલ્પ જિતના ભી હૈ તો વહ તો સબકા નિષેધ તો આયેગા હી. વિચારકા થોડા કોઈ સપોર્ટ હોગા ભેદજ્ઞાનકે પ્રયોગ મેં. વિચારકા તો નિષેધ આતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાનકા પ્રયોગ સવિકલ્પદશા મેં ચલતા હૈ. નિર્વિકલ્પ દશા તો જબ સ્વાનુભવ હોગા તબ હોગી. તો નીચે તો સવિકલ્પદશામેં હી ચલતા હૈ. ઔર વિકલ્પ ચલતા હૈ યા પ્રયોગ ચલતા હૈ. યહ બાત થોડી સૂક્ષ્મ હૈ. સૂક્ષ્મ ઈસલિયે હૈ કિ બુદ્ધિગ્રાહ્ય હોતા હૈ તો લગતા હૈ... લગતા હૈ.. ઈસલિયે લગતા હૈ કિ વહાં થોડા અસર આતા હૈ ઉસકા. જલદ ચીજ હૈ ન? તો ઉસકી વિકલ્પમેં ભી થોડી અસર આતી હૈ. તો ઉસકો ડિફરન્સીયેટ કૈસે કરના? સવાલ તો વહ પૈદા કિયા. યહાંપર જો સવાલ પૈદા કિયા વહ ઈસતરહ સે હૈ. પૂર્ણતા કે લક્ષ્ય સે જો ફોર્સ આયા, સંવેગ આયા, શીઘ્ર કામ કરનેકા, અભી કરના હૈ, અભી કર લેના હૈ. શીઘ્ર કર લેના હૈ. ઉસમેં સે અપને પરિણામોંકા બારિક અવલોકન ચાલુ હોતા હૈ. યાની સતત ચલતા હૈ. વરના કુછ ચલે, કુછ નહીં ચલે. કુછ અવલોકન ચલે, કુછ પર્યાયકા ચલે, કુછ અવસ્થામેં નહીં ચલે. ઉદયમેં રસ પડ જાયે. લેકિન યહાં જો બારિક ઔર સતત અવલોકન ચલતા હૈ ઉસમેં સે પરખ આતી હૈ. પરખ આતી હૈ ઉસમેં સે સ્વભાવ-વિભાવ જાતિકી પરખ આનેસે ભેદજ્ઞાનકા અવસર આતા હૈ. યહ ઓરિએન્ટેડ પોઝીશન હૈ. તો પદ્ધતિસે જો કામ હોતા હૈ વહ યથાર્થ હોતા હૈ. વરના વિકલ્પમેં ચઢનેકા ભી એક યહાં પ્રસંગ બનતા હૈ. વો સ્વભાવ-વિભાવકે વિષયમેં હૈ. દૂસરા ભેદજ્ઞાન કરનેકા યહાં કોઈ સવાલ હી પૈદા નહીં હોતા હૈ. ન જડ-ચેતનવાલા, ન એક સમયકી પર્યાય ઔર દ્રવ્યપર્યાયવાલા.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કિસી પ્રકારકા વિકલ્પ અગર રુચતા હૈ તબતો વહ સહી

નહીં હૈ. ક્યોંકિ વિકલ્પમેં તો રુચનેકા કોઈ સવાલ નહીં આતા હૈ. વિકલ્પમેં તો નિષેધ હી વર્તેગા.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક હૈ. લેકિન યહ ભેદજ્ઞાનકા પ્રયોગ ભી સવિકલ્પદશામેં હોતા હૈ ન, તો વહાં ડાઉટ નહીં જાતા.

મુમુક્ષુ :- જ્ઞાન ઔર રાગકા ભિન્નત્વ...

પૂજ્ય ભાઈશ્રી :- રાગ ઔર જ્ઞાનકા ભિન્નત્વ જો હૈ વહ સવિકલ્પદશા મેં ચાલુ હોતા હૈ ભેદજ્ઞાનકા પ્રયોગ. પ્રયોગ પ્રયોગ હૈ, વિકલ્પ વિકલ્પ હૈ. અકેલા વિકલ્પમેં પ્રયોગ નહીં ભી હો સકતા ઔર પ્રયોગકે કાલમેં વિકલ્પ હોતા ભી હૈ. ઈસલિયે ભૂલ કૈસે નહીં હોગી? કિ યથાર્થ ક્રમકી પદ્ધતિસે આયેગા તો. બીચમેં સે ભેદજ્ઞાનકી બાત ઉઠાયેગા તો વિકલ્પમેં ચલા જાયેગા. યહ કહનેકા અભિપ્રાય હૈ.

મુમુક્ષુ :- વો વિકલ્પ ઉસકો સુહાને લગેગા ઔર ઉસકા ઉસકો ભાન નહીં હોગા.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, જલદ ચીજ હૈ તો થોડી અસર ભી ઉસકો આયેગી. લેકિન કામ નહીં બન પાયેગા. યહ બાત હૈ.

મુમુક્ષુ :- એક્ચ્યુલમેં જો ભેદજ્ઞાનકા પ્રયાસ હોતા હૈ ઉસમેં તો જ્ઞાન ઔર રાગકા ભિન્નત્વ હૈ. તો જો ભિન્નત્વ હોતા હૈ તો જ્ઞાનમેં હુંપના બનતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં હુંપણું પરિણમનથી આવવું અને વિચારથી લાગીને આવવું (એ જુદી વાત છે).

મુમુક્ષુ :- વિચારથી કરવું અને...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, વિચારમાં એમ લાગે કે મને એમ જ લાગે છે કે જ્ઞાનમાં હુંપણું... જ્ઞાનમાં હુંપણું... જ્ઞાનમાં હુંપણું... જૈસે કોઈ આપને બાત કહી. તો અગર હમ સંમત કરેંગે તો ક્યા બોલેગે? કિ હમકો ભી ઐસા હી લગતા હૈ. વહ સંમત્તિસૂચક હો ગયા. લેકિન વહ મેરે વિચાર હૈ. ઐસે ભેદજ્ઞાનકે વિષયમેં સંમત હોતા હૈ તો ઐસા હી લગતા હૈ ઐસા લગે કિ જ્ઞાનમાં હુંપણું લાગવું જોઈએ, થવું જોઈએ. મને એ વાત બરાબર લાગે છે. લાગે છે એમ ત્યાં આવે. વહ લગના ઔર પ્રયોગસે લગના ઉસમેં ફર્ક હૈ. વો મેરા કહના હૈ. આમાં એ વિષય નથી ચર્ચ્યો એટલી સૂક્ષ્મતાથી. આ તો આપણે સામે વિષય આવ્યો છે એટલે થોડો ચર્ચી લઈએ છીએ. એટલે કોઈ ભૂલ ન થાય. એટલે ચર્ચી લઈએ છીએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જેને ખરેખર અનુભવ છે એ તો એમ જ કહે કે હા એમ જ છે. જેને ખરેખરો અનુભવ થયો છે એને કોઈ વાત કરે તો હા એ એમ જ છે. અને ઓલો કહેશે કે હા મને પણ એમ જ લાગે છે. લાગે છે અને એમ

જ છે એમાં બહુ ફર્ક પડી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિચારીને લાગવું અને પરિણમીને લાગવું, ઈ લાગવા લાગવામાં ફેર છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યે વિષય અપને પહલે ચલ ચુકા હૈ. આત્મભાવ ઔર આત્મવિકલ્પમેં ડિફરન્સ જો હૈ વહ યહાં સે ચલતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આત્મવિકલ્પ ઉસકો બોલતે હૈં.

મુમુક્ષુ :- ઔર આત્મભાવ ઔર આત્મવિકલ્પમેં જો ભેદ છટતા હૈ વો યહાંસે છટતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં.

મુમુક્ષુ :- આમાં ભાઈશ્રી! જ્ઞાનને ભિન્નપણે અનુભવવાનો પ્રયાસ છે અને ઓલામાં માત્ર કોરો વિકલ્પ રહી જાય છે. બે વચ્ચે આ ફર્ક છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિકલ્પ ચાલે ત્યારે એ પ્રયાસ નથી એમ કેમ ખબર પડે? લાગી જાય એને એમ પોતાને કે આ તો મારો પ્રયાસ ચાલે છે. કેમકે પ્રયાસ પણ સવિકલ્પદશામાં ચાલતો હોય છે એટલે શંકા ન પડે એમ. અનુભવમાં શું છે? એક ચોખ્ખી વાત છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પનો પણ અભાવ હોય છે. એવી નિર્વિકલ્પદશા હોય છે. એટલે તપાસવા જાય ત્યારે ખ્યાલ આવે કે એવું તો ક્યારેય થયું નથી. તો ત્યાં સુધી અનુભવ અને સમ્યગ્દર્શન નથી થયું. એમાં એ પોતે ભૂલ ન ખાય અને ચોખ્ખો રહે. અહીંયાં ભૂલ થવાની શક્યતા છે. અહીં સુધી રાખીએ.

તા. ૭-૧-૧૯૯૭, પ્રશ્ન-૯૮
પ્રવચન નં. ૬૨

સ્વાનુભૂતિદર્શન. ૯૮ પ્રશ્ન છે. ભેદજ્ઞાન રાગ અને જ્ઞાન વચ્ચે કરવાનું યોગ્ય છે. દ્રવ્ય અને પર્યાય વચ્ચે ભેદજ્ઞાનની શરૂઆત કરવાની હોતી નથી. એનું કારણ શું? પ્રશ્ન એ પ્રકારે ઉઠ્યો છે.

'સમાધાન :- રાગ તે...' તીન પ્રકાર કે ભેદજ્ઞાન શાસ્ત્રમેં ચલે હૈ. જડ ઔર ચેતન ભિન્ન હૈ ઉસકા (ભેદ)જ્ઞાન કરના, રાગ ઔર જ્ઞાન માને સ્વભાવ-વિભાવ ભિન્ન હૈ ઉસકા ભેદજ્ઞાન કરના ઔર એક સમયકી શુદ્ધ-અશુદ્ધ પર્યાય ભિન્ન હૈ ઔર ત્રિકાલી દ્રવ્ય સ્વભાવ ભિન્ન હૈ ઉસકા ભી ભેદજ્ઞાન કરના. તીન પ્રકારકી બાતેં આતી હૈં. યહાં દોકા પ્રશ્ન ઉઠાયા હૈ. દ્રવ્ય પર્યાયકે ભેદજ્ઞાનકી બાત નહીં લેકરકે ચર્ચા મેં આપને રાગ ઔર જ્ઞાનકે ભેદજ્ઞાનકી બાત કહી, ઐસા ક્યોં? વહ પ્રશ્ન ઉઠા હૈ.

'સમાધાન :- રાગ તે વિભાવ છે, જ્ઞાન તે સ્વભાવ છે.' જ્ઞાન તે પર્યાય છે અને રાગ તે પર્યાય છે એમ અહીંયાં ગુણ-પર્યાયથી વાત નથી ચાલતી. અહીંયાં એ બંનેના એક સ્વભાવિક મુદ્દાને અનુલક્ષીને વાત છે કે રાગ છે એમાં વિભાવ છે અને જ્ઞાન છે એમાં સ્વભાવ છે. એટલે રાગ પોતે વિભાવ છે અને જ્ઞાન પોતે સ્વભાવ છે. **'બંને વચ્ચે સ્વભાવભેદ છે.'** ભેદ એટલે જુદાંપણું. બંને વચ્ચે સ્વભાવિક જુદાપણું છે. **'તેથી તેના ભેદની પ્રધાનતા છે.'** તેથી તેના ભેદની મુખ્યતા છે.

મુમુક્ષુ :- જાતિ ઓળખાવવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- જાતિ ઓળખાવવી છે અને કોઈપણ સામાન્ય જીવને જ્ઞાન નથી થયું એવા મુમુક્ષુજીવને દ્રવ્ય જુદું ગ્રહણ થયું નથી. પર્યાયથી ભિન્ન એવું કોઈ દ્રવ્ય જુદું ગ્રહણ થયું નથી. ખબર જ નથી કે દ્રવ્ય કેવું હોય? વળી દ્રવ્ય અપ્રગટ છે. એ સંબંધી અજાણ્યો છે. અહીંયાં તો પ્રેક્ટિકલ કરાવવો છે. તો પ્રેક્ટિકલ, ભેદજ્ઞાનના પ્રેક્ટિકલમાં પ્રયોગ સાધનો તો હાજર જોઈએને? પ્રયોગ સાધનો વિના પ્રયોગ શેનાથી કરે? કે જો ભાઈ તારે જે પ્રયોગ કરવાનો છે ભેદજ્ઞાનનો એના સાધન રાગ અને જ્ઞાન છે અને એ પ્રત્યેક અવસ્થામાં મોજૂદ છે. તારે એક સમય પણ રાહ જોવી પડે એવી પરિસ્થિતિ નથી. જ્યારે પ્રયોગ કરવા ધાર ત્યારે પ્રયોગ થઈ શકે. કેમ? કે બંને હાજર છે, મોજૂદ છે, પ્રગટ છે તારી અવસ્થામાં અને અનુભવગોચર પણ છે.

બીજું, કે રાગ અને જ્ઞાન સર્વથા ભિન્ન છે. દ્રવ્ય અને પર્યાય સર્વથા ભિન્ન નથી. કથંચિત્ ભિન્ન પણ છે અને કથંચિત્ અભિન્ન પણ છે. જ્ઞાનમાં એની અભિન્નતાનું પણ જ્ઞાન છે. દૃષ્ટિ ભલે સર્વથા ભિન્ન પાડે છે પણ જ્ઞાન તો કાંઈ સર્વથા ભિન્ન પાડતું નથી. એટલે પણ એની પ્રધાનતા શરૂઆતમાં લેવામાં આવતી નથી, જ્યાં સુધી દૃષ્ટિ પ્રગટતી નથી ત્યાં સુધી. જ્ઞાનપૂર્વક દૃષ્ટિ પ્રગટ્યા પછી ભલે એની પ્રધાનતા આવે, એનો કાંઈ વાંધો નથી.

એટલે કહે છે કે **'ગુણ-પર્યાયનો ભેદ...'** અથવા દ્રવ્ય-પર્યાયનો ભેદ **'તો દૃષ્ટિની અપેક્ષાએ છે, સર્વ અપેક્ષાએ નથી.'** સર્વ એટલે જ્ઞાન અપેક્ષાએ નથી. આચરણ

અપેક્ષાએ નથી. એમ સર્વ અપેક્ષાએ નથી. '**ગુણ અને પર્યાય અંશ છે.**' પદાર્થના અંશ છે અને અંશ હોવાથી તેની કથંચિત્ અભિન્નતા પણ છે. કેમકે એક સત્તાના અંશ છે, એક પદાર્થના અંશ છે.

'**દ્રવ્યદૃષ્ટિ સાધકદશાના જે જે ભેદો પડે તેને તથા ગુણસ્થાન-જીવસ્થાન આદિ બધા ભેદોને ગૌણ કરે છે.**' અથવા વિષય કરતી નથી. દ્રવ્યદૃષ્ટિ સાધક અવસ્થાના કોઈ ગુણસ્થાનના ભેદોને વિષય કરતી નથી કે દ્રવ્યદૃષ્ટિ પદાર્થના ગુણ-પર્યાયના ભેદોને પણ વિષય કરતી નથી. ભેદોને વિષય ન કરવો એવો દૃષ્ટિના, શ્રદ્ધાના, પરિણમનનો સ્વભાવ છે. કે ભેદોને વિષય કરવા નહિ, ભેદોને શ્રદ્ધવા નહિ. શ્રદ્ધાનું કાર્ય શ્રદ્ધવાનું છે. શ્રદ્ધાનું કાર્ય શું છે? શ્રદ્ધવાનું છે. ઉલટી પડે તોપણ ભેદોને શ્રદ્ધતી નથી અને સૂલટી પડે તોપણ ભેદોને શ્રદ્ધતી નથી. ભેદોને નહીં શ્રદ્ધવા, નહીં વિષય કરવા એ શ્રદ્ધાનો ગુણ છે. શ્રદ્ધાના પરિણમનનો એવો જ પ્રકાર છે કે તે વિષય કરતી નથી.

'**કારણ કે આશ્રય દ્રવ્યનો લેવાનો છે, ગુણ-પર્યાયનો નહિ.**' શ્રદ્ધા આશ્રય કરવામાં મુખ્ય છે. આમ તો જ્ઞાન, ચારિત્ર, પુરુષાર્થ બધા જ ગુણો સ્વરૂપમાં જ એકાગ્ર થાય છે. સર્વ ગુણો અનુભવકાળે સ્વરૂપમાં એકાગ્ર થાય છે અને બધા સ્વરૂપનો આશ્રય કરે છે. તોપણ, તેમ છતાં પણ આશ્રય કરવાનું મુખ્ય કાર્ય શ્રદ્ધાનું છે બધાયમાં. કેમ? કે એ પૂરેપૂરી શક્તિથી આશ્રય કરે છે. બીજા ગુણો થોડી શક્તિથી આશ્રય કરે છે. એટલે આશ્રય કરનારામાં એ મુખ્ય છે, લીડર છે. જેમ એક પક્ષના માણસ એની પોલિસીનું બધું કામ કરે, પણ લીડર હોય એ મુખ્યપણે કામ કરે. અને લીડર ક્યારે હોય? કે એની પૂરેપૂરી અર્પણતા હોય ત્યારે. લીડર કોણ બને? પૂરા સમર્પિત હોય તો બને. અધૂરો સમર્પિત હોય એ લીડર ન બની શકે. શ્રદ્ધા પૂરેપૂરી સમર્પિત છે દ્રવ્યને. બીજા ગુણો અલ્પ પ્રમાણમાં સમર્પિત છે. એમ છે.

મુમુક્ષુ :- એટલે સમ્યગ્દર્શન થયું એમ કહેવામાં આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમ્યગ્દર્શન થયું એમ ચોથા ગુણસ્થાને પ્રધાનપણે કહેવામાં આવે છે. અને સમ્યક્ત્વને કારણે બધા ગુણો શુદ્ધ થયા એમ કહેવાય છે અને સમ્યક્ત્વને કારણે બધા ગુણો પૂર્ણ શુદ્ધ થવા લાગ્યા એમ પણ કહેવામાં આવે છે. કરે છે કામ દરેક પોતપોતાની શક્તિથી છતાં પણ એને નિમિત્ત ગણવામાં આવે છે, નિમિત્તકારણ ગણવામાં આવે છે પરિણમનમાં.

'**કારણ કે આશ્રય દ્રવ્યનો લેવાનો છે, ગુણ-પર્યાયનો નહિ.**' તેથી દ્રવ્યનો આશ્રય લેવાનો હોવાથી અભેદ દ્રવ્યને મુખ્ય કરવામાં આવે છે. ગુણ-પર્યાયના ભેદોને મુખ્ય

કરવામાં આવતા નથી, જણાવા છતાં પણ. બીજું, કે ગુણ-પર્યાય એવી જાતના જુદાં નથી, જેવી રીતે રાગથી જુદાંપણું છે. હવે એ કેમ નક્કી કરવું? જુદાંપણા-જુદાંપણામાં શું ફર્ક છે? કે રાગનું જુદાંપણું એટલા માટે વિશેષ છે, વધારે છે કે કોઈ એક વખતે એનો નાશ થવાનો છે. રાગનો નાશ થઈ જશે, અભાવ થઈ જશે. એટલે એનું જુદાંપણું ઘણું છે. ગુણ-પર્યાય જુદાં હોવા છતાં એનો નાશ નથી થવાનો. એ ત્રણે કાળે સાથે રહેવાના છે. એટલે બેયના જુદાંપણા-જુદાંપણામાં ફેર છે. એક નાશ પામવાયોગ્ય છે, એક નાશ પામવાયોગ્ય નથી. એમ પણ ફર્ક છે. '**બંનેના જુદાં-જુદાપણામાં** (પણ) **ફેર છે. માટે તે અપેક્ષાએ કીધું હતું કે રાગથી ભેદજ્ઞાન કરવું.**' રાગને ટાળવાનો છે ભેદજ્ઞાન કરીને, પર્યાયને ટાળવાની નથી. પર્યાયમાં તો કેવળજ્ઞાન પ્રગટ થવાનું છે, પર્યાયમાં સમ્યગ્દર્શન પ્રગટ થવાનું છે. એને ટાળવાની વાત નથી કે આનો અભાવ કરી નાખવો. રાગનો તો અભાવ કરવાની વાત છે.

મુમુક્ષુ :- વસ્તુનું અંગ છે. પર્યાય છે એ વસ્તુનું અંગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુનું અંગ છે. એ તો પહેલા કહી દીધું કે એ સર્વથા જુદું નથી, એનો અંશ છે. અંગના બદલે અંશ શબ્દ વાપર્યો છે. એક જ વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાન અને રાગને લેવામાં જઈએ તો રાગમાં તો પરદ્રવ્ય ઉપર પરિણામ થાય ત્યારે રાગ થાય છે. એટલે સ્વપરનો ભેદ ત્યાં પહેલા જીવ છાંટે તો દ્રવ્ય-પર્યાયના ભેદમાં સૂક્ષ્મ.. એ પણ એક...

પૂજ્ય ભાઈશ્રી :- રાગ છે એ જાતિથી જુદો છે, વસ્તુની જાતિથી જુદો છે. એ મોટો ફરક છે. એમાં દુઃખ છે. વિભાવ છે એ પોતાની વસ્તુથી એની વિરુદ્ધતા પણ છે. જ્યારે શુદ્ધપર્યાયમાં તો એવું કાંઈ નથી, વિરુદ્ધતા નથી, એની જાતિભેદ નથી. એટલે બેનું એકસરખું જુદાંપણું નથી. ભેદજ્ઞાન કરવા પાછળ આશય કોઈ છે કે નહિ? કે આશય તો વિભાવનો અભાવ કરવાનો છે. ચાહે દ્રવ્ય-પર્યાયનું ભેદજ્ઞાન કરો કે રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન કરો. આશય રાગનો અથવા વિભાવનો અભાવ કરવાનો છે. દ્રવ્ય-પર્યાયના ભેદજ્ઞાનથી પર્યાયનો અભાવ કરવાનો આશય નથી. કેમકે પર્યાય ક્યાં જવાની? પર્યાય વગર કોઈ સમયે કોઈ પદાર્થ હોઈ શકે નહિ. અવસ્થા વિનાનો કોઈ પદાર્થ ક્યારે પણ ન હોય.

મુમુક્ષુ :- વિભાવ પરિણામમેં આકુલતા, મલિનતા ઔર વિપરીતતા હોતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- તીનોં હૈ. એટલે ત્યાંથી ભેદજ્ઞાન કરાવ્યું છે. આશય છોડીને તો કોઈ વાત ન હોવી જોઈએ. આશય-પ્રયોજન શું છે? દુઃખનો નાશ છે. તો દુઃખ હોય ત્યાં દુઃખનો નાશ કરવો. દુઃખ ન હોય ત્યાં દુઃખનો નાશ કરવાનું ક્યાં પ્રયોજન

છે? સમ્યગ્દર્શન, કેવળજ્ઞાનમાં દુઃખ ક્યાં છે? એનું ભિન્નપણું છે એ તો દૃષ્ટિ વિષય નથી કરતી એવી અપેક્ષાથી છે. બાકી કોઈ એથી વધારે વાત નથી. એમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! રાગવાળી પર્યાયમાં રાગને ભિન્ન લેવાનો કે રાગ એ જ પર્યાય?

પૂજ્ય ભાઈશ્રી :- ના, રાગને ભિન્ન લેવાનો છે.

મુમુક્ષુ :- રાગ અને પર્યાય બંનેને ભિન્ન-ભિન્ન આમ લઈ શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પર્યાય છે એ તો બીજા ગુણોની પણ છે. રાગ તો એક ચારિત્રગુણમાં થાય છે. જ્ઞાનગુણમાં તો રાગ પણ થતો નથી. જ્ઞાનની પણ પર્યાય છે. ચારિત્રગુણમાં રાગની પણ પર્યાય છે. તો પર્યાયમાત્રને જુદો કરવો એવી વાત ન હોવી જોઈએ. રાગને ટાળો. ચારિત્રગુણમાં પણ રાગને ટાળો અને વીતરાગતાને પાળો. વીતરાગતાને ઉત્પન્ન કરો, એનું પાલન-પોષણ કરો, એને વૃદ્ધિગત કરો અને એને પૂર્ણ કરો. એમ છે.

મુમુક્ષુ :- ઉસમેં પર્યાયકો .. નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. રાગને ટાળવાની વાત છે. પ્રયોજન રાગને ટાળવાનું છે. વીતરાગતા તો ઉત્પન્ન કરવાનું, વૃદ્ધિગત કરવાનું (પ્રયોજન છે).

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્યાં રાગનો અભાવ થાય તો વીતરાગતા તો સહેજે ઉત્પન્ન થવાની.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો થવાની છે. એટલે જો પર્યાયને ટાળવાની વાત લેવામાં આવે તો મૂળ તો આશય સાથે, પ્રયોજન સાથે મેળ ખાતો નથી. પ્રયોજનની વિરુદ્ધતા થાય છે. શું થાય છે? પ્રયોજનની વિરુદ્ધતા થાય છે. કોઈપણ શાસ્ત્રનો વિષય પ્રયોજન વિરુદ્ધ ન હોય. કેમકે શાસ્ત્રનું જ્ઞાન છે એ પ્રયોજનને સાધવા માટે છે. પ્રયોજનનો વિરોધ થાય એવી રીતે શાસ્ત્રજ્ઞાનનું અર્થઘટન ન કરાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતનભાવ, ઉસમેં જ્ઞાન ઔર રાગસે ભિન્નતાકા બાત હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, જડમેં તો શરીર હૈ, દ્રવ્યકર્મ ઔર નોકર્મ હૈ. ફિર રાગ ઉનકે આશ્રય સે હોતા હૈ ઈસલિયે ઉસકો જડભાવ ભી બોલનેમેં આતા હૈ.

મુમુક્ષુ :- આશય વહાંપરભી યહી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વહી બાત હૈ. ઉસકા આશ્રય કરકે તદાકાર હોતા હૈ. જડ સદૃશ્ય હો જાતા હૈ ઈસલિયે.

મુમુક્ષુ :- રાગમાં જાણનસ્વભાવ પણ નથીને પાછો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, રાગમાં જાણવાનું નહિ હોવાથી ચેતનતા નથી. જડપણું લેવાનું કારણ એ પણ છે. એટલું જડપણું લેવાનું કારણ છે. ગુરુદેવે તો ઘણા ન્યાય કાઢ્યા છે આ બધા.

અહીંયાં શું કહે છે? કે રાગનું જુદાંપણું અને પર્યાયનું જુદાંપણું એ બંનેના જુદાં જુદાંપણામાં ફેર છે. માટે તે અપેક્ષાએ કીધું હતું કે રાગથી ભેદજ્ઞાન કરવું. **'તે સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન છે...'**

મુમુક્ષુ :- પર્યાય તો સત્ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સત્ છે. અને આ સ્વભાવમાં, ત્રિકાળીમાં નહિ હોવાથી રાગને અસત્ પણ કહેવામાં આવે છે.

'તે સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન છે...' રાગથી ભેદજ્ઞાન કરવું તે સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન છે. **'અને આ (દ્રવ્ય-પર્યાયના) ભેદજ્ઞાનની અપેક્ષા જુદી છે.'** દ્રવ્ય અને પર્યાયની જે જુદાંપણાની અપેક્ષા છે તે અપેક્ષા જુદી છે.

મુમુક્ષુ :- અપેક્ષા જુદી છે પણ પ્રયોજન એક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રયોજન એક છે. એને જુદાં કહેવા પાછળ પણ પ્રયોજન તો શુદ્ધિનું જ પ્રયોજન છે. દૃષ્ટિ દ્રવ્યનું આલંબન લે અને પર્યાયને વિષય ન કરે એની પાછળ પણ શુદ્ધિનો જ આશય છે, વીતરાગતાનો જ આશય છે. આશય નથી ફરતો. અહીંયાં પ્રશ્ન શું છે? કે આમ કેમ કહો છો અને આમ કેમ કહેતા નથી? તો એ કહેવું બરાબર છે. પ્રેક્ટિકલ સાઈડથી એમ જ શરૂ કરાય, બીજી રીતે શરૂ કરાય નહિ. એ ક્રમનો વિષય છે, ક્રમનો વિષય છે. ત્યાંથી ક્રમ શરૂ થાય છે. ભેદજ્ઞાનનો ક્રમ રાગ અને જ્ઞાનના ભેદ કરવાથી શરૂ થાય છે. પછી દ્રવ્ય-પર્યાયની ભિન્નતાની વાત લ્યો. પહેલેથી લ્યો તો તમારા કાર્યની સિદ્ધિ નહિ થાય. એમ છે.

મુમુક્ષુ :- કલ્પના થશે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કલ્પનાએ ચડે પછી. અવિધિએ કામ કરે એટલે કલ્પનાએ ચડે. એ તો કલ્પનાએ ચડ્યો ત્યારે તો વિધિ છોડીને બીજી વિધિ લીધી. જો કલ્પનાએ ન ચડ્યો હોત તો સાચો રસ્તો પકડત, યથાર્થ રસ્તો પકડત. જો ક્રમ સ્થાપિત કિયા હૈ ઉસકે પીછે અનુભવી પુરુષોંકા અનુભવ વ્યક્ત હોતા હૈ. પદાર્થકા વિજ્ઞાન તો કુછ હૈ. વિજ્ઞાન પ્રમાણે આ પહેલો ક્રમ છે એમ કહેવું છે. રાગ અને જ્ઞાનથી ભેદજ્ઞાન કરવું. એમ વાત છે.

મુમુક્ષુ :- દૂસરે તરહસે જો ભી ભેદજ્ઞાનકા પ્રયાસ હૈ વહ સબ વિકલ્પ હૈ. હો હી નહીં સકતા.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, ઉસમેં ક્યા હૈ કિ વહ આગે કે સ્ટેજમેં જબ દ્રવ્યદૃષ્ટિ પ્રગટેગી તો બાત અલગ હૈ, દૃષ્ટિ કામ કરેગી ઉસ પ્રકારસે. લેકિન મુમુક્ષુકી ભૂમિકામેં દૃષ્ટિ ઉલટી હૈ ઈસકા ક્યા કરોગે? પ્રેક્ટિકલી રાગ અને જ્ઞાનથી ભેદજ્ઞાન કરવું એ જ સફળ થવા માટેનો સાચો ઉપાય અને સાચો ક્રમ છે. ક્રમ છોડીને ચાલવું નહિ. એ આપણે ક્રમનો વિષય મુખ્ય છે. એટલા માટે તો ગુરુદેવ શીરાનો, હલવાનો દાખલો આપતા. લોટની અંદર ઘી અને સાકરનું પાણી બેય નાખવાના છે, પણ ક્રમથી. પહેલા ઘીમાં લોટ શેકો અને પછી સાકરનું પાણી નાખો તો હલવો થાય. પણ સાથે નાખી દો, પહેલેથી જ બે ભેગા નાખી દો તો ત્રણેય બગડે, ત્રણેય બગડે. એમ ક્રમ છોડીને દ્રવ્ય-પર્યાયનું ભેદજ્ઞાન કરવા જાય (એટલે) ગડબડ થાવાની, ગડબડ થાવાની.

ત્રણ ભેદજ્ઞાનની વાત આવે શાસ્ત્રમાં. શાસ્ત્ર વાંચનારને કેમ નક્કી કરવું કે મારે પહેલું શું કરવું? સારું છે કે જ્ઞાનીઓ પ્રતિપાદન પણ ક્રમથી કરે છે. સંવર અધિકારમાં ભેદજ્ઞાનનો વિષય લીધો એમાં પહેલા રાગ અને જ્ઞાનથી ભેદજ્ઞાન કરાવ્યું. જો સમજદાર હોય તો સમજી જાય. જો ક્રમને સમજતો હોય તો સમજી જાય કે અહીંથી મારે કામ શરૂ કરવાનું છે, રાગ અને જ્ઞાનથી. નહિતર ત્યાં પાછું એમ લખતા નથી કે આ અમે ક્રમ પ્રતિપાદન કરીએ છીએ. પોતાની મેળે ન સમજે તો સત્સંગમાં સમજે. બીજો કોઈ ઉપાય નથી. સત્સંગમાં પ્રશ્ન ઉઠાવી શકાય છે કે દ્રવ્ય-પર્યાયનું ભેદજ્ઞાન કેમ નહિ? તો એનો ઉત્તર મળે છે કે જો આ કારણ છે. એમ ફેર પડેને. સત્સંગનો એ ફર્ક પડે. પોતાની મેળે એવું કરવા જાય તો ક્રમ છોડીને પણ કાર્ય કરવા જાય તો બધું બગડે, શીરો બગડે એમ.

'તે સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન છે અને આ (દ્રવ્ય-પર્યાયના) ભેદજ્ઞાનની અપેક્ષા જુદી છે. ચૈતન્ય પૂર્ણ ઐશ્વર્યશાળી છે...' ચૈતન્યસ્વભાવ સ્વરૂપ એમાં પૂરેપૂરું બધા ગુણોનું ઐશ્વર્ય ભરેલું છે, સામર્થ્ય છે પૂરેપૂરું. તેનો આશ્રય લેવાનો છે કે એ હું. એવો **'તેનો આશ્રય લેવાનો છે, પણ ગુણ કે પર્યાય જે અંશ છે તેનો આશ્રય લેવાનો નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં દ્રવ્યનો આશ્રય આવે છે અને ગુણ-પર્યાયના ભેદનો આશ્રય છૂટી જાય છે. ત્યારે સાધકદશા અને બીજું બધું ગૌણ થઈ જાય છે.'** વર્તમાન ચાલતી સાધકદશા પણ ગૌણ થઈ જાય તેમાં. આગળ જતા એ વાત આવશે. મુમુક્ષુની ભૂમિકામાં તો રાગ અને જ્ઞાન વચ્ચે ભેદજ્ઞાન કરવું. દૃષ્ટાંત આપે છે.

મુમુક્ષુ :- રાગ અને જ્ઞાનમાં ભેદજ્ઞાન કરે, ત્યારે જ્ઞાન કાયમ ટકનાર (છે) તેથી જ્ઞાન તે હું એમ વિશ્વાસ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વભાવ પકડાય છે. કાયમ ટકનાર નિત્ય છે તે સ્વભાવ

પકડે છે. સ્વભાવનું ગ્રહણ થાય છે. એ ભેદજ્ઞાનમાં સ્વભાવનું પોતાપણે પોતા સ્વરૂપે ગ્રહણ થાય છે.

'જેવી રીતે એક શક્તિશાળી રાજા...' આ સ્વરૂપની અપેક્ષા. દૃષ્ટાંત લીધો. સિદ્ધાંતમાં પોતે ચૈતન્યસ્વભાવ અનંત શક્તિનો. દૃષ્ટાંતમાં **'એક શક્તિશાળી રાજા તેના દુશ્મનથી જુદો છે તેવી રીતે તેના સંબંધીઓથી...'** સામંતોથી, પ્રધાનોથી **'જુદો નથી.'** આમ તો રાજા અને પ્રધાનો જુદાં-જુદાં છે. અને રાજા અને દુશ્મન પણ જુદાં-જુદાં છે. પણ જેવી રીતે દુશ્મન સાથે જુદાંપણું છે એવી રીતે એના પ્રધાનો સાથે જુદાંપણું નથી. પ્રધાનો અને સામંતો તો એના દુશ્મનની સામે લડનારા છે અને એની પડખે રહેનારા છે—રાજાની પડખે છે એ. દુશ્મન છે એ તો રાજાનો નાશ કરવા આવેલો છે. બે વચ્ચે જુદાંપણામાં ફેર ખરો કે નહિ? છે ફેર.

મુમુક્ષુ :- એક દુશ્મનના સ્થાનમાં છે, એક મિત્રના સ્થાનમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભલે મિત્રના સ્થાનમાં છે પણ દૃષ્ટિ વિષય નહિ કરે એટલો ખ્યાલ રાખવાનો છે. રાજા અને રાજાનો નોકર એ રાજાનો સપોર્ટર છે. પણ નોકર ખાય તો રાજાનું પેટ ન ભરાય. ભરાય? કેમકે જુદાંપણું છે. અનુભવપ્રકાશમાં એવું દૃષ્ટાંત લીધું છે. થાળીમાં આહાર પડ્યો હતો એ પેટમાં ગયો. તો આહાર શરીરમાં ગયોને? પેટમાં ગયો એટલે શરીરમાં ગયો. આત્મામાં નથી ગયો. તો આ જીવ એમ કહે છે કે મેં ખાધું અને હું ધરાઈ ગયો. મેં ખાધું અને હું ધરાઈ ગયો. તો કહે છે, લૌકિકમાં નોકર ખાય ત્યારે રાજાનું-માલિકનું પેટ ભરાતું નથી. તારે કેમ આમ થયું? શરીર તો તારી બાજુમાં રહેલું અનુચર છે. સહચર કહો કે અનુચર કહો. એ ખાય એમાં તારે પેટ ભરાઈ ગયું એ વાત કેવી રીતે આવી? અમને આશ્ચર્ય થાય છે. એમ કહે છે. લૌકિકમાં નોકર ખાય ત્યારે માલિકનું પેટ ભરાતું નથી.

'અહીં દૃષ્ટિના બળમાં દૃષ્ટિ બધું જુદું પાડે છે. હું કૃત્યકૃત્ય-પૂર્ણ છું, વિભાવ મારાથી અત્યંત જુદો છે એમ જુદું પાડે છે અને વચ્ચે જે સાધકદશાની અધૂરી પર્યાય તથા પૂર્ણ પર્યાય આવે છે તે બધાનું લક્ષ છોડી દે છે.' કોણ? દૃષ્ટિ. **'તોપણ જ્ઞાન તેને લક્ષમાં રાખે છે કે આ પર્યાયો છે તે ચૈતન્યની અવસ્થાઓ છે...'** બેયનો કામ કરવાનો વિષય જુદો-જુદો છે. જ્ઞાન તો દ્રવ્ય-પર્યાય બેયને વિષય કરે છે અને દૃષ્ટિ એકલા દ્રવ્યને વિષય કરે છે. છતાં બે વચ્ચે વિરોધ નથી. એક દ્રવ્યની બે જણા સેવા કરતા હોવા છતાં બેની વચ્ચે વિરોધ નથી.

મુમુક્ષુ :- જ્ઞાન પણ વિવેક કરે છે. એ પણ દ્રવ્યને જ ભજે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ એક ધર્મમાં ચાલનારા, એક ભગવાનને અનુસરનારા,

એક ધર્મને અનુસરનારા, એક ગુરુને અનુસરનારાની પ્રકૃતિ ભલે જુદી જુદી હોય, પણ આપસમાં વિરોધ હોવો જોઈએ નહિ, મૈત્રી હોવી જોઈએ. શ્રદ્ધા-જ્ઞાનની મૈત્રી છે. શ્રદ્ધા સંપૂર્ણપણે સમર્પિત છે દ્રવ્યને. જ્ઞાન બે બાજુ જાય છે. ત્યારે શ્રદ્ધા એને ક્યારેક ઠપકો પણ દે કે ભાઈ! સમર્પિત થવા જેવું તો આ છે. તું શું કરવાને બીજે જા છો? ત્યાં તો કાંઈ છે નહિ તારું. વાત તો તારી સાચી છે. હું પણ એવું જ ઈચ્છું છું. કેવળજ્ઞાન થશે ત્યારે એમ જ થશે. કેમકે હું એવું ઈચ્છું છું. પણ અત્યારે થોડોક મારામાં હજી વાંધો છે. એ મારી ભૂલ હું સ્વીકારું છું. એ હું ક્યાં ના પાડું છું. મારે ઉપયોગ પરમાં ન દેવો જોઈએ, મારામાં એટલી કચાશ છે એટલે હું સ્વીકાર કરું છું મારી કચાશને. એમાં ક્યાં ના છે? પણ સરવાળે હું તને અનુમોદું છું, માટે હું તારી જેમ પરિણમન કર્યા વગર નહિ રહું. હું પણ એમ જ ઈચ્છું છું. કેવળજ્ઞાન થતાં એવું થઈ જાય છે. નિરવશેષ અંતર્મુખ થઈ જાય છે કેવળજ્ઞાન. પછી લોકાલોક જણાય છે પણ ઉપયોગ જતો નથી. માટે જ્ઞાન જતું નથી એમ પણ કહેવામાં આવે છે. એટલે એકને અનુસરનારામાં બે જણા હોય એમાં ફેર પડતો હોય તો જે વિશેષ હોય એનું અનુમોદન થવું જોઈએ.

દૃષ્ટિ છે એ પોતાની શક્તિથી, બળમાં એટલે શક્તિથી બધાને જુદું પાડે છે. હું ત્રિકાળી પરિપૂર્ણ છું, વિભાવ મારાથી અત્યંત જુદો છે અને સાધકદશાની અધૂરી કે પૂર્ણ પર્યાય આવે તે પણ બધાનું મારે કાંઈ લક્ષ કરવાનું કારણ નથી અથવા આશ્રય કરવાનું કારણ નથી. તોપણ જ્ઞાન તેને લક્ષમાં રાખે છે કે આ પર્યાયો છે. જ્ઞાનના લક્ષમાં રહે છે. આ આના અંગો છે, અંશો છે એમ લક્ષમાં રાખે છે.

'તોપણ જ્ઞાન તેને લક્ષમાં રાખે છે કે આ પર્યાયો છે તે ચૈતન્યની અવસ્થાઓ છે. તેમ જ તે શુદ્ધ પર્યાયો તેના વેદનમાં આવે છે.' આનંદ આદિ. જ્ઞાન, આનંદ આદિ પર્યાયો વેદનમાં આવે છે એ પર્યાયમાં વેદનમાં આવે છે, કાંઈ દ્રવ્યમાં વેદનમાં આવતું નથી. **'આમ જ્ઞાન તેનો વિવેક કરે છે.'** જ્ઞાન તેનો વિવેક કરે છે. જે જે સ્થાને છે તે સ્થાને સમજે છે. એટલે જ્ઞાનને અનેકાંતિક કીધું છે અને દૃષ્ટિને એકાંતિક કીધી છે. શાસ્ત્રકારોએ દૃષ્ટિને એકાંતિક કીધી છે. ઊલ્ટી પડે તો મિથ્યા અનેકાંત છે અને સૂલટી પડે તો સમ્યક્ એકાંત છે, પણ દૃષ્ટિ એકાંત છે. જ્યારે જ્ઞાન છે તે બંનેને વિષય કરીને વિવેક કરે છે.

મુમુક્ષુ :- શ્રદ્ધા તો અંધી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન હોય ત્યારે એ શ્રદ્ધાને અંધશ્રદ્ધા કહેવામાં આવતી નથી. ભલે કામ અંધપણે કરે તોપણ.

'આમ જ્ઞાન તેનો વિવેક કરે છે. તે અપેક્ષાએ ભેદજ્ઞાન મૂળ રાગથી કરવાનું છે.' મૂળ એટલે ત્યાંથી શરૂ કરવાનું છે. મૂળમાં ભેદજ્ઞાન રાગ અને જ્ઞાનથી શરૂ કરવાનું છે. **'જ્યારે ગુણ-પર્યાયના ભેદજ્ઞાનમાં એવી જાતનો ભેદ છે કે દૃષ્ટિનો આશ્રય દ્રવ્ય ઉપર જાય છે, (ગુણ-પર્યાય ઉપર નહીં) માટે તે બધાનો ભેદ કરવાનો છે.'** દૃષ્ટિ એકલા દ્રવ્યને આશ્રય કરે છે માટે જ્ઞાન પણ બધાને જુદાં પાડી દ્યે એમ લેવાનું નથી. જ્ઞાન તો જેમ છે એમ જાણે છે અને વિવેક કરશે. જ્ઞાન પોતે સ્વપરપ્રકાશ હોવાથી નિમિત્ત સુધીનો વિવેક કરે છે. સ્વપરપ્રકાશક હોવાથી નિમિત્ત સુધીનો વિવેક કરે છે. નિમિત્ત એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર એનો પણ વિવેક કરે છે. બીજા જે હેય નિમિત્તો છે એનો પણ વિવેક કરીને હેય કરે છે. ઉપાદેય નિમિત્તો છે એનો પણ વિવેક કરીને ઉપાદેયતા કરે છે. એ જ્ઞાનપ્રધાન પરિણમન છે. દૃષ્ટિ કોઈને વિષય કરે નહિ. શું કીધું?

'જ્યારે ગુણ-પર્યાયના ભેદજ્ઞાનમાં એવી જાતનો ભેદ છે...' ગુણ-પર્યાયના ભેદજ્ઞાનમાં એવી જાતનો ભેદ છે **'કે દૃષ્ટિનો આશ્રય દ્રવ્ય ઉપર જાય છે, (ગુણ-પર્યાય ઉપર નહીં) માટે તે બધાનો ભેદ કરવાનો છે.'** જ્યારે ભેદ પાડે છે ત્યારે દૃષ્ટિની અપેક્ષાએ. જ્ઞાન છે એ જ્ઞાનની રીતે કામ કરે છે. સંક્ષેપમાં દૃષ્ટિ છે એ એની રીતે કામ કરે છે. બેય પોતપોતાની રીતે કામ કરે છે. છતાં પણ આપસમાં વિરુદ્ધતા થતી નથી. અહીં સુધી રાખીએ.

તા. ૮-૧-૧૯૯૭, પ્રશ્ન-૯૮, ૯૯
પ્રવચન નં. ૬૩

... પર્યાય તો વેદનમાં આવે છે. એટલે ગુણ પર્યાયનો ભેદ તો દ્રવ્યદૃષ્ટિ કરાવવાના આશયથી છે. આશય તો બંનેમાં એક જ છે. આશય તો ક્યાંય બદલાતો નથી.

હજારો ન્યાય છે, આશય એક જ છે. અહીં તો બે વચ્ચેની ચર્ચા ચાલે છે, પણ હજારો ન્યાય છે તોપણ આશય તો એક જ છે. રાગ અને જ્ઞાનના ભેદજ્ઞાનમાં પણ આશય દ્રવ્યનો આશ્રય કરાવવાનો છે અને દ્રવ્ય પર્યાયથી જુદાંપણું બતાવવાનો પણ આશય દ્રવ્યનો આશ્રય કરાવવાનો છે. એ રીતે ભેદજ્ઞાન કરાવવા પાછળનો આશય છે. પણ જ્ઞાનમાં એવી ભૂલ નથી કરવાની કે જેવું જુદાંપણું રાગથી છે એવું જુદાંપણું ગુણ-પર્યાયથી છે. એવી ભૂલ નહિ થવી જોઈએ. એટલી સ્પષ્ટતા અહીંયાં કરવા માંગે છે.

૭૭ પાને છેલ્લો પેરેગ્રાફ છે. '**જેવો ભેદ રાગથી કરવાનો છે તેવો ભેદ ગુણ-પર્યાયથી નથી કરવાનો. ભેદ-ભેદમાં ફેર છે.**' એટલું જ્ઞાનમાં રાખવાનું છે. '**માટે મૂળ રાગથી ભેદજ્ઞાન કરવાનું છે...**' મૂળ એટલે પ્રારંભ ત્યાંથી કરવાનો છે. મૂળમાં એ શરૂ કરવાનું છે '**અને આનો (ગુણ-પર્યાયનો) વિવેક કરવાનો રહે છે.**' તેમાં ભેદપણું કેટલું છે, અભેદપણું કેટલું છે. '**જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ બધા ગુણો છે તે ચૈતન્યના એક-એક અંશો છે અને ચૈતન્ય અખંડ પૂર્ણ શક્તિવાન છે.**' આ બધી એની શક્તિઓ છે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને આત્મા શક્તિવાન છે. '**એક-એક અંશનો આશ્રય લેવાનો નથી, કેમકે તે અંશો છે, માટે તે બધાને ગૌણ કરવાના છે. દૃષ્ટિ તે બધાને કાઢી નાખે છે,...**' ભેદને દૃષ્ટિ કાઢી નાખે છે. '**નિમિત્ત અપેક્ષાએ જે અધૂરી-પૂર્ણ પર્યાય થઈ તે બધાને પણ દૃષ્ટિ જુદી કરે છે.**' નિમિત્ત અપેક્ષાએ કર્મનું નિમિત્ત છે. કર્મના નિમિત્ત અપેક્ષાએ કેટલીક અવસ્થાઓ અધૂરી છે, કેટલીક અવસ્થાઓ પૂર્ણ છે. પૂર્ણ કર્મ ખસી ગયું છે. નિમિત્તનો પૂરેપૂરો અભાવ થયો છે ત્યાં અવસ્થા પૂર્ણ છે. એમાં પણ નિમિત્તની અપેક્ષા છે. દૃષ્ટિ તે બધાને જુદી કરે છે.

'**અને હું તો એક પૂર્ણ છું, કૃત્યકૃત્ય છું એમ સ્વીકારે છે.**' એ દૃષ્ટિનું કાર્ય છે. એ રીતે દૃષ્ટિ પોતાની રીતે કામ કરે છે, જ્ઞાન પોતાની રીતે કામ કરે છે. ભેદજ્ઞાન કરવાનું કાર્ય જ્ઞાનમાં થાય છે, ભેદજ્ઞાન કરવાનું કાર્ય દૃષ્ટિમાં નથી થતું. કેમકે દૃષ્ટિનો વિષય એક અખંડ છે, બીજું કાંઈ નથી. '**હું એક છું, પૂર્ણ છું એમ દૃષ્ટિના બળમાં બધું નીકળી જાય છે.**' આપોઆપ જ. દૃષ્ટિ વિષય જ નથી કરતી. '**પણ એકાંતે જો તે પૂર્ણ જ હોય તો સાધકદશા રહેતી નથી.**' એટલે પૂર્ણ છું એ વાત છે ખરી દૃષ્ટિ અપેક્ષાએ, પણ જ્ઞાન જાણે છે કે સાધકદશા પણ છે અને એમાં અપૂર્ણતા, અશુદ્ધિ વગેરે પણ છે.

'**તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ બધી અવસ્થાઓ તો થાય છે.**' સાધકદશામાં. '**તેથી તેનો જ્ઞાન વિવેક કરે છે કે કોઈ અપેક્ષાએ આ ગુણો ચૈતન્યના છે;...**' અથવા દ્રવ્યના છે. ચૈતન્ય કહો કે દ્રવ્ય કહો. '**ચારિત્રની પર્યાય પ્રગટે તે**

ચૈતન્યની છે, જ્ઞાન-ચારિત્ર વગેરે બધું ચૈતન્યમાં પ્રગટે છે.' અ દશાઓ બધી આત્માને પ્રગટે છે. અને ક્યારે પ્રગટે છે? કે **'દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી બધું પ્રગટે છે,...'** પછી જે દૃષ્ટિ છે તે જો દ્રવ્ય ઉપર ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના ગુણો છે એ પ્રગટ થતા નથી. ભલે જ્ઞાન બધું જાણે પણ દૃષ્ટિ પ્રગટ્યા વિના ગુણનું પ્રગટવું બનતું નથી. દૃષ્ટિનું મહત્ત્વ જે પ્રકારે પોતાના સ્થાનમાં છે, તે પ્રકારે સમજવું જોઈએ. **'દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી બધું પ્રગટે છે, માટે નવ તત્ત્વની પરિપાટી છોડીને મને એક આત્મા પ્રગટ થાવ.'** નવ તત્ત્વની પરિપાટી શું છે? જૈનદર્શનની અંદર હેય-ઉપાદેયના દૃષ્ટિકોણથી નવ તત્ત્વનું પ્રતિપાદન છે. એ પરિપાટી એટલે પરંપરા અનાદિથી ચાલી આવે છે. આ જીવને શું હેય છે અને શું ઉપાદેય છે? ક્યા તત્ત્વ હેય છે? ક્યા તત્ત્વ ઉપાદેય છે? એ દૃષ્ટિકોણથી નવ તત્ત્વની રચના છે અથવા પ્રતિપાદન છે. પણ એ જ્ઞાનપ્રધાન વિષય છે. એ વિષય કેવો છે? જ્ઞાનપ્રધાન વિષય છે. એ જ્ઞાનપૂર્વક જે દૃષ્ટિ કેળવાય છે તે દૃષ્ટિ એકલા ચૈતન્યને પકડે છે, એકલા દ્રવ્યને પકડે છે. અને દૃષ્ટિ જ્યાં એકલા દ્રવ્યને પકડે છે ત્યાં જ્ઞાનમાં પણ નવના ભેદ ગૌણ થાય છે. જ્ઞાનમાં પણ મુખ્ય વલણ એવું થાય છે કે મને એક દૃષ્ટિનો વિષય જે શુદ્ધાત્મા છે એ આત્મા જ મને પ્રગટ થાવ. હેય-ઉપાદેયપણું જે કર્યું તે યથાસ્થાને ભલે થયું પણ તેના ફળસ્વરૂપે મને એક શુદ્ધાત્મા પ્રગટ થાવ.

જેમ હીરાનો હાર ખરીદતી વખતે ચોક્સાઈ ભલે કરી. હવે પહેરવામાં એનો આનંદ પ્રગટ થાવ. ચોક્સાઈ કરવાના સમયે ચોક્સાઈ કરી તો ભલે કરી. એમ હેય-ઉપાદેયપણું જ્ઞાને કર્યું તો ભલે કર્યું, પણ હવે જ્યાં દૃષ્ટિ પ્રગટી ત્યાં જ્ઞાન પણ એમ ઈચ્છે છે કે મને એક શુદ્ધાત્માનો જ અનુભવ થાવ અને મને એક શુદ્ધાત્માના અનુભવથી આનંદ વર્તો, હવે નવ તત્ત્વના વિકલ્પમાં મારે પણ રહેવું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હમણા આપે એમ કીધું કે દૃષ્ટિ કેળવાય છે ભેદજ્ઞાનમાં, હેય-ઉપાદેય જ્યાં થાય છે એની સાથે દૃષ્ટિ કેળવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિ કેળવાય છે. જ્ઞાનપૂર્વક જ દૃષ્ટિ થાય છે. એટલે જે ભેદજ્ઞાનનો પ્રોસેસ છે એ દૃષ્ટિ કેળવવાનો જ પ્રોસેસ છે. એમ જ છે.

મુમુક્ષુ :- એટલે દૃષ્ટિ એટલે અહીંયાં શ્રદ્ધાને? શ્રદ્ધા કેળવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શ્રદ્ધા કેળવાય છે. દૃષ્ટિમાં શું લેવું છે? આપણે લીધું હતું અહીંયાં સ્વાધ્યાયમાં. ફરીને લઈએ કે સ્વરૂપની ઉપાદેયતા, એકમાત્ર સ્વરૂપની ઉપાદેયતા અને અભિન્નતા એ કેળવાય છે. પરથી ભિન્નતા અને હેયપણું કેળવાય છે. એક સાથે સાયમલટેનિયસલી બેય કામ ભેદજ્ઞાનમાં થાય છે. એ ભેદજ્ઞાનની પ્રક્રિયા

એક સાથે આવું ડબલ કામ કરે છે. તેથી સ્વાનુભવ પણ પ્રગટે છે અને દૃષ્ટિ પણ પ્રગટે છે. બેય પ્રગટે છે.

'**માટે નવતત્ત્વની પરિપાટી છોડીને મને એક આત્મા પ્રગટ થાવ.**' મૂળ તો ભાવના છે, આત્માની એ ભાવના છે. એટલે રાજમલજીએ કળશટીકામાં એવું લીધું કે ભેદજ્ઞાન છે એ સાધકદશા સુધી ઉપાદેય છે. સાધ્ય થતા એ ઉપાદેય નથી. સાધવા માટે એની ઉપાદેયતા છે. સાધ્યની સિદ્ધિ થઈ ત્યાં ભેદજ્ઞાન પણ ઉપાદેય નથી. જેમ નવ તત્ત્વની પરિપાટી ઉપાદેય નથી તેમ. એ લીધું છે એક જગ્યાએ. '**નવતત્ત્વની પરિપાટી ઉપર દૃષ્ટિ મૂકવાની નથી,...**' નવમાં તો નવ ભેદ છે. દૃષ્ટિ નવ ભેદ ઉપર જાય એ બરાબર નથી. '**આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાની છે.**' અભેદ આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાની છે. '**આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાથી બધી નિર્મળ પર્યાયો પ્રગટે છે,...**' એ એક એવું વૈજ્ઞાનિક કાર્ય છે કે જ્યાં દૃષ્ટિ આત્મા ઉપર ગઈ એટલે અનંત ગુણોની પર્યાય નિર્મળ પ્રગટવા લાગે છે. એવો એ એક ગુણ છે, વિશિષ્ટ ગુણ છે કે જે પોતાના સ્વરૂપને સ્વીકારે, કબુલે કે અનંત ગુણો છે એ પ્રગટ થઈ જાય. એક દૃષ્ટિ ફરતા અનંત ગુણોનો ઝગમગાટ ચાલુ થઈ જાય. જ્યા અનંતા અનંતા દીવા પ્રગટે. આત્મામાં અનંતા ગુણોના દીવા પ્રગટે. મેઈન સ્વીચ છે. જેમ ઘરમાં બધી સ્વીચ ઓન હોય પણ મેઈન સ્વીચ ઓફ હોય તો અંધારું હોય. જ્યાં મેઈન સ્વીચ ઓન કરો એટલે બધી જગ્યાએ દીવા થઈ જાય. દૃષ્ટિ છે એ મેઈન સ્વીચ જેવી છે.

'**આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાની છે. આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાથી બધી નિર્મળ પર્યાયો પ્રગટે છે, પણ તે પર્યાયનો આશ્રય લેવાનો નથી.**' આશ્રય તો દૃષ્ટિએ લીધો એનો જ લેવાનો છે. આ કારણથી ગ્રંથ ગ્રંથોમાં સમ્યગ્દર્શનનો મહિમા જે વિશેષ પ્રકારે કરવામાં આવ્યો છે એનું કારણ આ છે કે મૂળ જ્યાં દૃષ્ટિ પ્રગટ થઈ ત્યાં બધા ગુણો પ્રગટ થયા અને દૃષ્ટિના બળે એ બધા ગુણો વિકાસ પામીને પૂર્ણ થઈ જશે એવું કામ કરશે એ દૃષ્ટિ. એટલે સમ્યગ્દર્શનનો મહિમા બીજા ગુણોની પર્યાય કરતા પણ વિશેષપણે કરવામાં આવ્યો છે. કેમકે આ પ્રકારની ખાસ પ્રકારની વિશિષ્ટતા એમાં રહેલી છે. એ કારણ છે.

'**જેમ વિભાવ જુદો છે...**' હવે મૂળ વાત ઉપર આવે છે. '**એવી રીતે નિર્મળ પર્યાયો જુદી નથી.**' વિભાવનો નાશ થશે, અભાવ થશે અને નિર્મળ પર્યાયો વૃદ્ધિગત થશે. બેયમાં એકબીજાથી ઊલટું કામ થવાનું છે. એટલે એ રીતે બંનેનું જુદાંપણું નથી. જુદાંપણું છે, પણ ફરક છે. '**સ્વાનુભૂતિનું વેદન...**' સ્વાનુભૂતિનું વેદન આવે છે એટલે '**વીતરાગદશાનું વેદન-આવે છે.**' વેદન આવે છે એમ કહો, અનુભવ થાય

છે એમ કહો. અને જ્યારે અનુભવ થાય છે ત્યારે એનું જુદાંપણું અનુભવાતું નથી. સ્વાનુભૂતિ થાય છે, આનંદનું વેદન આવે છે, વીતરાગદશાનું વેદન આવે છે ત્યારે આ પર્યાય જુદી છે એમ અનુભવમાં નથી રહેતું. એટલે એક ન્યાયે અનુભવના કાળે પ્રમાણની પ્રધાનતા છે. પ્રમાણની પ્રધાનતા છે. કેમકે ત્યાં દ્રવ્ય-પર્યાયનો યુગપદ્ અનુભવ થયો. દ્રવ્ય-પર્યાયનો યુગપદ્ અભેદ અનુભવ થયો. ત્યારે પણ દૃષ્ટિ તો એક ત્રિકાળી ઉપર જ છે. અનુભવમાં આમ છે.

મુમુક્ષુ :- જે વચ્ચે એક વખત આપણે કહેલું કે પર્યાયને તું આ અપેક્ષાએ ગૌણ કરીશ તે નહિ ચાલે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વેદન અપેક્ષાએ પર્યાયને ગૌણ કરવાની રહેતી નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યુગપદ્ અનુભવ થયો, તો યુગપદ્ જ્ઞાન નહિ થયું?

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ જ્ઞાન જ છેને.

મુમુક્ષુ :- એટલે અનુભવ જ્ઞાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા અનુભવ તે જ્ઞાન જ છે. અનુભવ તે અજ્ઞાન થોડું છે કે બીજા ગુણની પર્યાય નથી, જ્ઞાનની જ પર્યાય છે. યુગપદ્ અનુભવ થયો કહો કે યુગપદ્ જ્ઞાન થયું દ્રવ્ય-પર્યાયનું (કહો), બેમાંથી કોઈપણ કહી શકાય છે.

'માટે જેવી રીતે વિભાવથી જુદું પડવાનું છે એવી રીતે શુદ્ધ પર્યાયથી જુદું પડવાનું નથી.' કેમકે અનુભવમાં કાંઈ જુદું પડાતું નથી. અશુદ્ધ પર્યાયથી જુદું પડીને અશુદ્ધ પર્યાયનો અભાવ થાય છે એમ બને છે. **'આમ બધી અપેક્ષાએ સમજવું.'** ભિન્નતા અને અભિન્નતા એ બધી અપેક્ષાએ સમજવું. સમજણ ચોખ્ખી રાખવી. પછી ઉપાદેયતા એક દ્રવ્યની છે. એ ૯૮ (પ્રશ્ન) થયો.

એટલે ભેદજ્ઞાનનો આ જે વિષય છે એમાં જે દ્રવ્ય-પર્યાયની અને રાગની જે જુદાંપણાની ચોખવટ છે એ જાણી લેવી જોઈએ. ભૂલ થાય તો પ્રયોજનની ભૂલ થાય, પણ જાણવા સિવાય વધારે એમાં એ સ્ટેજે પહોંચ્યા પહેલા બીજાને એનું પ્રયોજન નથી એમ વિચારવાનું. કેટલીક વાર પ્રયોજનના પણ બે ભેદ પડે છે. એક સમજવાનું પ્રયોજન છે કે જેથી અન્યથા અથવા વિપરીત સમજણનો અભાવ થાય. સમજણમાં વિપરીતતા હોય તો હેય-ઉપાદેયમાં અવિપરીતતા આવવામાં તકલીફ પડે ખરી કોઈવાર. એટલા માટે જે બીજા વિષયો આવે છે એ અન્યથા અથવા વિપરીત સમજણને દૂર કરવા પૂરતું જ પ્રયોજન, મર્યાદિત પ્રયોજન છે. પછી મુખ્ય પ્રયોજન પોતાની જે યોગ્યતા છે એમાં શું ગ્રહણ કરવું જરૂરી છે? એમાં શું છોડવું જરૂરી છે એ પોતાના ખાસ પ્રયોજનનો વિષય છે. એ પ્રયોજનનો દૃષ્ટિકોણ તો હંમેશા

સાધ્ય કરવો જોઈએ. ઓલામાં થોડું કાચુ-પાકું હોય તો કોઈવાર ચાલ્યું જાય ભાવનાના બળે અથવા ઠીક થઈ જાય આગળ જતાં ક્ષયોપશમની ભૂલ હોય તો. પણ સત્સંગ મળતો હોય તો એનાથી વિપરીત સમજણ જેટલી દૂર થાય એટલું ઠીક છે, એમાં કાંઈ નુકસાન નથી.

પ્રશ્ન-૯૯

પ્રશ્ન :- રાગથી છૂટાં પડતાં રાગ ચાલ્યો જાય છે અને શુદ્ધ પર્યાય જેટલો હું નથી એમ સ્વીકારતાં શુદ્ધતાની વૃદ્ધિ થાય છે-આમ શું આપનું કહેવું છે?

સમાધાન :- રાગથી છૂટાં પડતાં અંદર ચૈતન્યમાં શુદ્ધ પર્યાયો પ્રગટે છે અને શુદ્ધિની વૃદ્ધિ પણ થાય છે. પણ તેની ઉપર દ્રષ્ટિ આપવાથી કે તેનો આશ્રય કરવાથી તે પ્રગટ થતી નથી. આશ્રય દ્રવ્યનો લે તો જ શુદ્ધાત્માની પર્યાયો પ્રગટે છે. માટે દૃષ્ટિ તો એક પૂર્ણ ઉપર જ રાખવાની છે. પર્યાયો ઉપર કે ગુણો ઉપર દ્રષ્ટિ રાખી તેમાં રોકાવાનું નથી.-પર્યાયો ઉપર દૃષ્ટિ રાખવાની નથી પણ જ્ઞાનમાં રાખવાનું છે કે આ પર્યાયો ચૈતન્યના આશ્રયે પ્રગટ થઇ છે, તે કાંઇ જડની નથી- તેમ જ્ઞાન યથાર્થ કરવું. દૃષ્ટિ પૂર્ણ ઉપર રાખી જ્ઞાન યથાર્થ કરવું, તો તેની સાધકદશાની પર્યાય યથાર્થપણે પ્રગટે છે. જ્ઞાનમાં સર્વ અપેક્ષાએ એમ જ હોય કે હું પૂર્ણ જ છું, તો પછી કાંઇ કરવાનું જ રહેતું નથી અને તેથી તેમાં ભૂલ પડે છે. દ્રષ્ટિ પૂર્ણ દ્રવ્ય ઉપર હોય, અને જ્ઞાનમાં એમ હોય કે મારી પર્યાય હજી અધૂરી છે. એમ જ્ઞાનમાં હોય તો સાધકદશા પ્રગટે છે, નહિ તો જ્ઞાન ખોટું થાય છે. રાગ મારાથી જુદો છે, પણ થાય છે ચૈતન્યના પુરુષાર્થની નબળાઇથી; એ રીતે બધું ખ્યાલમાં રાખે તો પુરુષાર્થ ઊપડે છે અને એમાં આનંદદશા; વીતરાગદશા આદિ બધું પ્રગટે છે. પહેલાં દ્રષ્ટિની અપેક્ષાએ બે ભાગ પડે છે. પછી જ્ઞાન બધાનો વિવેક કરે છે. ગુરુદેવે અનેક પ્રકારે સમજાવ્યું છે, ગુરુદેવે પરમ ઉપકાર કર્યો છે. બધી અપેક્ષાઓ ગુરુદેવે સમજાવી છે. ૯૯.

પ્રશ્ન ૯૯ ઉપર પ્રવચન

૯૯. આ પ્રશ્ન પણ ઉઠાવેલો પ્રશ્ન છે. **'રાગથી છૂટા પડતાં રાગ ચાલ્યો જાય છે અને શુદ્ધ પર્યાય જેટલો હું નથી એમ સ્વીકારતાં શુદ્ધતાની વૃદ્ધિ થાય છે'** રાગ ચાલ્યો જાય ત્યારે પણ શુદ્ધતાની વૃદ્ધિ થાય છે. એટલે આશય તો એક જ છે. **'એમ શું આપને કહેવું છે?'** એટલે એમાં આશય તો એક જ છે એમ જ આપને કહેવું છેને? એમ પ્રશ્ન ઉઠાવ્યો છે. ઉઠાવેલો પ્રશ્ન છે ચર્ચાની સામે.

મુમુક્ષુ :- શુદ્ધ પર્યાય જેટલો હું નથી એમ કરતા શુદ્ધતા પ્રગટે છે કે હું પરિપૂર્ણ શુદ્ધ છું એમ આશ્રય લેતા શુદ્ધતા પ્રગટે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો નાસ્તિમાં અસ્તિ છે અને અસ્તિમાં નાસ્તિ છે. એમ છે.

'સમાધાન :- રાગથી છૂટા પડતાં અંદર ચૈતન્યમાં શુદ્ધ પર્યાયો પ્રગટે છે...' રાગથી છૂટા પડતાં રાગ ચાલ્યો જાય છે એમ ઉત્તરમાં નથી લીધું. અંદર ચૈતન્યમાં શુદ્ધ પર્યાયો પ્રગટે છે અને દ્રવ્યદૃષ્ટિ થતા પણ શુદ્ધ પર્યાયો પ્રગટે છે. એટલે જ્ઞાન પણ શુદ્ધિનું કામ કરે છે અને દૃષ્ટિ પણ શુદ્ધિકરણનું કામ કરે છે. શુદ્ધિકરણ બંને કરે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર અને પુરુષાર્થ ચારેય મુખ્ય ગુણોની પ્રવૃત્તિ આત્માના શુદ્ધિકરણનું જ કામ કરે છે. પછી વિધાન કોઈવાર દૃષ્ટિથી હોય, વિધાન કોઈવાર જ્ઞાનથી હોય, વિધાન કોઈવાર ચારિત્ર અને પુરુષાર્થથી પણ હોય.

મુમુક્ષુ :- પ્રયોજનમાં અવિરુદ્ધતા છે પ્રયોજન સાધવામાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા આત્માની શુદ્ધિ કરવાનું જ પ્રયોજન છે. અશુદ્ધિનો નાશ અને શુદ્ધિની ઉત્પત્તિ એ જ પ્રયોજન છે. પ્રયોજન એક જ છે. અને એ બધા ગુણોની પર્યાય સાધક થઈને એક જ પ્રયોજનને એક સાથે સાધે છે. વારાફરતી સાધે છે એમ પણ નથી. બધા ગુણો એક સાથે જ કામ કરે છે.

મુમુક્ષુ :- કારણ કે અવલંબનનો વિષય એક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અવલંબનનો વિષય એક છે અને કાર્ય પણ એક જ કરવાનું છે. બધાને કાર્ય પણ એક જ કરવાનું છે. કોઈને કાંઈ કાર્ય કરવાનું છે, કોઈને કાંઈ કાર્ય કરવાનું છે એવું નથી.

'રાગથી છૂટા પડતાં અંદર ચૈતન્યમાં શુદ્ધ પર્યાયો પ્રગટે છે અને શુદ્ધિની વૃદ્ધિ પણ થાય છે. પણ તેની ઉપર દૃષ્ટિ આપવાથી કે તેનો આશ્રય કરવાથી

તે પ્રગટ થતી નથી.' શુદ્ધ પર્યાયનો પણ આશ્રય લેવાનો નથી. એના માટે ગુરુદેવશ્રી દૃષ્ટાંત આપતા કે આંબા ઉપર નાની-નાની કેરી આવે. પછી આંબાને પાણી પાવું હોય તો મૂળમાં પાણી પાવું જોઈએ. જલ્દી-જલ્દી કેરી મોટી થઈને રસ આપે, પાકી જાય એના માટે કેરીને પાણી પવાય નહિ. અથવા ચાલો જ્યાં કેરી લટકે છે ત્યાં પાણીની બાલ્દી લટકાવી દઈએ અને એમાં એને આખો દિવસ બોળેલી રાખીએ તો જલ્દી પાણી પી લ્યે ડાઈરેક્ટ. બગડી જાય કેરી, એ કેરી ઊલટાની બગડી જાય. મૂળમાં પાણી આપો એ જ પાણી ત્યાં પહોંચે. અંદર એલિવેટર મૂક્યા નથી. થડની અંદર ડાળીમાં કાંઈ એલીવેટર મૂક્યા નથી. એ કુદરતી પ્રક્રિયા થાય છે કે જ્યાં આંબાને મૂળમાં પાણી આપો એ પાણી ત્યાં કેરી સુધી પહોંચશે. પાંદડા લીલા રહેશે, બધું લીલું રહેશે. કુદરતી વ્યવસ્થા છે અને એ જ એનું વિજ્ઞાન છે. વૈજ્ઞાનિક વ્યવસ્થા છે. કુદરત એટલે વિજ્ઞાન. એમ પર્યાય ઉપર દૃષ્ટિ મૂકે તો પર્યાય બગડે છે, પર્યાય સુધરતી નથી, પણ પર્યાય બગડે છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર મૂકવાની છે. ભલે ત્યાં આશય પર્યાયના શુદ્ધિકરણનો છે તોપણ દૃષ્ટિ દ્રવ્ય ઉપર મૂકવાની છે, પર્યાય ઉપર નહિ. જ્ઞાન જાણે ભલે, પણ વજન દ્રવ્ય ઉપર રાખવાનું છે, પર્યાય ઉપર નહિ.

'**આશ્રય દ્રવ્યનો લે તો જ શુદ્ધાત્માની પર્યાયો પ્રગટે છે.**' આશ્રયમાં તો એક દ્રવ્યનો જ આશ્રય લેવાનો છે, એમાં બીજો વિકલ્પ નથી કરવાનો. '**માટે દૃષ્ટિ તો એક પૂર્ણ ઉપર જ રાખવાની છે. પર્યાયો ઉપર કે ગુણો ઉપર દૃષ્ટિ રાખી તેમાં રોકાવાનું નથી. -પર્યાયો ઉપર દૃષ્ટિ રાખવાની નથી પણ જ્ઞાનમાં રાખવાનું છે કે આ પર્યાયો ચૈતન્યના આશ્રયે પ્રગટ થઈ છે, તે કાંઈ જડની નથી-તેમ જ્ઞાન યથાર્થ કરવું.**' જ્ઞાન કરવું એક વાત છે, દૃષ્ટિ રાખવી તે જુદી વાત છે. '**દૃષ્ટિ પૂર્ણ ઉપર રાખી જ્ઞાન યથાર્થ કરવું, તો તેની સાધકદશાની પર્યાય યથાર્થપણે પ્રગટે છે.**' આમ શ્રદ્ધાનું અને જ્ઞાનનું કાર્ય યથાયોગ્ય પ્રકારે થવું જોઈએ. તો સાધકદશાની યથાર્થ પર્યાય પ્રગટે.

'**જ્ઞાનમાં...**' એટલે સમજણમાં '**સર્વ અપેક્ષાએ...**' એટલે એકાંતે '**એમ જ હોય કે હું પૂર્ણ જ છું, તો પછી કાંઈ કરવાનું રહેતું જ નથી અને તેથી તેમાં ભૂલ પડે છે.**' દૃષ્ટિ એકાંતે ભલે પૂર્ણ સ્વરૂપને સ્વીકારે, પણ જ્ઞાનમાં એવું થતું નથી. જ્ઞાનમાં તો શુદ્ધિ અશુદ્ધિને જાણે છે જ્ઞાન, એ વિવેક કરે છે અને એ રીતે સાધકદશા ચાલે છે. નહિતર તો સાધકદશા જેવું જ કાંઈ રહેતું નથી. પર્યાયે પણ જો પૂર્ણ શુદ્ધાત્મા હોય, જેવું દ્રવ્ય છે તેવું, તો અનાદિ પર્યાયથી પણ શુદ્ધ દશા હોય તો કોઈને સાધકદશા પ્રગટાવાની રહેતી નથી અને સંસાર પણ રહેતો નથી. પણ એમ

તો નથી, એમ તો નથી.

એ તો દ્રવ્યદૃષ્ટિ થઈ ત્યારે દ્રવ્યદૃષ્ટિનું પરિણમન કેવું હોય, એનો વિષય કેટલો હોય એ બધું જ્ઞાન દ્વારા સમજાવે છે. શેના દ્વારા સમજાવે છે? જ્ઞાન દ્વારા. દૃષ્ટિ, દૃષ્ટિના વિષય બંનેને સમજનાર પાછું જ્ઞાન છે. એ જ્ઞાન દ્વારા સમજાવાય છે કે જુઓ ભાઈ જેને આત્મદૃષ્ટિ પ્રગટે એને આવું હોય. દૃષ્ટિનું પરિણમન (આવું) હોય, દૃષ્ટિનો વિષય એનો આવો હોય. એ ક્યારે? કે દૃષ્ટિ પ્રગટે ત્યારે. અનાદિથી દૃષ્ટિ ઊલટી છે તો ક્યાં ખબર છે? અનાદિથી સંસાર અને સંસારના દુઃખો એ ભોગવે છે. અનાદિથી સંસારના દુઃખો જીવ ભોગવે છે. એ એનો સ્વભાવ નહિ હોવાથી એ દુઃખ મટાડવા માટે ચારેકોર ઝાંવા નાખે છે. એવા સંસારી જીવને સુખનો સાચો રસ્તો જ્ઞાન ચીંધે છે. કોણ ચીંધે છે? જ્ઞાન. એ જ્ઞાન મુમુક્ષુની ભૂમિકામાં વિવેક કરતું થાય છે, યથાર્થતાને પામે છે અને એમાંથી દૃષ્ટિ પ્રગટે છે. ત્યારે એ દૃષ્ટિની સમજણ જ્ઞાનથી આપવામાં આવે છે. આવું બધું છે. ગૂંચવાડામાં પડવા જેવું નથી, ક્યાંય ગૂંચવાડામાં પડવા જેવું નથી. જે જેમ છે તેમ યથાસ્થાને સમજવું જોઈએ. અને એમ સમજાય યથાસ્થાને એમાંથી દૃષ્ટિ કેળવાઈને આત્મા ઉપર જવી જોઈએ. એટલે સમ્યગ્દર્શન થવું જોઈએ. પછી અનંતા ગુણોનું કાર્ય સવળું, સમ્યક (થાય), બધા ગુણો સમ્યક્(પણે પરિણમે).

'જ્ઞાનમાં સર્વ અપેક્ષાએ એમ જ હોય કે હું પૂર્ણ જ છું, તો પછી કાંઈ કરવાનું રહેતું નથી...' અને એમ હોય તો **'તેથી તેમાં ભૂલ પડે છે.'** એ વાત ભૂલવાળી છે. **'દૃષ્ટિ પૂર્ણ દ્રવ્ય ઉપર હોય, અને જ્ઞાનમાં એમ હોય કે મારી પર્યાય હજી અધૂરી છે.'** દૃષ્ટિ પૂર્ણ દ્રવ્ય ઉપર હોય, બરાબર છે અને જ્ઞાનમાં એમ હોય કે મારી પર્યાય હજી અધૂરી છે. સ્પષ્ટપણે (જણાય). જ્ઞાનમાં તો જેટલી જેવી દશા હોય એટલી સમજાય, એટલી અનુભવાય. **'એમ જ્ઞાનમાં હોય તો સાધકદશા પ્રગટે છે,...'** જ્ઞાન યથાર્થ હોય તો દૃષ્ટિ અને જ્ઞાનનો મેળ ખાય. નહિતર જ્ઞાન અયથાર્થ થઈ જાય. એટલે સાધકદશા પ્રગટે નહિ.

મુમુક્ષુ :- વિપરીતતા રહી ગઈને? એટલી વિપરીતતા છે જ્ઞાનમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનમાં વિપર્યાસ રહે ત્યાં સુધી દૃષ્ટિ પ્રગટે નહિ. એમ છે. આમ બે વચ્ચે પાછું ઈન્ટર્લિંક છે.

મુમુક્ષુ :- મુમુક્ષુની ભૂમિકામાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર કેવી રીતે જાય?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાન જ સાધન છે અને જ્ઞાનમાં યથાર્થતા આવવી જોઈએ અથવા વિપર્યાસો મટતા જવા જોઈએ. એટલો પ્રોસેસ મુમુક્ષુની

ભૂમિકામાં થાય તો દૃષ્ટિ પ્રગટે. જ્યાં દૃષ્ટિ પ્રગટે ત્યાં બધા ગુણોનું પરિણમન, અનંતે અનંત ગુણોનું પરિણમન સમ્યક્ થાય એક સાથે, એક સમયે, બીજા સમયે નહિ, એક સમયે નહિ. આમ બને છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ પૂર્ણ દ્રવ્ય ઉપર હોય અને જ્ઞાનમાં એમ હોય કે મારી પર્યાય હજી અધૂરી છે. એવું જ્ઞાનમાં હોય તો સાધકદશા પ્રગટે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એ જ્ઞાનદશાની વાત છે. દૃષ્ટિ પણ જ્ઞાનદશામાં હોય અને આવું યથાર્થ જ્ઞાન પણ જ્ઞાનદશામાં હોય અને તો જ સાધકદશા હોય, નહિતર સાધકદશા હોય નહિ.

મુમુક્ષુ :- પ્રગટ થાય એમ લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો સાધકદશા પ્રગટે છે. એટલે આ દૃષ્ટિ અને આ જ્ઞાનથી સાધકદશા પ્રગટે છે. આ પ્રકારની દૃષ્ટિ અને આ પ્રકારનું જ્ઞાન એમ હોય તો સાધકદશા પ્રગટે છે. એમ ન હોય તો સાધકદશા પણ પ્રગટતી નથી. ભલે એ જ કાળે પ્રગટે છે, પણ કારણકાર્યનો સંબંધ લીધો. સાધકપણું કાર્ય અને દર્શન જ્ઞાન તે કારણ. આવા દર્શન-જ્ઞાનના કારણે સાધકદશા પ્રગટે છે.

'**નહિ તો જ્ઞાન ખોટું થાય છે.**' નહિ તો જ્ઞાન ખોટું થાય છે. પૂર્ણ માની લે એકાંતે જ્ઞાન પૂર્ણ જાણે તો જ્ઞાન ખોટું થાય છે. એમ વસ્તુસ્થિતિ છે નહિ.

મુમુક્ષુ :- એટલા માટે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ ગાથા લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. તે કાળે એમ લીધું છે. તે કાળે એટલે પોતાની સાધકદશા હોય તે કાળે. એમ. જાણવું જોઈએ કે મારી દશામાં શું ચાલે છે? આમ તો શું છે કે દ્રવ્ય છે એ ઊંડાણમાં છે, પર્યાય ઉપર છે. ઊંડાણ સુધી જાય તો ઉપલી સપાટીથી અજાણ્યો હોય? અસંભવ છે. કૂવાના તળીયે તાગ લેનારો ઉપલી સપાટીને ટચ કર્યા વગર કેવી રીતે નીચે ગયો? એ તો બને જ નહિ. એમ જે દ્રવ્યનો આશ્રય કરે, એટલા ઊંડાણમાં જેનું પરિણમન જાય, એનું જ્ઞાન ઉપલી સપાટીમાં શુદ્ધિ-અશુદ્ધિ શું છે એનો વિવેક ન કરે કે એને સમજે નહિ એમ કેમ બને? એમ કહે છે. બને જ નહિ. એ તો ઉપરની વાત છે. અંદરનું રહસ્ય પકડ્યું એ ઉપરની છીછરી વાતો કેમ ન પકડે? ઉપર તો છીછરું છે, ઊંડાણ તો બીજું છે. ઊંડાણ સુધી વયો ગયો એને છીછરું ન પકડાણું એ વાત હોઈ શકે જ નહિ. એટલે કોઈ એવા છીછરા વિષયમાં ભૂલ કરે અથવા વિપર્યાસથી પ્રતિપાદન કરે, વિપર્યાસનો આગ્રહ રાખે એને દૃષ્ટિ પ્રગટી નથી એ આપોઆપ સિદ્ધ થઈ જાય છે.

'રાગ મારાથી જુદો છે, પણ થાય છે ચૈતન્યના પુરુષાર્થની નબળાઈથી;...' રાગની ભિન્નતા લીધી છે, પણ એ અપરાધ પોતે કરે છે એવો પણ એક ન્યાય છે ખરો એની અંદર. સર્વથા જુદો કહે એનો અર્થ એમ નથી કે કો'ક કરે છે. એટલું વિપરીતપણું આવે તો સમજવું કે એનું જુદાંપણું પણ જાણતો નથી. કેમ? કે જો જીવની અવસ્થામાં રાગ ન હોય તો સાધકદશા અને બાધકદશાનો ભેદ અને કાંઈ વ્યવસ્થા રહેતી નથી. મોક્ષ સુધીની બધી વાત ખોટી પડે છે. જુદાંપણું એટલા બધા જોરથી કરે કે રાગ જડ છે અને મારામાં નથી તોપણ એ મારામાં છે અને ટાળવા માટે એમ કરું છું એમ એને ખબર છે.

મુમુક્ષુ :- દૃષ્ટાંત આપ્યો હતોને, ઘરના છોકરાને કાઢી મૂકે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કાઢી મૂકે. જા તું મારો દીકરો નહિ. પણ એ મારો દીકરો એમ કહેવું શું કરવા પડ્યું? મારો છે માટે. પાડોશીના છોકરાને એમ કહે કે તું મારો દીકરો નહિ વયો જા? એમ મારો નથી એમ કહેનારને ખ્યાલમાં છે કે મારો છે. અહીંયાં જોરથી નિષેધ કરવા માટે એ પ્રકાર આવે તો જ બરાબર જોરથી નિષેધ થાય. નિષેધ કેટલા જોરથી કરવો જોઈએ એમ દેખાડવા માટે એ વાત છે. એમ દેખાડવા માટે એ વાત છે.

આપણે નથી કહેતા? મુદ્દલ રકમ કઢાવવી હોય તો વ્યાજસીખે માગણી કરો. મોતને બાજો તો તાવથી પતશે. મોતને બાજો તો તાવથી પતશે. એવી રીતે આવે છેને? મોત કા બાજા તાવ સે છૂટતા હૈ. એવી રીતે આમાં છે. એટલો જોરથી નિષેધ કરો ત્યારે એ હજી એ નીકળવા માટે તૈયાર થાય છે. નહિતર એ એવો ઘર કરી ગયેલો છે કે એ નીકળવા તૈયાર થાતો નથી. એમ છે.

'રાગ મારાથી જુદો છે, પણ થાય છે ચૈતન્યના પુરુષાર્થની નબળાઈથી; એ રીતે બધું ખ્યાલમાં રાખે તો પુરુષાર્થ ઊપડે છે...' ખ્યાલમાં તો બધું રાખવું જોઈએ. તો પુરુષાર્થ ઊપડે છે અને પુરુષાર્થ ત્યારે **'એમાં આનંદદશા; વીતરાગદશા આદિ બધું પ્રગટે છે. પહેલાં દૃષ્ટિની અપેક્ષાએ બે ભાગ પડે છે.'** એક ત્રિકાળી દૃષ્ટિનો વિષય અને બાકી બધું પર. **'પછી જ્ઞાન બધાનો વિવેક કરે છે. ગુરુદેવે અનેક પ્રકારે સમજાવ્યું છે,..'** વચ્ચે ગુરુદેવને લાવતા જાય છે. ગુરુદેવે અનેક પ્રકારે સમજાવ્યું છે. **'ગુરુદેવે પરમ ઉપકાર કર્યો છે. બધી અપેક્ષાઓ ગુરુદેવે સમજાવી છે.'** આ બધી અપેક્ષાઓ ગુરુદેવે સમજાવી છે. એ તો પોતે જ કહે છેને. આત્મા બોલતા અહીંયાંથી શીખ્યા છીએ. અમને ક્યાં બીજી ખબર હતી?

એ તો કાલે લીધું હતું કે દોષ દેખાડનારનો ઉપકાર હોય. નિંદા અને અવર્ણવાદ

કરનારનો ઉપકાર હોય તો ગુરુનો કેટલો અસીમ ઉપકાર હોય એ સમજાવવાની જરૂર નથી. યથાર્થ જ્ઞાનમાં તો બધા નિમિત્તો ઉપકારી થાય છે, બધા નિમિત્તો ઉપકારી થાય છે. કેમકે જ્ઞાનને એ ઠીક કરે છે. જ્ઞાન ઠીક થવામાં એ નિમિત્ત પડે છે માટે બધા ઉપકારી. જાવ! દ્વેષબુદ્ધિ તો પહેલેથી ન હોય, પણ દ્વેષ કરવાનો પ્રસંગ પણ પછી રહેતો નથી. દ્વેષ ભાવ પણ ન આવે. દ્વેષબુદ્ધિ તો પહેલા કાઢવાની છે. પણ પ્રાસંગિક દ્વેષભાવ ન આવે એનો આ ન્યાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ વિશ્વ ભગવાને બનાવ્યું છે. અમારા માટે એ ભક્તિનું ધામ છે. કેવી વાતો લીધી છે!

મુમુક્ષુ :- ગુરુને માટે ભક્તિ સોગનાજીએ તો એકદમ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, મારા ગુરુ તો આકાશથી પણ મહાન છે અને અનંતા તીર્થંકરોથી પણ અધિક છે. કૃપાળુદેવે ૨૧૭માં લીધું છે. એમ કે આવા માર્ગાનુસારી પ્રત્યે અમને વિશેષ બહુમાન થાય છે. કેમકે તે સત્પુરુષને ઈચ્છે છે. ૧૮૭ પત્ર. એમ કે સત્પુરુષના ચરણને સેવે છે માટે એમનું એ પ્રકારનું વલણ એમના પ્રત્યેના દાસત્વને ઉપજાવે છે. મારા આત્મામાં તો એમના પ્રત્યેનું દાસત્વ ઊભું કરે છે.

મુમુક્ષુ :- કારણ કે તેઓ સત્પુરુષની ચરણસેવા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તે સત્પુરુષની ચરણસેવા કરે છે. એમ છે. .. કેવો થાય છે! પોતે સત્પુરુષ છે. ઓલા સત્પુરુષની ચરણસેવા કરે છે. તો સત્પુરુષ .. મને એનું દાસત્વ આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એમ જ છે. એથી કહ્યુંને સર્વાંગ સુંદર થઈ જાય છે. એ બધું સર્વાંગ (સુંદર થઈ જાય છે). સત્યમ-શિવમ-સુંદરમ્ સત્ય પણ એ છે, કલ્યાણમય પણ એ છે અને સુંદર પણ એ જ છે.

પ્રશ્ન-૧૦૦

પ્રશ્ન :- વચનામૃત બોલ-૪૦૧માં વિભાવભાવમાં પરદેશપણાની અનુભૂતિ વ્યકત કરી છે. અનંત ગુણ પરિવાર અમારો સ્વદેશ છે તે તરફ જઈ રહ્યા છીએ. આમ એક જ દ્રવ્યમાં એક સ્થાનેથી બીજા સ્થાને ગતિ-ક્રિયા ને બધા જુદાં જુદાં વિભાગ હોય એવો અનુભવ કઈ રીતે થઈ શકે?

સમાધાન :- આ ભાવનાની વાત છે કે વિભાવ અમારો દેશ નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તેથી ચૈતન્ય દેશ અમારો છે. પણ હજી અધૂરી પર્યાય હોવાથી વિભાવ છે, છતાં તે વિભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? ચૈતન્ય તે અમારો સ્વદેશ છે. આ તો બધો પરદેશ છે. અહીં વિભાવમાં....અમારું કોઈ નથી. અમારા સ્વદેશમાં બધા ગુણો છે તે અમારા છે. આમ દૃષ્ટિ ભલે અખંડ ઉપર છે તો પણ, તેને ચારિત્રની પર્યાયમાં આગળ વધવા માટે અનેક જાતની ભાવના આવે છે. આ વિભાવ તો બધો પરદેશ છે, અમારો સ્વદેશ તો અમારા ગુણો છે. સ્વદેશ તરફ અમારા પુરુષાર્થની ગતિ છે. વિભાવ તરફ અમારે જવું નથી. દૃષ્ટિ અપેક્ષાએ ભલે સ્વદેશને પૂર્ણ ગ્રહણ કર્યુ, પણ પરિણતિ અમુક પ્રકારે સ્વ તરફ ગઈ છે, તેથી વિશેષ- વિશેષપણે અમે સ્વદેશમાં જઈએ, અમારા પુરુષાર્થની ગતિ સ્વદેશમાં જાય; આ વિભાવ અમારો દેશ નથી, એમ ભાવનામાં આવે છે. સાધકને બધી જાતની ભાવના આવે છે. વિભાવ તરફ દૃષ્ટિ મૂકતાં ત્યાં અમારું કોઈ દેખાતું નથી, ચૈતન્યના સ્વદેશમાં જઈએ ત્યાં બધા અમારા છે, આ બધા વિભાવ-પરભાવો છે એમ ભાવનામાં આવે છે. ૧૦૦.

તા. ૯-૧-૧૯૯૭, શ્રી સ્વાનુભૂતિદર્શન
પ્રશ્ન- ૧૦૦,૧૦૧,૧૦૨. પ્રવચન નં. ૬૪

સ્વાનુભૂતિદર્શન, ૧૦૦મું વચનામૃત. 'પ્રશ્ન :- વચનામૃત બોલ-૪૦૧માં વિભાવભાવમાં પરદેશપણાની અનુભૂતિ વ્યકત કરી છે. અનંત ગુણ પરિવાર અમારો સ્વદેશ છે તે તરફ જઈ રહ્યા છીએ. આમ એક જ દ્રવ્યમાં એક સ્થાનેથી બીજા સ્થાને ગતિ-

ક્રિયા ને બધા જુદા જુદા વિભાગ હોય એવો અનુભવ કઈ રીતે થઈ શકે?'

ઉઠાવેલો પ્રશ્ન છે.

'સમાધાન :- આ ભાવનાની વાત છે'

મુમુક્ષુ :- ભાઈશ્રી! યહ જો પ્રશ્નકા સેકન્ડ પોર્શન હૈ વહ થોડા સા સ્પષ્ટ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- '**એક જ દ્રવ્યમાં...**' એટલે જીવમાં ને જીવમાં, પોતામાં ને પોતામાં. '**એક સ્થાનેથી બીજા સ્થાને ગતિ-ક્રિયા...**' એટલે જવું. વિભાવ છે એ પરદેશ છે. અમારો જે ગુણ પરિવાર છે એ અમારો સ્વદેશ છે. અમે એમ કે પરદેશમાંથી સ્વદેશ તરફ જઈ રહ્યા છીએ એમ કહે છે. વિભાવ તરફથી સ્વભાવ તરફ જઈ રહ્યા છીએ. પૂછનારને ખ્યાલ તો છે. પૂછનારને એટલે પ્રશ્ન ઉઠાવ્યો છે. એ તો વિદ્વાનોએ જે સંકલન કર્યું છે એણે પ્રશ્ન ઉઠાવીને સંકલન કર્યું છે. પણ એ પ્રશ્ન મૂકીને વાતને સ્પષ્ટતા મૂકે છે. તેમ જ એક જ દ્રવ્યમાં '**જુદા-જુદા વિભાગ હોય...**' એમ કેમ બને? સ્વદેશ અને પરદેશ જેવો. એ વિષય ઉપર સ્પષ્ટતા માગી છે. એવો અનુભવ કેવી રીતે થાય? બધા વિભાગ જુદા છે, .. જુદા છે એવો અનુભવ કેવી રીતે થાય?

એટલે સમાધાન આપે છે કે '**આ ભાવનાની વાત છે...**' સ્વરૂપની ભાવના જે છે એની આ વાત છે. સ્વરૂપ ભાવનાની વાત છે. '**કે વિભાવ અમારો દેશ નથી.**' વિભાવ છે એ અમારો દેશ નથી. '**દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તેથી ચૈતન્યદેશ અમારો છે.**' એટલે ત્યાં પોતાપણું છે, એકત્વ છે. વિભાવમાં અમારું એકત્વ નથી. એટલે પરાયાપણું છે, પારકાપણું છે. વિભાવમાં પારકાપણું છે, સ્વભાવમાં પોતાપણું છે. '**પણ હજી અધૂરી પર્યાય હોવાથી વિભાવ છે,...**' દશા અધૂરી હોવાથી વિભાવ હજી સર્વથા ગયો નથી. '**છતાં તે વિભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા?**' એવું લાગે. વિભાવ અમારો દેશ નથી. જેમ માણસ પરદેશમાં જાય અને જેવી લાગણી અનુભવે એવી લાગણી અમને વિભાવની હયાતીમાં થાય છે એમ કહેવું છે. અનેક પ્રકારના વિભાવો જે થાય છે, શુભાશુભ ભાવો આવે છે ત્યારે અમને એવી લાગણી થાય છે કે જાણે પરદેશમાં અમે હોઈએ. એવું અમને લાગ્યા કરે છે. એમ કહેવું છે. અહીંયાં ક્યાં આવી ચડ્યા અમે?

'**ચૈતન્ય તે અમારો સ્વદેશ છે.**' આત્મા અને આત્મભાવ એ અમારો સ્વદેશ છે. '**આ તો બધો પરદેશ છે. અહીં વિભાવમાં... અમારું કોઈ નથી.**' જેમ પરદેશમાં આપણે ઘણા માણસો જોઈએ એમાં કોઈ પોતાના માણસો દેખાતા નથી. '**અમારા સ્વદેશમાં બધા ગુણો છે તે અમારા છે.**' અમારા ક્ષેત્રમાં, અમારા સ્વરૂપમાં જે

બધા ગુણો છે તે પોતાપણે અનુભવાય છે, એ બધા અમારા છે. '**આમ દૃષ્ટિ ભલે અખંડ ઉપર છે તોપણ, તેને ચારિત્રની પર્યાયમાં આગળ વધવા માટે અનેક જાતની ભાવના આવે છે.**' દૃષ્ટિ તો પૂરેપૂરી સ્વરૂપ ઉપર છે. ચારિત્રમાં અધૂરું છે તો એમાં પૂરું થવા માટે આવી બધી ભાવનાઓ થાય છે, આવા બધા સ્વપરના વિભાવના ભાવો ઉત્પન્ન થાય છે.

'**આ વિભાવ તો બધો પરદેશ છે, અમારો સ્વદેશ તો અમારા ગુણો છે. સ્વદેશ તરફ અમારા પુરુષાર્થની ગતિ છે.**' અમારું જે જોર છે એ અમારા સ્વેદશ ઉપર છે. '**વિભાવ તરફ અમારે જવું નથી.**' જવાય જાય છે જુદી વાત છે, પણ અમારે જાવું નથી. '**દૃષ્ટિ અપેક્ષાએ ભલે સ્વદેશને પૂર્ણ ગ્રહણ કર્યું,...**' દૃષ્ટિની અપેક્ષાએ ભલે સ્વદેશને પૂર્ણ—પૂરેપૂરું ગ્રહણ કર્યું. '**પણ પરિણતિ અમુક પ્રકારે સ્વ તરફ ગઈ છે, તેથી વિશેષ-વિશેષપણે અમે સ્વદેશમાં જઈએ,...**' પરિણતિમાં અમુક અંશે સ્વ તરફ જવાય છે એથી વિશેષપણે અથવા પૂરું સ્વદેશમાં અમે જઈએ. '**અમારા પુરુષાર્થની ગતિ સ્વદેશમાં જાય;...**' એવી ભાવના રહે છે. સ્વાભાવિકપણે એવી ભાવના રહે છે. કેમકે ત્યાં નિરાકુળતા છે, સુખ-શાંતિ છે, આનંદ છે. ઓલાપણે તો અગ્નિનો તાપ છે. વિભાવમાં તો કષાય-અગ્નિનો તાપ છે. 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃતે સેઈએ.' છ ઢાળામાં છે. આગ જેવી વાત છે.

મુમુક્ષુ :- અહીંયાં પરિણતિ તે પરિણામ લેવાના?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણતિ એટલે પરિણામની ક્રિયા.

'**એમ ભાવનામાં આવે છે. સાધકને બધી જાતની ભાવના આવે છે.**' અનેક પ્રકારે સ્વરૂપની ભાવના આવે છે. બધી જાતની એટલે અનેક પ્રકારે. આ એક પ્રકાર છે સ્વરૂપ ભાવનાનો. સ્વદેશ અને પરદેશની જે વાતો એમણે લીધી છે એ ભાવનાનો એક પ્રકાર છે. એવા ભાવનાના—સ્વરૂપ ભાવનાના અનેક પ્રકાર આવે છે. '**વિભાવ તરફ દૃષ્ટિ મૂકતાં ત્યાં અમારું કોઈ દેખાતું નથી,...**' વિભાવ તરફ જ્યાં જોઈએ છીએ એમ લાગે છે કે કોઈ અમારું નથી. આ બધું અમારા સ્વરૂપથી જુદી જાતનું, વિરુદ્ધ જાતનું છે. '**ચૈતન્યના સ્વદેશમાં જઈએ ત્યાં બધા અમારા છે, આ બધા વિભાવ-પરભાવો છે એમ ભાવનામાં આવે છે.**' અથવા આવ્યા કરે છે. ભાવના છે એ વારંવાર થયા કરે છે. આ એક પ્રકારની ભાવના ભાવી છે, સ્વરૂપભાવના ભાવી છે. વિભાવમાં પારકાપણું.

કૃપાળુદેવે પણ લખ્યું છે અમને બધું અસુંદર લાગે છે. વિભાવ અમનોજ્ઞ લાગે છે, પારકું લાગે છે, અરુચે એવું લાગે છે. એવા ઘણાં બોલ લીધા છે. દરેક સાધકને

એ પ્રકારના ભાવનાના ભાવો આવતા હોય છે. એટલે સ્પષ્ટીકરણ એ આપ્યું કે આ ભાવનાનો પ્રકાર છે. આ જે પ્રકારના વચનો છે એ ભાવનાનો પ્રકાર છે.

મુમુક્ષુ :- મુમુક્ષુદશામેં વિભાવકી રુચિ સે પરિભ્રમણ હોતા હૈ. પરિણમનકા મેઈન કારણ યહી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વિભાવકી રુચિ હૈ ઔર ઈસ કારણ સે સંસારકી રુચિ હૈ. સંસારકી રુચિ હૈ તો સંસારમેં પરિભ્રમણ હોગા.

પ્રશ્ન-૧૦૧

પ્રશ્ન :- પર્યાયમાં દ્રવ્ય નથી અને દ્રવ્યમાં પર્યાય નથી. તો પર્યાય દ્રવ્ય સાથે એકત્વનો અનુભવ કઈ રીતે કરી શકે ?

સમાધાન :- દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી, તે દૃષ્ટિ અપેક્ષાએ છે, કેમકે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી, દૃષ્ટિના વિષયમાં એક દ્રવ્ય આવે છે. પણ સર્વ અપેક્ષાએ દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી એમ નથી. પર્યાયને દ્રવ્યનો આશ્રય છે અને દ્રવ્ય પર્યાયરૂપે પરિણમે છે એમ બીજી એક અપેક્ષા છે. સર્વ અપેક્ષાએ પર્યાય તદ્દન જુદી હોય તો પર્યાય પોતે જ દ્રવ્ય થઈ જાય. માટે સર્વ અપેક્ષાએ એમ નથી. ૧૦૧.

પ્રશ્ન ૧૦૧ ઉપર પ્રવચન

૧૦૧. '**પ્રશ્ન :- પર્યાયમાં દ્રવ્ય નથી અને દ્રવ્યમાં પર્યાય નથી. તો પર્યાય દ્રવ્ય સાથે એકત્વનો અનુભવ કઈ રીતે કરી શકે?**' દ્રવ્યાનુયોગ અનુસાર જે નિત્ય છે તે અનિત્ય નથી. દ્રવ્ય છે તે નિત્ય છે, પર્યાય અનિત્ય છે. નિત્યમાં અનિત્ય નથી, અનિત્યમાં નિત્ય નથી. તો પછી દ્રવ્યમાં હુંપણાનો, એકપણાનો, તન્મયપણાનો અનુભવ કેવી રીતે થઈ શકે છે? વિરુદ્ધ ધર્મવાળા અંગો છે. આમ તો એક સત્તામાં એક પદાર્થના બંને અંગો છે. એટલે સર્વથા એકપણું છે જ નહિ અને બંનેની બે દ્રવ્ય જેવી જુદી જુદી સત્તા છે એમ પણ નથી. એક સત્તા હોવાથી અને કથંચિત્ વસ્તુતાએ

એકત્વ હોવાથી. કેમકે એ વસ્તુના જ અંગ છે. થડ ભલે ડાળી નથી કે મૂળ નથી, પણ વૃક્ષત્વ તો થડમાં પણ છે અને ડાળીમાં પણ છે અને મૂળમાં પણ છે. એમ વસ્તુતાએ એકત્વ છે અને બંનેના ધર્મો વિરુદ્ધ છે. એકમાં નિત્યપણું છે, એકમાં અનિત્યપણું છે. છતાં પણ વસ્તુતાએ એકત્વ છે. એ એકત્વનો અનુભવ કઈ રીતે થઈ શકે?

વસ્તુતાએ જો એકત્વ ન હોય તો તો ન થઈ શકે. વસ્તુતાએ એકત્વ છે, તો વસ્તુપણે અમે એક જોઈએ છીએ. પદાર્થપણે, વસ્તુપણે, પ્રમાણના દ્રવ્યપણે અમે એક જોઈએ છીએ. એમ કહે છે. લક્ષ-લક્ષણની ચર્ચામાં આવ્યું છે. ઉપયોગ લક્ષણ છે અને વસ્તુનું સ્વરૂપ દ્રવ્યસ્વભાવ મૂળસ્વરૂપ તે લક્ષ છે. તો આમાં બેપણું થયું. તો કહે છે, નહિ. દ્રવ્યપણે એકપણું છે. દ્રવ્યપણે એકપણું છે. અહીંયાં દ્રવ્યપણે જોવું છે.

પ્રમાણથી જોતા પણ પારમાર્થિક લાભ છે, નયથી જોતા પણ પારમાર્થિક લાભ છે. જોવાની દૃષ્ટિ બે છે—નયદૃષ્ટિ અને પ્રમાણદૃષ્ટિ. પણ સાધક તો બેયનો લાભ જ ઉઠાવે છે. સાધક છે એ બેયમાં લાભ ઉઠાવે છે. વિદ્વાનો ખેંચાખેંચી કરે છે, વિવાદ કરે છે. કોઈ નયને ખેંચે છે અને કોઈ પ્રમાણને ખેંચે છે. સાધક તો બેયનો ભરપૂર લાભ ઉઠાવે છે. સાધક પાસે જ્ઞાનકળા છે. એ જ્ઞાનકળાથી નયથી પણ લાભ ઉઠાવે છે અને પર્યાયથી (પ્રમાણથી) પણ લાભ ઉઠાવે છે. એથી આગળ (લઈએ તો), સાધક પાસે તો જ્ઞાનકળા ઘણી વિશિષ્ટ છે. એ તો ઉદયમાં જાય છે ત્યારે ઉદયનો પણ લાભ ઉઠાવે છે. ઉદયને પ્રયોગશાળા બનાવે છે. ત્યાં ભેદજ્ઞાન કરે છે. સાધકને તો બેય હાથમાં લાડવો છે. ગમે તે હાથે ખાય. જમણા હાથે જ ખાવું એવું કાંઈ નથી. ડાબા હાથમાં પણ લાડવો છે. એવું છે. આપણે નથી કહેતા કે ભાઈ બેય હાથમાં લાડવો છે. એટલે કાંઈ નુકસાન ન હોય. નુકસાનીનો વેપાર જ નથી. ઉદય આવે તોપણ નિર્જરા કરે. પ્રવૃત્તિમાં પણ નિર્જરા અને નિવૃત્તિમાં પણ નિર્જરા.

'સમાધાન :- દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી,...' એક બીજો દૃષ્ટાંત છે. ૪૭ નય છે. પ્રવચનસારમાં પરિશિષ્ટમાં આચાર્ય મહારાજે ૪૭ નય લખ્યા છે. એમાં શુદ્ધનય છે અને અશુદ્ધનય છે. તો શુદ્ધનય તો શુદ્ધાત્માને વિષય કરે. નય એટલે જ્ઞાનનો પર્યાય. શ્રુતજ્ઞાનનો પ્રમાણનો અંશ. શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ તે નય. નામ કેમ પાડ્યું? કે જેને વિષય કરે ઇ એનું નામ.

મુમુક્ષુ :- નય એટલે અપેક્ષા પણ લેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ દૃષ્ટિકોણ લેવાય. પણ એ દૃષ્ટિકોણ એટલે શું? કે કોઈ એક ધર્મને, ગુણને કે અંશને વિષય કરવાની એની પ્રવૃત્તિ છે માટે એને અપેક્ષા કહે છે. એ મર્યાદિતપણે વર્તે છે. અપેક્ષા એટલે મર્યાદિતપણે વર્તે છે. જેમકે શુદ્ધનય છે. તો શુદ્ધ સ્વરૂપને વિષય કરે છે એવી એની મર્યાદા છે. એ વખતે પર્યાયમાં અશુદ્ધતા હોય તોપણ એ શુદ્ધ સ્વરૂપને જ વિષય કરે છે. માટે એ જ્ઞાનના અંશનું નામ શુદ્ધનય પાડ્યું. અને જે જ્ઞાનનો અંશ ચાલતી પર્યાયમાં અશુદ્ધતાનો વિષય (કરે), અશુદ્ધતા છે એને વિષય કરે છે તેને અશુદ્ધનય કહે છે. કેમકે એ અશુદ્ધતાને વિષય કરે છે. પણ અશુદ્ધતાને વિષય કરતી વખતે હું સ્વરૂપે શુદ્ધ છું એવું રાખીને અશુદ્ધતાનો નિષેધ કરીને અશુદ્ધતાને વિષય કરે છે. અશુદ્ધતાને વિષય કરતી વખતે અશુદ્ધતાનો નિષેધ કરે છે. એ નય ગુણ જ કરે છે. કોઈ નય અવગુણ કરતો નથી. બંને નયથી સાધના જ થાય છે, વિરાધના નથી થતી.

મુમુક્ષુ :- કારણ કે સ્વરૂપ જ્ઞાનમાં રહેલું છે એટલા માટે.

પૂજ્ય ભાઈશ્રી :- કારણ કે સ્વરૂપનું અવલંબન છૂટતું નથી. પતંગ ચડાવે છેને? જ્યારે દોરને ખેંચે છે ત્યારે પણ એ પતંગ ચડાવે છે અને જ્યારે દોરને ઢીલ મૂકે છે ત્યારે પણ પતંગ જ ચડાવે છે. શું કરે છે? કોઈ વખત ઢીલ મૂકતા ઉપર ચડે છે તો કોઈ વખતે ખેંચે છે ત્યારે ઉપર ચડે છે. પ્રક્રિયા બે વિરુદ્ધ જાતની છે, પણ પ્રયોજન એક જ જાતનું છે કે નહિ એમાં પણ? એમ સંસારમાં પણ એવા ઘણા કાર્યો છે કે વિરુદ્ધ પ્રક્રિયામાં અવિરુદ્ધ પ્રયોજનને જીવ સાધે છે. વેપારી સારો ગ્રાહક આવે એની પાછળ ખર્ચો કરે. દીકરા પાછળ ખર્ચો ન કરે એટલો ઘરાક પાછળ ખર્ચો કરે. લ્યો ઠીક! ઘરાક વધારે વ્હાલો છે અને દીકરો ઓછો વ્હાલો છે એમ છે? એ ઘરાક પાછળ ખર્ચો કરે છે એ પણ દીકરા માટે જ કરે છે. કે બીજા માટે કરે છે? ક્રિયા-પ્રક્રિયા ઊલટી-સૂલટી દેખાય, છતાં પ્રયોજનની સિદ્ધિ તો એક જ પ્રકારે થાય છે કે નથી થતી? ત્યાં બધી સમજણ પડે છે. અહીંયાં કહે છે કે અમને સમજાતું નથી. આમ કેમ? કેમ સમજાતું નથી? કે પ્રયોજનની દૃષ્ટિ કેળવી નથી. પ્રયોજનના દૃષ્ટિકોણથી જોવે તો બધું સમજાય એવું જ છે, ન સમજાય એવું કાંઈ છે જ નહિ. એક પ્રયોજન સાધવાની દૃષ્ટિ બરાબર સાધ્ય કરી હોય તો બધું સમજાય એવું છે, ન સમજાય એવું જ કાંઈ નથી.

'સમાધાન :- દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી, તે દૃષ્ટિ અપેક્ષાએ છે,...' દૃષ્ટિ એક દ્રવ્યને જ વિષય કરે છે એટલે પર્યાય જુદી પડી જાય છે. **'કેમકે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી દૃષ્ટિના વિષયમાં એકલું દ્રવ્ય આવે છે.'** પર્યાય નથી આવતી.

પર્યાયરહિત જે દ્રવ્યસ્વભાવ છે એટલો જ દૃષ્ટિનો વિષય છે. પર્યાય પોતે પણ પોતાને વિષય નથી કરતી. દૃષ્ટિની જે પર્યાય એ પોતે પણ પોતાને વિષય નથી કરતી તો પછી બીજી પર્યાયને વિષય કરવાનો તો સવાલ એને માટે રહેતો નથી. '**પણ સર્વ અપેક્ષાએ...**' એટલે જ્ઞાન અપેક્ષાએ, પરિણમન અપેક્ષાએ, ભોગવટાની અપેક્ષાએ '**દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી એમ નથી. પર્યાયને દ્રવ્યનો આશ્રય છે.**' પર્યાયને દ્રવ્યનો આશ્રય છે. પર્યાય દ્રવ્યનું અવલંબન લ્યે છે, પર્યાય દ્રવ્યમાં હુંપણું કરે છે, પર્યાય દ્રવ્યમાં તન્મય થઈને, એકાકાર થઈને પરિણમે છે. એ બધું છે.

'**અને દ્રવ્ય પર્યાયરૂપે પરિણમે છે...**' દ્રવ્ય પોતે જ પાંગરે છે, પર્યાયરૂપે પાંગરે છે. '**એમ બીજી એક અપેક્ષા છે.**' એમ બીજી પણ એક અપેક્ષા છે. '**સર્વ અપેક્ષાએ પર્યાય તદ્દન જુદી હોય તો પર્યાય પોતે જ દ્રવ્ય થઈ જાય.**' એવું બનતું નથી. એનું અંગ છે. અથવા પર્યાયમાં દ્રવ્યસ્વભાવ સર્વથા આવતો ન હોય તો જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ કેવી રીતે દેખાશે? જ્ઞાન લક્ષણમાં જ્ઞાનસ્વભાવ કેવી રીતે દેખાશે? માટે દ્રવ્ય છે એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપેલું છે. પણ પર્યાયમાં વ્યાપેલું હોવા છતાં પર્યાયના ભેદરૂપે નથી, ગુણમાં વ્યાપેલું હોવા છતાં ગુણના ભેદરૂપે નથી અને દ્રવ્યમાં વ્યાપેલું હોવા છતાં દ્રવ્યના ભેદરૂપે નથી. એ ૨૬ કળશ લીધા છે (સમયસાર) ૧૪૨ ગાથા પછી. એમાં એ બધા નિષેધ કર્યા છે.

મુમુક્ષુ :- અનુભૂતિ તો પર્યાયમાં થાય છે. પર્યાય દ્રવ્યને સંપૂર્ણપણે વિષય ન કરી શકતી હોય તો પૂર્ણરૂપે અનુભવ થાય ક્યાંથી?

પૂજ્ય ભાઈશ્રી :- અનુભૂતિ પર્યાયમાં થાય છે એ ભેદ વિવિક્ષાથી વાત છે. અભેદ વિવિક્ષાથી અનુભૂતિ આત્મામાં થાય છે માટે એને આત્માનુભૂતિ કહી છે. સમયસારનો ૧૩મો કળશ છે કે આત્માનુભૂતિ છે તે જ્ઞાનાનુભૂતિ છે અને જ્ઞાનાનુભૂતિ છે તે આત્માનુભૂતિ છે. એમ જાણીને આત્માથી આત્મામાં રહેવું, એમ જાણીને આત્માથી આત્મામાં રહેવું. અથવા પ્રવેશ કરવો અથવા સ્થિર થવું, લીન થવું.

'**માટે સર્વ અપેક્ષાએ એમ નથી.**' દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી એ એક કોઈ કથંચિત્ અપેક્ષાથી વાત છે. જો સર્વથા અભેદપણું હોત તો વસ્તુ ઓળખાત નહિ. એમાં દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? કોન્સ્ટીટ્યૂશન વસ્તુનું છે એમાં ભેદો છે. વસ્તુ એક અભેદ છે, કોન્સ્ટીટ્યૂશનલી એની અંદર જુદાં જુદાં ભેદો છે. સોનું એક છે. એની પીળાશ પણ છે, વજન પણ છે. અને એવું કોઈ પીળું અને વજનપણું પીત્તળમાં પણ છે. છતાં સોનામાં સોનાપણું છે અને પીત્તળમાં પીત્તળપણું છે. બેયમાં

એ જુદું જુદું છે. સમાન ધર્મ પણ હોય અને અસમાન ધર્મ પણ હોય. બે દ્રવ્યમાં એવું છે. આ તો એક દ્રવ્યના અંગો છે. એ ૧૦૧ (પ્રશ્ન) થયો.

પ્રશ્ન-૧૦૨

પ્રશ્ન :- અહીંયાં દ્રવ્ય એટલે ધ્રુવભાવ ને પર્યાયભાવ એમ બે ભાવ લઈએ તો?

સમાધાન :- ધ્રુવ એકલું નથી. ધ્રુવને ઉત્પાદ્-વ્યયની અપેક્ષા છે. ઉત્પાદ્-વ્યય વગરનું ધ્રુવ નથી. એકલું ધ્રુવ હોઇ શકે જ નહિ, ઉત્પાદ્-વ્યયની અપેક્ષાવાળું ધ્રુવ છે. કોઇ અપેક્ષાએ અંશો જુદા છે પણ એકબીજાની અપેક્ષા રાખે છે. ૧૦૨.

પ્રશ્ન ૧૦૨ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :- અહીંયાં દ્રવ્ય એટલે ધ્રુવભાવ ને પર્યાયભાવ એમ બે ભાવ લઈએ તો?**' બે ભાવ લઈ લેવા એમ. દ્રવ્ય એટલે ધ્રુવભાવ અને પર્યાયમાં પર્યાયભાવ એમ લઈએ તો? એવો પ્રશ્ન ઉઠાવ્યો છે.

'**સમાધાન :- ધ્રુવ એકલું નથી, ધ્રુવને ઉત્પાદ્-વ્યયની અપેક્ષા છે. ઉત્પાદ્-વ્યય વગરનું ધ્રુવ નથી.**' ઉત્પાદવ્યયયુક્તં સત્, ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. શું કહે છે? કે ધ્રુવ કહો એટલે ઉત્પાદ-વ્યયની અપેક્ષા આવી જ જાય છે. અકબર બિરબલનું દૃષ્ટાંત આવે છે. અકબરે એક લીટી દોરી. એણે શરત રાખી કે આને કાપકૂપ કર્યા વગર નાની બનાવો. હવે એ લીટી તો નાની પણ નહોતી અને મોટી પણ નહોતી, જેવડી હતી એવડી હતી. બુદ્ધિની પરીક્ષા કરવાની હતી. એને કાપકૂપ કર્યા વગર નાની બનાવો. તો બધા મૂંઝાણા. તો બિરબલે શું કર્યું? બાજુમાં મોટી લીટી દોરી દીધી. થઈ ગઈ કે નહિ નાની આના કરતા તો? હા, આના કરતા નાની થઈ ગઈ. બુદ્ધિની રમત છે આ તો બધી.

ધ્રુવ? ધ્રુવ તો ઉત્પાદ-વ્યયના જ્ઞાન વગર ધ્રુવ લાવ્યો ક્યાંથી? એમ કહે છે. એ સાપેક્ષ વાત છે. ઉત્પાદ-વ્યય? તો કહે, ધ્રુવ સાપેક્ષ છે. ધ્રુવ? તો કહે, ઉત્પાદ-

વ્યય સાપેક્ષ છે. એમ પર્યાય દ્રવ્ય સાપેક્ષ છે અને દ્રવ્ય પર્યાય સાપેક્ષ છે. પર્યાય કહેતા જ સાથે દ્રવ્યનું જ્ઞાન થવું જોઈએ યથાર્થતામાં તો. જેને એકલી પર્યાયનું અવધારણ થાય છે અને સાથે દ્રવ્યનું જ્ઞાન રહેતું નથી એના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહ્યું છે. એના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહ્યું છે. કારણ કે પર્યાય દ્રવ્ય સાપેક્ષ છે. એકલી પર્યાય અદ્ધર કાંઈ આકાશમાં છે? વસ્તુની પર્યાય છે. તો ધ્રુવ વસ્તુના જ્ઞાન વગર તું પર્યાય લાવ્યો ક્યાંથી? પર્યાયની વાત ક્યાંથી કરે છે તું? એમ કહે છે. એવી જ રીતે '**ધ્રુવ એકલું નથી, ધ્રુવને ઉત્પાદ્-વ્યયની અપેક્ષા છે.**'

મુમુક્ષુ :- અવલંબનકે વિષયકો એકરૂપ નહીં લેના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એ લ્યો તો વાંધો નહિ. અવલંબનના વિષયભૂત દ્રવ્ય છે, પણ જ્ઞાનમાં એમાં પર્યાયની સાપેક્ષતા હોય કે ન હોય? કે હોય જ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપ દૃષ્ટાંત આપો છેને, દ્રાક્ષ ખાધી હોય, દ્રાક્ષનો રસ લેતો હોય પણ દ્રાક્ષ ખાધી એમ જ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ લ્યે છેને. પદાર્થને જ અવલંબે છે. એ સિવાય તમે એમ કહો કે મને આ રૂમાલની સંકેલેલી ઘડી વાળેલી અવસ્થા દેખાય છે. આ રૂમાલ ખુલેલો નથી, પણ ઘડી કરેલો છે. બરાબર? તો મેં ઘડી કરેલી અવસ્થા જોઈ અને રૂમાલ ન જોયો એમ કેવી રીતે કહી શકાય? કેમકે ઘડી કરેલી અવસ્થા કોની પણ? રૂમાલની. તો રૂમાલ આવી ગયો કે ન આવી ગયો? રૂમાલ આવી જાય છે. રૂમાલ એમાં આપોઆપ આવી જાય છે, આવ્યા વગર રહેતો નથી. એમ પર્યાય કહો તો કોની? કોઈ વસ્તુ છે એની કે એમ ને એમ અદ્ધર પર્યાય કહો છો? જ્ઞાનની પર્યાય જણાય છે એમ તમે કહો કે રાગની પર્યાય જણાય છે એમ કહો. પણ કોની? કોઈ જીવની કે એમ ને એમ? એકલી પર્યાય જણાય છે? જો કોઈ એમ કહે કે અમને એકલી પર્યાય જણાય છે તો એ કલ્પના કરે છે. એમાં વાસ્તવિકતા, જાણવાની વાસ્તવિકતા નથી, કલ્પનામાત્ર છે. માટે એને મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કહતે હૈં ન, દ્રવ્ય ના તો નિત્ય હૈ, ન અનિત્ય હૈ. જૈસા હૈ વૈસા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- જેવું છે એવું છે. ઓલી લીટી નાની પણ નહોતી અને મોટી પણ નહોતી, જેવડી છે એવડી હતી. બાજુમાં મોટી લીટી કરી તો નાની થઈ ગઈ અને બાજુમાં નાની કરી હોત તો મોટી થઈ જાત. બાકી તો જેવડી છે એવડી છે. એમ આ જીવ કોઈનો પિતા અને કોઈનો પુત્ર છે. પણ જે છે ઈ છે. જીવ તો જીવ જ છે. પિતાની અપેક્ષાએ પુત્ર છે અને પુત્રની અપેક્ષાએ પિતા છે. બાકી

તો જે છે ઈ છે. નથી પિતા અને નથી પુત્ર. જે જીવ છે એ જીવ જ છે. તો જીવની અપેક્ષા રાખીને પિતા-પુત્રપણું લ્યોને. એકાંતે શું કરવા પિતા-પુત્રપણું લ્યો છો? એકાંતે પિતા-પુત્રપણું લેશો તો તોફાન થયા વગર રહેશે નહિ. અધિકાર આવશે. મારો અધિકાર છે પુત્રપણાનો. પુત્રપણું માનીને શું કહેશે? મારો અધિકાર છે પુત્રપણાનો.

એમ '**ધ્રુવ એકલું નથી, ધ્રુવને ઉત્પાદ્-વ્યયની અપેક્ષા છે.**' અને યથાર્થ જ્ઞાનમાં એવી અપેક્ષા હંમેશા રહે જ છે. નહોતું કહ્યું? કે છોકરો મારો નથી એમ કહે. કાઢી મૂકવો હોય ત્યારે શું કહે? કે તું મારો દીકરો નહિ ચાલ્યો જા. ત્યારે જ્ઞાનમાં અપેક્ષા છે કે નહિ? કે મારે ત્યાં જન્મ્યો છે એને હું આમ કહું છું. એમ જ્ઞાનમાં છે કે નહિ? જ્ઞાનમાં એમ છે કે બીજાના ઘરે જન્મ્યો છે? એમ છે જ્ઞાનમાં? '**ઉત્પાદ્-વ્યય વગરનું ધ્રુવ નથી. એકલું ધ્રુવ હોઈ શકે જ નહિ, ઉત્પાદ્-વ્યયની અપેક્ષાવાળું ધ્રુવ છે.**' નિરપેક્ષતા જોતી વખતે પણ અપેક્ષા ખ્યાલમાં હોય છે, અપેક્ષા જોતી વખતે પણ નિરપેક્ષતા જ્ઞાનમાં હોય છે. આવી વાત છે.

'**કોઈ અપેક્ષાએ અંશો જુદા છે...**' ધ્રુવ અને ઉત્પાદ-વ્યય બંને જુદાં જુદાં અંશો છે તે કોઈ અપેક્ષાએ એટલે પોતાના સ્વધર્મની અપેક્ષાએ જુદાં છે '**પણ એકબીજાની અપેક્ષા રાખે છે.**' એકાંતે જો જુદાંપણું લ્યો તો પદાર્થો જ જુદાં થઈ જાય. તો અંશો નથી રહેતા. પદાર્થના અંશો નથી રહેતા, એ પદાર્થ જ થઈ જાય છે. એમ તો વસ્તુનું સ્વરૂપ છે નહિ. આ તો વિજ્ઞાન સમજવાની વાત છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજે તો સહેલું પડે છે. આમ પણ ઉપદેશ છે એ પણ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજે તો સહેલો પડે છે. અને સ્થિર થવાય છે ઉપદેશમાં. એટલા માટે ઉપદેશના કાળમાં પણ વિજ્ઞાન વચ્ચે લાવે છે. ઉપદેશ દેનાર ઉપદેશને સ્થાપિત કરે ત્યારે પણ જૈનદર્શનમાં તો, બીજે ભલે વિજ્ઞાન નથી, પણ જૈનદર્શનમાં તો વિજ્ઞાનને વચ્ચે લાવે છે. અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ હોય તો ઉપદેશ સમજાય પણ સહેલાઈથી અને ઉપદેશમાં સ્થિર પણ રહેવાય સહેલાઈથી. બેય કામ થાય.

વસ્તુવિજ્ઞાન છે એ બહુ મહત્ત્વનો વિષય છે. વસ્તુનું વિજ્ઞાન છે એ બહુ મહત્ત્વનો વિષય છે. સર્વજ્ઞ સિવાય પૂરેપૂરું વિજ્ઞાન જાણવાનું તો મળે નહિ. એટલે જિનાગમમાં એ બધી વાતો છે. એવી વાતો બીજે ક્યાંય નથી. જિનાગમ સિવાય એ બધી વાતો (ક્યાંય નથી). ક્યાંક થોડી થોડી વાત આવે બુદ્ધિ પહોંચે એટલી. પણ સર્વજ્ઞે તો સર્વ ધર્મને જોયા છે એટલે પ્રતિપાદન એમાં પૂરેપૂરું સરખું આવે છે. એ ૧૦૨ થયો.

હવે નિરપેક્ષપણું અને સાપેક્ષપણાની વાત ચાલી તો પહેલા શું લેવું? પહેલા

નિરપેક્ષપણું લેવું કે સમજવામાં પહેલા સાપેક્ષપણું લેવું? સાપેક્ષ એટલે આનાથી આમ થાય અને આનાથી આમ થાય એ તો બે દ્રવ્યના સંબંધો તો જોડતો જ આવ્યો છે. પહેલા નિરપેક્ષપણું લેવું એમ આવશે. ૧૦૩માં એ વાત જરા ઉઠાવી છે સમજવાની પદ્ધતિથી... અહીં સુધી રાખીએ...

પ્રશ્ન-૧૦૩

પ્રશ્ન :- પહેલાં નિરપેક્ષથી જાણવું જોઇએ અને પછી સાપેક્ષતા લગાડવી જોઇએ એટલે કે ધ્રુવ ધ્રુવથી છે, પર્યાય પર્યાયથી છે. ધ્રુવ પર્યાયથી નથી ને પર્યાય ધ્રુવથી નથી. એમ પહેલાં નિરપેક્ષતા સિદ્ધ કરીને પછી સાપેક્ષતા લગાડવી કે પર્યાય દ્રવ્યની છે. તો એમ સમજવામાં શું દોષ આવે?

સમાધાન :- જે નિરપેક્ષપણું યથાર્થ સમજે તેને સાપેક્ષપણું યથાર્થ સાથે આવે છે. સમજવા માટે પહેલું-પછી આવે, પણ યથાર્થ પ્રગટે તેમાં બંને સાથે આવે છે. જે યથાર્થ નિરપેક્ષપણું સમજે તેની સાથે સાપેક્ષપણું હોય જ છે. એકલું નીરપેક્ષ પહેલાં સમજાવીને પછી સાપેક્ષ સમજાવે તે તો વ્યવહારની એક રીત છે. અનાદીકાળથી તેં સ્વરૂપ તરફ દૃષ્ટિ કરી નથી, માટે દ્રવ્યદૃષ્ટિ કર, પહેલાં નિરપેક્ષ દ્રવ્યને ઓળખ. નિરપેક્ષ દ્રવ્યને ઓળખવાની સાથે સાપેક્ષ શું છે તે તેમાં આવી જ જાય છે. એકલું નિરપેક્ષ આવે તો નિરપેક્ષ યથાર્થ નથી, સમજવામાં બંને સાથે છે, એકલું નિરપેક્ષ એકાંત થઇ જાય છે. ૧૦૩.

તા. ૧૦-૧-૧૯૯૭, શ્રી સ્વાનુભૂતિદર્શન
પ્રશ્ન-૧૦૩, પ્રવચન નં. ૬૫

સ્વાનુભૂતિદર્શન પાનું-૯૫, ૧૦૩મો પ્રશ્ન. '**પ્રશ્ન :- પહેલાં નિરપેક્ષથી જાણવું જોઇએ અને પછી સાપેક્ષતા લગાડવી જોઇએ એટલે કે ધ્રુવ ધ્રુવથી છે, પર્યાય પર્યાયથી**

છે. ધ્રુવ પર્યાયથી નથી ને પર્યાય ધ્રુવથી નથી. એમ પહેલાં નિરપેક્ષતા સિદ્ધ કરીને પછી સાપેક્ષતા લગાડવી કે પર્યાય દ્રવ્યની છે. તો એમ સમજવામાં શું દોષ આવે?' સમજવાની પદ્ધતિ ઉપર પ્રશ્ન છે. દ્રવ્યની પર્યાય અથવા ઉત્પાદ-વ્યય-ધ્રુવનો વિષય ચાલ્યો ચર્ચામાં. તો પહેલા દરેક અંગની નિરપેક્ષતા સમજવી જોઈએ કે પહેલા સાપેક્ષતા સમજવી જોઈએ? અને પહેલા નિરપેક્ષતા સિદ્ધ કરીને પછી સાપેક્ષતા લગાડવી કે પર્યાય દ્રવ્યની છે? એમ કરવાથી કાંઈ દોષ આવે છે તો શું દોષ આવે છે? ક્યો દોષ આવે છે? એવો પ્રશ્ન લીધો છે. અથવા શું ભૂલ થાય છે?

'સમાધાન :- જે નિરપેક્ષપણું યથાર્થ સમજે તેને સાપેક્ષપણું યથાર્થ સાથે આવે છે.' બેયમાં યથાર્થ-યથાર્થ શબ્દ લગાડેલો છે. એમ નથી કહ્યું કે જે નિરપેક્ષપણું સમજે તેને સાપેક્ષપણું સમજાય. નિરપેક્ષપણું યથાર્થ સમજાય એને સાપેક્ષપણું પણ યથાર્થ સમજાય. યથાર્થ એટલે શું? આટલો પ્રશ્ન અહીંયાં ઉપસ્થિત થાય. કેમકે યથાર્થ સમજવું એમાં કોઈને વાંધો ન હોય. એ યથાર્થ એટલે શું? કે આમ સમજતા મારું આત્મહિત થાય એવો દૃષ્ટિકોણ સાથે સાથે હોવો જોઈએ. આત્મકલ્યાણના દૃષ્ટિકોણપૂર્વક સમજે કોઈ વાતને તો તે યથાર્થ છે, નહિતર એ યથાર્થ નથી. કેમકે કાંઈક કૂતુહલવૃત્તિ પોષવી એ અભિપ્રાય પણ યથાર્થ નથી. જાણવાનું કૂતુહલ. અથવા જાણીને ક્ષયોપશમ વધારવો અને ક્ષયોપશમ વધે તો કોઈને કહી શકાય, સમજાવી શકાય એ અભિપ્રાય પણ બરાબર નથી. એવા કોઈપણ અન્યથા અભિપ્રાયથી આ પ્રકારના સ્વાધ્યાયમાં કે ભેદ-પ્રભેદમાં ન જવું જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઈસમેં જૈસે આત્મા નિરપેક્ષ હૈ. તો યે નિરપેક્ષતાકો સમજનેમેં સાપેક્ષતા તો ઑટોમેટીકલી આતી હૈ. સમજનમેં જબ ઈસકો જૈસે... અધરવાઈસ આત્મા તો જૈસા હૈ વૈસા હૈ, સમજનમેં ઈસકા ગ્રહણ હોતા હૈ તો યહ યથાર્થ સમજન હી કાફી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઐસા હૈ કિ આપણું જે પરિણમન અનાદિથી ચાલી રહ્યું છે એમાં આપણે અન્ય દ્રવ્ય સાથેનું ભિન્નપણું હોવા છતાં પણ અભિન્નપણું ગાઢ કરેલું છે. આ એક આપણી પરિસ્થિતિ છે. એ પરિસ્થિતિમાં આપણે ઊભા છીએ એ વાત પહેલા આપણને ખ્યાલમાં હોવી જોઈએ કે આપણે ક્યાં ઊભા છીએ અને કામ કરવા માગીએ છીએ. હવે પરદ્રવ્ય સાથેનો સંબંધ ગાઢ કરીને, પરદ્રવ્યની સાપેક્ષતા જો મુખ્ય કરવામાં આવે તો એની ભિન્નતાની દૃઢતા કેવી રીતે કરશો?

મુમુક્ષુ :- ઈસકા મતલબ હૈ કિ લગતા હૈ સમજન યથાર્થ હૈ, પરંતુ યથાર્થ સમજન નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે આપણો જે હેતુ છે, આપણો જે મોટીવ છે એ આની અંદર મુખ્ય હોવો જોઈએ. એ વધારે અગત્યનો વિષય છે, ઈમ્પોર્ટન્ટ વિષય છે. નહિતર તો બધા વિદ્વાનો દ્રવ્ય-ગુણ-પર્યાયની સમજણ તો કરી જ લ્યે છે. માટે એને જ્ઞાન થઈ જાય છે એવું તો નથી. શાસ્ત્રની સમજણ કરવાવાળાને, અધ્યયન કરવાવાળાને બધાને જ્ઞાન થાય છે એવું તો બનતું નથી. તો એની પાછળ કોઈ લેકિંગ પોઈન્ટ પણ છે, કોઈ વાત છૂટી જાય છે ત્યારે જ્ઞાન નથી થતું. આપણું ધ્યાન એના ઉપર જવું જોઈએ કે એવી કોઈ વાત છૂટી નહિ જવી જોઈએ કે જેથી આપણે આ વાત સમજતા આપણું હિત ન થાય. કારણ કે આપણો હેતુ તો હિત કરવાનો છે. એ હેતુને જાળવીને આપણે અધ્યયન કરીએ કે સ્વાધ્યાય કરીએ કે સમજણ કરીએ તો તો યથાર્થ છે, યથા અર્થમાં છે. એ જ છૂટી જાય તો અયથાર્થ છે.

મુમુક્ષુ :- હર જગહમેં યહ એપ્લીકેશન હોના જરૂરી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, યથાર્થતા તો બધે જ જળવાવી જોઈએ. દરેક સ્ટેજમાં, દરેક સિદ્ધાંતમાં, દરેક ન્યાયમાં, દરેક ભેદ-પ્રભેદમાં બધે યથાર્થતા તો જળવાવી જ જોઈએ. નહિતર મહેનત પાણીમાં જાય અથવા તો બીજી મહેનત વધારવાનો, પરિશ્રમ વધવાનું કારણ થાય. એમ બને. ખોટો ખર્ચ થઈ જાય. અથવા ઊંધી દિશામાં જેમ માણસ ચાલે એટલું એને અંતર વધારે કાપવું પડે એના જેવી વાત છે. એટલે બે શબ્દ આવ્યા છે.

મુમુક્ષુ :- સમજણની યથાર્થતા થઈ અહીંયાં. કેવી રીતે સમજવું એ સમજણની યથાર્થતા થઈ? એ જ વાત જ્યાં સુધી પરિણમનમાં ન આવે ત્યાં સુધી એ વાત યથાર્થતા આવી એમ કહી શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, યથાર્થ સમજણ કરે તો યથાર્થ સમજણ પરિણમનનું કારણ છે. યથાર્થ સમજણ પોતે જ પરિણમનનું કારણ છે. એને પરિણમન ન આવે એમ ન બને.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરિણમન હોતા હૈ તો હી સમજણમેં યથાર્થતા હોતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ એક ઓરિએન્ટેડ રિઝલ્ટ પરસે અપન લે સકતે હૈં કિ રિઝલ્ટ નહીં આયા તો અયથાર્થતા રહી. ઐસા લે સકતે હૈં. વો તો ઉપર સે લો તો. નીચે સે લો તો યથાર્થ કરો તો ઉસકા રિઝલ્ટ આયેગા હી આયેગા. ઔર યથાર્થ માને ક્યા? વહ બાત હમ સ્પષ્ટ કરતે હૈં કિ હમારા મોટીવ, હમારા હેતુ એક માત્ર આત્મકલ્યાણકા હૈ તો કોઈ બાત સમજને મેં હમકો ઊલટા નહીં પડેગા. વો ઈમ્પોર્ટન્ટ હૈ. ઈસકે લિયે યહાં યથાર્થ શબ્દ કા પ્રયોગ હૈ.

'જે નિરપેક્ષપણું યથાર્થ સમજે તેને સાપેક્ષપણું યથાર્થ સાથે આવે છે.' યથાર્થ નિરપેક્ષપણામાં યથાર્થ સાપેક્ષપણું સાથે આવે જ, આવ્યા વિના રહે નહિ. એટલે એકાંત થવાનો, નિરપેક્ષપણામાં એકાંત થવાનો પ્રશ્ન ન રહે. હવે એક દૃષ્ટાંત બહુ મોટો છે એ લઈએ કે વેદાંતની અંદર સાંખ્યનો જે મત છે, સાંખ્યમત છે, ષટ્ દર્શન કહેવાય છે એમાં એક સાંખ્યનો મત છે. એ સાંખ્યનો મત આત્મા સંબંધીનો એવો છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે એ એમણે પકડ્યો છે કે આત્મા ધ્રુવ છે, કૂટસ્થ છે, અપરિણામી છે અને અક્રિય છે. ચારેય શબ્દનો ત્યાં પ્રયોગ છે. છતાં પણ આપણે એને અન્યમત કહીએ છીએ એનો અર્થ કે આપણે એને યથાર્થ નથી ગણતા. તો શું છૂટી ગયું? કે સાપેક્ષપણું છૂટી ગયું જે સાથે આવવું જોઈએ. પર્યાયનું સાપેક્ષપણું જે સાથે આવવું જોઈએ એ છૂટી ગયું. કેમકે એવો આત્મા શ્રદ્ધા જ્ઞાનમાં લેનાર તો કોઈ પર્યાય છે અને એમ શ્રદ્ધા-જ્ઞાનમાં લેવામાં આવે તો એનું કલ્યાણ થાય છે. આ વસ્તુ સાથે સાથે રહેલી છે.

આત્મા કેવો છે અને તે કેમ પમાય? એ વાત સાથે જોડાયેલી છે. આત્મા આવો છે... આત્મા આવો છે... આત્મા આવો છે... એટલેથી વાત પૂરી થતી નથી. આત્મા એવો છે ઈ શેમાં આવ્યું તને? તો કહે તારા શ્રદ્ધા-જ્ઞાનમાં. તો તને અનુભવ થયો? તો તારું શ્રદ્ધા-જ્ઞાન યથાર્થ છે અને તારો આત્મા એમ કહેવું એ યથાર્થ છે. નહિતર બેમાંથી એકેય યથાર્થ નથી. એટલે સમ્યગ્દર્શનનો વિષય હોવા છતાં પણ એને અન્યમતમાં લઈ લ્યે છે.

ભગવાન મહાવીરસ્વામીના સમકાળમાં ગૌતમબુદ્ધ થયા. બૌદ્ધમત અત્યારે જે ચાલે છે એ મત વૈરાગ્યમાંથી ઉત્પન્ન થયો છે. શેમાંથી ઉત્પન્ન થયો છે? જગતના પદાર્થોની અનિત્યતા જોઈને એમને વૈરાગ્ય આવ્યો. એમણે મડદું જોયું, માંદા માણસને જોયા, ગરીબાઈ જોઈ. આ બધું જોઈને એમને વૈરાગ્ય આવ્યો. પોતે રાજકુમાર હોવા છતાં મહેલ છોડી અને નીકળી ગયા. તો વૈરાગ્યમાં ખોટું શું કર્યું કહો? વૈરાગ્યમાં ખોટું શું કર્યું? એકાંત થયું એટલે અયથાર્થતા રહી અને યથાર્થતા ન આવી માટે આપણે એને અન્યમતમાં ગણીએ છીએ. અત્યારે બૌદ્ધમતને હિન્દુસ્તાનની સરકાર સ્વીકારે છે. આપણા રાષ્ટ્રધ્વજમાં ચિહ્ન છે બૌદ્ધમતનું. ચક્ર છે એ ધર્મચિહ્ન છે બૌદ્ધમતનું. નહિતર હિન્દુઓની સંખ્યા વધારે છે. તોપણ ગાંધીજીને આકર્ષણ હતું. ગાંધીજીએ કૃપાળુદેવને પ્રશ્ન પણ પૂછ્યો છે કે ગૌતમબુદ્ધ મોક્ષ નથી પામ્યા એમ તમે શા ઉપરથી કહો છો? અને એનો કોઈ તમારી પાસે પુરાવો છે? એ બેરિસ્ટર હતાને એટલે પુરાવો માગે. ગાંધીજી એડનમાં બેરિસ્ટર થઈને આવેલા. એટલે એમની

બધી શૈલી વાત કરવાની એવી હતી. કૃપાળુદેવે પહેલા પુરાવાની વાત કરી કે પુરાવા વગર જો કોઈ વાત કરવામાં આવે તો વાત કરવાનો કોઈ અર્થ પણ નથી. પુરાવાનો આગ્રહ હોય તો જરૂર હું પુરાવો આપીશ. ત્યાંથી ઉત્તર શરૂ કર્યો એમણે. એ વિચિક્ષણતા છે એમની.

ગાંધીજી એક બુદ્ધિશાળી વ્યક્તિ હતા. હાયર ઈન્ટેલિજન્ટ પર્સન હતા તો ઉત્તર દેવાવાળા સુપર ઈન્ટેલિજન્ટ હતા. તમે પુરાવો માગો છો ઠીક વાત છે. પુરાવા વગર હું કોઈ વાત નહિ કરું. દેવો જ જોઈએ. પેલા તો ઠંડા પડે કે આ વાત કાંઈ એમ ને એમ અદ્ધરથી કલ્પનાથી ચાલતી નથી. એમના જે સિદ્ધાંતો છે એ સિદ્ધાંતો જોતા અને એવા સિદ્ધાંતો ગ્રહણ કરનારને મોક્ષ ન થઈ શકે એમ હું ચોક્કસપણે કહી શકું એમ છું અને એ વાત સાબિત પણ થઈ શકે એમ છે. માટે એમનો મોક્ષ થયો નથી એમ હું બરાબર જાણું છું, સમજું છું, કહી શકું છું. એ અન્યમતમાં છે, બોદ્ધમત છે એ અન્યમતમાં છે.

માણસને એક વાત નથી સમજાતી અને મૂંઝવે છે એવી પણ આમાં એક વાત છે કે દરેક મતને અનુસરનારા હજારો માણસો છે. બુદ્ધિમાન માણસો પણ ઘણા છે અને એમાં પ્રમાણિકપણે એવા પણ માણસો છે કે અમને અમારું અહિત નથી કરવું. ધર્મ કરીને કાંઈ અમે અમારું નુકસાન કરવા માગતા નથી. ધર્મ કરીને કાંઈ પણ લાભ લેવા માંગીએ છીએ—ધાર્મિક લાભ લેવા (માંગીએ છીએ). એવા પણ માણસો છે એની અંદર. આપણે એમ ન કહી શકીએ કે બધા જ ડિસઓનેસ્ટ છે. એમ કહી પણ ન શકાય અને એમ કહેવાનો અધિકાર પણ નથી.

વળી, જે-તે ધર્મના ધર્મગુરુઓ થયા, ધર્મ નેતાઓ થયા એ બધા ત્યાગી-વૈરાગી અને બહુ સારી ધાર્મિક આબરૂવાળા, મોટી પ્રેસ્ટીજવાળા હતા. ગૌતમબુદ્ધની મોટી પ્રેસ્ટીજ છે એમ આ બાજુ હિન્દુઓમાં વેદવ્યાસ છે અને એના જે જે શંકરાચાર્ય જેવા છે એ બધાયને માટે તમે કાંઈક બોલો, પોણી સોળ આની બોલો તો ઉચિત ન લાગે. સારી એવી ધાર્મિક પ્રતિષ્ઠાવાળા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ છે. એ કાંઈ અમને ખોટું કહે? કે ખોટે રસ્તે ચડાવે? એ લોકોની પાસે બુદ્ધિ પણ છે, જ્ઞાન પણ છે અને ત્યાગ પણ છે. જ્ઞાન પણ છે અને ત્યાગ પણ છે. એ લોકોએ ભૂલ કરી એમ તમે અલ્પ બુદ્ધિવાળા કેવી રીતે કહો છો? તમને સાથે લઈએ કે તમે એની પાસે કાંઈ નથી. તમારી બુદ્ધિ પણ કાંઈ નથી અને તમારો ત્યાગ પણ કાંઈ નથી. નથી તમે એટલો ત્યાગ કરી શક્યા, નથી એટલી તમારી પાસે વિચારશક્તિ. અને તેમ છતાં તમે એમ કહો છો કે નહિ એ બરાબર નથી. આમાં વ્યાજબીપણું કેટલું?

આ પ્રશ્ન સામે આવે. સામે આવે ત્યારે માણસ જવાબ ન દઈ શકે. જેમકે આ અરવિંદ ઘોષ થઈ ગયા, રમણ મહર્ષિ થઈ ગયા. હમણા-હમણાં થયા. ઓલા બધા એન્સીયન્ટ છે. શંકરાચાર્ય અને વેદંવ્યાસ છે એ બહુ પુરાણા પુરુષો છે. આ હમણા છેલ્લા સૈકાઓમાં જોઈએ તો રમણ મહર્ષિ છે, અરવિંદ ઘોષ છે એ લોકોની બહુ મોટી પ્રેસ્ટિજ છે.

મુમુક્ષુ :- સ્વામી વિવેકાનંદ.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ બહુ મોટી પ્રેસ્ટીજવાળા છે. તમે એમ કહો કે એ ભૂલ કરી ગયા. તો તમારી બુદ્ધિ ઉપર વિશ્વાસ ન આવે. પેલા લોકોની બુદ્ધિ ઉપર જ વિશ્વાસ આવે. ત્યારે શું? કહો, શું કહેવું છે? આઉટ થઈ જવાયને? આવી બોલિંગ આવે ત્યારે બેટ જ ઊપડે નહિ.

અમે હમણા લોનાવાલા ગયા હતા. તો પછી બે મુમુક્ષુ ત્યાં મળી ગયા. બીજા સેનિટોરિયમમાં ઉતરેલા હતા. ગુજરાતી સેનિટોરિયમ છે. ગુજરાતી હતા. પછી અમે સેનિટોરિયમ જોવા ગયા, એની વ્યવસ્થા જોવા ગયા કે ભાઈ અહીંયાં આપણે શિબિર કરી હોય તો કેમ? આ લોકો સગવડ આપે કે કેમ? કેટલી જગ્યા છે? શું છે શું નહિ? સ્થળ સારું છે. અને દિગંબર જૈન મંદિર પણ ગામમાં છે. એ દષ્ટિકોણથી ગયેલા. એટલે રૂમમાં બેઠા હતા ત્યાં રમણ મહર્ષિનું એક આધ્યાત્મિક પુસ્તક પડેલું. પછી એમાં એમણે અન્ડર લાઈનો કરેલી. જરાક પાના ફેરવ્યા. આમ કૃપાળુદેવના અનુયાયી હતા.

મુમુક્ષુ :- અમરેન્દ્ર મુનિ હતા એ રમણ મહર્ષિને...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અમરેન્દ્ર મુનિ એ પાછા જૈન મુનિ. લખેલું જૈન મુનિનું અને સમર્પિત કરેલું રમણ મહર્ષિને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, જૈન હશે. ખબર નથી. ખબર નથી પણ નામ ઉપરથી એમ લાગ્યું કે જૈન મુનિ હશે. અને ઘાટકોપરમાં ઓલા કૃપાળુદેવના ભક્ત હતા. એ અને એના મિત્ર. એ બે જણા એકાંતમાં નિવૃત્તિ માટે આવેલા થોડા દિવસો માટે અમારી જેમ જ તે. પછી પુસ્તક જોયું એટલે મેં કીધું, કેમ લાગે છે? તો મને કહે, બહુ સારું પુસ્તક છે. મેં તો સારો એવો આનો સ્વાધ્યાય કર્યો છે અને બહુ સારું પુસ્તક છે. એટલે પછી એ બોલિંગ કરે એ પહેલા મેં જ એક બોલ ફેંક્યો. મેં કીધું, આવા જે બુદ્ધિશાળી માણસો હોય, જે કોઈ ધર્મના નેતા હોય એ તો હાયર ઈન્ટેલિજન્ટ માણસો હોય એ જ થઈ શકે. કોઈ બોદા જેવા માણસો

કાંઈ ધર્મના નેતા ન થઈ શકે. ત્યાગ હોય, વૈરાગ્ય હોય, બુદ્ધિ હોય, સમજણ હોય, વિશાળ એનું જ્ઞાન હોય ત્યારે જ લોકો એને અનુસરે. તો એવડા બુદ્ધિશાળી માણસો તીર્થંકરને કેમ ન સમજી શક્યા? જે સર્વજ્ઞ વીતરાગ છે એ કાંઈ અપ્રસિદ્ધ તો નથી. જૈનના ચોવીસ તીર્થંકરો કાંઈ અપ્રસિદ્ધ તો નથી. એ વીતરાગને સમજીને વીતરાગને માન્ય કેમ ન કરી શક્યા? ધીસ ઈસ ધી લેકિંગ પોઈન્ટ.

જો એમની બુદ્ધિ એવી વિશાળતા હતી, મધ્યસ્થતા હતી અને એક માત્ર આત્મકલ્યાણના હેતુથી એમણે ધર્મના ક્ષેત્રમાં ઝુકાવ્યું અને ત્યાગ કર્યો, તો સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર જિનેન્દ્ર પરમાત્મા જિનેશ્વરદેવ માટે બે મત થાય એવી કોઈ વાત હોય તો તમે મને બતાવો. અસ્વીકાર એનો કરી શકાય એવી કોઈ વાત હોય તો તમે મને બતાવો. એ વાત તીર્થંકરદેવમાં તો છે જ નહિ. તીર્થંકર જુઓ તો પૂર્ણ વીતરાગ, પૂર્ણ સર્વજ્ઞ અને એમની કોઈ પ્રવૃત્તિમાં કાંઈ શંકાને કોઈ અવકાશ નથી, કોઈ ગુંજાઈશ નથી. એવા જે નિર્દોષ પરમાત્મા એ પ્રસિદ્ધ હોવા છતાં, પાછા એ ગુપ્ત નથી કે ભૂલી જાય. મોટો મત ચાલે છે, જૈનમત ચાલે છે. હજારો લાખો માણસો એની અંદર છે, એનો અસ્વીકાર કયા દૃષ્ટિકોણથી કર્યો કે જેથી એ મતમાં ન રહ્યા અને કોઈ બીજો મત પ્રવર્તાવ્યો? એમણે અસ્વીકાર કર્યો છે એ વાત નક્કી છે. (તીર્થંકર) અસ્વીકાર કરવાયોગ્ય છે એ વાત તો કોઈ રીતે માન્ય થાય એવી નથી. અને છતાં એમણે અસ્વીકાર તો કર્યો જ છે ત્યાં આપણું ધ્યાન કેમ ન ગયું? એની બુદ્ધિ ઉપર આપણું ધ્યાન જાય છે, એના ત્યાગ ઉપર આપણું ધ્યાન જાય છે, તો એના અસ્વીકાર ઉપર આપણું ધ્યાન કેમ નથી ગયું? એ કેમ જૈન મતને અનુસર્યા નહિ? આપણા તીર્થંકરદેવને કેમ અનુસર્યા નહિ? તીર્થંકરથી પોતે જુદાં કેમ પડ્યા? અથવા એનાથી પોતે વિશિષ્ટ છે એમ માનીને જુદાં પડ્યા હોય એવી વિશિષ્ટતા કઈ જોઈ તમે એ બતાવો. એનો કોઈ જવાબ એની કોઈની પાસે નથી.

મુમુક્ષુ :- આપે કીધું હતુંને કૃપાળુદેવે કીધું છેને, આ વિશ્વમાં બે જૈન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બે જૈન નથી. અન્યમતનો તો સવાલ પણ નથી. જૈનમાં ફાંટા ન હોઈ શકે. એવો કૃપાળુદેવનો મત છે. આ તો ચોખ્ખો અન્યમત છે. તીર્થંકરનું નામ લેતા નથી ક્યાંય. એમની પૂજ્યતા, પૂજ્યપણું ક્યાંય ઉલ્લેખ નથી એમના કથનોની અંદર. એ બતાવે છે કે માન્ય કરતા નથી. એમનું અધ્યાત્મ આપણે શું કામનું? જે તીર્થંકરદેવને માન્ય ન કરતા હોય એમની વાતોનું અધ્યાત્મ આપણને કેટલું કામમાં આવે? મૂળ આપણા જે ધર્મપ્રણેતા છે, ધર્મનું મૂળ સર્વજ્ઞ છે, કૃપાળુદેવે શું સૂત્ર આપણને આપ્યું છે? ધર્મનું મૂળ સર્વજ્ઞ છે અને ધર્મ પ્રરૂપિત કરવો હોય તો સર્વજ્ઞતાથી

પ્રણિત કરવો. બે વાત લખી છે. ધર્મ સર્વજ્ઞતાથી પ્રણિત કરવો. તો એ લોકો સર્વજ્ઞતાથી ધર્મ પ્રણિત કરતા નથી અને ધર્મનું મૂળ સર્વજ્ઞ છે એ વાત એ સ્વીકારતા નથી. તો એમના અધ્યાત્મમાં પાયો જ નથી. એમના અધ્યાત્મનું લોજિક અને ચણતર ગમે એટલું તમને દેખાય, પણ પાયો નથી. આ વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- બહુત અચ્છા લોજીક હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- લોગ બાતમેં આ જાતે હૈં. અચ્છી-અચ્છી બાત લિખી હૈ, કિતની અચ્છી બાત લિખી હૈ! કિતની અચ્છી બાત લિખી હૈ! દેખો યહ ગ્રંથ. બહુત બઢિયા હૈ, ઐસા હૈ, વૈસા હૈ. લેકિન નીંવ તો હૈ નહીં. નીંવમેં ગડબડ બડી હૈ.

મુમુક્ષુ :- ઈસ વિષયમેં કૃપાલુદેવને ભી પહલે પહલે જો લિયા હૈ, તત્ત્વ સ્મરણકી ચર્ચા કી હૈ કાફી. ઉસમેં ઈસ વિષયકો લિયા હૈ કિ જૈસે કિ ઈસ તરહ સે કિ જૈસે રંગ કિતને પ્રકારકા હોતા હૈ? સર્વજ્ઞને કહા હૈ તો આપ બતાઓ કિ ... ચર્ચા કી હૈ ઈસ તરહસે.

પૂજ્ય ભાઈશ્રી :- કૃપાળુદેવને કાફી ચર્ચા તો કિયા હૈ. લેકિન એક બાત લોગોં કો (નહીં બૈઠતી હૈ કિ) ઐસે-ઐસે લોગને ભૂલ કિયા હૈ ઐસા આપ અલ્પ શક્તિવાલે કૈસે બોલ સકતે હો? હમ આપ પર વિશ્વાસ કરે યા ઈસકે પર વિશ્વાસ કરે? કિસકે પર હમ વિશ્વાસ કરે? આપકો દેખતે હુએ ઔર ઉનકો દેખતે હુએ કમ્પેરેટીવલી આપકે ઉપર વિશ્વાસ નહીં કિયા જાયેગા. બાત તો વહ આયેગી.

મુમુક્ષુ :- ઉસકે સામને સર્વજ્ઞતાકી લાઈન ખીંચ દી તો વહ લાઈન છોટી હો ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- આપકે લાઈનસે ઉસકી લાઈન બડી થી. લેકિન સર્વજ્ઞકી લાઈન કર દો તો પતા ચલ જાયેગા કિ બડી હૈ યા છોટી?

મુમુક્ષુ :- અમરેન્દ્ર મુનિએ ભાઈશ્રી જૈનોમાં વિપશ્યના પદ્ધતિનો પ્રચાર બહુ કર્યો છે. એટલે જૈનો વધારે આકર્ષાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો બહુ જોખમની લાઈન છે. .. કરવામાં ઉતરી જવું, લોકો તો વાહ વાહ કરશે પુણ્યનો યોગ હશે તો. એ પણ પુણ્યનો યોગ હશે તો લોકો વાહ વાહ કરશે. પણ પછી પરિસ્થિતિ શું થાશે? એ વિચારવા જેવું છે. એની વાહ વાહ તારી નહિ દ્યે. એની વાહ વાહ, લોકોની વાહ વાહ સંસાર પરિભ્રમણ નહિ મુકાવે કે લોકોની વાહ વાહ પાછળ કોઈ પ્રવૃત્તિ થાય. કૃપાળુદેવે તો કેવા શબ્દો લીધા છે. જગતને રૂડું દેખાડવા જીવે અનંત વાર પ્રયત્ન કર્યો પણ તેથી આત્માનું રૂડું થયું નથી. અને આત્માર્થી છે તે નિંદા પ્રશંસા અર્થે પ્રવૃત્તિ કરે નહિ. આમ કરવાથી

મારી નિંદા થશે, આમ કરીશ તો મારી પ્રશંસા થશે એવા લક્ષે આત્માર્થી પ્રવૃત્તિ ન કરે. જ્ઞાનીની વાત તો પછી છે. આત્માર્થી હોય એ પ્રવૃત્તિ ન કરે. પણ જે સત્ય હોય, જે યથાર્થ હોય એ કરે. અને તેમ કરતા ગમે તે પરિણામ આવે તો આવો એની સાથે અમારે કાંઈ સંબંધ નથી. એમ લેવું.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીએ કીધુંને સત્‌ને માટે આખું જગત વેચાઈ જાવ તો વેચાઈ જાવ.

પૂજ્ય ભાઈશ્રી :- વેચાઈ જાવ તો વેચાઈ જાવ. સત્‌ને માટે આખું જગત વેચી નાખવું હોય તો વેચી નાખો, આત્માને જતો કરાય નહિ.

શું કહે છે? '**સમજવા માટે પહેલું-પછી આવે, પણ યથાર્થ પ્રગટે તેમાં બંને સાથે આવે છે.**' કેવો સરસ જવાબ આપ્યો છે! સમજવા માટે પહેલું-પછી લ્યો આપણે તો પહેલા નિરપેક્ષપણું લ્યો, પછી સાપેક્ષપણું લ્યો. કેમકે આપણે સાપેક્ષપણાના બહાને દઢતા તો પર સાથે કરેલી જ છે. આનાથી આમ અને આનાથી આમ. 'અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.' એમ લેવું જોઈએ. એમાં નિરપેક્ષતાની મુખ્યતા છે. '**પણ યથાર્થ પ્રગટે તેમાં બંને સાથે આવે છે.**' એટલે જ્ઞાન એ બંનેનું બરાબર હોય છે.

'**જે યથાર્થ નિરપેક્ષપણું સમજે તેની સાથે સાપેક્ષપણું હોય જ છે.**' નહિતર સાંખ્યનો મત થાય, સમ્યગ્દર્શનનો વિષય લ્યો તોપણ. બીજા વિષય તો એનાથી હેઠ છે, પણ સમ્યગ્દર્શનનો વિષય સર્વોત્કૃષ્ટ છે તોપણ જો સાથે સાપેક્ષપણું ન આવે તો તેમાં યથાર્થતા રહે નહિ, સાંખ્યનો મત થઈ જાય. એટલે સમયસારની અંદર સમ્યગ્દર્શનનો વિષય સ્થાપિત કરતા-કરતા આચાર્યદેવે કોઈ કોઈ જગ્યાએ ઉલ્લેખ કર્યો છે કે આમાં આમ નહિ કરો તો સાંખ્યનો મત થઈ જશે. ખાસ કરીને ૨૦૩ કળશ, ૨૦૫ કળશમાં તો અમૃતચંદ્રાચાર્યે સ્પષ્ટ કર્યું છે.

'**એકલું નિરપેક્ષ પહેલાં સમજાવીને પછી સાપેક્ષ...**' પાછું એમ ન કીધું એકલું સાપેક્ષ સમજાવીને નિરપેક્ષ સમજાવે એ વ્યવહારની રીત છે એમ ન કીધું. '**એકલું નિરપેક્ષ પહેલાં સમજાવીને પછી સાપેક્ષ સમજાવે તે તો વ્યવહારની એક રીત છે.**' પણ એમાં પહેલું એકલું નિરપેક્ષ લીધું વ્યવહારની રીતમાં પણ. '**અનાદિકાળથી તેં સ્વરૂપ તરફ દૃષ્ટિ કરી નથી,...**' અનાદિકાળથી તેં સ્વરૂપ તરફ દૃષ્ટિ કરી નથી. '**માટે દ્રવ્યદૃષ્ટિ કર, પહેલાં નિરપેક્ષ દ્રવ્યને ઓળખ.**' પહેલા નિરપેક્ષની વાત છે. આખા જગતમાં સમજવાની પદ્ધતિ સાપેક્ષવાદપૂર્વકની છે. કેમકે લોકો તો નિરપેક્ષપણું સમજ્યા જ નથી. સાપેક્ષપણું જ લોકો સમજે છે. એટલે વૈજ્ઞાનિકોથી માંડીને ધર્મના નેતાઓ

બધાય થિયરી ઑફ રિલેટિવિટી ઉપર જાય છે. જૈન દર્શનનું મૂળ થિયરી ઑફ નોન-રિલેટવિટીમાંથી શરૂ થાય છે. કેમકે એ નોન-રિલેટિવ થઈ જવાનો છે સિદ્ધપદમાં. મૂળ સ્વરૂપે કેવળ અસંગતત્ત્વ છે. મૂળ સ્વરૂપે કેવળ અસંગ ચૈતન્ય છે એ કેવળદશામાં કેવળ સિદ્ધ થઈ જશે ત્યારે નોન-રિલેટિવ કહે છે. એટલે એનું મૂળિયું નોન-રિલેટિવિટીમાં છે અને આખું જગત રિલેટિવિટી ઉપર રાગ-દ્વેષ કરે છે કે તું મારો બાપ. તો તારી આ ફરજ છે. ઓલો કહે તું મારો દીકરો. તો કહે તારી આ ફરજ છે. બંનેના રિલેશન આ છે. એમાંથી ફરજ અને એમાંથી રાગ-દ્વેષ ઊભા થયા વિના રહે નહિ. આખું જગત રિલેટિવિટી અને એમાંથી ઉત્પન્ન થયેલા રાગ-દ્વેષ ઉપર આખો સંસાર ચાલે છે. એ સંસારનો નાશ નોન-રિલેટિવિટીના બળથી થાય છે. આખી વાત જુદી રીતે આવે છે.

એટલે એમણે એમ લીધું છે કે '**અનાદિકાળથી તેં સ્વરૂપ તરફ દૃષ્ટિ કરી નથી, માટે દ્રવ્યદૃષ્ટિ કર, પહેલાં નિરપેક્ષ દ્રવ્યને ઓળખ.**' પહેલા નિરપેક્ષ દ્રવ્યને ઓળખ. એકલો નિરાલંબ નિરપેક્ષ છું, કેવળ અસંગ ચૈતન્ય અને સાવ નિર્લેપ છું. જો એમ છો કે નહિ? જો અંદર. એમ છો કે નહિ? એમ પહેલા જો. કેમકે સાપેક્ષતાથી તું ઘેરાયેલો છો. દુનિયાભરના સંબંધો લઈને બેઠો છો. આટલા આટલા સગાવ્હાલા, આટલા આટલા મિત્રો. પછી ભાવનગરમાં રહેતો હોય તો ભાવનગરવાળો. યુનિવર્સિટી ભાવનગરમાં થવી જોઈએ, રાજકોટમાં નહિ. પછી ભાવનગરવાળામાંથી હું ગુજરાતવાળો. મોટામાં મોટો પ્રોજેક્ટ મહારાષ્ટ્રમાં ન થવો જોઈએ, ગુજરાતમાં થવો જોઈએ. પછી ગુજરાતવાળામાંથી હું હિન્દુસ્તાનવાળો. હું પાકિસ્તાનવાળો નહિ. એ આવવાનું જ તે. એટલે કેટલા બધા સાપેક્ષતાને લઈને સાપેક્ષતા ધરબાવી રાખી છે અને એના આધારે કેટલા હદ સુધી રાગ-દ્વેષ કરે છે! 'કિ સિર જાવે તો જાવે લેકિન આઝાદી નહીં જાવે.' ત્યાં સુધીની એની તૈયારી છે. માથું મૂકવાની એ લોકોની તૈયારી છે. જેટલા રાગ-દ્વેષ એની સામે નિરપેક્ષ પહેલા લેવડાવ્યું. નિરપેક્ષ દ્રવ્યને ઓળખ્યું નથી. એને પહેલા ઓળખ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! શુદ્ધનય કે વિષયકા જો આત્મા હૈ વહ અવલંબનકા વિષય હૈ. વહ અવલંબન લેને લાયક હૈ. તો યહ જો નિરપેક્ષ જો હૈ નિરપેક્ષ મેં સાપેક્ષતા ઓટોમેટિકલી આ જાતા હૈ. ઈસલિયે અવલંબન કા વિષય નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાપેક્ષતા જ્ઞાન કરનેકા વિષય હૈ. નિરપેક્ષ દ્રવ્ય અવલંબનકા વિષય હૈ. ઔર હમારા અવલંબન ઉલટા ચલ રહા હૈ, ઈસલિયે હમકો નિરપેક્ષતાકા જ્ઞાન હી નહીં રહા. જ્ઞાન ભી નહીં રહા. યહ બાત હો ગયી હૈ.

મુમુક્ષુ :- તો ઐસે લિયા જા સકતા હૈ કિ શુદ્ધનયકે વિષયભૂત જો આત્મા હૈ વહી નિરપેક્ષ આત્મા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વહી અવલંબનકા વિષય હૈ. ઈસલિયે ઉસકો પહલા માને મુખ્ય કર. એને પહેલું સમજ એટલે એને મુખ્ય કર.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગુરુદેવના પ્રવચનમાં બહુ આવતું હતુંને કે જ્ઞેય સામે છે એટલે જ્ઞાન જાણે છે એમ નથી. જ્ઞાન સ્વતંત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ નહિ. જ્ઞાનની નિરપેક્ષતા છે. એ તો બધું એ તો ઉત્પાદમાં ઉત્પાદની નિરપેક્ષતા, વ્યયમાં વ્યયની નિરપેક્ષતા, ધ્રુવમાં ધ્રુવની નિરપેક્ષતા લેતા હતા. આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ઉપરથી પ્રશ્ન ચાલ્યો છે. પ્રવચનસારમાં ચાલેલું છે. આના ઉપર વિવાદ છે મોટો. અત્યારે સોનગઢમાં જ વિવાદ છે.

'**નિરપેક્ષ દ્રવ્યને ઓળખવાની સાથે સાપેક્ષ શું છે તે તેમાં આવી જ જાય છે. એકલું નિરપેક્ષ આવે તો તે યથાર્થ નથી,...**' ઓલું જ્ઞાન છૂટી જાય તો સાંખ્યનો મત થઈ જાય. કેમકે તો પછી સંસાર જ નથી એમ માનીને અત્યારે પૂર્ણ શુદ્ધ અવસ્થાએ પણ માની બેસ. '**સમજવામાં બંને સાથે છે, એકલું નિરપેક્ષ એકાંત થઈ જાય છે.**' એકાંત થાય એટલે અન્યમત થઈ જાય છે. સમજવામાં સાથે છે, અવલંબનમાં સાથે નથી. સમજવામાં સાથે છે. કેમકે અહીંયા અવલંબનનો પ્રશ્ન નથી એટલે એમણે એ ચર્ચા નથી કરી. પણ યથાર્થ ક્યારે થાય? કે તમારા અવલંબનનો દૃષ્ટિકોણ સાથે સાથે હોય ત્યારે. નહિતર સમજણ યથાર્થ ન થાય. અવલંબન કોનું લેવાનું છે? સાપેક્ષનું? પર્યાય સાપેક્ષ દ્રવ્યનું? કે પર્યાય નિરપેક્ષ દ્રવ્યનું? દ્રવ્ય-પર્યાય બે છે. અવલંબન કોનું લેવાનું છે? પર્યાય સાપેક્ષ દ્રવ્યનું કે પર્યાય નિરપેક્ષ દ્રવ્યનું? કે પર્યાય નિરપેક્ષ દ્રવ્યનું. અને શ્રદ્ધા કોઈ પર્યાયને વિષય કરતી નથી.

એ શ્રદ્ધા શું છે મૂળ? દંસણ મુલ્લો ધમ્મો. ધર્મનું મૂળ તો દર્શન છે. દંસણ શું છે? પર્યાય વિનાનું દ્રવ્ય. એ જો શ્રદ્ધાનો વિષય હોય તો બધું યથાર્થ છે. એવી શ્રદ્ધાપૂર્વક ઉઘડેલું જ્ઞાન તે જ્ઞાન સમ્યક્ છે. એમ લેવાય જ્ઞાનની સમ્યક્તા માટે. સોગાનીજીએ લીધું છે. દૃષ્ટિ સમ્યક્ થયા પછી ઉઘડેલું જ્ઞાન તે સમ્યક્ છે. એ પહેલા જ્ઞાન યથાર્થ હોઈ શકે પણ સમ્યક્ ન હોઈ શકે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, લઈ લઈએ. દ્રવ્યદૃષ્ટિપૂર્વક ઉઘડેલું જ્ઞાન અથવા પર્યાય નિરપેક્ષ દ્રવ્ય એની દૃષ્ટિ, એનું શ્રદ્ધાનપૂર્વક ઉઘડેલું જ્ઞાન તે સમ્યક્ છે. જ્ઞાનની સમ્યક્તાને લાગુ પડે છે. નહિતર ઓવરઓલ બહુ વિશાળ વિષય છે. આ તો જ્ઞાનની સમ્યક્તાને

લાગુ પડે છે. એ સમ્યક્તાનો એક પાર્ટ છે. સમ્યક્તા ઓવરઓલ પણ સમજવી જોઈએ અને પાર્ટ એન્ડ પાર્શિયલ ક્યાં ક્યાં કામ કરે છે એ પણ સમજવી જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દ્રવ્યદૃષ્ટિપૂર્વક ઉઘડેલું જ્ઞાન અથવા પર્યાય નિરપેક્ષ દ્રવ્ય... પછી?

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય નિરપેક્ષ દ્રવ્યની શ્રદ્ધાપૂર્વક ઉઘડેલું જ્ઞાન તે જ્ઞાન સમ્યક્ છે.

મુમુક્ષુ :- અનુભવ જ્ઞાન હી સમ્યક્ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં.

પ્રશ્ન-૧૦૪

પ્રશ્ન :- જીવને રાગના પરિણામનો પરિચય છે અને જ્ઞાન આછું આછું ખ્યાલમાં આવે છે, તો આ સ્થિતિમાં આગળ કઈ રીતે વધવું તે અંગે માર્ગદર્શન આપવા કૃપા કરશોજી.

સમાધાન :- રાગનો પરિચય અનાદિથી છે ને જ્ઞાનનો પરિચય નથી, તો જ્ઞાનસ્વરૂપ આત્માનો પરિચય વધારે કરવો. જ્ઞાન આછું આછું ખ્યાલમાં આવે છે કારણ કે તેની દૃષ્ટિ બહાર છે; પણ જે જણાય છે તે જ્ઞાન જ છે. માટે જ્ઞાનને વિભાવથી છૂટું જાણીને એકલા જ્ઞાનને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો, તેનો પરિચય કરવો, તેનો વારંવાર અભ્યાસ કરવો, તેનો પરિચય વધારે કરવાથી, -તેની સમીપ જઈને ઓળખવાથી- તે પ્રગટ થાય છે. ભલે જ્ઞાન આછું દેખાય, પણ તે ચૈતન્યનું લક્ષણ છે, માટે લક્ષણથી લક્ષને ઓળખ. પર તરફ તેની દૃષ્ટિ જાય છે તેથી જાણે જ્ઞેયથી જ્ઞાન હોય તેવી ભ્રમણા થઈ ગઈ છે. તે ભ્રમણાને મૂકીને જે એકલું જ્ઞાન છે તે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો. જ્ઞાન ભલે આછું જણાય, પણ તે જ્ઞાન જ છે એવી રીતે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો, તેનો પરિચય કરવો, તેનો અભ્યાસ કરવો. રાગનો પરિચય છે તેને છોડીને જ્ઞાનનો પરિચય કરવો, જ્ઞાતાનો પરિચય કરવો અને વારંવાર તેનો અભ્યાસ કરવો તે તેનો ઉપાય છે. ૧૦૪.

તા. ૧૧-૦૧-૧૯૯૭, પ્રશ્ન-૧૦૪
પ્રવચન નં. ૬૬

૧૦૪. '**પ્રશ્ન :- જીવને રાગના પરિણામનો પરિચય છે અને જ્ઞાન આછું આછું ખ્યાલમાં આવે છે, તો આ સ્થિતિમાં આગળ કઈ રીતે વધવું તે અંગે માર્ગદર્શન આપવા કૃપા કરશોજી.**' રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન કરવાની ચર્ચા ચાલતી હતી. તો કહે છે, રાગનો તો પરિચય છે. અનેક પ્રકારના રાગનો પરિચય છે. જ્ઞાનનો એટલો પરિચય નથી. ત્યારે શું કરવું? એવી ભૂમિકામાં શું કરવું? કેવી રીતે આગળ વધવું?

'**સમાધાન :- રાગનો પરિચય અનાદિથી છે ને જ્ઞાનનો પરિચય નથી,...**' એ વાત બરાબર છે કે જીવને રાગનો, વિભાવનો પરિચય ઘણો છે. એવો કોઈ જ્ઞાનનો પરિચય તો નથી. '**તો જ્ઞાનસ્વરૂપ આત્માનો પરિચય વધારે કરવો.**' પરિચય નથી એટલે પરિચય નથી કરી શકાતો એમ તો નથી. જેમ બે વ્યક્તિ હોય. એકનો પરિચય હોય અને એકનો પરિચય ન હોય. કોઈ એમ કહે કે ભાઈ, પરિચય કરવા જેવી વ્યક્તિ છે. તો પરિચય કરી શકાય છે, પરિચય વધારી શકાય છે. હવે '**જ્ઞાન આછું આછું ખ્યાલમાં આવે છે કારણ કે તેની દૃષ્ટિ બહાર છે;...**' બાહ્ય દૃષ્ટિ હોવાને લીધે, બાહ્યદૃષ્ટિપણું છે એટલે જ્ઞાનનો ખ્યાલ નથી આવતો. આ પણ કારણ આપ્યું કે તારી વર્તમાન સ્થિતિમાં જ્ઞાનનો પરિચય નથી એનું કારણ કે તારી દૃષ્ટિ બહાર છે.

મુમુક્ષુ :- જ્ઞાનસ્વરૂપ આત્મા કહીને વિવેક કરવા માટે.. જ્ઞાનસ્વરૂપ આત્માનો પરિચય કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. તારે પરિચય નથી તો પરિચય તારે કરવો જોઈએ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનો જ્ઞાન દ્વારા તારે પરિચય કરવો જોઈએ. અત્યાર સુધી નથી કર્યો એનું કારણ કે બાહ્યદૃષ્ટિપણું રહ્યું છે, દૃષ્ટિ બહાર છે.

'**પણ જે જણાય છે તે જ્ઞાન જ છે.**' જે કાંઈ જણાય છે, જેમાં જણાય છે એમાં જ્ઞાન જ છે. જ્ઞાનની તો મુખ્યતા છે. જ્ઞાન ન હોય તો બધું અંધારું. એના જેવું છે. '**માટે જ્ઞાનને વિભાવથી છૂટું જાણીને એકલા જ્ઞાનને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો, તેનો પરિચય કરવો,...**' બાહ્યદૃષ્ટિને કારણે જ્ઞાનને ચુકી જવાય છે. જ્ઞાન હોવા છતાં પણ જ્ઞેય સાથે ભળી ગયેલું જણાય છે. એકલું જ્ઞાન, છૂટું જ્ઞાન

જણાતું નથી. અહીંયાં એવી સૂચના છે, એવું માર્ગદર્શન છે અથવા એવી આજ્ઞા છે કે જ્ઞાનને વિભાવથી છૂટું કરીને, છૂટું જાણીને એટલે કે એકલું જ્ઞાન... છૂટું જાણીને એટલે શું? એકલું જ્ઞાન કહો, માત્ર જ્ઞાન કહો, એ રીતે જ્ઞાનને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. જ્ઞાનને જાણવાનો નહિ પણ જ્ઞાનને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. આટલામાં પરમાર્થ આવે છે. આટલા એક વચનમાં પરમાર્થ સમાયેલો છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જાનનેમેં ઔર ગ્રહણ કરનેમેં ફર્ક ક્યા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- ગ્રહણ કરવામાં પોતારૂપે ગ્રહણ થાય છે.

મુમુક્ષુ :- ઈન્વોલ્વમેન્ટ થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગ્રહણ કરવામાં પોતારૂપે ગ્રહણ થાય છે. એકલું જ્ઞાન છૂટું પાડીને માત્ર જાણવું એમ નહિ, સ્વપણે એને ગ્રહણ કરવું. મારું રૂપ આવું, મારું સ્વરૂપ આવું છે. એમ. અરીસામાં પ્રતિબિંબ જોવે છે ચહેરાનું તો થર્ડ પર્સનને જોવે છે? મારું રૂપ આવું છે એમ જોવે છે. મારાપણે જોવે છે કે નહિ? એમ જ્ઞાનને પોતારૂપે જોવું. પોતારૂપે જોવું એમ કહો કે ગ્રહણ કરવું એમ કહો એક વાત છે.

મુમુક્ષુ :- ફિલિંગ તો ભાઈશ્રી ગ્રહણ કરનેકે પ્રયાસમેં આતા હૈ ન? ફિલિંગ કા જો સ્ટેજ હૈ યા જો ભી ઉસકા રસ લેનેકા જો પ્રકાર હૈ વહ જિતના ગ્રહણ કરનેકા પ્રકાર હૈ વહ રસ લેનેકા પ્રકાર હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે કે ગ્રહણ છે એ વેદનથી થાય છે. ગ્રહણ થવામાં જ્ઞાનવેદનની પ્રધાનતા છે. જ્ઞાનની પર્યાય દ્વારા એકલા જ્ઞાનને છૂટું પાડીને માત્ર જ્ઞાનપણે વેદનથી એને ગ્રહણ કરવું. કેમકે હયાતી છે, મોજૂદગી છે એ વેદનથી જ પકડાય, બીજી રીતે પકડાય નહિ. એટલે એમ કહેવા માગે છે કે વિચારમાં જ્ઞાનને લઈને આવું જ્ઞાન, આવો હું એવી રીતે ન જાવું. વિચારમાં આમ કલ્પના કરીને માત્ર જ્ઞાન છું, હું એટલે હું છું, માટે જ્ઞાન છે તે હું છું એમ કલ્પનામાં નહિ જાવું.

મુમુક્ષુ :- એમાં થર્ડ પર્સન થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિચારજ્ઞાનમાં માત્ર જ્ઞાન તે હું છું એવો જે વિચાર આવે એ વિચાર બરાબર લાગે તોપણ એ પ્રેક્ટિકલ સાઈડ નથી. અને વિચારની ભૂમિકામાં વિચાર બરાબર હોય તોપણ જે વેદનથી ગ્રહણ કરવાની ચીજ છે એને માત્ર વિચારની ભૂમિકામાં રાખવી એ પોતે પોતાથી દૂર રહેવા બરાબર છે. એ પોતે પોતાથી દૂર રહેવા બરાબર છે. અથવા એવા પ્રકારના ભાવમાં વિકલ્પની પ્રધાનતા હોવાથી, રાગની પ્રધાનતા હોવાથી રાગ પોતે ત્યાં અંતરાય કરે છે. પોતાને ગ્રહણ કરવામાં રાગનો અંતરાય છે એને. રાગ અંતરાયરૂપ થાય છે. એટલે માત્ર વિચારવામાં

રોકાવાથી કોઈ ફાયદો નથી.

કેટલાક જીવો તો એ વિચારમાં નથી આવી શકતા. એને તો ગ્રહણ થવાનો કોઈ અવકાશ નથી. પણ જે વિચારમાં આવેલા છે, આ વિચારમાં આવેલા છે કે હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું. હું રાગાદિ સ્વરૂપ નથી, હું દેહાદિ સ્વરૂપ નથી, સ્ત્રી, પુત્રાદિ કોઈ મારા નથી એવા વિચારમાં આવેલા જીવને જો આત્માનું ગ્રહણ નથી થતું એનું કારણ શું? વિચાર તો બરાબર છે. તો કહે છે, હજી સ્ત્રી-પુત્રાદિમાં મારાપણું કરે છે, વેદે છે. કરે છે એટલે વેદે છે. દેહાદિમાં પોતાપણું અનુભવે છે. એ પક્કડ વધારે છે એટલે ઉપરછલ્લો આવો વિચાર પરલક્ષી ચાલે છે. એટલે એને રાગ કહેવાય છે એને જ્ઞાન નથી કહેવાતું. એને એવો વિકલ્પ કહેવાય છે, એને એવો રાગ કહેવાય છે, પણ એને જ્ઞાન નથી કહેવાતું. અહીં તો ચાલતા, પરિણમતા જ્ઞાનને પકડીને, છૂટું પાડીને, ચાલતા પરિણમતા જ્ઞાનને છૂટું પાડીને ગ્રહણ કરવું એટલે વેદનથી ગ્રહણ કરવું. તો એ સ્વપણે ગ્રહણ થાય.

મુમુક્ષુ :- ઉસકા અસ્તિત્વ હૈ ઉસકે અસ્તિત્વ કો પકડના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, તો વો અસ્તિત્વમેં વેદન હૈ યહાંસે વહ પકડા જાતા હૈ, વરના વિકલ્પ તર્ક ચલતા હૈ. દો પરિણમનમેં બહુત અંતર હૈ.

મુમુક્ષુ :- વેદન હૈ, જો અધ્યાસિત વેદન ભી હો રહા હૈ વહાં ભી વેદન તો હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વેદન તો હૈ. વેદન બિનાકા જીવ હૈ હી નહીં. ક્યોંકિ વહ તો ઈસકા સ્વરૂપ હૈ. વહ નાશ હો જાયે. જો વેદન નહીં હોવે તો ઉસકા નાશ હો જાયે.

મુમુક્ષુ :- ઉસી વેદનકો માઈન્યુટલી દેખના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, માઈન્યુટલી માને અલગ કરકે. ક્યા હૈ, અધ્યાસિતમેં મિશ્રભાવ હૈ, મિશ્રપનેકા અનુભવ હૈ. લેકિન મિશ્ર હો નહીં સકતા, મિક્ષચર હો નહીં સકતા. એક દૂસરેમેં એક દૂસરેકા અભાવ રહતા હૈ. ફિર ભી એકદૂસરે મેં એકદૂસરે હૈં ઐસા જો અનુભવ હૈ વહ મિથ્યા અનુભવ હૈ. ઈસલિયે ઉસકો અધ્યાસ કહતે હૈં, મિથ્યા અનુભવ કહતે હૈં.

અહીંયાં તો જ્ઞાનને છૂટું પાડીને ગ્રહણ કરવાની વાત છે. એવી આજ્ઞા છે, એવું માર્ગદર્શન છે. એ ક્યારે થાય? કે બીજે બધેથી રસ ઊડી ગયો હોય ત્યારે. બીજે રસ પડે.. ભલે બીજે ક્યાંય નહિ તો અપ્રયોજનભૂતમાં રસ પડે તોપણ આ કામ કઠણ થાય. કેમકે અપ્રયોજનભૂત વિષયમાં પણ રસ જીવને પરરુચિને કારણે છે. એટલી પરરુચિ પણ આમાં નડે, પરરુચિ આમાં નડે. એવું થાય.

મુમુક્ષુ :- મિથ્યા અનુભવ ચાલી રહ્યો છે એ મિથ્યા અનુભવથી પોતે જેટલો છૂટો પડે એટલું જ્ઞાન છૂટું પડ્યું અને એ જ એકલું જ્ઞાન છે. જે છૂટું પડેલું છે એ જ માત્ર જ્ઞાન છે. બાકી તો ઓલું અધ્યાસિત ભાવમાં જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાસિતમાં જાય છે. એટલે પહેલા જેટલું છૂટું પડે એનો અર્થ શું છે? કે એમાં અધ્યાસ મંદ પડે છે એટલું થાય છે. બાકી તો છૂટું પડે એટલે સાવ છૂટું જ પડે. એમાં અંશે છૂટું પડે, અંશે ન છૂટું પડે એમ નથી. અધ્યાસ એટલો મંદ થાય એટલું છૂટું પડવામાં સાનુકૂળતા થાય, છૂટું પડવાના પ્રયત્નમાં સાનુકૂળતા થાય. એ અધ્યાસ ક્યારે મંદ પડે? કે પરમાં પોતાપણું અને પરરસ, પરરુચિ મંદ પડે ત્યારે. ...

મુમુક્ષુ :- આપણે અરીસામાં વાળ ઓળીએ છીએ. મારે અનુભવમાં આવ્યું કે વાળ ઓળું છું. ભલે ક્ષણવાર માટે કે બે ક્ષણ માટે આ ચીજ ભૂલી જાઉં છું અને ઓલું જ સાચી માની લઉં છું. આમ ઠીક કર્યું, આમ ઠીક કર્યું કે જે કરીએ છીએ, તો એના જરાક વિસ્તૃત રૂપમાં અહીંયાં આ બધું જોઈએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે ત્યાં પણ પોતે ભૂલે છે પોતાને. સારું છે કે ચહેરા ઉપરનો ડાઘ અરીસામાં ઘસતો નથી. આ તો એવું કરે છે. આ કેવું કરે છે? ડાઘ અહીંયાં હોય અને અરીસો ઘસવા માંડે તો કેવડી મોટી ભૂલ થાય? એવડી ભૂલ કરે છે અહીંયાં. પરને ઠીક કરવામાં એવડી મોટી ભૂલ કરે છે. પરને જોતા પરને ઠીક કરવા લાગે છે. એ એવડી મોટી ભૂલ છે.

શું કહે છે? '**માટે જ્ઞાનને વિભાવથી છૂટું જાણીને...**' છે છૂટું. છૂટું છે એ તો છૂટું જ છે, ભળી ગયું નથી. એકલા જ્ઞાનને ગ્રહણ કરવાનો, '**એકલા જ્ઞાનને પોતાપણે ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો, તેનો પરિચય કરવો,...**' ભાવનો પરિચય વેદનથી થાય છે. જ્ઞાન છે એ એક ભાવ છે એનો પરિચય વેદનથી થાય છે, બીજી રીતે નથી થતો. કૃપાળુદેવે કહ્યું કે આત્માને જાણવા માટે એટલે કે ઓળખવા માટે આત્માના પરિચયી થવું. પરિચય વિના ઓળખાણ કોઈની થતી નથી. વગર પરિચયે કોઈ એમ કહે કે હું ઓળખું છું તો એ વાત યથાર્થ નથી. ઓછી સમજણની છે અથવા સમજણ વગરની છે. પરિચય વિના ઓળખાણ કદી કોઈની થાય નહિ. આત્માને ઓળખવા માટે આત્માના પરિચયી થવું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપણે જે વાત આવે છે કે ઉદ્દેશને ધારણ કરવો. એમાં ઉદ્દેશને ધારણ કરીને જોવું અથવા અવલોકન કરવું. એ વાતને આમાં...

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકન છે એ એનો પ્રોસેસ છે. અવલોકન છે ઈ એનો

પ્રોસેસ છે. ઉદ્દેશને ધારણ કરીને અવલોકન કરવું એ એનું પ્રિ-સ્ટેજ છે.

'તેનો વારંવાર અભ્યાસ કરવો,...' એટલે વારંવાર એનો પ્રયોગ કરવો. બહેનશ્રી પ્રયોગને વારંવાર કરવો એને અભ્યાસ કહે છે. અભ્યાસ એટલે અહીંયાં વાંચવું એમ નહિ. વાંચવાનો અહીંયાં વિષય નથી. અહીં તો અંદરના પરિણમનની વાત ચાલે છે. એટલે અહીંયાં અભ્યાસ કરવો એટલે વારંવાર પ્રયોગ કરવો. **'તેનો પરિચય વધારે કરવાથી,-તેની સમીપ જઈને ઓળખવાથી-તે પ્રગટ થાય છે.'** ઓળખવાની વાત આવે. એનો વધારે પરિચય કરવાથી, વધારે પરિચય કરવાનો અર્થ કે સમીપ જઈને ઓળખવાથી પ્રગટ થવાનો અવસર આવશે. આગળ જતા એ પ્રગટ થશે, અનુભવરૂપે પ્રગટ થશે.

મુમુક્ષુ :- સમીપ જઈને ઓળખવાથી એમાં વારંવારના પ્રયોગનો ટોન છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વારંવારનો પ્રયોગ થવો ઈ એની સમીપ જવાનું કારણ છે. એ શબ્દ વાપરે છે સમયસારની ૧૪મી ગાથાની ટીકામાં. કમળપત્ર છે. કમળપત્ર છે એને તમે દૂરથી જુઓ તો એ ચોવીસે કલાક પાણીમાં પડેલું છે. ચોવીસે કલાક પાણીમાં પડેલું છે અથવા તો ડૂબેલું હોય. સપાટી હોય અને થોડું અંદર હોય બે-ચાર ઈંચ. એ તો હલકું છે એટલે ઉપર રહે. તળિયે ન બેસે. દૂરથી જોવાથી એમ લાગે કે આ કમળનું પાંદડું પાણીમાં ડૂબેલું છે. પછી હાથમાં લઈને સમીપથી જોવાથી ખબર પડે કે આ તો કોરું છે, પાણીથી ભીંજાણું પણ નથી. કેમ? કે એનો સ્વભાવ અલિપ્ત રહેવાનો છે. પાણીથી અલિપ્ત રહેવાનો એનો સ્વભાવ છે. જેને કારણે એ ભીંજાતું નથી, કોરું જ રહે છે. અને એને ઉપાડો તો તમારી આંગળી પલળે, પણ વર્ષોથી ચોવીસે કલાક પાણીમાં રહેલું પાંદડું ભીંજાણું નથી. એક સેકન્ડમાં તમારી આંગળી ભીંજાય છે, પાંદડું ભીંજાતું નથી. એમ સ્વભાવની સમીપ જોવામાં આવે તો, સ્વભાવની સમીપ જઈને જોવામાં આવે તો સ્વભાવ રાગથી અને કર્મથી ભિન્ન જ રહે છે. અબદ્ધસ્પૃષ્ટ- નહિ બંધાયેલો, નહિ સ્પર્શાયેલો.

મુમુક્ષુ :- ભલે એના એક અંગમાં પ્રતિબિંબો ઝીલાય છે ચોવીસ કલાક, તોપણ અંતરંગ છે ઈ એમને એમ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ છે અથવા જ્યાં જ્ઞાનનું પરિણમન છે ત્યાં ચારિત્રગુણના વિભાવ એવો રાગનું પરિણમન છે. એક જ ક્ષેત્રમાં રાગ અને જ્ઞાન પરિણમે છે. બેના પ્રદેશો તો ભિન્ન-ભિન્ન નથી છતાં પણ રાગ રાગ છે અને જ્ઞાન જ્ઞાન છે. એવો એક અગુરુલઘુત્વ નામનો ગુણ છે કે એક ગુણની પર્યાય બીજા ગુણની પર્યાયરૂપે થાય નહિ. સ્વભાવિક હોય કે વિભાવિક હોય. સ્વભાવિક હોય કે વિભાવિક હોય,

એક ગુણની પર્યાય, બીજા ગુણની પર્યાયરૂપે થાય નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનનો એવો સ્વભાવ છે, જ્ઞાનનો એવો નિર્લેપ રહેવાનો સ્વભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્લેપ રહેવાનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- આપે તો જીભનો પણ દાખલો આપેલો કે કોરી કટ રહે છે, કેટલાય સ્વાદ લે છે તોપણ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગમે તેટલા સ્વાદ લે, જીભમાં સ્વાદને સંગ્રહ કરવાનો સ્વભાવ નથી. કોઈ સ્વાદને એ સંગ્રહ કરી લે (એવો સ્વભાવ નથી). ગમે એવો તીવ્ર હોય નહિ, મિનિટોની અંદર જીભ કોરી ને કોરી. એમ જ્ઞાનનો પણ અલિપ્ત રહેવાનો જ સ્વભાવ છે. ગમે એટલા સ્વાદને જાણે, ગમે એટલા સુખ-દુઃખને જાણે તોપણ અલિપ્ત રહેવાનો એનો સ્વભાવ છે. જીવ તો એમ સમજે છે કે સુખ-દુઃખ હું અનુભવું છું, પણ ખરેખર એ જાણે છે. એનામાં પ્રવેશ નથી. નરકમાં પીડા બહુ ભોગવી છે આપણા જીવે. અત્યારે કાંઈ છે? થોડીક પણ પીડા છે? અનંતી પીડા, અત્યારે કલ્પના ન કરી શકીએ એવી પીડા (ભોગવી છે), અત્યારે કાંઈ નથી આત્મામાં, સાવ કોરેકોરો છે નકોર. એવા અલિપ્ત તત્ત્વને, અસંગ તત્ત્વને તું સમીપ જઈને ગ્રહણ કર. સમીપ જઈને ઓળખ પહેલા કે મારું સ્વરૂપ આવું છે. પછી ઉપાધિ ક્યાંથી થવાની? જો તું તારા અલિપ્ત સ્વરૂપને સ્વીકાર કર તો તને ઉપાધિ શેની?

મુમુક્ષુ :- કાલે રાત્રે આવેલુંને, પ્રદેશે-પ્રદેશે અનંત સુખ પડ્યું છે. સમયે સમયે અનંતુ ભોગવાય તોપણ ખૂટે એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- તોપણ ખૂટે નહિ. અક્ષયપાત્ર છે. અનંત એટલે? બેહદ અનંત. જેની કોઈ સીમા નથી એટલું. અને પ્રતિસમય અનંતુ ભોગવાય તોપણ એટલું ને એટલું જ રહે, કાંઈ વધ-ઘટ થાય નહિ. એવું ચમત્કારિક ચૈતન્યતત્ત્વ છે. એવું ચમત્કારિક ચૈતન્યતત્ત્વ સૌની અંદરમાં બિરાજે છે, પોતે જ છે. એમ જાણીને કોઈએ દુઃખી થવાની જરૂર નથી.

શું કીધું? '**તેનો પરિચય વધારે કરવાથી,-તેની સમીપ જઈને ઓળખવાથી-તે પ્રગટ થાય છે. ભલે જ્ઞાન આછું દેખાય, પણ તે ચૈતન્યનું લક્ષણ છે, માટે લક્ષણથી લક્ષને ઓળખ.**' ભલે જ્ઞાન આછું દેખાય... એક દૃષ્ટાંત લઈએ. કોઈએ એમ કહ્યું કે ભાઈ, તારા ઘરમાં અઢળક દૌલત દાટેલી છે. પણ તું દિવસે ખોદતો નહિ. નહિતર લૂંટાઈ જઈશ. રાત્રે ખોદજે. પણ રાત્રે પ્રકાશ નહોતો. ઘરમાં અંધારું હતું. પ્રકાશ કરવાની પરિસ્થિતિ દરિદ્રતાને કારણે નહોતી. કાંઈ નહિ. જ્યાં એને કહેવામાં આવ્યું ત્યાં એણે અંધારે ખોદવાનું ચાલું કર્યું. એ જે દૌલત હતી એમાં તો સોનાના ચરુમાં

રત્નો ભરેલા હતા. રત્નો તો પ્રકાશવાના. થોડો પ્રકાશ દેખાણો. શું થયું? થોડો પ્રકાશ દેખાણો. એ વખતે લાગણી શું થઈ એ કહો? છે અહીંયાં છે... અહીંયાં છે... અહીંયાં છે... અહીંયાં છે... નક્કી છે અહીંયાં, અહીંયાં નક્કી છે. વિશ્વાસ અને ઉલ્લાસિત પરિણામો સાથેનો વિશ્વાસ અનુભવમાં આવે છે. શું લાગણી થઈ? વિશ્વાસ ઉલ્લાસિત પરિણામો સાથે ઉત્પન્ન થયો. તો તું એમ કહે છે કે જ્ઞાન આછું દેખાય છે એમાં તને આવી કોઈ લાગણી થાય છે? કે અરે..! મારું અનંતુ ચૈતન્ય, એનું કોઈ કિરણ અહીંયાં મોજૂદ છે. હવે પકડી પાડું એને. ત્યાંથી એને પકડી પાડું. એવો વિશ્વાસ અને ઉલ્લાસવાળી લાગણી ઉત્પન્ન થાય છે? કે મને આછું દેખાય છે, આછું દેખાય છે એમ કરીને રોવા માંડે છો? કોઈની સાથે વાત થાય છે કે રોતલનું આમાં કામ નથી, રોતલનું કામ નથી. ઉલ્લાસિત વીર્યવાન તત્ત્વ પામવાનો મુખ્ય અધિકારી છે. ૪૦મા આંકમાં આવ્યું. એમ જ્યારે તને બતાવવામાં આવે છે તારું સ્વરૂપ અને તું એમ કહે છે કે મને જ્ઞાન આછું-આછું જણાય છે. તો તને ઉલ્લાસ આવે છે એમાંથી કાંઈ? વિશ્વાસ આવે છે? ઉલ્લાસ આવે છે? ત્યાં જેમ લાગણી થાય છે, ભલે તેં રત્નો કોઈ દિ' જિંદગીમાં જોયા નથી, માની લે, રત્નો મળ્યા તો નથી પણ જોવાનો પણ તને અવસર મળ્યો નથી. જરાક પ્રકાશ દેખાણો તો લાગણી શું થઈ? ઉલ્લાસ આવ્યો અને વિશ્વાસ પણ આવ્યો. અરે! જીવ અડધો-અડધો થઈ જાય. એવો ઉલ્લાસ આવે કે અડધો-અડધો થઈ જાય. અમારે ગુજરાતી ઈડિયમ છે.

મુમુક્ષુ :- રાજી-રાજી થઈ જાય, અધીરો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- અધીરો થઈ જાય, અધીરો થઈ જાય. અધીરાપણું આવી જાય. જલ્દી મળી જાય મને, જલ્દી લઈ લઉં... જલ્દી લઈ લઉં... એનો ઉત્સાહ બહુ વર્તે. જેમ કોઈ છોકરો એની માંથી છૂટો પડી ગયો હોય. અને દૂરથી એની માં આવતી એને દેખાય. રોઈ રોઈને અડધો થઈ ગયો હોય. એની માં દેખાય અને એ રાજી થાય ત્યારે એમ કહેવાય કે જો એની માને જોઈને અડધો અડધો થઈ ગયો. અધીરો થઈ ગયો મળવા માટે. તો એને ઉત્સાહ પણ છે, ખુશીપણું છે અને જલ્દી મળવાનો ભાવ પણ છે. એવા બધા ભાવોના મિક્ષચરને ઈડિયમ બનાવ્યું કે અડધો-અડધો થઈ જાય છે. આપણે તો સમજીએ છીએ, ગુજરાતી ભાષા જાણતા હોય એ તો સમજે. બહુ ખુશીપણું થાયને? બહુ રાજી થાય તો એને એમ કહેવાય કે અડધો થઈ ગયો, અડધો-અડધો થઈ ગયો.

મુમુક્ષુ :- કહનેવાલેકે ઉપર વિશ્વાસ નહીં કિયા એકબાર ભી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો છે. તીર્થંકરની દિવ્યધ્વનિમાં એ બધી વાતો સાંભળીને

નહિતર તીર્થંકરની દિવ્યધ્વનિમાં એ બધી વાતો સાંભળી આવ્યો છે. પણ ત્યાં પણ એટલું પરલક્ષ કર્યું છે કે વાત સાંભળી, ન સાંભળી કરી છે. આપણે અમુક ડિસીપ્લનની વાતો ચાલે છે એમાં આ એક વાત ઉમેરવા જેવી છે. પહેલી કલમ આ રાખવા જેવી છે કે પરલક્ષ નહિ રાખવું. સમવસરણમાં જઈને ભટક્યો હોય તો એક પરલક્ષને કારણે. અને અહીંયાં પણ જો પરલક્ષ રહ્યું તો એક છાંટો પણ પડશે નહિ. અને અમુક ટાઈમે એનું વિપરિણામ આવશે. આ વાતનો એક છાંટો પણ નહિ પડે અને અમુક વખતે એનું વિપરિણામ આવશે એકદમ સ્થૂળપણે. એવી પરિસ્થિતિ આવશે. વિરુદ્ધ પરિણામ આવી જશે. માટે ક્વિક્લી પોતા માટે પોતાએ નક્કી કરવું કે મારે પરલક્ષ ન જોઈએ, મારે પરલક્ષ ન જોઈએ. હું આવ્યો છું મારું કરવા. આ રટણ ખસવું ન જોઈએ. હું આવ્યો છું મારું કરવા, હું મારું કરવા આવ્યો છું, હું મારું કરવા આવ્યો છું, હું મારું કરવા આવ્યો છું.

(કોઈ) ઓછું સમજતા હોય એમ દેખાય પણ જો પરલક્ષ ન હોય તો એનો ગુણ ગ્રહણ કરવા જેવો છે. એનો ગુણ ગ્રહણ કરવા જેવો છે. એ બહુ મોટી વાત છે. આ એક બહુ મોટો દુર્ગુણ છે જે મોટો નથી દેખાતો. આ એક મોટો દુર્ગુણ છે કે જે મોટો દેખાતો નથી અને જીવને હેરાન કરી મૂકે છે અથવા બહુ જ અનંત કાળે સાંપડતો એવા સુયોગને અયોગમાં ફેરવી નાખે છે. અનંત કાળે સજીવનમૂર્તિનો જે સંયોગ પ્રાપ્ત થાય એને અયોગમાં ફેરવી નાખે છે. તેને યોગ-અયોગ. ખરેખર તો એ પરલક્ષમાં બધા વિષય કષાય સમાઈ જાય છે. 'વિષય કષાય સહિત જે રહ્યા મતિના યોગ.' એ મતિ શબ્દ લીધો છે. કેમકે જ્ઞાન પરલક્ષ કરે છે. 'પરિણામની વિષમતા' આ પરિણામની બહુ મોટી વિષમતા છે. 'તેને યોગ-અયોગ'. એને સુયોગ છે એ અયોગ બરાબર થઈ જાય છે.

એક પારકી પંચાત્યો મળે અને પંચાતની વાત કરે ત્યારે એને એમ થાય કે આ ઝેરનો પ્યાલો મારી સામે ક્યાં આવ્યો? મને મારું કામ કરવા દો. ભાઈસાહેબ, હું તમને હાથ જોડું. આ વાત મારી પાસે રહેવા દ્યો, મને મારું કામ કરવા દ્યો, હું મારા કામ માટે આવ્યો છું. એમાં મને આ પોષાસે નહિ. લાખ વાતે પણ પોષાસે નહિ. એના બદલે જો જીવ રસ લ્યે, (તો) શું દશા થાય એની? એ તો એનું બગાડ્યા વગર રહેશે નહિ. જો જીવ રસ લેતો થયો, કુતૂહલવૃત્તિ થઈ (તો) પોતાનું બગાડ્યા વગર રહેશે નહિ.

આ એક બહુ જ ગંભીર મુદ્દો છે. અનંત કાળથી જીવને રખડાવનારો છે અને એ પરરુચિને કારણે એવું પરલક્ષ હોય છે. એ આત્મરુચિનો ઘાતક છે. એ આ

પ્રયોગે પણ ચડવા દેશે નહિ. સમીપ જાવું છે, એકલું જ્ઞાન છૂટું પાડીને સમીપ જાવું છે એ પ્રયોગ હાથમાં નહિ આવે અંદર. સૂઝશે જ નહિ કાંઈ અંદરમાં. કેમ કરવું? કેવી રીતે કરવું? કાંઈ નહિ સૂઝ પડે.

મુમુક્ષુ :- બધા શટર બંધ કરવા પડશે.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ બધાય. એક તો પોતાની શક્તિની યોગ્યતા નહિવત્ છે, એમાં આ દળાઈ જાય. પતી ગયું. ક્યાંથી કામ થવાનું? આ તો વિચાર શેમાંથી આવ્યો? '**ભલે જ્ઞાન આછું દેખાય,...**' એમ કહે છે. ભલે જ્ઞાન આછું દેખાય પણ તારી પાસે એનો ઉત્સાહ, એની હોંશ (આવે છે)? તો એ ચૈતન્યનું લક્ષણ છે. તારા જે અનંત ચૈતન્ય ચિહ્નથી તું હંમેશા-હંમેશા રહેલો છો એનું એ કિરણ છે.

મુમુક્ષુ :- આછાનું મતલબ કમ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આછા માને ધુંધલાપના. ભલે હી બાદલ હોવે લેકિન દિન હૈ ઐસા માલૂમ પડતા હૈ કિ નહીં? રાત હૈ ઐસા થોડા માલૂમ પડતા હૈ? કિ આછા પ્રકાશ ભી આતા હૈ. આછા માને કમ.

મુમુક્ષુ :- ગ્રહણ કેવી રીતે કરવું એની રીત બતાવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

'**ભલે જ્ઞાન આછું દેખાય, પણ તે ચૈતન્યનું લક્ષણ છે,...**' એ પ્રકાશ છે '**માટે લક્ષણથી લક્ષને ઓળખ.**' એટલે જેવો આખેઆખો છે એવો એને પરિચય કરીને ઓળખવાનો છે. '**પર તરફ તેની દૃષ્ટિ જાય છે તેથી જાણે જ્ઞેયથી જ્ઞાન હોય તેવી ભ્રમણા થઈ ગઈ છે.**' બાહ્ય દૃષ્ટિ હોવાને લીધે જ્ઞેય જણાય છે માટે જ્ઞાન છે એવું જ્ઞાન પરાધીન માની લીધું છે. એવો અનુભવ કરે છે પોતે કે જ્ઞેયને લઈને જ્ઞાન છે... જ્ઞેયને લઈને જ્ઞાન છે. જેમકે અત્યારે શાંતિ છે. કોઈ અવાજ કરે તો જાણે એ અવાજ મને અંદર મારામાં ડિસ્ટર્બ કરે છે એમ લાગે છે. છોકરાઓ કાંઈ અવાજ કરે તો જાણે કે એ મારામાં દખલ કરે છે એવું લાગે છે. એને લઈને મારું જ્ઞાન છે. એમ છે નહિ. એની દૃષ્ટિ બહાર છે. દૃષ્ટિ બહાર છે.

આમાં ઘણીવાર.. આપણે તો માઈક નથી રાખતા અને નાનો રૂમ છે અને ઓછા માણસ છે. ત્યાં તો આપણે માઈક રાખતા હતા. કોઈવાર કાંઈક દખલ ઊભી થઈ અને માઈક કામ ન કરે. પછી શું કરવું? કે કોન્સન્ટ્રેશન વધારવું. શું કરવું? ધ્યાન દેવાનું વધારવું. ધીમું સંભળાય તો ધ્યાન દેવાનું વધારવું. તો પ્રતિકૂળતા થઈ કે અનુકૂળતા થઈ? તને સગવડ મળી માઈકની એટલે તારું ધ્યાન ઓછું રહેતું હતું. એ સગવડ નહોતી, તારા માટે અગવડ હતી. બાહ્ય દૃષ્ટિવાળા માટે અગવડ હતી.

એટલે અગવડ છે એને સગવડમાં ફેરવી નાખવી. ધ્યાન વધારી દેવું. એ કહેતા, કાંઈ વાંધો નહિ, જરાક ધ્યાન વધારે દો.

મુમુક્ષુ :- જ્યાં સગવડ બહુ હોય ત્યાં શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- આમ બહુભાગ તો... અમારા જમાનામાં તો એવું હતું કે જે છોકરાને વધારે સગવડ મળેને એ ઠોઠીયો રહે. અને જેને માંડ માંડ પેન્સિલ મળેને એ સરસ મજાના અક્ષર કાઢીને સારી રીતે ભણે. એટલે સગવડ મળે એ ટાઈલા કરે. એવું છે આપણું. એટલે બહુ સગવડને ઈચ્છવી નહિ. બહુ સગવડને નહિ ઈચ્છવી એટલે અમસ્તોય અનુકૂળતા-પ્રતિકૂળતાનો પ્રોબ્લેમ છે એ પ્રશ્ન હળવો થઈ જશે.

'પર તરફ તેની દૃષ્ટિ જાય છે તેથી જાણે જ્ઞેયથી જ્ઞાન હોય તેવી ભ્રમણા થઈ ગઈ છે. તે ભ્રમણાને મૂકીને...' એ ભ્રમણાને મૂકીને, છોડી દઈને. **'જે એકલું જ્ઞાન છે તે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો.'** એકલું જ્ઞાન છે, માત્ર જ્ઞાન છે એને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો. શરત એ છે કે પરરસ બધા ઓછા કરી દેવા પડશે. નહિતર આ પ્રયોગ નહિ થઈ શકે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરલક્ષ સૌથી વધુ નુકસાન કરનારું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ મોટો દુશ્મન છે. આમ માણસ ક્રોધ કરે ત્યારે એમ લાગે કે આણે ઘણો કષાય કર્યો, પણ પરલક્ષ છે ઈ એનો છૂપો દુશ્મન છે એ ખબર પડતી નથી. જીવને ચારિત્રનો દોષ જલ્દી દેખાય છે, જ્ઞાન દર્શનનો દોષ દેખાતો નથી. અને પહેલો સુધારો જ્ઞાન દર્શનમાં કરવો પડે છે. એના બદલે પહેલો સુધારો ચારિત્રમાં કરવા જાય છે. આ ઊંધી લાઈન પકડે છે. ક્રમવિપર્યાસ. શું છે? ક્રમવિપર્યાસ તે નિષ્ફળતાનું કારણ છે.

મુમુક્ષુ :- જ્ઞેયથી જ્ઞાનમાં તો ડૂબેલો છે, જ્ઞેયથી જ્ઞાન છે એવા અનુભવમાં ડૂબેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘેરાઈ ગયો છે, ઘેરાઈ ગયો છે. ટ્રેન કે પ્લેન છૂટી જતું હોય અને મારમાર જાતો હોય. એમાં કોઈ રસ્તામાં સાદ પાડે સાવ નકામો માણસ, તો ઊભો રહે છે? દોડતો-દોડતો એમ કહે, અત્યારે નહિ... અત્યારે નહિ... અત્યારે નહિ હોં અત્યારે કાંઈ નહિ, મારે મોડું થાય છે. એવી સ્થિતિ સ્વલક્ષની હોવી જોઈએ કે મારી પાસે વખત છે નહિ અને મારે ઝડપથી મારું કામ કરવું છે. એમાં વચ્ચે કોઈ આવે તો કહે અત્યારે નહિ... અત્યારે નહિ. હમણા નહિ. ક્યારે? તો કહે એ હું કહીશ પછી. અત્યારે નહિ. એને મુદત પણ ન દે. એમ હોવું જોઈએ. એ ભૂલી જાય છે કે મારી પાસે વખત ઓછો છે અને મારે જલ્દી મારું કામ કરવાનું

છે. આ વાત જીવ ભૂલી જાય છે. પછી દોડે છે અને એમાં એ યોગને અયોગમાં ફેરવી નાખે છે.

'તે ભ્રમણાને મૂકીને જે એકલું જ્ઞાન છે તે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો. જ્ઞાન ભલે આછું જણાય, પણ તે જ્ઞાન જ છે એવી રીતે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો, તેનો પરિચય કરવો, તેનો અભ્યાસ કરવો.' આ જરા ઈમ્પોર્ટન્ટ વાત કરી છે. થોડું અધૂરું છે એ આવતીકાલના સ્વાધ્યાયમાં લઈશું.

તા. ૧૨-૦૧-૧૯૯૭, પ્રશ્ન-૧૦૪
પ્રવચન નં. ૬૭

બરાબર છે, પણ એનું કારણ એ છે કે પોતાની દૃષ્ટિ બહાર છે, બાહ્યદૃષ્ટિ છે. પણ જ્ઞાન અને વિભાવથી છૂટો પાડીને એકલા જ્ઞાનને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો, અવલોકનથી તેનો પરિચય કરવો અને એ પ્રકારનો અભ્યાસ રાખવો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એ જ્ઞાન આછું આછું ખ્યાલમાં આવે છે. તો આછું આછું ખ્યાલમાં આવે એ તો પછી એક અંશ પ્રગટ થયો કહેવાયને?

પૂજ્ય ભાઈશ્રી :- આછું આછું એટલે કે જ્ઞાન છે એ હું જાણું છું એ ખ્યાલમાં આવે છે, પણ રાગનો જેટલો પરિચય છે એટલો જ્ઞાનનો પરિચય નથી. એ વાત તો બરાબર છે. પૂછનારની વાત તો બરાબર છે. સમસ્યા એ છે કે કરવું શું? એમ કે પ્રયત્ન કરવો.. છૂટા પાડવાનો પ્રયત્ન કરવો. એ વાત જરૂર છે કે એવો પ્રયત્ન કરનારને જે પરરસના પરિણામ છે એમાં ફેર ન પડે તો એ પ્રયત્ન ચાલી ન શકે, એ પ્રયત્ન ઉત્પન્ન ન થઈ શકે. એટલે એ વાત અધ્યાર છે. પરથી રસમુક્ત થયા વિના, નિરસ થયા વિના આવો પ્રયત્ન ન થાય એ વાત અધ્યાર છે.

બીજી એક વાત કરી કે પરતરફની દૃષ્ટિને લીધે જ્ઞાન પણ જ્ઞેયથી હોય એવી ભ્રમણા છે. જ્ઞેયને લીધે જ્ઞાન છે. જે જે કાંઈ જાણવું બને છે એ જે તે પદાર્થ

જ્ઞાનમાં આવે છે ત્યારે એનું જાણવું બને છે. જ્ઞાન સામે પદાર્થ આવે છે ત્યારે તે પદાર્થનું જ્ઞાન થાય છે. ત્યારે ભ્રમણા એમ થાય છે કે મારા જ્ઞાનમાં પહેલા એ જ્ઞેય હતું, પછી બીજું જણાણું, પછી પાછું બીજું કાંઈ જણાણું, પછી બીજું કાંઈ જણાણું. તો એનું કારણ એમ છે કે જ્ઞાનનો ફેરફાર જ્ઞેયને લઈને થઈ રહ્યો છે. સામે જ્ઞેય જુદું-જુદું આવે છે, તો એ જ્ઞાન પણ જુદું-જુદું થાય છે. અને એક્ઝેટિવ બને છે. એટલે ભ્રમણા થાય છે. જ્ઞાનની સ્વતંત્રતા પોતાને માલૂમ પડેલી નહિ હોવાથી, જ્ઞાનની સ્વતંત્રતાથી પોતે અજાણ હોવાથી. જ્ઞાન પરતંત્ર હોય, જ્ઞેયથી જ્ઞાન થતું હોય એવી ભ્રમણા થાય છે.

જોકે પોતાને ભ્રમણા થાય છે એમ જ્ઞાની એને સમજાવે છે. એને પોતાને તો એમ ખરેખર લાગે છે. પોતાને ભ્રમણા છે એવી ખબર નથી. એને તો ખરેખર લાગે છે કે સામે, આંખની સામે લાલ રંગનો પદાર્થ આવે તો લાલ દેખાય છે, કાળા રંગનો પદાર્થ આવે તો કાળું દેખાય છે. સફેદ રંગનો પદાર્થ આવે તો સફેદ દેખાય છે. જેવું જ્ઞેય એવું જ્ઞાન થાય છે. માટે જ્ઞેયને કારણે જ્ઞેયથી જ્ઞાન થતું હોય એવી કલ્પના થાય છે, એવી ભ્રમણા થાય છે એમ જ્ઞાની કહે છે. એને તો સાચું જ લાગે છે. એને ભ્રમણા છે એને ભ્રમણાની ખબર નથી.

મુમુક્ષુ :- આછું આછું જ્ઞાનમાં આવે છે એ પણ કલ્પના થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પણ પોતાની સ્થિતિ જોઈને કહે છે કે જ્ઞાન જેવું કાંઈ છે તો ખરું. હું જાણું તો છું. હું કાંઈ નથી જાણતો એવું તો કાંઈ નથી. આ લાલ છે, આ કાળું છે, આ પીળું છે, આ ધોળું છે એમ ખબર તો પડે છે અને પ્રશ્ન પૂછે છે ત્યારે પણ કાંઈક જાણવાને હિસાબે તો પ્રશ્ન પૂછે છે. પણ એ વિષય પોતે સાંગોપાંગ સમજ્યો નથી. પોતાનું અજાણપણું છે એ વિષયમાં એ સ્વીકારે છે. ત્યારે જ્ઞાની કહે છે કે ભાઈ! તને આ રીતે એક તો ભ્રમણા થાય છે. તે ભ્રમણાને મૂકી દઈને, એ ભ્રમણાને એ ભ્રમણા છે એમ જાણીને (મૂકી દ્યે).

હવે એ ક્યારે જાણે? સાચું માન્યું હોય એ ભ્રમણા છે એમ કેમ જાણે? ત્યારે પહેલા તો એને કહેનારમાં વિશ્વાસ આવે કે આ કાંઈક મારી ભૂલ બતાવે છે તો મારે મારી ભૂલ તપાસવી રહી. માત્ર કહે છે તેથી માની લે તોપણ એ રીતે માનવું યોગ્ય નથી અથવા એ રીતે ભ્રમણા દૂર પણ ન થાય માની લ્યે તો. પણ સ્વીકારીને તપાસે કે ભ્રમણા છે કે સાચું છે? મારું જ્ઞાન પરતંત્ર છે કે મારું જ્ઞાન સ્વતંત્ર છે? એવું પહેલાં તપાસવું પડે એણે. તપાસવામાં જાય ત્યારે એને એમ ખ્યાલ આવે કે જ્ઞાન પોતાથી થઈ રહ્યું છે કે સામે જ્ઞેય છે એનાથી થઈ રહ્યું છે? કેવી રીતે

થઈ રહ્યું છે? હવે એમાં અનુભવને તપાસે તો જ ભ્રમણા છે એમ ખબર પડે.

અનુભવ શું છે? કે જ્ઞાનને ઉત્પન્ન થવા માટે જ્ઞેય કાંઈ કરતું નથી. જ્ઞેયની ઈચ્છા નથી, જ્ઞેયને ખબર નથી કે હું આને જ્ઞાન કરાવું. જ્ઞેયની કોઈ પ્રેરણા છે જ્ઞાન કરાવવાની? એને તો ખબર પણ નથી. એ તો એના રસ્તે, એના પરિણમનના રસ્તે ચાલી જતો પદાર્થ છે. જેમ કોઈ રસ્તા ઉપર વાહન પસાર થાય છે એને ખબર છે કે મને કોણ જોવે છે? એને તો ખબર નથી. એમ સ્વયં પરિણમતો પદાર્થ પોતાના રસ્તે પરિણમી રહ્યો છે એને ખબર નથી કે મને કોણ જોવે છે? હું કોના જ્ઞાનનું પ્રતિબિંબ છું? આખું વિશ્વ અનંત સિદ્ધો જે સર્વજ્ઞ અનંત સર્વજ્ઞો છે એના જ્ઞાનનું પ્રતિબિંબ થાય છે. વિશ્વને ક્યાં ખબર છે કે અનંત સિદ્ધો સિદ્ધાલયમાં છે? એટલે પોતાના અનુભવને તપાસે તો ખ્યાલ આવે કે જ્ઞેયોને તો કાંઈ ખબર નથી જ્ઞાન કરાવાની. એને ખબર પણ નથી તો એ મને જ્ઞાન કરાવે છે એ વાત કેવી રીતે થાય?

બીજું, મારું જ્ઞાન જે ઉત્પન્ન થાય છે એની ઉત્પત્તિ માટે કોઈની જરૂર હોય, કોઈ હોય તો ઉત્પન્ન થાય, કોઈ ન હોય તો ઉત્પન્ન થાય એવું તો દેખાતું નથી. હું પોતે બંધ કરી દેવા માંગે તો બંધ થાય એવું નથી. તો બીજો ચાલુ કરે અને બીજો બંધ કરે એ તો સવાલ પણ રહેતો નથી. માટે જ્ઞાન સ્વયં સ્વતંત્ર થઈ રહ્યું છે. જો એ સ્વયં અને સ્વતંત્ર થઈ રહ્યું હોય તો જ્ઞાન એકલું જ છે, કોઈના આધારે નથી, જ્ઞેયના આધારે નથી. તપાસે તો ખબર પડે એવું છે. અને ભૂલ તો તપાસણીથી જ જડે. ભૂલને ભૂલ તરીકે સમજવાનો એક જ ઉપાય છે કે તપાસી લ્યો ભૂલ છે કે નહિ? સરવાળા-બાદબાકી ગણિતમાં ભૂલ થાય છે એ તપાસીને જ એને દૂર કરવી પડે, બીજો તો એનો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એવી રીતે પણ મનમાં આવે કે મડદું જેમ આંખથી જોઈ શકતું નથી તો અત્યારે મારામાં જે ચૈતન્યતત્ત્વ અંદરમાં છે એને હિસાબે આંખ તો જોતી જ નથી, તો એ જોનાર તો માત્ર્યલો જ છે. એ જેને કહી શકાય કે ખાલી એક વિકલ્પ જેવું છે. કારણ કે અનુભવદશા તો એની અંદરમાં છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે જોનાર છે એ હું છું, પણ મારું જે જાણવું થાય છે એ પરને લઈને થાય છે એવો અનાદિનો અધ્યાસ અથવા ભ્રમણા ચાલી આવે છે. હવે કોઈ જ્ઞાનીપુરુષ એમ કહે છે કે ભાઈ! તું માને છે સાચું એ સાચું નથી, ભ્રમણા છે. તું માને છે સાચું તે સાચું નથી પણ ભ્રમણા છે. ત્યારે એ ભ્રમણા છે એમ કેમ ખબર પડે? કે તપાસે તો ખબર પડે. એટલે એ તપાસણીમાં જાય. તપાસણીમાં જાય તો ખ્યાલ આવે કે કહેનાર સાચા છે. પછી એને પ્રયત્ન

કરવો પડે. કેવી રીતે પ્રયત્ન કરવો પડે એ કહે છે.

'**તે ભ્રમણાને મૂકીને...**' એ ભ્રમણાને છોડી દઈને. એને ખ્યાલ આવ્યો કે કહેનાર સાચા છે અને મને ભ્રમણા થાય છે અને એ ભ્રમણાને કારણે હું દુઃખી પણ થાઉં છું. કેમકે મેં જોયું તેથી મને રાગ થયો. મને જણાયું તેથી મને દ્વેષ થયો, જણાયું તેથી મને વિકાર થયો એમ જે એને અનુભવ થાય છે એ અનુભવ જૂઠો છે, ભ્રમણાયુક્ત છે એમ ખ્યાલમાં આવ્યું કે ભૂલ તો મારી છે આમાં, સામા પદાર્થની ભૂલ નથી. હું ભ્રમણાથી કલ્પના કરું છું અને વિભાવમાં આવું છું અને દુઃખી થાઉં છું. ત્યારે આગળ આજ્ઞા કરી કે હવે તને જો ભમણાની ખબર પડી હોય તો એ ભ્રમણાને મૂકી દે તું. ભ્રમણાને મૂકીને તારે શું કરવાનું છે? કે '**જે એકલું જ્ઞાન છે તે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો.**' જે પુરુષાર્થ કરવાનો છે, પ્રયત્ન કરવાનો છે એ આ કરવાનો છે. અવલોકન થયા પછીની વાત છે. અવલોકનથી ભ્રમણા ન જણાઈ હોય ત્યાં સુધી તો અવલોકન ચાલુ રાખવું જોઈએ.

એટલે એમાં શું છે કે આગળ વધવું છેને. આમાં ક્યાં અમારે આગળ વધવું? આ સ્થિતિમાં કઈ રીતે આગળ વધવું? આ પ્રશ્ન છે. આગળ વધવા માટે બે વાત થઈ. એ વાતને જરા ડિસેક્શન કરીને જોઈ લઈએ. એક તો જ્ઞાનીપુરુષે એમ કહ્યું કે તારી આ ભૂલ છે. એક વિભાગ તો ભૂલનો છે. એ ભૂલ બરાબર માલૂમ પડીને સ્વીકાર થાય. કહેવામાત્રથી નહિ. કહેવામાત્રથી તો તપાસણીમાં ગયો. પછી બીજી આજ્ઞા થઈ કે જો તને એ ભ્રમણા છે એ ભ્રમણાને તારે છોડી દેવી. દુઃખનું કારણ છે તે છોડી દેવા હું તૈયાર છું. આગળ? તો કહે હવે પોઝિટિવ સાઈડ શરૂ થાય છે. અહીં સુધી નેગેટીવ સાઈડ છે. એનો બીજો વિભાગ એ છે કે હવે તારે એકલા જ્ઞાનને ગ્રહણ કરવાનું છે. માત્ર જ્ઞાન, એકલું જ્ઞાન કે જે જ્ઞાન છૂટું જ છે. ભ્રમણાથી તને ભેગું લાગ્યું હતું એ ખરેખર તો છૂટું જ છે. એ છૂટું છે, એકલું છે, એવું પણ જ્યાં સુધી તને માલૂમ ન પડે ત્યાં સુધી એનું પણ અવલોકન કર કે છૂટું છે કે નહિ? કારણ કે ભ્રમણાથી તને મિશ્રપણું લાગ્યું છે એ ભ્રમણા જણાશે તો જ્ઞાન છૂટું છે એ સ્વીકારતા તને વાર નહિ લાગે. છતાં પણ જ્યાં સુધી માલૂમ ન પડે ત્યાં સુધી એનું અવલોકન ચાલુ રાખ. અને સરવાળે એકલું જ્ઞાન છે, જે એકલું જ્ઞાન છે તે જ્ઞાનને ગ્રહણ કરવાનો, ગ્રહણ કરવાનો એટલે પોતાપણે એમાં હુંપણું કરવાનો વારંવાર પ્રયત્ન કરો, અહંબુદ્ધિ કરવી. જ્ઞાનથી પોતે પોતામાં અહંબુદ્ધિ કરવી. એ જાતનો પુરુષાર્થ પહેલા ચાલે.

શરૂઆતમાં જ્ઞાન ભલે આછું જણાય. એની શરૂઆત કરતા એવું છૂટું જ્ઞાન ન

પણ પકડાય. અહંબુદ્ધિ ન પણ થાય તો '**ભલે આછું જણાય, પણ તે જ્ઞાન જ છે...**' તે જ્ઞાન એકલું જ છે. '**એવી રીતે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો,...**' એ પ્રયત્ન ચાલુ રાખ, પુરુષાર્થ ચાલુ રાખવો.

અને '**તેનો પરિચય કરવો,...**' પરિચય કરવો એટલે શું? કે જ્ઞાનમાં અનુભવ શેનો થાય છે? અત્યાર સુધી તને એમ હતું કે જ્ઞાનમાં જ્ઞેયનો અનુભવ થાય છે એવી તારી ભ્રમણા હતી. મને ખાટું લાગ્યું, મને મીઠું લાગ્યું, મને સારું લાગ્યું અને મને ખરાબ લાગ્યું. આ જ્ઞાનમાં જ્ઞેયનો અનુભવ હતો. ભ્રમણા શા માટે જ્ઞાનીઓ કહી? કે જ્ઞાનમાં તો જ્ઞેય હતું નહિ. જ્યાં જ્ઞાનમાં જ્ઞેયની હાજરી જ નથી, ગેરહાજર છે (તો) તને અનુભવ ક્યાંથી થયો એનો? સામા પદાર્થને જાણી લેવાની જ્ઞાનની શક્તિ છે. પણ કોઈપણ પદાર્થને પોતામાં ગ્રહણ કરવાનો અવકાશ જ્ઞાનમાં નથી. અને તેથી તને જે સ્વાદ સારો લાગ્યો હોય એને તું રાખી પણ શકતો નથી. પહેલા તો તેં માની લીધું કે મેં સ્વાદને ગ્રહણ કરી લીધો કે દ્રાક્ષ બહુ સારી છે. પણ એ કાંઈ વસ્તુસ્થિતિ હતી નહી, એ તો કલ્પના હતી, ભ્રમણા હતી. એટલે એ સ્વાદને તું સંગ્રહી શકતો નથી. કલ્પનાથી થોડીવાર તને એમ લાગ્યું કે મારામાં આવ્યો. પણ આવ્યો નહોતો. ત્યાં એ વસ્તુ નથી એનો અનુભવ થાય છે અને રાખવા માગે તો રહેતો નથી. એટલે વિશ્વાસ આવે છે કહેનાર ઉપર. તપાસે તો વિશ્વાસ આવે છે કહેનાર ઉપર કે બરાબર છે.

હવે જ્યારે જ્ઞાનમાં જ્ઞેયનો પરિચય (કરતાં એમ જાણ્યું કે) એ ભ્રમણા છે અથવા જ્ઞાનમાં જ્ઞેયનો અનુભવ તે ભ્રમણા છે તો હવે જ્ઞાનને એકલું જોતાં, એકલું જોવાનો પ્રયાસ કરતા હવે મને મારા જ્ઞાનમાં શેનો અનુભવ થાય છે? એ જ્ઞાનમાં જ્ઞાનના અનુભવને અવલોકીને એનો પરિચય રાખવો, વારંવાર એનો પરિચય કરવો. આ એક જ પ્રોસેસ છે. જ્ઞાનને ગ્રહણ કરવાનો, ભિન્ન જ્ઞાનને ગ્રહણ કરવાનો આ એક જ પ્રોસેસ છે. જ્યાં સુધી તને ન જણાય, એકલું જ્ઞાન, ભિન્ન જ્ઞાન, અલિપ્ત જ્ઞાન, અસંગ જ્ઞાન જ્યાં સુધી તને ન જણાય ત્યાં સુધી જરાક ધ્યાનથી જો, હજી જરાક ધ્યાનથી જો, હજી જરાક ધ્યાનથી જો. જો! એકલું જ છે એમ જ્ઞાની કહે છે. તને જરૂર માલૂમ પડશે કે કહે છે એ બરાબર છે. તો ભ્રમણા તને સાચી માલૂમ પડી તો બીજી વાત પણ તને સાચી માલૂમ પડશે. બસ, તારા અનુભવથી જો તને એ વાત જેમ જેમ સાચી માલૂમ પડતી જશે તેમ તેમ તને કહેનાર ઉપરનો વિશ્વાસ વધારે દૃઢ થશે કે કહેનાર સાચા છે.

બાંધણીમાં વાત ચાલી હતીને આપણે? એક ભાઈએ પૂછ્યું હું તો વૈષ્ણવ છું.

એક કહે છે કે આત્મા એક છે, બીજા કહે છે કે આત્મા અનેક છે.

મુમુક્ષુ :- સર્વવ્યાપક છે.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વવ્યાપક છે એટલે એક છે એટલે સર્વવ્યાપક છે. બધે એક જ વ્યાપી રહ્યો છે. એ રીતે તો આખી પેઢીઓની પેઢીઓ ભણી ગઈ. 'કાસ ચાસ નહિ પાસ પણ વિશ્વપતિનો વાસ.' 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે.' 'પણ એક તું એક તું એમ કહેવું.' એવું તો ઘણું ચાલ્યું છે. હું એક જ છું કે હું અનેક છું એ કેવી રીતે નક્કી કરવું? કહેનાર મોટા પુરુષો છે, એમની મોટી આબરૂ છે કહેનારની. બંનેની મોટી આબરૂ છે. હવે એક છે-એમ કહેનાર એનો સંપ્રદાય પણ બહુ મોટો છે. એને પણ પૂજ્ય ગણીને પૂજે છે. અનેક છે એમ કહેનાર પણ મોટા પુરુષ છે. એને પણ ઘણો સમુદાય પૂજે છે. મારે શું કરવું? તારે અનુભવથી નક્કી કરવું. આ સિવાય નક્કી કરવાની બીજો કસોટીનો પત્થર નથી. કસોટીનો પત્થર અનુભવ જ છે અહીંયાં. એ સિવાય એને સત્ય-અસત્ય નક્કી થાય એવું નથી. આ કહે છે એ સત્ય કે આ કહે છે એ સત્ય? એ નક્કી થવું બહુ મુશ્કેલ છે. એવી વિચિત્ર પરિસ્થિતિમાં મુકાયેલા છે.

ભ્રમણા છે એ વિચિત્ર પરિસ્થિતિ છે, ભ્રમણા છે એ વિચિત્ર પરિસ્થિતિ છે. તમે કહો છો કે ઠંડી લાગતી નથી, પણ મને લાગે છે એનું શું કરવું? આમ થાયને? જ્ઞાની કહે કે ભાઈ તને નથી લાગતી, તને જણાય છે. પણ મને લાગે છે એનું શું? અનુભવ બોલે છે. તો કહે છે, તારો અનુભવ મિથ્યા છે. મિથ્યા છે કે સાચો એની તપાસણી કરવી જોઈએ અને અનુભવને વધારે ઊંડાણથી પકડવો જોઈએ.

એટલે (કહે છે કે) જ્ઞાનનો પરિચય કરવો. તને રાગનો પરિચય છે હવે તું જ્ઞાનનો પરિચય કર. જ્ઞાન આછું ખ્યાલમાં આવે છે એનું કારણ શું છે? કે તેં એનો પરિચય કર્યો નથી. બીજું, પરિચય કરવાથી એનું રિઝલ્ટ—એનું ફળ—એનું પરિણામ બહુ સારું આવે છે કે તમે જેનો પરિચય કરો એનો સ્વભાવ તમને જણાય. જેનો પરિચય કરો એનો સ્વભાવ તમને જણાય. વ્યક્તિનો પરિચય કરો તો વ્યક્તિનો સ્વભાવ જણાય. દાખલા તરીકે આપણે ત્યાં લગ્ન થાય છે એ પહેલા પરિચય એટલો નથી હોતો સામાન્યપણે. અથવા હોય તોપણ જે પર્યાપ્ત માત્રામાં હોય એટલો નથી હોતો. પછી જ ખબર પડે છે કે કોણ કેવું છે? એનું કારણ શું? પરિચય નથી. ઘણા વખતથી સાથે રહીએ છીએ તો ખ્યાલ આવે છે, પરિચયથી ખ્યાલ આવે છે કે આ આમ છે, આ આવો છે અને આ આવી છે. પરિચય વગર સ્વભાવનો ખ્યાલ ન આવે. વ્યક્તિમાં એમ છે અને પદાર્થમાં એમ છે. જડ પદાર્થમાં પણ એવું છે.

કાપડના વેપારીને કાપડની પરખ હોય. કેમકે એને એ વિષયનો પરિચય છે. સોનાના વેપારીને સોનાના પરિચયથી ઓળખાણ હોય. કેમકે એ કસોટી ઉપર રોજ ઘસીને એનો વારંવાર પ્રયોગ કરે છે. હીરાના પરિચયીને હીરાની ખબર હોય. અમુક વસ્તુમાં તો જ્ઞાન કેટલું બધું ચમત્કારિક રીતે કામ કરે છે.

આ ચા છેને ચા? ચાની પરખ કરવાની હોય. બહુ પરખનો વિષય છે. કેટલી જાતની ચા આવે છે ખબર છે? હજારો જાતની. કેટલી? સેંકડો જાતની નહિ હોં! હજારો જાતની. અને અત્યારે તો બ્લેન્ડિંગ થઈ ગયા પછી વાત તો મૂકી દ્યો, એટલી બધી જાતો એની થઈ ગઈ છે. અમારો એક ડિપાર્ટમેન્ટ હતો ચાનો બિઝનેસનો. તો એના જે પરખ કરવાવાળા હતા એણે જિંદગીમાં ચા પીધેલી નહિ. એ ચા પીતા પણ નહિ. કલકત્તાથી, કોચીનથી બે જગ્યાએથી ચા મંગાવે. અને બે મોટા માર્કેટ, ઈન્ડિયામાં સેલિંગ માર્કેટ બે મોટા પીઠા, વેચાણના પીઠા બે છે એક કલકત્તા અને કોચીન. ત્યાંથી સેમ્પલો આવે એના એજન્ટના. હું એને પૂછતો, અમારે ચર્ચા થતી. મેં કીધું, તમે ચાને સ્વાદથી જુઓ છો? તો કહે ના. મેં ચા કોઈ દિ' પીધી જ નથી. હું પીતો પણ નથી અને પીવાનો પણ નથી. ૭૦ વર્ષની મારી ઉંમર ચાલે છે. ૭૦ વર્ષમાં મેં ચા પીધી નથી અને હવે હું ચા પીવાનો પણ નથી. ચાના વેપારના એટલા એક્સપર્ટ કે જો કોઈ અંગ્રેજ કંપનીમાં એને પગારદાર મૂકે તો હજારોનો પગાર આપે એને, એટલા બધા એક્સપર્ટ. તમને કેમ ખબર પડે છે? તો કહે પરિચયથી. કેવી રીતે પરિચય કરો છો? તો કહે સેમ્પલ આવે એને હું હાથમાં લઈને આવી રીતે આમ ચોળું, સ્પર્શ કરું એના ઉપરથી એની કડકાઈ, એની મુલાયમતા એ જાતનો ખ્યાલ આવે છે. પછી ઉકાળીને એનો કલર જોઉં છું. એની સ્મેલ હોય તો સ્મેલ આવે છે. આંખ છે એનો કલર જોવે છે, સ્પર્શ છે એ એની કડકાઈને તપાસે છે, નાક છે એ એની સ્મેલને સુંઘે છે. બસ, સ્વાદની મારે જરૂર નથી પડતી. હું એની ક્વોલિટી, એનો સ્વભાવ પારખી લઉં છું. સ્વાદનો એ વિષય હોવા છતાં સ્વાદ્યા વગર એના સ્વભાવને પકડી શકે છે. પરદ્રવ્યના સ્વભાવને પણ આ રીતે જ્ઞાન ચમત્કારિક રીતે પકડે છે. બહુ એક્સપર્ટ હતા એ. એમ પરખમાં એ બહુ એક્સપર્ટ હતા. હઠેચંદભાઈને તમે ઓળખો? .. બેસતાને. બહુ એક્સપર્ટ હતા. કેમકે આખી જિંદગી એણે ચાનો જ ધંધો કરેલો. નાનપણથી. પહેલા કલકત્તા ગયેલા. ત્યાંથી પછી ચાનો જ ધંધો કરેલો. પહેલેથી જ ચાની પેઢીમાં અને ચાની દુકાનમાં પછી સ્વતંત્ર ધંધો, પણ એક જ વિષય હતો એનો.

પરિચયથી સ્વભાવનો ખ્યાલ આવે છે એ બધાનો અનુભવ છે. તો જીવ જ્ઞાનનો

પરિચય કરે કે જે સ્વયં અભેદ છે પોતાથી, પોતે જ છે. એના અપરિચયથી પોતે પોતાના સ્વભાવથી અજાણ્યો છે અને પરિચય કરે તો એના સ્વભાવને જાણે.

જ્ઞાનલક્ષણ દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માને જાણવો, ઓળખવો એ સમ્યગ્દર્શનનું અંગભૂત કારણ છે, સમ્યગ્જ્ઞાનનું તે અંગભૂત કારણ છે. (સમયસારની) ૧૪૪મી ગાથાની ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે એ વાત કરી કે પ્રથમ તો, તાવત્ કરીને, પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. શ્રુતજ્ઞાન એટલે જ્ઞાનીની વાણીથી. જ્ઞાનીની વાણીથી એટલે જ્ઞાની જે રીતે ડાયરેક્ટિવ્સ આપે—માર્ગદર્શન આપે એ રીતે તું પ્રયોગ કરી અને તારા જ્ઞાનસ્વભાવથી આત્માને ઓળખ. એ જ્ઞાનસ્વભાવ છે એ જ તારો આત્મા છે, તારો આત્મા છે એ જ્ઞાનસ્વભાવ છે. સ્વરૂપને ઓળખતા સ્વરૂપનો જેટલો મહિમા છે એટલો મહિમા તને સમજાશે, અનુભવાંશે સમજાશે, વેદનથી સમજાશે. અને જ્યારે તને મહિમા સમજાશે ત્યારે જગતના પદાર્થોનો મહિમા તારો છે એ ચાલ્યો જશે. આ પરિણામ આવશે.

તને જે તારા સ્વરૂપનો અનુભવ નથી, (સ્વભાવમાં) રહેલો સુખ અને આનંદ અને શાંતિનો અનુભવ નથી એનું કારણ કે તું અજાણ્યો છો અને આખા જગતનો તને મહિમા પડ્યો છે. તને જગતના પદાર્થોનો મહિમા પડ્યો છે એટલે એનું ખેંચાણ છે, એની આસક્તિ છે અને એ જ તને તારા સ્વરૂપનો અનુભવ થવા માટેનો સૌથી મોટો અવરોધ છે. એ અવરોધ અને ઓબ્સ્ટેકલ ખસી ગયા, નિર્ણય જ્યાં ફર્યો, જગતનો મહિમા ગયો, સ્વરૂપનો મહિમા આવ્યો ત્યાં અવરોધ ખસી ગયા. પછી તને અનુભવ થવામાં કોઈ અવરોધ રહેશે નહિ. એટલે એ અભ્યાસ ચાલુ રાખવો, પરિચય કરવો, તેનો અભ્યાસ કરવો. એ અભ્યાસ ચાલુ રાખવો, એ પુરુષાર્થ ચાલુ રાખવો, જરૂર અનુભવ થશે.

સાથે સાથે '**રાગનો પરચિય છે તેને છોડીને જ્ઞાનનો પરિચય કરવો,...**' જુઓ, પરિચય ઉપર વાત છે. તને રાગનો પરિચય છે એ ઊલટી પ્રેક્ટિસ છે એ છોડી દે. જ્ઞાનનો પરિચય એ સૂલટી પ્રેક્ટિસ છે એ ચાલુ રાખ, વારંવાર ચાલુ રાખ.

મુમુક્ષુ :- આ તો ભાઈશ્રી એવું બને છેને કે કાઉન્ટીંગ કરવું છે એમાં પોતા માથે ટપલું મારી ભૂલી જાય અને એક ખૂટે છે... ખૂટે છે.. એમ બધાને લાગ્યા કરે. મને તો લાગ્યા જ કરે છે. ..મિસીંગ... મિસીંગ... મિસીંગ.. પોતાને સ્થાપિત કર્યો નથી, પોતાના માથે ટપલું મારતા ભૂલી જાય એમાં ગડબડ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતે પોતાને ભૂલ્યો છે. 'આપ આપ કો ભૂલ ગયે, ઈનસે ક્યા અંધેર?' એવું છે. 'સમર સમર અબ હંસત હૈ નહિ ભૂંલેગે ફેર.' આટલું

છે. પરનો અને રાગનો પરિચય છોડ, ઉપેક્ષા કરી લ્યે. એટલા માટે ઉપેક્ષાથી... પરિભ્રમણની ચિંતનામાં ઉપેક્ષા શરૂ થઈ જાય છે. ઉપેક્ષા શરૂ થઈ જાય છે. ત્યાંથી ઉપેક્ષાની પ્રેક્ટિસ ચાલુ કરવી જોઈએ. નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો. કૃપાળુદેવે આજ્ઞા કરી. નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો.

મુમુક્ષુ :- એકલું જ્ઞાન છે એ એના શુદ્ધત્વને પ્રકાશે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકલું જ્ઞાન છે એ એના શુદ્ધત્વને પ્રકાશે છે કે આમાં કાંઈ ભેળસેળ કોઈ દિ' થઈ નથી, બધી ભ્રમણા જ કરી છે. બીજું, કે એના સ્વભાવને જ્યારે એ પ્રકાશે છે ત્યારે એના અનંત સામર્થ્યનો પત્તો લાગે છે. ઓહો..! મારું સામર્થ્ય અનંત છે! મારી શક્તિ અનંત છે! હું તો મફતમાં વેચાવ છું, હું તો મફતમાં વેચાવ છું. એવા બધા દૃષ્ટાંતો શાસ્ત્રમાં છે કે ઘેટા-બકરાના ટોળામાં સિંહનું બચ્ચું હતું. એક સિંહ આવ્યો તો બધા ભાગ્યા, ઓલું પણ ભાગ્યું. સિંહે ત્રાડ મારી કે એય..! તું ઉભો રહે. તો પેલો તો બીતો બીતો ઊભો રહ્યો. તારે નથી જાવાનું, એ બીજા બધા ભલે વયા જાય. એ તો ઊભો રહી ગયો. તું શું કરવા ભાગે છે? કે ભાઈસાહેબ મને કાંઈ ન કરતા, ભાઈસાહેબ તમે મને કાંઈ ન કરતા. પણ તું શું કરવા બીવે છો? હું તને એ તો સમજાવું છું. હું તને ક્યાં કાંઈ કરું છું. તું મારા જેવો સિંહ છો, જો આ પાણીમાં. મોઢું જો તારું ને મારું મોઢું સરખું છે. હવે ત્રાડ નાખ એટલે મારા જેવી ત્રાડ નાખીશ. ભાન થયું કે હું તો સિંહ છું. ખલાસ.

૭૧૦માં કૃપાળુદેવે કહ્યું કે 'ભાન થયે સ્વભાવ પરિણામી છે.' આત્માને સ્વરૂપનું ભાન થયે સ્વભાવ પરિણામી છે. હું સિંહ છું એમ પરિણમવા લાગ્યો. બકરું છું એમ પરિણમતો હતો ભ્રમણાથી, એ સિંહ છું એમ પરિણમવા લાગ્યો. કેમકે હતો સિંહ. શ્રીગુરુ તો આ સિંહ જેવું એટલું જ કામ કરે છે કે તું જો. ભગવાન પણ મંદિરમાં ભલે મૌનપણે બેઠા છે તોપણ એ એટલું જ કહે છે. મૌનપણે ઉપદેશ આપે છે કે જો તું મારા જેવો છો, જો તું મારા જેવો છો. તું તને સંસારી માનીને ભ્રમણામાં રહીને દુઃખી થઈ જઈશ. તું સંસારી નથી. તું સંસારી તો નથી, પણ હું ભગવાન છું અને તું મને દર્શન કરવા, પગે લાગવા આવ્યો છો, વંદન કરવા આવ્યો છો, મારો ભક્ત થઈને આવ્યો છો. હવે કહું છું કે તું ભક્ત પણ નથી. તું ભગવાન છો. મારા જેવો જ ભગવાન છો. ત્યાં સુધી છોડાવે છે. કેટલા નિઃસ્વાર્થ છે! વીતરાગ નિઃસ્પૃહ અને નિઃસ્વાર્થ છે એનો એ પુરાવો છે. હું તને ભક્ત તરીકે પણ જોતો નથી. હું તને ભગવાન તરીકે જોઉં છું અને આજ્ઞા કરું છું કે તું તને

ભગવાન તરીકે જો. તું મારી ભક્તિ છોડી દઈશ એ મને ખબર છે.

મુમુક્ષુ :- નહિ છોડે.

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધ થાશે ત્યારે છોડી દેશેને છેલ્લે. અને એનો મને કંઈ વાંધો નથી કેમકે મને એની અપેક્ષા નથી. અપેક્ષા હોય એને દુઃખ થાય. હું પહેલેથી વીતરાગ છું. એવું છે.

ચોખ્ખું ઘણું કર્યું છે. ટૂંકામાં એકદમ ચોખ્ખો પ્રોસેસ બતાવ્યો છે. આપણે પરિચય કરવાની ચર્ચા ઘણા વર્ષથી ચાલે છે. પરિચય કરવો જોઈએ, પરિચય વગર ઓળખાણ નથી, પરિચય વગર ઓળખાણ નથી. ઓળખાણનો એક જ ઉપાય પરિચય કરવો તે. ઊલટો પરિચય છોડ, રાગનો પરિચય છોડ, પરનો પરિચય છોડ અને જ્ઞાનનો પરિચય કર. અને એમ કરવામાં તને કાંઈ વાંધો હોય તો કહે કે શું તકલીફ છે? કાંઈ તકલીફ પડે એવું પણ નથી પછી શું?

મુમુક્ષુ :- સ્વભાવ ઓળખાતા પોતાને જોવાનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો આખો. દૃષ્ટિ બદલાઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- આખી દૃષ્ટિ જ બદલાઈ જવાની, દુનિયા ફરી જવાની આખી.

'રાગનો પરિચય છે તેને છોડીને જ્ઞાનનો પરિચય કરવો, જ્ઞાતાનો પરિચય કરવો...' જ્ઞાનના પરિચયમાંથી ક્યાં આવ્યા પાછા? જ્ઞાતામાં. એ સ્વભાવ છે, જ્ઞાતા છે એ સ્વભાવ છે. જ્ઞાનનો પરિચય કરતાં-કરતાં સ્વભાવનો પરિચય કરવો, એને ઓળખી લેવો. **'અને વારંવાર તેનો અભ્યાસ કરવો તે તેનો ઉપાય છે.'** એ પ્રકારનો વારંવાર અભ્યાસ કરવો એ એક માત્ર ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. એ રીતે વર્તમાન પરિસ્થિતિમાંથી આગળ વધવાનું માર્ગદર્શન છે. વર્તમાન પરિસ્થિતિ પ્રશ્ન ઉઠાવીને બતાવી એ પણ બરાબર છે અને જ્ઞાનીના ખ્યાલમાં છે એ પણ બરાબર છે. ઠીક છે. આંગળી ચીંધે છે એ રસ્તે આગળ ચાલ્યો જા. ચાલવાનું તારે છે. એમને તો આંગળી ચીંધ્યાનું પુણ્ય છે, બાકી કાંઈ નથી. નિસ્પૃહ છે, કાંઈ લેવા કે દેવા. એ ૧૦૪ થયો. અહીં સુધી રાખીએ.

તા. ૧૩-૦૧-૧૯૯૭, પ્રશ્ન-૧૦૫,૧૦૬
પ્રવચન નં. ૬૮

પ્રશ્ન :- પર્યાય ઉપરથી દ્રવ્યનો ખ્યાલ કેવી રીતે કરવો?

સમાધાન :- દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ કરવાની છે, પણ પર્યાય વચ્ચે આવે છે. પર્યાયનો આશ્રય નથી આવતો, પણ પર્યાય સાથે આવે છે. દ્રવ્યનો વિષય પર્યાય કરે છે. દૃષ્ટિની દિશા પલટાય છે ત્યારે વિષય દ્રવ્ય બને છે. પર્યાય વચ્ચે આવે છે. ૧૦૫.

પ્રશ્ન ૧૦૫ ઉપર પ્રવચન

સ્વાનુભૂતિદર્શન પાનું-૮૧, ૧૦૫ પ્રશ્ન.

'**પ્રશ્ન :- પર્યાય ઉપરથી દ્રવ્યનો ખ્યાલ કેવી રીતે કરવો?**' પર્યાય પ્રગટ છે. દ્રવ્ય અપ્રગટ છે. પ્રગટ ઉપરથી અપ્રગટ ઉપર કેવી રીતે જવું? લોજિકથી કદાચ સમજી શકાય કે પર્યાય ઉપરથી દ્રવ્ય કેવી રીતે ખ્યાલમાં લેવું? ન્યાયથી, તર્કથી, અનુમાનથી અને યુક્તિથી સમજવાનું બની શકે. અણસમજણ બહુ તીવ્ર ન હોય, વિપરીત સમજણ પર્યાયબુદ્ધિની બહુ તીવ્ર ન હોય તો સમજી શકાય. પણ અહીંયાં અનુભવથી સમજવું જરૂરી છે. પ્રશ્ન તો ખાલી ખ્યાલ ઉઠાવવા લીધો છે. માત્ર ખ્યાલ કરવો એવું કાંઈ આપણે વિચારવું નથી. આપણો જે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે એમાં આપણે આગમ, યુક્તિ, તર્ક, અનુમાન, ન્યાયથી તો સમજી શકીએ છીએ પણ એટલું પર્યાપ્ત નથી. એ રીતે થોડો સ્વાધ્યાય કરીએ.

'**સમાધાન :- દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ કરવાની છે,...**' એ પ્રશ્ન ખ્યાલમાં ઉઠાવ્યો છે, એ તો ઉઠાવ્યો છે પ્રશ્ન. એક્ચુયલ તો કોઈ ચર્ચા ચાલી છે દ્રવ્યદૃષ્ટિ સંબંધીની, દ્રવ્યનો આશ્રય કરવા સંબંધીની. એટલે જે ચર્ચા ચાલી છે એ પ્રેક્ટિકલ સાઈડની ચાલી છે. પ્રશ્નમાં એટલી પ્રેક્ટિકલ સાઈડ નથી. ખાલી ખ્યાલ કરવાનો પ્રશ્ન ઉઠાવ્યો છે. સંકલન કરવા માટે પ્રશ્ન ઉઠાવ્યો છે. પ્રશ્નોત્તરીમાં જ સંકલન કર્યું છે આખા

ગ્રંથનું. તો જે ચર્ચાનો વિભાગ લેવો હોય, જે ટુકડો લેવો હોય એને અનુસરીને પ્રશ્ન ઉઠાવવામાં આવે.

મુમુક્ષુ :- ૧૦૬માં વધારે ખોલ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પછી પ્રશ્ન લંબાણો છે.

'દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ કરવાની છે,...' દૃષ્ટિ એટલે શ્રદ્ધાન તો દ્રવ્યનું જ કરવાનું છે **'પણ પર્યાય વચ્ચે આવે છે,'** વચ્ચે પર્યાય જણાય જાય છે. આવે છે એનો અર્થ શું છે? કે જણાય જાય છે. એ જણાય જાય છે એ જ્ઞાનનું કામ છે. એ દૃષ્ટિનું કામ નથી. વચ્ચે પર્યાય આવતી હોવા છતાં પણ પર્યાયનો આશ્રય નથી આવતો પણ પર્યાય સાથે આવે છે એટલે સાથે જાણવામાં આવે છે. ભાષા ટૂંકી થઈ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દૃષ્ટિ કરવાના સમયે પર્યાય આવે છે કે પછી આવે?

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે દૃષ્ટિ છે એ શ્રદ્ધાની પર્યાય છે, જાણવું છે એ જ્ઞાનની પર્યાય છે. ક્યો ગુણ કોઈ સમયે પરિણમવામાં ગેરહાજર રહે કે ઊભો રહી જાય? બધા ગુણો એકસાથે પરિણમી રહ્યા છે. દૃષ્ટિ દૃષ્ટિનું કામ કરે, જ્ઞાન જ્ઞાનનું કામ કરે અને એક સમયે કરતા હોવાથી સાથે આવે છે એમ કહે છે. ઉત્તર તો સ્પષ્ટ છે કે **'પર્યાયનો આશ્રય નથી આવતો, પણ પર્યાય સાથે આવે છે.'** સાથે આવે છે એટલે સાથે જાણવામાં આવે છે. દૃષ્ટિ છે એનું કાર્ય આશ્રય કરવાનું છે મુખ્યપણે. શ્રદ્ધાનું કાર્ય શું છે? સ્વસ્વરૂપનો, દ્રવ્ય સ્વભાવનો આશ્રય કરવો એ શ્રદ્ધાનું કામ છે. વચ્ચે જ્ઞાનથી પર્યાય જણાય છે. એટલે એમ કહે છે કે પર્યાય સાથે આવે છે. દૃષ્ટિ પર્યાયને બિલકુલ વિષય કરતી નથી, પર્યાયનો બિલકુલ આશ્રય કરતી નથી. એમ થતું હોવા છતાં પણ જ્ઞાનમાં એ જણાય છે અને એ સાથે સાથે જ જણાય છે, એ વખતે જ જણાય છે. પાછળથી જણાય છે એવું પણ નથી.

મુમુક્ષુ :- એટલે એને પ્રમાણજ્ઞાન કહેવું?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જ્ઞાન છે એ દ્રવ્યને પણ જાણે છે અને પર્યાયને પણ જાણે છે. પણ અહીંયાં ચર્ચા શું છે? નય-પ્રમાણની ચર્ચા નથી. અહીંયાં દૃષ્ટિ અને જ્ઞાનની ચર્ચા કરી છે. બહેનશ્રીએ જે ચર્ચા કરી છે એ દૃષ્ટિ અને જ્ઞાનની ચર્ચા કરી છે.

'દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ કરવાની છે, પણ પર્યાય વચ્ચે આવે છે.' એટલે વચ્ચે જણાય આવે છે. પર્યાય વચ્ચે જણાઈ આવતી હોવા છતાં પણ દૃષ્ટિ પર્યાયનો આશ્રય નથી કરતી એટલે પર્યાયનો આશ્રય કરવાનો નથી, પર્યાયનો આશ્રય વચ્ચે

આવતો પણ નથી, પણ પર્યાય સાથે જણાય છે, સાથે સાથે પર્યાય જણાય છે. કોઈ એમ કહે કે દૃષ્ટિ એકલા દ્રવ્યની કરવાની હોવાથી અમારે તો પર્યાયને જાણવી પણ નથી. એમ બની શકવાયોગ્ય નથી. એ તો શું છે કે કલ્પનાએ ચડેલ જીવ એમ વિચારે કે જો દૃષ્ટિ એકલા દ્રવ્યની કરવાની હોય, આશ્રય એકલા દ્રવ્યનો કરવાનો હોય તો પર્યાયને જાણીને શું કામ છે? તો એમ બનશે નહિ, બની શકશે પણ નહિ. જ્ઞાન જ્ઞાનનું કામ કરશે.

મુમુક્ષુ :- એવું ક્યારે બની શકે? જ્ઞાનનો અભાવ હોય ત્યારે જ બની શકે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ તો બનવાનું નથી. જ્ઞાનનો અભાવ થતો નથી.

દૃષ્ટિ પર્યાયને વિષય નથી કરતી. એ દૃષ્ટિનું કામ દૃષ્ટિ કરે છે. દૃષ્ટિનું કામ દૃષ્ટિ કરે છે અને જ્ઞાન પર્યાયને જાણે એમાં દૃષ્ટિને કાંઈ લેવા-દેવા નથી. એ પોતાનું કામ નિર્વિઘ્નપણે કરે છે. જ્ઞાન પોતાના સ્વભાવ પ્રમાણે કામ કરે છે. જ્ઞાન છે એ પોતાના સ્વભાવ પ્રમાણે કામ કરે છે.

મુમુક્ષુ :- બેયના ખાતા જુદાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- બેયનું કામ સ્વતંત્ર છે અને જુદાં જુદાં પ્રકારનું છે.

'દ્રવ્યનો વિષય પર્યાય કરે છે.' દ્રવ્યને પણ વિષય કરનારી તો પર્યાય છે. શ્રદ્ધા પણ વિષય કરે છે, જ્ઞાને કરીને પણ વિષય કરે છે, ચારિત્રથી પણ વિષય કરે છે, પુરુષાર્થથી પણ વિષય કરે છે અને સર્વ ગુણો સ્વરૂપને વિષે એકાગ્ર થાય છે. આત્માના સર્વ ગુણો અને સર્વ શક્તિઓનું પરિણમન સ્વરૂપને વિષે એકાગ્ર થાય છે. અને દરેક ગુણનો જે રીતે પરિણમવાનો પ્રકાર છે એ રીતે એ પરિણમે છે, પરિણવાનો પ્રકાર છે એ રીતે પરિણમે છે. એટલે દ્રવ્યનો વિષય તો બધી પર્યાયો કરશે, બધી પર્યાયો દ્રવ્યને વિષય કરશે.

'દૃષ્ટિની દિશા પલટાય છે ત્યારે વિષય દ્રવ્ય બને છે.' દૃષ્ટિની દિશા અથવા પરિણામની દિશા જ બે તરફની છે. એક સ્વ અને એક પર. અથવા એક અંતર્મુખ અને એક બહિર્મુખ. **'દૃષ્ટિની દિશા પલટાય છે...'** દૃષ્ટિ ચોથા ગુણસ્થાને દૃષ્ટિનું મુખ્ય પરિણમન છે શરૂઆતથી જ. **'દૃષ્ટિની દિશા પલટાય છે ત્યારે વિષય દ્રવ્ય બને છે. પર્યાય વચ્ચે આવે છે.'** દૃષ્ટિ ભલે વિષય નથી કરતી પણ વચ્ચે પર્યાય જાણવામાં આવે છે. અથવા તો દૃષ્ટિ પોતે પર્યાય છે, દૃષ્ટિ પોતે પર્યાય છે. ભલે દૃષ્ટિ પોતે પોતાને વિષય નથી કરતી, પણ કામ તો પોતે કરે છેને. એટલું તો એનું વચ્ચે આવવું તો છે કે નહિ? એમ. વચ્ચે એનું કોઈ કાર્યક્ષેત્ર તો છે. કાર્ય તો કરવાનું છે એને વચ્ચે.

મુમુક્ષુ :- એ હોય જ નહિ તો પછી અંતર્મુખ થવું એ વાત જ નથી રહેતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અથવા તમે દ્રવ્ય-દ્રવ્ય કરો પણ દ્રવ્ય-દ્રવ્ય કરો તો શું પણ? કોણ વિષય કરે છે? દ્રવ્ય તો દ્રવ્યને વિષય કરતું નથી. દ્રવ્ય તો નિષ્ક્રિય છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ પોતે પર્યાય છે. તે છતાં દૃષ્ટિ પર્યાયનો નિષેધ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેમકે એનો એ વિષય નથીને. એનો એ વિષય નથી. એટલે એ કહે છે, મારે કામ દ્રવ્ય સાથે છે. મારે કામ દ્રવ્ય સાથે છે. અથવા એનો એક પ્રકાર એવો છે કે સોગાનીજીએ એક દૃષ્ટાંત આંશિક સમજાય એવી રીતે લીધું છે કે જેના પ્રત્યે અતિશય પ્રેમ હોય ત્યારે એ એવી રીતે વિષય કરે છે પ્રેમ પોતે કે પોતાની જાતને ભૂલી જાય છે.

જેમકે એક માતા છે. ઘણા વખતે એને પુત્રનો જન્મ થાય ત્યારે એ પુત્ર પ્રત્યે એને એટલો બધો રાગ હોય, એટલો બધો પ્રેમ હોય, પરમાર્થની દૃષ્ટિએ રાગ કહીએ છીએ, પણ સંસારની દૃષ્ટિએ એને એટલો બધો પ્રેમ હોય, એટલો બધો પ્રેમ હોય કે પોતાની જાતને ભૂલી જાય. પોતાની જાતને ભૂલી જાય એટલે કેવી રીતે ભૂલી જાય? પોતાની અગવડ-સગવડ બધી ભૂલી જાય. એ એકલું એમ જ જોવે કે આને કાંઈ તકલીફ પડવી ન જોઈએ, આને કાંઈ તકલીફ પડવી ન જોઈએ. એને કાંઈક થાય તો આને કાંઈક થઈ જાય. એ બાળકને કાંઈક થાય તો આને કાંઈક થવા માંડે.

મુમુક્ષુ :- એ બાળકને સમર્પિત થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દૃષ્ટિનો વિષય સમર્પણ કરવાનો છે. ટોટલ સમર્પણ એટલું બધું છે એકદમ પૂરેપૂરું કે બીજાને કે પોતાની જાતને વિષય નથી કરી શકતી. એવા પ્રકારનું એનું પરિણમન ત્યાં સમજાવાનો પ્રયત્ન કર્યો છે.

દૃષ્ટિનો આત્મા કોણ? કે દ્રવ્ય. દૃષ્ટિનો આત્મા પોતે નથી. જેમ એ માતાનો આત્મા કોણ? કે એ બાળક. એનો આત્મા એનો આત્મા નથી રહેતો. એ બાળક જ એનો આત્મા થઈ જાય છે. થઈ જાય છે કે નહિ? એમ કહી શકાય કે ભાઈ એનો જીવ ત્યાં ને ત્યાં વળગેલો છે. કદાચ બહાર જાશે તો એનો જીવ ઘરે ને ઘરે રહેશે. બાળક હશે ત્યાં એનો જીવ રહેશે એમ નથી કહેતા? એવો એક પ્રકાર છે. દૃષ્ટિનો એવો એક પરિણમવાનો પ્રકાર છે.

એમ કહેને અતિશય રાગ હોય અને જેના ઉપર અતિશય રાગ હોય એનો દેહાંત થઈ જાય પછી એની જે આકુળતા થાય, એનું દુઃખ જે થાય વિયોગનું દુઃખ એ ઘણીવાર શું કહે? આ તો સાંભળેલું છે, બધું નજરે જોયેલું છે. સાંભળેલું એટલે નજરે જોયેલું છે. મને કાંઈક થઈ જાય છે. શું કહે? મને કાંઈક થઈ જાય છે. તારો

આત્મા તારી પાસે છે, તારા સર્વ ગુણો તારી પાસે છે. બધું કાંઈ રહેતું નથી. જ્યારે એકને જ તીવ્રપણે વિષય કરવામાં આવે છે અને એ એકદમ પ્રતિકૂળ હોય પૂરેપૂરું ત્યારે શું કહે કે મને કાંઈક થાય છે. શું થાય છે એ વ્યક્ત ન કરી શકે, એક્સપ્રેસ ન કરી શકે. મને કાંઈક થાય છે, મને કાંઈક થાય છે. ઠીક!

એમ દૃષ્ટિ એવી રીતે આત્માને વિષય કરે છે. બધું ભૂલી જાય. જગત આખું ભૂલી જાય, પોતાની જાતને પણ ભૂલી જાય. એનું સર્વસ્વ, એનું જગત જે કહો તે આત્મા છે. આમ હોવા છતાં જ્ઞાન છે એ જાગૃત છે અને એ પર્યાયને બરાબર જાણે છે, એનો વિવેક પણ એને હોય છે.

પ્રશ્ન-૧૦૬

પ્રશ્ન :- અમને તો જ્ઞાનની પર્યાય જણાય છે, તો શું કરવું?

સમાધાન :- જ્ઞાનની પર્યાય ભલે જણાય, પણ જ્ઞાનસ્વભાવ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો, પર્યાય ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો, પણ જ્ઞાયક ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. જે અંશ દેખાય છે તે અંશ ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો. જે આ ક્ષણે ક્ષણે દેખાય તે હું એમ પ્રયત્ન ન કરવો. પરંતુ જાણનારની શકિત ધરાવનારો કોણ છે? તે દ્રવ્યને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. આ જાણ્યું, આ જાણ્યું, એમ પર્યાયને ગ્રહણ કરવાનો પ્રયત્ન નહિ કરતાં, અખંડ જ્ઞાન ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. તેના લક્ષણથી જ્ઞાયક ગ્રહણ થાય છે. પર્યાય ગ્રાહકરૂપે વચ્ચે આવે છે. ૧૦૬.

પ્રશ્ન ૧૦૬ ઉપર પ્રવચન

બીજો પ્રશ્ન ઉઠાવ્યો છે અનુસરીને. '**પ્રશ્ન :- અમને તો જ્ઞાનની પર્યાય જણાય છે, તો શું કરવું?**' અમને તો જ્ઞાનની પર્યાય જણાય છે. ઓલી વાત નથી લીધી કે રાગની પર્યાય અમને જણાય છે. એ ૧૦૪માં પૂરું કરી દીધું કે રાગનો પરિચય

ઘણો છે. હવે આગળ ચાલ્યા કે જ્ઞાનની પર્યાય જણાય છે. જ્ઞાનની પર્યાય જણાય છે તો શું કરવું? દ્રવ્ય નથી જણાતું, સ્વભાવ નથી જણાતો. પર્યાય જણાય છે, પણ સ્વભાવ નથી જણાતો. તો શું કરવું?

'સમાધાન :- જ્ઞાનની પર્યાય ભલે જણાય, પણ જ્ઞાનસ્વભાવ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો,...' એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનસ્વભાવ છે. પ્રશ્ન કરનારના પ્રશ્નમાં પર્યાયને કેવળ પર્યાયરૂપે જાણી છે એવી વાત છે. પણ પર્યાય પોતે ભૂલી જાય છે કે પર્યાય દ્રવ્યનું એક અંગ છે. પર્યાય શું છે? દ્રવ્યનું એક અંગ છે અને દ્રવ્યનું એક અંગ હોવાથી એને દ્રવ્યપણે પણ જોઈ શકાય છે. જેમ એક વૃક્ષમાં ડાળી છે તે ડાળી છે. પણ એમાં વૃક્ષત્વનો દૃષ્ટિકોણ અપનાવી શકાય કે ન અપનાવી શકાય? અપનાવી શકાય.

હાથી છે એના પગ થાંભલા જેવા છે. એના પગ છે એ થાંભલા જેવો છે. થાંભલો તો ઉપમા છે. પગમાં હાથીપણું છે કે નહિ? કે પગમાં ચોક્કસ હાથીપણું છે. કેમકે એવા પગ હાથી સિવાય કોઈના હોતા નથી. ઊંટને નથી હોતા, ઘોડાને નથી હોતા, ગાયને નથી હોતા, માણસને નથી હોતા. તો તમે પગમાં થાંભલો થોડો જુઓ છે. પગને એમ જોવો છો કે આ હાથીનો પગ છે એમ તમે જુઓ છો. કેવી રીતે જુઓ છો? કે આ હાથીનો પગ છે એમ જુઓ છે. એકલો પગ નથી તમે જોતા. હાથીનો પગ છે એમ તમે જુઓ છો.

એમ તમે પર્યાયને એકલી નહિ જુઓ. એ દ્રવ્યની પર્યાય છે એમ જુઓ. દૃષ્ટિકોણ તો હોવો જોઈએને યથાર્થ? જો તમે એકલા પગને જોતા હોય તો એ જોવું બરાબર છે? થાંભલા જેવા પગ છે. હું બીજું કાંઈ ન જાણું આ થાંભલા જેવા પગ છે. પણ કોના? સમગ્ર હાથીને સાથે સાથે તમે જુઓ છો કે નથી જોતા? કે એમ ને એમ એકલા પગને જુઓ છો? પગ થોડા કાપેલા જોવા મળે છે? આખો હાથી ઊભો એમાં કાપેલા પગ થોડા જોવા મળે છે? હાથી એના પગે ઊભો છે એમ જોવા મળે છે.

મુમુક્ષુ :- હાથીપણું રાખીને પગનું જ્ઞાન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાથીપણાને છોડીને પગનું જ્ઞાન થોડું થાય છે? એમ દ્રવ્યપણાને છોડીને પર્યાયનું જ્ઞાન કેવી રીતે થાય? એમ કહે છે. કલ્પના કરો તો બીજી વાત છે. પર્યાય એવો કોઈ કટકો નથી કાપેલો. પદાર્થમાંથી એ કોઈ કાપેલો કટકો નથી પર્યાય કે તમે એકલી પર્યાયને જોવો છો. પર્યાય કહેતા કોઈ દ્રવ્યની પર્યાય છે એમ સાથે સાથે સમજમાં આવવું જોઈએ.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી લેતા હતા કે પર્યાય પર્યાયમાંથી આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં બીજી વાત છે. એમાં આખો ન્યાય બીજો છે. અહીંયાં એ વાત લાગુ પાડવાની નથી. ત્યાં બીજું જ સમજાવવું છે, અહીંયાં બીજું જ સમજાવવું છે. ત્યાં પર્યાયની સ્વતંત્રતા સમજાવી છે. દ્રવ્યનો અંશ હોવા છતાં પણ એ સ્વતંત્રપણે વર્તે છે એમ લેવું છે. અને જો એ પર્યાય દ્રવ્યથી સ્વતંત્ર વર્તતી હોય તો પરથી સ્વતંત્ર વર્તે છે એમ શીખડાવવાની, તને સમજાવાની જરૂર રહે છે પછી? એમ કહે છે. ન્યાય એ છે કે તું જે પરાધીન થઈને, તારી પર્યાયને પરને આધીન કરીને રાગ, દ્વેષ અને વિભાવ કરે છો પણ તારા દ્રવ્યને આધીન નથી, તારા દ્રવ્યથી એ સ્વતંત્ર વર્તે છે. ત્યાં એ વાત લેવી છે. તો પરની પરાધીનતા તો ક્યાંયની ક્યાંય રહી. તું છોડ એ વાતને. ત્યાં એવી રીતે ન્યાય લેવાનો છે.

અહીંયાં એ વાત નથી. અહીંયાં તો દ્રવ્યને જ પર્યાય ઉપરથી ઓળખવી છે. અથવા દ્રવ્યથી અજાણ છે, દ્રવ્યનો આશ્રય નથી આવતો એટલે એની પહોંચ નથી દ્રવ્યમાં ત્યાં પહોંચવા માટેની વાત છે. અને એ પહોંચવા માટે પર્યાય સિવાય બીજું કોઈ સાધન નથી. અનિત્ય દ્વારા નિત્ય જણાય છે અને અનિત્ય જ નિત્યને જાણે છે. એમ છે. બીજો કોઈ એમાં ઉપાય નથી.

મુમુક્ષુ :- દ્રવ્ય વધારે પૂજનીય છે કે પર્યાય વધારે પૂજનીય છે?

પૂજ્ય ભાઈશ્રી :- છે તો દ્રવ્ય પૂજનીય, પણ પૂજા કરનાર પણ કોઈ છે કે નહિ? એમ કહે છે. પૂજવાયોગ્ય છે ત્યારે એની કોઈ પૂજા કરે છે. તો એ કોણ કરે છે? પર્યાય સિવાય તો કોઈ કરતું નથી. આપણા ભગવાનની કે આપણા ગુરુની કોઈ સેવા કરે છે. પછી તમે સેવા કરનારને ભૂખ્યો રાખો છો? કે આપણે તો ભગવાનથી કામ છે, સેવા કરનાર સેવા કરનારનું જાણે. એવું રાખીએ છીએ? જો જો ભાઈ એ ભૂલાય નહિ હોં. એને ભૂલી જવાનું નથી. એમ છે કે નહિ? ભલે એ ગુરુના કે દેવના સ્થાનમાં નથી, પણ જે સ્થાનમાં છે ઈ સ્થાનમાં એનું જેટલું અને જેવું સ્થાન છે એટલું અને એવું સ્થાન તો સાચવવું જોઈએ કે ન સાચવવું જોઈએ? નહિતર અવિવેક થાય. આપણા વેવાઈ હોય, મોટા શેઠ હોય, ગાડી લઈને આવે તો એને જમાડીએ જમવાના ટાઈમે. આખો દિવસ રોકીએ. પછી ડ્રાઈવર ભૂખ્યો છે કે નથી જમ્યો એ જોઈએ છીએ? એવી રીતે ચાલે છે? જરાક સંભારીને એના ડ્રાઈવરને જમાડી દેજો અને સરખી રીતે જમાડજો. એમ કહે છે કે નહિ?

અહીંયાં કહે છે કે જ્ઞાનની પર્યાય તમને જણાય છે. તો કહે ભલે જણાય. ન જણાવી જોઈએ એમ નથી કહેતા. શું કીધું? કે ભલે જણાય. એનું પણ વચ્ચે કામ

આવે છે. શું? કે એના દ્વારા જ્ઞાનસ્વભાવ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.

મુમુક્ષુ :- ચેનલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચેનલ ઈ છે, ચેનલ ઈ જ છે. એ સિવાય બીજી ચેનલ નથી. દ્રવ્ય સુધી પહોંચવાની બીજી કોઈ ચેનલ નથી.

મુમુક્ષુ :- ભલે એ જ્ઞાનની પર્યાય હોય, પણ એને પોતાને કોઈ સ્વભાવ છે કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનને સ્વભાવ છે અને પર્યાયને પણ ત્યાં દ્રવ્યપણે જોવાનો દૃષ્ટિકોણ અપનાવવો. પર્યાયમાં જે દ્રવ્યત્વ છે એને દ્રવ્યપણે (જોવાનો દૃષ્ટિકોણ અપનાવવો). કેમકે લક્ષણ છે એ પર્યાયમાં છે અને ત્યાંથી જ સ્વભાવ લક્ષ કરવાનો છે. તો ત્યાંથી સ્વભાવ કેવી રીતે લક્ષ કરશે? એટલે સમયસારના પરિશિષ્ટમાં અમૃતચંદ્રાચાર્યે પ્રશ્ન ઉઠાવ્યો કે તમે લક્ષ-લક્ષણના ભેદ પાડ્યા. તો દ્રવ્ય પર્યાયના ભેદ થઈ ગયા? દ્રવ્ય-પર્યાયના ભેદ થઈ ગયા. હવે અમે અજાણ્યા તો દ્રવ્યથી છીએ, પર્યાયથી તો નથી. અને તમે પર્યાય દ્વારા દ્રવ્યની વાત કરો છો તો અમને કાંઈ આ ઠેકાણે પડતું નથી. તો કહે છે, લક્ષ અને લક્ષણ સર્વથા ભેદ છે એમ નથી. દ્રવ્યપણે તે અભેદ છે. એવો ઉત્તર આપ્યો છે એમણે. દ્રવ્યપણે તે લક્ષ અને લક્ષણનો ભેદ છે એ છૂટી જવો જોઈએ. ઓળખવા માટે ભેદ કર્યો હોય તોપણ ઓળખાતા એ ભેદ છૂટી જવો જોઈએ. દ્રવ્યપણે અભેદ છે એવી વાત કરી છે.

જ્ઞાનસ્વભાવને, જ્ઞાનની પર્યાય દ્વારા જ્ઞાનસ્વભાવને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. હવે આની ઉપરથી જોઈએ તો જ્ઞાનસ્વભાવ છે એ તો અવ્યક્ત છે. સ્વભાવ છે તે અવ્યક્ત છે. અવ્યક્ત છે તો જણાય નહિ. કરવું શું? અનુમાન કરવાથી તો કાંઈ ફાયદો નથી. તર્ક અને અનુમાન લંબાવાથી કાંઈ વસ્તુ તો આવતી નથી. તો કહે છે, સ્વભાવ છે એની વ્યક્તિ પર્યાયમાં થાય છે. સ્વભાવ વ્યક્તપણે ક્યાં છે? પર્યાયમાં છે. જ્ઞાન જે સ્વભાવ છે એ જાણવારૂપે પ્રગટ્યો છે. જ્ઞાનની પર્યાયમાં જાણવારૂપે પ્રગટેલો છે એટલે તારે અનુમાન કરવાની જરૂર નહિ પડે. એમ છે. જો એ સર્વથા પર્યાયમાં હોય જ નહિ, સર્વથા પર્યાયમાં હોય જ નહિ. તો લક્ષણથી લક્ષને ઓળખવાનું કોઈ અનુસંધાન બેસે નહિ. બેસે જ નહિ.

મુમુક્ષુ :- એકાંતે જો શક્તિરૂપ જ હોય...

પૂજ્ય ભાઈશ્રી :- એ છે શક્તિરૂપે, પણ વ્યક્તિમાં એ શક્તિનો કોઈ અંશ આવતો જ ન હોય તો એ શક્તિની એ વ્યક્તિ છે એ વાત પણ રહેતી નથી. જ્ઞાનશક્તિથી હું જાણું છું એ વાત નથી રહેતી. આત્મામાં જે જ્ઞાનની શક્તિ છે એ શક્તિનું યુટિલિજેશન

છે. જાણવામાં એનું યુટિલિજેશન છે. તો જે જાણવાનું કાર્ય થાય છે એ શક્તિ કરી રહી છે કામ. કોણ કામ કરી રહ્યું છે? કામ પર્યાય પણ કરે છે. એક દૃષ્ટિકોણ છે. અને એ શક્તિ કામ કરી રહી છે એ પણ એક દૃષ્ટિકોણ છે. તમારો અવલંબનનો વિષય, પ્રયોજનનો વિષય શક્તિ છે. તમે શક્તિને જુઓ.

જ્ઞાન-દર્શન દ્વારમાં સ્વભાવ શક્તિને જુઓ. અનુભવપ્રકાશમાં આવે છે. પ્રેક્ટિકલ સાઈડ છે. અને એવું તમે બીજે પણ જુઓ છો. અગ્નિના તણખામાં, ચિનગારીમાં અગ્નિની શક્તિને જુઓ છો કે નથી જોતા? જો ન જુઓ તો મોટી ઉપાધિ થાય. ન જુઓ તો મોટી ઉપાધિ થાય. એક તણખો છે એ ઊડીને જો કપડા ઉપર પડશે તો આખું કપડું સળગી જશે, વાર નહિ લાગે. નાયલોન છે. સીધું પકડશે. નાયલોન છે એટલે શું પેટ્રોલિયમ છે. એ પોતે પણ પેટ્રોલિયમ છે. એટલે તરત પકડે છે. તમે વ્યક્તિ ઉપરથી શક્તિને જાણો છો, ઓળખો છો, પ્રતીત કરો છો, આશ્રય કરો છો બધું કરો છો એ એની પ્રેક્ટિકલ સાઈડ છે. એ વ્યવહારુ ચીજ છે. વ્યવહારિક વાત છે એકદમ.

મુમુક્ષુ :- આ જે સ્પાર્ક થાય છે ભાઈશ્રી સ્કૂટરમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એ જે સ્પાર્ક થાય છે એની શક્તિ ઉપરથી તો આખું એન્જિન ચલાવાની પરિસ્થિતિ ઊભી થાય છે. સ્કૂટરમાં કે ગાડીમાં પણ એમ જ છેને. સેમ થિયરી છે ગાડીમાં. કારની પણ એ જ થિયરી છે કે એની અંદર પણ સ્વીચ આપો છો સ્ટાર્ટને એટલે સ્પાર્ક થાય છે. સ્પાર્ક થાય છે એટલે એની જે શક્તિ છે, સાયન્સ એમ બોલે છે એનું કે એની જે શક્તિ છે બ્લાસ્ટ થવાની શક્તિ છે. સ્પાર્ક થયો એટલે પેટ્રોલ જે છે એની અંદર એ વખતે તમે લિવરથી ઈન્જેક્ટ કરો છો. ઈન્જેક્ટ કરો છો એટલે એ ફૂવારાની જેમ કાર્બોરેટર ઈન્જેક્ટ થાય છે. એની જે ... છે એને કોમ્બિશન ચેમ્બર કહે છે. જેમાં એ સળગે છે. એને કોમ્બિશન ચેમ્બર કહે છે. એ ચેમ્બરની અંદર ફૂવારાની જેમ પેટ્રોલ ઈન્જેક્ટ થાય છે અને પેટ્રોલના કણની અંદર શક્તિ શું છે? બ્લાસ્ટ થવાની શક્તિ છે. એટલે સ્પાર્ક છે એ એને બ્લાસ્ટ કરે છે. પેટ્રોલને બ્લાસ્ટિંગ કરે છે એટલે ધડ... ધડ... ધડ... અવાજ આવે છે સીધો, એ બ્લાસ્ટિંગનો અવાજ આવે છે. જે અવાજ આવે છે કોમ્બિશન ચેમ્બરમાંથી તો અવાજને રોકીને અમુક રીતે એક્ઝોસ્ટ પાઈપથી બહાર કાઢે છે એટલે ઓછો અવાજ આવે છે. એક્ઝોસ્ટ પાઈપ તુટી જાય તો કેટલો અવાજ આવે એ ખબર પડે એવી વાત છે. ધણધણાટી બોલે. એટલે એની જે શક્તિ છે, અગ્નિની શક્તિ, પેટ્રોલની બ્લાસ્ટિંગની શક્તિ ત્યાં પિસ્ટનને ધકેલે છે. પિસ્ટનને ત્યાં ધકેલે છે. ત્યાં હોય છે

એને ધક્કો લાગે છે. પિસ્ટનને જેવો ધક્કો લાગે છે એટલે પિસ્ટન પાછળ જાય છે. બ્લાસ્ટિંગ થાય એ તો ધક્કો મારે છે. બોમ્બ બ્લાસ્ટિંગ ઉડાડે છે કે નહિ બધાને? ફેંકે છે કે નહિ? તો કોમ્બિશન ચેમ્બરમાં પિસ્ટન આવેલો છે. પિસ્ટનને બહાર ધકેલે છે. પિસ્ટન સાથે વ્હીલ જોડ્યું છે. તો જેવું ઈ પિસ્ટન બહાર જાય છે એટલે વ્હિલ ઘુમવા માંડે છે.

સાયન્સ એમ બોલે છે કે એ જે એની શક્તિ છે—બ્લાસ્ટિંગ શક્તિ છે એ ટ્રાન્સફર થાય છે કાઈનેટિક એનર્જીમાં. બ્લાસ્ટિંગ એનર્જી ટ્રાન્સફર્સ ઈન કાઈનેટિક એનર્જી. કાઈનેટિક એટલે ગતિ, કાઈનેટિક એટલે ગતિ. એક શક્તિ બીજી શક્તિમાં ટ્રાન્સફર થાય છે. આ તો બધી થિયરી ઓફ રિલેટિવિટી છે. ભૌતિક સાયન્સની અંદર થિયરી ઓફ રિલેટિવિટી છે. વીતરાગનું જે સાયન્સ છે એ એની ઓરિજનલ શક્તિને જોવે છે. અગ્નિમાં અગ્નિની શક્તિ છે, પેટ્રોલમાં પેટ્રોલની શક્તિ છે. એની મૂળ શક્તિને પહેલા જોવે છે નિરપેક્ષપણે, પછી એની સાપેક્ષતાને એ સમજી શકે છે. બરાબર યથાર્થ સમજી શકે છે.

એમ જ્ઞાનમાં જાણવાનું કાર્ય છે એ એની શક્તિ વગર કેવી રીતે થાય? જેમ માણસ ચાલે તો ચાલવાની શક્તિ હોય તો ચાલી શકે. એમ પર્યાય છે એ દ્રવ્યની ચાલ છે. દ્રવ્ય ચાલે છે પર્યાય દ્વારા તો શક્તિ વગર ચાલે છે? તો કહે નહિ, શક્તિથી ચાલે છે. તો તું શક્તિને કેમ જોતો નથી? એમ કહે છે. આ દૃષ્ટિકોણ પકડવાનો છે. એ દૃષ્ટિકોણ ન પકડો (અને) એકલી પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... (કરો), પણ શું પર્યાય? પર્યાયનું યથાર્થ જ્ઞાન નથી. જો તમે શક્તિને ન જુઓ તો એ પર્યાયનું યથાર્થ જ્ઞાન નથી.

મુમુક્ષુ :- સમયસાર ૧૮૧,૧૮૨, ૧૮૩ માં એ જ વાત થઈ હતીને જાણનક્રિયાના આધારે જ્ઞાનસ્વરૂપ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનની જે શક્તિ છે એ જાણનક્રિયાને આધારે રહેલી છે ત્યાં. વ્યક્ત છે. જાણવાની ક્રિયામાં એ વ્યક્ત છે. ... છે એનો એને આધાર છે ત્યાં શક્તિનો. પર્યાય છે ત્યાં એનો આધાર છે.

એટલે જ્ઞાનની પર્યાય ભલે જણાય એમાં કાંઈ વાંધો લેવાની જરૂર નથી. એ પર્યાયમાંથી જ્ઞાનસ્વભાવ, જ્ઞાનશક્તિ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. આ પ્રકારનો એક પ્રયત્ન કરવો. એકલી પર્યાય ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો પણ જ્ઞાયક ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. એક ગુણ નથી લેવો. એક ગુણ દ્વારા આખા પદાર્થને ગ્રહણ કરે છે. એમ લીધું. આપણે પ્રેક્ટિકલી બોમ્બમાં એમ જ જોઈએ છીએને. બોમ્બ ક્યાં ફૂટ્યો

છે? પણ ભાગાભાગી શેની થાય છે? શક્તિને જોઈને એની. એનાઉન્સમેન્ટ કર્યું કે આ બિલ્ડિંગમાં બોમ્બ મુકાઈ ગયો છે. આ બિલ્ડિંગ ખાલી કરો બધા. જેટલા આ બિલ્ડિંગમાં હોય એ નીકળી જાય જલ્દી. એકદમ નીકળી જાવ બધા. બોમ્બ તો ફૂટ્યો પણ નથી. કોના આધારે નીકળ્યા તમે? આશ્રય કોનો કર્યો? શક્તિનો આશ્રય કર્યો છે. પ્રેક્ટિકલ છે કે નહિ એ રીતે? એમ આમાં તમારે પ્રેક્ટિકલ થાવાનું છે. જ્ઞાનમાં જ્ઞાન શક્તિ છે, જ્ઞાન સ્વભાવ છે અને સ્વભાવ છે તે આખો જ્ઞાયક આત્મા દ્રવ્ય છે.

જે અંશ દેખાય છે તે પર્યાય છે '**તે અંશ ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો.**' પર્યાય તો અંશ છે. એ અંશ ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો. આખી શક્તિને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. '**જે આ ક્ષણે ક્ષણે દેખાય છે તે હું એમ પ્રયત્ન ન કરવો.**' વ્યક્ત પર્યાય ક્ષણે ક્ષણે દેખાય છે તે હું એમ પ્રયત્ન ન કરવો. એને ગૌણ કરી નાખ. જે ક્ષણવર્તી તત્ત્વ છે એને ગૌણ કરી નાખવું. ખાવાની ચીજમાં તમે શું કરો છો? તમને અનુભવમાં તો એની સ્વાદની પર્યાય જ આવે છે. એક ગુણની જ તે. એક ગુણની. કારણ કે બીજો સ્પર્શ ગુણ છે ત્યાં રંગ ગુણ છે. તો ખાતી વખતે કાંઈ રંગ દેખાતો નથી. રંગ જોવાનું તમારું પ્રયોજન પણ નથી. અને રંગ જોવા જેવો પણ નથી. જ્યારે તમે ચાવો છો ત્યારે તમે સ્વાદ જ લ્યો છો. રંગની સાથે તમારે કાંઈ મતલબ નથી. લાડવો ખાતા ખાતા અરીસો લઈને જોયું કે ભાઈ કેવો રંગ થઈ ગયો? કેમકે મતલબ નથી એનો. પણ તમે જ્ઞાનમાં આખી ચીજ લ્યો છો હું લાડવો ખાવ છું, હું દ્રાક્ષ ખાવ છું, હું ફલાણી ચીજ ખાવ છું. આખી ચીજ કેમ જ્ઞાનમાં લ્યો છો? ત્યાં એકલો સ્વાદનો અંશ નથી પકડતા. ખાલી સ્વાદની પર્યાયનો અનુભવ કરવો છે એમ કહો? હું તો ફલાણી ચીજ ખાવ છું એમ આખું જ્ઞાનમાં લ્યો છો કે નહિ? સ્વાદ ઉપરથી આખી ચીજનો આશ્રય કરો છો કે નહિ? એમ અહીંયાં આખો સ્વભાવ લઈ લ્યો એમ કહે છે. ભલે જ્ઞાનની પર્યાય વ્યક્ત હોય તોપણ એના ઉપરથી આખો સ્વભાવ ગ્રહણ કરો. આખા આત્માને ગ્રહણ કરો. જ્ઞાનસ્વભાવી આત્માને ગ્રહણ કરો.

'**જે અંશ દેખાય છે તે અંશ ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો. જે આ ક્ષણે ક્ષણે દેખાય છે તે હું એમ પ્રયત્ન ન કરવો.**' જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું એવો દૃઢભાવ તે સમ્યક્ત્વ છે એમાં સ્વભાવ લેવો પાછો. જ્ઞાન ઉપરથી જ્ઞાનસ્વભાવ લેવાનો છે. અંશ તે હું એમ નથી લેવાનું, સ્વભાવ તે હું એમ લેવાનું છે. '**જે આ ક્ષણે ક્ષણે દેખાય છે તે હું એમ પ્રયત્ન ન કરવો. પરંતુ જાણનારની શક્તિ ધરાવનારો**

કોણ છે?' જાણનારની શક્તિ ધરાવનારો કોણ છે? એમ ત્યાં સુધી જાવું. જાણે છે એટલું ન લેવું. જાણનારની શક્તિ ધરાવનારો પદાર્થ કોણ છે? સ્વભાવ કોણ છે? એમ જાણવું.

સોગાનીજીએ દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં ૧૨૫મા બોલમાં એ વાત લીધી છે. ત્યાં પણ પ્રશ્ન એવો ઉઠાવ્યો છે કે જ્ઞાનની પર્યાય જણાય છે. અમને સ્વભાવ નથી જણાતો. તો કહે જ્ઞાનની પર્યાય અદ્ધર ઊભી છે? કે કોઈ દ્રવ્યના આધારે ઈ પર્યાય છે? દરિયાના તરંગો જણાય છે, મોજા જણાય છે, દરિયો નથી જણાતો. પણ એ તરંગો ક્યાં થાય છે? અદ્ધર કાંઈ આકાશમાં થાય છે. દરિયો પોતે તરંગરૂપે પરિણમ્યો છે. એમ જ્ઞાનની પર્યાય કોઈ દ્રવ્ય છે એના આધારે ઊભી છે કે એમ ને એમ ઊભી છે કે અદ્ધર ઊભી છે ક્યાંય? અદ્ધર છે જ્ઞાનની પર્યાય? કે નથી. ત્યાં એવો જવાબ આપ્યો છે. 'ज्ञानकी पर्याय किस आधार पर खडी है? કોઈ આધાર પર ખડી હૈ. વહ આધાર હૈ વહી મૈં હૂં.' એમ લઈ લેવું.

'પરંતુ જાણનારની શક્તિ ધરાવનારો કોણ છે? તે દ્રવ્યને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. આ જાણ્યું, આ જાણ્યું, એમ પર્યાયને ગ્રહણ કરવાનો પ્રયત્ન નહિ કરતાં,...' એ તો જ્ઞાનવિશેષ થઈ ગયું. આ જાણ્યું ને તે જાણ્યું, આ જાણ્યું ને તે જાણ્યું. ઈ તો જ્ઞાનવિશેષ થઈ ગયું. **'એમ પર્યાયને ગ્રહણ કરવાનો પ્રયત્ન નહિ કરતાં, અખંડ જ્ઞાન ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.'** જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે અખંડ છે. એક પર્યાય વ્યય થાય છે, બીજી પર્યાય ઉત્પન્ન થાય છે. બે વચ્ચે કટકો નથી પડતો એનું શું કારણ?

મુમુક્ષુ :- સ્વભાવ સળંગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- કે દ્રવ્ય છે એ સળંગ છે. છરીનો કાટ ગયો અને ચળકાટ થયો સરાણ ઉપર ઘસી તો. પણ છરી તો એમ ને એમ રહી કે ન રહી? તો કાટ ગયો અને ચળકાટ થયો એ એક પર્યાયનો પલટો થયો. વસ્તુ તો એમ ને એમ રહી છે. આ જાણ્યું અને તે જાણ્યું. પર્યાય આવીને ગઈ... આવીને ગઈ... આવીને ગઈ... પણ વસ્તુ ક્યાં આવીને ગઈ છે? વસ્તુ એમ ને એમ અખંડ ઊભી છે. એમ અખંડ જ્ઞાન ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. એને અન્વય કહે છે. શાસ્ત્રની ભાષામાં એને અન્વય કહે છે. અન્વય એટલે શું? જોડાયેલું રહેવું. પર્યાય પલટો મારતી હોવા છતાં પણ જોડાણ ચાલુ રહે છે બે પર્યાય વચ્ચેનું એ દ્રવ્યને કારણે રહે છે. એ અન્વય છે. કન્ટીન્યુઈટી. અન્વય એટલે શું? કન્ટીન્યુઈટી.

સમયસારમાં એવી ભાષા પણ કરી છે આચાર્યોએ કે બીજી પર્યાયને પ્રાપ્ત કરીને

દ્રવ્ય પૂર્વ પર્યાયનો ત્યાગ કરે છે. બીજી પર્યાયને પ્રાપ્ત કર્યા વિના પૂર્વ પર્યાયનો ત્યાગ નથી થતો. નહિતર તો એમ કહે કે પહેલી પર્યાય પૂરી થાય, પછી બીજી પર્યાય થાય. પણ ભાષા એમ ન લીધી. ભાષા એમ લીધી કે બીજી પર્યાયને પ્રાપ્ત કરીને પહેલી પર્યાયને છોડે છે. એમ કહેવાનું શું કારણ? કે કન્ટીન્યુઈટી રહે છે. એ જે અન્વય છે ચાલુ... ચાલુ... ચાલુ... ચાલુ... એ અન્વય તે દ્રવ્ય છે. પ્રવચનસારમાં ૮૦ ગાથામાં એમ કહ્યું કે અન્વય તે દ્રવ્ય છે. એમ ભાષા વાપરી છે.

એમ '**અખંડ જ્ઞાન ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. તેના લક્ષણથી...**' એટલે એ જ્ઞાનના '**લક્ષણથી જ્ઞાયક ગ્રહણ થાય છે.**' જ્ઞાન લક્ષણથી જ્ઞાયક ગ્રહણ થાય છે. '**પર્યાય ગ્રાહકરૂપે વચ્ચે આવે છે.**' પોતે ગ્રાહક છે એનો. ગ્રહણ કરનારો જે ગ્રાહક છે એ તો પર્યાય છે. તમે કહો કે પર્યાય વચ્ચે આવવી ન જોઈએ. પણ એ કેવી રીતે બનશે? ગ્રહણ કોણ કરે છે? સ્વભાવ ગ્રહણ કરવો. પણ ગ્રહણ કોણ કરે છે? તો કહે છે પર્યાય તો ગ્રાહક છે. એ તો વચ્ચે આવવાની. વચ્ચે એવું ચાલ્યું હતું દ્રવ્યદૃષ્ટિનું પ્રકાશન થયું ત્યારે. પર્યાયની વાત કરવી નહિ. જાણે કોઈ એલર્જી થઈ ગઈ હોય, પ્રેજ્યુડાઈસ થઈ ગયો હોય. એમ નથી. યથાસ્થાને જેમ છે તેમ સમજવું જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અનુભયસ્વરૂપ છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- એ દ્રવ્ય છે. અનુભયસ્વરૂપ દ્રવ્ય છે. જો કેવળ એ પર્યાયમાં ન હોત તો પર્યાયથી એ જણાત નહિ. માટે એ ન દ્રવ્યના ભેદરૂપે છે, ન પર્યાયના ભેદરૂપે છે.

તા. ૧૪-૧-૧૯૯૭, પ્રશ્ન-૧૦૭
પ્રવચન નં. ૬૯

પ્રશ્ન :- અમારે સ્વભાવ પ્રાપ્ત કરવો છે ને તે થતો નથી એટલે મૂંઝવણ થાય છે.

સમાધાન :- અંતરમાં જ્ઞાયકદેવ પ્રગટ ન થાય ત્યાં સુધી આત્માર્થીને સંતોષ થતો નથી, પણ શાંતિ રાખીને પ્રયત્ન કરવો. જ્ઞાયકદેવને ગ્રહણ કરવા માટે અંતરમાંથી તેનો અભ્યાસ વારંવાર કરવો, મૂંઝાઈ ન જવું. એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન શાંતિ

રાખીને કરવો. પ્રયત્ન તો પોતાને જ વારંવાર કરવાનો છે. પોતાની ભૂલે પોતે વિભાવમાં દોડ્યો જાય છે, પોતે પુરુષાર્થ કરે તો પોતા તરફ આવે છે. માટે વારંવાર ઊંડા ઊતરીને સ્વભાવને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. ચૈતન્યનો વારંવાર અભ્યાસ કરે તો સહજ થઈ જાય અને જ્ઞાયક પ્રગટ થયા વગર રહે નહિ. સમજપૂર્વક વારંવાર કરે તેને પછી સહજ થઈ જાય છે. શરૂઆતની ભૂમિકા દુષ્કર છે. ૧૦૭.

પ્રશ્ન ૧૦૭ ઉપર પ્રવચન

સ્વાનુભૂતિદર્શન પાનું-૮૧, ૧૦૭મો પ્રશ્ન. '**અમારે સ્વભાવ પ્રાપ્ત કરવો છે અને તે થતો નથી એટલે મૂંઝવણ થાય છે.**' સ્વભાવ પ્રાપ્ત કરવો છે એવી ઈચ્છા છે. ઈચ્છા અનુકૂળ કાર્ય ન થાય તો આકુળતા થાય એ સ્વભાવિક છે. એટલે એ પ્રકારે પ્રશ્ન છે.

'**સમાધાન :- અંતરમાં જ્ઞાયકદેવ પ્રગટ ન થાય ત્યાં સુધી આત્માર્થીને સંતોષ થતો નથી, પણ શાંતિ રાખીને પ્રયત્ન કરવો.**' જ્યાં સુધી સ્વભાવ કહો કે જ્ઞાયકદેવ કહો, પોતાનું પરમાત્મપદ સ્વરૂપ કહો, એ પ્રગટ એટલે અનુભવગોચર ન થાય ત્યાં સુધી સંતોષ ન થાય એ બરાબર છે. એ અયોગ્ય નથી, તે યોગ્ય છે. પણ શાંતિ રાખીને એટલે ધીરજ રાખીને પ્રયત્ન કરવો. ધીરજનો અર્થ અથવા શાંતિનો અર્થ એ છે કે સાવધાની અને કાળજીથી પ્રમાદ કર્યા વિના અથવા બીજા બીજા ઉદય કાર્યોમાં તીવ્ર રસ લીધા વિના ઉલજ્યા વિના, સાવધાની રાખીને, દરકાર કરીને અંદરમાં ભિન્ન પડવાનો પ્રયત્ન કરવો. ભેદજ્ઞાનનો પ્રયત્ન કરવો. કેમકે પ્રગટ થવાનું એક જ કારણ છે ભેદજ્ઞાન. ભેદજ્ઞાન સિવાય બીજું કોઈ સાધન નથી.

'**જ્ઞાયકદેવને ગ્રહણ કરવા માટે અંતરમાંથી તેનો અભ્યાસ વારંવાર કરવો, મૂંઝાઈ ન જવું.**' હા, આકુળતા થશે, પણ એટલી આકુળતા ન થવી જોઈએ કે પ્રયત્ન બંધ થઈને મૂંઝાઈ જવાય. મૂંઝાઈ જઈને પ્રયત્ન બંધ થઈ જાય. એને ડિપ્રેશન કહે છે. જોકે એ ભેદરેખા પાતળી છે પણ કામ તો જે રીતે થવાનું તે રીતે જ થવાનું. જેમ મુમુક્ષુતામાં પણ એ ભૂમિકામાં આવે ત્યારે કાર્ય તો સૂક્ષ્મ થઈ જાય છે. માર્ગ સાંકડો થઈ જાય છે. એ રીતે ભલે સૂક્ષ્મપણે અંદરમાં કાર્ય કરવાનું હોય તોપણ પૂરી દરકારથી, પૂરી કાળજીથી, પૂરા પ્રયત્નથી, પૂરા ઉદ્યમથી. '**અંતરમાંથી તેનો અભ્યાસ કરવો,...**' સ્વરૂપને ગ્રહણ કરવાનો અભ્યાસ કરવો. એ ક્યારે થાય? કે સ્વરૂપ કાંઈક

ભાસે ત્યારે. નહિતર ગ્રહણ કરવાનો ક્યાં પ્રશ્ન રહે છે? એ પહેલા ભાવભાસનનો પ્રયત્ન થાય, ભાવભાસન પછી ગ્રહણ કરવાનો અનુભવનો પ્રયત્ન થાય. એમ.

'**એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન શાંતિ રાખીને કરવો.**' રાગ સાથેનું એકત્વ ઘણું સૂક્ષ્મ છે. એમાં તો ઘણી ધીરજ જોઈએ અને અંદરમાં સૂક્ષ્મતાથી પ્રયત્ન ચાલવો જોઈએ. બહુ કાળજીથી. કેમકે રાગ પણ ત્યારે મંદ થાય છે. આવા અંદરના અભ્યાસ વખતે રાગ પણ મંદ થાય છે એટલે રાગ પાતળો પડે છે. સ્થૂળ રાગ તો પકડાય, સૂક્ષ્મ રાગ પણ ક્યારે પકડાય? કે એકલું જ્ઞાન ભિન્ન પાડવાનો, એકલું જ્ઞાન જુદું અનુભવવાનો પ્રયત્ન હોય ત્યારે.

મુમુક્ષુ :- અવલોકનનો અભ્યાસ એટલો બારીક જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હોય જ તે. અવલોકનમાં અભ્યાસ બારીક થઈ જવો જોઈએ. પછી એ ભેદજ્ઞાનમાં આવે છે ત્યારે વિશેષ બારીક થઈ જાય છે.

'**એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન...**' એ રાગથી જે છૂટું પડવું છે એ એકત્વ તોડવાનું છે. પહેલા અભિપ્રાયમાં એકત્વ તો તોડ્યું હોય, હવે પરિણમનમાં પાછું એકત્વ છૂટવું જોઈએ. તેનો '**પ્રયત્ન શાંતિ રાખીને કરવો.**' શાંતિ રાખીને કરવો એટલે ધીરજથી, કાળજીથી કરવો. એમાં ઉતાવળ કે હડબડાહટ કામ ન આવે. સૂક્ષ્મ કાર્ય છેને. સૂક્ષ્મ કાર્યની અંદર તો ધીરજથી, શાંતિથી કામ લેવું જોઈએ. સ્થૂળ કામ નથી કોઈ. હીરાનો વેપાર અને શાકભાજીના વેપારમાં ફેર છે.

મુમુક્ષુ :- સોયમાં દોરો પરોવવો હોય તો કેટલું ધ્યાન રાખે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સોયમાં દોરો પરોવવો હોય અને એ પણ અજવાળું જોઈએ એવું ન હોય, પૂરું અજવાળું ન હોય, આછું-પાતળું અજવાળું હોય અને સોયમાં દોરો પરોવવો હોય તો શાંતિ અને એકાગ્રતા જોઈએ. અસ્થિર ઉપયોગ હોય તો કામ ન થાય. એમ અહીંયાં શાંતિનો અર્થ શું છે? કે ઉપયોગની થોડી ચંચળતા પણ ઘટી ગઈ હોય. ત્યારે ઉપયોગ અસ્થિર થઈ જાય. અસ્થિર કાર્યો. અસ્થિર કાર્યોમાં શું છે ઉપાધિવાળા. વ્યવસાયના કાર્યો છે, ઉપાધિવાળા કાર્યો છે. ઘણી અનુકૂળતા મેળવવાનો રસ હોય, પ્રતિકૂળતાને સહન ન થાય ને ખસેડવાનો રસ હોય ત્યારે આ કામ ન થઈ શકે. ભલે અનુકૂળતા કે પ્રતિકૂળતા હોય કે ન હોય, એની અત્યંત ગૌણતા થઈને આ બાજુના પ્રયત્નમાં, આ બાજુના અભ્યાસમાં અંદરમાં લાગે ત્યારે એની પણ ચંચળતા ઘટવી જોઈએ. '**એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન શાંતિ રાખીને કરવો.**' એકાગ્ર કરીને કરવો.

મુમુક્ષુ :- એકાગ્ર કેસે હોવે?

પૂજ્ય ભાઈશ્રી :- એક દૃષ્ટાંત લિયા કિ અપન કો સૂઈ મેં ધાગા પિરોના હૈ તો પૂરા લાઈટ નહીં હૈ અપને પાસ. જરા કમ લાઈટ હૈ, અંધેરા હૈ થોડા. તો ઈધર-ઉધર દેખકર કામ હોગા નહીં. વહાં જૈસે ચક્ષુ હૈ, ઉપયોગ કો એકાગ્ર કરના પડેગા. વૈસે અંદર મેં રાગ ઔર જ્ઞાનકી ભિન્નતામેં વો કામ જરા સૂક્ષ્મ હૈ. રાગ ભી પતલા હોય ગયા હો. સૂક્ષ્મ રાગકો ભી જ્ઞાનસે ભિન્ન જાનનેવાલા જુદા હૈ. રાગ આકુલતામય જુદા હૈ ભિન્ન હૈ, ઉસમેં જાનનેકા નહીં હોતા હૈ. ઐસા સૂક્ષ્મ તૌર પર કામ કરના પડતા હૈ.

'**પ્રયત્ન તો પોતાને જ વારંવાર કરવાનો છે.**' આ પ્રયત્ન છે એ પાછો વારંવાર અથવા બને એટલો સતત કરવાનો છે. સૂક્ષ્મ છે. બે મુદ્દા છે. એક સૂક્ષ્મતાનો અને એક સાતત્યનો, સતતપણાનો, વારંવારપણાનો. જ્યાં શાંતિ રાખવાની વાત કરી છે એ સૂક્ષ્મતાની દૃષ્ટિએ કરી છે. અને વારંવાર એટલે સતત પ્રયત્ન કરવો જોઈએ. બીજા કામ કરવાના આવે એનું શું કરવું? ઉદયમાં પણ આ પ્રયત્ન ચાલુ રાખ. ઉદયમાં પણ પ્રયત્ન ચાલુ રાખ. પણ ઉદયમાં તીવ્ર રસથી જો પ્રવેશ કરીશ તો પ્રયત્ન નહિ ચાલે. પ્રયત્ન ક્યારે ચાલશે? કે ઉદય ગમે તેવો હોવા છતાં પણ તારો રસ નહિ હોય તો. રસ ક્યારે નહિ હોય? કે તારું વજન નહિ હોય ત્યારે. આત્માને અને આત્માના હિતરૂપ કાર્યને અધિકતા આપી હશે, આત્માને અને આત્માના હિતરૂપ કાર્યને જો અધિકતા આપી હશે અને ઉદયની અધિકતા અભિપ્રાયમાં મૂકી દીધી હશે તો તારું વજન નહિ જાય. તો તારું વજન નહિ જાય.

મુમુક્ષુ :- જગત ઈષ્ટ નહિ આત્મથી.

પૂજ્ય ભાઈશ્રી :- જગત ઈષ્ટ નહિ આત્મથી એ અભિપ્રાયમાં આવી ગયો. એક પલ્લામાં, તરાજુના એક પલ્લામાં આખું જગત હોય તોપણ મારું આત્મહિત પહેલા છે, મારું આત્મહિત પહેલા છે. જગતમાં બીજું કાંઈ નથી. સગા, સંબંધી અને સમાજ એ જ જગત છે. દરેકને જગત ક્યુ છે? સગા-સંબંધી અને સમાજ. જે સમાજમાં પોતાનો પરિચય છે, પોતાને ઓળખે છે કે આ ફલાણા-ફલાણા ભાઈ આવા છે, એટલો જે સમાજ અને સગાસંબંધી એટલું જે વર્તુળ છે એટલું જગત છે. જીવ એને અધિકતા આપે છે. શું કરે છે? જીવ એને અધિકતા આપે છે ત્યારે એ સમાજ પ્રતિબંધ અને કુટુંબ પ્રતિબંધમાં ફસાય છે. એ એને પરિભ્રમણનું કારણ છે. ભયંકર પરિભ્રમણનું કારણ એટલું જ છે. એ બધા ઉપરથી વજન ઉઠાડી દઈને, અધિકતા ઉઠાડી દઈને મારે એકાંતે એકલું મારું આત્મકલ્યાણ કરવું છે. આ સિવાય મારે કાંઈ પ્રયોજન નથી. મને મારું આત્મકલ્યાણ જ ઈષ્ટ છે અને આ જગત મને ઈષ્ટ નથી.

જેમ દ્રવ્યદૃષ્ટિ, પર્યાય છે કે નહિ એ જોતી નથી. પર્યાય તો બહુ સમીપ છે, વસ્તુનો જ અંશ છે અને પોતે પણ પર્યાય છે. છતાં પણ એ દ્રવ્યદૃષ્ટિ એને જોતી નથી ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ક્યારે સમ્યગ્દર્શન થાય છે? એને જોવાનું બંધ થાય ત્યારે. એમ આ જગતને જોવાનું બંધ કર. તારું આત્મહિત કરવા માટે જગત સામે જોવાનું તું બંધ કરી દે. એ છે કે નહિ એ જ મારે વિચારવાનું રહેતું નથી. નથી એમ નહિ. નથીમાં તો છે એમ આવે. આ તો છે કે નહિ કાંઈ નહિ. એવી રીતે અંદરમાં કામે લાગી જા.

'પ્રયત્ન તો પોતાને જ વારંવાર કરવાનો છે. પોતાની ભૂલે પોતે વિભાવમાં દોડ્યો જાય છે,...' જે પરિણમનનો પ્રવાહ છે એ પ્રવાહમાં પોતે પણ તણાય છે. પ્રવાહમાં પોતે પણ તણાય છે. વિભાવના પ્રવાહમાં પોતે તણાય છે. એ પોતાની ભૂલ છે, એ ભૂલ પોતાની છે. કેમ તણાય છે? અધિકતા આપી છે માટે. એટલે તણાય છે, મફતમાં તણાતો નથી.

મુમુક્ષુ :- પોતાને રસ આવે છે માટે તણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- રસ આવે છે અને એની કિંમત આંકી છે. એની કિંમત આંકી છે, અધિકતા આપી છે. અધિકતા આપી હોય ત્યાં સુધી ગૌણતા ન થાય. અધિકતા આપી હોય ત્યાં સુધી ગૌણતા ન થાય.

એટલે **'પોતાની ભૂલે પોતે વિભાવમાં દોડ્યો જાય છે, પોતે પુરુષાર્થ કરે તો પોતા તરફ આવે છે.'** પાછો વળે. પોતે પુરુષાર્થ કરે તો પાછો વળે, જરૂર વળે. પુરુષાર્થ કરવો જોઈએ. એ વિભાવમાં તણાવાથી મારું પરિભ્રમણ છે એ સમજાવું જોઈએ. **'પોતે પુરુષાર્થ કરે તો પોતા તરફ આવે છે. માટે વારંવાર ઊંડા ઊતરીને...'** જુઓ, કેવો શબ્દ આવ્યો છે? **'વારંવાર ઊંડા ઊતરીને સ્વભાવને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.'** વારંવાર સમજાય. અવારનવાર ઊંડા ઊતરીને એટલે શું? રસ લઈને. કોઈપણ વિષયના ઊંડાણમાં ક્યારે જવાય છે? રસ લેવાય ત્યારે.

ઊંડાણમાં જવામાં શું છે? બીજી બાજુથી બધેથી ખસી જવું પડે. એક સ્થૂળ દૃષ્ટાંત લઈએ. કોઈ માણસ ઘોડા ઉપર મુસાફરી કરી રહ્યો છે. જંગલમાં માર્ગ કાપે છે. તરસ લાગી. ઉનાળાના દિવસો, તરસ લાગી. તરસ લાગી એટલે આજુબાજુ જોવે કે ક્યાંય વાવ, કૂવો, તળાવ, કાંઈ જળાશય હોય તો પાણી મળે. મોટું જળાશય તો ક્યાંય દેખાતું નથી, તળાવ-બળાવ તો ક્યાંય દેખાતું નથી, પણ વાવ-કૂવો કાંઈ હોય તો એમાંથી પણ પાણી મળે. દેખાય નહિ એટલે મારતે ઘોડે આગળ જાય છે. એમાં એક કૂવો જોયો. પાણી તો તળિયે હોય. ઘોડા ઉપર બેઠા-બેઠા તો પાણી

આવવાનું નથી. કૂવો જોયો એટલે એને ઘોડા ઉપરથી હેઠે ઉતરવું પડે. હેઠા ઉતરીને કાંઠે જઈને વાંકા વળીને જોવું પડે કે પાણી છે કે નહિ? તો એટલું એણે ઊંડાણમાં જોયુંને? પછી દોરીથી લોટો નાખીને ગમે તે રીતે પાણી બહાર કાઢવાનો પ્રયત્ન થાય. પણ એણે ઊંડાણમાં જોયું કે ન જોયું? અને એ ઊંડાણમાં જોયું ત્યારે એણે બીજે ક્યાંય ન જોયું. એ ઊંડા ઉતરીને જ્યારે અંદરમાં કામ કરવું હોય ત્યારે આજુબાજુ જોવાનું આપોઆપ બંધ થઈ જવું જોઈએ. અંદરમાં જ કામ કરવું છે. રમત તો બધી અંદરની છે. અંદરમાં ને અંદરમાં ઊંડા ઉતરવું જોઈએ. એ ઊંડા ઉતરવામાં ઉદયથી તો હટે, પણ અંદરમાં વિકલ્પના જાળાથી પણ હટે. ત્યારે ઊંડો ઉતરેને? એટલે જગત, ઉદય એ તો ગૌણ કરે, પણ વિકલ્પને પણ ગૌણ કરે. ઉદય તરફ ચાલતા વિકલ્પ તો છોડે, પણ આ કાર્યના વિકલ્પને પણ ગૌણ કરે. વિકલ્પમાત્રને ગૌણ કરે. એવું જરા કામ સૂક્ષ્મ છે.

જેમ જેમ જીવ મુમુક્ષુતામાં આગળ વધે તો મોક્ષમાર્ગની સમીપ આવે છે હવે. માર્ગ સૂક્ષ્મ થતો જાય છે, સાંકડો થતો જાય છે. એટલે સંભાળીને ચાલવું પડે. સંભાળવું પડે. સાવધાની, સંભાળવું એટલે? સાવધાની આવવી જોઈએ. અંધારું ઘોર છે, પણ વીજળીનો ઝબકારો ક્યારેક ક્યારેક થાય છે. એ વખતે તારે સોયમાં દોરો પરોવી લેવાનો છે. તો સોય પણ તૈયાર, દોરો પણ તૈયાર અને અજવાળાની રાહ જોઈને બેઠો હોય. જેવો ઝબકારો થાય એટલે સોયમાં દોરો પરોવી લે. એવી રીતે કામ કરવાનું છે. એવો દૃષ્ટાંત આપતા હતા. વીજળીના ઝબકારે મોતીમાં દોરો, સોયમાં દોરો પરોવવાનો છે. એમાં કેવી તત્પરતા હોય, કેવી તૈયારી હોય. એના કરતા વધારે (હોય). આ કામ તો એથી સૂક્ષ્મ છે. અંદરમાં આ કામ તો એથી પણ સૂક્ષ્મ છે.

સૂક્ષ્મ છે એટલે કોઈ ગભરાવીને કે ડરવાની જરૂર નથી. પણ અનંત કાળે થયું નથીને? તો એનું કોઈ કારણ તો છે. અનંત કાળે નથી થયું એનું કોઈ કારણ તો છે કે નહિ? આવું કામ જરા સૂક્ષ્મ છે. બધાથી હટવું એ જીવને પહેલા તો પોસાતું નથી. પર રુચિને કારણે બધાથી ખસી જવું પોસાતું નથી. બસ! મારે બધાની સાથે કાંઈ લેવા-દેવા જ નહિ રાખવાની? બધાની સાથે સંબંધ કાપી નાખવો કાંઈ આપણે? એવું કાંઈ ચાલતું હશે? એ સંબંધ તો તારા રાગને લઈને છે. સંબંધ શેને લઈને છે? રાગને લઈને સંબંધ છે. બાકી તો સૌ સૌમાં પોતપોતાના અસ્તિત્વમાં સૌ છે. રાગ જો મીઠો લાગ્યો તો સંબંધ નહિ છૂટે. અને વીતરાગ થાવું હોય તો રાગને તોડવો પડે. સંબંધ રાખવો છે એટલે રાગ રાખવો છે અને વીતરાગ થાવું છે, બે વાત તો બનવાની નથી.

એવું બને કે જે પૂર્વના સંબંધીઓ હોય એની સાથેનો તમારો વ્યવહાર ઓછો થાય, કોઈને મન-દુઃખ પણ થાય. મનદુઃખ કરવાનો અભિપ્રાય ન હોવો જોઈએ. મનદુઃખ પણ થઈ થાય એની પ્રકૃતિના કારણે. અને કોઈ સંબંધ પણ કપાય. કોઈ એમ કહે કે ભાઈ તમે સંબંધ રાખ્યો નથી, અમે સંબંધ નહિ રાખીએ હવે. તો એને ઉપકારી માનવા જોઈએ. ચાલો આપણા ઉપયોગને ખેંચવાનું એટલું ઓછું થયું. એમાં આપણે શું વાંધો? આપણે તો આપણું કામ કરવા આવ્યા છીએ. આપણું કામ કરવા આવ્યા છીએ અને આપણું કામ કરીએ. એટલે આપણે આપણું કામ કરીએ. આપણા કામમાં લાગી જઈએ.

અહીં તો ઊંડા ઉતરવામાં તો વિકલ્પોને પણ ગૌણ કરવાના રહે છે. એથી આગળ જઈને જ્ઞેયાકાર જ્ઞાનને પણ ગૌણ કરવાનું રહે છે. સ્વભાવ ક્યારે પકડાય? કે જગતને ગૌણ કરે, ઉદયને ગૌણ કરે, ઉદયભાવોને ગૌણ કરે, ચાલતા વિકલ્પોને ગૌણ કરે, ભેદજ્ઞાનના વિકલ્પો. વિકલ્પાત્મક દશામાં છેને ભેદજ્ઞાન? અને જ્ઞેયાકાર જ્ઞાનને પણ ગૌણ કરે. એટલો ઊંડો જાય. ઊંડાણમાં એટલો ઊંડો જાય ત્યારે જે સામાન્ય સ્વભાવ છે એનું ગ્રહણ થાય એવું છે.

મુમુક્ષુ :- એનો અર્થ તો ભાઈશ્રી એવો થયોને ખાલી મહોરા બદલે એ ન ચાલે. સંસારથી તરફથી તો અત્યારે અટેચમેન્ટ હોય ત્યાં સુધી પ્રયત્ન કરીને છૂટ્યા અને એ પછી મોહરા બદલીને બીજા મોહરા લાગી જાય એ પણ ન થવું જોઈએને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ.

મુમુક્ષુ :- એના માટે બહુ જાગૃતિ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થયું. એક આત્મકલ્યાણના લક્ષે. એક લક્ષે, એક લયે કામ થવું જોઈએ. એક લક્ષે, એક નિષ્ઠાથી, એક લયે કામ થવું જોઈએ. તો આ કામ થાય એવું છે. નહિતર થાય એવું નથી. એક મુમુક્ષુ હતા. બહુ સરસ ચર્ચા ચાલી હતી. જજ હતા. એ પોતે જજ હતા અમદાવાદમાં. અમદાવાદમાં મેટ્રોપોલિટીનમાં જજ હતા. આવતા હતા, આપણા સ્વાધ્યાયમાં આવતા હતા. હું અમદાવાદ જાવ ત્યારે આવે. હું અમદાવાદ આવતો ત્યારે આવતા હતા ક્યારેય ક્યારેક વાંચનમાં. એકવાર તો એના ઘરે લઈ ગયા હતા. તમે મારા ઘરે રોકાઈ જાવ. એક રાત રોકાણા હતા. એક દીકરો અમદાવાદ રહેતો હતો, એક મુંબઈ રહેતો. હમણા મુંબઈ રહે છે. છે હજી. હવે તો ઉંમર ઘણી થઈ એટલે ક્યાંય સમાજમાં જોવામાં નથી આવતા. અને અમસ્તા પણ પહેલેથી જ એ બહુ અલુફ રહેતા. કોર્ટમાં જતા તે દિ' પણ. કોર્ટમાં પછી શું થાય? એ કહે અમારે ટી ટાઈમ પડે એટલે

પછી બધા જજો એક જગ્યાએ ચા-પાણી પીવા ભેગા થઈએ. એટલે હું તો મારા કામે લાગેલો હોઉં એટલે એક કોર બેસી રહું. બોલું-ચાલું નહિ. બધાને એમ લાગે કે ક્યાંય ભળતા નથી. છાપ થોડી એવી પડે. મિક્સિંગ નેચરવાળા નથી, ભળતા નથી, અતડા-અતડા રહે છે. કેવી છાપ પડે? અતડાપણાની છાપ પડે. એની કિંમત ઓછી ગણાય. અતડાપણાને કાંઈ સદ્‌ગુણ તો ન જ ગણતા હોય. ઈ કહે ભલેને કોઈ ગમે તેમ ગણે, આપણે શું? એથી કાંઈ આપણે આપણું કામ મૂકી દેવું? અતડાપણું ન દેખાય, કો'કની નજરમાં આપણે સારા દેખાઈએ, એ સારા દેખાવા માટે આપણે આપણો સમય ગુમાવવો? કિંમતી સમય ગુમાવવો? કેસ ચલાવતા હોય ત્યારે જ એને ઉપયોગ દેવો પડે. રિસેસના ટાઈમમાં તો પછી પોતે કાંઈક કરી શકેને કામ? ચા-પાણી હોય ત્યારે બીજા બધા વાતોએ ચડે અને વાતોડિયા થઈને સારું લગાડવું કો'કને... બહુ બહુ તો આપણને એમ ગણશે કે અતડા છે. કાંઈ વાંધો નહિ. બીજાની નજરમાં સારા દેખાવું, સારા દેખાવા માટે કાંઈક ચેષ્ટા કે પ્રયત્ન કરવો એનું જ નામ લોકસંજ્ઞા છે. એનું નામ લોકસંજ્ઞા છે. લોકસંજ્ઞા છે એને કૃપાળુદેવે કાળકૂટ ઝેર કીધું છે. એમાં કાંઈ વિષય-કષાયના તીવ્ર પરિણામ તો નથી. વાતચીતમાં સામાન્ય ભળે અને બધાને એમ લાગે કે વાહ ભાઈ બહુ સરસ આપણે વાતો થઈ. બહુ એકબીજા મિક્સિંગ નેચરથી સારી આપણે વાતો કરીએ છીએ. હવે એટલો તો કાંઈ બહુ મોટા અપરાધના પરિણામ ન દેખાય, પણ લોકસંજ્ઞાના પરિણામ કાળકૂટ ઝેર છે, પરિભ્રમણ કરાવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દૃષ્ટાંત ફિરસે લીજીએ.

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુ થે, વો જજ થે. જજીસ લોગ દોપહર કે ચાય-પાની કે ટાઈમ મેં ઈકટ્ઠા હોવે. તો કોઈ બાતમેં વહ જુડે નહીં. વહ અકેલે બૈઠે-બૈઠે અપની કુર્સીમેં અપને ચિંતનમેં ખો જાયે. તો દૂસરે લોગ ઉનકો ક્યા સમજે? કિ યે બાત નહીં કરતે હૈં. હિન્દી મેં અતડાને શું કહે છે? અલગ રહતે હૈં, અલગ પડ જાતે હૈં. તો ઉસકા દિખાવ અચ્છા નહીં રહતા. તો અપના દિખાવ અચ્છા રહે, દૂસરોંકી નજરમેં હમ અચ્છે લગે ઈસલિયે હમકો સબકે સાથ બાતચીત કરની ચાહિયે, હસી-મજાક કરની ચાહિયે. વો સમય ગુમાના હમકો પુસાતા નહીં હૈ. ભલે હી દૂસરા હમારી કિંમત કમ કરેગા. તો હમકો તો કિસી સે કુછ લેના-દેના તો હૈ નહીં. ગંભીર હતા, બહુત ગંભીર માણસ હતા. આમ પણ જજ લોકો ગંભીર તો હોય છે પણ આ જરા વિશેષ ગંભીર હતા. ત્યાં પણ આવે તો એમને એમ બેસી રહે. સોનગઢ આવે તો બેઠા હોય. એમાં તો ગુરુદેવ એવું બોલ્યા હતા, શ્રીમદ્ ગંભીર હતા. એને જોઈને એમ વિચાર આવ્યો કે શ્રીમદ્ ગંભીર હતા. એવું બોલેલા. એમનો ફેસ આમને

મળતો આવે છે. અમદાવાદથી ઓલા આવે છેને ભાઈ. લુવાણા નથી આવતા? સ્વાધ્યાયમાં આવે છે ક્યારેક-ક્યારેક. પાંચ-પંદર દિ' રોકાય જાય. કપોળ. લુવાણા નથી કપોળ છે. એની ટાઈપનો એનો ફેસ આવે. ઉંમરમાં આ જરા મોટા. આ ઉંમરમાં નાના છે. એ ટાઈપનો ફેસ.

મુમુક્ષુ :- સોનગઢમાં બે-ચાર વાર એના પ્રવચન પણ કરાવ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વાંચનમાં જતા. આપણે ત્યાંથી વાંચનમાં જતા. પણ થોડું-થોડું પુણ્ય ઉપર પછી વજન દેતા એટલે પછી આપણા લોકોને ફાવ્યું નહિ. એટલે થોડી ટોકા ટોકી થઈ એટલે બંધ કરી દીધું. આમ માણસ ગંભીર હતા. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ એમને બહુ રુચેલું. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ પ્રકાશન થયા પછી મને લઈ ગયા હતા એના ઘરે. એણે શું કરેલું? દ્રવ્યદૃષ્ટિપ્રકાશના એક એક વચનો જરા વચનની સ્ટાઈલથી જે જે પ્રકારના વચનો હોય, ધીર-ગંભીર રીતે ટેપમાં ઉતારેલા. શું કરેલું? પોતે વાંચવાને બદલે સાંભળવા માટે, દ્રવ્યદૃષ્ટિપ્રકાશ સાંભળવા માટે શું કરે? કે દ્રવ્યદૃષ્ટિપ્રકાશના વચનો પોતે બોલીને ટેપ ઉતારી લીધી હતી. પછી સૂતી વખતે કહે હું આ ટેપ મૂકું. મને બતાવ્યું. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ સાંભળવું મને બહુ રુચે છે. મારી ટેપ હું સાંભળું છું. વચનો સોગાનીજીના. એ સ્ટાઈલથી દ્રવ્યદૃષ્ટિપ્રકાશનો રસ લેતા હતા. કોઈ વાંચીને રસ લે, સાંભળીને રસ લે. મને સાંભળવામાં વધારે રસ આવે છે. સાંભળવામાં શું છે કે આરામ કરવો હોય ત્યારે પણ સાંભળી શકાય.

(અહીંયાં) તાત્પર્ય એ છે કે બધેથી ખસવું પડે ત્યારે ઊંડા ઉતરી શકાય. અને ખસે ક્યારે? કે વજન ઘટી જાય ત્યારે. વજન ક્યારે ઘટે? કે એની મહિમા ઊડી જાય ત્યારે. એની કિંમત અને મહિમા રાખે તો રસ આવ્યા વગર રહેશે નહિ. આ બાજુ ઊંડા ઉતરાશે નહિ.

'માટે વારંવાર ઊંડા ઊતરીને સ્વભાવને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. ચૈતન્યનો વારંવાર અભ્યાસ કરે...' અભ્યાસ એટલે પુરુષાર્થ. 'અભ્યાસ' શબ્દ પોતે વાપરે છે. ચૈતન્યનો પુરુષાર્થ વારંવાર કરે. હું ચૈતન્ય... હું ચૈતન્ય... ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... એનો વારંવાર એટલે સતત અભ્યાસ કરે '**તો સહજ થઈ જાય...**' તો સહજ થઈ જાય. હવે જે અભ્યાસ કરવાનો છે એમાં વિકલ્પ નહિ, પ્રયોગ (કરવાનો છે). પુરુષાર્થ છે એને પ્રયોગ સાથે સંબંધ છે. એ વિકલ્પ ચાલ્યા કરે એને પુરુષાર્થ નથી કહેતા અને એવો અભ્યાસ કરવાની અહીંયાં વાત નથી. નહિતર વિકલ્પે ચડી જાય. એવું બને છે. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું... રટણે ચડી જાય. એ પણ બરાબર નથી. એટલે ચૈતન્યનો

વારંવાર અભ્યાસ એટલે પુરુષાર્થ પ્રયોગાત્મક પુરુષાર્થ કરે તો પછી એ પુરુષાર્થ કરવો સહજ થઈ જાય અને સહજ થાય ત્યારે ઉદયમાં પણ પ્રયોગ ચાલે. નિવૃત્ત થઈને તો પ્રયત્ન કરે જ, ઉદયમાં પણ પ્રયત્ન કરે. કારણ કે સહજ થાય એટલે પરિણતિ થતી જાય. એ રીતે.

'અભ્યાસ કરે તો સહજ થઈ જાય અને જ્ઞાયક પ્રગટ થયા વગર રહે નહિ.' આમ તો શું છે કે ભાવભાસન પછી જે સ્વરૂપ સન્મુખતાનો પુરુષાર્થ ચાલે. એ સ્વરૂપ સન્મુખતાના પુરુષાર્થમાં રસ ઘણો છે એટલે એની પરિણતિ, ભાવભાસનથી થઈ છે એ પરિણતિ ગાઢ થતી જાય. પરિણતિ ગાઢ થતી જાય. પરિણતિ તીવ્ર થયા પછી ઉપયોગ—નિર્વિકલ્પ ઉપયોગ ઓટોમેટિક ઉત્પન્ન થાય છે. થાય કે ન થાય એમ નહિ. પ્રગટ થયા વિના રહે નહિ એમ લીધું છે. અચોક્કસ નથી લીધું, થાય જ.

'સમજપૂર્વક વારંવાર કરે તેને પછી સહજ થઈ જાય છે.' એને પૂરતી સમજણ છે. એમ ને એમ આંધળુકિયા નથી. પૂરેપૂરી એ વિષયની સમજ છે, પોતાને સૂઝ છે અંદરમાં. સમજ છે એટલે? સૂઝ છે અને સૂઝ આવ્યા પછી એ કાર્ય શરૂ કર્યું છે. એટલે વારંવાર કરવાથી એ સહેજે સહજ થઈ જાય છે. **'શરૂઆતની ભૂમિકા દુષ્કર છે.'** એ તો કોઈપણ કામમાં શરૂઆત છે એમાં કઠણ લાગે. શરૂઆતમાં અઘરું લાગે, શરૂઆતમાં વાર લાગે. કોઈપણ ભૂમિકામાં. પરિભ્રમણની વેદનામાં આવવું હોય તોપણ શરૂઆતમાં કઠણ લાગે. પછી થોડો માર્ગ છે એ સહેલો થશે. આગળનું કાર્ય સહેલું થાય. પણ પહેલું ગાડીને પાટે ચડાવવી, પાટા ઉપર મૂકવી એમાં તકલીફ પડે છે કેમકે અનાદિનો ઊંધો અભ્યાસ છે. આપણે આ ટ્રેન ચાલે છે ત્યારે પહેલા તો ધક્કો લાગે છેને? પહેલા ધક્કો લાગે છે. કેમકે આખું ડબાનું વજન પાટા ઉપર છે. એ મોશનમાં આવ્યા પછી ફ્રિક્શન ઘટી જાય છે. પાટા સાથેનું ફ્રિક્શન ઘટી જાય છે. પછી ચાલે સડસડાટ. ગાડી પાટે ચડી ગઈ, નથી કહેતા? ભાઈ હવે ગાડી પાટે ચડી ગઈ.

કોઈ કારખાનું, ધંધો નવો કરે ત્યારે પહેલા તો મુસીબત પડે છેને, મહેનત પડે છે. પછી ધંધો જમાવ્યો હોય. પિતાજીએ ધંધો જમાવ્યો હોય અને છોકરો તૈયાર ગાદી ઉપર આવે તો એને કાંઈ એટલી મહેનત ન પડે. એ તો ઘરાકી જામેલી હોય, ઘરાકો આવતા હોય, આડતિયા બાંધેલા હોય, બધી બાજુના કનેક્શનો ચાલતા હોય. એટલે બધું સહેજે સહેજે થઈ જાય. નવું ઊભું કરવું હોય ત્યારે મહેનત પડે. એમ શરૂઆતમાં તો બધા કામમાં એવું જ છે. આમાં પણ એવું જ છે. છતાં પણ ઉત્સાહ લાવીને ઉલ્લાસિત વીર્યથી આગળ વધવાનું છે.

તા. ૧૫-૧-૧૯૯૭, પ્રશ્ન-૧૦૮
પ્રવચન નં. ૭૦

પ્રશ્ન :- સ્વભાવ જલદી પ્રાપ્ત થાય તેનો કોઈ ઉપાય ખરો?

સમાધાન :- પ્રાપ્ત કરવાનો ઉપાય એક ભેદજ્ઞાન જ છે. ચૈતન્ય જ્ઞાયક જુદો અને વિભાવ જુદો એમ સ્વભાવ-વિભાવ બંનેને જુદા પાડવા. યથાર્થ રુચિ, મહિમા, લગની, તત્ત્વવિચાર કરીને પોતે સ્વભાવ ગ્રહણ કરવાની પરીક્ષક શકિત અંદરથી એવી પ્રગટ કરવી જોઈએ કે આ સ્વભાવ છે ને આ વિભાવ છે. અંદર લગની લાગે તો તે થયા વગર રહેતું નથી. દેવ-શાસ્ત્ર અને ગુરુદેવ શું કહે છે તેનો આશય ગ્રહણ કરવા માટે પોતે અંદર તૈયારી કરે, ચૈતન્યનો સ્વભાવ ગ્રહણ કરવાની તીક્ષ્ણ તૈયારી કરે તો થયા વગર રહે નહિ. ઉપાય તો આ એક જ છે કે જ્ઞાયકતત્ત્વ જુદું અને વિભાવ જુદો એવું ભેદજ્ઞાન કરવું. હું અખંડ જ્ઞાયક છું-એમ દૃષ્ટિ થતાં ગુણભેદ-પર્યાયભેદનું જ્ઞાન તેમાં સમાઈ જાય છે. યથાર્થ દૃષ્ટિ થાય તેની સાથે જ્ઞાનમાં બધું સમાઈ જાય છે. તેણે પાત્રતા તૈયાર કરવાની રહે છે. જેને આત્માર્થતાનું પ્રયોજન છે તેને બધાં લૌકિક પ્રયોજન ગૌણ થઈ જાય-છૂટી જાય છે અને એક આત્માનું પ્રયોજન રહે છે. ૧૦૮.

પ્રશ્ન ૧૦૮ ઉપર પ્રવચન

સ્વાનુભૂતિદર્શન પાનું-૮૧, ૧૦૮મો પ્રશ્ન. '**સ્વભાવ જલદી પ્રાપ્ત થાય...**' ૮૧ પાને નીચે છે છેલ્લો પ્રશ્ન. '**સ્વભાવ જલદી પ્રાપ્ત થાય તેનો કોઈ ઉપાય ખરો?**' સ્વભાવ કહો કે આત્મસ્વરૂપ કહો, મૂળ સ્વરૂપ. પ્રાપ્ત થવું એટલે અનુભવ થવો. કેમકે સ્વરૂપ તો શાશ્વત છે, પણ અનુભવ થાય ત્યારે પ્રાપ્તની પ્રાપ્તિ કહેવાય છે. સ્વભાવ તો પ્રાપ્ત જ છે. શાશ્વત છે એટલે. કાંઈ ચાલ્યો નથી ગયો, નાશ નથી થયો. અનુભવ થાય ત્યારે એની પ્રાપ્તિ થઈ ગણાય છે.

'સમાધાન :- પ્રાપ્ત કરવાનો ઉપાય એક ભેદજ્ઞાન જ છે.' પ્રાપ્ત કરવાના અનેક ઉપાય છે એવું નથી. અથવા કોઈ જલ્દી પ્રાપ્ત કરવાનો ઉપાય છે અને કોઈ ધીમે ધીમે પ્રાપ્ત કરવાનો ઉપાય છે એમ બે પ્રકારે ઉપાય છે એવું પણ નથી. ભેદજ્ઞાન દ્વારા જ સ્વરૂપ અનુભવ થાય છે. સ્વરૂપ અનુભવનું બીજું કોઈ કારણ નથી. **'ચૈતન્ય જ્ઞાયક જુદો અને વિભાવ જુદો એમ સ્વભાવ-વિભાવ બંનેને જુદા પાડવા.'** જુદાં પાડવા એટલે જુદાં અનુભવવા એમ કહેવું છે. જુદાં પાડવાનો અર્થ છે જુદાં અનુભવમાં લેવા. છે બંને. એક સમયમાં બંને મોજૂદ છે, હયાત છે, બંનેનો અનુભવ પણ જુદાં જુદાં પ્રકારનો છે. તેથી બંનેને જુદાં જુદાં અનુભવમાં લેવા.

મુમુક્ષુ :- જુદાં જુદાં અનુભવમાં ક્યા પ્રકારે લેવા?

પૂજ્ય ભાઈશ્રી :- એ કહેશે, એ ચર્ચા કરશે.

'યથાર્થ રુચિ,...' પછી મહિમામાં પણ યથાર્થ લઈ લેવું. યથાર્થ વિશેષણ બધાને લાગુ પાડવા. **'યથાર્થ રુચિ, મહિમા, લગની, તત્ત્વવિચાર કરીને પોતે સ્વભાવ ગ્રહણ કરવાની પરીક્ષક શક્તિ અંદરથી એવી પ્રગટ કરવી જોઈએ કે આ સ્વભાવ છે અને આ વિભાવ છે.'** પરીક્ષા છે એનાથી ઓળખાણ થાય છે. પરીક્ષા કરવાથી ઓળખાણ થાય છે.

મુમુક્ષુ :- આમાં ભાઈશ્રી! મુખ્ય ચાર ગુણો આવી ગયા. રુચિ, મહિમા, લગની તત્ત્વવિચાર..

પૂજ્ય ભાઈશ્રી :- હા, યથાર્થ રુચિ એ શ્રદ્ધાને લગતા પરિણામ છે. મહિમામાં તો બધા પરિણામો જોડાય છે, કોઈ એક ગુણ નથી. લગની છે એ પણ રુચિની સાથે ભળતી દશા છે અને તત્ત્વવિચાર છે એમાં મુખ્યતા જ્ઞાનની છે. એ યથાર્થપણે કરીને, યથાર્થપણે કરીને એટલે શું? કે જે ભૂમિકાનો ક્રમ છે એ ક્રમથી એને યથાર્થતા આવે છે. આડું-અવળું કરવા જાય તો યથાર્થતા નથી આવતી. અથવા ભૂમિકાએ ન ચડ્યો હોય ત્યાં સુધી, ક્રમમાં ન આવ્યો હોય ત્યાં સુધી જ્ઞાનીપુરુષની આજ્ઞા અનુસાર (વર્તવું). કેમકે એ પોતે ક્યાં ઊભો છે? પોતાની કેવી યોગ્યતા છે? અને એ યોગ્યતા અનુસાર ક્રમ સુધી પહોંચવા માટે મારે શું કરવું જોઈએ એ પોતાને ખબર નથી. એટલા માટે ત્યાં માર્ગદર્શનની જરૂર પડે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં યથાર્થ શબ્દ વપરાયો. એ યથાર્થ કઈ રીતે વપરાય? એક અનુભૂતિ પ્રગટ થાય ત્યારે યથાર્થ અને એક અનુભવ પ્રગટ કરવાની...

પૂજ્ય ભાઈશ્રી :- અનુભૂતિ પ્રગટ થાય ત્યારે એને સમ્યક્ કહેવાય છે. ત્યારે નામ બદલાય યથાર્થતાનું નામ સમ્યક્તામાં આવી જાય.

મુમુક્ષુ :- એટલે સમ્યક્ યથાર્થ છે ત્યારે?

પૂજ્ય ભાઈશ્રી :- પોતે સમ્યક્ થઈ ગયો. અનુભૂતિ પછી રુચિ પણ સમ્યક્ છે એટલે શ્રદ્ધા પણ સમ્યક્ છે, જ્ઞાન પણ સમ્યક્ છે, આચરણ પણ સમ્યક્ છે, પુરુષાર્થ પણ સમ્યક્ છે. ત્યારે અનંતા સર્વ ગુણો બધા સમ્યક્ છે. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. એ પહેલા મુમુક્ષુની ભૂમિકામાં યથાર્થ હોવું જોઈએ. યથા-અર્થ એટલે જે ભૂમિકામાં જે હોવું ઘટે તે ભૂમિકામાં તે હોય એનું નામ યથાર્થ. આડું-અવળું ન હોય એનું નામ યથાર્થ. યથા-અર્થ, યથા પ્રયોજન. અર્થ નામ પ્રયોજન.

મુમુક્ષુ :- પરિણામ યથાર્થ ન હોય તો પહેલું સમકિત અને બીજો સમકિત. તો પહેલા સમકિતમાં યથાર્થ લાગુ પડે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પહેલું સમકિત થાય એમાં પણ યથાર્થતા હોય તો જ થાય.

મુમુક્ષુ : અને બીજા સમકિતમાં?

પૂજ્ય ભાઈશ્રી :- બીજા સમકિતમાં તો પછી યથાર્થ જ હોયને. પછી બીજા સમકિતમાં અયથાર્થ હોવાનું કારણ નથી.

મુમુક્ષુ :- એટલે બેય યથાર્થમાં ડીગ્રીનો ફેર પડે?

પૂજ્ય ભાઈશ્રી :- ઘણો ફેર પડે. ફેર પડે એટલે ઘણો ફેર પડે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યહ યથાર્થતાકા શરૂઆત... અંદર સે ઉંડાણસે જો છૂટનેકા ભાવ ઉત્પન્ન હોતા હૈ, પરિભ્રમણકી વેદના હોતી હૈ. વહાં સે યથાર્થતા...

પૂજ્ય ભાઈશ્રી :- યથાર્થતા ત્યાંથી શરૂ થાય છે. પ્રથમ પરિભ્રમણની ચિંતના અને માર્ગની ઝુરણા, માર્ગ માટેની ઝુરણા (થાય) ત્યાંથી યથાર્થતા શરૂ થાય છે. અને એવી યથાર્થતા શરૂ ન થાય... ત્યાંથી માર્ગનો ક્રમ શરૂ થાય છે, માર્ગે પહોંચવા માટેનો મુમુક્ષુનો મુમુક્ષુની ભૂમિકાનો ક્રમ શરૂ થાય છે.

મુમુક્ષુ :- મુમુક્ષુની ભૂમિકામાં તે તે ભૂમિકાની પરિણતિ થાય તો એ યથાર્થ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો યથાર્થ છે. નહિતર વેદના આવે. છતાં વેદના યથાર્થ કેમ નથી? કે પરિણતિ નથી એ એનું પ્રુફ છે—યથાર્થતાનું પ્રુફ છે. પરિણતિ થવી તે યથાર્થતાનું પ્રુફ છે કે આ બરાબર થઈ. અથવા યથાર્થ ભૂમિકા આવે એટલે ઉપલી ભૂમિકાનું અનુસંધાન થાય. જેમકે ચિંતના અને માર્ગની શોધની ઝુરણા આવે એટલે ઉદાસીનતા આવે. એ બંને યથાર્થ થાય એટલે દઢ મુમુક્ષુતા એટલે એક મોક્ષને માટે જ પ્રયત્ન કરવો એવું પૂર્ણતાનું લક્ષ બંધાય. પૂર્ણતાનું લક્ષ બંધાય એટલે પોતાની

સ્થિતિ અને પૂર્ણતા વચ્ચેનો તફાવત પોતાને દેખાય. એટલે ફોર્સ ઉત્પન્ન થાય, સંવેગ જેને કહેવામાં આવે છે. જોર આવે. પહેલેથી જે આત્મકલ્યાણની ભાવના છે એ એક બળવાનપણે સંવેગને લઈને નવા તબક્કામાં પ્રવેશ કરે. એ કારણથી અવલોકન શરૂ થાય. અવલોકનની પ્રેક્ટિસ શરૂ થાય ત્યાંથી પ્રયોગ શરૂ થયો. એ પ્રયોગની ભૂમિકામાં પ્રવેશ કરે છે.

બહુ શરૂઆતમાં લીધું હતું. યથાર્થ રુચિ એટલે અંદરથી જરૂરિયાત લાગવી. યથાર્થ રુચિ એટલે અંદરથી આત્માને જરૂરિયાત લાગે તો એને યથાર્થ રુચિ છે. મારે ચાલશે નહિ. આ કામ કર્યા વિના મને ન ચાલે, ચાલી શકે જ નહિ. એવી જરૂરિયાત લાગે. એ ક્યારે લાગે? યથાર્થ મહિમા એટલે મૂલ્યાંકન યથાર્થ થયું હોય ત્યારે. યથાર્થ મૂલ્યાંકન થાય ત્યારે એને એ જરૂરિયાત બરાબર છે એનો મેળ ખાઈ જાય. અનંત ભવના અનંત દુઃખ મટે, અનંત સુખની પ્રાપ્તિ થાય એવું એ મૂલ્યાંકન છે. એ મૂલ્યાંકન એ ભૂમિકાનો મહિમા છે, કિંમત છે. એને લઈને તાલાવેલી અને લગની ઉત્પન્ન થાય કે આમાં હવે મોડું કર્યે પોસાય નહિ. અને આત્મકલ્યાણની વિચારણા દરેક ઉદયમાં, દરેક પ્રસંગમાં ચાલુ ને ચાલુ રહે. એ યથાર્થ સુવિચારણા છે અથવા તત્ત્વ વિચાર છે પ્રારંભિક દશામાં.

શરૂઆતમાં તત્ત્વવિચાર એ છે કે મારે ખાવું છે તો આત્માના કલ્યાણ અર્થે, ઉપવાસ કરવો છે તોપણ આત્માના કલ્યાણ અર્થે. કમાવા માટે પ્રવૃત્તિ કરવી છે તોપણ આત્માના કલ્યાણ અર્થે. એ પ્રવૃત્તિ છોડીને નિવૃત્ત થવું છે તોપણ આત્માના કલ્યાણ અર્થે. એમ દરેક પ્રવૃત્તિમાં સુવિચારણા કન્ટીન્યુ રહે. આત્મકલ્યાણનું પ્રયોજન વિસ્મરણ કરીને ન ચાલે. એ શરૂઆતની ભૂમિકાની તત્ત્વ વિચારણા છે અથવા સુવિચારણા છે. પછી એ ચારે બોલ આગળ પણ આવે કે જ્યારે સ્વરૂપ લક્ષમાં આવે, ભાવભાસન થાય ત્યારે સ્વરૂપની અનન્ય રુચિ પ્રગટે, સ્વરૂપનો અપૂર્વ મહિમા આવે. જેટલો મહિમાવંત પદાર્થ છે એવો જ એનો મહિમા આવે. પદાર્થ નિર્ણય પછી આત્મતત્ત્વના જ વિચાર ચાલે, બીજા ન ચાલે.

'પોતે સ્વભાવ ગ્રહણ કરવાની પરીક્ષક શક્તિ અંદરથી એવી પ્રગટ કરવી જોઈએ...' કે આવા પરિણામ થાય ત્યારે જ્ઞાનમાં નિર્મળતા થાય અને સ્વભાવને ઓળખવાની, પરખવાની શક્તિને પરીક્ષક શક્તિ કહેવામાં આવે છે. ખાલી સ્વભાવને ઓળખે છે એમ નહિ, ગ્રહણ કરે છે, સાથે સાથે એ ગ્રહણ કરે છે. એટલે સ્વપણે પોતાનું સ્વરૂપ જણાય છે. સ્વભાવ છે એ પોતાનું સ્વરૂપ છે. એ સ્વપણે સ્વભાવને જાણવાનું બને છે. જ્યારે આત્માની ઓળખાણ થાય ત્યારે પોતાનો આત્મા પોતાપણે

ઓળખાય. એ એનું ઓળખાણનું લક્ષણ છે. પોતાપણે ઓળખાય. છે પોતાનું સ્વરૂપ છે માટે. **'અંદરથી પ્રગટ કરવી જોઈએ કે આ સ્વભાવ છે ને આ વિભાવ છે.'** એમ સ્વભાવ-વિભાવનું જુદાંપણું જે છે એ ઓળખીને નક્કી થાય ત્યારે ભેદજ્ઞાન શરૂ થાય. જ્યાં સુધી એ બે ઓળખાય નહિ ત્યાં સુધી કોની-કોની વચ્ચે ભેદ પાડે? ભેદ કોની વચ્ચે પડે? અંદરથી સ્વભાવ અને વિભાવ છે એમ ઓળખાણ આવે જુદી-જુદી.

'અંદર લગની લાગે તો તે થયા વગર રહેતું નથી.' આ એમનો પોતાનો અનુભવ છે. શરૂઆતથી પોતાને બહુ લગની લાગેલી. આત્મકાર્યની લગની ઘણી ઉપડી હતી. ચર્ચામાં એ વિષય ખાસ આવે છે કે લગની લાગવી જોઈએ. તો એક લયે કામ થાય. લગની લાગે તો એક લયે કામ થાય. લગન ન હોય તો ઘડીક આમ ને ઘડીક આમ, ઘડીક આમ ને ઘડીક આમ, પરિણામનું ઠેકાણું પડે નહિ, લાઈને ન ચડે. એટલે એમ કહ્યું કે અંદરથી લગની લાગે તો આત્માનું કામ થયા વગર રહેતું નથી. એ પોતે અનુભવ કરીને બોલે છે. અમને આમ થયું છે માટે બીજાને પણ આમ થાય તો આમ થાય જ, ન થાય એવું ન બને.

મુમુક્ષુ :- શ્રીગુરુની આજ્ઞામાં એકતાન થાવું છે, લગની અંદરથી લાગે ત્યારે એકતાન થાયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો જ થઈ શકે, નહિતર ન થઈ શકે.

'દેવ-શાસ્ત્ર અને ગુરુદેવ શું કહે છે તેનો આશય ગ્રહણ કરવા માટે પોતે અંદર તૈયારી કરે,...' શું કહ્યું? દેવ, શાસ્ત્ર અને ગુરુ એના કહેવાનો જે આશય છે, આશય બધો, કોઈપણ કથનનો આશય આત્મકલ્યાણ છે. જીવને પોતાને કલ્યાણ કેવી રીતે થાય એ જ આશય છે. એ આશય ગ્રહણ કરે, જ્યાં ઊભો હોય ત્યાંથી. પોતે જ્યાં ઊભો છે એ ભૂમિકાનો ઉપદેશ આવે એટલે એને તરત ખ્યાલ પડે કે મારે કરવાની વાત આવી, મારે યોગ્ય આ વાત આવી, મને લાગુ પડે એવી વાત આવી. એટલે એ ગ્રહણ કરે. એને આશય ગ્રહણ કર્યો કહેવાય. આમ તો બધી વાતો આત્મકલ્યાણ અર્થે જ છે, પણ બધી વાતો એક જીવને લાગુ પડે નહિ. કેમકે બધાની યોગ્યતા જુદી-જુદી, ભૂમિકા જુદી-જુદી.

'તેનો આશય ગ્રહણ કરવા માટે પોતે અંદર તૈયારી કરે,...' અંદર તૈયારી કરે એનો અર્થ આ છે. પોતાની ભૂમિકાને અનુલક્ષીને ગ્રહણ કરવાની વૃત્તિ રહે અને એ રીતે ગ્રહણ કરી લ્યે તો આગળ વધે. નહિતર બધું સારે લાગે. ઉપદેશ તો બધો સારો જ છે, કોઈ એમાં ખરાબ વાત હોય નહિ. ઉપદેશમાં કોઈપણ ભૂમિકામાં સારી

જ વાત હોય, ખરાબ વાત હોવાનો સવાલ નથી. ઊંચી ભૂમિકામાં ઊંચી વાત હોય એ વધારે સારી છે. પણ તૈયારી શું? કે પોતાને ગ્રહણ કરવાયોગ્ય હોય એ ગ્રહણ થાય એવી પોતાની તૈયારી હોવી જોઈએ. નહિતર સારું લાગે એટલામાં એ અટકી જાય. સારું લાગે, સારું લાગે અને અટકી જાય. સારું લાગવામાં અટકી જાય. એટલે સાંભળવાનો રસ રહ્યા કરે, વાંચતા હોય તો વાંચવાનો રસ રહે, ચર્ચા કરતા હોય એને ચર્ચા કરવાનો રસ રહે. પણ એ સારું લાગીને અટકી જાય. આ કોઈ મનોરંજનનો વિષય નથી કે મનને સારું લાગે એવું કર્યા કરો. આ તો કાળજી રાખીને, દરકાર કરીને પોતાને યોગ્ય જે જે વાત છે એ વાત ઉપર ધ્યાન જાય અને એનું ગ્રહણ થાય તો પોતે ઉભો છે ત્યાંથી આગળ વધી શકે, નહિતર આગળ ન વધી શકે.

એ રીતે '**પોતે અંદર તૈયારી કરે,...**' આગળ વધીને '**ચૈતન્યનો સ્વભાવ ગ્રહણ કરવાની તીક્ષ્ણ તૈયારી કરે...**' પછી એમાં આગળ વધતો જાય અને છેવટે પોતાનો જે ચૈતન્યસ્વભાવ છે એ ગ્રહણ કરવાની તીક્ષ્ણ તૈયારી કરે. એટલે એ વખતે પુરુષાર્થ તીવ્ર હોય છે. સ્વરૂપ ગ્રહણ થાય, સ્વરૂપનો અનુભવ થાય ત્યારે પુરુષાર્થ એકદમ ઉગ્રતા પકડે છે. એટલે એને તીક્ષ્ણ તૈયારી કીધી. '**તો થયા વગર રહે નહિ.**' એ કર્તૃત્વબુદ્ધિએ નથી. કરે.. કરે... એમ વાત આવી, પણ એ સહજ થાય છે. પછી આગળ વધે ત્યારે પુરુષાર્થ છે એ જોર પકડે છે અને એ પુરુષાર્થના પરાક્રમથી અનુભવ થાય છે. અનુભવ થયા વગર રહે નહિ એમ કહેવું છે. પોતાનો પુરુષાર્થ પરિણમે, પુરુષાર્થ કાર્ય કરે અને અનુભવ ન થાય એમ બને નહિ. એ તો સ્વભાવની વાત છે. ગોળ નાખો તો ગળ્યુ થાય જ. પાણીમાં, દૂધમાં સાકર નાખો તો ગળપણ થવાનું. કેમકે એ તો વૈજ્ઞાનિક છે, સાયન્સ છે. એમ પુરુષાર્થ કરે અને અનુભવ ન થાય એમ બને નહિ. ઘણા ભ્રમથી એવો પ્રશ્ન કરે, અમે પુરુષાર્થ તો કરીએ છીએ પણ અનુભવ થતો નથી. કારણ આપે અને કાર્ય ન થાય એ તો વસ્તુના સ્વરૂપ બહારની વાત છે. વસ્તુના સ્વરૂપમાં એ હોય જ નહિ. જેવું કારણ આપે, જેટલું કારણ આપે એવું અને એટલું કાર્ય થયા વગર રહે નહિ.

'**ઉપાય તો આ એક જ છે કે જ્ઞાયકતત્ત્વ જુદું અને વિભાવ જુદો એવું ભેદજ્ઞાન કરવું.**' અનુભવ થવામાં, સ્વાનુભવ થવામાં, સમ્યગ્દર્શન થવામાં આ એક જ કારણ છે-ભેદજ્ઞાન. બીજો કોઈ ઉપાય છે એમ કદી વિચારવાયોગ્ય પણ નથી. કેમકે આ તો અનંતા જ્ઞાનીઓની અનુભવસિદ્ધ વાત છે. કેવી? અનુભવથી સિદ્ધ થયેલી. બધા જ્ઞાનીઓને જેને અનુભવ થયો એને ભેદજ્ઞાનપૂર્વક થયો છે. બીજી વાત નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ તો પુરુષાર્થની જ વાત છે, આમાં પ્રારબ્ધવાળો અલગ

જ પડી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પુરુષાર્થ છે એ પ્રારબ્ધને ઘડે છે. પ્રારબ્ધ પુરુષાર્થને ઉત્પન્ન નથી કરતો. પ્રારબ્ધ છે એ બાહ્ય પદાર્થોના સંયોગ-વિયોગને લાગુ પડે છે. એ પ્રારબ્ધ આધીન છે. પણ અંદરમાં આત્માનો પુરુષાર્થ છે એ પ્રારબ્ધ આધીન નથી, એ પ્રારબ્ધ આધીન નથી. અને એ પુરુષાર્થે જીવ ચડે ત્યારે જે પ્રારબ્ધ સંચિત કર્મનું હોય એમાં ફેરફાર થવા માંડે છે. કર્મની રેખા પુરુષાર્થથી બદલી શકાય છે. એવી વસ્તુ છે. બળવાન છે ઈ, પુરુષાર્થ છે એ બળવાન છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમ લઈએ તો પ્રારબ્ધ છે એ પરપદાર્થ છે અને પુરુષાર્થ સ્વપદાર્થ.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રારબ્ધ છે એનો સંબંધ છે એ પરપદાર્થ સાથે છે, પુરુષાર્થ સાથે નથી. અને સ્વપદાર્થની પ્રાપ્તિ પુરુષાર્થ આધીન છે. પ્રારબ્ધ આધીન નથી પણ પુરુષાર્થ આધીન છે. એમ વિચારવું.

મુમુક્ષુ :- અનુદય પરિણામ છે.

પૂજ્ય ભાઈશ્રી :- કારણ કે એ તો અનુદય પરિણામ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ઉદયથી ભિન્ન પડીને થતા અનુદય પરિણામ છે. પ્રારબ્ધને ઉદય સાથે સંબંધ છે.

મુમુક્ષુ :- પ્રારબ્ધ જડ છે એક અપેક્ષાએ અને પુરુષાર્થ છે એ ચેતન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે.

'હું અખંડ જ્ઞાયક છું-એમ દૃષ્ટિ થતાં ગુણભેદ-પર્યાયભેદનું જ્ઞાન તેમાં સમાઈ જાય છે.' આ એક બહુ સરસ વાત કરી છે કે સ્વરૂપદૃષ્ટિ થતાં, આત્મદૃષ્ટિ થતાં આત્મામાં રહેલા ગુણ-પર્યાયોનું ભેદનું જ્ઞાન પણ એમાં સમાઈ જાય છે એટલે વગર વિકલ્પે એ જ્ઞાન થઈ જાય છે. એ સમજવા માટે વિકલ્પ કરવો પડશે નહિ, નહિ કરવો પડે. એનું જ્ઞાન એની અંદર આવી જાય છે. ગુણ અને પર્યાય તો ભેદ છે, પદાર્થના ભેદો છે. એ ભેદનું જ્ઞાન ભેદવિચારથી થાય એ તો બધાય સમજે પણ અહીંયાં અભેદ અનુભવ થતાં એ ભેદનું જ્ઞાન થઈ જાય છે. એવું સામર્થ્ય છે. અનુભવમાં એવું સામર્થ્ય છે. જેમકે આત્મામાં અનંત ગુણો છે. પણ જે સ્વાનુભવ થયો એ તો આખા આત્માનો થયો. અખંડ આત્માનો થયોને? કોઈ અંશનો નથી થયો. તો અનંત ગુણોનું ભેદવાળું જ્ઞાન ન આવે. અભેદ અનુભવમાં અનંત ગુણોનું જ્ઞાન અભેદપણે આવી ગયું. પછી જેટલા વિકલ્પ ચાલે એટલા ભેદ પડે. પણ અનંતા ગુણધર્મો છે. બધા કાંઈ ભેદ પડે નહિ. એટલો અનંત સમય પણ નથી સાધકદશામાં. એ પહેલા

કેવળજ્ઞાન પ્રગટ થશે અને બધું પ્રત્યક્ષ થઈ જશે.

મુમુક્ષુ :- અભેદમાં ભેદનું જ્ઞાન થઈ જાય છે એટલા માટે એને સમ્યક્ નામ લાગુ પડે છે. એ સમ્યગ્જ્ઞાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ સમ્યક્તાને અનુસરીને બધું છે. એ એક જ્ઞાનની એવી કોઈ લબ્ધિ છે. જ્ઞાનની કોઈ લબ્ધિ છે એને લઈને એમ થાય છે. ભેદ પડ્યા વગર ભેદનું જ્ઞાન થઈ જાય એ જ્ઞાનની લબ્ધિ છે.

'યથાર્થ દૃષ્ટિ થાય તેની સાથે જ્ઞાનમાં બધું સમાઈ જાય છે.' સાથે સાથે જ ઑટોમેટિક. એવું જે જ્ઞાન પોતે કેવળજ્ઞાનની લબ્ધિ થઈને ઉત્પન્ન થાય છે. શું કહે છે? કેવળજ્ઞાનની લબ્ધિ લીધી છે. સ્વરૂપ અનુભવ થાય એને કેવળજ્ઞાનની લબ્ધિ થઈ ગઈ. ઉપયોગ પછી તેરમા ગુણસ્થાને થશે. લબ્ધિ અત્યારે થઈ ગઈ.

મુમુક્ષુ :- લબ્ધિ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- લબ્ધિ એટલે લબ્ધિ-પ્રાપ્તિ. એક ન્યાયે પ્રાપ્તિ-ઉપલબ્ધિ. લબ્ધિ એટલે પ્રાપ્તિ એક ન્યાયે. પ્રગટપણે નથી. એટલે કૃપાળુદેવે નમસ્કાર વચનમાં લે છેને? 'જો કદી પ્રગટપણે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, તોપણ શ્રદ્ધા અપેક્ષાએ કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન પ્રગટે છે, ઈચ્છાદશાએ કેવળજ્ઞાન વર્તે છે.' વર્તે છે... વર્તે છે.. લીધું છે. એ લબ્ધિની વાત છે. ૪૯૩ છેને? નમસ્કાર વચન છે એમાં એ વાત લીધી છે. જો કદી પ્રગટપણે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી એટલે જે તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન થાય એવું થયું નથી તોપણ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, પુરુષાર્થ આદિ અપેક્ષાએ અમને કેવળજ્ઞાનની લબ્ધિ પ્રગટી છે. જે લબ્ધિ છે એ એક પ્રગટ અંશ છે એનો. એની જાતિ અપેક્ષાએ કેવળજ્ઞાનની જાતિ અને સમ્યગ્જ્ઞાનની જાતિ એક જ છે. કેવળજ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન છે અને સમ્યગ્જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન છે. કેવળજ્ઞાનનું સમ્યગ્જ્ઞાન મોટું અને ચોથા ગુણસ્થાનવાળાનું સમ્યગ્જ્ઞાન નાનું એટલે લઘુનંદન એમ નથી. એક જ જાતિ છે.

મુમુક્ષુ :- ખાલી પુરુષાર્થ અપેક્ષાથી વાત છેને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, સમ્યક્ જાતિ. જ્ઞાનની બે જાતિ—સમ્યક્ અને મિથ્યા. ચોથા ગુણસ્થાન પહેલા જ્ઞાન મિથ્યા જાતિમાં છે અને ચોથા ગુણસ્થાનથી પછી ઉપરના બધા ગુણસ્થાનથી જ્ઞાન સમ્યક્ જાતિમાં છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન અને સમ્યગ્દૃષ્ટિમાં ખાલી પુરુષાર્થનો ફેર છે બાકી તો બધું બરાબર જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનની ગતિ ઓછી-વધતી છે, જ્ઞાનની ગતિ ઓછી-વધતી

છે. કેવળજ્ઞાનની જેટલી ગતિ છે એટલી ગતિ છદ્મસ્થના જ્ઞાનની નથી. ગતિ છે એ સદ્‌ભાવ અને અભાવને બતાવે છે. કેવળજ્ઞાનમાં જેટલો જ્ઞાનનો સદ્‌ભાવ છે એટલો સદ્‌ભાવ નીચે છદ્મસ્થને નથી. એટલે એને ગતિ કહે છે. ગતિમાં ફેર છે, જાતિમાં ફેર નથી. અને શક્તિ પણ બેયની છે એક પ્રકારની, સ્વપરપ્રકાશની. કેવળજ્ઞાન પણ સ્વપરપ્રકાશક છે અને સમ્યગ્જ્ઞાન પણ સ્વપરપ્રકાશક છે. શક્તિ એને પ્રગટ થઈ ગઈ. ચોથા ગુણસ્થાનથી જ્ઞાનની સ્વપરપ્રકાશક શક્તિ પ્રગટ થઈ, સ્વભાવ શક્તિ. ગતિમાં ફેર છે, જાતિ એક છે. એટલે બંનેનું અસ્તિત્વ, સત્તા સ્વક્ષેત્રપ્રમાણ છે. એ તો જેટલું ક્ષેત્ર છે દેહપ્રમાણે એટલામાં એ રહે છે. કેવળજ્ઞાન કાંઈ બહાર વયુ જાય છે એવું નથી.

મુમુક્ષુ :- જેમ બાળકમાં યુવાન સમાયેલો ગણાય છે એ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એ રીતે સર્વથા લાગુ ન પડે. બાળક એક અવસ્થા છે અને યુવાન થવાયોગ્ય છે. યુવાન થયા પહેલા (મરી પણ જાય). એટલે સર્વથા લાગુ ન પડે. અહીંયાં તો જન્મ થયો સમ્યગ્જ્ઞાનનો એટલે કેવળજ્ઞાન થવાનું, થવાનું અને થવાનું જ છે. અહીંયાં વચ્ચે પડી જાય એવી વાત નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વસંવેદન થાય છે એમાં ડિગ્રીનો ફર્ક છે. જાત એક છે પણ ડિગ્રીનો ફર્ક થાય છે.

મુમુક્ષુ :- આજ ધારાએ કેવળજ્ઞાન લેવાના છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે. સમ્યગ્જ્ઞાનની ધારા ઉગ્ર થઈ અને કેવળજ્ઞાન પ્રગટ થશે.

શું કહે છે? કે ભેદો બધા જ્ઞાનમાં સમાય જાય છે. '**તેણે પાત્રતા તૈયાર કરવાની રહે છે.**' જીવે પોતાની પાત્રતા તૈયાર કરવી જોઈએ. મુમુક્ષુની ભૂમિકા એ પાત્રતાની ભૂમિકા છે. પાત્રતા વગર કોઈને જ્ઞાન થાય કે મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય એવું બનતું નથી. જીવે તો પાત્રતા તૈયાર કરવાની છે. પાત્રતાનો એક વધારે સારો ગુણ અથવા ધર્મ એ છે, પાત્રતાનો ધર્મ એક બહુ સારો એ છે કે પાત્રતા ઉત્પન્ન થતા વાર ન લાગે. ઈન્સ્ટન્ટ એકદમ તૈયાર. ક્યારે? અત્યારે. એટલે કોઈ પણ વર્તમાનમાં. કેવી રીતે? કે જેવો જીવ નિર્ધાર કરે કે મારે આત્મકલ્યાણ સિવાય બીજું કાંઈ જોઈએ નહિ, બીજું કાંઈ ખપે નહિ. આ સંસારમાંથી હવે મારે કાંઈ લેવું નથી. એ મુકાઈ જાય. અને એક આત્મા જ જોઈએ એ વખતે પાત્રતા તૈયાર. બીજી સેકન્ડ નહિ બચે હવે. ઉધાર નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મારે આત્મા જોઈએ આ જ પાત્રતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ પાત્રતા છે. એટલે પાત્રતાવાળાને મોક્ષમાર્ગ મળે, પાત્રતા વગર મોક્ષમાર્ગ ન મળે. ઈ એક કન્ડિશનલ વાત છે, શરતી વાત છે મોક્ષમાર્ગ મળવામાં, પ્રાપ્ત થવામાં. પણ પાત્રતા માટે કોઈ કન્ડીશન નથી. અત્યાર સુધી ભલે ગમે તેવા પરિણામ થયા હોય તમારા અજ્ઞાનભાવે, એ સંભવ છે પણ મોક્ષમાર્ગની પાત્રતા કરવામાં તમારે અત્યારે જ તમે નિર્ધાર કરો એટલે પાત્રતા એ વખતે હાજર. બધું પડ્યું રહે. અત્યાર સુધી જેટલું ઊંધું કર્યું એટલું બધું પડ્યું રહે અને તમારી પાત્રતા ચાલુ થઈ જાય. આટલી સુવિધા, પાયાની સુવિધા આટલી બધી છે.

મુમુક્ષુ :- પાત્રતાની પણ ડિગ્રી હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાત્રતાની ડિગ્રી હોય છે.

મુમુક્ષુ :- ગર્ભિત પાત્રતા, વર્તમાન પાત્રતા, ભવિષ્ય પાત્રતા.

પૂજ્ય ભાઈશ્રી :- પાત્રતાના ભેદો છે એ બધા, પણ આ પાત્રતા ખાસ પ્રકારની પાત્રતા છે. મારે એક આત્મા જ જોઈએ, આત્મકલ્યાણ સિવાય મારે હવે કાંઈ કરવું નથી એ ખાસ પ્રકારની પાત્રતા છે, વિશિષ્ટ પ્રકારની પાત્રતા છે. એ પાત્રતામાં આવે એને આત્મલાભ થાય, થાય ને થાય જ. અનુભવ થાય, થાય ને થાય જ. મોક્ષમાર્ગમાં આવે, આવે ને આવે જ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મારે એક મહાત્મા જ જોઈએ બીજું કાંઈ ન જોઈએ એ આમાંથી નીકળે છે?

પૂજ્ય ભાઈશ્રી :- શેમાંથી? આત્મા જોઈએ અને બીજું કાંઈ ન જોઈએ એમાં પાત્રતા પ્રગટે બસ. સીધી સાદી વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાની ધર્માત્મા જ જોઈએ બીજું કાંઈ ન જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એ પછી એમાંથી નીકળે. આત્મા જોઈએ એમાંથી પછી મને જ્ઞાનીપુરુષ જોઈએ, કેમકે હું અજાણ્યો છું તો માર્ગદષ્ટા પુરુષ હોય તો મને માર્ગે દોરી જાય, એ પછી પાત્રતામાંથી એ વાત આવે છે.

'તેણે પાત્રતા તૈયાર કરવાની રહે છે. જેને આત્માર્થતાનું પ્રયોજન છે તેને બધાં લૌકિક પ્રયોજન ગૌણ થઈ જાય-છૂટી જાય છે અને એક આત્માનું પ્રયોજન રહે છે.' આ પાત્રતામાં આમ બને છે, પાત્રતામાં આવું બને છે. એક જેને આત્માર્થતાનું પ્રયોજન છે તેને બધા લૌકિક પ્રયોજન એટલે શું? કે પોતાના જે કર્મો બાંધ્યા છે પહેલા એનો ઉદય, શુભ-અશુભ કર્મનો ઉદય ક્રમશઃ, ક્રમથી ધારાવાહી ચાલ્યો જ આવે છે અને જીવ ઉદયના કાર્યોની અંદર કામ કરતો થઈ જાય છે. એ ગૌણ થઈ

જવો જોઈએ. ઉદયમાં તો જ્ઞાની પણ ઉદય અનુસાર તો કાર્ય કરતા જોવામાં આવે છે. પણ એમને એ ભિન્ન થઈ ગયું છે. અને મુમુક્ષુતામાં ગૌણ થવું જોઈએ. કોઈ કહે કે અમારે ન કરવું? ત્યાગ કરી દેવો? ઘરબાર છોડી દેવું? દુકાન બંધ કરી દેવી? એ પ્રશ્ન નથી. મુમુક્ષુની ભૂમિકા ત્યાગની ભૂમિકા નથી. પણ એ અપ્રયોજનભૂત છે એવો અભિપ્રાય પલટવાનો છે પહેલા. અત્યાર સુધી અભિપ્રાયમાં એ બધાનું પ્રયોજન હતું કે આ મારે કામની ચીજ છે. આ મને સુખનું કારણ છે. સુખબુદ્ધિ અને આધારબુદ્ધિ હતી. એ અભિપ્રાય પલટીને એની ગૌણતા થઈ જવી જોઈએ.

મુમુક્ષુ :- લાભ-નુકસાનનો જે અભિપ્રાય છે એ છૂટી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાય છૂટી જવો જોઈએ, બુદ્ધિ બદલાવી જોઈએ.

મુમુક્ષુ :- એમાં શું અનુભવપૂર્વક થાય છે કે ઉદયમાં એ અનુભવ થાય કે મારા લાભનું કારણ નથી ત્યારે એવો અભિપ્રાય પલટે? જે વસ્તુમાં લાગતું હોય કે આ મને સુખનું કારણ છે એમાં જ્યારે અનુભવ થાય કે...

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ પણ થાય છે. બધા-બધા પડખેથી કેળવે છે. જ્યારે પ્રયોગ કરે ત્યારે બધા પડખેથી અભિપ્રાયને પલટવા માટે કેળવણી લે. પહેલા એકવાર નિર્ધાર થવો જોઈએ કે મારે આ જ જોઈએ છે અને બીજું જોઈતું નથી. પછી જે લાભ-નુકસાનની બુદ્ધિ પડી છે એ મોળી પડે અને એને તોડવા માટેના પ્રયોગ કરે, પ્રયત્ન કરે, પુરુષાર્થ કરે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપ જેમ કહો છો એક સમયમાં હમણા જ પાત્રતા થઈ જાય. પછી લગની એને એકદમ લયપૂર્વક લાગુ થઈ જાય ત્યારે ને ત્યારે?

પૂજ્ય ભાઈશ્રી :- યથાર્થ હોય તો લગની ઊપડે. યથાર્થ પાત્રતા આવે એટલે લગની ચાલુ થઈ જાય. કેમકે એનું મૂલ્યાંકન ભાસ્યું છે કે કેટલો મોટો લાભ છે. જીવનો એવો સ્વભાવ છે કે એ જેટલો મોટો લાભ જોવે એટલી એની દોડ તીવ્ર થઈ જાય. લગની છે એ દોડ છે પરિણામની. સંસારમાં પણ મોટો લાભ દેખાતો હોય તો માણસ મોટું સાહસ કરે છે. પરિણામની દોડ લગાવે છે કે નહિ? દેશ-વિદેશ જાય છે વેપાર કરવા. ઉપર ૩૫-૪૦ હજાર ફૂટ ઊંચે ઉડે છે ત્યારે ખબર નથી કે આમાંથી કાંઈ થાય તો કોઈનું હાડકું હાથમાં આવે નહિ. સાહસ શું કરવા કરે છે? લાભ દેખાય છે માટે. જેમ લાભ મોટો દેખાય એમ એનો ઈન્ટ્રેસ્ટ ઑટોમેટિકલી સ્વભાવગત ક્રિએટ થઈ જાય, એ ઈન્ટરેસ્ટ ક્રિએટ નથી કરવો પડતો. જ્ઞાન છે એ રસને ઉત્પન્ન કરે છે એટલા માટે એને જ્ઞાનરસ કીધો છે. તને લાભ કેટલો? કે ત્રણ લોકનો નાથ થાય એટલો. સિદ્ધપદ મળે એથી મોટો કયો લાભ? એથી આગળ

કોઈ ચીજ નથી. એની પાસે સંસાર આખું, જગત આખું તુચ્છ છે. એ વાત જ્યારે સમજાય જાય ત્યારે એનો રસ અને લગની તીવ્રતા ઊપડ્યા વગર રહે નહિ. જ્યાં સુધી એ બરાબર યથાર્થ સમજાતું નથી ત્યાં સુધી જીવને પેલો જગતનો મહિમા, ઉદયનો મહિમા જાતો નથી એટલે પરિણામ એ બાજુ ખેંચાયા કરે છે.

'**તેને બધાં લૌકિક પ્રયોજન ગૌણ થઈ જાય-**' એ એમ ને એમ ગૌણ નથી થઈ જતા. એની સામે લાભ જોયો છે ત્યારે ગૌણ થઈ જાય છે. '**અને એક આત્માનું પ્રયોજન રહે છે.**' જ્યાં એક આત્માનું પ્રયોજન રહ્યું ત્યાં બીજા પરિણામો કોના આધારે ટકશે? એને ટકવા માટે કોઈ આધાર તો રહ્યો નહિ. આત્મા અનંત શક્તિનો ધણી છે એ પોતે એને આધાર આપતો હતો એટલે એ ચાલતા હતા, ચાલુ રહેતા હતા. એનો આધાર ગયો અને એનો અનાદર થયો. ક્યાં સુધી ટકશે? એ નહિ ટકી શકે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૧૦૯

પ્રશ્ન :- આ જીવ બધું સાંભળવા છતાં આગળ કેમ જતો નથી?

સમાધાન :- ગુરુદેવને ઊંડાણથી શું કહેવું છે? ગુરુદેવ શું કહી રહ્યા છે? તે આશય ગ્રહણ કરીને પછી પ્રયત્ન કર્યો નથી. પહેલાં તો આશય ગ્રહણ કર્યો નથી, તેથી આશય ગ્રહણ કરીને પોતાનો પુરુષાર્થ ઊપડવો જોઈએ તે ઊપડતો નથી. ગુરુદેવે માર્ગ બતાવ્યો કે આ માર્ગ છે તે બુદ્ધિમાં ગ્રહણ થયો, પણ અંતરમાં તેનો આશય ઉતારીને આગળ જવું જોઈએ તે જતો નથી. અને એમ ને એમ અજ્ઞાનમાં ઊભો રહે છે. તે જાતની રુચિ છે, પણ આગળ જતો નથી. અનંતકાળમાં ક્યારેક સત્ સાંભળવા તો મળ્યું છે પણ પોતે ગ્રહણ કર્યું નથી, અને ગ્રહણ કરે તો પુરુષાર્થ કરતો નથી. તેને બુદ્ધિમાં એમ તો નક્કી થાય છે કે ગુરુદેવે આ માર્ગ કહ્યો છે. વિકલ્પથી આત્મા જુદો છે, આત્મા શાશ્વત છે ને તે વિભાવથી જુદો છે. ગુણભેદ-પર્યાયભેદ વાસ્તવિક આત્મામાં નથી, આત્મા સ્વરૂપે અખંડ છે. આત્માને અને આ બધા ગુણ-પર્યાયને લક્ષણભેદ છે. એમ બુદ્ધિમાં તો તે બધું

ગ્રહણ કરે છે, પણ અંતરમાં પરિણતિ કરવી જોઈએ તે કરતો નથી. એટલે કે બુદ્ધિથી નિર્ણય કરે છે, પણ આગળ જતો નથી, એટલામાં તેને સંતોષ થઈ જાય છે. પછી કરશું....કરશું એવી જાતનો પ્રમાદભાવ રહે છે એટલે આગળ જતો નથી. ૧૦૯.

તા. ૧૬-૧-૧૯૯૭, પ્રશ્ન-૧૦૯
પ્રવચન નં. ૭૧

સ્વાનુભૂતિદર્શન પાનું-૮૨, પ્રશ્ન-૧૦૯મો. '**પ્રશ્ન :- આ જીવ બધું સાંભળવા છતાં આગળ કેમ જતો નથી?**' શું કહે છે? કે સત્શ્રવણનો યોગ છે, સત્શ્રવણ થઈ રહ્યું છે પણ એનો જે લાભ મળવો જોઈએ એ લાભ નથી મળતો આનું શું કારણ? આવો પ્રશ્ન છે.

'**સમાધાન :- ગુરુદેવને ઊંડાણથી શું કહેવું છે? ગુરુદેવ શું કહી રહ્યા છે? તે આશય ગ્રહણ કરીને પછી પ્રયત્ન કર્યો નથી.**' ગુરુદેવ કહે છે એ સમજાય છે. સાંભળે છે એટલે સમજાય છે પણ ઊંડાણથી એમને શું કહેવું છે એ નથી સમજાતું. ઊંડાણ એટલે શું? એટલું અહીંયાં વિચારવું ઘટે. અહીંયાં ઊંડાણ છે એ અનુભવનું ઊંડાણ છે. અહીંયાં જે ઊંડાણ છે એ શેનું છે? અનુભવનું ઊંડાણ છે. ગુરુદેવ પોતાના અનુભવને વ્યક્ત કરે છે. એમની ભાષા છે એ ખાલી ભાષા નથી, વ્યાખ્યા નથી, પણ અનુભવની ભાષા છે. એમના અનુભવને ઉતાર્યો છે એમણે, વ્યક્ત કર્યો છે. એક તો એ રીતે જીવ સાંભળતો નથી. એ પ્રકારથી, એ દૃષ્ટિકોણથી સાંભળતો નથી.

બીજું, કે આશયને ગ્રહણ કરતો નથી. સમસ્ત જ્ઞાનીઓનો આશય જે છે, એમની વાણીનો જે આશય છે એ જીવને આત્મકલ્યાણમાં કેન્દ્રિત કરે છે. કાંઈપણ કહીને એમને આત્મકલ્યાણ કરાવવું છે. એ સિવાય બીજો કોઈ આશય નથી. તો મારું આત્મકલ્યાણ થાય, અહીંયાં શું છે સાંભળવાવાળાને? મારું આત્મકલ્યાણ થાય એવું મને શું કહે છે? અથવા મને શું લાગુ પડે છે કે જેથી મારું આત્મકલ્યાણ થાય? એ પ્રકારે આશય ગ્રહણ કરવાની જે તત્પરતા હોવી જોઈએ, યોગ્યતા હોવી જોઈએ,

ક્ષમતા હોવી જોઈએ એ પ્રકારમાં જીવ આવ્યો નથી. શબ્દાર્થ અને ભાવાર્થ સમજ્યે કાંઈ આગળ ન વધાય. આગળ વધવા માટે તો કહેનારના અનુભવને પણ સમજવો જોઈએ અને પોતાના આત્મકલ્યાણના આશયને ગ્રહણ કરવો જોઈએ. ગ્રહણ કરીને પછી પ્રયત્ન એટલે પુરુષાર્થ પણ કરવો જોઈએ. એ જે આશય સમજાય, પકડાય, પછી એનું અમલીકરણ થાય એટલો પુરુષાર્થ પણ હોવો જોઈએ. જો પુરુષાર્થ પણ પછી ન ઉપડે તો પછી એણે શું સાંભળ્યું?

કૃપાળુદેવે ૬૭૯ પત્રમાં જ્ઞાનીની વાણી સંબંધી ઘણી વાતો લખી છે. એમાં એક વાત એવી લખી છે કે જ્ઞાનીની વાણી આત્માર્થમાં જીવને પ્રેરે છે. આત્માર્થપ્રેરક આત્માર્થ ઉપદેશક હોય છે. જો એ બરાબર શ્રવણ થાય, યથાર્થપણે સ્વલક્ષે શ્રવણ થાય તો આત્માર્થનો પ્રયત્ન, આત્માર્થનો પુરુષાર્થ ચાલુ થાય. ખાલી સાંભળીને બેસી ન રહે, સાંભળીને સંતુષ્ટ ન થાય કે ચાલો મને સાંભળવા તો મળ્યું. બહુ સારી વાત સાંભળવા મળી, બહુ સારી વાત સાંભળવા મળી એમ ન લ્યે.

'**તે આશય ગ્રહણ કરીને પછી પ્રયત્ન પણ કર્યો નથી.**' આટલું થયું નથી, આ પ્રકારે થયું નથી માટે જીવ આગળ વધ્યો નથી. આગળ નથી વધ્યો એ જીવ આ વાતને તપાસી લ્યે તો એને પોતાને સમજાય કે કહેનાર ખરેખર સાચું જ કહે છે નહિતર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે નહિ. '**પહેલાં તો આશય ગ્રહણ કર્યો નથી,...**' આશય ક્યારે ગ્રહણ કરે? સાંભળતી વખતે પણ આત્મકલ્યાણનો દૃષ્ટિકોણ સાધ્ય કરેલો હોય તો આશય ગ્રહણ થાય. નહિતર ન્યાય છે એવું બધું ગ્રહણ થાય. ન્યાય છે, ભાવાર્થ છે એ બધું ગ્રહણ થાય. શબ્દાર્થથી એનો ન્યાય અને ભાવાર્થ વગેરે ગ્રહણ થાય. આશય ગ્રહણ કરવો એ તો એનો પરમાર્થ છે. કથનનો, વાણીનો જે પરમાર્થ છે એ એના આશયમાં રહેલો છે.

એટલે '**પહેલાં તો આશય ગ્રહણ કર્યો નથી, તેથી આશય ગ્રહણ કરીને પોતાનો પુરુષાર્થ ઊપડવો જોઈએ...**' સહજે સહેજે '**તે ઊપડતો નથી.**' આશય ગ્રહણ થાય તો સહજ પુરુષાર્થનું ઉત્થાન થાય, પુરુષાર્થ ઉપડે, ઉપડ્યા વગર રહે જ નહિ.

મુમુક્ષુ :- આશયમાં શું શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- આશયમાં આત્મકલ્યાણ. પોતાનું આત્મકલ્યાણ થાય એવું પોતાના માટે શું આવ્યું? જે આવ્યું હોય તે ગ્રહણ કરે. એમાં અસ્તિ-નાસ્તિ બેય છે. જેટલું પોતાને આત્મકલ્યાણમાં અનુકૂળ ન હોય એ એણે મૂકી દેવું જોઈએ. જેમકે મતાગ્રહ છે, કદાગ્રહ છે, અમુક પ્રકારના પૂર્વગ્રહ છે, શલ્ય છે એ બધા મૂકી દેવા જોઈએ. એ નાસ્તિનો વિષય થયો. અને અસ્તિમાં આત્મકલ્યાણની વિધિ અને

આત્મા એ બે પ્રયોજનભૂત છે. આત્માનું સ્વરૂપ અને સ્વરૂપ પ્રાપ્તિનો ઉપાય-વિધિ એ અસ્તિનો વિષય છે. એને ગ્રહણ કરવું જોઈએ. એ રીતે ગ્રહણ કરવું જોઈએ.

'તેથી આશય ગ્રહણ કરીને પોતાનો પુરુષાર્થ ઊપડવો જોઈએ તે ઊપડતો નથી.' તેથી આગળ વધતો નથી. બહુ સ્પષ્ટ વાત કરી દીધી છે અથવા ચોખ્ખી વાત કરી છે. આ કારણ છે. શ્રવણ થતાં, સત્શ્રવણ થવા છતાં, .. બીજી તો કાંઈ વસ્તુ નથી, જ્ઞાની પાસે જે વસ્તુ છે એ સત્શ્રવણમાં આત્મકલ્યાણનું નિમિત્તત્વ છે. એમની વાણીમાં આત્મકલ્યાણનું નિમિત્તત્વ કેટલું છે? કે જેટલું તીર્થંકરદેવની વાણીમાં છે એટલું જ છે, ઓછું-વત્તું નથી. એમ છે. કેમ ઓછું-વત્તું નથી? વાણીમાં તો ફર્ક છે. એક દિવ્યધ્વનિ છે, એક છદ્મસ્થની વાણી છે. એક ક્રમે કહે છે, એક અક્રમે કહે છે. એવી વિશિષ્ટતા હોવા છતાં પણ, શું છે? જિનેન્દ્ર ભગવાનની દિવ્યધ્વનિથી જેનું આત્મકલ્યાણ થાય છે એનું પૂરેપૂરું થઈ જાય છે અને જ્ઞાનીપુરુષની વાણીથી પણ જેનું આત્મકલ્યાણ થાય છે એ તો પૂરેપૂરું થઈ જાય છે. સંસારસમુદ્રમાં ડૂબતો જીવ કાંઠે આવીને બચી જાય છે, તરી જાય છે. કોઈ અધૂરો બચે છે, જ્ઞાનીની વાણીથી અધકચરો બચે અને તીર્થંકરદેવની વાણીથી પૂરેપૂરો બચે એવું તો કાંઈ થતું નથી. બચે છે એને તો પૂરો લાભ થાય છે. માટે સામે નિમિત્તત્વ પણ પૂરેપૂરું છે, નિમિત્તપણું પણ પૂરેપૂરું છે. જૈનદર્શન પદાર્થની ભિન્નતા સ્વીકારે છે અને પદાર્થનું અરસપરસ નિમિત્તત્વ પણ સ્વીકારે છે. જો ભિન્નતાના બહાને ભિન્નતાનું છળ પકડીને, ઠીક, નિમિત્તત્વ ન સ્વીકારે તો કદી એને સત્શ્રવણના યોગે જે આત્મલાભ થવો જોઈએ તે ન થાય. એટલે પાયામાં જ વાત ઊડી જાય છે એને તો.

મુમુક્ષુ :- નિમિત્તનો વિવેક નથી એને આત્માનો વિવેક નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એને આત્માનો વિવેક નથી. એક વાત.

અને નિમિત્તત્વનો છળ પકડીને કોઈ ભિન્નતાને ગ્રહણ ન કરે તોપણ કદી આત્મકલ્યાણ થાય નહિ. ભેદજ્ઞાનનો પુરુષાર્થ થાય નહિ. આમ છે. ગુરુદેવ સ્પષ્ટ કહેતા, નિમિત્તથી પણ નહિ અને નિમિત્ત વગર પણ નહિ. નિમિત્ત વગર પોતાનું કાર્ય માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે અને નિમિત્તથી પોતાનું કાર્ય માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે એમ સ્પષ્ટ કહેતા હતા. એ વાત સ્પષ્ટ કહેતા હતા. એવું છે.

નિમિત્તત્વ એટલે શું? કે પોતે જે સમજે છે એ પોતાના જ્ઞાનની શક્તિથી ઉપાદાનથી સમજે છે. ઉપાદાન એટલે નિજશક્તિ. નિમિત્ત પરસંયોગ છે. નિમિત્ત શું છે? અન્યનો સંયોગ છે. છએ દ્રવ્યોમાં પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પારિણામિકભાવે છે. પારિણામિકભાવે છે એટલે ત્રિકાળ છે. આ વિધાન વીરસેનસ્વામીએ ધવલમાં કહ્યું

છે, ધવલ ટીકામાં. અને અમૃતચંદ્રાચાર્ય સંસ્કારનય અને અસંસ્કારનયમાં એ બધી વાતો લીધી છે. પર્યાયનો ધર્મ સંસ્કારને જીલવાનો છે. પરનિમિત્તના સંસ્કારને જીલવાનો પર્યાયનો ધર્મ છે. ત્રિકાળી જે દ્રવ્યસ્વભાવ છે એને કાંઈ નહિ જીલવાનો સ્વભાવ છે. એનો ધર્મ એવો છે કે કોઈ સંયોગના ધર્મનો નિમિત્ત-નૈમિત્તિક અસર ત્રિકાળીમાં ન આવે. આવું છે. વિશુદ્ધ ધર્મત્વ છે. આત્મામાં વિશુદ્ધ ધર્મત્વ છે. એટલે થોડું અટપટું લાગે છે લોકોને, સમજાતું નથી. આમ કેમ? આમ કેમ? અહીંયાં આમ કેમ કહ્યું? અહીંયાં આમ કેમ? એવું બધું લાગ્યા કરે.

છદ્મસ્થ જીવને પરિણમન જોઈને પરિણમન આવે છે. આ તો સૌના અનુભવની વાત છે કે નહિ? કોઈ હસીને વાત કરે તો માણસ એની સામે હસીને વાત કરે છે. છ મહિનાનું, બાર મહિનાનું બાળક ઘોડિયામાં સૂતું હોય એને હસીને બોલાવો તો હસે છે. લાંબો ઉઘાડ નથી, એને કાંઈ વિશેષ ઉઘાડ નથી. તમે એને ગુસ્સે થાવ તો એ હોઠ કાઢીને રડવા માંડે છે. પરિણમન જોઈને પરિણમન આવે. સત્સંગનું રહસ્ય જ આ છે કે સત્સંગમાં પરિણમન જોવા મળે છે. માત્ર ઉપદેશ સાંભળવા મળે છે એમ નથી.

'આ જીવ બધું સાંભળવા છતાં આગળ કેમ જતો નથી?' એ પ્રશ્નમાં છીછરાપણું શું છે? અમે સાંભળીએ તો છીએ અને સમજીએ તો છીએ. ત્યારે એ સાંભળવા અને સમજવાવાળાને એમ પૂછીએ છીએ કે તું પરિણમન જોવે છો? તો એનું ઊંડાણ તને સમજાય. કથનનું ઊંડાણ તને સમજાય. જે જ્ઞાનીની વાણી આવી એ જ્ઞાનીની વાણીનું બેકગ્રાઉન્ડ શું છે? કોના આધારે એ ઉત્પન્ન થઈ છે? કે એમના અનુભવના આધારે ઉત્પન્ન થઈ છે. તો ઊંડાણ સુધી જાવું જોઈએ. પરિણમન જોવે સાંભળતા-સાંભળતા અને એને પરિણમન ન આવે એમ બને નહિ કોઈ દિવસ. ન લાવવું હોય તોપણ આવે. ઠીક! એવી રીતે. આ કોઈનું મૃત્યુ થાય છે ત્યારે માણસ જાય એને ત્યાં. એના ઘરે પહોંચ્યો ત્યાં સુધી તો કાંઈ નથી એને. પણ ઘરમાં બધા રડતા હોય, અત્યંત દુઃખી થઈને રડતા હોય, ત્યારે થોડો છેટાનો સગો હોય કે છેટાનો સંબંધ હોય તો બે આંસુ એને પડી જવાના. કેમકે એનું પરિણમન દેખાય છે એને. ખાલી સાંભળે છે એવું નથી. એનું પરિણમન જોતા એને પણ પરિણમન આવ્યા વગર રહે નહિ. કોઈ જીવ પીડાતો હોય, કાંઈ સગોસંબંધી નથી તિર્યંચ. રસ્તા ઉપર ટાઢથી પીડાતો હોય કે દર્દથી પીડાતો હોય કે એક્સીડન્ટ થઈને પીડાતો હોય તો દયા આવે છે એનો અર્થ શું? એની પીડા જોઈને દયા આવે છે એનો અર્થ શું? કે એનું પરિણમન જોઈને અહીંયાં પણ દુઃખ થાય છે. એના દુઃખનું પરિણમન જોઈને

(આપણને પણ દુઃખ થાય છે). દયા છે એ દુઃખભાવ છે. સુખભાવ નથી. દુઃખ ઉપજે છે એને આપણે દયા કહીએ છીએ. એ બધાનો સર્વસામાન્ય, બધા જીવનો અનુભવ છે.

એટલા માટે મોક્ષમાર્ગમાં પ્રવેશવા માટે જ્ઞાનીઓએ જે યોજનાથી વ્યવહાર સ્થાપ્યો છે, જે યોજનાપૂર્વકનો વ્યવહાર સ્થાપ્યો છે એમાં એક જિનેન્દ્રદર્શન છે અને એક પ્રત્યક્ષ સત્સમાગમ છે. જિનેન્દ્ર પરમાત્માને એમનું જે વેદન છે, પરિણમન છે, વેદનયુક્ત પરિણમન છે એ અનંતુ સ્વસંવેદન છે. કેટલું છે? અનંતુ સ્વસંવેદન છે. અને નિરવશેષ અંતર્મુખતા છે. પરિપૂર્ણ અંતર્મુખતા છે એ સ્વસંવેદનથી અભેદ. પરિપૂર્ણ અંતર્મુખતા હોય કે આંશિક અંતર્મુખતા હોય એની સાથે સ્વસંવેદન હોય અને સ્વસંવેદન સાથે અંતર્મુખતા હોય. એ બંને ચીજ જોવા મળે છે ત્યાં. અને સત્સંગમાં પણ એ વાત જોવા મળે છે. એટલે એની અસર ઉત્પન્ન થાય છે આત્મામાં. આ પ્રત્યક્ષ યોગનું રહસ્ય છે.

'ગુરુદેવે માર્ગ બતાવ્યો કે આ માર્ગ છે...' ગુરુદેવે માર્ગ બતાવ્યો કે માર્ગ આ છે એટલે ઉપાય આ છે, વિધિ આ છે. બીજું શું છે કે જ્ઞાનીની વાણીમાં જ માર્ગ અથવા વિધિનો વિષય આવે છે. કેમકે માર્ગ અથવા વિધિ એ પ્રયોગનું પરિણમન છે. માર્ગ તો પરિણમન છેને? એટલે પ્રયોગાત્મક છે. જેને એ પરિણમન અને પ્રયોગ નથી એ બતાવી શકતા નથી. ભલે એવું જ બોલે તોપણ એમાં વિધિનો વિષય ન આવે. જ્ઞાનીની વાણીમાં વિશેષ વાત આ છે કે એમાં વિધિનો વિષય વ્યક્ત થાય છે અને એ પણ એમના અનુભવનું જ ઊંડાણ છે. એ પણ એમના અનુભવનું જ ઊંડાણ છે.

મુમુક્ષુ :- આ નથી તો કાંઈ નથી. બીજાની વાણી. બીજાની વાણીમાં ભલે બધું હોય, પણ આ નથી તો કાંઈ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વિધિ જ નથી. વિધિએ ચડે કેવી રીતે સાંભળાવાળો? વિધિનો વિષય તો વિધિએ ચડ્યા વિના કોઈ વ્યક્ત કરી શકે નહિ. બીજી બધી ઉપદેશની વાતો આવે, પણ સ્વરૂપ પ્રાપ્તિની વિધિની વાત ન આવે. આ માર્ક કરવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- જ્ઞાનીપુરુષને ઓળખવા માટેનો આ મહત્ત્વપૂર્ણ મુદ્દો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ડિમાર્કેશન લાઈન છે એની.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પણ બીજા કોઈપણ એ જ રીતે બોલતા હોય તોપણ ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- ન આવે, વિધિ ન આવે. ફર્ક પડી જાય છે. કેમકે બીજા એ રીતે બોલે, એ વાત બોલે પણ એને વિધિ પકડાણી નથી. પોતે વિધિના પ્રયોગમાં આવ્યો નથી એ બતાવે કેવી રીતે પણ? વાણી દ્વારા એને કાંઈક બતાવવું છેને? તમે અમેરિકા ગયા નથી તો ન્યુયોર્કમાં કેવા મોટા મકાન છે એ કેવી રીતે તમે બતાવો? તમે જોયા જ નથી. કેવી રીતે બતાવો? જે ચીજ તમે જોઈ નથી એ કેવી રીતે બતાવો? આપણે લ્યોને અમુક એરિયામાં જુદાં જુદાં ફળ આવે છે. એ અહીંયાં ન થતા હોય ને ત્યાં થતા હોય એનું નામ પણ આપણે સાંભળ્યું ન હોય. પછી આપણને એમ કહે કે ભાઈ અમારે તો આ સીઝનમાં આવું ફળ બહુ સારું આવે છે. ત્યારે આપણને શું સમજાય એમાં કહો? એમાં શું સમજાય આપણને? નામ પણ વિચિત્ર હોય અને ફળ જોયું ન હોય. નામ પણ સાંભળ્યું ન હોય. કેમ ખબર પડે કે એ શું કહેવા માગે છે? આપણે પૂછીએ કે ભાઈ આમા કાંઈ સમજાણું નહિ તમે કહો છો એ. તો કહે એ ફળ આવા આકારનું હોય છે, આવી સાઈઝનું હોય છે, આવી મીઠાશનું હોય છે, આવા સ્વાદનું હોય છે. શું સમજાય આમાં? કાંઈ ન સમજાય. સમજાય? કાંઈ ન સમજાય.

એમ આ જીવ પોતાના સ્વરૂપથી એવો અજાણ્યો છે અને પોતાના સ્વરૂપ પ્રાપ્તિની વિધિથી પણ એવો જ અજાણ્યો છે. હવે એ શું કહે? એ શું બતાવે અને સામો શું સમજે? એમાં કાંઈ નકલ ગમે એટલી કરે તોપણ જે આશય જ્ઞાનીની વાણીમાં હોય છે એ આશય અજ્ઞાનીની વાણીમાં હોતો નથી. એ વાત કૃપાળુદેવે ૬૭૯માં સ્પષ્ટ કરી છે. આશય નથી હોતો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ફેક્ટરીમાં એ ઘણી વખત જોયું છે કે ફેક્ટરીમાં જેને પ્રેક્ટિકલ અનુભવ છે એ વાત કરે અને ટેકનિકલી નવો તૈયાર થઈને ઈન્જિનિયર ખાલી ભણીને આવ્યો હોય એ વાત કરે એમાં અમે પારખી લઈએ છીએ કે આ અનુભવથી વાત કરે છે. તરત પકડાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા પકડાય જાય. પરખાઈ જાય. અનુભવ અછાનો રહે નહિ. એમ કહે છે. અનુભવ અછાનો રહે નહિ. જેમ સૂરજ છાબડે ઢાંક્યો રહે નહિ. એમ છે.

મુમુક્ષુ :- એક ચોરને જોઈને પોલીસ રાડ પાડે. એ ચોરને જોઈને સીધો પોલીસ એની પાછળ દોડીને રાડ પાડે છે. એને સાંભળીને બીજા પોલીસો ભળે. એને જોઈને દોડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દૃષ્ટાંત એવું લીધું છે સમ્યગ્જ્ઞાનદીપિકામાં ધર્મદાસજીએ.

કૂતરાનું કે એક કૂતરાએ ચોરને જોયો. કોઈ પાઈપ વાટે કોઈના ઘર ઉપર ચડે છે રાત્રે એક વાગે, બે વાગે. રાત્રે એક-બે વાગે પાઈપથી કોઈ માણસ કોઈના ઘરે ચડતો હોય ઓલી બારીમાં જવા માટે તો એમાં કાંઈ મોઢું જોવાની જરૂર નથી કે કપડા એના જોવાની જરૂર નથી કે એ ચોર છે કે નહિ. એ કૂતરું ભસવા માંડે. એક ગલીમાં કૂતરો ભસે તો બાજુની ગલીમાં શેરીમાં એને સાંભળીને બીજા કૂતરા પણ ભસે. એ ભસે છે એટલા માટે કે લોકોને જગાડી દે. માણસને પણ ખબર પડે કે આ કૂતરો કોઈ ચોરને જોઈને ભસે છે. ભસવા-ભસવાની પદ્ધતિમાં ફેર છે. જોઈને ભસે છે અને વગર જોઈને ભસે છે એ એકસરખું જ ભસે તોપણ બેયમાં ફેર છે. એમ જ્ઞાનીની વાણી સાંભળીને કોઈ શીખી લઈને કહે અને કોઈ પોતાના અનુભવને ભેળવીને કહે, એ બેના રણકારમાં ફેર છે. સાચા રૂપિયાના રણકારમાં અને ખોટા રૂપિયાના રણકારમાં ફેર છે. છાપ એકસરખી છે. બેય નવા દેખાય. અરે! સાચો ... દેખાય લ્યો! ખખડાવે એટલે તરત ફેર પડી જાય.

'**ગુરુદેવે માર્ગ બતાવ્યો કે આ માર્ગ છે તે બુદ્ધિમાં ગ્રહણ થયો,...**' સમજાણો. સમજ-સમજમાં ફેર છે. રોટલી ઉપર વેલણ ફરતું દેખાય એટલે રોટલી કેમ થાય છે એ જોનારને સમજાય. પણ તેથી કાંઈ એને રોટલી વણતા આવડે નહિ. આવડી જાય? ન આવડે. જેને પ્રયોગાત્મક પ્રેક્ટિસ કરીને જે સમજાણી કે રોટલી આમ થાય, આમ વણાય અને જોઈને સમજે એમાં અનુભવનો જે આંતરો છે એ ફેરફાર તો છે કે નહિ? એમ બુદ્ધિમાં ગ્રહણ થયો, ગુરુદેવે માર્ગ બતાવ્યો એ બુદ્ધિ ગ્રાહ્ય થયો, એ રોટલી જોઈ લીધી એણે કે આમ થાય છે પણ એને પ્રેક્ટિસ કરે તો જ વણતા આવડે. એમ જે બુદ્ધિ ગ્રાહ્ય થયો એનું અમલીકરણ ન કરે તો એને એનો લાભ મળે નહિ.

'**બુદ્ધિમાં ગ્રહણ થયો, પણ અંતરમાં તેનો આશય ઉતારીને આગળ જવું જોઈએ તે જતો નથી.**' અંતર પરિણમનમાં ઉતારવા માટે પ્રયોગ જ સાધન છે, બીજું કોઈ સાધન નથી. સમજણની વાત લાગુ ન કરે પરિણમનમાં અને એ પ્રકારે પ્રેક્ટિસ ન કરે તો સાંભળ્યું અને નહિ સાંભળ્યું બધું સરખું થઈ જાય. '**અંતરમાં તેનો આશય ઉતારીને આગળ જવું જોઈએ...**' અમલીકરણ કરવું જોઈએ એ ન કરે તો તે આગળ વધતો નથી અથવા આગળ વધી શકતો નથી. '**અને એમ ને એમ અજ્ઞાનમાં ઊભો રહે છે.**' ત્યાંને ત્યાં રહે ગમે તેટલું સાંભળે તોપણ. આખી જિંદગી સાંભળે તોપણ ત્યાં ને ત્યાં રહે, કાંઈ ફરક ન પડે. અથવા સાંભળ્યાનું, સમજ્યાનું કાંઈ પરમાર્થે ફળ ન આવે. અહંભાવ થઈ જાય. પર્યાયબુદ્ધિ હોવાથી અહંભાવ થઈ જાય.

'**તે જાતની રુચિ છે,...**' એટલે સાંભળવાની રુચિ છે એટલે સાંભળવા રોજ આવે, '**પણ આગળ જતો નથી.**' એટલી રુચિ શું કામની? એટલી ભાવના શું કામની? અમલીકરણનો સંવેગ અને ફોર્સ આવવો જોઈએ. '**અનંતકાળમાં ક્યારેક સત્ સાંભળવા તો મળ્યું છે...**' બહુ લાંબા આંતરે સત્ સાંભળવા મળે છે. એ પ્રકારના પુણ્ય પણ બહુ ભાગ્યે જ હોય છે. બહુ લાંબા કાળે '**સત્ સાંભળવા તો મળ્યું છે પણ પોતે ગ્રહણ કર્યું નથી,...**' એ તકનો લાભ ઉઠાવવો જોઈએ તે ઉઠાવ્યો નથી, ઉપર-ઉપરથી ચાલી જાય છે. '**અને ગ્રહણ કરે તો પુરુષાર્થ કરતો નથી.**' બુદ્ધિગ્રાહ્ય કરે. આમ જો પ્રયોગમાં ગ્રહણ કરે તો તો એને પુરુષાર્થ સાથે જ હોય છે. પ્રયોગ અને પુરુષાર્થ અવિનાભાવી છે. પુરુષાર્થસહિત જ પ્રયોગ થાય. કેમકે પ્રયોગમાં પુરુષાર્થની જરૂર પડે છે, સમજણમાં એવી પુરુષાર્થની જરૂર નથી સમજણના તબક્કામાં, પણ પ્રયોગના તબક્કે તો પુરુષાર્થની જરૂર છે. બુદ્ધિમાં ગ્રહણ કરે તો પુરુષાર્થ કરતો નથી.

'**તેને બુદ્ધિમાં એમ તો નક્કી થાય છે કે ગુરુદેવે આ માર્ગ કહ્યો છે. વિકલ્પથી આત્મા જુદો છે, આત્મા શાશ્વત છે અને તે વિભાવથી જુદો છે. ગુણભેદ-પર્યાયભેદ વાસ્તવિક આત્મામાં નથી,...**' વાસ્તવિક એટલે નિશ્ચય આત્મામાં નથી. વ્યવહારે ભેદ પાડ્યા છે. '**આત્મા સ્વરૂપે અખંડ છે. આત્માને અને આ બધા ગુણ-પર્યાયને લક્ષણભેદ છે. એમ બુદ્ધિમાં તો તે બધું ગ્રહણ કરે છે,...**' આ બધું છે એ બરાબર છે. વસ્તુસ્થિતિએ આટલા બધા પડખા છે તે પ્રયોજનભૂત છે અને બરાબર છે એ એને સમજાય છે, બુદ્ધિમાં ગ્રહણ થાય છે. કેટલાકને તો બુદ્ધિમાં ગ્રહણ થવામાં તકલીફ પડે છે કોઈ કોઈ જીવોને. એનું કારણ? કે બુદ્ધિમાં પણ વિપરીતતા ઘણી દઢ કરેલી હોય તો બુદ્ધિગ્રાહ્ય થવામાં પણ તકલીફ પડે, વાર લાગે, મોડું થાય, ઘણો સમય નીકળી જાય. પણ એવા ઊંધા લાકડા બુદ્ધિમાં ન હોય પહેલેથી, તો ઓછા પરિશ્રમે અને ઓછા સમયમાં આ બધું સીધું સીધું સમજાય જાય કે વિકલ્પથી આત્મા જુદો છે, આત્મા શાશ્વત છે, વિભાવથી જુદો છે, ગુણભેદ-પર્યાયભેદ વાસ્તવિક આત્મામાં નથી.

'**આત્મા સ્વરૂપે અખંડ છે.**' અવલંબનનો વિષય છેને? અવલંબનનો વિષય અખંડ અને અભેદ છે. '**આત્માને અને આ બધા ગુણ-પર્યાયોને લક્ષણભેદ છે.**' લક્ષણથી ભેદ છે. ગુણ-પર્યાયના લક્ષણ જુદાં છે, અભેદનું લક્ષણ જુદું છે. '**એમ બુદ્ધિમાં તો તે બધું ગ્રહણ કરે છે,...**' લક્ષણભેદ છે, સંખ્યાભેદ છે. એમ એના ભેદ છે એ ભેદ છે. '**પણ અંતરમાં પરિણતિ કરવી જોઈએ...**' પરિણતિની વાત બહેનશ્રી ખાસ લ્યે છે. ૮૭-૮૮ બોલથી એ વાત શરૂ થઈ છે પરિણતિની. તું સમજ્યો?

તો કહે હા, પરિણમન કર્યું? તો કહે હા. તો કહે, લાવ પરિણતિ. કોઈ એમ કહે કે અમે તો બરાબર સમજીએ છીએ. સમજીએ છીએ નહિ, અમને ગ્રહણ થાય છે. ફિલિંગની વાત આવેને. ગ્રહણ થવામાં ફિલિંગની વાત છે. તો કહે, લાવ પરિણતિ. પરિણતિ થઈ તો બરાબર છે, પરિણતિ ન થઈ તો હજી વાતમાં કાચું છે, પાકુ નથી થયું. બરાબર સમજણ હોય તોપણ કાચું છે. એમ છે. એ વાત બહુ સરસ કરે છે પોતે તો. પરિણતિની વાત બહુ સરસ કરે છે. ગ્રહણ કર્યું પણ અંતરમાં પરિણતિ કરવી જોઈએ તે કરતો નથી અથવા પરિણતિ થઈ જવી જોઈએ તે પરિણતિ થઈ નથી. તો ઊલટી પરિણતિ મટી નથી અને સૂલટી પરિણતિ થઈ નથી.

પરિણતિ થવી તે રિઝલ્ટેડ પોઝિશન છે, ઓરિએન્ટેડ પોઝિશન છે. ક્યારે થાય? કે જે વાત સમજ્યો હોય, ગ્રહણ થઈ હોય એનો અત્યંત રસ થઈને પરિણમન થયું હોય તો પરિણતિ થાય, નહિતર પરિણતિ ન થાય. એટલે આમાં લૂખા પર્યાયો કામમાં નથી આવતા. લૂખા વિચાર કે લૂખા પર્યાયો કામમાં નથી આવતા. બહેનશ્રી તો પહેલેથી એ વાત કરે છે. મુમુક્ષુનું હૃદય ભાવનાથી ભીંજાયેલું હોવું જોઈએ. મુમુક્ષુ છે એની આત્મકલ્યાણની ભાવના નીતરતી દેખાય. એવું એનું હૃદય હોય. પહેલેથી એ વાત લ્યે છે. લૂખી-લૂખી વાત નથી.

'પણ અંતરમાં પરિણતિ કરવી જોઈએ તે કરતો નથી.' અથવા થતી નથી. **'એટલે કે બુદ્ધિથી નિર્ણય કરે છે, પણ આગળ જતો નથી, એટલામાં તેને સંતોષ થઈ જાય છે.'** આ પરિણતિ ન થાય તો એ વાત સમજ્યાનો સંતોષ પણ એને આવ્યા વગર નહિ રહે. અહીંથી બે લાઈન જુદી પડે છે. જે બરાબર સમજે છે, સમજીને એનો એને રસ આવે છે તો એની પરિણતિ થાય છે. જો સમજે છે, રસ કેળવાતો નથી સમજણનો, તો સમજ્યાનો સંતોષ થઈ જાય છે. બે લાઈન જુદી પડી જાય છે.

મુમુક્ષુ :- સમજીને જે પરિણમનમાં નથી આવતું એને પરિણતિ નથી થાતી ક્યારે પણ. સમજીને જો પરિણમનમાં ન લઈ આવે તો.

પૂજ્ય ભાઈશ્રી :- ન થાય. એટલે શું છે કે પરિણમનમાં જ્યારે લઈ આવે ત્યારે એનો રસ હોય તો લઈ આવેને? રસ એનો હોય, ઘણો રસ ઉપજે. કેમકે અહીં તો સુખનો વિષય છે. જીવને સુખ જોઈએ છે. અનંત કાળથી એ સુખ માટેના અનંતા પ્રકારે ફાંફાં મારીને પ્રયત્ન કરે છે, ઝાંવા નાખે છે, હજી સુધી સુખ મળ્યું નથી. હવે એને ખબર પડે કે મારું અનંત સુખ મારા આત્મામાં છે અને હું મેળવી શકું એમ છું તો પરિણતિની દોડ રોકી રોકી શકાય નહિ એવી ઉપડે. દોડે પરિણામ.

સુખ ચીજ એવી છે. સુખ ચીજ એવી છે કે જ્યાં સુખનો નિશ્ચય થયો હોય ત્યાં પરિણામ વગર વિચારે પહોંચી જ જાય ત્યાં ફડાક કરતું એક સેકન્ડમાં. સાયન્ટિફિક છે. આત્માનું વિજ્ઞાન જ એવું છે.

એટલે અહીંયાં શું છે કે નિર્ણય કરે બુદ્ધિમાં, પણ અટકીને ત્યાં સંતોષ પામી જાય. એ લાઈન ઊભી થઈ ગઈ. અને પરિણમનમાં ઉતારે તો લાઈન સવળી થઈ ગઈ. પરિણતિ લઈ આવે. અહીંથી લાઈન જુદી પડી જાય છે. સાંભળે છે તો સાંભળે છે, પણ કોઈ આમ કરીને, કોઈ આમ અટકીને સંતોષાઈ છે તો કોઈ પરિણમનમાં ઉતારે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! .. સે થોડી ન પરિણમન આયેગા, પરિણમન તો દેખને સે હી આયેગા.

પૂજ્ય ભાઈશ્રી :- વહ તો ઠીક હૈ. પરિણમન તો દેખનેકો મિલે તો તો બાત પૂરી હો જાતી હૈ. વહ તો ઊંડાણમેં ચલા ગયા. એ તો સમજણથી આગળ ગયો પરિણમન જોવાવાળો. (આ જીવ) બુદ્ધિગ્રાહ્ય કરે છે. સમજે છે તે ખોટું સમજે છે એમ ન કહી શકો તમે. સમજે નહિ, બીજાને સમજાવી શકે એટલું સમજે. પણ પોતે અંદર પરિણમનમાં વાતને ઉતારતો નથી ત્યાં સુધી એને એ વાત કામમાં આવતી નથી. એ સંતોષાઈ જશે. એ સહેજે થયા વગર નહિ રહે. કેમકે પર્યાયબુદ્ધિ છેને હજી એટલે. દ્રવ્યદૃષ્ટિ થઈ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એને જ શુષ્કજ્ઞાન કૃપાળુદેવે કહ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- એ શુષ્કજ્ઞાન છે.

'પછી કરશું... પછી કરશું એવી જાતનો પ્રમાદભાવ રહે છે એટલે આગળ જતો નથી.' પુરુષાર્થ કરવામાં પણ પછી કરશું... પછી કરશું... પછી કરશું... એવું રહ્યા કરે. છેવટે કાંઈ નહિ તો પહેલા સમજી લઈએ અને સાંભળી લઈએ પછી પુરુષાર્થ કરશું. અહીં કહે છે કે સાંભળતાવેંત કર તું. સંસારમાં લાભ-નુકસાનની અસર સાંભળતાવેંત આવે છે કે પાછળથી આવે છે? તમારા ગોડાઉનને આગ લાગી છે. તો પછી એની અસર પાછળથી આવે છે? સાંભળ્યું કે એની અસર ઊભી થાય છે. એમ આ પણ એવો જ વિષય છે. આત્માને અનંત લાભ થાય અને અનંત નુકસાનથી બચી જવાય એવો વિષય છે. એની અસર આવ્યા વગર રહે જ નહિ.

મુમુક્ષુ :- ત્યાં એ આત્માને થાય છે એમ લઈ લે છે. મને થવાનો છે એમ નથી લેતો એટલે અસર નથી આવતી.

પૂજ્ય ભાઈશ્રી :- મને થાય તો અસર થયા વગર રહે જ નહિ. થર્ડ પર્સન

આવે તો જ અસર ન થાય.

મુમુક્ષુ :- પ્રયોજનસિદ્ધિમાં એક દર્શનમોહનું કારણ લીધું છે. પછી કરીશ... પછી કરીશ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી કરીશ... પછી કરીશ એ પ્રમાદભાવ છે અને એનાથી દર્શનમોહ વધે છે. કેમકે એ અરુચિ બતાવે છે અને અરુચિથી દર્શનમોહ વધે છે. અરુચિ કહો આત્મકાર્યની અથવા પરરુચિ કહો, બેય એક વાત છે. બહુ સ્પષ્ટ પ્રયોજનભૂત વિષય ચર્ચ્યો છે. સાંભળવાવાળાને કેમ કામ થતું નથી? અને કેમ કામ થાય? બે વાત એમાં આવી જાય છે.

પ્રશ્ન-૧૧૦

પ્રશ્ન :- વચનામૃત બોલ ૪૭માં એક દૃષ્ટાંત આવ્યું છે કે લાળથી બંધાયેલો કરોળિયો જો છૂટવા માંગે તો છૂટી શકે છે, ઘરમાં રહેલો માણસ અનેક કાર્યોની ઉપાધિઓમાં ફસાયેલો દેખાય છે તો પણ માણસ તરીકે છૂટો છે એમ ત્રિકાળી દ્રવ્ય બંધાયું નથી. તો આ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધાન્ત શું સમજવો? આ દૃષ્ટાંત જ સરખું સમજાતું નથી.

સમાધાન :- દૃષ્ટાંત છે તે બધી રીતે લાગુ પડે નહિ, તેનો આશય ગ્રહણ કરવો જોઈએ. જેમ માણસ ઉપાધિઓમાં ફસાયેલો દેખાય છે છતાં માણસ તરીકે છૂટો છે. માણસ બહારથી બંધાયેલો લાગે, પણ ખરેખર કાંઈ બંધાયેલો નથી. તે સ્થૂલ દૃષ્ટાંત છે. એવી રીતે ચૈતન્યદ્રવ્ય વાસ્તવિક રીતે પરદ્રવ્ય સાથે બંધાયેલું નથી, ચૈતન્યદ્રવ્ય દ્રવ્ય તરીકે છૂટું જ છે. ચૈતન્યદ્રવ્ય આ પુદ્ગલ સાથે બંધનમાં આવ્યું નથી, પુદ્ગલ તો જડ છે અને પોતે ચૈતન્ય છે. ચૈતન્ય ચૈતન્યરૂપે છૂટું છે, પુદ્ગલ પુદ્ગલરૂપે છૂટું છે. બંને છૂટાં દ્રવ્ય છે, તો પણ ભ્રમણાબુદ્ધિમાં માની લીધું છે કે હું બંધાઈ ગયો છું. હું શરીરરૂપે અને વિકલ્પરૂપે થઈ ગયો એમ પોતે

માની લીધું છે. વાસ્તવિક રીતે ચૈતન્યદ્રવ્ય પરદ્રવ્યરૂપે થયું નથી; છૂટું છે. છૂટાને તું છૂટો જાણી લે. આ તો કલ્પના થઈ ગઈ છે કે હું આમાં બંધાઈ ગયો છું, હું શરીરરૂપે-વિકલ્પરૂપે થઈ ગયો છું તેવી તારી માન્યતાની ભ્રમણા છોડી દે તો તું છૂટો જ છે, તે છૂટાને ગ્રહણ કરી લે. છૂટો બંધનમાં આવી ગયો હોય તો બંધન કેમ તોડવું એમ થાય, પણ તું વાસ્તવિક રીતે બંધાયેલો જ નથી, માટે તું છૂટો જ છે. આ આશય આમાંથી ગ્રહણ કરવો.

તારી વિભાવ પરિણતિ થાય છે તે વિભાવ તરફ દૃષ્ટિ નહિ દેતાં, તું છૂટો છે તેને ગ્રહણ કર. પર્યાયમાં જે વિભાવ પરિણતિ થાય છે તે પર્યાયને ગૌણ કરીને દ્રવ્ય તરીકે હું છૂટો જ છું એમ જો. કરોળિયો કરોળિયા તરીકે છૂટો જ છે, તેમ દ્રવ્ય તરીકે તું છૂટો જ છે માટે દ્રવ્યને ગ્રહણ કરી લે. પર્યાયમાં વિભાવ પરિણતિ થાય છે પણ તેનાથી દ્રવ્ય ન્યારું છે. એટલી તેમાં સાબિતી કરવી છે. તું મુક્ત જ છો, બંધાયો નથી. તેથી મુક્તને ગ્રહણ કરી લે. તેં અનાદિકાળથી ગમે તેટલા ભવ કર્યા, તને ગમે તેટલા વિભાવો થયા, પણ તું દ્રવ્ય તરીકે છૂટો-શુદ્ધાત્મા જ છે. માટે તું તેને ગ્રહણ કર. દ્રવ્યદૃષ્ટિથી તેના તરફ જો, તો તું છૂટો જ છો.

ગુરુદેવ કહે છે ને! કે થાંભલાને પોતે બાથ ભીડી અને પછી કહે કે હવે મને છોડ. પણ તેં જ તેને ગ્રહણ કર્યો છે માટે તું તેને છોડી દે. તેવી રીતે પોતે ભ્રમણાથી વિભાવ પરિણતિ કરી રહ્યો છે તેને છોડ, તો તું છૂટો જ છો. તારી એકત્વબુદ્ધિને તું છોડી દે, તો તું છૂટો જ છો.

તે દૃષ્ટિ ફેરવી શકતો નથી. એમાં બહારથી કાંઈ કરવાનું નથી, બીજી કોઈ જાતની મહેનત કરવાની નથી, છતાં પણ આ સ્થૂલતામાંથી અંદર સૂક્ષ્મ ઉપયોગ કરીને દૃષ્ટિ ફેરવતાં તેને ઘણી મુશ્કેલી પડી જાય છે. સ્થૂલબુદ્ધિથી આ વિકલ્પ-શરીરાદિ બધું તેને ગ્રહણ થાય છે, પણ તેમાંથી સૂક્ષ્મદૃષ્ટિ કરીને દિશા ફેરવતાં તેને મુશ્કેલી પડી જાય છે. તે બહારનું બધું સ્થૂલ સ્થૂલ કરવા જાય છે અર્થાત્ ઉપવાસ કરવા હોય તો કરી દે, બહારથી મહેનત કરવાની હોય તે પણ કરી દે. જ્યારે આમાં બીજું કાંઈ કરવાનું નથી, માત્ર દૃષ્ટિ ફેરવીને ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. છતાં સૂક્ષ્મ ઉપયોગ કરીને-સૂક્ષ્મ પરિણતિ કરીને-અંદર જવું તેને મુશ્કેલ પડે છે. અનંતકાળ ચાલ્યો ગયો પણ દિશા ફેરવતો નથી.

મુમુક્ષુ :- એક દૃષ્ટિ ફેરવવામાં અનંત અનંત ભવ પરાવર્તન થઈ ગયા?

બહેનશ્રી :- અનંત પરાવર્તન કર્યાં તોપણ દૃષ્ટિ ફેરવતાં ન આવડી. શુભભાવની

રુચિમાં ક્યાંક ને ક્યાંક અટવાઈ જાય છે. શુભથી લાભ થાય એમ ઊંડી ઊંડી રુચિના રસને લઈને કોઈ ક્રિયાના વિકલ્પના રસમાં રોકાઈ જાય છે. પ્રવૃતિ વગર કેમ રહેવાય? એમ ક્યાંક ને ક્યાંક રુચિમાં અટકી જાય છે, પણ અંતરમાં દૃષ્ટિ ફેરવતો નથી. ૧૧૦.

તા. ૧૭-૧-૧૯૯૭, પ્રશ્ન-૧૧૦
પ્રવચન નં. ૭૨

સ્વાનુભૂતિદર્શન. ૧૧૦મો પ્રશ્ન છે. '**પ્રશ્ન :- વચનામૃત બોલ ૪૭માં એક દૃષ્ટાંત આવ્યું છે કે લાળથી બંધાયેલો કરોળિયો જો છૂટવા માંગે તો છૂટી શકે છે, ઘરમાં રહેલો માણસ અનેક કાર્યોની ઉપાધિઓમાં ફસાયેલો દેખાય છે તો પણ માણસ તરીકે છૂટો છે એમ ત્રિકાળી દ્રવ્ય બંધાયું નથી. તો આ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધાન્ત શું સમજવો? આ દૃષ્ટાંત જ સરખું સમજાતું નથી.**' શું પ્રશ્ન છે? બહેનશ્રીના વચનામૃત પુસ્તકમાં ૪૭મું વચનામૃત છે. એમાં એક દૃષ્ટાંત છે કરોળિયાનો, કે કરોળિયો પોતાની લાળથી ગૂંચવાય છે પણ છૂટવા માગે તો લાળને છોડીને છૂટી શકે છે. બીજું દૃષ્ટાંત છે કે એક ગૃહસ્થ માણસ છે. ઘરના અનેક કાર્યો અને ઉપાધિમાં એ ફસાયેલો છે, તોપણ માણસ તરીકે એ છૂટો છે. એટલે માણસ તરીકે એ માણસ મટી ગયો નથી. ઉપાધિથી મુક્ત થઈ શકે છે. એમ અવસ્થામાં પ્રતિબંધ હોવા છતાં, અવસ્થા પરદ્રવ્યમાં અટકતી હોવા છતાં ત્રિકાળી દ્રવ્ય છે એ છૂટું જ છે. એને અવસ્થાના બંધન સાથે કોઈ સંબંધ નથી. મૂળ સ્વરૂપને. એના ઉપર સ્પષ્ટીકરણ માંગ્યું છે.

'**સમાધાન :- દૃષ્ટાંત છે તે બધી રીતે લાગુ પડે નહિ,...**' દૃષ્ટાંત છે એ કોઈ એક વ્યૂ પોઈન્ટ સમજાવવા માટે હોય છે. આખે આખું દૃષ્ટાંત લાગુ નથી પડતું ક્યાંય. '**દૃષ્ટાંત છે તે બધી રીતે લાગુ પડે નહિ, તેનો આશય ગ્રહણ કરવો જોઈએ.**' દૃષ્ટાંતમાં કહેવા શું માંગે છે? અથવા એ દૃષ્ટાંત ઉપરથી પરમાર્થ શું સમજવો? એને આશય કહે છે. પરમાર્થને આશય કહે છે. એટલે એમાંથી પરમાર્થ (કાઢવો જોઈએ). એટલે કે એમાંથી શું ઉપદેશ મને લાગુ પડે છે આ દૃષ્ટાંત ઉપરથી? એ રીતે દૃષ્ટાંતને

સમજવું કે વિચારવું.

હવે દૃષ્ટાંતની વાત કરે છે. '**જેમ માણસ ઉપાધિઓમાં ફસાયેલો દેખાય છે...**' અનેક કાર્યોની ઉપાધિમાં રોકાયેલો છે. '**છતાં માણસ તરીકે છૂટો છે.**' હવે એ કેમ નક્કી થાય? કે કોઈ વિશેષ પ્રાયોરિટીનું કામ આવી જાય તો ઉપાધિ પડી રહે (અને) એમાં લાગી જાય. એક કોઈ કામની ઉપાધિ હોય એના કરતાં પણ કોઈ બીજું કામ આવી જાય તો ત્યાંથી છૂટો જ છે, તો છૂટો થઈ શકે છેને. તો માણસ તરીકે એ છૂટો છે. દૃષ્ટાંતનું બીજું દૃષ્ટાંત, દૃષ્ટાંતનું દૃષ્ટાંત લઈએ કે એક માણસને ધંધાકીય ઉપાધિ છે. એમાં માંદગીની વ્યાધિ આવે તો એ ધંધો પડ્યો રહે. પડ્યો રહે કે ન પડ્યો રહે? ધંધાથી આમ બંધાયેલો હતો, પણ આમ છૂટો છે કે નહિ? વિશેષ કોઈ ઉપાધિવાળું કામ આવે ત્યારે નાની ઉપાધિ પડી રહે. એમ સંસારની અનેક પ્રકારની જવાબદારીઓમાં ફસાયેલો માણસ મોટી ઉપાધિ કરે કે મારા પરિભ્રમણનું શું? જો આ રીતે મિથ્યાત્વ અવસ્થામાં આયુષ્ય પૂરું થાય, મનુષ્યભવ પૂરો થઈ જાય તો અનંત કાળે પણ મનુષ્યભવ મળવો મોંઘો છે. તો પછી મને મારું પરિભ્રમણ કેવી રીતે મટશે એ કોઈ સૂઝ નહિ આવે.

ગૃહસ્થીના જે પરિણામ છે એમાં મોટા ભાગના પાપના પરિણામ છે. અને મિથ્યાત્વ સહિતના, એકત્વબુદ્ધિ સહિતના જે પરિણામ છે, ભલે એ બહુ તીવ્ર કષાયવાળા ન દેખાતા હોય, તોપણ એ તિર્યંચ ગતિનું અધોગતિનું જ કારણ બને. નહિતર સામાન્યપણે એમ વિચારે કે ભાઈ આપણે ક્યાં એવા તીવ્ર કષાય કરીએ છીએ? નોર્મલ લાઈફ છે આપણી. આપણું કામ, ધંધો, વ્યવસાય, નોકરી જે કાંઈ કરીએ છીએ, ગૃહસ્થી નિભાવીએ છીએ, આપણી ફરજ બજાવીએ છીએ. એમાં આપણે શું મોટો ગુનો કર્યો? ભલે નરકમાં ન જાય, પણ તિર્યંચમાં તો જાય. સામાન્ય જીવન જીવતા હોય, થોડું ઘણું શુભ કરતા હોય. તિર્યંચગતિમાં જાય છે. તો સંસારની એક નાની ઉપાધિ, મોટી ઉપાધિ આવતા છૂટી જાય છે તો પરિભ્રમણનો વિચાર આવે અને એ સમસ્યા બહુ મોટી છે એમ ભાસે, એમ લાગે તો બીજી ઉપાધિઓ ગૌણ થઈ જાય જ્યાં ફસાયેલા છે ત્યાં.

એ રીતે માણસ તરીકે છૂટો છે. '**માણસ બહારથી બંધાયેલો લાગે પણ ખરેખર કાંઈ બંધાયેલો નથી.**' બહારના કાર્યોની અપેક્ષાથી જો જોવામાં આવે તો બંધાયેલો લાગે. એને એક માણસ તરીકે નિરપેક્ષ જુઓ તો એ છૂટો છે, ગમે તે કાર્ય કરવા માટે. છૂટો છે એટલે ગમે તે કાર્ય કરવા માટે સ્વતંત્ર છે એમ લેવું. છૂટાનો અર્થ એ સ્વતંત્ર છે. દૃષ્ટાંત તો સ્થૂળ છે. હવે સિદ્ધાંતમાં લેવું છે.

કહે છે, '**એવી રીતે ચૈતન્યદ્રવ્ય વાસ્તવિક રીતે પરદ્રવ્ય સાથે બંધાયેલું નથી,...**' પરદ્રવ્ય કોઈ પરમાણુ કે બીજા જીવો એને વળગેલા નથી. એ પણ કોઈને વળગેલો નથી. સ્વરૂપથી જોવામાં આવે તો એ અસંગતત્ત્વ છે. કેવું? કેવળ પરિપૂર્ણ અસંગતત્ત્વ છે. '**એવી રીતે ચૈતન્યદ્રવ્ય વાસ્તવિક રીતે પરદ્રવ્ય સાથે બંધાયેલું નથી, ચૈતન્યદ્રવ્ય દ્રવ્ય તરીકે છૂટું જ છે.**' સ્વતંત્ર જ છે. અહીં તો કાંઈ ઉપાધિ નથી. પાંચ ઈન્દ્રિય સાબુત છે, મનથી વિચાર વિવેક કરી શકે છે. નિગોદમાંથી જીવ નીકળે છે. જો સ્વતંત્ર ન હોય તો કેવી રીતે નીકળે? ત્યાં તો એટલા બધા કર્મોથી બંધાઈને દબાયેલો છે, એટલું બધું આવરણ છે અવસ્થાને. પણ અવસ્થાને હોં! વસ્તુ સ્વતંત્ર છે. ત્યાંથી નીકળીને પંચેન્દ્રિય થઈ મોક્ષમાં જાય છે.

ઋષભદેવ ભગવાનના ૯૮ પુત્ર. સો પુત્રો હતા એમને. ભરત અને બાહુબલીને બાદ કરીએ એટલે બાકીના ૯૮ પુત્રો નિગોદમાંથી આવ્યા છે. ભૂતકાળના સંસ્કાર જોઈએ ને, કાંઈ સંસ્કાર નહોતા, કાંઈ સંસ્કાર નહોતા. પહેલેથી જ વિવેક આવ્યો. નાનપણથી વિવેક આવ્યો છોકરાઓને. બોલે નહિ કોઈ. ભગવાનના દીકરા બોલે નહિ તો એમ થાય કે આવું કાંઈ હોય? રાજકુમાર રૂપાળા મજાના પુણ્યવંત દેખાય, પણ બોલે નહિ. બહુ બોલાવાની મહેનત કરી ત્યારે એટલું બોલ્યા કે અમને ભગવતી પ્રવ્રજ્યા આપો. અમારે દીક્ષિત થઈ જવું છે. આ સંસારના કાર્યોમાં કે ઉપાધિમાં કે પરિભ્રમણમાં અમારે ફસાવું નથી. જાવ. એ ભવે મોક્ષે ગયા. ત્યારે ભગવાને એને ઉપદેશ આપ્યો કે 'આણાએ ધમ્મો અને આણાએ તવો.' જ્ઞાનીપુરુષની આજ્ઞામાં રહો તમે, ગુરુની આજ્ઞામાં રહો, ભગવાનની આજ્ઞામાં રહો. આજ્ઞામાં રહેવા માટે તમને જે કાંઈ કરવું પડે એ જ તમારું તપ છે અને એ જ તમારો ધર્મ છે.

એટલે ચૈતન્ય દ્રવ્ય વાસ્તવિક રીતે કોઈની સાથે બંધાયેલું નથી. '**ચૈતન્ય ચૈતન્યરૂપે છૂટું જ છે,...**' '**ચૈતન્યદ્રવ્ય આ પુદ્ગલ સાથે બંધનમાં આવ્યું નથી, ચૈતન્ય ચૈતન્યરૂપે છૂટું છે, પુદ્ગલ પુદ્ગલરૂપે છૂટું છે. બંને છૂટાં દ્રવ્ય છે,...**' કોઈ કહે કે આ શરીરથી બંધાયેલા છીએ, પૂર્વના કર્મો ઘણા આવરણ કરેલા છે. છૂટું છે... છૂટું છે કેમ ગણવું? પરિણામ સ્વતંત્ર કરી શકે છે. તને તારા મૂળ દ્રવ્યનું અનંત સામર્થ્ય છે એ એમ ને એમ અકબંધ છે. એને કોઈએ હાનિ-બાધા પહોંચાડી નથી. પહોંચાડી શકે એમ પણ કોઈ નથી. એ શક્તિ સ્વતંત્ર પરિણમે છે. એ ઈતિહાસમાં બધા દૃષ્ટાંતો છે ઋષભદેવ ભગવાનના પુત્રોના. પુરાણમાં એ દૃષ્ટાંતો છે એ પ્રેરણા આપે છે જીવને કે નિગોદમાંથી આવેલા જીવો પણ ચરમશરીરી થઈને તે ભવે મોક્ષ જાય. એ પાંચ પરાવર્તનમાં આવ્યા જ નહિ. પરાવર્તનમાં એ આવ્યા જ નહિ. આવું છે. સીધા

મનુષ્ય થઈને સિદ્ધાલયમાં ગયા. શું બતાવે છે એ? સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- ભરત ચક્રવર્તી મહારાજ ક્યાં...

પૂજ્ય ભાઈશ્રી :- મુનિદશામાં ઝાઝું એને રહેવું ન પડ્યું. અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન લીધું. એ તો સ્વતંત્રતા જ બતાવે છે. અત્યારે લેવું હોય તો આ શરીર છે, કર્મ છે. ભલે દેખાતા નથી પણ આપણે આગમ અનુસાર સ્વીકારીએ છીએ. કર્મોનું આવરણ છે આ જીવને. શરીરનું બંધન છે. તેથી કરીને એ પરિણામ સ્વતંત્ર રીતે ન કરી શકે એવું લાગે છે? તો તો કોઈ જીવ, સંસારી જીવ મુક્ત કેવી રીતે થાય?

'ચૈતન્ય ચૈતન્યરૂપે છૂટું છે,...' પુદ્ગલે ચૈતન્યને પુદ્ગલ નથી બનાવ્યું. પુદ્ગલે ચૈતન્યને પુદ્ગલ નથી બનાવી દીધું. સંયોગથી જડ નથી થઈ ગયું. ચૈતન્ય પોતાની પૂરી શક્તિથી ચૈતન્ય જ રહ્યું છે. **'તોપણ ભ્રમણાબુદ્ધિમાં માની લીધું છે કે હું બંધાઈ ગયો છું.'** અવસ્થાના બંધનની વાત જુદી છે અને મૂળ સ્વરૂપના બંધનની વાત જુદી છે. મૂળ સ્વરૂપ તો અબદ્ધસ્પૃષ્ટ છે. ૧૪મી ગાથા છેને? એમાં સ્પષ્ટ વાત છે કે મૂળ સ્વરૂપ તો અબદ્ધસ્પૃષ્ટ છે.

એક દૃષ્ટાંત પરમાત્મપ્રકાશમાં બહુ સારું આપ્યું છે. એક માણસના પગને કાચા દોરાના તાંતણાથી બાંધ્યા. ઘણા આંટા માર્યા. પણ કાચા દોરા હતા. બેય પગે બાંધી દીધા. એટલે રોવા માંડ્યો કે અરેરે..! હું બંધાઈ ગયો રે બંધાઈ ગયો. ત્યારે કોઈએ એમ કહ્યું કે ભાઈ જો, તારા હાથ તો છૂટા છે, તારા હાથ તો ખુલ્લા છે. તારા પગ બંધાણા છે, પણ તું આખો ક્યાં બંધાણો છો? ખાલી તારો એક પગનો અવયવ બાંધ્યો છે અને એ પણ કાચા દોરાના તાંતણાથી, પણ તારા હાથ ખુલ્લા છે. તું બંધનને ખોલી નાખ કે તોડી નાખ. એમાં શું? એમાં રોવાની શું જરૂર છે?

એમ અવસ્થામાં આ જીવને આવરણ છે, બંધન છે એમ માન્યું. પણ તારી અનંત શક્તિ ખુલ્લી છે. તારે કાંઈ ગભરાવાની જરૂર નથી. એ બંધનને તું તોડી શકે છો, ખોલી શકે છો. તારી શક્તિ પાસે એ કાંઈ નથી. કાચા સૂતરના તાંતણા જેવું છે. જરાક જોર કર એટલે તૂટી જાય. જા! થોડુંક જોર કરે એટલે તૂટી જાય. પણ જીવ ભ્રમણાબુદ્ધિથી ખોટો અભિપ્રાયમાં બંધાય છે. એ ખોટા અભિપ્રાયમાં એ પોતે આખો આખો બંધાયો છે એવી રીતે કલ્પે છે ભ્રમણામાં. કે અરેરે! હું તો સાધારણ, હું તો સાધારણ જીવ. આવું બધું આત્માનું મહાન કાર્ય કરવું એ તો યોગીજનો કરી શકે. હું ગૃહસ્થી સાધારણ, થોડી થોડી વાતમાં મને રાગ-દ્વેષ અને કષાય થઈ જાય. જરાક ખાવાનું સારું મળે ત્યાં જીવ લલચાય જાય. કોઈ ચીજ ભાવે એવી સારી બનીને આવે ભાણામાં તો મને આમ થઈ જાય, મને તેમ થઈ

જાય. એ પોતે ખોટી રીતે પોતાનો ખોટો અભિપ્રાય ઘડીને પોતાની શક્તિને આડ મારે છે. શું કરે છે? અનંત શક્તિવાન હોવા છતાં શક્તિને પોતે આડ મારી દ્યે છે કે હું તો આવો નબળો, હું તો નબળો. મારામાં નબળાઈ બહુ છે. હું નબળો, મારામાં નબળાઈ બહુ છે. એમ નથી, સબળાઈ પણ છે. એને સંભાળ તું.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી કહે છેને ઢગા આત્મા છો કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- તું આત્મા છો એટલે અનંત શક્તિવાળો તું છો.

'ભ્રમણાબુદ્ધિમાં માની લીધું છે કે હું બંધાઈ ગયો છું. હું શરીરરૂપે અને વિકલ્પરૂપે થઈ ગયો એમ પોતે માની લીધું છે.' કોઈ એક અંશ એવી યોગ્યતામાં આવ્યો છે, વિકલ્પની અને શરીરની, પણ વસ્તુ જે અંદર છે એ એમ ને એમ સાબૂત છે. મૂળ વસ્તુ બગડી નથી. અવસ્થા થોડી બગડી છે પણ મૂળ વસ્તુ બગડી નથી. અવસ્થા થોડી બગડી છે એટલે કોઈ એક અંશ, કોઈ એક અવયવમાં બંધન છે. પણ તું આખે આખો ખૂલ્લો છો. વાસ્તવિકતા એમ છે. **'વાસ્તવિક રીતે ચૈતન્યદ્રવ્ય પરદ્રવ્યરૂપે થયું નથી; છૂટું છે.'** આખું દ્રવ્ય જો મનુષ્ય થઈ ગયું હોય, ચૈતન્ય દ્રવ્ય જ મનુષ્ય થઈ ગયું હોય તો કાયમ મનુષ્યપણું રહે. એમ રહેતું નથી. કેમકે મૂળ વસ્તુ એ છે નહિ. વિકૃતિ આવી છે, વિકૃતિ મટી શકે એવી આવી છે. એવી વિકૃતિ નથી કે મટી ન શકે. પોતાના મૂળ સ્વરૂપને અને સ્વભાવને સંભાળે તો વિકૃતિ ચાલી જાય છે સહજમાત્રમાં. કેવી? સહજમાત્રમાં ચાલી જાય.

મુમુક્ષુ :- વિકૃતિ એવી નથી થઈ ગઈ કે પોતાના સ્વરૂપને મટાડી દે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપને મટાડી દ્યે શું સ્વરૂપમાં એ કાંઈ વિકૃતિ આવી જ નથી, સ્વરૂપને સ્પર્શી પણ નથી. જે કોઈ વિકૃતિ છે એ કાંઈ સ્વરૂપને સ્પર્શી નથી. નિયમસારમાં એક કળશ લીધો છે ૩૮ ગાથામાં કે આ જે બધા પર્યાયો છે એ અતિ દૂર છે. કેટલા? મૂળ સ્વરૂપથી અતિ દૂર છે એટલે છૂટા છે. અહીંયાં 'છૂટા' શબ્દ વાપર્યો છે.

'વાસ્તવિક રીતે ચૈતન્યદ્રવ્ય પરદ્રવ્યરૂપે થયું નથી; છૂટું છે. છૂટાને તું છૂટો જાણી લે.' આટલું કરવાનું છે. **'છૂટાને તું છૂટો જાણી લે. આ તો કલ્પના થઈ ગઈ છે કે હું આમાં બંધાઈ ગયો છું,...'** આખે આખો બંધાઈ ગયો છું એવી જીવને કલ્પના થઈ ગઈ છે. **'હું શરીરરૂપે છું...'** હું શરીરરૂપે થઈ ગયો છું **'વિકલ્પરૂપે થઈ ગયો છું તેવી તારી માન્યતાની ભ્રમણા છોડી દે તો તું છૂટો જ છે,...'** ભ્રમણા છોડવાની વાત છે મૂળ સ્વરૂપને ઓળખીને. મૂળ સ્વરૂપને ઓળખીને એ ભ્રમણાને છોડી દેવી. સંસારમાં જીવો સુખી-દુઃખી થાય છે એ ભ્રમણાને કારણે છે.

હું ફલાણો કે ફલાણી અને આનાથી મને સુખ અને આનાથી મને દુઃખ. આ બધા મિસ કોન્સેપ્ટ છે. એનાથી ગૂંચવાય છે અને સુખી-દુઃખી થઈને પરિભ્રમણ કરે છે. મૂળ સ્વરૂપે જોવે એ બધી ભ્રમણાને છેદીને, ભ્રમણાના થરના થર ખડકી દીધા છે, હવે એને છેદીને મૂળ સ્વરૂપને જોવે (તો) કાંઈ લેવા કે દેવા. કોઈની સાથે આ જીવને કાંઈ લેવા-દેવા, સંબંધ કાંઈ છે નહિ. જેટલા સંબંધ કલ્પ્યા એટલા જૂઠા. કેમ? કે એક દિવસે બધું પૂરું થવાનું છે. તો પહેલેથી જ ચેતી જાને. એક દિવસે જ્યારે એ બધા સંબંધો કપાઈ જ જવાના છે અને એક ઝાટકે કપાશે, ક્રમે-ક્રમે નહિ કપાય, એક ઝાટકે એક સેકન્ડમાં પૂરું થઈ જશે પલકમાત્રમાં. તો અત્યારથી અંદરમાં ફરી જા એમ કહે છે. બહારમાં બધું ભલે એમ ને એમ ગોઠવાયેલું રહ્યું. કોઈને હલાવાની જરૂર નથી. કોઈ ચીજને અડવાની કે હલાવાની જરૂર નથી અને અંદરમાં ફરી જા.

મુમુક્ષુ :- ભૂતકાળના બધા સંબંધો છોડીને જ આવ્યો છેને. ભૂતકાળના ક્યા સંબંધ અત્યારે છે?

પૂજ્ય ભાઈશ્રી :- અનંતા કુટુંબ પરિવાર છોડીને અહીં સુધી આવ્યો છે. કોઈની સાથે કાંઈ લેવા-દેવા રહી છે? તો અત્યારે એ લેવા-દેવા મૂકી દે તો? તું છૂટો જ છો, તને કાંઈ વાંધો નથી. કાંઈ વાંધો આવી જવાનો નથી. આટલા તીર્થંકરો થયા, બીજા પણ તીર્થંકરો સિવાય પણ સિદ્ધાલયમાં અનંતા આત્માઓ ગયા. એ સર્વસંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને ગયા. મુનિદશા અંગીકાર કરી ત્યારે શું કર્યું? પહેલા ચોથા ગુણસ્થાને અભિપ્રાયમાં બધા સંબંધો છેદી નાખ્યા ભાવથી, પછી દ્રવ્યથી છેદી નાખ્યા. એ સંબંધ તોડવાથી તેમને શું નુકસાન ગયું?

મુમુક્ષુ :- અનંતકાળ માટે સુખી થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- અનંતકાળ માટે સુખી થઈ ગયા અને આખું જગત એને પૂજે છે. એ તીર્થંકરાદિને જગત પૂજે છે. જેણે સંબંધો છોડ્યા, ત્યાગ્યા, છેદ્યા એને લોકો પૂજે છે. અને એ પૂજે છે એ કેમ પૂજે છે? કે એવા થવા માટે પૂજે છે. કે તમારા જેવા અમારા થાવું છે માટે અમે તમને પૂજીએ છીએ, વંદીએ છીએ. 'વંદે તદ્‌ગુણ લબ્ધયે.' એટલે એ સંબંધો જવાબદારીના અંચળા નીચે પકડી રાખવા જેવા નથી. (એમ કહે કે) જવાબદારી લઈને બેઠા છીએ. ગુરુદેવ કહેતા હતા કે આ સંસારમાંથી જીવ છૂટવા માગે ત્યારે બીજા સંસારીઓ એને સંસારમાં ખેંચે ટાંટિયા પકડીને. એમ કાંઈ અત્યારથી બધું હોતું હશે કાંઈ? મોટી જવાબદારી છે. એક દૃષ્ટાંત આપતા. એની પત્ની હોય એ એમ કહે કે સો-બસ્સો માણસ લઈને તમે આવ્યા

હતા જાન લઈને અને બધાયની વચ્ચે મારો હાથ પકડ્યો છે. હવે એ મૂકી દો એ કેમ કામ લાગે? પાણીગ્રહણ કહે છેને? પાણી એટલે હાથ. પાણી એટલે આ પાણી નહિ. હાથ માટે ઘણા શબ્દો છે. હસ્ત, કર, પાણી એ બધા હાથ માટેના શબ્દો છે. એમ ન ચાલે, તમારે નિભાવવું જ પડશે એમ કહે. એવું બધું ઊભું થાય ખરું. છતાં ભગવાન કહે છે કે તું સ્વતંત્ર છો. આયુષ્ય પૂરું થાય તો કોઈ રોકી શકે છે? આયુષ્ય પૂરું થાય તો ન રોકી શકે. તો પછી અત્યારથી જ ન રોકે એ વધારે સારુંને. એવી રીતે પોતે અંદરથી ફરી જવું જોઈએ.

એવા પણ કુટુંબો હોય છે. આ તો અત્યારની પરિસ્થિતિની વાત છે. એવા પણ કુટુંબો હોય છે. કુટુંબમાંથી કોઈ એક વ્યક્તિ, કોઈ એક આત્મા સન્માર્ગે જવા માગતો હોય, આત્મકલ્યાણના રસ્તે વળવા માગતો હોય તો એનું અનુમોદન કરે, અનુકૂળતા.. એમ કહે કે તું જો તારું આત્મકલ્યાણ કરી લેતો હોય તો અમારે એમાં વચ્ચે અંતરાય પાડવો નથી. એવા સમજદાર હોય છે. સત્યુગમાં તો એવું બહુ હતું. અત્યારે મહાવિદેહમાં છે કે ચોથા આરામાં છે. એવો પ્રકાર વિશેષ હોય. કોઈ જીવને આત્મકલ્યાણ કરવું હોય તો બીજા જીવો એને સપોર્ટ કરે, બાધા ન કરે. અત્યારે જુદી વાત છે.

શું કહે છે? કે '**હું શરીરરૂપે-વિકલ્પરૂપે થઈ ગયો છું તેવી તારી માન્યતાની ભ્રમણા છોડી દે તો તું...**' તારું કાર્ય કરવા માટે '**છૂટો જ છો, તે છૂટાને ગ્રહણ કરી લે.**' તું છૂટો છો એમ સ્વીકારી લે. ગ્રહણ કરી લે એટલે એમ સ્વીકારી લે તું. '**છૂટો બંધનમાં આવી ગયો હોય તો બંધન કેમ તોડવું એમ થાય, પણ તું વાસ્તવિક રીતે બંધાયેલો જ નથી,...**' આ વાસ્તવિકતા છે અને બંધાયેલો છું એ કલ્પના છે. ભલે તને અત્યાર સુધી ખબર ન હોય, પણ હવે જ્ઞાનીપુરુષો એમ કહે છે કે જો ભાઈ 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું, કર સ્વીકાર તો પામ.' કર વિચારને બદલે કર સ્વીકાર તો પામ. સ્વીકાર કર તો પામી જા. પામી જા એટલે અનુભવ થશે તને કે બરાબર છે. વાસ્તવિકતાનો અનુભવ તને થઈ જશે.

મુમુક્ષુ :- પોતાને પોતાને જોવાનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આખો દૃષ્ટિકોણ બદલાઈ જશે.

'**પણ તું વાસ્તવિક રીતે બંધાયેલો જ નથી, માટે તું છૂટો જ છે. આ આશય આમાંથી ગ્રહણ કરવો.**' શેમાંથી? દૃષ્ટાંત આપ્યું છે એમાંથી આશય ગ્રહણ કરવો. કોઈવાર જ્ઞાનીઓ તને તારું બંધન સમજાવે તોપણ એ બંધનથી છૂટવા માટે બંધન

સમજાવે છે. આશય પકડજે. અને કોઈ વખત તને તારું અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપ સમજાવે તોપણ એ તારા છૂટાપણાને સ્વીકારીને તારી ભ્રમણાથી મુક્ત થવા માટેનો જ આશય છે, બીજો કોઈ આશય નથી. વાત બેય પડખેથી આવશે.

'અધમા અધમ અધકો પતીત સકળ જગતમાં હુંય, એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું?' ...માં એમ લીધું. જરાક આગળ વધ્યો એટલે કહે 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.' એક જ જ્ઞાની છે. બેય વાત કરનાર જુદાં જુદાં વ્યક્તિ નથી. એક જ વ્યક્તિ, એક જ જ્ઞાની બેય વાત કરે છે. એ બંને વાતની અંદર એક જ આશય છે, બીજો આશય એ વાતમાં નથી. એવી હજારોગમે વાત છે શાસ્ત્રોમાં. અનંત નયો છે. જેટલા નય એટલા વક્તાના અભિપ્રાય છે. જેટલા નય એટલા વક્તાના અભિપ્રાય છે. અહીંયાં આ અભિપ્રાયથી કહીએ છીએ, અહીંયાં આ અભિપ્રાયથી કહીએ છીએ, અહીંયાં આ અભિપ્રાયથી કહીએ છીએ. એમ છતાં આશય બધે એક જ છે. આશય ક્યાંય બદલાતો નથી.

મુમુક્ષુ :- પ્રયોજન આત્મકલ્યાણનું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આત્મકલ્યાણ જ કરાવે છે.

'આ આશય આમાંથી ગ્રહણ કરવો.' કે તું છૂટો છો. ભ્રમણા મૂકી દે, ભ્રમણાથી મુક્ત થા. જેમકે કૃપાળુદેવ છે. શરીરની ઉંમર યુવાન છે. ૩૩ વર્ષ સુધી તો કાંઈ અત્યારે ઘડપણ કહેવાતું નથી. ૨૪ વર્ષે શુદ્ધ સમ્યગ્દર્શન પ્રગટ થયું છે. એ તો યુવાનીનો પ્રવેશકાળ છે. શરીરની પરિસ્થિતિ જોઈએ તો આત્માને તો કોઈ ઉંમર લાગુ પડતી નથી, એ તો અનાદિનો છે, પણ વર્તમાન શરીરની અવસ્થા જોતા યુવાનીનો પ્રવેશકાળ છે. હવે અંદરથી ફરી ગયા છે. સમ્યગ્દર્શન થયું એટલે શું થયું? આ જીવંત દૃષ્ટાંત છે આપણી સામે. અંદરથી ફરી ગયા છે કે આ કોઈ મારું નથી. આ સંયોગ, આ શરીર, આ પરિવાર કોઈ ખરેખર મારું નથી. સંસારના કાર્યો કરતા દેખાય છે. અંદરથી બધા સંબંધો કાપી નાખ્યા છે. અંદરથી બધા સંબંધો કાપીને આત્મામાં બેસી ગયા છે. એમને શું વાંધો આવ્યો? શું તકલીફ પડી એ કહો? શું મુસીબત થઈ? એક ભવમાં સિદ્ધાલયમાં પહોંચી જશે. 'એક જ દેહ ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ જો.' એ તો વયા જશે, સિદ્ધાલયમાં વયા જશે.

એ જે મહાપુરુષોનું ચરિત્ર છે, દૃષ્ટાંત છે એમાંથી પ્રેરણા મળે છે. એમાંથી પ્રેરણા મળે છે કે આ રીતે થઈ શકે છે. એ પણ વવાણિયાની અંદર એક સામાન્ય કુટુંબમાં જન્મ્યા ત્યારે સામાન્ય મનુષ્ય તરીકે જ દેખાણા છે. પણ અંદરમાં મહાન કાર્ય કરી લીધું. ભ્રમણાઓને છેદી નાખી. છેને? આત્મ ભાવનામાં જ લીધું છે.

હું એક આત્મા છું, દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ મારા નથી, હું એક શુદ્ધ ચૈતન્ય છું. એવો હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના ભાવતા રાગ-દ્વેષનો ક્ષય અને ભ્રમણાનો ક્ષય થઈ જાય. જીવને સંસારમાં પરિભ્રમણ કરતાં અનંત દુઃખ છે જે અસહ્યપણે એને ભોગવવા પડે છે. કહી ન શકે એવા અકથ્ય દુઃખ છે. એ એક સમસ્યા છે જીવની. અને એનાથી છોડાવવા માટે જ્ઞાનીપુરુષો નિષ્કારણ કરુણાથી એનું સ્વરૂપ સમજાવે છે.

'તારી વિભાવ પરિણતિ થાય છે તે વિભાવ તરફ દૃષ્ટિ નહિ દેતાં, તું છૂટો છો તેને ગ્રહણ કર.' યોગ્યતા કેળવીને, પાત્રતા કેળવીને. એ અધ્યાહાર છે. સીધે સીધું કોઈ લેવા માગે તો એવી રીતે એ પોતાની વર્તમાન અવસ્થાને ગૌણ કરીને સ્વરૂપને ગ્રહણ કરી શકે નહિ. એવી પરિસ્થિતિ દશા કેળવ્યા વિના નથી આવતી. **'પર્યાયમાં જે વિભાવ પરિણતિ થાય છે તે પર્યાયને ગૌણ કરીને દ્રવ્ય તરીકે હું છૂટો જ છું એમ જો.'** મુખ્ય-ગૌણની રમત છે. પરિણામની અંદર શેને મુખ્ય કરવું? કયા વિષયને મુખ્ય કરવું? કોને ગૌણ કરવું? આટલું જો બરાબર મુખ્ય-ગૌણ કરતા આવડે તો કાંઈ વાંધો આવે નહિ. અત્યારે સ્વરૂપ આપણે ન જાણ્યું હોય તો આત્મ કલ્યાણને મુખ્ય કરવું, આત્મકલ્યાણની ભાવનાને મુખ્ય રાખવી. તો સ્વરૂપ ઓળખાશે અને સ્વરૂપનો અનુભવ થશે. પછી સ્વરૂપની મુખ્યતા જ રહેશે. સ્વરૂપ ઓળખાશે ત્યારથી સ્વરૂપની મુખ્યતા થઈ જશે ઠેઠ સુધી, અનંત કાળ સુધી. એ પહેલા સ્વરૂપ નથી પકડાણું, ઓળખાણું, ત્યાં સુધી આત્મકલ્યાણની ભાવના મુખ્ય રાખ, સંસારને ગૌણ કર. આખા સંસારને ગૌણ કર. સંસારને અધો કરવો. આવે છે? અનુભવપ્રકાશમાં. અધો એટલે ગૌણ. આટલી જ ટેકનિક છે. સંસારથી મુક્ત થવાની આટલી જ ટેકનિક છે. પણ સંસાર એટલો બધો મુખ્ય કર્યો છે કે એકવાર તો હિંમત એની ન ચાલે. હિંમત હારી જાય. અરે! મારું શું થાશે? સંસારને ગૌણ કરતા મારું શું થાશે? તારું કાંઈ થાય એમ નથી. અવ્યાબાધ સ્વરૂપ છો. તારા ગઢમાંથી એક કાંકરી પણ ખરે એવું નથી. એવો અભેદ કિલ્લો છો તું ચૈતન્યનો કે એમાંથી એક કાંકરી ખરે એવું નથી. નકામો બીવે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ડાયાબિટીસ ડિક્લેર કરે ડૉક્ટર તો ચીનીને અડતો બંધ થઈ જાય છે. એમ આમાં નથી થતું.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એને શું છે વાસ્તવિકતા સમજાવી જોઈએ. લાભ-નુકસાનની વાસ્તિકતા સમજાવી જોઈએ. ડૉક્ટર બધું સમજાવે છે કે જો ભાઈ, સ્યુગર વધી જાય તો તારી કિડની ફેલ થાય, પેનક્રિયાસ તો તારું ફેલ થયું જ છે. હવે

જો તું ધ્યાન નહિ રાખે તો તારી કિડની ફેલ થાય, તારા હાર્ટ ઉપર અસર થાય, તારા બ્લડપ્રેશર ઉપર અસર થાય. કેટલીએ જગ્યાએ તને અસર થાશે. તો એ એને થયું નથી તોપણ સ્વીકારી લ્યે છે. હજી કાંઈ થયું નથી એ પહેલા સ્વીકારી લે છે તો પરિણામ આવી જાય છે. પોતાની જાતને ભેળવી લ્યે છે.

ભલે તું મુક્ત નથી થયો, પણ અંદરમાં મુક્ત છો એ તને સમજાવીએ છીએ. સંસાર અને સંસાર પરિણતિને ગૌણ કર. આ ભૂમિકામાં, પ્રથમ ભૂમિકામાં તારા આત્મકલ્યાણને મુખ્ય કર. આટલું એક મુખ્ય-ગૌણ કરવાનું છે. અત્યાર સુધી તેં શું કર્યું છે? આત્મકલ્યાણને અને આત્માને ગૌણ કર્યો છે અને સંસારને મુખ્ય કર્યો છે. પરિણામે તું સંસારમાં દુઃખી થા છો. ક્લિયર પિક્ચર દેખાડવા માંગે છે કે પરિણામે તું સંસારમાં પરિભ્રમણ કરીને દુઃખી થા છો. હવે આ ગૌણ કરીને આ મુખ્ય કર તો તું સંસારથી મુક્ત થઈને સુખી થઈ જા. એમાં તને વાંધો શું? પડખું ફેરવવાનું છે મુખ્ય-ગૌણમાં. જેમ માણસ સૂતો હોય ને કરવટ બદલે. એના જેવી જ વાત છે. અંદરમાં પડખું ફરવાનું છે. પછી જો આખી પરિણામની પરંપરા બદલાઈ જશે. આખી પરિણામની પરંપરા બદલાઈ જશે. અને તે પોતે સુખી થવા માટે પડખું બદલવા માગે તો એને એ પડખું બદલતા કોણ રોકે એમ છે? વાત રહી યથાર્થ સમજણની. એ યથાર્થ સમજણ કરવા માટે સ્વાધ્યાય અને સત્સંગ છે. સાધન પણ આજે ઉપલબ્ધ છે. પછી શું જોઈએ? ૧૧૦માં વિસ્તારથી જવાબ આપ્યો છે. વચ્ચે વચ્ચે પ્રશ્ન ઉઠાવ્યા છે. (અહીં સુધી રાખીએ).

તા. ૧૮-૧-૧૯૯૭, પ્રશ્ન-૧૧૦
પ્રવચન નં. ૭૩

સ્વાનુભૂતિદર્શન પાનું-૮૩, (પ્રશ્ન) ૧૧૦મો ચાલે છે. આત્મા છૂટો છે અને એક અંશમાં બંધાયેલો છે. મુખ્ય કોને કરવું? કેમકે જ્યાંથી પ્રશ્ન ઉઠાવ્યો છે કે માણસ

તરીકે આ માણસ છૂટો છે ઉપાધિથી ગ્રસિત હોવા છતાં પણ. એ દૃષ્ટાંત ત્યાં લીધું છે. અહીંયાં સમાધાનમાં બીજા પેરેગ્રાફથી કહે છે કે '**તારી વિભાવ પરિણતિ થાય છે...**' એ વિભાવ પરિણતિમાં આત્માને બંધન છે. બંધન છે એટલે પરતંત્રતા છે. '**તે વિભાવ તરફ દૃષ્ટિ નહિ દેતાં,...**' એટલે એને ગૌણ કરતા. તારી પરિણતિમાં વિભાવ જ નથી એમ નથી કહેતા. પરિણતિમાં પણ વિભાવ નથી એમ નથી. તારી પરિણતિમાં વિભાવ થાય છે તેના ઉપર દૃષ્ટિ નહિ દેતા એટલે એને ગૌણ કરતાં '**તું છૂટો છે...**' દ્રવ્ય સ્વભાવથી, મૂળ સ્વરૂપથી '**તું છૂટો છો તેને ગ્રહણ કર.**'

'**પર્યાયમાં જે વિભાવ પરિણતિ થાય છે તે પર્યાયને ગૌણ કરીને દ્રવ્ય તરીકે હું છૂટો જ છું એમ જો.**' એમ જો એટલે મુખ્યપણે એમ જો. અત્યારે તું વિભાવ પરિણતિને મુખ્ય કરે છો અને દ્રવ્ય સ્વરૂપને ગૌણ કરે છો. મુખ્ય-ગૌણ તો છદ્મસ્થની અવસ્થામાં થાય, થાય ને થાય. બધું મુખ્ય ન થાય અને બધું ગૌણ પણ ન થાય. વિદ્યમાનતા બંનેની છે. દ્રવ્યસ્વરૂપની પણ વિદ્યમાનતા છે અને વિભાવ પરિણતિની પણ વિદ્યમાનતા છે. તું મુખ્ય કરે છો વિભાવને, ગૌણ કરે છો દ્રવ્યને. હવે પલટો મારવાનો છે. મુખ્ય કર તું દ્રવ્યને, ગૌણ કર તું વિભાવને. આટલું કરવાનું છે. એમ કરવા સુધીની દશાને કેળવવી રહે છે. એ વાત અધ્યાહાર છે. સીધું કોઈ કરવા જાય તો એને એમ લાગે કે આ થઈ શકતું નથી મારાથી, હું કરી શકતો નથી. તો શું કરવું? એમ મૂંઝાય. એ રીતે જરા મૂંઝવણ થાય એવો વિષય છે ખરો.

'**કરોળિયો કરોળિયા તરીકે છૂટો જ છે, તેમ દ્રવ્ય તરીકે તું છૂટો જ છે માટે દ્રવ્યને ગ્રહણ કરી લે.**' એ દૃષ્ટાંત આપ્યું છે. કરોળિયાનું દૃષ્ટાંત આપ્યું છે, માણસનું દૃષ્ટાંત આપ્યું છે. વચનામૃતના ૪૭ બોલનો વિષય ચાલે છે એ ત્યાં આ રીતે દૃષ્ટાંત આપ્યું છે એ સમજાય એવું છે કે '**કરોળિયો કરોળિયા તરીકે છૂટો જ છે, તેમ દ્રવ્ય તરીકે તું છૂટો જ છે...**' એ ઉપાધિ અને વિભાવ છે એ દ્રવ્યમાં નથી માટે દ્રવ્યને ગ્રહણ કરી લે. પોતાપણે વિભાવને તું ગ્રહણ કરે છો એના બદલે પોતાપણે તું દ્રવ્યને ગ્રહણ કર.

'**પર્યાયમાં વિભાવ પરિણતિ થાય છે પણ તેનાથી દ્રવ્ય ન્યારું છે.**' પર્યાયમાં વિભાવ પરિણતિ થાય છે એનાથી દ્રવ્ય તો જુદું છે, ભિન્ન છે પોતે. '**એટલી તેમાં સાબિતી કરવી છે.**' ત્યાં જે વચનામૃત બોલ ૪૭ છેને, એમાં એટલી વાત સિદ્ધ કરવી છે કે તું દ્રવ્ય તરીકે ભિન્ન છો અને ભિન્ન છો માટે છૂટો છો. '**તું મુક્ત જ છો, બંધાયો નથી.**' સ્વરૂપમાં બંધન નથી. '**તેથી મુક્તને ગ્રહણ કરી લે.**' '**મુક્ત જ છો, બંધાયો નથી. તેથી મુક્તને ગ્રહણ કરી લે.**' સ્પષ્ટ ઉપદેશ છે.

'**તેં અનાદિકાળથી ગમે તેટલા ભવ કર્યા,...**' અનંતા ભવ કર્યા. '**તને ગમે તેટલા વિભાવો થયા, પણ તું દ્રવ્ય તરીકે છૂટો-શુદ્ધાત્મા જ છે.**' મૂળ તત્ત્વ છે એને કાંઈ થતું નથી. આધાર અને અવલંબન લેવાનો વિષય આ છે. ગ્રહણ કરી લે એટલે એનો આધાર લે, એનું અવલંબન લે. જેમ કોઈ દરિદ્રીને એમ કહે કે તારી મૂળ મૂડી તો અકબંધ છે. દરિદ્રપણું તું ભૂલી જા. છે તારી પાસે સંપત્તિ. દરિદ્રતાનો આધાર છોડી દે, સંપત્તિનો આધાર લઈ લે. ખબર નથી એટલે ખબર પાડે છે. સંસારી જીવને પોતાના મૂળ સ્વરૂપની ખબર નથી એટલે એને કહે છે કે તારું મૂળ સ્વરૂપ તો આવું છે. મૂંઝાવાની તારે જરૂર નથી. '**માટે તું તેને ગ્રહણ કર.**' તેનું અવલંબન લે, તેનો આધાર લે. બીજો આધાર છોડી દે. '**દ્રવ્યદૃષ્ટિથી તેના તરફ જો, તો તું છૂટો જ છો.**' એ દૃષ્ટિ કેળવવી જોઈએ. જે પર્યાયદૃષ્ટિ છે એ મૂકીને દ્રવ્યદૃષ્ટિ કરવી જોઈએ. આખી દૃષ્ટિનો પલટો ખાવો જોઈએ.

મુમુક્ષુ :- દ્રવ્યદૃષ્ટિથી તેના તરફ જો એટલે એ દૃષ્ટિકોણથી?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં દ્રવ્યદૃષ્ટિ એટલે દ્રવ્યદૃષ્ટિ જ છે. દ્રવ્યદૃષ્ટિથી તેના તરફ જો. જ્ઞાન અપેક્ષાએ દૃષ્ટિકોણ પણ લાગુ પડે છે. દૃષ્ટિએ અપેક્ષાએ, શ્રદ્ધા અપેક્ષાએ શ્રદ્ધા લાગુ પડે છે અને જ્ઞાન અપેક્ષાએ દૃષ્ટિકોણ અથવા નય લાગુ પડે છે. એક જીવ પદાર્થને બે પાસા છે—દ્રવ્ય અને પર્યાય. અનાદિથી પર્યાયમાં વિભાવની ગડબડ છે. અનાદિથી દ્રવ્ય એવું ને એવું શુદ્ધ છે. દ્રવ્ય એવું ને એવું શુદ્ધ છે એના બેભાનપણાને લીધે પર્યાયમાં જે વિભાવ છે એવો ને એટલો અને એવડો જ હું એમ જીવને અનુભવ થાય છે. એ અનુભવથી જીવ દુઃખી છે. દુઃખથી મુક્ત કરવા માટે એને એમ કહે છે કે તું દૃષ્ટિ બદલ. દૃષ્ટિ બદલ તો તારું જે મૂળ સ્વરૂપ છે એમાં કાંઈ ગડબડ નથી થઈ. અને એનો આધાર અવલંબન લઈશ પર્યાયથી, પર્યાય દ્વારા તો પર્યાયનો વિભાવ છે અને દુઃખ છે એ મટી જશે. આવી સીધીસાદી વાત છે.

બીજો એક દૃષ્ટાંત ગુરુદેવના પ્રવચનમાંથી આપે છે કે '**ગુરુદેવ કહે છે ને! કે થાંભલાને પોતે બાથ ભીડી અને પછી કહે કે હવે મને છોડ.**' થાંભલાને બાથ પોતે ભીડી છે. ભ્રમ એમ થાય છે કે મને થાંભલો વળગ્યો. તું મને છોડ... તું મને છોડ... એના કરતા આમાં અનુભવપ્રકાશમાં દૃષ્ટાંત આપ્યું છે. એક એવું થડીયું હતું. અંધારામાં જેમ અત્યારે જોઈએ છીએ. માણસ જેવું લાગ્યું. જોનારને એમ થયું કે મારા ઉપર હુમલો કરે એના કરતા હું જ એના ઉપર હુમલો કરું. આ કોઈ સંતાઈને ઊભો છે મને મારવા. હું ગફલતમાં રહીશ, શાંત રહીશ તો મારા ઉપર ચડી બેસશે. એટલે સીધો એણે હુમલો કર્યો. થડીયું જરા ભારે વજનદાર હતું એટલે પોતે નીચે

પડ્યો અને થડીયું ઉપર આવ્યું. પડી ગયો. એને એમ થયું કે મને પાડી દીધો. આણે મને પાડી દીધો. બહુ જોરાવર છે. વજનદાર લાકડું હતું. એટલે પડ્યો એવી રીતે કે પોતે નીચે અને થડીયું ઉપર. એને એમ થયું કે મને પાડી દીધો... મને પાડી દીધો. આવું થાય છે ભ્રમણામાં. શરીરનું અને સંયોગોનું અવલંબન લેતા જીવ એ રીતે એની નીચે દબાઈ જાય છે. એને કહે છે કે તું સ્વરૂપનું અવલંબન લે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! થાંભલા એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- ખંભા.

બીજું એક દૃષ્ટાંત લીધું છે ધર્મદાસજીએ સમ્યગ્જ્ઞાન દિપીકામાં. વાંદરાને ચણા ભાવે. એક ઘડાની અંદર ચણા હતા. એને એમ થયું કે આમાંથી ચણા ઉપાડીને ખાવ. ઘડાનું મોઢું હતું સાંકડું. અંદરથી મુઠ્ઠી ભરી. હાથ તો અંદર ગયો પણ મુઠ્ઠી ભરી એટલે હાથ થઈ ગયો પહોળો. હાથ પહોળો થયો એટલે જ્યાં કાઢવા ગયો તો હાથ નીકળતો નથી. એને ક્ષયોપશમ નથી માણસ જેટલો. એને ભ્રમ શું થયો? કે હું ચણા ખાવા ગયો એમાં ઘડાએ મારા હાથને પકડ્યો. હું ઠેકડા કેવી રીતે મારીશ? હું કૂદીશ કેવી રીતે? હું જઈશ કેવી રીતે? ઘડાએ મારા હાથને પકડી લીધો છે હવે હું શું કરીશ? પરંતુ એણે ચણાની મુઠ્ઠી ભરી છે એને લઈને હાથ નીકળતો નથી. ભ્રમ થાય છે કે ઘડાએ મને પકડ્યો.

ત્યારે જ્ઞાની એમ કહે છે કે તું મુઠ્ઠીના ચણા છોડી દે એટલે તું છૂટો. એમ તું એમ કહે છો કે હું ગૃહસ્થી, આ મારો પરિવાર, આ મારો સમાજ, મારે કુટુંબમાં આટલું બંધન, સમાજનું આટલું બંધન, શરીરનું આટલું બંધન. અંદર પ્રતિબંધ ઊભા કર્યા પોતે ને પોતે. તું આત્મા છો. આત્મા તરીકે તારે કાંઈ લેવા દેવા નથી. તું મુક્ત જ છો. તું મુક્ત છો એનું અવલંબન લે એમ કહે છે. અને છોડ પણ તે જ તેને ગ્રહણ કર્યો છે. માટે તું તેને છોડી દે. આ વ્યસનીને લોકો એમ જ કહે છેને. બીડીને ન છોડી શકતા હોય એ શું કહે કે આ બીડી મને એવી વળગી છેને. છૂટતી નથી. હવે તું છોડતો નથી કે એ તને છોડતી નથી વાત શું છે? કે ખરેખર તું એને છોડતો નથી.

'પણ તેં જ તેને ગ્રહણ કર્યો છે માટે તું તેને છોડી દે. તેવી રીતે પોતે ભ્રમણાથી વિભાવ પરિણતિ કરી રહ્યો છે તેને છોડ,...' ભ્રમણા શું કરે છે એ? કે ફલાણો છું અને હું માણસ છું. આ મારો સમાજ, આ મારું કુટુંબ, આ મારું શરીર. હું આવો... હું આવો... હું આવો... એવી ભ્રમણા છે. એ ભ્રમણાને છોડ તો તું છૂટો જ છો. ભ્રમણા છૂટી કે તું છૂટો જ છો. તારી એકત્વબુદ્ધિને તું છોડી

દે તો તું છૂટો જ છો. તેં એકત્વ કરી રાખ્યું છે. સંબંધ બાંધનાર તું છો, સંબંધ છોડનાર પણ તું જ છો. સામા પદાર્થે સંબંધ બાંધ્યો નથી. હવે અહીંયાં કોઈ પ્રશ્ન ઉઠે કે ભાઈ! પરિવારવાળા તો એમ કહે છે કે નહિ, અમે તને નહિ છોડીએ. ઠીક! શું કહે? તું એમ કહે કે ના, ના. મારે તમારી સાથે કાંઈ લેવા-દેવા નથી. પણ તું એમ કહે એટલે એમ કેમ ચાલે?

મુમુક્ષુ :- એમ કહેવાથી થોડું થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ કહેવાથી થોડું છૂટું થઈ જવાય છે? તો કહે છે, બહારથી નાટક કર. એ પરિસ્થિતિનો સામનો કરવાની તારી શક્તિ ન હોય તો બહારથી નાટક કર, પણ અંદરથી તો ફરી જા. એમાં ક્યાં તને કોઈ આડા આવે એવું છે? તારી અંદર કોઈનો પ્રવેશ કરીને તને રોકે એવું તો કોઈ છે નહિ કે અભિપ્રાયને અને પરિણમનને રોકે. પહેલા અંદરથી ફરી જા અને ક્રમ પણ એ જ છે કે પહેલા આત્મા માંહેથી ફરવો જોઈએ. એ જ ક્રમ છે. અંદરથી ફરવામાં શું વાંધો છે?

'તારી એકત્વબુદ્ધિને તું છોડી દે, તો તું છૂટો જ છો. તે દૃષ્ટિ ફેરવી શકતો નથી. એમાં બહારથી કાંઇ કરવાનું નથી,...' લીધું છે એ જ. બીજી કોઈ જાતની મહેનત કરવાની નથી. એ તો અંદરમાં જ ફરવાનું છે. બહારમાં કોઈને એમ નથી કહેવાનું કે તમે આઘા જાવ. હું ઘરમાં તમારી સાથે નહિ રહું. એવું કાંઈ નથી. પોતે અંદરમાં પરિણામને અને અભિપ્રાયને ફેરવી નાખે. **'બહારથી કાંઇ કરવાનું નથી, બીજી કોઈ જાતની મહેનત કરવાની નથી,...'** બીજા પ્રકારે કોઈ મહેનત કરવાની નથી. મુમુક્ષુની ત્યાગની ભૂમિકા નથી, અભિપ્રાયને બદલવાની ભૂમિકા છે. એટલું કામ કરે એટલે એ ભૂમિકાનું કામ પૂરું થયું. પછી આગળ ચાલશે.

'બીજી કોઇ જાતની મહેનત કરવાની નથી, છતાં પણ આ સ્થૂલતામાંથી અંદર સૂક્ષ્મ ઉપયોગ કરીને દૃષ્ટિ ફેરવતાં તેને ઘણી મુશ્કેલી પડી જાય છે.' અનાદિથી ઊંધા સંસ્કાર છે. ઊંધા ચક્કર ફર્યો છે. અવળા ચક્કર ફરવામાં મુશ્કેલી પડે. એ વસમું લાગે એ પણ જ્ઞાનીને ખબર છે. કેમકે પોતે પણ પરિશ્રમ કર્યો છે એ ખબર છે. એટલે લાગે, કઠણ લાગે, અઘરું લાગે, મુશ્કેલી લાગે. **'સ્થૂલબુદ્ધિથી આ વિકલ્પ-શરીરાદિ બધું તેને ગ્રહણ થાય છે, પણ તેમાંથી સૂક્ષ્મદૃષ્ટિ કરીને દિશા ફેરવતાં તેને મુશ્કેલી પડી જાય છે.'** આવું બને છે. સ્થૂળબુદ્ધિથી બધું ગ્રહણ થાય છે અને એ પ્રકારે બધું ચાલુ છે. સૂક્ષ્મ દૃષ્ટિ કરીને દિશા ફેરવવામાં જરા મુશ્કેલી પડે છે. કેમકે ઘણી મજબુત પક્કડ છે. ઊંધી પક્કડ પણ ઘણી મજબુત છે જીવની. એટલે એ રીતે તકલીફ પડે છે, પણ જે કરવા ધારે છે તે કરી શકે છે. એ વાસ્તવિકતા

સમજાવે છે. તને આ રીતે આટલા પરિણમનને બદલવામાં મુશ્કેલી લાગશે. દરેકને એવો અનુભવ થાય શરૂઆતમાં. ઘણું મુશ્કેલ છે, ઘણું કઠણ છે. કેમ કરવું આ? એ પણ જ્ઞાની જાણે છે. મુશ્કેલી પડે છે, મુશ્કેલી પડશે. પણ કરવા ધાર, નિર્ધાર કર કે મારે કરવું જ છે, તો કરી શકાશે, ન કરી શકાય એવું કાંઈ અશક્ય નથી. તને ભલે કઠણ લાગે, મુશ્કેલ લાગે તોપણ જીવે નાસીપાસ થયા વિના, ડિપ્રેશનમાં આવ્યા વિના, નાસીપાસ થયા વિના ઉલ્લાસિત વીર્યથી આગળ વધવાનું છે. કીધુંને કૃપાળુદેવે ૪૦મા આંકમાં? ઉલ્લાસિત વીર્યવાન તત્ત્વ પામવાનો મુખ્ય અધિકારી છે. ત્યાં આ અપેક્ષાએ વાત લીધી છે. હારી જવાની જરૂર નથી.

મુમુક્ષુ :- શ્રી મહાવીરે જે કહ્યું એ કાંઈ ન થઈ શકે એવું કાંઈ નથી. એવું કૃપાળુદેવ...

પૂજ્ય ભાઈશ્રી :- ના, ન થઈ શકે એવું હોય તો કહે જ નહિને. આપણે ત્યાં ૩૦ વર્ષથી ઘોડો હોય એને એમ નથી કહેતા કે તું પાણીનો પ્યાલો લાવ. કેમકે એનાથી એ ન થઈ શકે. પાંચ વર્ષની બેબી હોય બાળક, એને એમ કહેવાય કે બેટા પાણીનો એક પ્યાલો લઈ આવ જરા, પાણી પીવું છે. કેમકે એનાથી એ થઈ શકે છે. એક વર્ષના બાળકને ન કહેવાય કે તું પાણીનો પ્યાલો લાવ. ત્યારે ભગવાન કહે છે, ભગવાન જે ઉપદેશ આપે છે એ શું જોઈને ઉપદેશ આપે છે? કે તું કરી શકે છો એમ જોઈને ઉપદેશ આપે છે. એટલા માટે કુદરતની વ્યવસ્થા એવી છે કે ભગવાનના સમવસરણમાં ભવ્યો જ આવે છે. અભવ્યો આવતા નથી અને અભવિને ઉપદેશ પણ નથી. આ એક કુદરતી વ્યવસ્થા છે જુઓ! તીર્થંકરદેવના સમવસરણમાં બધા ભવ્ય જ હોય. કોઈ અભવ્ય જીવ પ્રવેશ ન કરે. સમવસરણમાં જ પ્રવેશ ન કરે. એવી કોઈ કુદરતી વ્યવસ્થા છે. એનો અર્થ શું છે? કે ભગવાન જેને ઉપદેશ આપે છે એ બધા કરી શકે એવા છે. કરવા અને નહિ કરવા માટે જીવ સ્વતંત્ર છે. એમાં ભગવાન કોઈને પરતંત્ર કરી દેતા નથી કે તું પરાણે કર. સમવસરણમાં આવ્યો છો માટે તારે આમ કરવું જ પડશે એમ નથી. આવ્યો છો છતાં તું સ્વતંત્ર, બોલ. આવી રીતે ભગવાન તો સ્વતંત્રતા રાખે છે. પણ જેને પોતા માટે લેવું છે એણે તો એમ જ લેવાનું છે કે હું કરી શકીશ. મને ભગવાન કહે છે એનો અર્થ કે હું કરી શકીશ.

સ્થૂળ પરિણમન થઈ ગયું છે એમ કહેવું છે. પરિણમન સ્થૂળ થઈ ગયું છે. પરિણતિ થઈ ગઈ છે, સ્થૂળ પરિણતિ થઈ ગઈ છે. આત્મા સ્વરૂપે, સ્વભાવે સૂક્ષ્મ છે એટલે એને સૂક્ષ્મ દૃષ્ટિ કરવી, અંદરમાં સૂક્ષ્મ ઉપયોગ કરવો એમાં મુશ્કેલી પડે

છે. કેમકે પોતે સ્થૂળ થઈ ગયો છે, ઉપયોગથી સ્થૂળ થઈ ગયો છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ છે એને અંદર ઉપયોગે સૂક્ષ્મ કરીને ગ્રહણ કરવો એમાં જીવને મુશ્કેલી પડે છે.

'**સ્થૂલબુદ્ધિથી...**' અથવા સ્થૂળ ઉપયોગથી '**આ વિકલ્પ-શરીરાદિ બધું તેને ગ્રહણ થાય છે,...**' મને વિકલ્પ થયો, મને રાગ થયો, શરીરમાં મને દુઃખાવો થયો, રોગ થયો, શાતા-અશાતા થઈ એ બધું ગ્રહણ થાય છે. '**પણ તેમાંથી સૂક્ષ્મદૃષ્ટિ કરીને દિશા ફેરવતાં તેને મુશ્કેલી પડી જાય છે. તે બહારનું બધું સ્થૂલ સ્થૂલ કરવા જાય છે...**' ધર્મના ક્ષેત્રમાં આવીને બહારનું બધું સ્થૂળ તો કરી લેશે. '**અર્થાત્ ઉપવાસ કરવા હોય તો કરી દે, બહારથી મહેનત કરવાની હોય તે પણ કરી દે.**' લ્યો આ છોડ્યું જાવ. ત્યાગ કરવો હોય તો ત્યાગ પણ કરી દે, દીક્ષા લઈ લે. સ્થૂળ ઉપયોગે બધું કરી લ્યે. '**બહારથી મહેનત કરવાની હોય તે પણ કરી દે.**' પણ આમાં તો પરિણામનું સૂક્ષ્મ કાર્ય કરવાનું છે એમ કહેવું છે. અને ખરેખર એવું છે, એવો સ્થૂળ ઉપયોગ થઈ ગયો છે. બહારમાં ઉપવાસ, પૂજા, ભક્તિ, દયા, દાન બધું સહેલાઈથી કરી શકે છે. અંદરમાં અવલોકન કરવું, અવલોકન કરીને ઉપયોગને સૂક્ષ્મ કરવો, અંદરમાં જ્ઞાન અને રાગને જુદા પાડવાનો સૂક્ષ્મ ઉપયોગ કરવો, ભેદજ્ઞાન કરવું એ નથી કરી શકતો, મુશ્કેલી પડે છે. કેમકે ટેવાયેલો નથી.

ત્યાં આવ્યા હતાને કલકત્તા, પેલા રાજકોટવાળા ભાઈ? દીક્ષા લેવાની તૈયારીમાં હતા. ખબર પડી એટલે આવ્યા. મારે તો દીક્ષા લઈને મોક્ષ પામવું છે. તમારી પાસે મોક્ષનો ઉપાય હોય તો તમે જેમ કહો એમ કરવા તૈયાર છું, મારે કોઈ બંધન નથી. લગ્ન કરેલા નહિ, મા મરી ગયેલી. પિતાજીની વ્યવસ્થા મોટા ભાઈ સંભાળી લેવાના હતા. બધી વ્યવસ્થા કરી લીધેલી. મારે દીક્ષા લઈ લેવી છે. મારે તો આત્મકલ્યાણ કરી લેવું છે. મેં કહ્યું, તમારા પરિણામો શું થાય છે? ચોવીસ કલાક, અડતાલીસ કલાક જરા જોઈને કહો તો આપણે એના ઉપર વિચારીએ કે કેવા કેવા પરિણામ તમને થાય છે. તમારી યોગ્યતાનો ખ્યાલ આવે. ત્રણ-ચાર દિવસે માંડ એ આવ્યા. તમે કહો તો દસ ઉપવાસ કરી દઉં, કીધા ભેગા. એમાં મને વાર નહિ લાગે. એટલો ટેવાયેલો છું કે મહિના-મહિનાના ઉપવાસ કરવા કે દસ ઉપવાસ કરવા હોય તો મારે રમત વાત છે. તમે કહો તો અત્યારે દસ ઉપવાસ કરી લઉં. પણ આ તમે જે અંદર પરિણામને અવલોકન કરવાનું કહો છો એ મને નથી થતું. એ કેમ કરવું એ જ અંદર ખબર પડતી નથી. કીધું ભાઈ! તમે મને જુઓ છો કે નહિ? હા. તો તમારા પરિણામ થાય એને જોવામાં શું વાંધો છે? મને કહે, નથી થતું પણ. શું કહે? નથી થતું. એવો સ્થૂળ ઉપયોગ થઈ જાય છે. ધર્મના ક્ષેત્રમાં આવીને બાહ્ય

ક્રિયામાં જીવો ગુંથાઈ જાય છે, જોડાઈ જાય છે એનો ઉપયોગ સ્થૂળ થઈ જાય છે. પોતાના પરિણામ જોવામાં પણ ઉપયોગ કામ કરતો નથી. હજી તો ઘણું આગળ જાવાનું છે. પરિણામ જોયા પછી જ્ઞાનમાંથી સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરવાનો છે. એ તો ઘણું સૂક્ષ્મ કાર્ય છે. કેવી રીતે કરે? એટલે એને ટેવાવું પડે.

આમાં પણ આત્માને જે ગ્રહણ કરવાનો છે કે તું મુક્ત જ છો. તું એને ગ્રહણ કર એમ કહે છે. એ તો સૂક્ષ્મ છે. દ્રવ્ય સ્વભાવ તો સૂક્ષ્મ છે અને પોતે સ્થૂળમાં ઉભો છે. એટલે એને અવલોકનની પદ્ધતિએ ચડાવીને એના ઉપયોગને સૂક્ષ્મ કરવાના પ્રયોગથી પ્રક્રિયામાં લઈ જઈને પછી દ્રવ્યનું ગ્રહણ કરાવવામાં આવે છે. જો પોતાના પરિણામનું અવલોકન કરે અને એમાં જ્ઞાનનું અવલોકન કરતાં-કરતાં જ્ઞાનનો ઉપયોગ સૂક્ષ્મ થાય તો સ્વભાવને ગ્રહણ કરે. એવું છે. એટલે ઉપયોગને કેળવવો પડે છે. ટૂંકામાં ઉપયોગને કેળવવો પડે છે. સ્પષ્ટ થાય છે? ઉપયોગને સૂક્ષ્મ કરવામાં?

હીરાનો વેપાર કર્યો હોય એને ખબર પડે. હીરાનો વેપાર ઝીણી નજરનો છે. એક તો પીસ નાનો હોય, એમાં પણ એના પાસા પાડ્યા હોય. એક હીરો હોય એના ૪૮ પાસા હોય. કેટલા? હીરો એક જરાક ઝીણો. રાયના દાણાથી સહેજ મોટો હોય કે એવડો હોય. એમાં અડતાલીસ તો પાસા હોય. પછી એની અંદર ડાઘ છે કે નહિ? અથવા પારદર્શકતા કેટલી છે? અથવા એ પત્થરનું તેજ કેટલું છે? લાઈટ કેટલી મારે છે? નિર્મળતા કેટલી છે? નિર્મળતાને રોકનાર ધુંધળાપણું કેટલું છે? કોઈ ડાઘ છે કે નહિ? મોટો ડાઘ હોય, ડાર્ક હોય તો પકડાય. પણ લાઈટ કલર હોય, સહેજ યલો, સહેજ બ્રાઉન, આછો કલર હોય. નજર ઝીણી હોય તો પકડાય. એને ફેરવી-ફેરવીને જોવે, હાથમાં ફેરવી ફેરવીને જોવે. જેમ જેમ એ હીરાને જોવે તેમ તેમ નજર કેળવાતી જાય. એક દિવસે કોઈ ઝવેરી થાય નહિ. હીરો હાથમાં આવે અને ઝવેરી બજારમાં જતો થાય માણસ. જન્મે તો કોઈ ઝવેરી હોય જ નહિ. જન્મ્યા પછી શીખવાની વાત છે. એક દિવસે કાંઈ ઝવેરી ન થઈ જાય. ઘણી પ્રેક્ટિસ કરે જોવાની, પછી એને હીરો જોતા આવડે. કેમકે એના ઘણા પાસા જોવાના છે, ઘણા પડખાથી જોવાનું છે. એ પણ અહીંયાં સ્થૂળ ઉપયોગ છે. એવો જે ચક્ષુ ઈન્દ્રિયનો ઉપયોગ એ પણ સ્થૂળ ઉપયોગ છે. અહીં તો અરૂપી પદાર્થ છે અને સૂક્ષ્મ પદાર્થ છે, સૂક્ષ્મ તત્ત્વ છે. એને અંદર જોવા માટે અવલોકનની ઘણી પ્રેક્ટિસ જોઈએ.

મુમુક્ષુ :- તો જ કેળવાય નહિતર કેળવાય નહિ. તો જ નજર કેળવાય.

પૂજ્ય ભાઈશ્રી :- તો જ નજર કેળવાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે કીધું હતુંને, પેન્સિલને અણી કાઢવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ રુચિ. રુચિથી ઉપયોગ સૂક્ષ્મ થાય. ઘણી રુચિ હોય, ઘણી જરૂરત લાગી હોય. અનંત કાળે મળેલો એવો મનુષ્યભવ પૂરો થાય એ પહેલા મારે મારું કામ કરી લેવું છે. એવી જરૂરત અને રુચિ લાગે હોય તો રાત દિ' અવલોકન કરે. શું કરે? રાત-દિવસ અવલોકન કરે. રાત દિવસ અવલોકન કરે ત્યાંથી નજર ઝીણી થાય તો એ સ્વભાવને ગ્રહણ કરવા સુધી પહોંચે. આવી અંદરની પ્રક્રિયા છે.

મુમુક્ષુ :- એ સ્થૂળમાં તો મેગ્નીફાઈ ગ્લાસ પણ લગાડે છે. આમાં તો એ પણ ન મળે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં તો ઝીણી-ઝીણી.. પીસ નાનો હોય છેને હીરાનો. એટલે બધું અંદરનું તો એથી નાનું જ હોયને. અંદરના પાસા નાના હોય. અડતાલીસ પાસા કેટલા નાના હોય. એની યુનિફોર્મિટી જોવી જોઈએ. આ પાસા યુનિફોર્મમાં હોય તો જ અંદરોઅંદરના રિફ્લેક્શનથી એનું તેજ વધે. રિફ્લેક્ટ થઈને એનું તેજ વધે. એટલે પહેલા તો એના પાસા જોવે કે આ યુનિફોર્મ છે કે નહિ? એમાં ઘસનારે ભૂલ કરી હોય તો હીરો નાપાસ કરે. આ હીરો નહિ ચાલે મારે. ખરીદવાવાળા ઝવેરી હોય એ. પછી અંદર જોવે. જેમ આપણે બરફ ટ્રાન્સપરન્ટ પણ હોય છે અને બરફ ઓલો દુધિયો મિલ્કી પણ હોય છે. એમ હીરો ટ્રાન્સપરન્ટ પણ હોય છે અને એવો મિલ્કી પણ હોય છે. પૂરો મિલ્કી ન હોય તો પાર્ટલી મિલ્કી હોય. એ પણ એનો દોષ ગણાય છે, એની એબ ગણાય છે. એમ અંદર ઘણું-ઘણું જોવાનું હોય છે. ડાઘ જોવાનો હોય છે. એને ઝીરમ કહે છે. મિલ્કી હોય છે એને ઝીરમ કહે છે બજારની ભાષામાં. એની કિંમત ઘટે. કેમકે એમાંથી લાઈટ ન આવે. ટ્રાન્સપરન્સી ન હોય તો લાઈટ ન આવે. પણ એ બધું જોવે તો એ સ્થૂળ ઉપયોગથી હજી જોવે છે. એના કરતા ઉપયોગ સૂક્ષ્મ કરવાનો છે અંદરમાં. એટલે હીરાના વેપાર કરતાં પણ ઝીણી નજરનો વેપાર છે.

જીવે પોતાના સ્વરૂપથી અજાણ્યો રહેવામાં અનંત કાળ કાઢ્યો છે. કેટલો? આ પરિભ્રમણ કરતાં જીવે પોતાનું સ્વરૂપ નહિ જાણવામાં અનંત કાળ કાઢ્યો છે. એમ ને એમ અનંત કાળ નથી ગયો. કામ થોડું ઝીણું છે, સૂક્ષ્મ છે અને અંદરમાં ઉતરવાનું છે. ગુરુદેવ તો પ્રવચનમાં બહુ કહેતા. બહુ ઝીણી વાત છે ભાઈ! આ બહુ ઝીણી વાત છે. એમ કહેતા. સૂક્ષ્મ વાત છે, સૂક્ષ્મ વિષય છે. પણ પ્રયત્ન સાધ્ય છે. જીવને એ પ્રયત્ન સાધ્ય અવશ્ય છે.

મુમુક્ષુ :- શ્રીગુરુ જેવા ગાઈડલાઈન આપે, માર્ગદર્શન આપે એની ઉપર ચાલ્યો

જાય તો સહજમાત્રમાં પહોંચી જાય એવો છે. માર્ગદર્શન મળે તો સહેલું પડે.

'**તે બહારનું બધું સ્થૂલ સ્થૂલ કરવા જાય છે...**' ઉપવાસ વગેરે મહેનત કરવી હોય તો બહાર (કર્યા કરે). '**જ્યારે આમાં બીજું કાંઈ કરવાનું નથી, માત્ર દૃષ્ટિ ફેરવીને ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. છતાં સૂક્ષ્મ ઉપયોગ કરીને-સૂક્ષ્મ પરિણતિ કરીને-અંદર જવું તેને મુશ્કેલ પડે છે.**' સૂક્ષ્મતામાં આવવું મુશ્કેલ પડે છે. જોકે સૂક્ષ્મત્વ એનો ગુણ છે હોં! એનો સ્વભાવ છે એ સૂક્ષ્મત્વ છે એટલે ઉપયોગ સૂક્ષ્મ ન કરી શકે એવું નથી. સ્વભાવે કરીને તો ઉપયોગ સૂક્ષ્મ થાય એવું જ છે એનું સ્વરૂપ. સ્થૂળપણું તો વિભાવ છે. સૂક્ષ્મપણું એ સ્વભાવ છે ખરેખર તો. એમ છે. એટલે પણ નાસીપાસ થવાની જરૂર નથી. '**અનંતકાળ ચાલ્યો ગયો પણ દિશા ફેરવતો નથી.**'

મુમુક્ષુ :- દિશાની વાત વારંવાર આવે છે. દિશા ફેરવવાની વાત વારંવાર આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દિશા ફેરવવાની વાત વારંવાર આવે છે. સૂક્ષ્મ ઉપયોગ કરીને અંતર્મુખની દિશામાં જવું જોઈએ. એમણે તો લાઈનદોરી ચોખ્ખી કરી છે. તું અવલોકન કર અને અવલોકનની પ્રેક્ટિસ કર. અવલોકનની પ્રેક્ટિસ કર.

સોનાની પરખ બધા સોનીને નથી હોં! સોનાની પરખ બધા સોનીને નથી હોતી. અહીંયાં નાણાવટી બજારમાં સો-દોઢસો સોના-ચાંદીની દુકાનો છે. અમારા એક રિલેટિવ છે એ કહે, આખી બજારમાં અમે ત્રણ-ચાર જણા જ જાણીએ છીએ. સોનાને કસીને એની કિંમત કાઢવી. કસોટી ઉપર એના લીટા પાડીને (જોવે). એ શીખ્યા કેવી રીતે? કે પહેલા એકથી સોળ વલા સોનાના લીટા કસોટી ઉપર કરી રાખે સેમ્પલ. પછી એની બાજુમાં લીટો કરી અને પછી ટેલી કરે. એને એમ લાગે કે આ જરા આમાં ને આમાં ફેર પડે છે. એટલે જે મેચ થાય. મેચ થાય એવો કલર દેખાય એની પાસે એ લીટો કરીને મેળવે. પછી કાઢે કે આટલા વલુ છે. હવે એ સોનાનું સોનાપણું શું? પીત્તળ પણ પીળું છે અને સોનું પણ પીળું છે પણ પીળું એટલું સોનું નથી. પીળું એટલું સોનું નથી. સોનાનું સોનાપણું જુદું જ છે. એ ધાતુનો સ્વભાવ છે. તાત્પર્ય શું દૃષ્ટાંતમાં છે? કે જે કાંઈ સોનું છે એનો સ્વભાવ સોનાપણે છે. કેમકે પીળું તો પીત્તળ પણ છે અને પીળું તો સોનું પણ છે. ધાતુ પીળી છે માટે સોનું છે એમ નથી. સોનાપણું એનું છે એ એનો સ્વભાવ છે એ ધાતુનો. એ ધાતુના સ્વભાવને ઓળખે છે. પરખનો વિષય છે ઝીણી નજરનો છે.

સ્વભાવને પરખે. એમ જ્ઞાનના પર્યાય ઉપરથી, જ્ઞાનના ઉપયોગ ઉપરથી જ્ઞાનના સ્વભાવને ગ્રહણ કરવાનો છે. એ સૂક્ષ્મ છે. એટલે જ્ઞાન પોતાનું અવલોકન કરે,

ઘણું અવલોકન કરે ત્યારે એને સ્વભાવ ગ્રહણ થાય. સ્વભાવ ગ્રહણ થાય એટલે બીજું સમકિત આવી ગયું. અવલોકનની પ્રેક્ટિસ ક્યારે ચાલે? પરલક્ષને ઉડાડ્યું હોય તો. એક પોતાના આત્મકલ્યાણનું ધ્યેય હોય તો. એક સત્પુરુષની આજ્ઞાએ એની ઓળખાણ થઈ હોય તો. આ બધા તો-તોની બધી આટલી શરતો પછી આ ઉપયોગ સૂક્ષ્મ થવાનો વારો આવે. નહિતર એમ ને એમ કાંઈ સીધો કોઈનો ઉપયોગ સૂક્ષ્મ થતો નથી. બાકી તો બહારના સ્થૂળ ઉપયોગે કર્યા કરે નહિ. 'યમ નિયમ સંયમ આપ કીયો પુનિ ત્યાગ બિરાગ અથાગ લીયો, મુખ મૌન રહ્યો...' એ બધું સ્થૂળ ઉપયોગે જ કર્યું છે. ઉપયોગ સૂક્ષ્મ કરીને અંદર ગયો નથી. 'બિન સદ્‌ગુરુ કોઈ ન ભેદ લહે.' ઉપયોગ સૂક્ષ્મ કરવા માટે જે પોતાનો ઉપયોગ સૂક્ષ્મ કરીને અંદર ગયા છે, એના વગર તને એનું રહસ્ય કોઈ સમજાવશે નહિ.

મુમુક્ષુ :- જ્યાં સુધી ભાઈશ્રી, ભેળસેળ હોય ત્યાં સુધી લીટો ચોખ્ખો થાય છે. એમ થયુંને? નિર્મળતાની ઉપર ભાર મૂકીએ છીએ નિર્મળતા ઉપર તો જ્યાં સુધી ભેળસેળ સોનામાં હોય ત્યાં સુધી લીટો ચોખ્ખો ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે આ બધી પ્રક્રિયા નિર્મળતાની છે મુમુક્ષુની ભૂમિકાની.

પ્રશ્ન ઉઠાવ્યો છે કે '**મુમુક્ષુ :- એક દૃષ્ટિ ફેરવવામાં અનંત અનંત ભવ પરાવર્તન થઈ ગયા?**' આટલું એક ઉપયોગને સૂક્ષ્મ કરીને અંદર લઈ જવામાં અનંત કાળ કાઢ્યો? તો કહે હા. '**બહેનશ્રી :- અનંત પરાવર્તન કર્યાં તો પણ દૃષ્ટિ ફેરવતાં ન આવડી.**' અનંત પરાવર્તનમાં ધર્મના ક્ષેત્રમાં ગયો પણ દૃષ્ટિ ફેરવતા ન આવડી. '**શુભભાવની રુચિમાં ક્યાંક ને ક્યાંક અટવાઈ જાય છે.**' બહારના સ્થૂળ ઉપયોગે જે શુભભાવ કરે છે યમ, નિયમ, સંયમ બધા, એમાં ક્યાંક અટવાઈ જાય છે. '**શુભથી લાભ થાય એમ ઊંડી ઊંડી રુચિના રસને લઈને કોઈ ક્રિયાના વિકલ્પના રસમાં રોકાઈ જાય છે.**' એ ભ્રમણા છે જીવની. આમ કરવાથી મને લાભ થશે એવું એણે કલ્પી લીધું છે. પછી એ સ્થૂળ રુચિ હોય કે ઊંડે-ઊંડે સૂક્ષ્મ રુચિ હોય એમાં પકડાઈ જાય છે, એમાં રોકાઈ જાય છે.

'**પ્રવૃતિ વગર કેમ રહેવાય?**' ઠીક! ક્યાંકને ક્યાંક પ્રવૃત્તિ તો જોઈએને. છેવટે પુસ્તક વાંચવું, શાસ્ત્ર વાંચવું, કાંઈક ક્રિયા કરવી, માળા ફેરવવી, મંદિર જાવું. '**પ્રવૃતિ વગર કેમ રહેવાય?**' એ સ્પષ્ટ સમજણમાં હોવું જોઈએ કે જ્યાં સુધી આ સ્થૂળ ઉપયોગની પ્રવૃત્તિ છે ત્યાં સુધી સૂક્ષ્મ સ્વભાવનો પત્તો નહિ લાગે. મારે ઉપયોગને સૂક્ષ્મ કરીને અંદરમાં જે સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવ છે એને ગ્રહણ કરવાનો છે એમ સ્પષ્ટ સમજણમાં હોવું જોઈએ. તો સ્થૂળ ઉપયોગથી જે કાંઈ થાય એની કિંમત

એને ન આવે. નહિતર આ કરું ને આ કર્યું, મેં આ કર્યું, મેં આ કર્યું એ આવ્યા વિના રહેશે નહિ. બહુ સરસ માર્ગદર્શન છે.

'એમ ક્યાંક ને ક્યાંક રુચિમાં...' એટલે ઊલટી રુચિમાં અટકી જાય છે. **'પણ અંતરમાં દૃષ્ટિ ફેરવતો નથી.'** દિશા બદલતો નથી અને સૂક્ષ્મતાને પ્રાપ્ત કરતો નથી. બે ભૂલ કરે છે. ઉપયોગને સૂક્ષ્મ કરીને અંતર્મુખની દિશામાં કામ કરવું જરૂરી છે. વેદન છે એ સૂક્ષ્મ છે. અવલોકન કરે એમાં જ્ઞાનસામાન્ય છે એ સૂક્ષ્મ છે અને જ્ઞાનસામાન્યમાં વેદન છે એ પણ સૂક્ષ્મ છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારા જ્ઞાનસામાન્ય અને જ્ઞાનસામાન્યના વેદનના વિષયથી અજાણ્યા છે. એ વિષય નથી ક્યાંય ચાલતો. એવી પરિસ્થિતિ છે. શાસ્ત્રમાં તો ખુલ્લી વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ બન્ને જુદું છે? જ્ઞાનસામાન્ય અને જ્ઞાનવેદન એ બન્ને જુદું કે એક જ?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ છે, એક જ છે. જ્ઞાનસામાન્ય વેદન સ્વરૂપે છે. જ્ઞાનવેદન ત્યાં છે-જ્ઞાન સામાન્યમાં છે. એ એનું સ્વરૂપ છે. અને એ સ્વભાવ સદશ્ય છે. એ જે જ્ઞાનસામાન્ય જ્ઞાન વેદનરૂપ છે એ સ્વભાવ સદશ્ય છે એટલે એને જ આત્મા કહ્યો છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ એને કહેવામાં આવ્યો છે. ત્યાંથી ગ્રહણ થાય છે, એટલો ઉપયોગ સૂક્ષ્મ કરે ત્યારે. જ્ઞેયાકાર જ્ઞાન સ્થૂળ છે, જ્ઞાનાકાર જ્ઞાન સૂક્ષ્મ છે અને એમાંથી પણ સ્વભાવને ગ્રહણ કરવાનો છે. પર્યાય હોવા છતાં પર્યાયત્વને ગ્રહણ કરવાનું નથી. એટલી વાત છે. અહીં સુધી રાખીએ...

પ્રશ્ન-૧૧૧

પ્રશ્ન :- આપે ફરમાવેલ છે કે પૂ. ગુરુદેવનાં વચનામૃતોનો અંદરમાં પ્રયોગ કરવો, તો પ્રયોગનો અર્થ શું? તે કેવી રીતે થાય?

સમાધાન :- ગુરુદેવે જે વચનો કહ્યાં, ગુરુદેવે જે ઉપદેશ આપ્યો-તેનો તું અંદરમાં પ્રયોગ કરી અંદર ઉતાર. ગુરુદેવ જે ઉપદેશ આપી માર્ગ બતાવે છે, ગુરુદેવે જે આજ્ઞા કરી છે,-તેનો તું અંદર પ્રયોગ કરીને તું તારા પુરુષાર્થમાં ઉતારી દે, તો તને પરિણતિ પ્રગટ થશે. ગુરુદેવ જે કહે છે તે માત્ર સાંભળી લેવું એમ નહિ, પણ અંતરમાં પ્રયોગ કર. ગુરુદેવે એમ કહ્યું છે કે તું છૂટો શુદ્ધાત્મા છો, શુભાશુભ ભાવથી ન્યારો અંદર ચૈતન્ય છે.-એમ જે બતાવ્યું છે તે પ્રમાણે પ્રયોગ કર, પુરુષાર્થ કર. તેને તું તારી પરિણતિમાં ઉતાર.

મુમુક્ષુ :- આ શ્રદ્ધાનો પ્રયોગ કહેવાય કે ચારિત્રનો?

બહેનશ્રી :- આ શ્રદ્ધાનો પ્રયોગ છે, હજી તેણે વિકલ્પથી શ્રદ્ધા કરી છે. અંતરમાં યથાર્થ શ્રદ્ધા થઈ એમ ક્યારે કહેવાય? કે જ્યારે ન્યારી પરિણતિ થાય ત્યારે યથાર્થ શ્રદ્ધા થઈ એમ કહેવાય અને તો શ્રદ્ધાનો પ્રયોગ કર્યો એમ કહેવાય. જે યથાર્થ પ્રતીતિ હોય તેની સાથે સ્વરૂપાચરણ ચારિત્ર પણ હોય છે, પરંતુ તે ચારિત્રમાં ગણાતું નથી. વિશેષ લીનતા થાય તેને ચારિત્ર કહેવાય છે. માટે આ શ્રદ્ધાનો જ પ્રયોગ છે. અંદર યથાર્થ પરિણતિ પ્રગટ કરવી તે શ્રદ્ધાનો પ્રયોગ છે. શ્રદ્ધા એટલે આત્માનું જેવું સ્વરૂપ છે તેવી યથાર્થ પ્રતીતિની પરિણતિ, -જ્ઞાયકની જ્ઞાયકરૂપે પરિણતિ પ્રગટ થાય તે શ્રદ્ધાની (પ્રતીતિની) પરિણતિ છે. તે પ્રતીતિ સાથે અમુક જાતની લીનતા આવે છે પણ તેને ચારિત્રની કોટીમાં ગણવામાં આવતી નથી. ૧૧૧.

તા. ૧૯-૧-૧૯૯૭, પ્રશ્ન-૧૧૧
પ્રવચન નં. ૭૪

સ્વાનુભૂતિદર્શન પ્રશ્ન-૧૧૧. '**આપે ફરવામેલ છે કે પૂ. ગુરુદેવનાં વચનામૃતોનો અંદરમાં પ્રયોગ કરવો, તો પ્રયોગનો અર્થ શું? તે કેવી રીતે થાય?**' પ્રશ્ન પ્રયોગ સંબંધી છે. કોઈ સમજણ સંબંધી નથી પણ પ્રયોગ સંબંધી છે. સમજણ છે એનાથી પ્રયોગ એક ડગલું આગળ છે. અથવા સમજણને પરિણમવાની કાર્યપદ્ધતિ પ્રયોગ દ્વારા થાય છે. સમજાય એક વાત છે, સમજણ અંદરમાં ઉતરે એ બીજી વાત છે. પ્રયોગ કરે તો સમજણ અંદર ઉતરે છે અથવા એનું પરિણમન આવે છે. એટલે એ વિષયમાં પ્રશ્ન ઉઠાવ્યો છે કે પ્રયોગ કરવો એટલે શું કરવું? કેવી રીતે કરવો?

'**સમાધાન :- ગુરુદેવે જે વચનો કહ્યાં, ગુરુદેવે જે ઉપદેશ આપ્યો-તેનો તું અંદરમાં પ્રયોગ કરી અંદર ઉતાર.**' પ્રયોગ કરવાથી શું થાય છે? અંદર ઉતરે છે. ઉપદેશ છે એને પરિણમાવવો હોય, ઉપદેશને અંદરમાં ઉતારવો હોય આત્મામાં તો એ પ્રયોગ કરીને અંદર ઉતરે છે. બીજી કોઈ એની રીત નથી. ઉપદેશ ઘણાં જીવો સાંભળે છે અથવા ઘણાં જીવોને ઉપદેશ પ્રાપ્ત થાય છે, સમજવા મળે છે, અંદર કોઈને જ ઉતરે છે. આવું પ્રત્યક્ષ જોવામાં આવે છે. એનું કારણ શું? કે સમજ્યા પછી પણ જો એનો પ્રયોગ નથી કરવામાં આવતો તો તે સમજણ અંદર ઉતરતી નથી.

મુમુક્ષુ :- એ સમજણ યથાર્થ નથી?

પૂજ્ય ભાઈશ્રી :- એ સમજણ યથાર્થ નથી. બરાબર હોય તોપણ યથાર્થ નથી. સમજણ સાચી દેખાતી હોય તોપણ યથાર્થ નથી. સમજણ થઈ પણ એ સમજણનો ઉપયોગ ન થયો તો? સમજણ તો બેકાર ગઈ કે નહિ? નકામી થઈ કે નહિ? એટલે સમજણનો ઉપયોગ કરવો, સમજણનું અમલીકરણ કરવું એનું નામ પ્રયોગ છે. સમજણનું અમલીકરણ કરવું.

અત્યારે વર્તમાનમાં સાહિત્ય ઘણું પ્રકાશિત થઈ ગયું. પ્રેસની પ્રિન્ટિંગની સુવિધા થઈ એટલે રોજ સાહિત્ય નવું છપાય છે. સાહિત્ય દ્વારા તો સમાજને ઢગલાબંધ ઉપદેશ મળે છે. બીજું, વિદ્વાનો, બુદ્ધિવાદનો જમાનો છે, વિદ્વાનો, પ્રવક્તાઓ એ

પણ અનેકની સંખ્યામાં ઉપલબ્ધ છે. બધા જે શાસ્ત્રોમાંથી ઉપદેશ વાંચી સંભળાવે છે અથવા ઉપદેશ પોતપોતાની મતિ અનુસાર આપે છે. બધા પડખેથી સમજણ મળે એવી સુવિધા તો થઈ છે. એક ન્યાયે એમ પણ કહી શકાય કે સમજણનો તબક્કો આપણા માટે પૂરો થયો છે. સમજણ આપણને બરાબર મળી છે જ્ઞાનીઓ દ્વારા. ભૂતકાળના જ્ઞાનીઓના વચનો, વર્તમાન જ્ઞાનીઓના વચનોએ આપણને સમજણ ઘણી આપી છે. હવે એ સમજણને અંદર ઉતરવાનો નવો તબક્કો છે એ આપણે શરૂ કરવો જોઈએ અથવા નવા તબક્કામાં આપણે પ્રવેશ કરવો જોઈએ. અને તે પ્રયોગથી થાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સમજણમાં આપણે ક્યા ગુણ લઈએ? શ્રદ્ધાગુણ તો લેવાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- સમજણ જ્ઞાનથી થાય છે, સમજણ જ્ઞાનથી થાય છે.

મુમુક્ષુ :- એટલે એ પણ ક્ષયોપશમજ્ઞાન?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ક્ષયોમશમજ્ઞાન છે. ક્ષયોપશમજ્ઞાન બે પ્રકારના છે—એક પરલક્ષી અને એક સ્વલક્ષી. જે પરલક્ષી ક્ષયોપશમજ્ઞાન છે એ પ્રયોગ નહિ કરે. પરલક્ષી ક્ષયોપશમજ્ઞાનવાળો જીવ પ્રયોગ નહિ કરે. કેમકે પ્રયોગ સ્વલક્ષપૂર્વક હોય છે. પરલક્ષપૂર્વક પ્રયોગ નથી હોતો. એટલે એ સમજણવાળાનું લક્ષ બીજા બીજા ઉપર રહે છે. લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા. એવી રીતે એનું લક્ષ હોય છે. એ પ્રયોગ નથી કરી શકતો. જેને સ્વલક્ષે સમજણ થઈ એટલે કે મારા આત્મા માટે હું સમજણ કરું છું અને એ સમજણને મારા આત્મામાં મારે ઉતારવી છે અને એ ઉતારવા માટે મારે એનું અમલીકરણ કરવું જરૂરી છે એવું સ્વલક્ષે સમજાય છે, એ અમલીકરણનો પ્રયોગ કરે છે અને એને એ સમજણ અંદર ઉતરે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ પ્રયોગમાં સફળ થાય તો એ ક્ષયોપશમ સમ્યગ્જ્ઞાનમાં પરિણમે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ્યારે સમજણને પ્રયોગમાં લઈ જાય ત્યારે સમજણ યથાર્થતાને પામે અને એ યથાર્થતા પરિપક્વ થાય ત્યારે અનુભવ થઈને એ જ જ્ઞાન સમ્યક્‌તા ધારણ કરે. એટલે સમ્યગ્જ્ઞાનનું જે પ્રિ-સ્ટેજ છે એ યથાર્થ સમજણ છે. સમજણ યથાર્થ થાય અને યથાર્થ સમજણ વિકાસ પામીને એનું જ ડેવલપમેન્ટ થઈને સમ્યક્‌જ્ઞાનમાં પરિણમન કરે છે. એમ છે, ચોખ્ખી વાત એમ છે. શું કહ્યું?

'ગુરુદેવે જે વચનો કહ્યાં, ગુરુદેવે જે ઉપદેશ આપ્યો-તેનો તું અંદરમાં પ્રયોગ કરીને અંદર ઉતાર.' એટલે પ્રયોગ છે એ અંદરમાં ઉતરવા માટે છે અથવા પરિણમન

ઉત્પન્ન કરવા માટે છે. સમજણ પ્રમાણે પરિણમન થઈ જાય. એ પરિણનના તબક્કામાં પ્રવેશ માટે પ્રયોગ સાધન છે. '**ગુરુદેવ જે ઉપદેશ આપી માર્ગ બતાવે છે, ગુરુદેવે જે આજ્ઞા કરી છે,-તેનો તું અંદર પ્રયોગ કરીને તું તારા પુરુષાર્થમાં ઉતારી દે, તો તને પરિણતિ પ્રગટ થશે.**' કેવી સરસ વાત કરી છે! '**ગુરુદેવ જે ઉપદેશ આપી માર્ગ બતાવે છે,...**' એટલે ઉપાય બતાવે છે. '**ગુરુદેવે જે આજ્ઞા કરી છે,...**' ઉપદેશ આપ્યો છે એને શું સમજવું જોઈએ? માત્ર ઉપદેશની કોટીમાં નહિ રાખતા મારા માટે એમની આજ્ઞા છે એમ લેવું જોઈએ. અને એમ લેવામાં ફર્ક શું પડે છે? કે આજ્ઞાપણે ઉપદેશને લેતાં ઉપદેશની ગંભીરતા ગ્રહણ થાય છે. કેવી રીતે? કે ગુરુ આજ્ઞા છે એ જો હું ન સ્વીકારું, અંગીકાર ન કરું તો ગુરુ આજ્ઞાનો અનાદર થાય છે. એવી ગંભીરતા આવે. અથવા વધારે કડક ભાષામાં કહીએ, કઠોર ભાષામાં કહીએ તો આજ્ઞા ઉપર પગ દઈને ચાલવાનું થાય છે. ગુરુ નિષ્કારણ કરુણાથી તો ઉપદેશ આપે છે. એ ગુરુનો અનુગ્રહ છે, એ ગુરુની મહેરબાની છે, કૃપા છે. એવી રીતે કોઈ ચીજ મળતી હોય એના ઉપર પગ દઈને ચાલવું કે એને પગેથી કચરવી, ગુરુની પ્રસાદીને પગેથી કચરવી એ ક્યાં સુધી યોગ્ય છે? એટલે ઉપદેશ મળવા છતાં જો જીવ પ્રયોગ ન કરે તો એ અજાણતા પણ કેવો અપરાધ કરે છે? એ ગુરુ આજ્ઞાને પગેથી કચરે છે.

મુમુક્ષુ :- ગુરુની આજ્ઞા પગેથી કચરે છે એટલે દર્શનમોહ તીવ્ર હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વધારે તીવ્ર થઈ જાય. સમજ્યા પછી પણ જો અમલીકરણમાં ન આવે તો એનો દર્શનમોહ તીવ્ર થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- દર્શનમોહ તીવ્ર એટલે ગૃહીત મિથ્યાત્વ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ તીવ્ર થાય પછી ગૃહીત મિથ્યાત્વમાં આવી જાય. કેવી રીતે આવે? કે પછી એ સમજણમાંથી પોતાની રીત આત્મકલ્યાણની નક્કી કરી લ્યે. એ રીત ભૂલવાળી હોય છે બુદ્ધિપૂર્વકની. બુદ્ધિપૂર્વકની ભૂલ છે એટલે એ ગૃહીત મિથ્યાત્વમાં જાય છે. દાખલા તરીકે કે સમજણ કરવા માટે માણસ શાસ્ત્ર વાંચે છે અથવા ઉપદેશ સાંભળે છે. એ જીવ અમલીકરણમાં નથી આવતો, પ્રયોગમાં નથી આવતો ત્યારે શું કરે છે? કે ફરી ફરીને તે ગ્રંથો વાંચે છે, ફરી ફરીને તે ઉપદેશ સાંભળે છે. અને એવી પ્રવૃત્તિ ચાલુ રાખવા પાછળ એનો એવો એક નિશ્ચય હોય છે, મિસ કોન્સેપ્ટ કહીએ અથવા ગૃહીત મિથ્યાત્વ કહીએ કે આમ કરતા કરતા મારું કલ્યાણ થઈ જશે. ઉપદેશ સાંભળતા-સાંભળતા અને શાસ્ત્ર વાંચતા-વાંચતા મારું આત્મ કલ્યાણ થઈ જાશે. એણે રીત નક્કી કરી નાખી આત્મકલ્યાણની. એ રીત ખોટી

છે. એ ઉપદેશ જે શાસ્ત્રથી પ્રાપ્ત થયો કે ગુરુથી પ્રાપ્ત થયો એનો એણે પ્રયોગ કરીને, અમલીકરણ કરીને અંદરમાં ઉતારવું જોઈએ. અને ઉપદેશમાં એ વાત છે પણ ખરી. ઉપદેશમાં પ્રયોગ કરવાની, અમલીકરણ કરવાની વાત છે.

ઉપદેશ વિચારવો, સાંભળતા પ્રાપ્ત થતાં વિચારવો તે જ્ઞાનની પ્રક્રિયા થઈ, વિચારીને એમાં વિશ્વાસ મૂકવો એ શ્રદ્ધાની પ્રક્રિયા થઈ અને એ રીતે વિશ્વાસ આવીને એનું અમલીકરણ કરવું તે આચરણનું પ્રકરણ છે. એમ મુમુક્ષુની ભૂમિકામાં પણ જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ ત્રણે ગુણો પુરુષાર્થ દ્વારા કામ કરતા થાય છે. એને સધિયારો કોનો મળે છે? પુરુષાર્થનો સહારો મળે છે. કેમકે પ્રયોગ છે એ પુરુષાર્થના તબક્કે છે. સમજણમાં હજી પુરુષાર્થનો તબક્કો નથી. પણ પ્રયોગમાં તો પુરુષાર્થ સાથે હોય છે. પુરુષાર્થપૂર્વક જ પ્રયોગ થાય છે, એમ ને એમ પ્રયોગ થતો નથી. અમલીકરણમાં પુરુષાર્થ જોઈએ. અહીંયાં પણ એ વાત કરી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પુરુષાર્થ હોય છે પણ પ્રયોગમાં તો ભેદજ્ઞાન કહો કે પ્રયોગ કહો.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પ્રયોગ છે એ અવલોકનથી શરૂ થાય છે, પછી ભેદજ્ઞાનનું સ્ટેજ આવે છે. અવલોકનથી પ્રયોગ ચાલુ થાય છે.

એટલે શું કહ્યું? '**ગુરુદેવે જે આજ્ઞા કરી છે...**' જુઓ, ઉપદેશ આપીને માર્ગ બતાવ્યો છે એ વાતને ક્યાં ટ્રાન્સફર કરી? આજ્ઞામાં લઈ ગયા. કેટલી વ્યવસ્થિત વાત છે! ઉપદેશ આપ્યો છે એમ નહિ લેતા, આજ્ઞા કરી છે તારા માટે એમ લેજે, તો તને એ વિષયની ગંભીરતા આવીને અમલીકરણ કરવા માટેની પ્રેરણા થશે. નહિતર ઉપદેશ રોજ મળે છે તને. પૂર્વનો પુણ્યયોગ છે એટલે ઉપદેશ રોજ મળે છે એટલે જાણે મફત મળતું હોય એવું લાગે છે. એને તું લાઈટલી લઈ લ્યે છો, હળવાશથી લઈ લ્યે છો. તો તું અમલીકરણમાં નહિ આવી શકે. એટલે એ ઉપદેશની ગંભીરતા માટે આજ્ઞા કરી. એ આજ્ઞા કરી છે. '**તેને તું અંદર પ્રયોગ કરીને...**' એટલે અમલીકરણ કરીને '**તું તારા પુરુષાર્થમાં ઉતારી દે,...**' પુરુષાર્થ સાથે લીધો અહીંયાં. પ્રયોગની સાથે પુરુષાર્થ લીધો. '**તો તને...**' એનું ફળ શું આવશે? '**પરિણતિ પ્રગટ થશે.**'

આમ તો બહુ જ પ્રારંભ, બહુ જ શરૂઆતની વાત કરીએ, વેરી બિગિનિંગ, તો પરિભ્રમણની જે વેદના ઉત્પન્ન થાય છે અને માર્ગ શોધવા માટેની જે ઝૂરણા ઉત્પન્ન થાય છે એ પણ એક પ્રયોગ છે. કેમકે એ પરિણમનરૂપ છે. ત્યાં સમજણનો તબક્કો નથી. સમજણથી ઊપજી આવેલી અસર છે. એટલે પરિણમન છે. એ એક પ્રયોગ છે. અને જો તે યથાર્થ ચાલે તો ત્યાંથી પરિણતિ શરૂ થાય છે. પરિણતિ

ત્યાંથી શરૂ થાય છે. પછી દરેક સ્ટેજે એ પરિણતિ આગળના સ્ટેજનું રૂપ ધારણ કરી લ્યે છે. એમ વાત છે.

મુમુક્ષુ :- અહીંયાં જે પરિણતિની વાત કરી છે એ અનુભવની વાત કરી છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પરિણતિ એટલે કોઈપણ પ્રકારના તીવ્ર રસવાળા પરિણામથી ઉત્પન્ન થયેલી અંદરની એક સ્થિતિ કે જે કોન્સ્ટન્ટ રહે છે. એને પરિણતિ કહે છે. એ ઊલટી પણ હોય છે અને સૂલટી પણ હોય છે. પરિણતિનો અર્થ અહીંયાં અનુભવ થઈ ગયો એમ નથી, સ્વાનુભવ થઈ ગયો, આત્મજ્ઞાન થઈ ગયું એમ નથી લેવું. જેમકે અત્યારે ઊલટી પરિણતિ છે. સંસારને ઉપાસ્યો છે તેથી સંસાર પરિણતિ થઈ ગઈ છે. સંસારને ઉપાસતા-ઉપાસતા જીવની સંસાર પરિણતિ થઈ ગઈ છે. એ પરિણતિ કોન્સ્ટન્ટ રહે છે એટલે આપણે.. અત્યારે તમે સ્વાધ્યાય કરો છો, આત્મા અને આત્મકલ્યાણનો અંદર વિષય ચાલે છે તમારા ઉપયોગમાં, તોપણ ઊલટી પરિણતિ તૂટી નહિ હોવાથી એની અસર આવતી નથી. એટલે જ્ઞાની શું કહે છે? કે તું ઉપદેશને પ્રયોગ દ્વારા તારી પરિણતિ પલટાય. એવું અપૂર્વ કાર્ય કર.

૮૮-૮૯ પોઈન્ટથી (પ્રશ્નથી) પરિણતિનો વિષય આમાં ચાલ્યો છે. ઘણું સ્પષ્ટીકરણ આવ્યું છે. પણ પરિણતિ છે એ ઓરિએન્ટેડ પોઝિશન છે. જો સંસાર પરિણતિ ન સમજાતી હોય તો એક બીજો દાખલો લઈએ કે એક માણસને એક કુટુંબની અંદર કોઈ એકનો એક જુવાન દીકરો મરી જાય ત્યારે એની માને તો આઘાત લાગે. વધારેમાં વધારે સંબંધવાળું લઈ લઈએ. માતૃપ્રેમનો દાખલો લઈ લઈએ. એને તો આઘાત લાગે અથવા એક વર્ષનું પરણેતર હોય તો એની પત્નીને આઘાત લાગે. બે જગ્યાએ પ્રેમ સંબંધ વધારે છે એક માતૃપ્રેમ અને એક દામ્પત્યપ્રેમ. તો વધારેમાં વધારે અસર તો માતાને થાય અને એની પત્નીને થાય. હવે તેરમાના દિવસે મીઠાઈ ખવડાવે બધા. પણ જે આઘાત લાગ્યો છે એની પરિણતિ થઈ જાય છે. ચોવીસે કલાક એ રોતા નથી. દિવસના બહુભાગમાં, રાતના બહુભાગમાં રડે. પણ રડી-રડીને પરિણતિ થઈ ગઈ હોય છે. એટલે એ જ્યારે નથી રડતા, જમે છે, ઊંઘે છે, ઊંઘ આવી જાય ભલે ઓછી-વત્તી આવે, જમે ત્યારે ભલે એને ન ભાવે ખાવું, સૂવાના ટાણે ઊંઘ બરાબર ભલે ન આવે, ખાવું ન ભાવે એ બધું થાય એની અસર થવાથી, પણ જેટલું કાંઈ થાય એમાં એની શોકની પરિણતિ ચાલુ હોય છે. અને તેરમાના દિવસે મીઠાઈ-લાડવા ખાય ત્યારે પણ એની પરિણતિ ચાલુ હોય છે. એ પરિણતિ ભૂંસાતા બહુ વાર લાગે છે. ઘણાને મહિનાઓ સુધી ચાલે છે અને ઘણાને વર્ષો સુધી પણ ચાલે છે. પણ કહેવત એમ થઈ ગઈ પછી કે જેમ જેમ સમય જાય

છે તેમ તેમ તે પ્રસંગનું વિસ્મરણ થતું જાય છે અને બીજા પ્રસંગની અંદર માણસ રસ લેતો થાય છે. એટલે એની અસર ઉતરતી જાય છે, પણ એમાં સમય લાગે છે એટલે આપણે ત્યાં કહેવત થઈ ગઈ કે ભાઈ દુઃખનું ઓસડ દહાડા. તમે આજ ને આજ એમ કહો કે ભાઈ તું હવે એ શોક છોડી દે. એ નહિ છૂટે. છોડ્યો પણ એનાથી નહિ છૂટે અને બીજાના પ્રયત્નથી પણ નહિ છૂટે. એટલે એના ઘણા પ્રયોગ કરવામાં આવે છે. એમાં પહેલો પ્રયોગ આ તેરમાના દિવસે મીઠાઈ ખાવાનો છે. નહિતર કોઈ માણસ મરી જાય એની પાછળ મીઠાઈ ખાવી એ વાત તો આઉટ ઓફ કોમન સેન્સ સારી નથી. સામાન્ય બુદ્ધિમાં એ વાત સારી લાગે એવી નથી. માણસ મરી જાય એની પાછળ કાંઈ દસ-બાર દા'ડા પછી કાંઈ મીઠાઈ ખાવા બેસાય છે? આ તે કાંઈ રીત છે? છતાં પણ લોકોએ ઉપયોગને ડાયવર્ટ કરવા માટે, પરિણતિ ફેરવવા માટે આવા બધા પ્રયોગો વ્યવહાર તરીકે દાખલ કરી દીધા. બાકી તો વિચાર કરો તો સામાન્ય બુદ્ધિમાં ન બેસે એવી વાત છે. પણ રિવાજ દાખલ કરી દીધો એટલે સમાજમાં તો ટ્રેડીશન કામ કરે છે. જે રિવાજ દાખલ થઈ ગયો એ લાકડું ગરી ગયું એ ગરી ગયું. એવું છે. એટલે પરિણતિ થઈ જાય છે. તીવ્ર રસવાળા પરિણામે કરીને પરિણતિ થઈ જાય છે.

આ ભૂત-પ્રેતની વાતોમાં માનનારા ભય પ્રકૃતિવાળા જીવો હોય છે. હવે જો એ વાતમાં એ રસ લઈ લે અને એમાં રાત્રે ક્યાંક બહાર નીકળવાનું થાય. કેમકે દિવસે તો ભૂત દેખાતા નથી. રાત્રે દેખાય છે એવો એક કોન્સેપ્ટ હોય છે એની અંદર, મિસ કોન્સેપ્ટ છે. પણ એમાં એવો કાંઈક એને આભાસ થઈ ગયો તો ઘરમાં દાખલ થયા પછી પણ પરિણતિ ચાલુ રહે. ઘરે પહોંચી ગયા પછી પણ પરિણતિ ચાલુ રહી જાય. રહે છે કે નથી રહેતી? કોઈ પ્રસંગ નથી, પરિણતિ ચાલુ રહે છે. એમ અહીંયાં ગુરુ ઉપદેશને પ્રયોગમાં ઉતારીને એની પરિણતિ થાય ત્યાં સુધી આવવું જોઈએ. તો એ ઉપદેશનો લાભ થયો એમ કહી શકાય. નહિતર ઉપદેશ વ્યર્થ ગયો એમ કહી શકાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ પહેલા પ્રકારનું સમકિત ચાલુ થયું? કે એના પહેલા?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, શરૂઆતથી જ તે. પહેલું સમકિત તો સત્પુરુષની ઓળખાણ થઈ. જે તેમના વચન પ્રત્યે પ્રીતિ, તેમની આજ્ઞાની રુચિ અને સ્વચ્છંદ નિરોધ ભક્તિ થઈ ત્યારે પહેલું સમકિત આવ્યું. એ પહેલા પરિણતિ શરૂ થઈ જાય છે વેદનાથી. ઘણી તીવ્ર વેદના આવે ત્યારે જીવને પરિણતિ થઈ જાય છે.

મુમુક્ષુ :- આ પરિણતિમાં એની કર્મધારા કામ કરે છે? જ્ઞાનધારા તો છે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ પરિણતિ એટલે એમાં બધા ગુણોનું કામ છે. બધા ગુણોનું કામ છે એમાં. પરિણતિમાં આચરણ પણ છે, જ્ઞાન પણ છે, શ્રદ્ધાન પણ છે. ત્રણે મુખ્ય ગુણોની પ્રવૃત્તિ છે પરિણતિમાં.

શું કીધું? '**ગુરુદેવે જે આજ્ઞા કરી છે,-તેનો તું અંદર પ્રયોગ કરીને તું તારા પુરુષાર્થમાં ઉતારી દે,...**' અથવા પુરુષાર્થપૂર્વક પ્રયોગમાં ઉતારી દે. બેય રીતે કહી શકાય. કેમકે બે સાથે એક કાળે હોય છે, સાથે જ હોય છે. એમ કરવાથી તને શું થાશે? પરિણતિ પ્રગટ થશે. જેવો ઉપદેશ આપ્યો છે એ ઉપદેશની પરિણતિ થઈ જશે તને. આ લાભ થયો. '**ગુરુદેવ જે કહે છે તે માત્ર સાંભળી લેવું એમ નહિ,...**' અથવા સાંભળવા મળ્યું તેનો સંતોષ લઈ લેવો એમ નહિ. નહિતર જીવ એમ વિચારે છે કે ઘણા જીવોને આવો ઉપદેશ મળતો નથી. આવો અલૌકિક ઉપદેશ આપણને મળી રહ્યો છે અને ઘણા જીવોને જગતમાં ઘણા જીવો છે એને મળતો નથી. ઘણા મનુષ્યો આ ઉપદેશથી વંચિત છે. આપણે કેટલા ભાગ્યશાળી કે આપણને ઉપદેશ મળ્યો! એમ સંતોષ માનવા જેવું નથી. એટલા માટે એ સ્પષ્ટીકરણ જરૂરી છે કે મોટાભાગના મુમુક્ષુઓ એમ વિચારતા જોવામાં આવે છે કે આપણને તો ગુરુદેવે ઘણું આપ્યું છે અને આપણે તો ભાગ્યશાળી થઈ ગયા છીએ કે ગુરુદેવે આપણને પ્રત્યક્ષ ઉપદેશ ઘણો આપ્યો છે. એટલે આપણે રાજી-રાજી. એમ રાજી થવા જેવું નથી.

ઉપદેશ જો ગુરુદેવે તને આપ્યો છે તો લાવ પરિણતિ. પરિણતિ પ્રગટ કરીને દેખાડ અમને તું. તો અમે માનીએ કે ગુરુદેવે તને ઉપદેશ આપ્યો છે અથવા તેં લીધો છે એ ઉપદેશ. નહિતર સાંભળ્યાનો સંતોષ થયો, બીજું કાંઈ નથી. અથવા અત્યારે રોજ સાંભળે અને વાંચે. શાસ્ત્ર વાંચે પ્રવચનના અને પ્રવચન સાંભળે ટેપથી. રોજ ઉપદેશ મળી રહ્યો છે. એમ માત્ર સાંભળવાથી ન ચાલે. એમ સંતોષ લેવાથી ન ચાલે.

મુમુક્ષુ :- ઘણા મુમુક્ષુ એમ કહે કે મારું માથુ કાપી નાખો તોપણ હું ગુરુદેવ સિવાય કોઈને ન માનું. તો એની પરિણતિ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એમ કહેવું એક વાત છે અને હોવું બીજી વાત છે.

મુમુક્ષુ :- પ્રસંગે ખબર પડે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ખરે ખબર પડે બધી. કહેવું સહેલું છે. ઓળખાણ વગર એ સ્થિતિ સંભવિત નથી. ગુરુ ઉપદેશમાં ફેરફાર નથી એની દઢતા, ગુરુની ઓળખાણપૂર્વક વિશ્વાસ આવ્યો હોય, ઓળખાણ થઈ હોય તો જ એમાં ફેર ન પડે. નહિતર આજ વાત સાચી કહે અને કાલે એ જ વાતને એ ખોટી કહેશે. એવા

ઘણા કેસ જોવામાં આવે છે કે જે ગુરુદેવને હાજી કરતા હોય એને પાછળથી શંકા પડે છે કે આમ કેમ કીધું હશે? કોઈ બીજા વિદ્વાન વિશેષ તર્કથી વાત કરે તો એને શંકા પડી જાય. વાત તો આની બરાબર લાગે છે. ગુરુદેવે વાત કરી એના કરતા આની વાત બરાબર લાગે છે. એવું થઈ જાય છે. કેમ એમ થઈ જાય છે? ઓળખાણ થઈ નથી.

ઓળખાણ થયા પહેલા મેં ગુરુદેવની વાત માની છે, સ્વીકારી છે, મને શ્રદ્ધા છે એનો વીમો ઉતારવા જેવો નથી. એનો વીમો ન લેવાય. મોંઘો પડી જાય. એનું પ્રીમિયમ લ્યો તો મોંઘું પડી જાય. કેમકે એનો પાયો નથી. ઓળખાણ વગર એ વાતનો પાયો નથી. ભલે કેટલીક વાતોથી વિશ્વાસ આવ્યો હોય, થોડો વિશ્વાસ જામ્યો હોય ત્યારે એ જીવ એમ કહે કે અમારું માથું ઉતારી લ્યો પણ હવે અમે એમાં ફેરફાર અમને નહિ લાગે (પણ) એને ડગી જતા વાર લાગે નહિ. અંતર પરિણતિ થઈ હોય એ વાત બીજી હોય છે અને સમજણથી વિશ્વાસ આવ્યો હોય, ઉપર ઉપરથી આવ્યો છે એ વાત બીજી હોય છે.

અહીંયાં તો પહેલેથી જ વાત છે કે વેદનામાં આવીને પરિણતિ લાવ, લક્ષ બાંધીને પરિણતિ લાવ, સત્પુરુષની ઓળખાણ કરીને પરિણતિ લાવ, અંતર અવલોકન કરીને પરિણતિ લાવ અને ભેદજ્ઞાન કરીને પણ પરિણતિ લાવ. બધા તબક્કે પરિણતિ લાવ તે તે સ્ટેજની. અમે બીજું કાંઈ ન સમજીએ. પરિણતિ લાવ એટલું જ સમજીએ. ઠીક! જ્ઞાની એમ કહે છે કે તું સાત દલીલ કર. એવો એક પ્રસંગ બનેલો. અમને તો આત્માનો નિશ્ચય થઈ ગયો છે, સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો છે કે અમારું સ્વરૂપ આવું છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' અમને નિશ્ચય થઈ ગયો છે. પાક્કો નિશ્ચય છે? તો શું કહ્યું? ઉપરથી સિદ્ધ ભગવાન ઉતરેને તો હવે અમારો નિશ્ચય ફરે એવું નથી. ઠીક! કેવી રીતે વાત કરી! જેવી-તેવી વાત કરી? પણ સિદ્ધ ભગવાનને ઉતારવા ન પડ્યા. કોઈએ એમ કીધું કે આમ નહિ અને આમ હોય. તરત વિકેટ આઉટ થઈ ગઈ. નિશ્ચય ફરી ગયો. કેમ થયું? સમજણ થઈ નથી કે નિશ્ચય બરાબર નહોતો, ... એટલે પરિણતિ થવી જોઈએ. એટલે એ ભૂમિકા થઈ પાક્કી. શિલાન્યાસ કર્યું અને પાયો પૂર્યો એટલે ત્યાં ઈ લેવલ આવી ગયું. પછી થોડું ચણતર કરે અને પ્લિન્થની પોપીંગ ભરે એટલે એક લેવલ આવી ગયું. બરાબર? પછી ચણતર કરીને લિન્ટલ સુધી પહોંચે અને ત્યાં એક બીજી પોપીંગ ભરે એટલે એ લેવલ આવી ગયું. પછી પાછા ઈંટોથી ચણતર કરીને સ્લેબ ભરે એટલે એક માળ પૂરો. એમ દરેકનું લેવલ છે. દરેક ભૂમિકાનું લેવલ છે. એ લેવલ બરાબર આવ્યું છે એની ખાત્રી શું અહીંયાં?

આ તો ભાવની વાત છે. ઓલું તો સ્થૂળપણે સમજી શકાય મકાનની વાતમાં. એ ભૂમિકાની પરિણતિ થવી જોઈએ. એ ભૂમિકાની તું પરિણતિ લાવ. જ્ઞાની કહે છે કે અમને બીજી કાંઈ ખાત્રી નથી જોતી. તું પરિણતિ લાવ એટલે પાસ. પરિણતિ ન લાવ ત્યાં સુધી અમે તને પાસીંગ માર્ક આપતા નથી.

મુમુક્ષુ :- આટલી બધી ભક્તિ કરીએ છીએ, પૂજા કરીએ છીએ...

પૂજ્ય ભાઈશ્રી :- ગમે તે કરતો હોય. અમે એમાં કાંઈ સમજતા નથી. તું સાત વાત લાવ કે દસ વાત લાવ. પરિણતિ લાવને ભાઈ! બીજું કાંઈ નથી જોઈતું અમારે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઉપદેશ સુના હો ઉસ સમય પરિણતિ નહીં આયી હો તો વહ ક્યા બાદ મેં આ સકતી હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રયોગ કરે ત્યારે આવે. પ્રયોગમાં પરિણમે એટલે આવે.

મુમુક્ષુ :- અગર યહ સોચકર કે કોઈ રખે કિ અભી હમારેમેં પરિણતિ નહીં આયી હૈ, પર હમ જબ લાના ચાહે લા સકતે હૈં. યહ એક પ્રકારકા સ્વચ્છંદ નહીં હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- શેના આધારે કહો છો? અમે લાવવા ચાહિયે ત્યારે લાવી શકીએ છીએ એ શેના આધારે કહો છો? નંબર એક. બીજો પ્રશ્ન કે એમાં તમને મોડું કરવાથી શું ફાયદો છે? ત્રીજું, તમે વાયદો કરો છો એ શું બતાવે છે? ચોથું, કે કોઈને લાભ મળતો હોય એ કોઈ દિ' એમ કહે કે ખરો કે મારે અત્યારે નહિ ને પછી જોઈએ છે? એને પરિણતિનો લાભ સમજાણો નથી. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે કોઈ મોઢું ધોવા જાતા નથી. અને મોઢું ધોવા જાય એને મૂર્ખ કહેવામાં આવે છે. સંસારમાં આ કહેવત છે કે નહિ? કે ભાઈ! લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય. એમ કહે. એમ લાભ મળતો હોય તો બધા અત્યારે જ લઈ લ્યેને. પછી લાભ લેવો છે એ વાત જ ક્યાં છે? એ સમજ્યો નથી. લાભને એ સમજ્યો નથી.

મુમુક્ષુ :- વાયદા કરવાવાળો સટોડિયો કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો વાયદા કરવાવાળાને રુચિ નથી એમ જ્ઞાની કહે છે. એને રુચિ નથી. એ અરુચિના સૂચક પરિણામ છે. પછી કરીશ, પછી કરીશ એ વાત નથી. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં સોગાનીજીની ચર્ચામાં આવે છે 'સુનતે હી ચોંટ લગની ચાહિયે. પહલે સુન લૂં, પહલે સમજ લૂં ઔર પીછે પ્રયોગ કરુંગા વહ બાત ઈધર નહીં હૈ.' સમજતા તું પ્રયોગ ચાલુ કર. જે જીવ ઉપદેશ સાંભળીને સાંભળતાવેંત

પ્રયોગમાં એને લઈ જાય છે તે વર્તમાન પાત્ર છે. આ વર્તમાન પાત્રતાનું લક્ષણ છે.

મુમુક્ષુ :- ઉપદેશની અસર આવી હોય તો અમલીકરણ એનું તરત જ શરૂ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- શરૂ કરવાનું... એને તરત જ એમ થાય કે આવો અમૂલ્ય ઉપદેશ છે અને એનાથી આટલો લાભ થાય તો હું અમલીકરણમાં શું કરવા મોડું કરું? મારે કોની રાહ જોવાની છે? એ વાત નથી રહેતી.

મુમુક્ષુ :- અમલીકરણ નથી થાતું એનો અર્થ એમ છે કે તને હજી ચોટ નથી લાગી.

પૂજ્ય ભાઈશ્રી :- ચોટ લાગી નથી અને કાં તો સમજણ પરલક્ષી છે એટલે એની અસર આવતી નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અંદર લાના થોડે હી ના પડતા હૈ, વહ તો ઉપદેશ સુનને કે સાથ હી પરિણમન ચાલુ હોતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, અસર આતી હૈ. જેને સ્વલક્ષી સમજણથી સમજવા બેઠો છે, સ્વલક્ષે સમજવા બેઠો છે એને સાંભળતા જ એને ઉપદેશની અસર આવવા મંડે છે આત્મા ઉપર. એટલા માટે આત્મા ઉપર અસર આવે છે માટે તો એ સત્સંગને ઉપાસે છે.

શું કહ્યું? '**ગુરુદેવ જે કહે છે તે માત્ર સાંભળી લેવું એમ નહિ, પણ અંતરમાં પ્રયોગ કર. ગુરુદેવે એમ કહ્યું છે કે તું છૂટો શુદ્ધાત્મા છો,...**' તું છૂટો સ્વતંત્ર શુદ્ધાત્મા છો. આ જગતનું તું એક સ્વતંત્ર દ્રવ્ય છો. તને કોઈના આલંબનની અને આધારની જરૂર નથી. જેમ સૂર્ય અને ચંદ્ર આકાશમાં ફરે છે એ કોઈનો ટેકો લઈને ફરે છે? એને જમીનનો ટેકો છે? કે એના પૈડા જમીન ઉપર ચાલે તો સૂર્યનો રથ બરાબર ચાલે. અદ્ધર જ જાય છે. એમ તું આ જગતની અંદર સ્વતંત્ર કોઈનો આધાર અને અવલંબન લીધા વિના ટકતું દ્રવ્ય છો. અનંત કાળથી એવો છો, અનંત કાળ એમ જ કોઈના આધાર-અવલંબન વગર જ તું જીવતો રહે એવો તું જીવ છો. જીવતો રહે એવો તું જીવ છો..

'**શુભાશુભ ભાવથી ન્યારો અંદર ચૈતન્ય છે...**' તારી નજીકમાં કોઈ હોય તો શુભાશુભભાવ છે તારી પર્યાયમાં. એ પણ તને સ્પર્શતા નથી. તારું જે ચૈતન્યસ્વરૂપ એ અસંગ તત્ત્વ છે, નિર્લેપ તત્ત્વ છે, નિરાલંબ અને નિરપેક્ષ છે. '**શુભાશુભ ભાવથી ન્યારો અંદર ચૈતન્ય છે.-એમ જે બતાવ્યું છે તે પ્રમાણે પ્રયોગ કર, પુરુષાર્થ કર.**' ક્યાં? જ્યાં જ્યાં તને આધારબુદ્ધિ થતી હોય, સુખબુદ્ધિ થતી હોય, જ્યાં જ્યાં

તને લેપાયમાનપણું થતું હોય, જ્યાં જ્યાં તું જોડાઈ જતો હોય ત્યાં તારા અસંગપણાને સંભાળ અને નિર્લેપતાને અનુભવ કર, તું નિર્લેપતાને જો, તારા નિરાલંબ, નિરપેક્ષ તત્ત્વને તું જો. તું કોઈના આધારે (નથી), તને કાંઈ લેવા-દેવા છે નહિ. '**તે પ્રમાણે પ્રયોગ કર,...**' પ્રયોગ કર એટલે અવલોકન કર. તારા ભિન્ન ચૈતન્યનું અવલોકન કર.

મુમુક્ષુ :- ટુ ધી પોઈન્ટ વાત લઈ લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એકદમ વ્યવસ્થિત છે.

એ અવલોકન કરવાનો પુરુષાર્થ કર. '**તેને તું તારી પરિણતિમાં ઉતાર.**' અને એમ કરી કરીને પરિણતિ બનાવ એની. પરિણતિ થઈ જવી જોઈએ. તો સહેજે એમ જ રહે અંદર. પરિણતિ થઈ જાય પછી સહેજે એમ રહેશે. પરિણતિ કરવા માટે પુરુષાર્થ કર, પછી તો એ પુરુષાર્થની પ્લિન્થ થઈ ગઈ (એટલે) પરિણતિ તારી એમ ને એમ રહેશે. એક લેવલ આવી ગયું. એ લેવલમાં તું આગળ વધ પછી. આગળની પરિણતિનો પુરુષાર્થ કર. એ પરિણતિ થાય તો એથી આગળની પરિણતિનો પુરુષાર્થ કર.

ત્યારે પ્રશ્ન ઉઠાવ્યો કે '**આ પ્રયોગ શ્રદ્ધાનો કહેવાય કે ચારિત્રનો?**' અમલીકરણ છે એ ચારિત્રમાં જાય છે. પ્રયોગ છે એ આચરણના અધિકારમાં જાય છે. પણ અહીંયાં મુમુક્ષુની ભૂમિકા છે એટલે અહીંયાં આચરણની પ્રધાનતા લેવાતી નથી. અહીંયાં તો દર્શનમોહ કપાય છે માટે આ પ્રયોગ શ્રદ્ધાનો છે એમ કહે છે. '**આ પ્રયોગ શ્રદ્ધાનો કહેવાય કે ચારિત્રનો?**' તો કહે છે '**આ શ્રદ્ધાનો પ્રયોગ છે,...**' શું જવાબ આપ્યો છે? શ્રદ્ધાનો પ્રયોગ છે. નહિતર તો અમલીકરણ એ આચરણમાં જાય છે. પણ એ અમલીકરણ અંદરના પરિણમનમાં હજી વીતરાગતા લાવતું નથી. મુમુક્ષુની ભૂમિકા છે એટલે એને ચારિત્રનું નામ દેવાતું નથી.

ચારિત્રના બે પર્યાય—એક સરાગ અને એક વીતરાગ. એક સ્વરૂપ સ્થિરતા અને એક સ્વરૂપની અસ્થિરતા. સ્વભાવ અને વિભાવ બે જાતના પરિણામ ચારિત્રના છે. રાગ અને વીતરાગતા, વિભાવ અને સ્વભાવ, સ્થિરતા અને અસ્થિરતા, સ્વભાવ અને વિભાવ. અહીંયાં તો એ થતું નથી. અહીંયાં મુમુક્ષુની ભૂમિકા છે એટલે અમલીકરણને અહીંયાં ચારિત્રમાં ગણતા નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં પ્રશ્ન કર્યો હોય કે આ શ્રદ્ધાનો પ્રયોગ છે કે ચારિત્રનો છે કે જ્ઞાનનો છે?

પૂજ્ય ભાઈશ્રી :- તો એને અહીંયાં શ્રદ્ધા-જ્ઞાનનો પ્રયોગ કહેવાય. શ્રદ્ધા-જ્ઞાનનો

પ્રયોગ કહેવાય. '**હજી તો એ વિકલ્પથી શ્રદ્ધા કરી છે.**' અને આ શ્રદ્ધા છે એ પણ વિકલ્પ ચાલુ છે એની શ્રદ્ધા છે. હજી કાંઈ સમ્યક્ શ્રદ્ધાની વાત નથી, પણ દર્શનમોહને મોળો પાડવાની વાત છે. જે છે એ દર્શનમોહની શક્તિ તોડવાની વાત છે. દર્શનમોહ બળવાન છે અને એની શક્તિ હીણી ન થાય તો એનો અભાવ થવાનો અવસર આવતો નથી. નહિતર દર્શનમોહનો નાશ થાય એ પહેલા દર્શનમોહ પાતળો પડે એવો એનો એક ક્રમ છે. એ ક્રમમાં પ્રવેશ કર્યો. દર્શનમોહને પાતળો પાડી દે.

'**અંતરમાં યથાર્થ શ્રદ્ધા થઈ એમ ક્યારે કહેવાય? કે જ્યારે ન્યારી પરિણતિ થાય ત્યારે યથાર્થ શ્રદ્ધા થઈ એમ કહેવાય...**' પોતે ભિન્ન પડી ગયો ત્યારે એને યથાર્થ શ્રદ્ધા અથવા સમ્યક્ શ્રદ્ધા થઈ કહેવાય. અને એમ થાય તો એણે શ્રદ્ધાનો પ્રયોગ કર્યો એમ કહેવાય. એ રીતે પ્રશ્ન ઉઠાવ્યો છે ચારિત્ર અને શ્રદ્ધા વચ્ચેનો. કેમકે પ્રયોગની વાત ચાલીને એટલે. અહીંયાં શ્રદ્ધાની વાત છે. થોડી વિશેષ ચર્ચા કરી છે. કાલે લઈશું...

તા. ૨૦-૧-૧૯૯૭, પ્રશ્ન-૧૧૧ થી ૧૧૪
પ્રવચન નં. ૭૫

સ્વાનુભૂતિદર્શન ૧૧૧મો બોલ ચાલે છે. પ્રયોગનો વિષય પૂછ્યો છે. પ્રયોગ કરવો એટલે સમજણને પરિણમનમાં લાગુ કરવી અથવા સમજણનું અમલીકરણ કરવું. પ્રશ્ન એ વધારે પૂછ્યો છે કે આ શ્રદ્ધાનો પ્રયોગ છે કે ચારિત્રનો છે? ચારિત્રની ભૂમિકા પાંચમા ગુણસ્થાનથી શરૂ થાય છે. મુમુક્ષુને ચોથા ગુણસ્થાન સુધી ચારિત્રની ભૂમિકા નથી. એટલે એ ભૂમિકામાં મુખ્ય પરિણમન શ્રદ્ધા-જ્ઞાનનું કહેવામાં આવે છે, વિચારવામાં આવે છે, ગણવામાં આવે છે. અહીંયાં મુમુક્ષુએ તો હજી વિકલ્પવાળી શ્રદ્ધા કરી છે (એટલે કે) વિશ્વાસ આવ્યો છે. ૮૫મા પાને પહેલી લીટીથી છે.

'**અંતરમાં યથાર્થ શ્રદ્ધા થઈ એમ ક્યારે કહેવાય? કે જ્યારે ન્યારી પરિણતિ થાય ત્યારે યથાર્થ શ્રદ્ધા થઈ એમ કહેવાય અને તો શ્રદ્ધાનો પ્રયોગ કર્યો...**' એટલે સફળ કર્યો '**એમ કહેવાય.**' વિકલ્પવાળી શ્રદ્ધા કર્યા પછી પ્રયોગથી ભિન્ન પરિણતિ

થઈ. ન્યારી એટલે? ભિન્ન પરિણતિ થઈ. રાગની પરિણતિ જુદી અને આત્મભાવની, જ્ઞાતાભાવની, જ્ઞાનધારારૂપ પરિણતિ જુદી. એવી પરિણતિ જુદી થાય ત્યારે યથાર્થ શ્રદ્ધા અથવા સમ્યક્ શ્રદ્ધા થઈ એમ કહેવાય અને ત્યારે એ શ્રદ્ધાનો પ્રયોગ છે એ સફળ થયો એમ પણ કહેવાય અથવા એમ ગણાય.

'**જે યથાર્થ પ્રતીતિ...**' એટલે સમ્યક્ પ્રતીતિ, સમ્યક્ શ્રદ્ધાન '**હોય તેની સાથે સ્વરૂપાચરણ ચારિત્ર પણ હોય છે,...**' ચોથા ગુણસ્થાને. ચારિત્ર સર્વાંશે ન હોય એમ ચોથા ગુણસ્થાને પણ બનતું નથી. ભલે ચોથા ગુણસ્થાનનું નામ અવિરત સમ્યગ્દષ્ટિ છે. અવિરત એટલે કાંઈ પણ ત્યાગ નથી, જરા પણ ત્યાગ નથી એવો એનો શબ્દાર્થ થાય છે. વિરતીને જો ગુણ ગણવામાં આવે તો અવિરતીને ગુણ નથી એમ કહેવામાં આવે. એવું ગુણસ્થાનનું નામ કેમ પાડ્યું? કે ત્યાં પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાને દેશવિરતિ અને સર્વવિરતિની અપેક્ષા લઈને નામ છે.

સાધકને માત્ર સમ્યગ્દષ્ટિપણે ઓળખાવવા હોય અથવા એની પરિભાષા કરવી હોય, વ્યાખ્યા કરવી હોય ત્યારે ત્રણ પ્રકારે એની વ્યાખ્યા શાસ્ત્રમાં કરી છે. શાસ્ત્રકારોએ એની ત્રણ પ્રકારે વ્યાખ્યા કરી છે. અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરત સમ્યગ્દષ્ટિ અને સર્વવિરત સમ્યગ્દષ્ટિ. એમ સમ્યગ્દષ્ટિની ત્રણ પ્રકારે એના આચરણને મુખ્ય કરીને વ્યાખ્યા કરી છે. એટલે અવિરત સમ્યગ્દષ્ટિપણું એ ઉપરના બે ગુણસ્થાનની અપેક્ષાએ વાત છે. પણ ત્યાં સ્વરૂપાચરણ ચારિત્ર મુદ્દલ નથી, સર્વાંશે નથી એમ સમજવાયોગ્ય નથી. એ ખુલાસો પંડિત ટોડરમલજીએ ગોમ્મટસારની ટીકા સમાધાન ચંદ્રિકામાં કર્યો છે. એને સમાધાન ચંદ્રિકા પણ કહે છે અને સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા પણ કહે છે. એ સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા નામની ટીકા છે. ટીકાનું નામ છે સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા. એમાં આ ખુલાસો એમણે કર્યો છે. એટલે સમ્યગ્દષ્ટિનો ત્યાં અવગુણ બતાવવાનો અભિપ્રાય નથી પણ ઉપરના ગુણસ્થાનોના આચરણ સાથે સરખાવવાનો ત્યાં અભિપ્રાય છે. એમ પોતે સ્પષ્ટ કર્યું છે.

અહીંયાં પણ કહે છે કે '**જે યથાર્થ પ્રતીતિ હોય તેની સાથે સ્વરૂપાચરણ ચારિત્ર પણ હોય છે, પરંતુ તે ચારિત્રમાં ગણાતું નથી.**' અથવા ગણવામાં આવતું નથી. એટલી વાત છે. હવે કેવી રીતે? કે ચારિત્રના પરિણામ સ્થિરતા-અસ્થિરતારૂપ છે. અસ્થિરતા તે વિકૃતિ છે અને સ્થિરતા તે સ્વભાવ છે. જ્યારે સમ્યગ્દર્શન એટલે સ્વરૂપની શ્રદ્ધા થાય છે ત્યારે ઉપયોગ પણ સ્વરૂપમાં સ્થિર અથવા લીન હોય છે અથવા એકાગ્ર હોય છે. એકાગ્રતા પણ ધ્યાનરૂપ ચારિત્રની પર્યાય છે. ઉપયોગની સ્વરૂપમાં એકાગ્રતા થાય, લીનતા થાય ત્યારે સમ્યગ્દર્શન પ્રગટે. એ લીનતાને સ્વરૂપાચરણ ચારિત્ર

કહે છે અને એ સ્વરૂપાચરણ ચારિત્રની જાતિથી વિચારવામાં આવે તો તે યથાખ્યાત ચારિત્રની જાતિ છે. એટલે બારમા ગુણસ્થાને ચારિત્ર સંપૂર્ણ વીતરાગ અને સંપૂર્ણ સ્વરૂપ સ્થિરતાવાળું હોય છે, સંપૂર્ણ ધ્યાનદશા હોય છે. એની જાતિ યથાખ્યાત ચારિત્ર કહેવાય છે. યથાખ્યાત એટલે જેવો ચારિત્રગુણ પૂર્ણ હતો તેવો ખ્યાત એટલે પ્રગટ થયો, પ્રસિદ્ધ થયો. ખ્યાત એટલે પ્રસિદ્ધિ-ખ્યાતિ. ખ્યાતિ એટલે પ્રસિદ્ધિ અથવા પ્રગટ થવું તે. એવું બારમા ગુણસ્થાને થાય છે માટે બારમા ગુણસ્થાનનું નામ જ ત્યાં યથાખ્યાત ચારિત્રવાળું કહેવામાં આવે છે. શૈલેષીકરણ ગુણસ્થાન પણ કહે છે. જેવો મેરુ પર્વત સ્થિર છે. શૈલેષ. ઈષ એટલે ઈશ્વર. શૈલેષ—શૈલ એટલે પર્વત. શૈલ એટલે પર્વત અને પર્વતોમાં ઈશ્વર તે મેરુ છે. એથી કોઈ મોટો નથી. એટલે મેરુનું બીજું નામ શૈલેષ છે. અને એ અડગ રહે છે. ક્યારે પણ હલતો નથી. એમાં તીરાડ પડતી નથી, એ ઓછો થતો નથી, નાનો થતો નથી, મોટો થતો નથી. એક લાખ યોજન ઊંચો છે. એવડો ને એવડો હંમેશા શાશ્વત રહે છે. એ શાશ્વત પર્વત છે. એની સ્થિરતા જોઈને બારમા ગુણસ્થાનનું નામ શૈલેષીકરણ ગુણસ્થાન પણ કહેવામાં આવે છે. ત્યારે જે યથાખ્યાતચારિત્ર પ્રગટ્યું એની જાત અહીંયાં ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણચારિત્રને કહેવામાં આવે છે.

'**તેની સાથે સ્વરૂપાચરણ ચારિત્ર પણ હોય છે, પરંતુ તે ચારિત્રમાં ગણાતું નથી.**' બહારમાં ત્યાગ નહિ હોવાને લીધે અને ઉપરના ગુણસ્થાનોની સરખામણી કરવાને કારણે એને ચારિત્રમાં ગણતા નથી. કેમકે શરૂઆતનું છે. એકદમ જઘન્ય ભાવે છે એટલે. '**વિશેષ લીનતા થાય તેને ચારિત્ર કહેવાય છે.**' એ વિશેષ લીનતા પાંચમા ગુણસ્થાનથી શરૂ થાય છે અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાને વિશેષ લીનતા હોય છે. '**માટે આ શ્રદ્ધાનો જ પ્રયોગ છે. અંદર યથાર્થ પરિણતિ પ્રગટ કરવી તે શ્રદ્ધાનો પ્રયોગ છે.**' અંદરમાં યથાર્થ પરિણતિ પ્રગટ કરવી છે, સમ્યક્ પરિણતિ જ્ઞાનધારા પ્રગટ કરવી છે એમાં મુખ્ય કાર્ય શ્રદ્ધાનું છે. કેમકે પૂરી શક્તિથી શ્રદ્ધા-ગુણ પૂરેપૂરો ત્યાં શુદ્ધ થઈને પરિણમે છે.

'**શ્રદ્ધા એટલે આત્માનું જેવું સ્વરૂપ છે તેવી યથાર્થ પ્રતીતિની પરિણતિ...**' શ્રદ્ધા એટલે આત્માનું જેવું સ્વરૂપ છે તેવી યથાર્થ પ્રતીતિની પરિણતિ અર્થાત્ '**જ્ઞાયકની જ્ઞાયકરૂપે પરિણતિ પ્રગટ થાય તે શ્રદ્ધાની (પ્રતીતિની) પરિણતિ છે. તે પ્રતીતિ સાથે અમુક જાતની...**' એટલે અમુક અંશે '**લીનતા આવે છે પણ તેને ચારિત્રની કોટીમાં ગણવામાં આવતી નથી.**' પ્રસિદ્ધપણે એને ચારિત્રની કક્ષામાં ગણતા નથી. એવી પરિપાટી છે. ગણતરીની એવી પરિપાટી છે. પણ સૂક્ષ્મપણે વિચારીએ તો ત્યાં

સ્વરૂપલીનતા થઈ છે અને એની પરિણતિ પણ છે ચારિત્રની. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ છે એટલે ચારિત્રનો અંશ પણ ત્યાં સમ્યક્ થયો છે. યથાખ્યાત ચારિત્ર પ્રગટ્યું છે અને નાસ્તિથી વિચારીએ તો અનંતાનુબંધી કષાયની જાતિનો અભાવ થઈ ગયો છે. સૌથી બળવાન કષાય હોય અને સંસારમાં અનંત કાળ સુધી રખડાવનાર હોય તો તે અનંતાનુબંધીનો કષાય છે. એ કષાય ત્યાં નાશ થઈ ગયો છે, સમાપ્ત થઈ ગયો છે. એટલું અપેક્ષિત જાણવાનું રાખવાનું છે.

પ્રશ્ન-૧૧૨

પ્રશ્ન :- જ્ઞાનીને ઉદયભાવ જુદો દેખાય?

સમાધાન :- જ્ઞાનીને જુદો જ દેખાય છે, જુદું જ વેદન છે. આ ક્રોધ જુદો અને જ્ઞાન જુદું એમ જ્ઞાયકની ધારા અને ઉદયધારા બંને જુદી વેદનમાં આવે છે. ઉદયધારામાં પોતે અલ્પ જોડાય છે, પણ વેદનમાં બંનેની જુદી ધારા જ્ઞાનમાં જણાય છે. અંશે જ્ઞાયકધારા-અંશે શાંતિધારા અને ઉદયધારા બંને વેદનમાં છે. હું ચૈતન્ય અખંડ શાશ્વત છું, આ ક્રોધ મારો સ્વભાવ નથી એ રીતે ચૈતન્યને દ્રવ્યદૃષ્ટિથી જુદો પાડ્યો છે તો દૃષ્ટિ ચૈતન્ય ઉપર છે અને પર્યાયમાં અંશે શાંતિની ધારા અને ઉદયધારા-બેય ધારા જુદી વર્તે છે. સહજ જુદો વર્તે છે. તેને કાંઈ યાદ કરવું પડતું નથી. ૧૧૨.

પ્રશ્ન ૧૧૨ ઉપર પ્રવચન

૧૧૨મો પ્રશ્ન. '**પ્રશ્ન :- જ્ઞાનીને ઉદયભાવ જુદો દેખાય?**'

'**સમાધાન :- જ્ઞાનીને જુદો જ દેખાય છે, જુદું જ વેદન છે.**' સીધો ઉત્તર એમ આપ્યો છે. જ્ઞાનીને ઉદયભાવ જુદો જ દેખાય છે. 'જ' શબ્દ બેયમાં વાપર્યો છે અને '**જુદું જ વેદન છે.**' એટલે પોતાથી જુદું.

મુમુક્ષુ :- પોતાપણે નથી દેખાતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાપણે દેખાતો નથી અને પોતાપણે અનુભવાતો પણ નથી. અથવા જ્ઞાની શ્રદ્ધા અપેક્ષાએ પોતાનું અસ્તિત્વ ત્રિકાળી દ્રવ્યસ્વરૂપમાં સમાપ્ત પ્રતીત કરે છે. જ્ઞાન અપેક્ષાએ ત્રિકાળી સ્વભાવ અને શુદ્ધ પર્યાયસહિતના પરિણમનથી પોતાનું અસ્તિત્વ સમાપ્ત છે એવો અનુભવ કરે છે, જ્ઞાન અપેક્ષાએ. તેથી ઉદયભાવ છે એ એને જુદો દેખાય છે અથવા જુદો અનુભવાય છે. વેદન કહો કે અનુભવ કહો, બેય એક જ વાત છે. કેમકે પોતાનું અસ્તિત્વ ત્યાંથી ખસેડી લીધું છે.

જ્ઞાનીની પર્યાયમાં ચારિત્રગુણની પર્યાયમાં અનંતાનુબંધીનો અભાવ હોય એવો રાગ થાય છે. અનંતાનુબંધીનો અભાવ હોય એવો રાગ થાય છે. પણ એ મારામાં થાય છે એવો અનુભવ નથી થતો. અનુભવ એવો નથી થતો કે એ મારામાં થાય છે. આમ અનુભવની પરિણતિ જુદી પડી ગઈ છે. પોતાનું અસ્તિત્વ એમાં અનુભવગોચર થતું નથી. મારી જોડે, મારી બાજુમાં રાગ થાય છે. ઉત્પન્ન થાય છે-વ્યય થાય છે, ઉત્પન્ન થાય છે-વ્યય થાય છે, ઉત્પન્ન થાય છે-વ્યય થાય છે. એવું મને જણાય છે, પણ એવો મને અનુભવ થતો નથી, એવું મને જ્ઞાન થતું નથી કે મારામાં થાય છે. એવું થતું નથી. એમ જ્ઞાનદશામાં જુદું વેદન આવે છે.

મુમુક્ષુ :- મુમુક્ષુ એમ અનુભવવાનો પ્રયાસ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પ્રયત્ન દશા છે. મુમુક્ષુ એમ અનુભવવાનો પ્રયત્ન કરી રહ્યો છે. પ્રયત્નદશા છે મુમુક્ષુની. અને એ પ્રયત્નદશાની સફળતાએ જ્ઞાનદશાની ઉત્પત્તિ થાય છે ત્યારે ભિન્ન અનુભવ થાય છે.

'આ ક્રોધ જુદો અને જ્ઞાન જુદું એમ જ્ઞાયકની ધારા અને ઉદયધારા બંને જુદી વેદનમાં આવે છે.' ક્રોધ તો શું, કોઈપણ વિભાવ હોય. ક્રોધ શબ્દ એટલા માટે લ્યે છે કે ક્રોધને બધા સમજી શકે છે. સ્થૂળ ઉપયોગવાળા પણ ક્રોધ કષાયને સમજી શકે છે. એટલે સમજાવવામાં ક્રોધ શબ્દ લીધો છે. બંને ભાવો ધારાવાહીપણે સાથે સાથે પેરેલલ ચાલે છે. જેમ ગાડીના બે પાટા પેરેલલ ચાલે છે ક્યાંય ભેગા નથી થતા. એમ જ્ઞાનધારા જુદી ચાલે છે અને રાગની ધારા જુદી ચાલે છે. ક્રોધની કહો કે રાગની વિભાવની ધારા જુદી ચાલે છે.

'ઉદયધારામાં પોતે અલ્પ જોડાય છે,...' ભિન્નતા રાખીને જોડાય છે માટે અલ્પ જોડાય છે એમ કહેવામાં આવે છે. ભિન્નતા અનુભવમાં રહીને (જોડાય છે). કેમકે ચારિત્રગુણ તો એનો છેને? એટલે પર્યાય તો એ જીવના ગુણનો પર્યાય થયો. છતાં જુદો પડી ગયો. **'ઉદયધારામાં પોતે અલ્પ જોડાય છે, પણ વેદનમાં બંનેની જુદી**

ધારા જ્ઞાનમાં જણાય છે.' અલ્પ જોડાણ હોવા છતાં પણ, ઉદયના કાર્યો કરે ત્યારે અલ્પ જોડાણ હોવા છતાં પણ વેદનમાં તો જુદાંપણું છે. વેદન જુદું પડી ગયું છે. સ્વપણાનું વેદન જ્ઞાનમાં જ છે. સ્વપણાનું વેદન રાગમાં નથી, ઉદયમાં નથી, ઉદયભાવમાં નથી.

મુમુક્ષુ :- ક્ષણે ક્ષણે વિભાવ ચાલી રહ્યો છે તો પ્રચંડ પુરુષાર્થ કર્યો હશે ત્યારે જુદાં પડી ગયા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક વખત તો પુરુષાર્થથી બુદ્ધિપૂર્વકના રાગનો અભાવ થઈ ગયો. પછી સવિકલ્પદશામાં જે રાગ શરૂ થયો એની ધારા જુદી પડી ગઈ.

'અંશે જ્ઞાયકધારા-અંશે શાંતિધારા અને ઉદયધારા બંને વેદનમાં છે.' વેદનમાં છે એટલે અનુભવમાં છે. શાંતિ છે અને અહીંયાં એટલી અશાંતિ છે એટલી આકુળતાનો પણ અનુભવ છે, પણ પોતાપણે નહિ. વેદનમાં છે પણ એકમાં પોતાપણું છે અને એકમાં પોતાપણું નથી એમ લેવું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! બે ચકરડા જેવું થયુંને? એક ઠેકાણે આમ અને એક ઠેકાણે આમ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બેયની દિશા પણ જુદી છે. .. ગીયર હોય છેને? ગીયરવ્હીલ હોય છે તો એના આંટા એકબીજામાં આમ ભરેલા હોય છે. એક આમ ફરે છે ત્યારે બીજું આમ ફરે છે. ત્યાં તો બેય એકબીજાને ફેરવે છે. પણ અહીંયાં તો દિશાસૂચક દૃષ્ટાંત લેવો છે. એક વ્હીલ આમ ફરે છે, એક વ્હીલ આમ ફરે છે. રાગનું મુખ છે એ બહાર તરફ છે અને જ્ઞાનધારાનું મુખ છે એ અંદરમાં અંતર્મુખ છે. રાગધારા બહિર્મુખ છે, જ્ઞાનધારા અંતર્મુખ છે. એમ એકસાથે બંને ચાલે છે. દિશા બેયની ઊલટી છે.

'હું ચૈતન્ય અખંડ શાશ્વત છું,...' હું અખંડ ચૈતન્ય શાશ્વત છું. **'આ ક્રોધ મારો સ્વભાવ...'** કે મારું સ્વરૂપ નથી. અકષાય સ્વરૂપ પોતાનું છે એ પ્રત્યક્ષ જ્ઞાનગોચર અથવા અનુભવગોચર છે. સ્વરૂપથી વિરુદ્ધ જાતિનો એક અંશ પર્યાયમાં છે એનું જ્ઞાન થાય છે કે એવું મારું સ્વરૂપ નથી. મારું એવું સ્વરૂપ નથી એમ જ્ઞાન થાય છે. કેવી રીતે? દૃષ્ટાંત લેવો હોય તો એમ લઈ શકાય કે શરીરમાં રોગ થાય ત્યારે સોજો આવે. સ્વેલીંગ કહે છેને, સોજો. એ સોજો શરીરની પર્યાય છે. કોની પર્યાય છે? દુબળા માણસને સોજો ચડે ત્યારે દેખાવ થોડોક ઠીક લાગે. દુબળો હોય એટલો ઠીક ન લાગે. સાવ સુકલકડી હોય એને સોજો ચડે ત્યારે જરાક શરીર ઠીક લાગે દેખાવમાં. એની શરીરની પર્યાય છે. સોજો છે એ પણ શરીરની (પર્યાય છે). પણ

એ શરીરની વિકૃત પર્યાય છે. કેવી? એ સોજાને પંપાળીને રાખવા જાય તો મરી જાય. એટલે એક ન્યાયે એ શરીરની પર્યાય નથી પણ રોગની પર્યાય છે. કેમકે શરીરનું સ્વરૂપ તંદુરસ્ત રહેવું તે છે. શરીરમાં જે રેજિસ્ટન્સ પાવર છે એ એનો સ્વભાવ છે અને વિકૃતિ, રોગ થવો તે શરીરનો સ્વભાવ નથી. તે શરીર વિકાર છે. તે શરીરની પર્યાય પણ શરીર વિકારપણે છે ત્યારે એ એની ગણીને કાંઈ રાખવામાં આવતી નથી. એ કાઢવાયોગ્ય છે. એવી જ રીતે રાગની દશા જીવની હોવા છતાં પણ જીવની નથી. જીવની હોવા છતાં પણ જીવની નથી. કેમકે એ જીવના સ્વરૂપમાં નથી, જીવના સ્વરૂપરૂપે નથી અને તે અભાવ કરવા યોગ્ય છે.

'હું ચૈતન્ય અખંડ શાશ્વત છું, આ ક્રોધ મારો સ્વભાવ નથી એ રીતે ચૈતન્યને દ્રવ્યદૃષ્ટિથી જુદો પાડ્યો છે તો દૃષ્ટિ ચૈતન્ય ઉપર છે...' દ્રવ્યદૃષ્ટિથી જુદો એકલો પ્રતીત કર્યો છે અને એકલો અનુભવ કર્યો છે. એટલે દૃષ્ટિ તો ચૈતન્ય ઉપર છે કે આ હું છું. દૃષ્ટિમાં શું કરે છે? દૃષ્ટિમાં હુંપણું કરે છે કે આ હું છું. **'અને પર્યાયમાં અંશે શાંતિની ધારા અને ઉદયધારા-બેય ધારા જુદી વર્તે છે.'** સાધકદશા હોય ત્યાં સુધી બે ધારા હોય. મિથ્યાદૃષ્ટિને બે ધારા નથી અને મોક્ષદશામાં પણ બે ધારા નથી. દસમા ગુણસ્થાન સુધી બે ધારા છે. બારમા ગુણસ્થાને યથાખ્યાતચારિત્ર પ્રગટી ગયું એટલે ત્યાં રાગની ધારા નથી. સંપૂર્ણ વીતરાગ છે. તેરમામાં મોક્ષ થયો ત્યાં પણ નથી, ચૌદમામાં નથી અને સિદ્ધાલયમાં પણ નથી. બે ધારા સાધકને જુદી વર્તે છે અને જુદી વર્તે તો જ બે ધારા કહેવાય. નહિતર તો એક થઈ ગઈ. મિથ્યાદૃષ્ટિને બે ધારા નથી.

'સહજ જુદો વર્તે છે. તેને કાંઈ યાદ કરવું પડતું નથી.' વિચાર કરવો નથી પડતો, વિકલ્પ કરવો પડતો નથી કે આ રાગ જુદો અને આ જ્ઞાન જુદું. એમ વિચાર કરવો પડતો નથી. સહજ જ જુદો વર્તે છે. એ જ્ઞાનીની દશાના પ્રશ્નનો ઉત્તર થયો.

મુમુક્ષુ :- બહુ સરસ સ્પષ્ટીકરણ આપ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્પષ્ટ કરે છે.

પ્રશ્ન-૧૧૩

પ્રશ્ન :- રુચિ પોતે કરી છતાં પરિણતિ પલટાતી કેમ નથી?

સમાધાન :- રુચિની મંદતા પોતાની છે. ઉગ્ર રુચિ થાય તો પરિણતિ પલટાયા વગર રહે જ નહિ. એવી રુચિ થાય છે કે બહારમાં ક્યાંય તેને ચેન પડે નહિ. એવી રુચિ અંદર ઉગ્ર થાય તો પોતે પુરુષાર્થ કર્યા વગર રહેતો નથી. ૧૧૩.

પ્રશ્ન ૧૧૩ ઉપર પ્રવચન

૧૧૩મો પ્રશ્ન. '**પ્રશ્ન :- રુચિ પોતે કરી છતાં પરિણતિ પલટાતી કેમ નથી?**' શું છે, જે પ્રશ્ન છે એ મુમુક્ષુની ભૂમિકાનો છે. સાધારણ મંદ રુચિ (છે).

'**સમાધાન :- રુચિની મંદતા પોતાની છે. ઉગ્ર રુચિ થાય તો પરિણતિ પલટાયા વગર રહે નહિ.**' મંદ રુચિ હોય ત્યાં સુધી પરિણતિ નથી થતી. ઉગ્ર રુચિથી થાય છે. વેદનાથી જે પરિણતિની શરૂઆત થઈ. કારણ કે વેદનામાં ઉગ્રતા છે. જ્યાં ઉગ્રતા આવી એની પરિણતિ થવાની. અથવા રસવૃદ્ધિથી એની પરિણતિ થવાની. તીવ્ર રસથી એને પરિણતિ થવાની. '**એવી રુચિ થાય છે કે...**' યથાર્થમાં હોં! ઉગ્ર જે રુચિ થાય, યથાર્થ રુચિ થાય એ '**એવી રુચિ થાય છે કે બહારમાં ક્યાંય તેને ચેન પડે નહિ.**' અંદરની રુચિ એને બહારમાં ક્યાંય ચેન પડવા દે નહિ. એ એનું બાહ્ય લક્ષણ છે. '**એવી રુચિ અંદર ઉગ્ર થાય તો પોતે પુરુષાર્થ કર્યા વગર રહેતો નથી.**' કેમકે એ આત્માના ગુણોના પરિણમનનું વિજ્ઞાન છે. રુચિ અનુયાયી વીર્ય. જેવી રુચિ હોય એને અનુસરતો પુરુષાર્થ થાય, થાય ને થાય જ. થયા વગર રહે નહિ ઑટોમેટિક.

પરિણતિનો સંબંધ રુચિ અને રસ સાથે છે. એ સ્પષ્ટીકરણ આપી દીધું. પરિણતિ કેમ થાય છે. અને સાથે સાથે બહારમાં એનું ચિહ્ન એમ છે કે અંદરની આત્માની રુચિ થાય એને બહારમાં ક્યાંય ગમે નહિ. પહેલામાં જે બહારમાં ભર્યું ભર્યું લાગતું હતું અને ગમતું હતું એ આખું ફરી ગયું. ... બધું ફરી ગયું. ગમે જ નહિ ક્યાંય.

આમાં ગમે એવું કાંઈ છે જ નહિ એમ લાગે. અથવા એ બધો ક્લેશ લાગે. ક્લેશમાં કોને ગમે? ક્લેશ કોને ગમે? એમ એને આત્મરુચિ સિવાયના પરિણામ ક્લેશમય લાગે છે એટલે એમાં ગમતું નથી. ખસવા માગે છે ત્યાંથી.

પ્રશ્ન-૧૧૪

પ્રશ્ન :- ઉગ્ર રુચિના પુરુષાર્થનું સ્વરૂપ સમજાવવા કૃપા કરશો.

સમાધાન :- જીવ અનાદિનો અભ્યાસ છે ત્યાં દોડ્યો જાય છે, એટલે વિભાવ સહજ થઇ ગયો છે અને અહીં અંદરમાં દિશા પલટાવી છે તે છૂટી જાય છે, કેમકે એટલી રુચિની મંદતા છે, પુરુષાર્થની મંદતા છે. અંદર એટલી લગની લાગી હોય કે બસ, હવે આ ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્ય....વગરની પરિણતિ મારે જોઇતી જ નથી. ચૈતન્યનું અસ્તિત્વ જ મારે જોઈએ છે, આ વિભાવરૂપ અસ્તિત્વ મારે નથી જોઈતું. એટલી અંદરથી લગની, મહિમા, રુચિ થાય, ઉગ્રતા થાય તો પુરુષાર્થ ટકે છે. નહિ તો પુરુષાર્થ વારેવારે છૂટી જાય છે ને માત્ર વિકલ્પથી રહે પણ અંદરથી ખરેખરું લાગે તો પુરુષાર્થ ટકે, અને તો તેના નિર્ણયનું કાર્ય આવે-પ્રતીતિરૂપે કાર્ય આવે. તેના નિર્ણયમાં એમ આવે કે-આ જ્ઞાયક હું છું ને આ વિભાવ મારાથી જુદો છે, પણ જુદું જુદારૂપે કાર્ય કરે તો પ્રતીતિએ કાર્ય કર્યું કહેવાય. વિભાવનું જુદારૂપે કાર્ય નથી આવતું ત્યાં સુધી યથાર્થ પ્રતીતિ નથી અને નિર્ણય એમ ને એમ બુદ્ધિપૂર્વક રહી જાય છે. ૧૧૪.

પ્રશ્ન ૧૧૪ ઉપર પ્રવચન

૧૧૪. '**પ્રશ્ન :- ઉગ્ર રુચિના પુરુષાર્થનું સ્વરૂપ સમજાવવા કૃપા કરશો.**' એમાંથી ને એમાંથી ચર્ચા આગળ ચાલી છે તો પ્રશ્ન ઉઠાવ્યો છે કે તો પછી ઉગ્ર રુચિ કેવી હોય? મંદ રુચિનો તો બધાને અનુભવ છે. ઉગ્ર રુચિ ન થઈ હોય એને એ જિજ્ઞાસાનો

વિષય છે કે ઉગ્ર રુચિ કેવી હોય?

'સમાધાન :- જીવ અનાદિનો અભ્યાસ છે ત્યાં દોડ્યો જાય છે, એટલે વિભાવ સહજ થઈ ગયો છે...' વિભાવ કરવા માટે મારે પુરુષાર્થ કરવો પડે છે અને વિભાવની મારે રુચિ કરવી પડે છે એવું નથી. એ તો સહજ થઈ ગયો છે. અનાદિનો ઊલટો પ્રયોગ સહજ હોવાથી. ઊલટો પ્રયોગ વારંવાર થતો હોવાથી એને અભ્યાસ કીધો. ત્યાં એના પરિણામ દોડી જાય છે અને એ પરિણમન સહજ થઈ ગયું છે. **'અને અહીં અંદરમાં દિશા પલટવી છે તે છૂટી જાય છે,...'** એટલે અંદરની દિશા હાથ આવતી નથી. જીવ કેમ અંતર્મુખ થઈ શકતો નથી? એનો ઉત્તર પણ આમાં આવી જાય છે. અંદરની દિશા છૂટી જાય છે એટલે હાથમાં નથી આવતી. એનું કારણ કે બહિર્મુખ પરિણમન અનંત કાળના ઘણા સમયના અભ્યાસથી, અનંત કાળના અનંત સમયના અભ્યાસથી સહજ થઈ ગયું છે. આખી દિશા પલટાય છે અંતર્મુખ થાય છે ત્યારે. એકદમ અબાઉટ ટર્નનો વિષય છે. સહેજ એંગલ બદલાય છે એમ નથી. પૂરેપૂરો યુ ટર્ન લેવાનો છે. આમ જાય છે, આમ આવવાનું છે. એની રુચિને લઈને એનો પુરુષાર્થ સહેજે સહેજે એમ ચાલે છે. એટલે અંતર્મુખ થવું છે એ અંતર્મુખ થઈ શકતો નથી.

આમ તો બહિર્મુખપણાનો અભ્યાસ અને અનુભવ ઘણો છે. અંતર્મુખનું ભાવભાસન આવવું મુશ્કેલ થઈ ગયું છે. એ એકદમ અજાણ્યો વિષય થઈ ગયો છે. અંતર્મુખપણું એ એકદમ અજાણ્યો વિષય થઈ ગયો છે. એનો ભાવ ભાસવો મુશ્કેલ પડે એવી પરિસ્થિતિ થઈ ગઈ છે. એટલો જીવનો બહિર્મુખપણાનો પ્રગાઢ અભ્યાસ છે. એટલે વાત થોડી અઘરી લાગે છે, કઠણ લાગે છે, મુશ્કેલીવાળું લાગે છે અંતર્મુખ થવું એનું કારણ એ છે. એટલું સહજ અને ગાઢ થઈ ગયું છે બહિર્મુખ પરિણમન કે અંતર્મુખ કેમ થવાય એ એક સમસ્યા-કોયડો લાગે છે. અને અનંતકાળથી ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ થયા છતાં એ દિશા પોતે જોઈ નથી.

કૃપાળુદેવે ૧૯૫માં અને ૮૬ પત્રમાં કહ્યુંને કે માર્ગની દિશાનું અલ્પ પણ ભાન થાય નહિ. પરિભ્રમણની ચિંતના અને વેદનાપૂર્વક માર્ગ માટે ઝુર્યા વિના, ઝુરવાનું એ ઉપાય માટે ઝુરવાનું છે. માર્ગની દિશાનું અલ્પ પણ ભાન થતું નથી. એટલે માર્ગની દિશા અંતર્મુખની છે. મોક્ષમાર્ગની દિશા છે એ અંતર્મુખની છે. એનો કાંઈ તને અંદાજ પણ આવવો મુશ્કેલ છે એમ કહે છે, વેદનામાં નહિ આવે ત્યાં સુધી. એવી પરિસ્થિતિ વેદના આવ્યા પહેલાની હોય છે. કાંઈ ખબર ન મળે કે અંતર્મુખતા એટલે શું. એટલે એ દિશા છૂટી જાય છે એટલે હાથમાં આવતી નથી.

'કેમકે એટલી રુચિની મંદતા છે, પુરુષાર્થની મંદતા છે.' એ મંદ રુચિ અને મંદ પુરુષાર્થથી બાહ્ય ધર્મ સાધનો કર્યા કરે છે. કોઈવાર શાસ્ત્ર વાંચે તો કોઈવાર પૂજા-ભક્તિ કરે, કોઈવાર વ્રત-નિયમ કરે, કોઈવાર દયા-દાન પણ કરે. એ બધું બહારમાં ને બહારમાં કર્યા કરે છે. અને એવું ઘણું કરે પાછું. બહિર્મુખ પરિણામથી એવું ઘણું કરે. જેમકે વ્રત-નિયમ લ્યે તો મહાવ્રત સુધીના વ્રત લઈ લ્યે દીક્ષા અંગીકાર કરીને. પણ એ બાહ્ય ભાવથી. અંતર્મુખપણું એમાં હોતું નથી. એ દિશાની ખબર નથી. ત્યાં રુચિની મંદતા છે એમ લીધું. એને આત્માની ઉગ્ર રુચિ કહેતા નથી. જુઓ, કેવી પરિસ્થિતિ છે! બહારમાં સહનશીલતા એવી હોય (કે) નગ્ન થઈ જાય, દિગંબર મુનિ થઈ જાય. અંતર્મુખની દિશા ન આવે તો એને રુચિનો પણ અભાવ લીધો છે, પુરુષાર્થનો પણ અભાવ લીધો છે.

મુમુક્ષુ :- કાલે ડાયરીમાં બોલ ચાલેલોને. ઊલટા પ્રયત્નનું બળ એટલું બધું છે કે વિચારબળ ચાલતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઊલટો પ્રયોગ છે એ સહજ થઈ ગયો છે.

અહીંયાં કહે છે કે **'અંદર એટલી લગની લાગી હોય કે બસ, હવે આ ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્ય....વગરની પરિણતિ મારે જોઈતી જ નથી. ચૈતન્યનું અસ્તિત્વ જ મારે જોઈએ છે, આ વિભાવરૂપ અસ્તિત્વ મારે નથી જોઈતું. એટલી અંદરથી લગની, મહિમા, રુચિ થાય, ઉગ્રતા થાય તો પુરુષાર્થ ટકે છે.'** અહીંથી સ્વરૂપ લીધું. ત્યાં સુધી મંદતાની વાત કરી. અંદર એટલી લગની લાગી હોય, રુચિમાં લગની એમણે લીધી છે. પોતાના અનુભવનો વિષય છેને એટલે લગની લાગી છે. લગની લાગી લગાડી શકાય? સહજ લાગવી જોઈએ. વર્તમાન ચાલતી અશાંતિ પોસાય નહિ. મને આ કોઈ રીતે કોઈ ભોગે પોસાય નહિ.

'હવે આ ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્ય....વગરની પરિણતિ મારે જોઈતી જ નથી.' ચૈતન્ય કહો કે આત્મ શાંતિ કહો, ચૈતન્ય કહો કે આત્મશાંતિ કહો. આત્માની શાંતિ સિવાય મને કાંઈ પોસાય નહિ. આ વિભાવના ક્લેશ હવે હું સહન કરી શકતો નથી. એનું નામ રુચિ કહેવાય. સોગાનીજીએ દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં જરા વધારે એક જોરદાર દૃષ્ટાંત આપ્યું છે એમની ચર્ચામાં કે પતંગિયાને જેવી દીવાની રુચિ છે. દીપકને-પતંગાકો દીપકકી રુચિ હૈ. એમ કરીને કહ્યું છે. આમ તો એ ચક્ષુ ઈન્દ્રિયનો વિષય છે. પતંગિયું છે એ ચાર ઈન્દ્રિય જીવ છે એને ચક્ષુ ઈન્દ્રિય હોય છે. દીવાને જોવે એટલી આસક્તિ થાય એને (કે) ઝપટ મારી એ જાળ ઉપર પડે. ભૂલી જાય છે કે મારી પાંખ સળગી જશે. એ ભૂલી જાય છે. જોરથી, વેગથી એના ઉપર પડે

છે. એમ રુચિની સાથે સંવેગ હોય છે. જોર આવે છે. એને પુરુષાર્થ કહેવામાં આવે છે. એ ભૂમિકાનો એને પુરુષાર્થ કહે છે. એની લગની લાગી હોય. એવી રુચિ થાય ત્યારે પહેલા લગની લાગે. એ જ જોઈએ, બસ! બીજું કાંઈ નહિ, એ જ જોઈએ, એ જ જોઈએ.

સોગાનીજીને એવું થઈ ગયેલું કે આત્મશાંતિ સિવાય હું જીવી શકીશ નહિ. જીવી નહિ શકું એમ જે આવ્યું એ ચરમસીમાએ પહોંચ ... છે. સત્પુરુષનો યોગ જોઈએ. યોગ ન હોય તો એને અંતર્મુખની દિશા સુઝાડનાર અથવા અંતર્મુખની દિશા દેખાડનાર કોઈ જોઈએ. આત્મા જે સત્ સ્વરૂપ છે, એનું અસ્તિત્વ જે છે એ અંતઃતત્ત્વસ્વરૂપ છે. એ સત્‌ને દેખાડનાર કોઈ સત્ જોઈએ એમ કહે છે. એટલે જ્યાં ચરમસીમાની પાત્રતા થઈ ત્યાં કુદરતી વ્યવસ્થા થઈ ગઈ. આત્મધર્મ એક્સીડન્ટલી ગયું એમને ત્યાં. મગાવ્યું નહોતું કાંઈ. અને સંયોગની પરિસ્થિતિ અનુકૂળ નહિ હોવા છતાં પણ સોનગઢ આવી ગયા.

'ચૈતન્યનું અસ્તિત્વ જ મારે જોઈએ છે,...' એટલે આત્મશાંતિ જ જોઈએ. બીજું કાંઈ મને પોસાય નહિ. કષાયની મંદતા સહન પણ નહોતી થતી. નહિતર ત્યાં શાતા હોય છે, પણ એ એમને સહન થતી નહોતી. કાં તો વિકલ્પ ફાટી જાય અને કાં તો દેહ છૂટી જાય. એટલું વિકલ્પમાં તીવ્ર દુઃખ લાગતુ હતું. એ તો મંદ કષાયવાળા વિકલ્પ હતા તોપણ એટલું બધું દુઃખ લાગતું હતું કે જીવી શકાશે નહિ. પછી વિકલ્પ રહી શકે નહિ. પછી વિકલ્પ ટકી શકે નહિ. એમ **'આ વિભાવરૂપ અસ્તિત્વ મારે નથી જોઈતું. એટલી અંદરથી લગની,...'** એટલી અંદરથી લગની, એટલો અંદરથી મહિમા. કોનો? પોતાના આત્મકલ્યાણનો. બધું ગૌણ કરી શકે. આખું જગત ગૌણ કરી શકે. એમને કેટલી ગૌણતા હતી કે કુટુંબીઓનું શું થશે અને શું થાય છે? એ વાત એમના ખ્યાલમાં રહેતી નહોતી. કૌટુંબિક પરિસ્થિતિ ખરાબ હતી. કુટુંબની સંખ્યા વધારે હતી, આર્થિક પરિસ્થિતિ નબળી હતી, ધંધો ભાંગી ગયો હતો પણ કાંઈ ખ્યાલ રહેતો નથી. એવી **'લગની, એવી રુચિ, એવો મહિમા, એવી ઉગ્રતા થાય ત્યારે એ પુરુષાર્થ ટકે છે.'** એને અનુસરતો પુરુષાર્થ ટકે છે. નહિતર ઘડીક ઠીક થાય અને વળી પાછું બેસી જાય. ઘડીક ઉગ્રતા આવે અને વળી પાછું બેસી જાય. એ લગની નથી લાગી. લગની લાગી હોય તો આગળ દોડ્યો જ જાય, આગળ જ દોડ્યો જ જાય. ચડતી શ્રેણીના પરિણામમાં ઓટ આવે નહિ. ભરતી જ આવે, ઓટ ન આવે. તો પુરુષાર્થ ટકી શકે.

'નહિ તો પુરુષાર્થ વારેવારે છૂટી જાય છે ને માત્ર વિકલ્પથી રહે...' વિકલ્પ

ચાલે પણ પુરુષાર્થ છૂટી જાય. '**પણ અંદરથી ખરેખરું લાગે તો પુરુષાર્થ ટકે, અને તો તેના નિર્ણયનું કાર્ય આવે-પ્રતીતિરૂપે કાર્ય આવે.**' એટલે અનુભવ થાય.

મુમુક્ષુ :- અહીંયાં વિકલ્પ અને પ્રયોગ વચ્ચે ભેદ પાડ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણમન છે અહીંયાં. વિકલ્પ રહી જાય એનો કાંઈ અર્થ નથી. પરિણમન રહેવું જોઈએ. ફરીથી જરાક લઈશું. લગની અને મહિમાનું સ્વરૂપ કેવું હોવું જોઈએ એ વિશેષ લઈશું.

તા. ૨૧-૧-૧૯૯૭, પ્રશ્ન-૧૧૪ થી ૧૧૬
પ્રવચન નં. ૭૬

સ્વાનુભૂતિદર્શન પાનું-૮૬. ૧૧૪મું વચનામૃત ચાલે છે. પ્રશ્ન છે ઉગ્ર રુચિનો. ઉગ્ર રુચિનું સ્વરૂપ કેવું હોય? રુચિ છે એ જરૂરિયાતથી ઉત્પન્ન થયેલી, જરૂરિયાતમાંથી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિ છે. એટલે જરૂર છે એ માગે છે, જરૂર છે એ માગે છે. જોઈએ... જોઈએ... જોઈએ... જોઈએ. કે શું જોઈએ? કે સ્વરૂપ જોઈએ, સુખ જોઈએ. અહીંયાં નીચે ૮૫માં લીધું કે '**અંદર એટલી લગની લાગી હોય કે બસ, હવે આ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય...**' 'ચૈતન્ય' શબ્દ પોતે વાપરતા હતા. કોઈ જ્ઞાનીઓ જ્ઞાન શબ્દ વાપરે છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એને જ્ઞાન સિવાય કાંઈ ન જોઈએ. જ્ઞાન-ચૈતન્ય કહો, એક જ વાત છે. એ '**વગરની પરિણતિ મારે જોઈતી જ નથી.**' એક મારે ચૈતન્ય પરિણતિ જોઈએ છે, આત્મપરિણતિ જોઈએ છે અથવા જ્ઞાનપરિણતિ જોઈએ છે. આ સિવાય મારે કાંઈ જોઈતું નથી. ચૈતન્ય પરિણતિ કહો કે નિરાકુળ જ્ઞાન પરિણતિ કહો. બેય એક વાત છે. એ જોઈએ છે અને એ જોઈએ છે એટલે એ સિવાય કાંઈ જોઈતું નથી. એનું જ અસ્તિત્વ જોઈએ, એની જ હયાતી જોઈએ, બીજું કાંઈ જોઈતું નથી. એ જ જોઈએ એનો અર્થ કે બીજું કાંઈ ન જોઈએ. અને જોઈએ એટલે જોઈએ જ, એના વગર મારે નહિ ચાલે.

કેમકે અહીંયાં જે વાત છે એ ઉગ્ર રુચિની વાત છે. ઉગ્ર રુચિમાં એ જ જોઈએ અને બીજું કાંઈ ન જઈએ અને જોઈએ એટલે એના વિના ચાલે નહિ. લીધે છૂટકો.

'આ વિભાવરૂપ અસ્તિત્વ મારે નથી જોઈતું.' એ વિભાવમાં હું ઊભો છું એકત્વ થઈને એ હવે મારે કોઈ ભોગે ન જોઈએ. એટલી અંદરથી લગની, એટલો પોતાના સ્વભાવનો મહિમા, એટલી રુચિ થાય, એટલી ઉગ્રતા થાય. બધામાં એટલું એટલું લેવું. **'તો પુરુષાર્થ ટકે છે.'** નહિતર થોડો પુરુષાર્થ ચાલ્યો હોય એ ટકતો નથી. પુરુષાર્થ ટકે ક્યારે? પુરુષાર્થ થવો એક વાત છે, પુરુષાર્થ ટકવો ઈ બીજી વાત છે પાછી. ઘણીવાર ગુરુના, જ્ઞાનીના વચનોના નિમિત્તે પુરુષાર્થ ઉપડે, પણ ટકે નહિ. એ કાચી-પાકી ભૂમિકા હોય ત્યાં એવા ચડ-ઉતર પરિણામ થયા કરે છે. પણ ઉગ્રતા આવે તો ચડતી શ્રેણીના પરિણામ થાય. ચડતી એટલે શું? દિન-પ્રતિદિન ભાવ વધતો જાય, ડિગ્રી વધતી જાય. એવા પરિણામ થાય. વધતો જ જાય.. વધતો જ જાય... વધતો જ જાય. એ પુરુષાર્થ જ્યારે ટકે, ટકે ત્યારે વૃદ્ધિગત થાય. અને ન ટકે એટલે ઓસરી જાય પાછો. એટલે ઉગ્રતા થાય તો પુરુષાર્થ ટકે છે.

'નહિ તો પુરુષાર્થ વારેવારે છૂટી જાય છે ને માત્ર વિકલ્પથી રહે...' પછી શું છે? કે ભેદજ્ઞાનનું સ્ટેજ હોય છે તો એનો વિકલ્પ રહે. વિકલ્પ ચાલે છે કે પુરુષાર્થ ચાલે છે એની ભેદરેખા સમજમાં હોવી જોઈએ. અને એ ભેદરેખા ક્યારે સમજમાં હોય? કે અંદરમાં ઉપયોગ એટલો સૂક્ષ્મ થઈને કામ કરતો હોય તો. અથવા જ્ઞાન અને રાગ બે વચ્ચેનો જે સૂક્ષ્મપણે ભેદ છે, જ્ઞાનની મર્યાદામાં રાગ નથી, રાગની મર્યાદામાં જ્ઞાન નથી. વિકલ્પ છે એ વિકલ્પભાવ પોતાની મર્યાદામાં ઉત્પન્ન થઈને પોતાની મર્યાદામાં સમાપ્ત થાય છે. જ્ઞાન પણ એક આત્માનો ભાવ છે જે જ્ઞાનની મર્યાદામાં રહે છે અને એમાં સમાપ્ત થાય છે. વિકલ્પ બદલતી ચીજ છે, મારું જ્ઞાન છે એ બદલતી ચીજ નથી. એકધારું એકસરખું રહે છે. સદશ્ય... સદશ્ય... સદશ્ય... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... એકસરખું રહે છે. એ જ્ઞાનની મર્યાદામાં વિકલ્પનો પ્રવેશ નથી. વિકલ્પની મર્યાદામાં જ્ઞાન પ્રવેશતું નથી, એને જાણતું હોવા છતાં.

જ્ઞાન છે એ એક પ્રકાશ છે ચૈતન્યનો, વિકલ્પમાં ઘોર અંધારું છે. આમ દિવસ-રાત જેટલું બે ભાવ વચ્ચે અંતર છે અંધારા-અજવાળા જેટલું, પણ ઉપયોગ સ્થૂળ હોય તો ભેદ પડતો નથી, જુદાંપણું ભાસતું નથી. ઉપયોગ સ્થૂળ છે એટલે. સૂક્ષ્મ ઉપયોગમાં એ જુદાં પડે છે. ઉપયોગ સૂક્ષ્મ થવો પણ જરૂરી છે અને એ ઉગ્ર રુચિને લઈને થાય છે. ઉપયોગની સૂક્ષ્મતા આવવાનું કારણ રુચિ છે. એટલે ઉપયોગ નિર્મળ થાય અને ઉપયોગ સૂક્ષ્મ થાય. આ પ્રકારે ઉપયોગની તૈયારી થાય અને પુરુષાર્થનો

સંવેગ-જોર હોય સાથે તો કાર્યસિદ્ધિ સહજમાત્રમાં થાય. એવું અંદરમાં કાર્ય ચાલવું જોઈએ. એ પ્રકારે કાર્ય ચાલવું જોઈએ.

શું કહ્યું? '**એટલી અંદરથી લગની, મહિમા, રુચિ થાય, ઉગ્રતા થાય તો પુરુષાર્થ ટકે છે. નહિ તો પુરુષાર્થ વારેવારે છૂટી જાય છે ને માત્ર વિકલ્પથી રહે પણ અંદરથી ખરેખરું લાગે તો પુરુષાર્થ ટકે,...**' ખરેખર એટલે શું? અસર એની ઘણી હોય. જે કામ છે એ જે અસરમાં આવીને કર્યું છે રુચિ, મહિમા વગેરેનું, એ ખરેખરું લાગે તો પુરુષાર્થ ટકે. જેમ માણસને ખોટું લાગી જાય છે. પછી એમ કહે કે ભાઈ હવે જાવા દ્યોને, મૂકી દ્યોને એ વાતને. પણ મૂકી ન શકે. મને તો બહુ લાગી ગયું છે. શું કહે? મને તો એવું ખરેખરું લાગ્યું છે. એને જલ્દી અસર જાય નહિ. એમ '**ખરેખરું લાગે તો પુરુષાર્થ ટકે, અને તો તેના નિર્ણયનું કાર્ય આવે-પ્રતીતિરૂપે કાર્ય આવે.**' શ્રદ્ધારૂપે કાર્ય આવે. અને પ્રયોગ છે એ પ્રતીતિને લાવે છે. વિકલ્પ પ્રતીતિને નથી લાવી શકતો. આપણે ચર્ચા થઈ. પ્રયોગ છે એ પ્રતીતિને લાવે છે. કેમકે એનો વિષય પ્રત્યક્ષ છે, હાજર છે, પરિણમન છે. જીવતું-જાગતું પરિણમન છે એટલે એ પ્રતીતિને લાવે. વિકલ્પ છે એમાં દમ નથી કાંઈ કે એ પ્રતીતિને લાવે.

'**તેના નિર્ણયમાં એમ આવે કે-આ જ્ઞાયક હું છું ને આ વિભાવ મારાથી જુદો છે,...**' સ્ટેજ ભેદજ્ઞાનનું છે. આ પ્રકારનો જે પુરુષાર્થ છે એ ભેદજ્ઞાનના સ્ટેજે ચાલે છે. એમાં નિર્ણય એમ આવે અથવા પુરુષાર્થ ચાલે ત્યારે એમ ભાવભાસન આવતું જાય કે આવે કે આ જ્ઞાયક હું છું અને વિભાવ મારાથી જુદો છે. બેનું સ્વરૂપ જ જુદું છે. '**પણ જુદું જુદારૂપે કાર્ય કરે તો પ્રતીતિએ કાર્ય કર્યું કહેવાય.**' જુદું છે એ જુદું પડી જાય તો એણે કાર્ય કર્યું કહેવાય. '**વિભાવનું જુદારૂપે કાર્ય નથી આવતું ત્યાં સુધી યથાર્થ પ્રતીતિ નથી...**' એમ સમજવું. જ્યાં સુધી ભિન્ન પડી ન જાય ત્યાં સુધી શ્રદ્ધા થઈ નથી. જો એ જ્યારે ભિન્ન પડી જાય છે ત્યારે એક વખત તો એ વિભાવ બુદ્ધિપૂર્વકનો ઉત્પન્ન થતો બંધ થાય છે. બુદ્ધિપૂર્વકનો વિકલ્પ નથી રહેતો, આત્માનો વિકલ્પ પણ બુદ્ધિપૂર્વકનો નથી રહેતો. ક્ષણમાત્ર તો નિર્વિકલ્પ દશા અને નિર્વિકલ્પ દશામાં ઉત્પન્ન થતો આનંદ એનો અનુભવ થાય છે. એટલે ત્યાં પ્રતીતિ સવળી થઈ ગઈ, એ વખતે શ્રદ્ધા સવળી થઈ ગઈ.

એટલે વિભાવનું જુદારૂપે કાર્ય નથી આવતું, ત્યારથી પછી જ્ઞાનધારા અને રાગધારા જુદી પડી, એવું કાર્ય નથી આવતું ત્યાં હજી શ્રદ્ધા પણ થઈ નથી '**અને નિર્ણય એમ ને એમ બુદ્ધિપૂર્વક રહી જાય છે.**' જે વિકલ્પવાળો નિર્ણય કર્યો છે એ એમ ને એમ બુદ્ધિમાં રહી જાય છે. એનું કાર્ય ન આવ્યું હજી. યથાર્થ નિર્ણય છે એ

પુરુષાર્થને, મહિમાને, ઉગ્રતાને ઉત્પન્ન કરનારો ભાવ છે. યથાર્થ નિર્ણય હોય ત્યાં એ પ્રમાણે પુરુષાર્થની ઉગ્રતા થયા વિના રહે નહિ અથવા અપૂર્વ મહિમા આવ્યા વિના રહે નહિ.

આત્મા સ્વરૂપે જે અનંત મહિમાવંત છે, જેટલો એનો મહિમા છે એટલો મહિમા જ્ઞાનમાં આવી ગયો એનું નામ નિર્ણય છે, એનું નામ એનું ભાવભાસન છે, એનું નામ એની ખરી ઓળખાણ છે. એટલે એનું બળ આવ્યા વગર રહે નહિ. એને જ્ઞાનબળ કહે છે, નિર્ણયનું બળ કહે છે. એ ઉગ્ર પુરુષાર્થ પ્રતીતિને, શ્રદ્ધાને લાવ્યા વગર રહે નહિ. કેમકે એ વખતની જે ઉગ્ર રુચિ છે એને અનન્ય રુચિ કહે છે. કેવી રુચિ કહી છે? અનન્ય રુચિ. એના જેવી બીજી રુચિ નહિ. અન્ય એટલે જુદું. અન-અનન્ય એટલે જુદું નહિ. જુદો રહી ન શકે. પોતે પોતાના અનુભવથી જુદો રહી ન શકે. વિકલ્પમાં હુંપણાનો અનુભવ તે અન્યનો અનુભવ છે. એટલે રાજમલજી એમ કહે (છે) કે જ્યાં નિર્વિકલ્પ અનુભવ થયો ત્યાં વિકલ્પમાત્ર જૂઠાં છે. એમ કહે છે. જેમ સ્વપ્નમાંથી જાગ્યો ત્યારે સ્વપ્ન જૂઠું છે એમ ભાસે છે. સ્વપ્ન સ્વપ્ન તરીકે સાચું હતું, પણ સ્વપ્ન વાસ્તવિકતાને જોતાં જૂઠું હતું. એમ વિકલ્પમાં વિકલ્પરૂપ પોતાનો અનુભવ એ જૂઠનો અનુભવ હતો. નિર્વિકલ્પ સ્વરૂપનો નિર્વિકલ્પભાવે નિર્વિકલ્પપણે અનુભવ તે સાચો અનુભવ છે. સાચો અનુભવ થતાં વિકલ્પરૂપે પોતાનો અનુભવ જૂઠો ભાસે. એમ એમનું કહેવું છે રાજમલજીનું. એ એક માર્મિક શબ્દ છે. વિકલ્પમાત્ર જૂઠો ભાસે, વિકલ્પમાત્ર જૂઠો છે એમ અનુભવ થતાં એમ લાગે, સ્વાનુભવ થતા એમ લાગે. એ એમની શૈલી એવી છે લખવાની.

મુમુક્ષુ :- બાંધણીમાં વિષય લીધેલો.

પૂજ્ય ભાઈશ્રી :- બાંધણીમાં લીધું હતું ને? કળશટીકા. એ ૧૧૪ પૂરો થયો.

પ્રશ્ન-૧૧૫

પ્રશ્ન :- અનુભવ પહેલાં શું આવવું જોઈએ?

સમાધાન :- ભેદજ્ઞાનની ધારાનું કાર્ય આવવું જોઈએ. નિર્વિકલ્પદશાનું જે કારણ છે તે કારણ તેને યથાર્થ થવું જોઈએ. ત્યાર પહેલાં તે અભ્યાસ કર્યા કરે અને છૂટી જાય તો પાછો અભ્યાસ કરે. ૧૧૫.

પ્રશ્ન ૧૧૫ ઉપર પ્રવચન

૧૧૫મો પ્રશ્ન છે કે '**અનુભવ પહેલાં શું આવવું જોઈએ?**' એટલે કે અનુભવ પહેલાં કેવા પરિણામ આવવા જોઈએ? '**ભેદજ્ઞાનની ધારાનું કાર્ય આવવું જોઈએ.**' એટલે ભેદજ્ઞાન ધારાવાહી-સતત ચાલવું જોઈએ. અનુભવનો ઉત્સાહ પણ હોય છે, અનુભવનો થનગનાટ પણ હોય છે, રુચિ ઉગ્ર થાય ત્યારે. પણ ભેદજ્ઞાન ધારાવાહી ચાલવું જોઈએ. સતત ચાલે ભેદજ્ઞાન તો અનુભવ આવતા વાર નથી. પછી તો અનુભવની પર્યાયનો વિકલ્પ પણ નથી. ધારાવાહી ભેદજ્ઞાન ચાલે એટલે એ પોતાના કામે લાગી ગયો છે. પછી એ કામે લાગી ગયો છે એમાં અનુભવની પર્યાયની રાહ જોઈને ઊભો છે એવા પ્રકારનું પરિણમન નથી ત્યાં.

એક ન્યાય તો એવો છે કે નિર્ણય થયો, ભાવભાસન થયું પોતાના સ્વરૂપનું ત્યારે પોતાનું જેવું સ્વરૂપ છે એવું જ્ઞાનમાં તો આવ્યું છે અનુભવાંશે, વેદન અંશે. આવ્યું છે એ અનુભવાંશે અથવા વેદન અંશે આવ્યું છે. એટલે એટલો તો વિશ્વાસ આવ્યો. વિશ્વાસને આ જગ્યાએ કૃપાળુદેવે પ્રતીતિ શબ્દ વાપરી નાખ્યો બીજા સમકિતમાં. 'પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તેને ભગવાન બીજું સમકિત કહે છે.' હું આવો જ છું. હવે જ્યારે હું સ્વરૂપે આવો છું, પછી એક સમયની દશાની અપેક્ષા શું? હું ત્રિકાળ જ આવો છું, ત્રણે કાળે હું આવો છું. મારો ભ્રમ ભાંગી ગયો. હું માણસ હતો, હું પુરુષ હતો, હું સ્ત્રી હતો, હું વાણિયો હતો, હું ફલાણા નામધારી હતો, હું આ ગામમાં રહેવાવાળો હતો, આ દેશમાં રહેવાવાળો હતો. એ બધા ભ્રમ ભાંગી ગયા. આટલા-આટલા મારા સંબંધો અને સગાઓ હતા એ બધો ભ્રમ ભાંગી ગયો. હું ત્રિકાળ આવો છું. જ્ઞાનસ્વભાવે હું ત્રિકાળ છું.

જેમ દાટેલો ખજાનો, ઘરમાં દાટેલો ખજાનો જોયો. પછી ચિંતા નથી કે આ સંપત્તિનો ઉપયોગ હું ક્યારે કરીશ? એની ચિંતા છે? કેમ ચિંતા નથી? કે આ દોલત મારા પઝેશનમાં છે, એની ફિઝિકલ પઝેશન છે. મારા કબ્જામાં છે. આ ખજાનો મારા કબ્જામાં છે. હવે મકાન નિરાંતે ચણાવશું. ભલે વાર લાગે પણ સરખું ચણાવવું છે. કપડા, દાગીના તૈયાર કરાવે એમાં પણ ટાઈમ લાગે. કેમ વાર લાગે છે એ પ્રશ્ન ત્યાં નથી થતો. કેમ મકાન જલ્દી બનતું નથી? કેમ કપડા જલ્દી દરજી સીવતો

નથી? કેમ સોની ઘડતો નથી? ભાઈ! સરખું કરજે તું. બે દિ' મોડું થાય, એક દિ' મોડું થાય એનો મને વાંધો નથી. એમ કહે કે નહિ? એમ દશાની રાહ જોઈને ઊભો નથી. મોડું થાય એવું ઈચ્છતો નથી. એ પોઈન્ટ નથી લાગુ પડતો. પણ દશાની રાહ જોઈને ઊભો નથી રહેતો. એ વિકલ્પ નથી કરતો કે મને દશા ક્યારે પ્રગટશે? મને દશા ક્યારે પ્રગટશે? પછી ધારા ચાલે છે, ભેદજ્ઞાનની ધારા ચાલે છે. સ્વરૂપલક્ષે ભેદજ્ઞાન ચાલે છે. ભેદજ્ઞાન નિર્ણય થયા પહેલા સ્વરૂપલક્ષે નથી ચાલતું, નિર્ણય થયા પછી સ્વરૂપલક્ષે ચાલે છે. અને અનુભવ થયા પછી સ્વરૂપનું લક્ષ પણ છે અને જ્ઞાનધારાનું વેદન પણ છે. ભિન્ન ધારાનું વેદન છે. અહીંયાં તદ્દન સાવ વેદન જુદું પડી ગયું છે. રાગ અને જ્ઞાન, સાવ એક મગની બે ફાડ થઈ જાય, દાળ જુદી પડી જાય એ રીતે જુદું પડી ગયું.

'અનુભવ પહેલા શું આવવું જોઈએ?' કે **'ભેદજ્ઞાનની ધારાનું કાર્ય આવવું જોઈએ. નિર્વિકલ્પદશાનું જે કારણ છે તે કારણ તેને...'** એટલે જીવને **'યથાર્થ થવું જોઈએ.'** નિર્વિકલ્પદશાનું જે કારણ છે. ક્યુ? ભેદજ્ઞાનની સતત ધારા, ભેદજ્ઞાનનું સાતત્ય, સતત ચાલવું એ અનુભવ પહેલાનું કાર્ય છે અને એ નિર્વિકલ્પદશાનું કારણ છે.

સમયસારની ૭૩ ગાથાની ટીકામાં એક વાત અમૃતચંદ્રાચાર્ય લખે છે કે જેમ વમળમાં ફસાયેલું વહાણ વમળમાં ઘૂમરી ખાય અને એ વમળમાંથી છૂટું પડે ત્યારે સ્થિરપણે પાણીની સપાટી ઉપર ચાલે. વમળ તમે જોયા છે? પાણીની ઘૂમરી હોય છે. એમાં જો વહાણ આવી જાય, ફોર્સમાં ગોળ... ગોળ... ગોળ ફરીને ડૂબી જાય. એમ આ આત્મા વિકલ્પના વમળમાં ફસાયેલો છે. એમાં જ ઘૂમરી ખાય છે વિકલ્પના (વમળમાં) એક પછી એક. પછી એમાંથી જ્યારે છૂટો થઈ જાય, ત્યારે સ્વરૂપ જે નિર્વિકલ્પ નિર્ણયમાં, લક્ષમાં, ભાવભાસનમાં આવ્યું છે એને અવલંબે છે સ્થિર થઈને. પછી વિકલ્પ ઈધર-ઉધર ભાગતો નથી એનું કારણ એ છે કે એ વહાણ ઉપરના પક્ષી જેવો વિકલ્પ છે. દરિયામાં વહાણ હોય અને એના ઉપર પક્ષી બેઠું હોય એ ઉડી ઉડીને ક્યાં જાય? પાણી ઉપર તો પક્ષી રહી ન શકે. ત્યાં કોઈ ઝાડ-પાન કે જમીન છે નહિ કે ત્યાં જઈને બેસે. એ ગમે ત્યારે ઉડીને પાછું વહાણ ઉપર આવે, ગમે ત્યારે ઉડીને પાછું વહાણ ઉપર આવે.

એમ સ્વરૂપનો મહિમા નિર્ણયથી એટલો ભાસ્યો છે કે ઉપયોગ ખેંચાઈ-ખેંચાઈને એ બાજુ આવે, ઉપયોગ ખેંચાઈ-ખેંચાઈને એ બાજુ આવે, છટકી-છટકીને આવે. ઉદયમાં જાય. ઉદયના કાર્યો ઉભા છે, ધારાવાહી ઉદય પણ ચાલુ છે તો ઉદયના કાર્યના ઉપયોગ જાય, પણ છટકી-છટકીને પાછો આવે. હું આ છું, હું આ છું,

હું આ છું ને. એમ વારંવાર છટકીને જાય.

એવું '**તે કારણ તેને યથાર્થ થવું જોઈએ. ત્યાર પહેલાં તે અભ્યાસ કર્યા કરે...**' એટલે એ પ્રયોગ ચાલુ જ રહે. અભ્યાસ એટલે વારંવાર સતત ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલુ રહે, કર્યા કરે. '**અને છૂટી જાય તો પાછો અભ્યાસ કરે.**' છૂટી જાય, જોર ઓછું હોય તો છૂટી જાય. વળી પાછો એ ચાલુ કરે, વળી પાછો ચાલુ કરે. એ રીતે અનુભવ પહેલા આ પ્રકારના પરિણામ આવવા જોઈએ.

એ અઢી લીટીમાં સંક્ષેપમાં જવાબ આપ્યો છે. જે નિર્ણય છે એમાં સ્વરૂપ લક્ષ થાય છે. અને સ્વરૂપનો મહિમા એટલો બધો ઉપડે છે કે એની ધૂન ચડી જાય, એની ધૂન ચડી જાય અને સ્વરૂપ બાજુના પુરુષાર્થના જોરનું વલણ ફાટંફાટ રહે. આગ લાગી હોય અને બંબાનું પાણી છાંટે એટલે ફોર્સથી આવે. આગ ક્યાં સુધી ટકી શકે? એમ વિકલ્પની આગ ઉપર બંબો ફાટ્યો હવે. હવે એ વિકલ્પની અશાંતિ અને આગ ટકી શકશે નહિ. એવો પુરુષાર્થ ફાટંફાટ ચાલે. એ પુરુષાર્થના પરાક્રમથી અનુભવ આવે છે. પહેલા શું આવવું જોઈએ? કે પહેલા આવા પ્રકારના પરિણામ આવે એટલે સહેજે સહેજે સ્વાનુભવની નિર્વિકલ્પદશા ઉત્પન્ન થાય છે કે જે ભવની અનંતતાના બીજને બાળી નાખે છે. એ ૧૧૫ થયો.

પ્રશ્ન-૧૧૬

પ્રશ્ન :- મારી ઉંમર પૂરી થવા આવી છે, તો ટૂંકામાં મારે આત્માનો અનુભવ કરવા શું કરવું જોઈએ તે કૃપા કરી સમજાવશો.

સમાધાન :- બધાને એક જ કરવાનું છે. આચાર્યદેવ કહે છે કે આબાળગોપાળ બધાને એક જ્ઞાયક આત્મા ઓળખવાનો છે તે એક જ કરવાનું છે. ઘણાં વર્ષો સાંભળ્યું છે, હવે બસ, એક જ્ઞાયક આત્માને ઓળખવો એ જ કરવાનું છે. જ્ઞાયક જુદો છે અને શરીર જુદું છે. વિભાવભાવ પોતાનો નથી; તેનાથી પોતે જુદો છે. આત્મા શાશ્વત છે, ઉંમર અને રોગાદિ બધું શરીરને લાગુ પડે છે. આત્માને કાંઈ લાગુ પડતું નથી-એમ આત્માને ઓળખવો કે આત્મા જ્ઞાયક છે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમાપૂર્વક અંતરમાં શુદ્ધાત્માને

ઓળખવાનો પ્રયત્ન કરવો. બધાંને આ એક જ કરવાનું છે. હું જ્ઞાયકદેવ ભગવાન આત્મા છું, મારા આત્મામાં બધું–સર્વસ્વ છે. હું અદ્‌ભુત, અનુપમ, આનંદથી ને જ્ઞાનથી ભરેલો છું, અનંત પ્રભુતાથી ભરેલો હું ચૈતન્ય છું. એક અદ્‌ભૂત તત્ત્વ હું છું. શરીરની ગમે તે અવસ્થાઓ થાય, તે હું નથી. હું તેનાથી જુદો અદ્‌ભુત શાશ્વત ચૈતન્ય છું.–આ રીતે આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો. ૧૧૬.

પ્રશ્ન ૧૧૬ ઉપર પ્રવચન

૧૧૬. '**પ્રશ્ન :- મારી ઉંમર પૂરી થવા આવી છે,...**' કોઈ મુમુક્ષુ વૃદ્ધ માણસે પૂછ્યો છે. '**તો ટૂંકામાં મારે આત્માનો અનુભવ કરવા શું કરવું જોઈએ તે કૃપા કરી સમજાવશો.**' સમ્યગ્દર્શન અને અનુભવનો મહિમા ગુરુદેવના વચનથી મુમુક્ષુઓને બુદ્ધિમાં સમજાયેલો એટલે સીધો અનુભવ મને આવે એમ માંગણી કરે. મને સીધો અનુભવ આવે એવું કાંઈક, જલ્દી થઈ જાય એવું કાંઈક સમજાવો. એવો પ્રશ્ન છે. એ પહેલા કેટલી તૈયારી કરવી પડે? એ તો તૈયારીમાં આવવું રહે છે. એમ ને એમ તો કાંઈ સીધો કોઈને અનુભવ આવતો નથી. પ્રશ્ન બધાના એક પ્રકારે આવતા હતા. અનુભવ અમને કેમ થાય? અનુભવ અમને કેમ થાય? એવા પ્રશ્ન આવતા. ગુરુદેવ પાસે પણ એવા પ્રશ્નો આવતા હતા, બહેનશ્રી પાસે પણ એવા બધા પ્રશ્નો આવતા હતા.

'**સમાધાન :- બધાને એક જ કરવાનું છે.**' જે કરવાનું છે એ તો એક જ પ્રકારે બધાને કરવાનું છે. કોઈને આમ કરવાનું અને કોઈને આમ કરવાનું એમ નથી. જે એનો ક્રમ છે એ ક્રમ-પ્રવેશ કરીને ભેદજ્ઞાનની ધારા સુધી પહોંચવાનું છે. જ્યાં સુધી બીજી બીજી રીતે પરિણામ ચાલે છે ત્યાં સુધી કામ થવાનું નથી. અનુભવ પદ્ધતિ છે. અનુભવ કરવો હોય તો કામની પદ્ધતિ પણ અનુભવ પદ્ધતિ છે. વિચાર અને વિકલ્પ પદ્ધતિ એનાથી અનુભવ નહિ આવે. અનુભવ લાવવા માટે અનુભવ પદ્ધતિએ કાર્ય ચાલવું જોઈએ.

'**બધાને એક જ કરવાનું છે. આચાર્યદેવ કહે છે કે આબાળગોપાળ બધાને**

એક જ્ઞાયક આત્મા ઓળખવાનો છે તે એક જ કરવાનું છે.' ઓળખાણ સુધી, ભાવભાસન સુધી પહોંચવાનું છે. કૃપાળુદેવે ૨૫૪માં છેલ્લું સ્ટેજ ભાવભાસનનું લીધું. પદાર્થ નિર્ણય. દઢ મોક્ષેચ્છા, ત્યાંથી શરૂ કર્યું હતું. દઢ મોક્ષેચ્છાથી નિજાવલોકન, અપક્ષપાતપણે પોતાના દોષનું જોવું એ બંનેથી, વેદનાથી તો વૈરાગ્ય ઉત્પન્ન થયો છે પણ પોતાના દોષ જોવાથી પણ વૈરાગ્ય વધે છે. એટલે આ લોકની અલ્પ પણ સુખેચ્છા એનો નિર્ણય બદલાવવો, અભિપ્રાય બદલાઈ જવો કે આ જગતમાં ક્યાંય સુખ નથી અને ક્યાંયથી સુખ લેવાનો મારે પુરુષાર્થ કરવાનો સવાલ ઊભો થતો નથી. પછી સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ અને આત્મસ્વરૂપનું ભાવભાસન. ત્યાં સુધી પહોંચવાનું છે. એ ક્રમનો જ પત્ર છે.

'બધાને એક જ્ઞાયક આત્મા ઓળખવાનો છે તે એક જ કરવાનું છે. ઘણાં વર્ષો સાંભળ્યું છે,...' ઉંમર પૂરી થવા આવી એટલે કહે છે, પૂછનારને તો એમ કહે છે કે તમે ઘણા વર્ષ સુધી સાંભળ્યું છે આ બધું. પરમાર્થની વાતો ચાલે છે અને તમે સાંભળી છે. **'હવે બસ, એક જ્ઞાયક આત્માને ઓળખવો એ જ કરવાનું છે.'** શાસ્ત્ર કહ્યા છે એ લક્ષ થવાના કારણથી કહ્યા છે. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' આપણે શાસ્ત્રાભ્યાસ કરીએ છીએ. અનુભવી મહાત્માઓના વચનો જેમાં છે અને અનુભવવાણી જેમાં રહેલી છે એનો અભ્યાસ કરીએ છીએ. પણ ઓળખવા માટે, નિર્ણય સુધી પહોંચવા માટે. ઓળખવા માટે પરિચય કરવો, પરિચય માટે નિજાવલોકન છે. અવલોકન છે એ પરિચયનો પ્રોસેસ છે. **'એક જ્ઞાયક આત્માને ઓળખવો એ જ કરવાનું છે. ઘણાં વર્ષો સાંભળ્યું છે, હવે બસ, એક જ્ઞાયક આત્માને ઓળખવો એ જ કરવાનું છે.'** ઓળખવા ઉપર એનું વજન ઘણું હતું. સ્ટાર્ટીંગમાં લગની લાગે, રુચિ ઉગ્ર થાય અને પોતાના સ્વરૂપને ઓળખવા સુધી પહોંચે. એ જ કરવાનું છે.

'જ્ઞાયક જુદો છે અને શરીર જુદું છે. વિભાવભાવ પોતાનો નથી;...' વિભાવભાવ પોતાનો નથી. **'તેનાથી પોતે જુદો છે.'** તેનાથી પોતે સાવ જુદો છે. સ્વરૂપ જ સાવ જુદું છે. એ બધા વિભાવ, શરીર ટેમ્પરરી છે. **'આત્મા શાશ્વત છે.'** અનાદિ-અનંત પોતે પોતાના સ્વરૂપે ફેરફાર થયા વિના રહે છે. **'ઉંમર અને રોગાદિ બધું શરીરને લાગુ પડે છે.'** પ્રશ્ન અહીંયાં પૂછ્યોને મારી ઉંમર થવા આવી છે. ઉંમર થવા આવી છે એ તું નથી. એ સોગાનીજી પણ લખે છે કે મૃત્યુ આવે એ પહેલા પોતાની તૈયારી થઈ જવી જોઈએ. મૃત્યુ આવવાનું નિશ્ચિત છે અને એનો સમય અનિશ્ચિત છે ખબર નથી એટલે. આમ નિશ્ચિત છે પણ પોતાને ખબર નથી એટલે

સમજણમાં અનિશ્ચિત છે. તૈયારી શું થવી જોઈએ? કે હું અહીંયાં હોવ કે ગમે ત્યાં હોવ, મારું ભેદજ્ઞાન મને ચાલવું જોઈએ. નિર્વિકલ્પદશા તો આપોઆપ છે ભેદજ્ઞાનના ફળસ્વરૂપે. પણ મારું કામ ગમે તે ક્ષેત્રમાં, ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય, મારું કામ સતત ચાલવું જોઈએ. એ પ્રકારે પૂર્વ તૈયારી બરાબર થઈ જવી જોઈએ. પછી મૃત્યુની ફિકર નથી. આ ક્ષેત્ર છૂટી જશે.

આ આત્મા આ ક્ષેત્રનો ત્યાગ કરીને અન્ય ક્ષેત્રને ગ્રહણ કરશે. ચૌદ બ્રહ્માંડમાં ક્યાંય બીજે ત્રસનાડી સિવાય તો બીજે ક્યાંય અમસ્તું જવાનું નથી. બ્રહ્માંડ તો મોટું છે. એમાં ૪૫ લાખ યોજનની ત્રસનાડી છે. ત્યાં બધા ત્રસ જીવો હોય છે અને ત્રણે લોક એમાં છે. મનુષ્યલોક પણ એટલામાં છે ૪૫ લાખ યોજનમાં, સિદ્ધશિલા પણ ૪૫ લાખ યોજનમાં છે. બધા દેવલોક ૧૬ સ્વર્ગ અને પાંચ અનુત્તર વિમાન પણ ઉપર ઈ બાજુ છે. સાત નરક પણ એ ૪૫ લાખ યોજનમાં છે. એક પટ્ટો જ છે વચ્ચે. જે કમરનો ભાગ છે એ ૪૫ લાખ યોજન છે. અને ઉપર સિદ્ધાલયની સિદ્ધશીલા છે એ ૪૫ લાખ યોજનની. પેરેલલ જે પટ્ટો છે એને ત્રસનાડી કહે છે. ત્રસ જીવો એટલે હાલતા-ચાલતા ગતિ કરતા જીવો એની અંદર હોય છે.

આ જીવ તો ત્રસ જીવમાં તો આવી જ ગયો છે. ગમે તે બીજું ક્ષેત્ર ધારણ કરશે. અહીંયાં આયુષ્ય પૂરું થશે એટલે બીજું ક્ષેત્ર ધારણ કરશે. આ ક્ષેત્રનો ત્યાગ કરશે. કોઈ જીવ તો એ ક્ષેત્રે પણ ઉત્પન્ન થાય, પણ ગમે તે ક્ષેત્રમાં, મારે તો એક જ કામ કરવાનું છે. મારે ક્ષેત્ર સાથે મતલબ નથી. અહીંયાં રહું કે ત્યાં રહું, ગમે ત્યાં રહું હું મારું કામ ચાલુ રાખીશ. કામ થઈ જાય તો બલિહારી છે, નહિતર ભાવના તો એની થઈ જવી જોઈએ. ભાવના હશે તો ભાવના ફળશે. ભાવના રહી ગઈ હશે તો ભાવના ફળશે. ભાવના ન છૂટવી જોઈએ. પુરુષાર્થ કરીને, ભાવનાથી પુરુષાર્થ કરીને કામ કરી લ્યે તો મોટી વાત છે. ભાવના તો લઈને જ જવું જોઈએ.

'**આત્મા શાશ્વત છે,...**' એટલે પોતે શાશ્વત છે. '**ઉંમર અને રોગાદિ બધું શરીરને લાગુ પડે છે. આત્માને કાંઈ લાગુ પડતું નથી-એમ આત્માને ઓળખવો કે આત્મા જ્ઞાયક છે.**' આત્માને એ રીતે ઓળખી લેવો જ્ઞાયકસ્વરૂપે, જ્ઞાનસ્વભાવી આત્માને ઓળખવો. '**દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમાપૂર્વક અંતરમાં શુદ્ધાત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો.**'

મુમુક્ષુ :- ભક્તિ લઈ આવ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- બહેનશ્રી તો .. લેવાના. દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા એ સાથે ને સાથે રાખવો. નહિતર તારું અધ્યાત્મ છે એ શુષ્ક થઈ જશે. અધ્યાત્મનો વ્યામોહ

થઈ જશે. ભક્તિ વિનાનો, મહિમા વિનાનો, ઉપકારબુદ્ધિ વિનાનો આત્માનો વિચાર એ એકલું અધ્યાત્મ છે—કોરું અધ્યાત્મ છે. હજી અહીંયાં ભિન્નતા આવી ન હોય અને ગુરુ પરદ્રવ્ય છે, ભગવાન પરદ્રવ્ય છે એમ બોલવા મંડી જાય. અહીંયાં હજી ભેદજ્ઞાન ચાલતું પણ ન હોય. હજી વિકલ્પમાં અને રાગમાં અને અનુકૂળતા અને પ્રતિકૂળતામાં ઊંચો-નીચો થઈ જાતો હોય અને એકલું અધ્યાત્મ આવે ત્યાં પછી દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે એમ કરવા લાગે. એ બધી ઉન્મત્ત પ્રલાપતા કહી છે. કાલે આપણે વાંચ્યુંને, ... ઉન્મત્ત પ્રલાપતા.

એવું થયું હતું. એક મુમુક્ષુ આવ્યા હતા ઈંદોરથી, સૂર્યકીર્તિ ભગવાનની સ્થાપના વખતે. ગુરુદેવના ઉપદેશની તો બધાને ખબર છે, સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતાની, એટલે કહે તમે આ બધું મૂર્તિની સ્થાપના અને આ બધા શું કરવા ઉપાડો લ્યો છો? એ તો બધું પરદ્રવ્ય છે. તમારે તો અહીંયાં બધું પરદ્રવ્ય તરીકે ચાલે છે. મેં કીધું, ફેર છે. આપકો માલૂમ નહીં. વહ તો અધ્યાત્મકા વ્યામોહ હૈ. ચમક્યા. ભક્તિ તો હોની હી ચાહિયે.

મુમુક્ષુ :- આપે કીધું?

પૂજ્ય ભાઈશ્રી :- હા કહ્યું હતું. એ લોકોને ફેસ તો મારે કરવાના હતા. ભગવાન અને મંદિર અને સ્થાપના આ બધું શું? આ તો બધું પરદ્રવ્ય છે. કીધું નહિ હોં! એવું નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની અહીંયાં મહિમા છે. નહિતર અધ્યાત્મનો વ્યામોહ થઈ જાય. અધ્યાત્મ અહીંયાં ચાલે છે, પણ અધ્યાત્મનો વ્યામોહ નથી ચલાવવો. અધ્યાત્મનો વ્યામોહ? ઈસકા ભી વ્યામોહ હોતા હૈ? કીધું હા, એનો પણ વ્યામોહ થઈ જાય છે.

મુમુક્ષુ :- કુટુંબના વિચાર-વિકલ્પ ચાલે છે કે નથી ચાલતા?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં તને હજી કુટુંબમાં મારાપણું છે, શરીરમાં મારાપણું છે. ત્યાં પરદ્રવ્ય કરને પહેલા. ત્યાં પરદ્રવ્ય થતું નથી. ત્યાં તો પાડોશીને જુદો પાડે છે. આ મારા છોકરા જુદાં, પાડોશીના છોકરા જુદાં. ત્યાં તો એમ થઈ જાય છે.

'દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમાપૂર્વક અંતરમાં શુદ્ધાત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો.' એટલે શું છે કે તું જ્યારે પ્રયત્ન કર ત્યારે તને દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા અને ઉપકારબુદ્ધિ સાથે સાથે હોવી ઘટે છે. એ એના કો-ઓર્ડિનેશન થયેલા પરિણામ છે. **'મારા આત્મામાં બધું-સર્વસ્વ છે.'** સ્વરૂપ મહિમા કરે છે હવે કે **'મારા આત્મામાં બધું-સર્વસ્વ છે. હું અદ્‌ભુત, અનુપમ આનંદથી ને જ્ઞાનથી ભરેલો છું,...'** ભાવભાસનમાં આવ્યુંને? **'અનંત પ્રભુતાથી...'** એટલે અનંત સામર્થ્યથી **'ભરેલો હું ચૈતન્ય છું, એક અદ્‌ભુત તત્વ હું છું. શરીરની ગમે તે અવસ્થાઓ થાય, તે હું નથી. હું તેનાથી જુદો**

અદ્‌ભુત શાશ્વત ચૈતન્ય છું.-આ રીતે આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો.' જોઈએ અને એ ઓળખાય ત્યારે આ રીતે સ્વરૂપનો મહિમા આવવો જોઈએ. ઓળખવાનું લક્ષણ જ એ છે મોટું. મહિમા કરવો પડે નહિ, મહિમા આવ્યા વિના રહે નહિ. અરે! મહિમા છોડ્યો છૂટે નહિ. એવો પોતે અદ્‌ભુત અને અનુપમ સ્વરૂપે છે કે એનો મહિમા છોડ્યો છૂટે નહિ. એ મહિમા અનુભવ લઈને વૃદ્ધિગત થાય. અનુભવ લઈને છૂટે એમ નહિ. એ મહિમાનો જ એક તબક્કો અનુભવ પોતે છે. અનુભવ એટલે સ્વરૂપ મહિમાની એક ચરમસીમાની પર્યાય છે. એમ અત્યંત-અત્યંત મહિમા આવતા... આવતા... આવતા... એકાકાર થઈ ગયો. એનું નામ મહિમા છે. સમ્યગ્દર્શન એ પણ સ્વરૂપ મહિમા છે, સ્વાનુભવ પણ એક સ્વરૂપ મહિમાનો જ પર્યાય છે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૧૧૭

પ્રશ્ન :- આપને તો નાળિયેરના ગોળાની જેમ ચૈતન્ય ગોળો છૂટો પડી ગયો છે અને અમને તો એકત્વબુદ્ધિ થઇ રહી છે તેનું શું કરવું?

સમાધાન :- છૂટા પડવાનો પ્રયત્ન કરવો. બધાંને એક જ કરવાનું છે- ન્યારા થવાનો પ્રયત્ન કરવો. ન્યારાની રુચિ હોય તો ન્યારા થવાનો પ્રયત્ન કરવો. ન્યારો જે આત્મા છે તેમાં જ્ઞાન આનંદ છે. પર સાથે એકતાબુદ્ધિ હોય તો ન્યારા થવાની રુચિ કરવી, ન્યારા થવાનો પ્રયત્ન કરવો. આ એક જ કરવાનું છે. પોતે જ એકત્વબુદ્ધિ કરી રહ્યો છે ને ન્યારો પણ પોતે જ થઇ શકે છે. જન્મ-મરણ કરનારો પોતે જ છે, ને મોક્ષ જનારો પણ પોતે જ છે. પોતે સ્વતંત્ર છે. અનાદિના બહારના અભ્યાસમાં પોતે ક્યાંક ને ક્યાંક રોકાઈ ગયો છે, જો ચૈતન્યનો ગાઢ અભ્યાસ કરે તો છૂટા પડ્યા વગર રહેતો નથી.

પરનું કર્તૃત્વ સહજ થઇ ગયું છે અને પોતે આત્મા હોવા છતાં પોતાનું કાર્ય કરવું દુષ્કર થઇ ગયું છે, તે બીજું કોણ કરે? પોતે સહજ કરવાનો પ્રયત્ન કરે તો થાય. ૧૧૭.

તા. ૨૨-૧-૧૯૯૭, પ્રશ્ન-૧૧૭,૧૧૮
પ્રવચન નં. ૭૭

સ્વાનુભૂતિદર્શન પાનું-૮૬, ૧૧૭મો પ્રશ્ન છે. '**પ્રશ્ન :- આપને તો નાળિયેરના ગોળાની જેમ ચૈતન્ય ગોળો છૂટો પડી ગયો છે અને અમને તો એકત્વબુદ્ધિ થઈ રહી છે તેનું શું કરવું?**' નાળિયેરની અંદર પાણી સુકાય તો એ કાચલીથી ગોળો સંકોચાય. ટોપરું છે, પાણી સુકાય એટલે સંકોચાય. કાચલી સાથે ચોંટેલું પડ છે એ છૂટું પડી જાય. અવાજથી ખ્યાલ આવે કે ગોળો છૂટો છે. એમ આત્મજ્ઞાની ધર્માત્માને દેહથી પોતાનો આત્મા ભિન્ન અનુભવગોચર થાય છે. દેહનું ખોખું જુદું છે, અંદર મારો ચૈતન્યપિંડ તદ્દન જુદો છે એમ સ્પષ્ટ અનુભવગોચર થાય છે. મુમુક્ષુજીવે શું કરવું? એ પ્રશ્ન છે. પ્રશ્ન એટલા માટે છે કે એ પણ એમ ચાહે છે કે મારી પણ આવી દશા થાય.

'**સમાધાન :- છૂટા પડવાનો પ્રયત્ન કરવો.**' મુમુક્ષુ છે એનું બીજું નામ પ્રયત્નદશા છે. મુમુક્ષુ છે એ છૂટા પડવાના પ્રયત્નમાં લાગેલો રહે તો તે મુમુક્ષુ છે. એમ ને એમ બફમમાં જીવન ચાલ્યું જાય શુભાશુભ પરિણામમાં એ મુમુક્ષુતા નથી. પ્રયત્ન અંદર હોવો જોઈએ. અને અશાતાવેદનીય તો અવાર-નવાર આવે છે. શાતામાં ખબર નહિ પડે એવી, પણ અશાતામાં તો જો પ્રયત્ન નહિ કરે તો દુઃખી-દુઃખી થઈ જશે. દુઃખ મટાડવા માટે પણ, દુઃખથી છૂટવા માટે પણ આ પ્રયત્ન કરવા જેવો છે. નહિતર એક અંશ અશાતાથી માંડીને અશાતાની ડિગ્રી એટલી બધી છે કે જેને કહી શકાય નહિ અને સહી શકાય નહિ. એવી અશાતા અનિવાર્યપણે જીવને ભોગવવી જ પડશે. જો ભેદજ્ઞાન કરીને છૂટો નહિ પડે, દેહથી ભિન્ન આત્માનો અનુભવ નહિ કરે તો અસહ્ય અને અકથ્ય દુઃખો ભોગવવા પડશે એ નિશ્ચિત વાત છે. એ વાત

નક્કી છે કે ભોગવવા જ પડશે. માટે અત્યારે જ આ ક્ષણથી જ પ્રયત્ન ચાલુ કરી દેવો જોઈએ.

'**છૂટા પડવાનો પ્રયત્ન કરવો. બધાંને એક જ કરવાનું છે-**' કોઈને પણ. કાયદો તો બધાને એકસરખો લાગુ પડે છે. એમાં કોઈને માટે કાંઈ બીજો વિકલ્પ છે એવું નથી. '**ન્યારા થવાનો પ્રયત્ન કરવો. ન્યારાની રુચિ હોય તો ન્યારા થવાનો પ્રયત્ન કરવો.**' પુરુષાર્થ રુચિને અનુસરે છે અને રુચિ જરૂરિયાતનો વિષય છે. રુચિ છે એ જરૂરિયાતને કારણે છે. એટલે મૂળમાં ન્યારાની રુચિ હોય એટલે જુદાંપણાની જરૂરત લાગે તો જુદાં થવાનો પ્રયત્ન કરવો અથવા થાય. લોકસંજ્ઞા જીવને મોટી છે. પોતે પોતાને એક પ્રશ્ન પૂછી લેવા જેવો છે કે તારે બધાથી જુદાં પડવું છે કે તારે બધાની સાથે રહેવું છે? અહીં તો દેહથી છૂટા પડવાની વાત છે. હજી તો બીજાના સંગથી છૂટા પડવાનું આકરું પડે છે.

(એક) પ્રશ્ન આવતો હતો. ખાસ કરીને હિન્દીભાષી ક્ષેત્રમાં એ વખતે એ પ્રશ્ન વધારે આવતો હતો. ક્યા કરે? સમાજકે બીચમેં રહના હૈ, સમાજકે સાથ રહના હૈ. સૂર્યકીર્તિ ભગવાનની સ્થાપનાનું હતું ને ત્યારે વધારે એ વાત આવતી હતી. ક્યા કરે હમ? સમાજકે સાથ રહના હૈ, સમાજકે બીચમેં રહના હૈ. અહીં કહે છે, સમાજ નહિ, દેહથી ભિન્ન રહેવાની વાત છે. સમાજ તો બહુ આઘો છે, દેહથી ભિન્ન રહેવાની વાત છે.

'**ન્યારાની રુચિ હોય...**' તને જુદાંપણાની રુચિ થઈ છે? જરૂરિયાત લાગી છે કે મારે જુદાં થઈ જવું છે? હું જુદો પડવા ઈચ્છું છું, દેહથી પણ જુદો પડવા ઈચ્છું છું. તો એનો પ્રયત્ન થશે. '**ન્યારો જે આત્મા છે તેમાં જ્ઞાન આનંદ છે.**' ભિન્ન છે એમાં જ્ઞાન આનંદ છે. સ્વરૂપે ભિન્ન છે અને એમાં જ્ઞાન અને એમાં આનંદ રહેલા છે. એ ભિન્નતાને ભૂલ્યો છે. છે ભિન્ન, ભિન્નતાને ભૂલ્યો છે એટલે દુઃખી થાય છે. ભિન્નતાને ભૂલીને અનેકવિધ સંબંધ જોડ્યા, કલ્પ્યા, ઊભા કર્યા અને એમાં ગૂંચવાણો. આ દશા છે. '**ન્યારો જે આત્મા છે તેમાં જ્ઞાન આનંદ છે.**' ભિન્ન આત્મામાં જ્ઞાન અને આનંદ રહેલા છે એ વસ્તુસ્થિતિ છે. આત્મા ભિન્ન પણ છે અને જ્ઞાન અને આનંદ પણ એની અંદર છે. અને ભિન્ન પડે તો જ્ઞાન અને આનંદનો અનુભવ થાય, નહિતર સંબંધ જોડી જોડીને આકુળતા કરી. સંબંધ જોડી જોડીને આકુળતા કરી.

'**પર સાથે એકતાબુદ્ધિ હોય તો ન્યારા થવાની રુચિ કરવી, ન્યારા થવાનો પ્રયત્ન કરવો. આ એક જ કરવાનું છે.**' સ્પષ્ટ ગાઈડ લાઈન છે કે આપને ભિન્ન

પડી ગયું અમારે શું કરવું? કે તને એકતાબુદ્ધિ છે. અમને તો એકત્વબુદ્ધિ થઈ રહી છે એમ પ્રશ્નમાં છેને. એકત્વબુદ્ધિ હોય તો જુદાં થવાની પહેલા રુચિ કરવી. જુદાં પડવાની તને જરૂરિયાત લાગવી જોઈએ. બધાની સાથે રહેવું છે એમ નહિ, દેહની સાથે રહેવું છે એમ નહિ, મારે તો જુદું પડવું છે. મારી આ જરૂરિયાત છે કે મારે જુદું પડવું છે.

મુમુક્ષુની ભૂમિકામાં પ્રવેશ કરેને ત્યારથી સંબંધ કાપતો જાય. પ્રવેશ બરાબર કરેને ત્યારે એને ખ્યાલ આવે કે આ જેટલા સંબંધ છેને એટલું નુકસાનનું નિમિત્ત છે મને. જેટલા સંબંધ વધારે છે એટલું વધારે નુકસાનનું નિમિત્ત છે અને જેટલા છે એ હવે વધારવાનો તો પ્રશ્ન છે જ નહિ. કટ ઑફ (કરો), કાપતા જાવ... કાપતા જાવ... કાપતા જાવ. ભલે સંબંધીઓ એમ કહે કે આ એકલહુડા થઈ ગયા, આ કોઈની સાથે સંબંધ રાખતા નથી. ડિસ્ક્રેડિટ આપશે. થોડુંક ખરાબ બોલશે. બોલવા દ્યો. એ નિંદાથી અકળાવું નહિ અને એ નિંદા ખરાબ લાગવી ન જોઈએ. આપણી છાપ બગડી જશે, સંબંધીઓમાં આપણી છાપ બગડી જશે. ભલે બગડે. કેમ રાખવું? ભલે બગડે એમ રાખવું. પછી તો છાપેલ કાટલુ થઈ જશે કે ભાઈ આ તો કોઈની સાથે કાંઈ ભળે એવા છે નહિ. બહુ સારું, અમે તો આવા જ છીએ, અમે તો એવા જ છીએ. એટલી જરૂરિયાતપૂર્વક તૈયારી લાગવી જોઈએ.

મુમુક્ષુ :- પરિભ્રમણમાંથી કોઈ છોડાવા નથી આવવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ છોડાવા નહિ આવે. કોઈ સંબંધીઓ પરિભ્રમણના અકથ્ય દુઃખોમાંથી, અસહ્ય દુઃખોમાંથી કોઈ છોડાવા નહિ આવે. જેની તેં સેહશરમ રાખી હશે એ બધા તને પરિભ્રમણ કરવામાં સહાયક થશે. મૂકાવા માટે કોઈ આવશે નહિ. ભ્રમણા એવી થાય છે કે જીવ પોતાનો સ્વાર્થ નથી સમજી શકતો કે હું કેમ દુઃખી થઈશ અને હું કેમ સુખી થઈશ? એ નથી સમજી શકતો.

મુમુક્ષુ :- સોગાનીજીને ઔર ભી અચ્છા લિયા હૈ. જિનકો સત્સંગીઓંકા સંગ ભી નહીં રુચતા ઉનકો અસત્સંગીઓંકા સંગ કહાં સે રુચેગા?

પૂજ્ય ભાઈશ્રી :- કુટુંબીઓકા સંગ કહાં સે રુચેગા? પત્રમાં એમ લખ્યું છે. શું થયું? કે જે એમને પત્ર લખતા હતા સોનગઢથી, એ વારંવાર એમ લખતા હતા કે ગુરુદેવનો આવો સત્સંગ છે અને તમે જલ્દી સોનગઢ આવો, સોનગઢ રહો. ત્યાં કુટુંબની સાથે શું કરવા પડ્યા છો? 'કાલ સો કુટુંબકાજ લોકલાજ લારસી.' બનારસીદાસે ગાયુંને. કુટુંબના કાર્યો કાળ જેવા લાગે અને લોકની લાજ મોઢાની લાળ જેવી લાગે. ત્યારે એમણે જવાબ લખ્યો છે કે ભાઈ! મને તો સત્સંગીઓનો સંગ રુચતો નથી,

તો મને કુટુંબીઓનો સંગ રુચતો હશે એવી તમે કલ્પના કેમ કરો છો? હું તો અહીંના સત્સંગીઓ સાથે પણ બેસતો નથી. કલકત્તામાં પહેલા એ સ્વાધ્યાય આપતા હતા શરૂ શરૂમાં. ગયાને? મંદિરમાં બેસે તો પોતે સ્વાધ્યાય કરાવતા હતા. બધાને અનુકૂળ ન પડ્યું. કેમકે લેવલ જુદું હતું જરા એમનું. સાંભળનારનું લેવલ અને એમનું લેવલ જરા જુદું હતું. એટલે વાતમાં અંતર રહેતું હતું. ઓલા લોકો નિષેધ કરતા હતા, અણગમો કરતા હતા. એટલે છોડી દીધું. પછી એકલા હાથે જ કામ કર્યું છે ઘણા વર્ષો સુધી. છેલ્લે-છેલ્લે દેહાંત થયો એ પહેલા ૪૦ દિવસ સ્વાધ્યાય કરેલો. પણ એ વખતે તો થોડી પ્રસિદ્ધિ આવી ગઈ હતી. ભાઈ! આપણે અહીંયાં સાંભળતા નથી, પણ બહાર બધા એની પાછળ દોડાદોડી કરે છે. અમને અહીંયાં ગામમાં કિંમત નથી. બહારવાળા મૂકતા નથી, એમને છોડતા નથી. મુંબઈ જાય બિઝનેસના અર્થે. આખો દિવસ તો એ બિઝનેસમાં હોય. રાત્રે બધા પહોંચે. ૧૧-૧૨ વાગ્યા સુધી મૂકે નહિ. ચર્ચા ચાલે.

આપણે અહીં (એક મુમુક્ષુ) આવે છેને, એ મલાડથી ફોર્ટમાં જાય રાત્રે. એ ઉતરતા હતા ફોર્ટમાં, એમના કોઈ આડતિયાની પેઢીમાં ઉતરતા હતા. મલાડથી ફોર્ટમાં જાય. એ ૧૧-૧૨ વાગે છૂટે પછી મલાડ આવે રાતના ૧૨-૧૨ વાગે. કહેતા હતા, અમે જતા હતા. એ વાત થોડી બહાર આવી એટલે પછી કલકત્તાવાળા સ્વાધ્યાય ગોઠવતા છેલ્લા દિવસોમાં. પણ એ કહે, મને તો સત્સંગીઓનો સંગ (ગમતો નથી). એ એકલા... એકલા... એકલા... પુરુષાર્થ એટલો છૂટા પડીને કરી નાખ્યો કે હવે આ બધાના લેવલમાં આપણને કાંઈ જામે એવું નથી. ફાલતુ ચર્ચા, અપ્રયોજનભૂતની ચર્ચા. એટલે પછી પોતાને તો એ વાત ગમે નહિ. એકલા પડીને કામ કરતા હતા. એનો અર્થ એમ નથી લેવાનો કે એમને સત્સંગ નહોતો ગમતો. મનમેળાપી સત્સંગ એમને બહુ ગમતો હતો. સોનગઢ આવે તો પહેલા મને યાદ કરે એટલે આ લોકો મને કહે કે આવતાવેંત પહેલા એમના મોઢામાં તમારું નામ હોય છે કે ક્યાં છે? ક્યારે આવવાના છે? એમ પુછે સીધું. મનમેળાપી સત્સંગ બહુ ગમતો. રાતના બાર, એક, બે વાગ્યા સુધી સત્સંગ ચાલતો હોય. એ થોડા દિવસો રોકાવાના હોય.

શું કહે છે? કે '**ન્યારા થવાની રુચિ કરવી.**' ક્યાંથી કીધું? અહીંથી તૈયારી કરી લેવી. '**ન્યારા થવાની રુચિ કરવી, ન્યારા થવાનો પ્રયત્ન કરવો. આ એક જ કરવાનું છે.**' અને ઈ એક જ કરવાનું છે. '**પોતે જ એકત્વબુદ્ધિ કરી રહ્યો છે...**' શરીર સાથે અને રાગ સાથે એકત્વબુદ્ધિ કરી રહ્યો છે. અભિપ્રાય પોતાનો છે એકપણાનો. બુદ્ધિ એટલે અભિપ્રાય. અભિપ્રાય પોતાનો છે. '**પોતે જ એકત્વબુદ્ધિ કરી રહ્યો**

છે અને ન્યારો પણ પોતે જ થઈ શકે છે.' ભૂલ પોતે કરી છે, ભૂલ પોતાને સુધારવાની છે.

'જન્મ-મરણ કરનારો પોતે જ છે, ને મોક્ષ જનારો પણ પોતે જ છે.' પરિભ્રમણ પણ પોતે ઊભું કરે છે. કોઈ બીજાની ભૂલથી પરિભ્રમણ નથી, પોતાની ભૂલે પરિભ્રમણ છે. મોક્ષ પણ પોતે પુરુષાર્થથી કરશે. **'પોતે સ્વતંત્ર છે.'** બંને કાર્ય માટે પોતે સ્વતંત્ર છે. પરિભ્રમણના ભાવ માટે સ્વતંત્ર છે, મોક્ષ જવા માટે પણ સ્વતંત્ર છે. તું તપાસ કર. તને અંદરમાં તારા પરિણામ કરતા કોણ રોકે છે? ગમે ઈ બાજુના. કોઈ તને પરિણામ કરાવે છે? કે ના. કોઈ તને તારા પરિણામ કરાવતું નથી. તું સ્વતંત્ર પરિણામ કરે છો અવળા કે સવળા. અંદરમાં કોઈની પહોંચ નથી, પરિણામમાં અંદરમાં કોઈની પહોંચ નથી. એ તો સ્વતંત્ર કાર્ય કરી શકે છે. બહારમાં કોઈ બાધા પહોંચાડે, બાહ્ય પ્રવૃત્તિમાં કોઈ બાધા પહોંચાડે એટલે શું? કે બાધા પહોંચાડવાનો એનો ભાવ હોય અને અહીંયાં પુણ્ય યોગ ન હોય તો બાધા પહોંચે. ત્યારે એમ કહેવાય કે એણે બાધા પહોંચાડી. પણ એ બધું બહારનું બહાર છે. અંદરમાં કોઈ બાધા પહોંચાડી શકે એવી કોઈની પહોંચ નથી.

'પોતે સ્વતંત્ર છે. અનાદિના બહારના અભ્યાસમાં પોતે ક્યાંક ને ક્યાંક રોકાઈ ગયો છે,...' બહારનો અભ્યાસ એટલે શું? ઊંધી પ્રેક્ટિસ, ઊલટી પ્રેક્ટિસ. અભ્યાસ એટલે પ્રયોગાભ્યાસ લેવો. બહેનશ્રી અભ્યાસ શબ્દ પ્રયોગાભ્યાસ (માટે કરતા). ઊંધા પ્રયોગમાં પોતે રોકાયેલો છે. ઊંધા અભિપ્રાય, ઊંધા પરિણામ અને ઊંધો પ્રયોગ. બધી ગાડી ઊંધી ચાલે છે એટલે પરિભ્રમણ થાય છે. **'અનાદિના બહારના અભ્યાસમાં પોતે ક્યાંક ને ક્યાંક રોકાઈ ગયો છે,...'** ક્યાંકને ક્યાંક રોકાયેલો છે. કોઈને આ નિમિત્ત અને કોઈને તે નિમિત્ત. ગમે તે બહાનું છે. ઉદય તો રહેવાનો જ છે. ઉદય વિનાનો તો સંસારમાં કોઈ જીવ નથી. જીવ ઉદયનું બહાનું પકડે છે. શું કરીએ? મારે આવો ઉદય છે એટલે અમારે પ્રતિકૂળતાઓ છે, નહિતર અમારે કામ તો ઘણું કરવું છે પણ થતું નથી. ખોટી વાત છે.

કૃપાળુદેવ લખે છે, છૂટનારને કોઈ બાંધનાર નથી. જગતમાં એવી કોઈની શક્તિ નથી, એવી કોઈની તાકાત નથી કે છૂટવું હોય એને કોઈ બાંધી શકે. એ વાત છે નહિ. છૂટનારને કોઈ બાંધનાર નથી. પોતે ક્યાંક ને ક્યાંક રોકાઈ ગયો છે ઈ પોતાની મેળે રોકાઈ ગયો છે. પોતાની રુચિથી રોકાઈ ગયો છે. પોતાને એવી જરૂર લાગે છે એટલે રોકાઈ ગયો છે એમ છે. કોઈ એને રોકતું નથી. કોઈ એમ કહે કે ના ના ભાઈ અમને તો રોકે છે. અમારા ઘરમાં ફલાણા રોકે છે... ફલાણા રોકે છે...

ફલાણા રોકે છે. તો કહે, એ બહારથી. અંદરના પરિણામને કોણ રોકે? કોઈ રોકી શકે નહિ. બહારમાં રોકવું, નહિ રોકવું એ તો પુણ્ય-પાપ આધીન છે. એના ભાવ કે એના અભિપ્રાયને આધીન નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વાસ્તવિક રીતે રોકતો નથી, પોતાને રુચિ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો એટેચમેન્ટ તો પોતાનું છે. જે કાંઈ લગવાડ છેને એ પોતાને કારણે છે. પોતાને એમ લાગે છે કે આમ કરવું જોઈએ અને આમ ન કરવું જોઈએ... આમ કરવું જોઈએ અને આમ ન કરવું જોઈએ. એ પોતાને લાગે છે. સામાને તો માનો કે લાગે કોઈને. જેને એટેચમેન્ટ હોય એને સામાને લાગવાનું છે, લગવાડ હોય એને. પણ એ એક વખત લાગશે. પછી જ્યાં એને ખબર પડી કે આને કાંઈ પડી નથી એટલે એ પણ એનો રસ્તો પકડશે. બહુ તો શરૂઆતમાં થોડું ઠઠડ થાય લગવાડ હોય એટલે, લગાવ હોય એટલે. એ શરૂઆતમાં એકાદ વખત, બે વખત, ત્રણ વખત (થાય, પછી) પતી ગયું. પછી એ વાત છૂટી જાય છે. પણ એને આમ થાશે. થઈ રહ્યું, એ તને થાય છે. ક્યાં તકલીફ થાય છે? કે હું આમ કરીશ તો એને આમ થશે. એ એને એમ થશે એ એવું તને થાય છે. એ તને રોકે છે, બીજું કાંઈ કારણ નથી. એને આમ થશે એમાં તને થઈ ગયું એ તને ખબર નથી પડતી કે તને શું થઈ ગયું ઈ? ના, ના. સાચે એને એવું થાય છે. તને એનું શું છે પણ? તને એમ કેમ થાય છે એ બાબતમાં? એને એમ થાય છે એવું તને શું કરવા થાય છે? તપાસવાનું એ છે. એને થાય છે તે એના કારણે અને તને થાય છે તે તારા કારણે. આમ છે. મારા કારણે થાય છે એ વાત ખોટી છે અને એના કારણે મને થાય છે એ વાત ખોટી. એ ભ્રમ છે જીવનો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અંદર ક્યો અભિપ્રાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- એકત્વબુદ્ધિનો.

મુમુક્ષુ :- પોતાપણાનો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાપણાનો. એ પોતાપણું અજ્ઞાન છે, પોતાપણું મિથ્યાત્વ છે, એ પોતાપણું સંસાર છે અને એ પોતાપણું સંસાર પરિભ્રમણનું કારણ છે. એને હળવેથી લેવા જેવું નથી—લાઈટલી લેવા જેવું નથી. પોતાપણાનો ભરડો છે. જેમ કોઈ અજગરે ભરડો લીધો હોયને એવો એને અજગરનો ભરડો દેખવા જેવો છે. વિકાર એ જ સંસાર છે, એ જ જન્મ-મરણ છે, એ જ નરક-નિગોદમાં જવાનું કારણ છે. અને એ જ્યાં પોતાપણું મૂક્યું ત્યાં એ બધું કરી ચૂક્યો. યમ, નિયમ, શાસ્ત્ર સ્વાધ્યાય બધું કરી ચૂક્યો. એમ લીધું છે. જપ, યાત્રા, દાન બધું કરી ચૂક્યો.

૫૩૭માં એ વિષય બહુ સરસ લીધો છે.

કૃપાળુદેવે કુટુંબ પરિગ્રહના, કુટુંબ અને પરિગ્રહ ઉપરના પોતાના પ્રતિબંધ ઉપર બહુ સારા પ્રહારો કર્યા છે. બહુ સારું માર્ગદર્શન આપ્યું છે. ઘણું સારું માર્ગદર્શન. એ હળવાશથી લેવા જેવું નથી. અને પોતાપણું થાય અને પોતાપણું જીવ કરે ત્યારે હું ભયંકર અપરાધ કરી રહ્યો છું એમ વિચારવું. એમ સાવધાન થઈ જવું અને એમ જાગૃત થઈ જવું કે આ હું એક ભયંકર અપરાધ કરી રહ્યો છું.

મુમુક્ષુ :- જ્ઞાનીઓએ એમ કીધું કે સાતમી નરકની વેદના અમને સંમત છે પણ આ સંમત નથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંમત છે, આ અમને સંમત નથી. કેટલી ભયંકરતા ભાસી હશે. સાતમી નરકની તમતમાપ્રભા પૃથ્વીની વેદના અમને સંમત છે, પણ આ મિથ્યાત્વમોહનીય, આ પોતાપણું જે થાય છે એ અમને સંમત નથી. કેમકે એ અનંત વાર ત્યાં મોકલશે. એ પોતાપણું તને અનંત વાર એ સાતમી પૃથ્વીએ મોકલશે.

મુમુક્ષુ :- રાગમાંથી પોતાપણું ગયું એટલે ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો રાગનો વિષય છૂટ્યો. રાગમાં જ્યાં એકત્વબુદ્ધિ છોડી તો રાગના વિષયમાં એકત્વબુદ્ધિ રહેવાનો સવાલ નથી. એટલે ભેદજ્ઞાન ત્યાંથી કરાવે છે. અંતર અવલોકનમાં એ જ લેવું છે. અંતર અવલોકનમાં પોતાના ભાવોને જ જોવે છે.

'ક્યાંકને ક્યાંક રોકાઈ ગયો છે, જો ચૈતન્યનો ગાઢ અભ્યાસ કરે...' આત્મામાં જ્ઞાનમાં હુંપણાનો ગાઢ અભ્યાસ કરે. એટલે પ્રયોગ. એ અભ્યાસ એટલે પ્રયોગ. **'તો છૂટા પડ્યા વગર રહેતો નથી.'** ભેદજ્ઞાનનો ગાઢ અભ્યાસ કરવો જોઈએ. એ ભેદજ્ઞાનનો અભ્યાસ કહો, જ્ઞાનાભ્યાસ કહો, ચૈતન્યનો અભ્યાસ કહો એ બધું એક છે. **'પરનું કર્તૃત્વ સહજ થઈ ગયું છે અને પોતે આત્મા હોવા છતાં પોતાનું કાર્ય કરવું દુષ્કર થઈ ગયું છે,...'** પરિસ્થિતિ બહુ ખરાબ થઈ ગઈ છે. પરનું કર્તૃત્વ પણ સહજ થઈ ગયું છે, આ કરી શકું છું અને તે કરી શકું છું અને પોતે આત્મા હોવા છતાં આત્માનું કાર્ય કરવું દુષ્કર થઈ ગયું છે. હું આત્મા છું એમ કેમ મને જ્ઞાન થાય? મને તો કઠણ લાગે છે એમ કહે. કેવી ખરાબ પરિસ્થિતિ ઊભી થઈ! આત્મા છે અને આત્માનું કામ કઠણ લાગે. કેવી દશા કરી મૂકી છે!

પરનું એકત્વ કેટલું ગાઢ કર્યું છે. પોતાને વિષે કર્મજનિત પર્યાય એવો હું, જેમકે અત્યારે માણસ થયો, કર્મ ઉદયે માણસ થયો તો એ હું. કેટલું ગાઢ કર્યું છે! એ કલ્પના છોડવી મુસીબત થઈ ગઈ છે. છે સાવ કલ્પના. મૂળ સ્વરૂપ જુઓ તો એના

વિષે કર્મજનિત પર્યાયની યોગ્યતાનો પડછાયો પણ નથી, એની ગંધ પણ નથી. એવું મૂળ પોતાનું ચૈતન્ય સ્વરૂપ છે. કોઈની સાથે કોઈ જાતનો સંબંધ ન ધરાવે એવું અસંગ તત્ત્વ, કેવળ અસંગ તત્ત્વ એકલું છે અંદરમાં. એ ક્યાંયનો ક્યાંય દૂર થઈ ગયો એનાથી. ભાવમાં એટલો બધો દૂર થઈ ગયો કે દુષ્કર થઈ ગયું. નજીક જવું, પોતાને પોતાની સમીપ જવું ભાવમાં એ દુષ્કર થઈ ગયું.

'**તે બીજું કોણ કરે?**' પોતાનું કામ પોતાને જ કરવું પડશે. આજે કરે, કાલે કરે, આ ભવે કરે, બીજા ભવે કરે કે લાખ ભવે કરે, પોતાનું કામ પોતે જ કરે છૂટકો છે.

મુમુક્ષુ :- આત્મામાં એવો ગુણ છે અસંગ રહેવાનો?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપ જ છે એનું. અસંગપણું એ આત્માનું સ્વરૂપ જ છે. પોતે સ્વરૂપથી જ અસંગ તત્ત્વ છે. જુઓને પણ અંદર શું ગરી ગયું છે? પ્રચુર કષાયકલંક નિગોદમાં છે. સૌથી વધારે ખરાબ દશા નિગોદમાં છે. તો એક અંશ છે અત્યારે એનો? નહિ. ચૈતન્યતત્ત્વ કોરુંકડાક નક્કોર છે, કોરેકોરું નક્કોર છે. અને અનંતા પુદ્ગલો શરીરના આવ્યા અને ગયા. જાત જાતના અને ભાત ભાતના શરીર થયા. કાંઈ એક પુદ્ગલ રહ્યો છે? એક પરમાણુ અંદર રહ્યો છે? કાંઈ નથી. ન એક કષાયકણ છે, ન એક પરમાણુનો કણ છે. એવું ને એવું તત્ત્વ છે. અને ઊલટો એટલો ચાલ્યો છે કે પોતાનું કાર્ય કરવું દુષ્કર થઈ પડ્યું છે.

'**તે બીજું કોણ કરે?**' કોઈ તો આવીને નહિ કરી દે. તીર્થંકરદેવ પણ આવીને નહિ કરે દે, કોઈ ગુરુ આવીને નહિ કરી દે, કોઈ સાધર્મી આવીને નહિ કરી દે. તારે ને તારે જ કરવાનું છે. જ્યારે કર ત્યારે તારે ને તારે જ કરવાનું છે. '**પોતે સહજ કરવાનો પ્રયત્ન કરે તો થાય.**' અને તે પુરુષાર્થસાધ્ય છે. પુરુષાર્થ કરે તો થાય, થાય ને થાય જ. એટલું જ નહિ, પુરુષાર્થ કરે તો થોડા કાળમાં ઘણું કામ થાય એવું છે. એવી વાત છે.

મુમુક્ષુ :- અનંતકાળની કમાણી કરી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- કરી શકે એવું છે. ૧૧૭ થયો.

પ્રશ્ન-૧૧૮

પ્રશ્ન :- રુચિ કરવામાં કોઇ મદદ ન કરી શકે?

સમાધાન :- રુચિ તો પોતાને જ કરવાની રહે છે. રુચિ કરવી પોતાના હાથની વાત છે. રુચિ કોઇ કરાવી દેતું નથી. ગુરુદેવ માર્ગ બતાવે કે ચૈતન્ય આ છે, સુખ આત્મામાં છે, બહાર નથી. ગુરુદેવ કહે છે કે અમે તને બતાવીએ છીએ કે આત્મા અનુપમ છે. તેની રુચિ તું કર. આ દુઃખ છે, આ સુખ છે. જો તારે સુખ જોઇતું હોય તો આત્માની રુચિ કર અને તારે પરિભ્રમણ કરવું હોય ને રુચિ ન કરવી હોય તો તે પણ તારા હાથની વાત છે. તારે જો આત્મામાંથી સુખ પ્રગટ કરવું હોય તો તેની રુચિ કર. સમજણપૂર્વક તે માર્ગે રુચિ કરીને જા, તો તને માર્ગ સુગમ-સરળ થશે. રુચિ સાથે સમજણ ભેગી આવે છે. સમજણપૂર્વક રુચિ કર. ૧૧૮.

પ્રશ્ન ૧૧૮ ઉપર પ્રવચન

૧૧૮. '**પ્રશ્ન :- રુચિ કરવામાં કોઈ મદદ ન કરી શકે?**' ચાલો, અમને રુચિ નથી થતી તો કોઈ રુચિ કરાવી ન દે? સ્વતંત્ર છે એમ કહે છે.

'**સમાધાન :- રુચિ તો પોતે જ કરવાની રહે છે. રુચિ કરવી પોતાના હાથની વાત છે. રુચિ કોઈ કરાવી દેતું નથી.**' અંદરમાં એક વાત છે કે તારી સમજણ તને રુચિ કરાવે. તારી સાચી સમજણ તને રુચિ કરાવે. આમ પણ તું જે કાંઈ કરે છે એ તો સુખ માટે જ કરે છો. અહીં બેઠો છો અને પગ ફેરવે તોપણ સુખ માટે. નાનામાં નાની કે મોટામાં મોટી પ્રવૃત્તિ શેના માટે? સુખ માટે. હવે સમજોને .. વાત. કે તું કેમ સુખી થા છો અને કેમ દુઃખી થા છો? દુઃખી થવાનું તપાસી લે અને કેમ સુખી થવાય એ સમજી લે. તને અંદરથી રુચિ ઉપડશે. જરૂરિયાત લાગશે કે આમ કરાય, આમ ન કરાય. એ જરૂરિયાત તને લાગ્યા વિના રહેશે નહિ. રુચિનું ઉત્પાદક સાચી સમજણ છે, બીજું કોઈ નથી. રુચિની ઉત્પાદક સાચી સમજણ છે.

સાચી સમજણથી યથાર્થ રુચિ પ્રગટી તો યથાર્થ રુચિ અનુસાર યથાર્થ પુરુષાર્થ પ્રગટ થશે. આમ લિંક છે આખી પુરુષાર્થની. એટલે એમ કહ્યું જ્ઞાનીઓએ કે 'જ્ઞાનં એકમ્ સાધનં.' જ્ઞાન એક જ સાધન છે. પાયામાં હોં!

'રુચિ તો પોતાને જ કરવાની રહે છે.' એટલે સમજણપૂર્વક રુચિ તો પોતે જ કરવાની રહે છે અને **'રુચિ કરવી એ પોતાના હાથની વાત છે.'** એમાં કોઈ બીજું કાંઈ એને તકલીફ કરી શકે એવું છે નહિ. પોતાના હાથે કરી શકે છે. તેમ તને કોઈ તને કરાવી દેશે એવું નથી. માર્ગદર્શન કોઈ આપે એ જુદી વાત છે. કોઈ રુચિ કરાવી દેતું નથી. **'રુચિ કોઈ કરાવી દેતું નથી.'** પછી આરોપ કરે. જેને રુચિ થાય તો (એમ કહે), મને તો આનાથી રુચિ પ્રગટી, આણે મને રુચિ કરાવી. એમ કહેવાય, એ વ્યવહાર છે કહેવાનો. પણ પોતાના હાથની વાત છે.

'ગુરુદેવ માર્ગ બતાવે કે ચૈતન્ય આ છે, સુખ આત્મામાં છે અને બહાર નથી.' ચૈતન્ય એટલે આ આત્મા છે, આત્મા આવો છે અને આત્માનું સુખ આત્માની બહાર નથી. સુખ માટે તો પ્રયત્ન છે. સુખની તને રુચિ છે. સુખની રુચિ છે પણ એણે સુખ પણ કલ્પિત માન્યું છે. શ્રીગુરુ સાચું સુખ બતાવે છે કે જો સાચા સુખનું આ સ્વરૂપ છે અને એ જ તારો આત્મા છે—સુખસ્વરૂપ તારો આત્મા છે. અને બહારમાં ક્યાય નથી. માટે સુખ માટે તું બહારના પ્રયત્નો બધા મૂકી દે. ક્યાંયથી સુખનો પત્તો લાગે એવું નથી.

મુમુક્ષુ :- કૃપાળુદેવે ૧૦૮માં કીધુંને, અંતરનું સુખ અંતરમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ૧૦૮માં ઘણું લીધું છે, કેટલી વાર લીધું છે. સુખ અંતરમાં છે અને બહારમાં નથી. હે જીવ! ભ્રમા મા. ફરી ફરી તને તારા હિતની વાત કરીએ છીએ. બહુ સારી શૈલી લીધી છે. આવી ચોખ્ખી વાત મળે, સુંદર મજાની ચોખ્ખી વાત મળે અને જીવ લાઈને ન ચડે એમ કેમ બને? કરોડો અબજો મનુષ્યોના એ સદ્ભાગ્ય નથી કે આ વાત એને કાને આવે.

મુમુક્ષુ :- ડાયરીમાંથી બોલ ચાલેલો, જિનેશ્વરદેવની પ્રદત્ત નિધિ હાથ લાગી છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેટલામો છે. ૧૧૫૬ છે?

'હે જીવ! ત્રિલોકનાથ જૈન પરમેશ્વરની પ્રદત્ત નિધિ હાથ લાગી છે.' આ જે ચીજ અત્યારે તને મળે છે તે ત્રણ લોકના નાથ જૈન પરમેશ્વરની દીધેલી નિધિ એટલે ખજાનો છે. ખજાનો હાથ લાગ્યો છે તને. તારે તો ઉછળી જવું જોઈએ એમ કહે છે. કેટલો ઉત્સાહ આવવો જોઈએ? ઉછળી જવું જોઈએ કે આહા..હા..! ખજાનો-દોલત મળી ગઈ મને. **'કે જેનાથી શાશ્વત કલ્યાણનો ઉપાય સહજમાત્રમાં**

પ્રાપ્ત થઈ, અત્યારે જ તને પરમ શાંતિનો અનુભવ થાય તેમ છે.' કાલે થાય એમ વાત નથી એમ કહેવું છે. **'તો પછી કયા કારણથી તેની ઉપેક્ષા થાય? કયા કારણથી એની ઉપેક્ષા કરાય?'** ... **'સર્વ ઉદ્યમથી...'** એટલે પૂરી તાકાતથી **'જિનાજ્ઞા ઉપાસનીય છે.'** એ ભગવાનની નિધિ છે, આજ્ઞા છે (એની) ઉપાસના કર, પૂરી શક્તિથી ઉપાસના કર. નિર્ણય આવવો જોઈએ. પૂરી શક્તિથી આ કામ કરી લેવું છે. હવે છોડવું નથી. છોડું નહિ હવે. 'કેડલો છોડું નહિ.' મૂકું નહિ તારો કેડલો. એવી વાત છે. તારી કેડીએ ચડ્યો છું હવે એ કેડી ન મૂકું. અને દુનિયામાં કોઈ તાકાત નથી કે મને મૂકાવે.

'સ્વયં પ્રભુ આનંદઘન છે. નિર્વિકલ્પ આનંદઘન છું. સહજ બેહદ પ્રત્યક્ષ છું.' અત્યંત પ્રત્યક્ષ છું. **'સ્વસંવેદન ગોચર છું. અગાધ અમૃત સાગરમાં અંદર ડૂબેલો છું.'** અંદરમાં અમૃતનો અગાધ સાગર તળિયા વિનાના સાગરમાં ડૂબેલો છું. શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એટલી અંદર (છે કે) બહાર નીકળાય એવું નથી. **'કેવળ અંતઃતત્ત્વ હોવાથી સંપૂર્ણ અંતર્મુખ છું.'** અને સ્વરૂપે પરિપૂર્ણ હોવાથી કોઈની મને અપેક્ષા નથી. નિરાલંબ છું. મને કોઈના અવલંબનની, કોઈની અપેક્ષાની મને આવશ્યકતા નથી. નિરાલંબ નિરપેક્ષ છું. એમ આત્મ ભાવના ભાવતા છેક સુધી પહોંચી જવાય. ૧૧૫૬ વચ્ચે ચાલી ગયો.

'ગુરુદેવ માર્ગ બતાવે છે કે ચૈતન્ય આ છે, સુખ આત્મામાં છે, બહાર નથી. ગુરુદેવ કહે છે કે અમે તને બતાવીએ છીએ કે આત્મા અનુપમ છે. તેની રુચિ તું કર.' તારું મજાનું આવું સુંદર અનુપમ તત્ત્વ સુખથી ભરપૂર અને વળી સુખ તારે જોઈએ, સુખ માટે ઝાંવા નાખે છો! સુખથી ભરપૂર (છે) પછી તને રુચિ ન થવાનું કારણ શું છે? સુખ માટે તો તું દિન-રાત પ્રયત્ન કરે છો. અનંત કાળથી પ્રયત્ન કરે છો અને અંદર સુખનો સાગર તને ગુરુદેવ બતાવે છે. પછી તને રુચિ ન થવાનું કારણ શું છે? રુચિ થાય, થાય ને થાય. રુચિ થાય તો પુરુષાર્થ ઉપડે, ઉપડે ને ઉપડે. માર્ગ સીધો સટ છે. સુગમ અને સરળ છે. એમાં બીજી કાંઈ તકલીફ પડે એવું નથી. માંડ ચાલવા એમ કહે છે. માર્ગ તો ઉઘાડો છે. ખુલ્લો માર્ગ છે. ક્યાંય વચ્ચે દરવાજો નથી, વચ્ચે કાંઈ આડશ નથી. ચાલ્યો જા એકદમ. સ્પીડ કરીને, ગતિ કરીને ચાલ્યો જા. ગુરુદેવને વચ્ચે નાખીને (કહે છે), ગુરુદેવ આમ કહે છે, ગુરુદેવ બતાવે છે.

નિષ્કારણ કરુણાથી ગુરુદેવ બતાવતા હોય તો જોવાનો પ્રયત્ન તો કરવો જોઈએ. કોઈ મદદ કરે અને પોતે સહકાર ન આપે તો કેવું વિચિત્ર લાગે! અમે એની મદદ

કરવા ગયા પણ હવે એ પોતે કાંઈ કો-ઓપરેટ ન કરે તો કરવું શું? નોન-કોપરેશનમાં જાય. ગુરુદેવ તો વાત બતાવે છે. તું જોવાનો પ્રયત્ન કર. અને એ તો માર્ગે ચાલતા-ચાલતા આંગળી ચીંધે છે. એ ચાલ્યા જશે આગળ, તું રહી જઈશ. આંગળી ચીંધે રસ્તે નહિ ચાલ તો તું રહી જઈશ. વિશેષ લઈશું.

પ્રશ્ન-૧૧૯

પ્રશ્ન :- જો સ્વભાવની મહિમા આવે તો અનુભવ થાય. પણ અમ જેવા અજ્ઞાનીએ સ્વભાવ તો જોયો નથી, માટે આત્માનું માહાત્મ્ય કેવી રીતે આવે તે વિસ્તારથી સમજાવશોજી.

સમાધાન :- સ્વભાવ જોયો નથી પણ વિચારથી નક્કી કરી શકે છે. આત્મા તરફ રુચિ રહે, બહારમાં ક્યાંય રુચિ કે શાંતિ લાગે નહીં-આકુળતા લાગે; દરેક વિચારમાં પણ ઊંડો ઊતરીને જોવે તો તે આકુળતાસ્વરૂપ લાગે તેથી આનંદસ્વરૂપ શું છે? આ બધું આકુળતાસ્વરૂપ છે તો આનંદ ક્યાં તત્ત્વમાં છે?- એમ આનંદની એકદમ શોધ કરે; વળી આ બધા પદાર્થો ક્ષણે ક્ષણે પલટાય છે તો શાશ્વત એવું દ્રવ્ય શું છે કે જેમાં આનંદ ભરેલો છે? અનંત જ્ઞાન ભરેલું દ્રવ્ય કેવું છે?- એ રીતે તે તરફના અંતરમાં વારંવાર વિચાર કરે તો સ્વભાવને ઓળખે. બહારનું આ બધું તો લૂખું છે, તેમાં ક્યાંય સંતોષ કે શાંતિ નથી. પણ એક ચૈતન્યતત્ત્વ જ એવું છે કે જેમાં અનંત શાંતિ-સુખ-આનંદ ને અપૂર્વતા ભરેલી છે.- આમ આત્માને સ્વભાવથી ઓળખવો.

દેવ-ગુરુ સ્વાનુભવ કરીને કહી રહ્યા છે કે અનંતકાળથી નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્ત્વ તારામાં છે. આ વાતનો પોતે વિચાર કરી પોતાના સ્વભાવ સાથે મેળવે અને નક્કી કરે કે મારું અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે, અને પરિણતિ અંતરમાં જાય તો અનુભવ થઈ શકે એવું છે.

ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી. તેઓ આત્માની અપૂર્વતા,

આત્માનો ચમત્કાર, આત્માની મહિમા બતાવતા હતા. તે વાતને પોતે અંતરમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને, મને નથી દેખાતો તોપણ આત્મા મહિમારૂપ છે એમ નક્કી કરવું. પોતે વિચાર કરીને તેમ જ શાસ્ત્ર દ્વારા, ગુરુની વાણી દ્વારા ને યુકિતથી અંતર ચૈતન્યનો સ્વભાવ ઓળખીને નક્કી કરે. જે સ્વભાવ હોય તે અમર્યાદિત હોય, વળી જે આનંદને ઇચ્છી રહ્યો છે તે તત્ત્વમાં અનંત ને અપૂર્વ આનંદ ભરેલો હોવો જોઇએ તથા આનંદ કોઇ બીજાના આશ્રયે ન થાય–સ્વયંથી થાય. આમ અંતરમાં પોતે મેળવીને નક્કી કરે, મહિમા લાવે ને તે બાજુનો પુરુષાર્થ કરે તે આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય છે. ૧૧૯.

તા. ૨૩-૧-૧૯૯૭, પ્રશ્ન-૧૧૯
પ્રવચન નં. ૭૮

સ્વાનુભૂતિદર્શન પાનું-૮૭, પ્રશ્ન-૧૧૯. '**પ્રશ્ન :- જો સ્વભાવની મહિમા આવે તો અનુભવ થાય. પણ અમ જેવા અજ્ઞાનીએ સ્વભાવ તો જોયો નથી, માટે આત્માનું માહાત્મ્ય કેવી રીતે આવે તે વિસ્તારથી સમજાવશોજી.**' પ્રશ્નમાં એટલી વાતો મૂકી છે કે અનુભવનું કારણ તો સ્વભાવનો મહિમા છે. હવે પ્રોબ્લેમ એ છે કે સ્વભાવ જોયો હોય તો એનો મહિમા આવે. અમે અજાણ્યા છીએ તો એ આત્માના સ્વભાવનું માહાત્મ્ય કહો, મહિમા કહો એ કેવી રીતે ઉત્પન્ન થાય એ રસ્તો બતાવો. એવો પ્રશ્ન ઉઠાવ્યો છે.

'**સમાધાન :- સ્વભાવ જોયો નથી પણ વિચારથી નક્કી કરી શકે છે.**' નિશ્ચય-નક્કી કરી શકે છે એટલે નિશ્ચય કરી શકે છે. નિશ્ચય કરી શકે છે એટલે કે ઓળખાણ કરી શકે છે. જોયો નથી પણ ઓળખાણ કરી શકે છે અને ઓળખાણ અનુભવાંશે થાય છે અથવા જોઈને થાય છે એમ કહો. અનુભવાંશે એમ કહો કે કોઈ અંશ જોઈને થાય છે. '**સ્વભાવ જોયો નથી પણ વિચારથી નક્કી કરી શકે છે.**' પોતે નિશ્ચય કરી શકે છે. '**આત્મા તરફ રુચિ રહે, બહારમાં ક્યાંય રુચિ કે શાંતિ લાગે નહીં-આકુળતા લાગે; દરેક વિચારમાં પણ ઊંડો ઊતરીને જોવે તો તે આકુળતાસ્વરૂપ લાગે તેથી આનંદસ્વરૂપ શું છે? આ બધું આકુળતાસ્વરૂપ છે તો આનંદ ક્યા તત્ત્વમાં**

છે?-એમ આનંદની એકદમ શોધ કરે;...' ફરીથી. શું કહેવું છે? બે-ત્રણ વાતો કરી છે આ વાક્યમાં. '**આત્મા તરફ રુચિ રહે,...**' એટલે આત્માની જરૂરિયાત લાગી હોય અને અવ્યક્ત રુચિ આત્મા તરફની કામ કર્યા કરે. એ થાય એ કેમ ખબર પડે? કે '**બહારમાં ક્યાંય રુચિ કે શાંતિ લાગે નહીં...**' જે પરિભ્રમણની વેદનાથી વૈરાગ્ય અને ઉદાસીનતા આવી છે, ઉદાસીનતાનો અહીંયાં બીજો પ્રવેશ વધારે થયો. ક્રમમાં આગળ વધ્યો, ઉદાસીનતાના ક્રમમાં કે '**બહારમાં ક્યાંય રુચિ કે શાંતિ લાગે નહીં...**' મને મારો આત્મા જોઈએ એવી જે જરૂરિયાત છે એ જરૂરિયાતની જે તીખાશ છે એને લઈને ક્યાંય શાંતિ લાગે નહિ. શાંતિ તો ન લાગે પણ ઉદયભાવો જે આવે, આવી જાય, આવ્યા કરે એમાં આકુળતા લાગે, બોજો લાગે, આકુળતા લાગે, કરવા પડે ઈ ખટકે. અને '**દરેક વિચારમાં...**' એટલે દરેક ભાવમાં '**ઊંડો ઊતરીને જોવે...**' તોપણ એને આકુળતા લાગે.

મુમુક્ષુ :- જોવાની વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઊંડો ઉતરીને જોવે. ચાલતા પરિણામને, વિચારને ઊંડો ઉતરીને જોવે. ઊંડો ઉતરીને જોવે એટલે શું? કે સૂક્ષ્મતાએ જોવે તો કષાયની મંદતામાં પણ આકુળતા લાગે અને તેથી એક જિજ્ઞાસા ઊભી થાય. સ્વરૂપની શોધ, સ્વરૂપની ખોજ. સ્વરૂપની ઓળખાણ, સ્વરૂપનું ભાવભાસન સ્વરૂપની ખોજ અથવા અંતર જિજ્ઞાસા વગર ન થાય. એને ગોતતો હોય તો જડે. ખોવાયેલો હીરો છે એ ગોતતો હોય તો જડે. ગોતતો ન હોય તો ન જડે.

સોભાગભાઈનું દૃષ્ટાંત વિચારીએ. કૃપાળુદેવ પ્રત્યક્ષ હતા એમને એટલે એમની ભક્તિમાં, એમના પ્રત્યેના પ્રેમમાં ડૂબેલા રહેતા હતા. એટલે પહેલું સમકિત હતું, પણ બીજું નહોતું આવતું. કેમ? કે સ્વભાવની ખોજ કરતા નહોતા, શોધ કરતા નહોતા અને શોધ કરવાની પડી નહોતી એમને. કૃપાળુદેવે ૨૬૯ (પત્રમાં) લખ્યું કે 'સંત ચરણની સમીપતા અમને એટલી વ્હાલી છે કે મોક્ષ કરતા પણ અમને વ્હાલી છે.' ચોથું ગુણસ્થાન તો મોક્ષનું હજી પહેલું પગથિયું છે અને સ્વરૂપની ઓળખાણ તો એ પહેલાનું આંગણું છે. પગથિયું પણ નથી, એ તો હજી આંગણું છે. મોક્ષની તમા ન હોય તો આંગણાની ક્યાં તમા હોય? મહેલની તમા ન હોય અને મહેલના આંગણાની ક્યાં તમા હોય? મોક્ષ તો મહેલ છે. એ એમાંથી બહાર નીકળતા નહોતા. એ બહાર કાઢ્યા. એક-બેવાર વચ્ચે ટ્રાય કરી. એક પત્રમાં પ્રશ્ન ઉઠાવ્યો કે તમને સમકિતનું બીજ છે પછી આગળની દશા કાં નહિ? વિચાર કરે તોને. આગળની દશાનો વિચાર જ ન કરે તો શું કરે? પાછું ૪૭૧-૭૨માં સુધારસ, સુધારસ અને બીજજ્ઞાનનો

પ્રશ્ન ઉઠાવ્યો. તોપણ ધ્યાન નથી દીધું. પછી છેલ્લે છેલ્લે ઈડર પ્રત્યક્ષ ગયા ત્યારે એમને પરિણમન બતાવ્યું. એની ખોજમાં લઈ આવ્યા. પરમેશ્વરબુદ્ધિ આવ્યા પછી પણ ઓળખાણની યોગ્યતાની કાંઈક ઓછપને લીધે સ્વરૂપ નિશ્ચય થતો નથી અને સ્વરૂપની ઓળખાણ થતી નથી તો સમ્યગ્દર્શનનું કારણ ઊભું થતું નથી.

અહીંયાં બીજા પણ એક-બે પડખાં લીધા છે કે સ્વરૂપની અત્યંત રુચિ લાગે, રુચિ હોય, બહારમાં આકુળતા લાગે. દરેક વિચારમાં પણ આકુળતા એને દેખાય. જોવે એટલે દેખાય. અને એમાંથી મારું આનંદસ્વરૂપ શું છે એની જિજ્ઞાસા ઉત્પન્ન થાય અને એ જિજ્ઞાસામાં તીવ્રતા આવે. તીવ્રતા આવે ત્યારે ઉદાસીનતા વધી જાય. એ તીવ્રતાને વશ ઘણી ઉદાસીનતા આવે.

'એમ આનંદની એકદમ શોધ કરે;...' એકદમ એટલે તીવ્રતાથી. 'એકદમ' શબ્દ તીવ્રતાસૂચક છે. એવી રીતે એ ભૂમિકામાં નિશ્ચય થવાનો અવકાશ ઊભો થાય છે. **'વળી આ બધા પદાર્થો ક્ષણે ક્ષણે પલટાય છે તો શાશ્વત એવું દ્રવ્ય શું છે કે જેમાં આનંદ ભરેલો છે?'** સાંભળ્યું તો છે કે આત્મા શાશ્વત છે, એમાં આનંદ ભરેલો છે, પણ એ કેવો? એટલે સાતત્ય ઉપર પણ ધ્યાન જાય છે. શાશ્વત એટલે શું? સતત ટકે છે... સતત ટકે છે... સતત ટકે છે... ટકતું જ રહે છે. એની અંતરખોજ ચાલે. આમાં મારું શાશ્વતપણું ક્યાં છે? કેવી રીતે છે? બધું પલટાય છે, ક્ષણે ક્ષણે પલટાય છે. બહારના પદાર્થો પલટાય છે. એ કેમ ખબર પડે? કે એનું પ્રતિબિંબ જ્ઞાનમાં પડે છે એટલે ખબર પડે. બહારના પદાર્થો કાંઈ આત્મામાં તો નથી કે એ પલટાય એટલે આત્માને ખબર પડે. એનું પ્રતિબિંબ જ્ઞાનમાં આવે છે. એ પલટાય છે. અહીંયાં જ્ઞાન પણ પલટાય છે. તો પછી શાશ્વત એવું શું છે કે જેમાં આનંદ ભરેલો છે. અથવા એવું મારું સ્વરૂપ કેવું છે કે જેના અવલંબને મને આનંદની ઉત્પત્તિ થાય? મને સહજપણે શાંતિની ઉત્પત્તિ થાય? અને ધર્મની શરૂઆતથી માંડીને મોક્ષપર્યંતની બધી જ દશાઓ સહેજે-સહેજે જ ઉત્પન્ન થાય. મારે કાંઈ એ દશાઓ ઉત્પન્ન કરવાની આકુળતા પણ કરવી ન પડે. જેના અવલંબને એ બધું સહજ છે એ તે દ્રવ્ય કેવું? એ તે વસ્તુ કેવી? એક તો જરૂરિયાત લાગી છે અને જિજ્ઞાસા પાછી ઉપડી. એવી ઉપડી-એવી ઉપડી કે એ સિવાય બીજું જાણે કાંઈ કામ જ થતું નથી, બીજું કાંઈ ચાલતું જ નથી.

યુવાન છોકરાને કોઈ કિડનેપ કરી જાય. ઘરેથી એમ કહે કે હું જરાક નીચે જઈને આવું છું, બહાર જઈને આવું છું અહીંયાં બાજુમાંથી. બાજુમાં એટલે ક્યાં? બે ડગલા જરાક આનું ઘર છે કે આની દુકાન છે, એને મળીને આવું છું. પાંચ

મિનિટ માટે ગયો હોય અને પાંચ કલાકે ઘરે ન આવે. એટલે પૂછી આવે તમારે ત્યાં આવ્યો હતો? તો કહે, આવ્યો હતો પણ પછી ક્યાં ગયો એ અમને ખબર નથી. કાંઈ કીધું છે? કાંઈ કીધું નથી. એની તપાસ ચાલુ કરે. ક્યાંય પત્તો લાગે નહિ એટલે ફાળ પડે. પછી એને શોધવાની જિજ્ઞાસા કેવી આવે? તીવ્રતા કેવી આવે? રાત પડી ગઈ, જમવા આવ્યો નથી, નવ વાગ્યા, દસ વાગ્યા, અગિયાર વાગ્યા, બાર વાગ્યા. ઊંઘ આવે પછી?

એમ આની ડિગ્રી વધતી જાય છે. અંતરખોજની ડિગ્રી વધતી જાય. બહુ તીવ્ર થાય, એકદમ તીવ્ર થાય પછી એનો પત્તો લાગે છે. કેમ એમ? એવી સિચ્યુએશન, પર્ટિક્યુલર સિચ્યુએશન શું કરવા લીધી છે અહીંયાં દૃષ્ટાંત અનુસાર? કે જ્ઞાનને બીજે ક્યાંય જવાની પરિસ્થિતિ ન રહી. એક એની જ ખોજ પાછળ જ્ઞાન લાગી ગયું. એ દ્રવ્ય કેવું? એ વસ્તુ કેવી? એ આત્મા કેવો? બીજે ક્યાંય જવાનો એને અવકાશ ન રહ્યો. એની પાછળ લાગી ગયો. જેમ ઓલામાં પાછળ લાગી ગયો. બીજી બીજી વચ્ચે વચ્ચે વાત આવે તો? કે અત્યારે કાંઈ થાય એવું નથી હોં, છોકરો ખોવાઈ ગયો છે. કોઈની વાત આવે, કોઈ ટેલીફોન આવે, કોઈ કામ આવી પડે. કાંઈ નહિ થાય. બધાયને ધક્કો મારે. એ કાંઈ નહિ થઈ શકે, અત્યારે આ એક જ કામ છે.

એમ રાત-દિવસ એની ખોજ ચાલે છે. એ ખોજ ચાલ્યા પછી નિશ્ચય અને ઓળખાણ આવે છે. જ્ઞાન બીજું કામ જ ન કરે. પછી ખાય તો ખાવામાં ધ્યાન ન હોય, ચાલે તો ચાલવામાં ધ્યાન ન હોય, કપડા પહેરે તો એમાં ધ્યાન ન હોય. ક્યાંય લક્ષ જાય નહિ. એની ખોજ પાછળ... ખોજ પાછળ... ખોજ પાછળ જ વૃત્તિ (રહે), ત્યાં ને ત્યાં જ વૃત્તિ રહે. આ વસ્તુ કેવી? અનંત આનંદ જેને કહે છે એ વસ્તુ કેવી? મોક્ષ સહજમાત્રમાં એ વસ્તુ કેવી?

કારણશુદ્ધપર્યાયમાં ગુરુદેવે ત્યાં સુધી કહ્યું કે આત્માનું જે વર્તમાન છે, ત્રિકાળી આત્મા તો કાંઈ વાત કરી શકાય એવી વાત નથી, પણ એનું જે વર્તમાન છે જે વર્તમાન સ્થિતિ છે કે આવું છે અત્યારે એક સમયમાં. અવસ્થા આમ એની સન્મુખ થાય છે ત્યાં મોક્ષ પ્રગટ થાય. મોક્ષ તો એની સન્મુખની દશા છેને. બીજું શું છે? જે દશા એની સન્મુખ નહોતી એ એની સન્મુખ થઈ, અભિમુખ થઈ. એને જોતા મોક્ષ પ્રગટે, જોતાવેંત. એ વસ્તુ કેવી? વર્તમાન તો હજી ઉપલી સપાટી છે. ત્રિકાળ તો ઊંડે... ઊંડે... ઊંડે... વયું જાવું પડે. એટલું તો એનું સરફેસ ટેન્શન છે. પાણીનું સરફેસ ટેન્શન એટલું છે કે સ્ટીમર તરે છે. હજારો ટન જેનું વજન છે, લોખંડનું જેનું બોડી છે. ખીલ્લી નાખો તો નીચે તળીયે વઈ જાય. લોઢાની ખીલ્લી નાખો

તો પાણીને તળીએ વઈ જાય અને આવડી હજારો ટનની સ્ટીમર પાણી ઉપર તરે. છે શું આ? સરફેસ ટેન્શન છે. લો ઑફ ફ્લોટેશન કહે છે એને સાયન્સમાં. તરવાનો નિયમ. અને એનું એક ફેક્ટર સરફેસ ટેન્શન છે. તમારે શું આવે? સાયન્સમાં આવે. આમાં તો આવે છે, પ્રાયમરી સાયન્સમાં તો આવે છે.

એવું આ સરફેસ ટેન્શન છે આત્માનું. જોવે, એના વર્તમાનને જોવે ત્યાં કેવળજ્ઞાન ફાટે છે. વસ્તુનો પાવર કેટલો! એ શક્તિનો પાવર કેટલો! એ વસ્તુ તે કેવી? એ હું પોતે. એ કેવો હું પોતે? હું પોતે કેવો? એની જિજ્ઞાસા—અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય ત્યારે બધેથી ઉઠી જાય અને ભાવભાસન આવે. ભાવભાસન આવે ત્યારે એનું સામર્થ્ય જેટલું છે એટલું જ્ઞાનમાં પ્રતિભાસે અને એનું મૂલ્યાંકન જેટલું છે એટલું થાય. આખા જગતની કિંમત જાય. સ્વરૂપની કિંમત એટલી આવે કે આખા જગતની કિંમત ગઈ.

'તો શાશ્વત દ્રવ્ય શું છે કે જેમાં આનંદ ભરેલો છે? અનંત જ્ઞાન ભરેલું દ્રવ્ય કેવું છે?' કેટલું જ્ઞાન? કે જેની કોઈ હદ નહિ એટલું. ગુરુદેવ થોડો આઈડિયા આપતા હતા કે આ આકાશ છે એ દશે દિશામાં અનંતુ છે. ચાર દિશા, ચાર ખૂણા એને વિદિશા કહે છે અને ઉપર ને નીચે. દશે દિશામાં અનંતુ જેનું ક્ષેત્ર છે. ક્યાંય છેડો જ નથી એનો. અને એને જાણનાર જ્ઞાનનો પણ ક્યાંય છેડો નથી. બેય પેરેલલ ચાલ્યા જાય... ચાલ્યા જાય... ચાલ્યા જ જાય. બુદ્ધિ નાની પડે. વિચાર કરવા જાય તો વિચારશક્તિ ઓછી પડે, ટૂંકી પડે. પહોંચે નહિ ત્યાં. આ ક્યાં સુધી ચાલ્યા જાય છે? ઓછી પડે.

આકાશનો એવો અચિંત્ય ક્ષેત્ર સ્વભાવ છે. કહે છે કે એ આકાશ જ્ઞાનમાં રાઈના દાણા જેટલું છે. એટલું જ્ઞાન છે. એની સામે જ્ઞાન કેટલું છે? કે એવા અનંતા આકાશ હોયને તો એને પી જાય, કોળિયો કરી જાય એટલું બેહદ, જેની કોઈ હદ જ નથીને. એટલું અસીમ... અસીમ... અસીમ... જ્ઞાન ભરેલું છે. એ તે કેવું? એ હું કેવો? **'એ રીતે તે તરફના અંતરમાં વારંવાર વિચાર કરે એટલે વિચાર આવે તો સ્વભાવને ઓળખે.'** શું શબ્દ લીધો છે? 'ઓળખે'. આ ઓળખવાનો વિષય છે. મહિમા ક્યારે આવે? ઓળખે ત્યારે. ઓળખ્યા વગર મહિમા ન આવે.

'બહારનું આ બધું તો લૂખું છે, તેમાં ક્યાંય...' રસ-કસ નથી. ખાલી-ખાલી લાગે. જે સંયોગોથી ભર્યું ભર્યું લાગતું હતું એ જ સંયોગોથી ખાલી-ખાલી લાગે. આ બધા સિમટમ્પ્સ લીધા છે. પરિણામમાં કેવો ભાવ ફિલ થયા કરે કે જે ભર્યું ભર્યું લાગતું હતું ઈ એક ફિલિંગ હતી. એ જ જગ્યાએ ખાલી ખાલી લાગે. આમાં

ક્યાંય હું નથી. આ બધું ક્ષણે ક્ષણે પલટાતું છે. બધું ફરી જાશે. કાંઈ રહેવાનું નથી. કોઈ ચીજ રહેવાની નથી. શરીર પણ નહિ રહે, સંયોગો પણ નહિ રહે, કાંઈ નહિ રહે. **'આ બધું તો લૂખું છે, તેમાં ક્યાંય સંતોષ કે શાંતિ નથી. પણ એક ચૈતન્યતત્ત્વ જ એવું છે કે જેમાં અનંત શાંતિ-સુખ-આનંદ ને અપૂર્વતા ભરેલી છે.'** ત્રણે લીધા. સુખ, શાંતિ અને આનંદ ત્રણે લઈ લીધા છે. એટલે બધુંય છે એમાં. કે જેના હોવાથી હવે કોઈની જરૂર પડે એવું નથી. સુખ પણ છે, શાંતિ પણ છે અને આનંદ પણ છે. **'આમ આત્માને સ્વભાવથી ઓળખવો.'**

ઓળખાણના પ્રકરણમાં એક વાત લીધી છે કે ચાલતા પરિણમનમાં શાશ્વતપણું જોવું હોય તો જ્ઞાનસામાન્ય જે સદશ્ય રહે છે ત્યાંથી પકડાય છે. જ્ઞાનવિશેષ પલટતું જોવામાં આવે છે. કેમકે જ્ઞેયો પલટે છે, અહીંયાં જ્ઞેયાકારો પલટે છે. સામે જ્ઞેયો પલટે છે અને રાગાદિ વિચારો છે એ પણ પલટે છે. અહીંયાં એને જાણતું જ્ઞાન પણ પલટે છે. પણ જ્ઞાનસામાન્ય છે એ એમ ને એમ દેખાય છે. પર્યાય તો પલટતી છે, પણ એ પલટન પકડાતું નથી સૂક્ષ્મ છે એટલે. ઓલું સ્થૂળ છે એટલે પકડાય છે. અને સદશ્યભાવે છે એટલે એકધારું રહે છે, ચાલુ ને ચાલુ રહે છે. એની સતતતા ઉપરથી દ્રવ્યનું સાતત્ય—શાશ્વતપણું પકડાય છે અને અનંતી શુદ્ધતા પણ ત્યાંથી પકડાય છે. કેમકે અવિકૃત રહે છે. જ્ઞાનસામાન્ય છે તે અવિકૃત રહે છે. જ્ઞાન વિશેષમાં વિકૃતિ આવે છે. ફરતું... ફરતું... ફરતું ફરે છે. અહીં તો જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે એક જ ધારા રહે છે, બીજી ધારા નથી, બીજો ફેરફાર નથી, ધારામાં કાંઈ બીજો ફેરફાર નથી. એટલે ત્યાંથી એની અનંતી શુદ્ધતા (પકડાય છે). કેમકે કોઈની સાથે એનું લેપાયમાનપણું નથી. અનંતી શુદ્ધતા અનંતકાળથી એમ ને એમ છે. અનંતકાળ એમ ને એમ રહેશે. એ એની અનંતી શુદ્ધતા પણ પકડાય છે.

અનંતી શુદ્ધતા જોવાય છે એ એનું શુદ્ધ રહેવાનું અનંતુ સામર્થ્ય છે ત્યારે એની શુદ્ધિ છેને? નહિતર તો જોડે કષાય તો અનંતો થઈ ગયો. નિગોદનો કષાયનો થઈ ગયો. બાજુમાં ચારિત્રગુણની પર્યાયમાં નિગોદનો અનંતો કષાય થઈ ગયો. જ્ઞાન એમ ને એમ રહી ગયું છે. એ એની તાકાતને દેખાડે છે. છેદાણો, ભેદાણો, ચેપાણો. પાટા નીચે જીવડું આવી જાય. રેલના પાટા નીચે એક સામાન્ય જીવડું આવી જાય (તો) એનું શરીર કાગળ કરતા પણ પાતળું થઈ જાય એટલો ચેપાઈ જાય. આત્મા? અખંડ એમ ને એમ (રહે). આત્મા ચેપાતો નથી ત્યાં. એ જીવડાના પ્રાણ છૂટી જાય, આત્મા ત્યાંથી બીજે વયો જાય. શરીર ચેપાય ત્યારે પ્રાણ છૂટી જાય. આત્માને કાંઈ થાય નહિ. એવું આપણું અનંતી વાર થયું છે. આપણે એમ ને એમ અત્યારે

અખંડ છીએ. એક પ્રદેશ આઘો-પાછો થયો નથી. એક પ્રદેશે એની જગ્યા પણ બદલી નથી. જે પ્રદેશ જ્યાં છે ત્યાં ને ત્યાં છે. એમાં ખોડ-ખાંપણ આવી નથી, ઘોબો પડ્યો નથી, ઓછો થયો નથી, કટકો થયો નથી. છેદ-ભેદ, ઘસારો લાગ્યો નથી. ઉઝરડો પણ થયો નથી. ઉઝરડો સમજ્યા? નાખુનસે હો જાતા હૈ ન? શું કહે છે એને? સ્ક્રેચ તો અંગ્રેજી શબ્દ છે.

મુમુક્ષુ :- ખરોંચ.

પૂજ્ય ભાઈશ્રી :- ખરોંચ-ખરોંચ. અમારે ઉઝરડો કહે છે, તમારે ખરોંચ કહે છે. ખરોંચ થઈ ગયો. ઉઝરડો અંદર પડતો નથી. ચૈતન્યવજ છે. કેવું છે? ચૈતન્યવજ છે. ઉઝરડો એને પડતો નથી. નહિતર સળગ્યો, બળ્યો, ડૂબ્યો, પાણીમાં ભીંજાણો, અનંતકાળ પાણીમાં રહ્યો, અનંતકાળ અગ્નિમાં રહ્યો. નિગોદના જીવ છેને, અગ્નિમાં, પાણીમાં બધે. નરકની અગ્નિમાં. અનંતકાળ દુર્ગંધમાં રહ્યો. કાંઈ અંદર ન મળેને. નિર્લેપ તત્ત્વ છે. એટલી અનંતી બેહદ શુદ્ધતાનું સામર્થ્ય અંદર પડ્યું છે. એવું ને એવું નક્કોર તત્ત્વ છે. એમ વર્તમાન સાતત્ય ઉપરથી, જ્ઞાનસામાન્ય ઉપરથી આખો ઓળખાણનો વિષય આવે છે. એને અવલોક્યા કરે. જ્ઞાનસામાન્ય અને જ્ઞાન વેદનને અવલોક્યા કરે. અને જિજ્ઞાસાથી, સ્વરૂપ કેવું એ જિજ્ઞાસા રાખીને અવલોક્યા કરે.

પોતાની બેહદ શુદ્ધતા અને બેહદ સામર્થ્યનો પત્તો લાગે. અકષાયપણું હોવાથી અનંત સુખનો પત્તો લાગે અને જ્ઞાન સતત ચાલતું હોવાથી અનંત જ્ઞાનનો પત્તો લાગે. બસ, આખો આત્મા આવી ગયો એટલામાં. બીજા ગુણોનું પ્રયોજન નથી. બીજા અનંતા ગુણોને જાણવાનું કોઈ પ્રયોજન નથી. પ્રયોજનભૂત ગુણો જણાઈ ગયા. શાશ્વતપણું, સામર્થ્યનું અનંતપણું, શુદ્ધપણું, અનંત જ્ઞાન અને અનંત સુખ. આટલા બધા એમાં. આખો આત્મા એમાં (આવી) ગયો. એનો મહિમા આવે. એ મહિમા સમાય નહિ એટલો આવે. કેટલો આવે? 'ઘટ અંતર ન સમાય.' દશામાં સમાય નહિ. ફાટંફાટ મહિમા આવે. આખેઆખું સિદ્ધપદ, અખંડ સિદ્ધપદ. ખજાનો, અનંતા ગુણોનો નિધિ-નિધાન, અનંત ગુણનું નિધાન અંદરથી નીકળ્યું એને. એ મહિમાને લઈને અનુભવ—નિર્વિકલ્પ અનુભવ થાય છે.

'એક ચૈતન્યતત્ત્વ જ એવું છે...' એટલે પોતાનું સ્વરૂપ જ એવું છે **'કે જેમાં અનંત શાંતિ-સુખ-આનંદ ને અપૂર્વતા ભરેલી છે. -આમ આત્માને સ્વભાવથી ઓળખવો.'** એના સ્વરૂપથી ઓળખવો. **'દેવ-ગુરુ સ્વાનુભવ કરીને કહી રહ્યા છે...'** દેવ-ગુરુ છે એ અનુભવ કરીને કહી રહ્યા છે. એટલે જે અનુભવ છે (એ) અવર્ણનીય છે એનો રણકાર એમની વાણીમાં છે. એ અનુભવ કરીને કહી રહ્યા છે. **'કે અનંતકાળથી**

નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્ત્વ તારામાં છે.' એવો તું અનુપમ છે. એ અનુપમ કરીને પણ એનો મહિમા બતાવે છેને. મહિમા કરી કરીને કહી રહ્યા છે. વેદી-વેદીને મહિમા, અનુભવ કરી-કરીને એનો મહિમા આવે છે એમની વાણીમાં. તને પણ એ વેદનની અસર આવવી જોઈએ એમ કહે છે.

'આ વાતનો પોતે વિચાર કરી...' એટલે ઊંડો જાય એમાં. એ વિષયમાં ઊંડો જાય. **'વિચાર કરી પોતાના સ્વભાવ સાથે મેળવે...'** મેળવણી કરે. જે-જે સાંભળે એને એ ભાવ અંદર ચાલે છે, એ ભાવ અંદર ચાલે છે. જ્ઞાન તો જ્ઞાન ચાલે છે. જ્ઞાન અકષાય છે એટલે સુખ ચાલે છે. સાતત્યથી એનું શાશ્વતપણું પણ વર્તે છે. મેળવે, અંદરમાં પોતાના ભાવ સાથે મેળવે. પોતે વિચાર કરીને અટકી જાય એમ નહિ. તર્ક કરીને અટકી જાય, વિકલ્પ કરીને અટકી જાય નહિ. પોતાના સ્વભાવ સાથે મેળવે—મિંઢવણી કરે. ચાલતા ભાવને અનુભવમાં આવતા ભાવ સાથે એને મિંઢવે. જે સમજે છે એને મિંઢવે, જોવે. એ શબ્દ હિન્દીમાં નથી, ગુજરાતીમાં છે. મિંઢવણી કરે. કેટલાક શબ્દો એવા છે એનો અનુવાદ ન થાય. (હિન્દી શબ્દ) જડે નહિ. આપણે કલર મેચિંગ નથી કરતા? મિલાન. મેળવવું કહો. સાદો શબ્દ મેળવવું કહો. હિન્દીમાં એને મિલાન કહે. આ જરા મિંઢવણીમાં ટોન બદલાય જાય છે. મિંઢવે એની સાથે. મિંઢવે એટલે શું? ફિટોફિટ આવે. મેળવણીમાં તો સહેજ આઘું-પાછું રહે. આ તો ફિટોફિટ એક્ઝેટ આવે એનું નામ મિંઢવે. **'અને નક્કી કરે કે મારું અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે,...'** એની અપૂર્વતા ભાસે. પોતાને અપૂર્વતા ભાસે.

એક માણસ આજન્મ દરિદ્રી હતો. લાખો અને કરોડો કેટલા હોય એના વિચાર બહુ કરેલા. એની મહત્ત્વકાંક્ષા પણ બહુ સેવેલી અને એમાં લોટરી લાગી. ગાંડો થઈ ગયો. શું થયું? ગાંડો થઈ ગયો. એ ગુરુદેવે લીધું છે. કેટલો પાછળ પડી જાય? ગાંડો થઈ જાય. લોકો એમ કહે કે આ ગાંડો થઈ ગયો. ઈ સાજો છે અંદર. ગાંડો નથી પણ એ સાજો છે, બાકી દુનિયા ગાંડી છે. દુનિયા કેમ ગાંડી છે? કે જ્યાં સુખ નથી એની પાછળ દોડે છે. જે પુદ્ગલ પરમાણુની સામગ્રીઓ છે, જ્યાં સુખનું નામનિશાન નથી એની પાછળ દોડે છે એટલે દુનિયા ગાંડી છે. આ સુખના સાગર પાછળ દોડ્યો છે. ભલે ગાંડો થઈને દોડ્યો. એ ડાહ્યો છે.

'એવું મારું અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે, અને પરિણતિ અંતરમાં જાય તો અનુભવ થઈ શકે એવું છે.' એ તો અનુભૂતિસ્વરૂપ જ છે. અનુભવ એમાંથી પ્રગટવાનો છે. પોતે સ્વસંવેદનસ્વભાવી છે એ તો. **'ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી.'** હવે જુઓ પોતાના ભૂતકાળને યાદ કરે છે. એમની વાણી પ્રત્યક્ષ સાંભળતા હતા.

અપૂર્વ સ્વભાવ દર્શાવતા હતા. વાણીમાં પણ અપૂર્વતા લાગતી હતી. કેમકે અપૂર્વ સ્વભાવને એ કહેતા હતા. જો તારો સ્વભાવ આવો અપૂર્વ છે. કહેતાને, આ આત્મા ત્યાં અપૂર્વતા આવે છે. જ્ઞાનાનંદ, નિર્મળાનંદ, નિત્યાનંદ (એમ કહેતા કહેતા) રસવિભોર થઈ જતા, આત્મરસમાં વિભોર થઈ જતા. એટલે પછી તીર્થંકરપ્રકૃતિનો ભાવ ઉઠે છે એ પણ ઝેર લાગે છે. કેવો લાગે છે? ઝેર લાગે છે. (કેમકે) આનંદ અંદર જોયો છે.

'ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી. તેઓ આત્માની અપૂર્વતા, આત્માનો ચમત્કાર, આત્માની મહિમા બતાવતા હતા.' બતાવતા હતા. મહિમા એમની વાણીમાં પણ આવતો હતો અને પ્રગટ પણ થતો હતો એમની દશામાં. એ ઘણા દાખલા આપતા હતા. શેઠનો-વાણિયાનો એક દાખલો આપતા હતા. પહેલા તો આજુબાજુના ગામડામાં જાયને તો ઉઘરાણીએ ચાલીને જાય. ગાઉ-બે ગાઉ ચાલી નાખે. ખાધે-પીધે પણ એવા જ હોય અને પરિશ્રમ પણ એટલો કરી શકે. બે-ચાર ગામડાની ઉઘરાણી કરીને સાંજે ઘરે વયા આવે ચાલીને. એમાં એક ગામડે પહોંચ્યા. તરસ લાગેલી. તરસ લાગી એટલે એક ખેડૂત કે ભરવાડના ઘરે ગયા. પાણી-બાણી પાશો? તો કહે હા, શેઠસાહેબ આવોને. જોયું હોય કપડા-બપડા ઉપરથી. કોટ-બોટ પહેર્યો હોય, પાઘડી-બાઘડી ખેસ નાખ્યો હોય. આવો શેઠ. લાવો પાણી. ઓલો પાણી લેવા ગયોને એના ખીચામાં રૂમાલમાં એક મોતી મોટું વીંટી રાખેલું. બહુ સરસ હતું. એ જોવા માંડ્યા. જોતા જોતા બબડવા માંડ્યા. કાંઈ પાણી છે. આ મોતીમાં કાંઈક પાણી છે. એટલું પાણીયાળું છેને. પાણીનો દરિયો છે અંદર. પાણીનો દરિયો કીધો. ઓલો સાંભળે પડખે ઊભો-ઊભો. અંદર પાણીનો દરિયો હોય તો મારી પાસે લોટો પાણી શું કરવા મંગાવ્યું? પાણીનો કળશો મગાવ્યો. પાણી પાવ. અંદર પાણીનો દરિયો ઉછળે છે તમને. મારી પાસે તો પાણીનો લોટો મંગાવો છો. તો એમાંથી પી લ્યોને. તો કહે બાપુ એ પાણી નહિ કહે. આ પાણી જુદું અને આ મોતીનું પાણી જુદું. તો એ કહે એ કેમ ખબર પડે? તો કહે, એ નજર હોય તો ખબર પડે. શું કીધું? એ નજર હોય તો ખબર પડે.

હવે ત્યાં દૃષ્ટાંતમાં શું લેવું છે કે એ ખેડૂતે મોતી હાથમાં લઈને જોયું. આમાં તો કાંઈ છે નહિ પાણી. તમે શું પાણી-પાણી કહો છો? તો કહે એમાં પાણીનો દરિયો છે. ત્યારે ખેડૂતે જોયું કે આ એવું કાંઈક જોવે છે આ જોવે છે એ જોઈને બોલે છે. આ મોતીની અંદર એવું કાંઈક એ જોવે છે એ જોઈને બોલે છે. મોતી તો હું પણ જોવ છું. મને કાંઈ દેખાતું નથી. એ કાંઈક જોઈને બોલે છે.

એમ મહિમા કરે છે, ગુરુદેવ આત્માનો મહિમા બતાવે છે એ જોઈને બોલે

છે. કેમ ખબર પડે? નજર હોય તો. એ જોઈને બોલે છે. ભલે આપણને આત્મા નથી દેખાતો, મુમુક્ષુને આત્મા ભલે નથી દેખાતો, પણ એ એટલું સમજી શકે કે આ જોઈને બોલે છે, આ જોઈને બોલે છે, અંદર કાંઈક જોઈને બોલે છે. નહિતર આવી રીતે ભાવ આવે નહિ. ઘણા એવી રીતે નકલ પણ કરે. ગુરુદેવ આહા..હા..! આહા..હા..! આહા..હા..! કરતા હતા. એવું પણ કરે કોઈ. એ ખબર પડી જાય કે આ આર્ટિફિશયલ છે (અને) આ અસલ છે. ખબર પડી જાય.

એમ ગુરુદેવ '**આત્માનો ચમત્કાર, આત્માની મહિમા બતાવતા હતા. તે વાતને પોતે અંતરમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને, મને નથી દેખાતો તોપણ આત્મા મહિમારૂપ છે એમ નક્કી કરવું.**' વિચારથી નિર્ણય (કરે). ભલે મને નથી દેખાતું. પણ આટલો-આટલો મહિમા કરે છે, દિવ્યધ્વનિ પણ એનો મહિમા કરતાં-કરતાં ટૂંકી પડે છે, વસ્તુ કેવી હશે! કેટલી મહિમાવંત હશે! એમ વિચારમાં એનો મહિમા તો રાખવો. પછી જિજ્ઞાસાથી શોધ કરે. મહિમા આવે તો એની જિજ્ઞાસા (થાય). એના નક્કી કરેલા મહિમાના પ્રમાણમાં જિજ્ઞાસા આવશેને? ખોજ પણ એના પ્રમાણમાં થશેને?

જેટલી કિંમતી ચીજ ખોવાણી હોય એના પ્રમાણમાં એની શોધ ચાલે. કોડી ખોવાઈ ગઈ હોય તો કાંઈ રાત દિ' ગોતે? છોકરો ખોવાઈ ગયો હોય તો રાત દિ' ગોતે. કોડીની પાછળ કાંઈ એટલી શોધ ન કરે. એમ એની કિંમત હોય એના પ્રમાણમાં ખોજ ચાલે. પહેલા એવી રીતે વિચારીને કિંમત આવી હોય, પછી એની ખોજ કરે. તો એ બરાબર જ્ઞાન કામ કરે અને આડું-અવળું જાય નહિ. ખોજ કરે તો આડુંઅવળું જાય નહિ. આ જે આડુંઅવળું જાય છેને એ વીંખી નાખે છે. એના પુરુષાર્થને વીંખી નાખે છે, એની શોધને વીંખી નાખે છે. જે પરલક્ષ ઉડાડવાનું, તોડવાની જે વાત છે, મટાડવાની વાત છે એની પાછળ હેતુ છે કે એટલું બધું પરલક્ષ ખસી જાય, એટલું બધું ખસી જાય કે પોતાને ને પોતાને ખ્યાલ ન રહે કે શું ખાધું, પીધું, શું કરું છું. ભૂલી જાય બધું. વિશેષ લઈશું...

તા. ૩-૨-૧૯૯૭, પ્રશ્ન-૧૧૯, ૧૨૦
પ્રવચન નં. ૭૯

સ્વાનુભૂતિદર્શન પાનું-૮૮. ૧૧૯નો છેલ્લો પેરેગ્રાફ બાકી છે. થઈ ગયો હતો પૂરો? છેલ્લો બાકી છે. '**ગુરુદેવની વાણીની પાછળ અપૂર્વતા હતી.**' ગુરુદેવની વાણી વર્ષો સુધી સાંભળ્યા પછી પણ એમને—બહેનશ્રીને અપૂર્વતા લાગતી હતી. પોતાની અંદરમાં અપૂર્વ—અપૂર્વ ભાવો થાય અને એ ભાવોમાં વાણી નિમિત્ત પડે એટલે પણ અપૂર્વતા લાગે અને ગુરુદેવના ભાવો પણ અપૂર્વ નીકળતા હોય, એવું પણ એમને પોતાને સ્પષ્ટ જ્ઞાનમાં પ્રતિભાસતું હોય, દેખાતું હોય. બેય વાત બને છે એની અંદર. એટલે ગુરુદેવની વાણી પાછળ એમના ભાવો જે છે એમાં અપૂર્વતા હતી. અને પોતાને પણ અપૂર્વતા ભાવમાં ઉત્પન્ન થતી હતી. એ રીતે એની એ વાત કહે છે (એટલે) કંટાળો આવે એવું નહિ. અભિપ્રાયમાં તો વાણી નીકળ્યા પહેલા જ એવો અભિપ્રાય હોય કે કેવા અપૂર્વ ભાવો આવશે? એની જિજ્ઞાસામાં રહે. કેવા કેવા એમને અપૂર્વ ભાવો નીકળશે? અપૂર્વ સ્વભાવનો રસ કેવો પ્રગટ કરશે? કેવો પ્રગટ થશે એમની વાણીમાં? એવી જ રીતે પહેલેથી ટાંપીને બેઠા હોય. એમ નહિ કે રોજ એનું એ કહે છે. એવું નહિ.

એવી '**ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી. તેઓ આત્માની અપૂર્વતા,...**' જુઓ! આત્માની અપૂર્વતા, સ્વભાવની અપૂર્વતા '**આત્માનો ચમત્કાર,...**' આત્મા પોતે ચૈતન્યચમત્કારિક વસ્તુ છે. વિચાર કરો તો અહીંયાં પણ સમજી શકાય એવું છે કે ચણાની દાળ જેટલી અહીંયાં (આંખમાં) ખુલ્લી જગ્યા છે જ્યાં પ્રતિબિંબ પડે છે. મોટા હિમાલયનું માપ કાઢે કે આ હિમાલયનું શિખર ૨૫ હજાર ફૂટ ઊંચું હશે. સેંકડો માઈલમાં પથરાયેલો હિમાલય હોય એને આટલી જગ્યામાં જોઈને એનું માપ કાઢે. એથી લાખો યોજન દૂર ચંદ્ર, તારા, સૂર્ય છે એના દૂરવર્તી ક્ષેત્ર છે એનું માપ કાઢે. જગ્યા કેટલી? આટલી.

મુમુક્ષુ :- એ પણ પોતાનું સ્વક્ષેત્ર છોડ્યા વિના.

પૂજ્ય ભાઈશ્રી :- અને એ પણ અંદર રહીને, ત્યાં ગયા વગર. જમીનની અંદર હજાર, બે હજાર, ત્રણ હજાર મીટર (નીચે) પેટ્રોલિયમ પડ્યું હોય એનું માપ કાઢે

કે આટલો જથ્થો, આટલો ડિપોઝિટ ત્યાં પડ્યું છે. સોનાની ખાણમાં પથરા સાથે સોનાના પાર્ટિકલ જોઈને આટલા ટન સોનું નીકળશે અહીંથી (એમ કહે). કેટલું? તોલા નહિ. આટલા ટન સોનું આ ખાણમાંથી નીકળશે એનું માપ કાઢે. આ તો હજી ઊંધું જ્ઞાન છે, વિપરીત જ્ઞાન છે, ડહોળું પાણી છે એમાં આટલું પ્રતિબિંબ પડે છે. નિર્મળ પાણી હોય તો કેવું પ્રતિબિંબ પડે? ડહોળા પાણીમાં આવું પ્રતિબિંબ પડે. ડહોળા પાણીમાં પણ પ્રતિબિંબ પડે હોં! દૂરથી જુઓ, ચોમાસામાં તળાવ ભરાઈ ગયું હોય, પાણી ડહોળું હોય. દૂરથી જુઓ તો કાંઠે જે ઝાડ હોયને એનું પ્રતિબિંબ નીચે પડતું હોય. એવો જ્ઞાનનો અતિશય છે, ચૈતન્યચમત્કાર છે. અને મુનિરાજ અંતર્મુહૂર્ત સ્વરૂપમાં સ્થિર થાય ત્યાં કેવળજ્ઞાન પ્રગટ કરે. એક ઘડીનું કોન્સનટ્રેશન ગુણોની અનંતતાને પ્રગટ કરી દ્યે એવો ચમત્કારિક પદાર્થ છે.

'આત્માની અપૂર્વતા, આત્માનો ચમત્કાર, આત્માની મહિમા બતાવતા હતા.' લૌકિક ગુણો દોષમાં ખપે. લૌકિક ગુણો છે એ તો દોષમાં ખપે. કેમકે લૌકિક ગુણોમાં તો શુભભાવો હોય છે. એ તો દોષમાં ખપે. તો ગુણ કેવા હશે? જેમકે ઈસુ ખ્રિસ્તે એમ કીધું કે તેં મને અહીંયાં એક ગાલે લાફો માર્યો છે, હું તો તને ક્ષમા આપું છું. હજી બીજો ગાલ મારો ખાલી છે. તારી ઈચ્છા હોય અને તારી આકુળતા શાંત થતી હોય તો મને કાંઈ વાંધો નથી. લોકો આફરીન થઈ જાય કે આવી રીતે ક્રોધ કરનારને પણ ક્ષમા આપે! ત્યારે અહીંયાં જિનમાર્ગમાં એમ કહે છે કે એ તો માત્ર શુભભાવ છે. શુદ્ધભાવ પાસે તો એ અપરાધ છે હજી. શુદ્ધભાવ પાસે તો એ અપરાધ છે.

આમને ત્યાં એક આવ્યા હતા. કોઈ માણસ નિઃસ્વાર્થપણે લોકોની સેવા કરતો હોય, એમણે દાખલો આપ્યો હતો મધર ટેરેસાનો, જુઓ એને કાંઈ નથી. લોકોની, જગતના કોઈપણ મનુષ્યોના ભેદભાવ વગર, આ ભારતનો માણસ છે કે આ પશ્ચિમના દેશનો છે, કાંઈ ભેદભાવ વગર બધાને માનવપ્રેમથી કોઈની પણ એ સેવા કરવા તૈયાર છે અને એમાં પણ જે જરૂરતમંદ છે, ગરીબો છે એની પ્રેમથી સેવા કરે છે. એને તો મોક્ષ મળવો જ જોઈએને. એને શા માટે મોક્ષ ન મળે? એમ કહે. એને ક્યાં પોતાનો સ્વાર્થ છે? લોકો જેને ગુણ છે એને જિનમાર્ગને વિશે દોષ કહે છે. કેમકે એ તો કેવળ શુભભાવ છે. એ કોઈ શુદ્ધભાવ નથી.

મુમુક્ષુ :- આમાં માન તો ગર્ભિત તો છે જ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો થઈ જ જાય. પણ એ તો એ લોકોને સમજાય નહિ એમાં માન કેટલું સેવાય છે. એથી વધારે ખરાબ તો એ છે કે એમાં કર્તાબુદ્ધિ ઘણી સેવાય જાય છે. હું બીજા જીવોનું સુખ-સગવડ-ભલું કલ્યાણ કરી શકું છું એવું

જે કર્તૃત્વ દઢ થાય છે એની તો ખબર પડતી નથી. અને એ કર્તૃત્વમાં મિથ્યાત્વ દઢ થાય છે અને એ મિથ્યાત્વ અનંત જન્મ-મરણનું બીજ છે એમાં એ કાંઈ ખબર નથી. એ બહુ દઢ થઈ જાય. સૌથી વધારે જો નુકસાન થતું હોય તો એ કર્તૃત્વ દઢ થઈ જાય અને એ મિથ્યાત્વરૂપી મોટો અપરાધ છે. લોકો જેને ગુણ કહે છે ત્યાં પણ આવો મોટો દોષ પડ્યો છે એવી ઝીણી નજર, ગુણ-દોષનું સૂક્ષ્મ એનાલિસિસ જૈનદર્શન સિવાય કોઈ કરી શકે નહિ. એવો વિષય છે.

મુમુક્ષુ :- સુખબુદ્ધિ, આધારબુદ્ધિ કરતા પણ કર્તાબુદ્ધિ મોટો અપરાધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી એમાંથી બધું થાય. કર્તાબુદ્ધિ આવેને ત્યાં સુખબુદ્ધિ, આધારબુદ્ધિ (બધું આવી જાય). કર્તાબુદ્ધિની બીજી સાઈડ છે ભોક્તાબુદ્ધિ. જેમ રાગની બીજી સાઈડ દ્વેષ છે. એક સિક્કાની બે બાજુ જેવી. બીજી બાજુ દ્વેષ જ ઊભો છે. એમ કર્તાબુદ્ધિના સિક્કાની પાછળ ભોક્તાબુદ્ધિ ઊભી છે. જ્યાં કર્તાપણું આવે ત્યાં ભોક્તાપણું એની પાછળ હોય, હોય ને હોય જ. એ ભોક્તાપણામાં સુખબુદ્ધિ પડેલી છે. સુખબુદ્ધિની પાછળ આધારબુદ્ધિ પડી છે. આમ એની લંગર લાંબી લાગેલી છે. એ જીવોને ખબર નથી. કેમકે એ જાતનું વિજ્ઞાન અને એ જાતનું સાયન્સ એમની પાસે છે નહિ. સારા કાર્યો કરવાનો ઉપદેશ છે. ઉપદેશ બધા આસ્તિક્ય દર્શનોમાં છે. અને ઉપદેશ તો મુસલમાન અને ક્રિશ્ચિયનમાં પણ છે. જ્યાં તત્ત્વજ્ઞાન નહિવત્ છે એવા ધર્મોની અંદર પણ ઉપદેશ તો છે. અને જૈનધર્મમાં પણ ઉપદેશ તો છે. ઉપદેશબોધ છેને? ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ. એમાં ઉપદેશબોધ છે.

આ વખતે સુરતમાં સ્વાધ્યાયમાં એક વાત ચાલી ગઈ હતી. કેમકે ૫૦૬ નંબરનો પત્ર એમણે લેવડાવ્યો હતો. કૃપાળુદેવે એક બહુ સરસ વાત લખી છે કે સિદ્ધાંતબોધને કારણભૂત થાય એવો ઉપદેશબોધ છે જૈનદર્શનમાં. જ્યારે અન્ય દર્શનોમાં ઉપદેશબોધ છે, પણ સિદ્ધાંતબોધને કારણભૂત થાય એવો ઉપદેશબોધ નથી ત્યાં. સિદ્ધાંતબોધ એટલે દ્રવ્યાનુયોગ પરિણમે એવું કારણ બને છે. તો એવું કારણ ક્યારે બને? કે દર્શનમોહ મંદ થાય. તો જૈનદર્શનમાં ઉપદેશબોધ છે એ દર્શનમોહ મંદ થાય એવો છે કે જેથી દ્રવ્યાનુયોગ પરિણમે. એ વાત ૪૬૬માં લીધી છે કૃપાળુદેવે. દર્શનમોહની મંદતા અથવા દર્શનમોહની નિવૃત્તિ અને સત્પુરુષના ચરણકમળ... બે-ત્રણ વાતો લીધી છે. એ દ્રવ્યાનુયોગ પરિણમવાનું કારણ થાય છે.

ઉપદેશબોધ ઉપદેશબોધમાં ફર્ક છે. કેમ ફર્ક છે ત્યાં? કે ત્યાં પદાર્થનું વિજ્ઞાન નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પદાર્થનું કોઈ વિજ્ઞાન નથી. બસ! સારું કરો, સારું કરો એ જૈનદર્શના ઉપદેશબોધથી સારું સારું લાગ્યું એટલું લીધું. પણ જૈનદર્શનમાંથી તમે

લીધું પણ એ સારાની પાછળ શું રહસ્ય છે સિદ્ધાંતબોધનું એ પકડી ન શક્યા. એમાં ચાંચ ન બૂડી. એટલે જે સારું ફિલ થયું, સારું લાગ્યું એવું લીધું અને એના ઉપર વિસ્તાર કર્યો, એનું લૉજક કર્યું, એના ઉપર યુક્તિઓ કરી. એ બધું ચાલ્યું.

'આત્માનો ચમત્કાર અને આત્માની મહિમા બતાવતા હતા. તે વાતને પોતે અંતરંગમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને, મને નથી દેખાતો તોપણ આત્મા મહિમારૂપ છે એમ નક્કી કરવું.' એ રીતે નક્કી કરવું. અંતરમાં મેળવણી થાય તો મેળવણી કરવી અને ન દેખાતો હોય, મેળવણી થાય તો મહિમા ઘણો આવે, નહિતર ન દેખાતો હોય તોપણ મહિમાવંત પદાર્થ છે એટલું તો નક્કી કરવું, એટલો તો નિશ્ચય રાખવો. જેમ હીરો ભલે ન ઓળખી શકતા હોય તોપણ સાચવીને રાખવો. આપણને સોનાની કસોટી ઉપર પરીક્ષા ન આવડતી હોય તોપણ સોનાના દાગીનાની કિંમત તો રાખવી, નક્કી કરવી જ કે આ આટલા હજારનો એક ચેઈન છે, પણ પાંચ-છ હજાર રૂપિયાની કિંમત થાય. એમ ને એમ કાંઈ ગમે ત્યાં મૂકીને ચાલતા થવાય નહિ. માથામાં નાખવાનું બક્કલ ૨૫-૫૦ રૂપિયાનું ગમે ત્યાં મૂકીને, રેઢું મૂકીને ઘરકામ કરે, પણ સોનાનો દાગીનો કાંઈ રેઢો મૂકીને ઘરકામ કરાય નહિ. એને તો સાચવીને મૂકવો જોઈએ. જો થોડી વાર એને કાઢી નાખવો હોય તોપણ એને ઠેકાણે મૂકવો જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કોઈપણ ઉદય પાછળ જ્યારે પરિણામ લંબાય છે તે કર્તાબુદ્ધિને લીધે લંબાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- તપાસવું જોઈએ. લંબાય છે એમાં ભોક્તાબુદ્ધિ છે, સુખબુદ્ધિ છે, કર્તાબુદ્ધિ છે, મમત્વની એકત્વબુદ્ધિ છે? શું છે એ પોતે તપાસવું જોઈએ. દરેકને પ્રકાર જુદો-જુદો આવે. મિથ્યાત્વ એમાં કોમન છે. બધાયમાં મિથ્યાત્વ છે એ કોમન છે.

એ **'મને નથી દેખાતો તોપણ આત્મા મહિમારૂપ છે એમ નક્કી કરવું. પોતે વિચાર કરીને તેમ જ શાસ્ત્ર દ્વારા,...'** પોતાના વિચારથી અને શાસ્ત્રને માન્ય રાખીને અને **'ગુરુની વાણી દ્વારા...'** ગુરુની વાણીને પણ માન્ય રાખીને. **'યુક્તિથી અંતર ચૈતન્યનો સ્વભાવ ઓળખીને નક્કી કરે.'** યુક્તિ પણ લ્યે કે 'પશ્ચાત દુઃખ તે સુખ નહિ.'

મુમુક્ષુ :- છેલ્લે વાત તો પાછી ઓળખાણ ઉપર લઈને જ આવ્યા. ભલે યુક્તિથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સરવાળે ઓળખીને નક્કી કરે. ઓળખવું તો જોઈએ, ઓળખ્યા વગર સાચો મહિમા નહિ આવે.

મુમુક્ષુ :- અહીંયાં ઓળખીને કરવું એટલે પરિણમન થયા પછી જ ઓળખાયને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ભાવભાસન. એટલે પોતાના ભાવોનું અવલોકન કરીને, પરિચય કરે અને પરિચય કરીને ઓળખે.

'જે સ્વભાવ હોય તે અમર્યાદિત હોય,...' આ ન્યાય છે એનો. **'જે સ્વભાવ હોય તે અમર્યાદિત હોય,...'** ભલે અગ્નિનો તણખો છે, પણ એક ચિનગારીમાં બાળવાનો સ્વભાવ અમર્યાદિત છે. સ્વભાવ હોય તે અમર્યાદિત છે. તણખો નાનો છે માટે એની બેદરકારી ચાલે નહિ. આ આગ લાગી જાય છે, રાંધતા-રાંધતા કોઈ તણખો નાયલૉનની સાડી ઉપર પડે એટલે સીધી સાડીને પકડે. એ રીતે બેદરકારી, તણખો છે માટે બેદરકારી રાખીએ એમ નહિ. સ્વભાવ એનો અમર્યાદિત બાળવાનો છે. સ્વભાવ હોય તે મર્યાદિત હોય નહિ.

'વળી જે આનંદને ઈચ્છી રહ્યો છે તે તત્ત્વમાં અનંત ને અપૂર્વ આનંદ ભરેલો હોવો જોઈએ...' પોતા આનંદને ઈચ્છે છે અને અંદર આનંદ ભર્યો છે એમ ભગવાન કહે છે તો કેટલો આનંદ ભર્યો છે? કે જેની હદ નથી. આનંદનો દરિયો છે, પણ તળિયા વગરનો દરિયો છે. આ બધા મહાસાગરોમાં નીચે તળિયું છે. પણ અંદર જે આત્મામાં આનંદ છે, આત્મામાં શાંતિ છે, આત્મામાં સુખ છે એને કોઈ હદ નથી. કેટલો આનંદ છે! કેટલી શાંતિ છે એમ જ્યાં ઉપયોગ અંદર લંબાવે તો ઉપયોગ થંભી જાય એવું છે. એ ઉપયોગની અંદર ઊંડા ઉતરવું પડેને. ઊંડો... ઊંડો... ઊંડો... ઊંડો... ઊંડો જાય ત્યાં અંદર સ્થિર થઈ જાય. એવી રીતે સ્વભાવમાં ઉપયોગ જાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપ ઘણી વાર કહો છે, જ્ઞાનને બંધ કરીને દેખાડ.

પૂજ્ય ભાઈશ્રી :- બંધ તો થઈ શકે એવું છે જ નહિ. પણ અહીંયાં પોઝિટીવલી લ્યો તો જ્ઞાન કેટલું છે? કે જેની કોઈ હદ નથી એટલું છે. બેહદ જ્ઞાન હોવાથી આત્માના સર્વ પ્રદેશેથી ઉભરાઈ ઉભરાઈને બહાર આવે છે. એના ઉભરાને પણ ખાળી શકાય એવું નથી. પ્રદેશે-પ્રદેશેથી બહાર આવી રહ્યું છે. અકષાય સ્વભાવ પણ એનો અનંતો છે. એટલે સુખ-શાંતિ અને આનંદનો સ્વભાવ પણ અનંતો છે. એ જીવને જોઈએ છે. શાંતિ, આનંદ, સુખ તો જોઈએ છે. કહે છે કે બેહદ અંદર ભર્યું છે. બહારનો દરવાજો બંધ કરી દે તું. બહારના શટર બંધ કરી દે.

પરમાણુ કોણ કેવા છે એનું તારે શું કામ છે? અને બીજા જીવો કોણ કેવા છે એનું પણ તારે શું કામ છે? બે જ પદાર્થ છે—જડ અને ચૈતન્ય. આ જીવને અન્યની કુતૂહલવૃત્તિ છે એ બહિર્મુખ કરે છે. એટલે અંતર્મુખ થવાની દિશા બંધ થઈ જાય છે. શું કામ છે? કોઈનું મારે પ્રયોજન નથી. હું આત્માનું કલ્યાણ કરવા નીકળેલો એક જીવ છું. કેવી રીતે લેવું છે? કે હું આત્માનું કલ્યાણ કરવા નીકળેલો

એક જીવ છું અને મારે મારા આત્મકલ્યાણ સિવાય કાંઈ લેવા-દેવા નથી. જગત વિચિત્રતાથી ભરેલું છે. પુદ્ગલોના પરિણામ અને જીવોના પરિણામ ચિત્ર-વિચિત્ર થવા એ જગતનો સ્વભાવ છે. ત્રણે કાળે જગત એમ રહેવાનું છે. મારે એનાથી કાંઈ પ્રયોજન નથી. એમ જગત બાજુથી આંખ મીંચી લેવી જોઈએ. તો અંદર ઊંડો ઉતરે સ્વભાવમાં. નહિતર સ્વભાવ બાજુ વળી શકાય એવું નથી. અનાદિથી નથી વળ્યો.

'**જે આનંદને ઈચ્છી રહ્યો છે તે તત્ત્વમાં અનંત ને અપૂર્વ આનંદ ભરેલો હોવો જોઈએ...**' એ એનું લોજિક છે. એમ હોવું જ જોઈએ. '**તથા આનંદ કોઈ બીજાના આશ્રયે ન થાય-સ્વયંથી થાય.**' કેમકે બીજી બાજુ ખેંચાતા આકુળતા થાય છે. બહારમાં પરપદાર્થ તરફ ખેંચાતા જ્ઞાન ખેંચાય તો આકુળતા સાથો સાથ જન્મે છે. અંદર ઠરે તો શાંતિ થાય છે. જેટલો અંદર ઠરે એમાં શાંતિ થાય છે. આમ અનુભવથી અને યુક્તિથી નક્કી કરે. '**આમ અંતરમાં પોતે મેળવીને નક્કી કરે, મહિમા લાવે અને તે બાજુનો પુરુષાર્થ કરે...**' અંતર્મુખી પુરુષાર્થ કરે. '**તે આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય છે.**' આ રીતે ઓળખે તો ખરેખર (મહિમા આવે). ન્યાયથી, લોજિકથી, પરિચયથી ઓળખે તો એનો ખરેખરો મહિમા આવે. અનંત મહિમાવંત પદાર્થ છે. અનંત દિવ્યગુણોથી સંપન્ન અને સમૃદ્ધ હોવાથી ગુણોની સમૃદ્ધિ પણ અનંતી છે. એવો અનંત મહિમાધારી પદાર્થ છે. અને એને ઓળખે એટલે મહિમા પણ એવો જ જોરથી આવે, ઉછળી-ઉછળીને આવે. જ્યાં સુધી એ ઉછાળો ન આવે ત્યાં સુધી જગતના જડ પદાર્થોનો મહિમા હજી ગયો નથી. અહીંયાં ઉછાળો આવે એટલે ઓલો મહિમા જાય, ટળી જાય. એમાં કાંઈ નથી હવે, બધું નકામું છે.

અહીંથી અમેરિકાની વાતો સાંભળેલી. ત્યાં તો આમ છે અને તેમ છે. ત્યાં ગયા તો સાવ ભ્રમ ભાંગી ગયો. અહીંયાં બધા આના વખાણ ખરે છે? અહીંયાં તો કાળો કાગડો પણ જોવા મળતો નથી. ચકલા-પક્ષી પણ જોવા ન મળે. નવિનતા ઈ હતી. એટલી ઝાડી. નહિતર ઝાડીમાં તો પક્ષીઓ રહે. એનું નિવાસ્થાન ઝાડ છે. (એક પક્ષી) જોવા મળે નહિ. રસ્તા ઉપર કૂતરા જોવા મળે નહિ, આકાશમાં પક્ષી જોવા મળે નહિ, માણસ જોવા મળે નહિ. એવું સાવ સૂમસામ ભેંકાર લાગે બહાર નીકળો એટલે. રેસિડેન્સીયલ એરિયા. બજારનો એરિયા ડાઉન ટાઉન કહે છે એ તો આખા મેઈન સીટીનો પાંચ-દસ ટકા જ ભાગ છે જ્યાં મોટા મોટા મકાનો છે. બાકી તો સાવ બધા બેઠા ઘાટના બધા લાકડાના હાઉસ છે. બહારથી તો જરાય એ મકાનોની સુંદરતા ન લાગે. અહીંયાં તો આપણે બધા બંગલા બહુ ઘાટીલા અને બધા ટેકનિકલી સુંદર બનાવ્યા હોય છે. અંદર ફર્નિચર બર્નિચર બધું સારું સોફા-

બોફા, ગાલીચા-બાલીચા. બહારથી તો સાવ સાધારણ લાગે. ચીમની કાઢી હોય ને એવું બધું. ચીમની કાઢવી જ પડેને. ચીમનીવાળા બધા મકાનો. તાજમહેલ જોયો ત્યારે એવું જ લાગ્યું. ઈતિહાસ ભણેલા તો તાજમહેલનું બહુ જ વર્ણન આવેલું. જોયું કે આ તો પાણા ઉપર પાણો ખડક્યો છે, એમાં બીજું કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- એક જાતની મસ્જિદ જ કહેવાયને?

પૂજ્ય ભાઈશ્રી :- કબર—કબ્રસ્તાન. મસ્જિદ શેની? કબ્રસ્તાન છે એ તો. મુમતાઝને અને શાહજહાંને બેયને ત્યાં દાટ્યા છે. બીજું કાંઈ નથી, કબ્રસ્તાન જ છે. મકબરો જ કહે છેને એ લોકો. કબર ઉપરના મકાનને મકબરો કહે છે ઉર્દુમાં. બીજું કાંઈ નથી.

જગતનું આશ્ચર્ય ભૂલ એમ કહે છે. હે જીવ! તું જગતનું આશ્ચર્ય ભૂલ. કેમકે એમાં તને મહિમા આવે છે. મહિમા કાંઈ છે નહિ એમાં. એ બધા પરમાણુ ગમે ત્યારે વીખરાઈ જશે. અમને કોકે પૂછ્યું, કેમ લાગ્યું તમને અમેરિકા? મેં કીધું, ફરીને ન આવવા જેવું. નહિતર એમ કહેને કે ફરીને આવવાનું મન થાય. ફરીને આવવાનું મન થાય એવું નથી. કેમકે એવું અહીં કાંઈ છે નહિ. આકર્ષણ થાય એવું કાંઈ અહીંયાં છે જ નહિ. આકર્ષણ ક્યાં થાય? કે જ્યાં એવા આત્માર્થી જીવો હોય, જ્ઞાનીઓ હોય, ધર્માત્મા હોય. ત્યાં એ જાતનો સૂક્ષ્મ સત્સંગ ચાલે, સૂક્ષ્મ વિષયો ચાલે અધ્યાત્મના. એવી શક્યતા હોય. ત્યાં કોઈને અભ્યાસ ન મળે. બધું જાડું-જાડું કાંતવું પડે. જાડું કાંતો તોપણ એમ કહે કે ઝીણું પડે છે. એવું છે બધું. અભ્યાસ ન મળે કોઈને. પડી નથી. કો'ક નીકળે, કો'ક જીવ ભાવનાવાળો કો'ક એકાદો નીકળે. બાકી કાંઈ ન મળે.

મુમુક્ષુ :- આત્માર્થી જીવો મળવા દુર્લભ થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં આત્માર્થી જીવો મળવા દુર્લભ છે, ત્યાં ક્યાંથી કાઢવા?

મુમુક્ષુ :- જ્ઞાનીપુરુષોની દુર્લભતા કેટલી.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી.

'**તે આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય આ છે.**' આત્માનું માહાત્મ્ય લાવવું જોઈએ. તો પરિણામ ખેંચાય એ બાજુ. જેનું માહાત્મ્ય હોય એ બાજુના પરિણામ ખેંચાય. જેનો મહિમા હોય એ બાજુનું આકર્ષણ રહે. એ થયો ૧૧૯.

પ્રશ્ન-૧૨૦

પ્રશ્ન :- જ્ઞાનીની મુદ્રાનું નિદિધ્યાસન કરવાથી જ્ઞાની ઓળખી શકાય છે?

સમાધાન :- સત્પુરુષની મુદ્રા દ્વારા તેનો આત્મા શું કરી રહ્યો છે તે ઓળખી શકાય છે, પણ પોતાની પાત્રતાની એટલી તૈયારી હોવી જોઇએ ને? મને અંતરમાં સત્ સ્વરૂપ કેમ પ્રગટે? તેવી સત્ ની જિજ્ઞાસા જેને જાગે છે તે, જેને સત્ પ્રગટ થયું છે તેવા સત્પુરુષને વાણી દ્વારા ઓળખી શકે છે, પરંતુ તેને પોતાને જ્ઞાનીને ઓળખવાની તૈયારી હોવી જોઇએ. સત્ તરફની રુચિ હોય તો જ્ઞાની શું કરે છે તે પણ મુદ્રા દ્વારા ઓળખી શકે છે. ૧૨૦.

પ્રશ્ન ૧૨૦ ઉપર પ્રવચન

૧૨૦. '**પ્રશ્ન :- જ્ઞાનીની મુદ્રાનું નિદિધ્યાસન કરવાથી જ્ઞાની ઓળખી શકાય છે?**' હવે આ ૧૭૨મો પત્ર છેને, નિદિધ્યાસન શબ્દ વાપરેલો. એ અહીંયાં પ્રશ્નમાં ઉઠાવ્યો છે.

'**સમાધાન :- સત્પુરુષની મુદ્રા દ્વારા તેનો આત્મા શું કરી રહ્યો છે તે ઓળખી શકાય છે, પણ પોતાની પાત્રતાની એટલી તૈયારી હોવી જોઈએ ને?**' એમ કહે છે. એટલી યોગ્યતા, પાત્રતા એમાં જે નિર્મળતા આવે છે એ આવ્યા વિના (ઓળખી ન શકાય). એ તો માણસના ચહેરા જેવો માણસનો ચહેરો લાગે. કેમકે બીજી તો કાંઈ ખબર પડે નહિ. પણ જો પોતાની પાત્રતા હોય તો એમની મુદ્રા દ્વારા એમના ભાવો શું ચાલી રહ્યા છે તે ઓળખી શકાય છે, સમજી શકાય છે. ગમે તેવા ઉદયમાં પણ એમની જ્ઞાનધારા, અંતર્મુખી પરિણામની ધારા ચાલે છે અને એ ચાલવા અંગેનો એમનો પુરુષાર્થ પણ વર્તે છે. એ પુરુષાર્થના જો દર્શન કરે તો મસ્તક નમી પડ્યા વિના રહે નહિ.

અમે ૨૦૧૭ની સાલમાં ગુરુદેવની સાથે ગિરનારની યાત્રામાં હતા. પાંચમી ટૂંકે

જવું હતું. પહેલી ટૂંકે રાત રોકાણા હતા. અને ઠંડી કહે મારું કામ. પવનનો સુસવાટો બહુ હતો. ઠંડો, ઊંચા લેવલ ઉપર તો પવન પણ વધારે ઠંડો હોય અને વધારે ગતિમાં પણ હોય. એટલો સુસવાટો કે ચાલતા ચાલતા પગ ફગી જાય. આઘો—પાછો પડી જાય પગ. એટલો પવનનો સુસવાટો અને ઠંડો એટલે કેવો ઠંડો! ગમે એટલા કપડા વીંટાળ્યા હોય પણ જાણે કાંઈ નથી પહેર્યું. નેમિનાથ ભગવાન કેવી રીતે નગ્ન દિગંબર અવસ્થામાં વિચર્યા હશે એ તમે જુઓ! ધરસેનાચાર્ય મુનિ. ધરસેનાચાર્યની ગુફા છે ત્યાં પહેલી ટૂંકે, કેવી રીતે રહ્યા હશે! અને રહ્યા હશે તો એમનો પુરુષાર્થ કેવો કામ કરતો હશે! અમે પાછા મહા વદમાં એટલે અંધારિયામાં હતા. એટલું ઘોર અંધારું. આપણો હાથ પોતાને ન દેખાય. હાથનો પંજો ન દેખાય. રાત્રે ત્રણ વાગે ઉઠીને ચાલવા માંડ્યું. એટલે પૂરી ઠંડી હોયને ત્રણ વાગે. એ અંધારું ઘોર, પૂરી ઠંડી, બેટરીની લાઈટે કેડી. ક્યાંક તો પગથિયા ન હોય તો કેડીથી ચાલતા હતા. એમાં ખીણો, પગ ફગી જાય. પરિણામની પરીક્ષા થાય એવું બધું હતું.

એ પુરુષાર્થની મૂર્તિ બધા. નેમિનાથ ભગવાન મુનિદશામાં વિચરેલા. કેમકે ત્યાં તો એમના ત્રણ કલ્યાણક થયા છે. દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષ કલ્યાણક. ત્રણે ત્યાં થયા છે. મુનિઓ અને તીર્થંકરો એવા પર્વતોમાં વિચર્યા હોય છે, જ્યાં એમને દેહનો વિકલ્પ નથી આવતો, શરીરનો વિકલ્પ નથી. પુરુષાર્થ કેવો હશે! એવી બધી ચર્ચાઓ કરતા-કરતા જાતા હતા.

(અહીંયાં) કહે છે કે જો પોતાની પાત્રતા હોય, એટલી તૈયારી હોય તો એ મુદ્રા દ્વારા એમનો આત્મા અંદરમાં શું કરી રહ્યો છે એટલે કેવો પુરુષાર્થ કરી રહ્યો છે (તે દેખાય). એમાં પણ આવી પ્રતિકૂળતાના ટાઈમે એમનો વિશેષ પુરુષાર્થ પ્રગટ થતો હોય તો એ વિશેષપણે દેખાય અને વિશેષ મહિમા આવે. ઊલટાનો વધારે મહિમા આવે. એ લખ્યું છે કૃપાળુદેવે કે ભીડના ટાઈમમાં સંયોગોની ભીડ એવી એ ભીડામાં ભીડાતા હોય ત્યારે જે પુરુષાર્થથી એમનો સામનો કરતા હોય એ વખતે જ્ઞાનીને જોવાની વધારે મજા આવે છે. એટલે જ્ઞાનીના દર્શન કરવાનો ત્યાં વધારે મોકો મળે છે. **'સત્પુરુષની મુદ્રા દ્વારા તેનો આત્મા શું કરી રહ્યો છે તે ઓળખી શકાય છે, પણ પોતાની પાત્રતાની એટલી તૈયારી હોવી જોઈએ...'** તો. નહિતર ન ખબર પડે.

'મને અંતરમાં સત્સ્વરૂપ કેમ પ્રગટે? તેવી સત્ની જિજ્ઞાસા જેને જાગે છે તે,...' હવે શું છે, પાત્રતા ક્યાંથી હોય છે? જિજ્ઞાસામાંથી અને ભાવનામાંથી ઉત્પન્ન થયેલી છે. જિજ્ઞાસા કહો કે ભાવના કહો. **'મને અંતરમાં સત્સ્વરૂપ કેમ પ્રગટે?'**

એવી પોતાની ભાવના છે. મને કેવી રીતે આત્મા પ્રગટે? **'તેવી સત્‌ની જિજ્ઞાસા જેને જાગે છે તે, જેને સત્ પ્રગટ થયું છે તેવા સત્પુરુષને વાણી દ્વારા...'** અને **'મુદ્રા દ્વારા ઓળખી શકે છે,...'** બે છે, નિમિત્ત બે છે. એક વાણી અને એક મુદ્રા. વાણી વખતે પણ મુદ્રા, વાણી અનુસાર ભાવો ધારણ કરે છે. આંખ છે એ અડધા ચોરસ જેટલી પણ પૂરી નથી. પણ સેંકડો ભાવો એમાં ઉઠે છે. કેટલા? સેંકડો ભાવો. મુખ્યપણે નેત્રમાં વધારે આવે છે. પછી બીજા અવયવો છે નાક છે, હોઠ છે એમાં પણ ફેરફારો થાય છે.

મુમુક્ષુ :- આ તો ભાઈશ્રી, ૪૪૯માં કે મુદ્રા ઉપર જેટલા ભાવ આવે અને વાણીમાં જે ભાવ આવે એના કરતા ચેષ્ટામાં વધારે સૂક્ષ્મ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વ્યક્ત થાય છે. વાણી છે એ શરીરથી થોડી દૂર છે. આત્માના પ્રદેશોને સંબંધ છે દેહ સાથે. યોગ-વચનયોગ પણ કહેવાય છે અને કાયયોગ પણ કહેવાય છે. પણ બંને યોગમાં ફર્ક છે. કાયયોગ વધારે સમીપ છે. ભાષાના પુદ્‌ગલો થોડાક છેટા છે. પણ જીવના હલન-ચલન, અવયવોના હલન-ચલન. હોઠ, જીભ, કંઠ, તાળવું, દાંત એ ચાર-પાંચ સાથેનો સંબંધ છે વાણી છૂટવામાં. એટલે આપણે જે કક્કાના અક્ષરો છેને એના નામ છે. અમુક હોઠની સાથે સંબંધ ધરાવનારને ઓષ્ઠવ્ય કહે છે. દાંતની સાથે સંબંધ ધરાવનારને દંતવ્ય કહે છે. એ ખબર છે? નહિ? ત, થ, દ, ધ, ન. એ દંતવ્ય છે. અને પ, ફ, બ, ભ, મ એ ઓષ્ઠવ્ય છે. કક્કામાં છેને. પાંચ-પાંચ અક્ષરોને છૂટા પાડ્યા છે. પાંચ ઓષ્ઠવ્ય છે, પાંચ દંતવ્ય છે, પછી તાળવ્ય. તાળવાને જીભ અડે એને તાળવ્ય કહે છે. જીભ જ્યાં અડે એ રીતે. તો એ રીતે એ પણ એના નિમિત્તે પુદ્‌ગલો બહાર છે, વાણીના પુદ્‌ગલો વાતાવરણમાં ઉભા થાય છે અવાજના. વાણીનો જે અવાજ છે એ જરાક બહાર છે પણ આટલા અવયવોનું હલનચલન થાય છે. જ્યારે શરીર છે એ ભાવથી મુખમુદ્રા ધારણ કરે છે એમાં આત્માના પ્રદેશો અને મુદ્રાના પ્રદેશો એકદમ કનેક્ટેડ છે, બહુ નજીક, સમીપ છે. અને વાણી કરતા પણ મુદ્રાની અંદર ભાવોની અભિવ્યક્તિ વધારે છે અને એ તો પ્રયોગથી પ્રેક્ટિકલી સમજી શકાય એવી વાત છે.

મુમુક્ષુ :- મુદ્રા તો ચોવીસે કલાક રહે છે અને વાણી તો કો'ક વખત હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા કો'ક વાર હોય છે. વાણીનો યોગ સતત નથી હોતો. મુદ્રા તો તમે ગમે ત્યારે જુઓ. માણસના ભાવ વંચાય. એ રીતે પણ એનો ફાયદો છે. એ પણ ફરક છે.

'પરંતુ તેને પોતાને જ્ઞાનીને ઓળખવાની તૈયારી હોવી જોઈએ. સત્ તરફની

રુચિ હોય તો જ્ઞાની શું કરે છે તે પણ મુદ્રા દ્વારા ઓળખી શકે છે.' પોતાની રુચિ, પોતાની ભાવના, પોતાની જિજ્ઞાસા, પાત્રતામાં આ પ્રકારના પરિણામો તીવ્ર હોય અને ઓળખવાની તીવ્રતા હોય પાછી, ઓળખવાની પણ તીવ્રતા હોય તો ઓળખી શકે છે. કેમકે તીવ્રતાની અંદર જ્ઞાન ઓળખવા માટેનો ઉદ્દેશ ધારણ કરે છે અને એ વખતે જ્ઞાનમાં ઓળખવા માટેનો અવકાશ—ખાલી જગ્યા ઉભી થાય છે એટલે ઓળખી શકાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઓળખવા માટે પણ જે ઓળખનાર છે એના પણ આત્માના પ્રદેશો એ રીતે મુદ્રા સાથે કનેક્ટ થાયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રદેશો કરતાં પણ જ્ઞાનની સાથે વધારે સંબંધ છે. કેમકે ઓળખવાનું કામ એ જ્ઞાનગુણ કરે છે, બીજા ગુણો નથી કરતા. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૧૨૧

પ્રશ્ન :- આત્મસાધના શેનાથી બની શકે? દૃષ્ટિથી કે જ્ઞાનથી?

સમાધાન :- દૃષ્ટિ મુખ્ય છે તેની સાથે વિચાર પણ હોય છે. દૃષ્ટિ અને જ્ઞાન-બેય સાથે જ હોય છે. દૃષ્ટિ સમ્યક્ થાય તેની સાથે જ્ઞાન પણ સમ્યક્ થાય છે. શરૂઆતમાં જે વિચારો આવે તે માર્ગને નિર્મળ (ચોખ્ખો) કરે છે. વસ્તુ શું છે? દ્રવ્ય શું છે? ગુણ શું છે? વિભાવ શું છે? સ્વભાવ શું છે? વગેરે બધું વિચાર દ્વારા નક્કી થાય છે ને દૃષ્ટિ એક ચૈતન્યતત્ત્વનું આલંબન કરે છે. સાધનામાં દૃષ્ટિ મુખ્ય છે, પણ જ્ઞાન સાથે હોય છે, બંને સાથે છે. શરૂઆતમાં બધો નિર્ણય વિચાર દ્વારા જ થાય છે, પછી તેની દૃષ્ટિ સમ્યક્ થાય છે.

વ્યવહાર અપેક્ષાએ પહેલાં જ્ઞાન આવે પછી દૃષ્ટિ આવે. છતાં યથાર્થ વસ્તુસ્થિતિએ દૃષ્ટિ મુખ્ય છે. નિશ્ચયની અપેક્ષાએ સાધનામાં દૃષ્ટિ મુખ્ય છે, પણ નિર્ણય કરવામાં વિચાર સાથે હોય છે. માટે બંને અપેક્ષાઓ સમજવી. ૧૨૧.

તા. ૪-૨-૧૯૯૭, પ્રશ્ન-૧૨૧, ૧૨૨
પ્રવચન નં. ૮૦

સ્વાનુભૂતિદર્શન, ૧૨૧મો પ્રશ્ન છે. ૮૮મા પાને નીચે છે.

'**પ્રશ્ન :- આત્મ સાધના શેનાથી બની શકે? દૃષ્ટિ કે જ્ઞાનથી?**' મુમુક્ષુની ભૂમિકામાં અને જ્ઞાનદશામાં બેયમાં વિચારવું જોઈએ. જ્ઞાનદશામાં કે જેને દૃષ્ટિ પ્રગટી છે તેને તો '**દૃષ્ટિ મુખ્ય છે...**' કેમકે એ પૂરી શક્તિથી પ્રગટ થઈ છે. એટલે દૃષ્ટિ મુખ્ય છે. '**તેની સાથે વિચાર પણ હોય છે.**' એટલે જ્ઞાન એ વખતે પણ પરિણમન તો કરી રહ્યું છે. એ જ્ઞાનનું કાર્ય પણ છે. આમ તો મોક્ષમાર્ગમાં ચાર ગુણોનું કાર્ય મુખ્ય છે. શ્રદ્ધાનું, જ્ઞાનનું, ચારિત્રનું અને પુરુષાર્થનું. અને ચારેય પોતપોતાના સ્વભાવ પ્રમાણે કામ કરી રહ્યા છે. છતાં પણ ચોથા ગુણસ્થાને દૃષ્ટિની મુખ્યતા એટલા માટે લેવાય છે કે દૃષ્ટિ પૂરી શક્તિથી પરિણમે છે. બીજા ગુણોમાં અધૂરી શક્તિ પ્રગટ થયેલી છે. અધૂરી આવરિત છે, અપ્રગટ છે. આને આવરણ નથી—શ્રદ્ધાને આવરણ નથી. '**સાથે વિચાર પણ હોય છે. દૃષ્ટિ અને જ્ઞાન બેય સાથે હોય છે.**'

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીં વિચાર શબ્દ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે નિર્વિકલ્પદશા તો બહુ અલ્પ હોય છે. બાકી તો જ્ઞાન વિચારની ભૂમિકામાં જ હોય છેને. જ્ઞાનીને પણ જ્ઞાન તો વિચારની ભૂમિકામાં જ હોય છે મુખ્યપણે. પરિણતિની વાત જુદી છે.

'**દૃષ્ટિ અને જ્ઞાન-બેય સાથે હોય છે. દૃષ્ટિ સમ્યક્ થાય છે તેની સાથે જ્ઞાન પણ સમ્યક્ થાય છે.**' આમ તો અનંતા ગુણો પણ સમ્યક્ થાય છે. સમ્યક્ એટલે આત્માભિમુખ. બધા જ ગુણોનું આંશિક પરિણમન તો આત્માભિમુખ થાય છે. સમ્યક્ છે એ દિશા સૂચવે છે, દિશાસૂચક શબ્દ છે. એમ સમ્યક્નો અર્થ ઘણો વિશાળ છે અને સૂક્ષ્મ પણ છે. '**દૃષ્ટિ સમ્યક્ થાય છે તેની સાથે જ્ઞાન પણ સમ્યક્ થાય છે. શરૂઆતમાં જે વિચારો આવે તે માર્ગને નિર્મળ (ચોખ્ખો) કરે છે.**' એ મુમુક્ષુની ભૂમિકાની વાત લીધી હવે. કેમકે ત્યાં જ્ઞાનની પ્રધાનતાથી કામ ચાલે છે. એટલે શરૂઆતમાં જે વિચારો આવે છે તે માર્ગને નિર્મળ અથવા ચોખ્ખો કરે છે અથવા વિચારો દ્વારા પોતાનો માર્ગ છે એ સ્પષ્ટ થાય છે, ચોખ્ખો થાય છે. વિચારની ભૂમિકામાં જ્ઞાનની

નિર્મળતાથી કેવી રીતે મારે ઉપાય કરવો? એ સ્પષ્ટ થાય છે, ચોખ્ખો થાય છે. એમાં વસ્તુ શું છે? વિચારમાં શું શું આવે? મૂળ '**વસ્તુ શું છે? એટલે દ્રવ્ય શું છે? ગુણ શું છે?**' એની શક્તિઓ શું છે? '**વિભાવ શું છે? સ્વભાવ શું છે?**' એટલે ગુણોનું એકરૂપ એ સ્વભાવ છે. અનંત ગુણોનું એકરૂપ તે સ્વભાવ છે. '**વગેરે બધું વિચાર દ્વારા નક્કી થાય છે...**' એ બધું નક્કી થવાનું કામ વિચારનું છે. દૃષ્ટિનું નથી કે ચારિત્રનું પણ નથી.

મુમુક્ષુ :- એટલે વિચારમાં અહીંયાં જ્ઞાન લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિચારમાં જ્ઞાનની પ્રધાનતા લેવી.

મુમુક્ષુ :- એટલે મનસહિતનું જ્ઞાન એમ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, હજી તો મનસહિતનું જ્ઞાન છે. શરૂઆત છેને એટલે શરૂઆતમાં તો મન હોય જ. મનસહિતનું જ્ઞાન છે. પણ સ્વલક્ષીજ્ઞાન મનસહિતનું હોઈ શકે છે. મનસહિતના જ્ઞાન પણ બે પ્રકારે—એક સ્વલક્ષી અને એક પરલક્ષી. તો અહીંયાં સ્વલક્ષી લેવું.

મુમુક્ષુ :- છેને કર વિચાર તો પામ. એટલે એ જ વિચાર? કે ત્યાં કંઈ જુદું છે?

પૂજ્ય ભાઈશ્રી :- ના, એમ જ છે. તું વિચાર કર આ બધો તો પામી શકે.

'**વગેરે બધું વિચાર દ્વારા નક્કી થાય છે ને દૃષ્ટિ એક ચૈતન્યતત્ત્વનું આલંબન કરે છે.**' દૃષ્ટિનું કાર્ય તો પર અવલંબન હતું, રાગનું અવલંબન હતું એ છૂટ્યું અને સ્વરૂપના અવલંબનમાં આવી ગઈ. એ તો એક જ કામ કરે છે. એને બીજું કાંઈ જોવાનું રહેતું નથી. દ્રવ્ય શું? ગુણ શું? સ્વભાવ શું? વિભાવ શું? કાંઈ નહિ. જ્ઞાનમાં નિજપરમાત્મા આવ્યો અનુભવમાં. અનુભવજ્ઞાનમાં નિજપરમાત્મા આવ્યો તો દૃષ્ટિએ એને ગ્રહણ કરી લીધો બસ. દૃષ્ટિએ પોતાનું કામ એક સમયમાં પૂરું કર્યું. પછી પૂરું કામ એનું ચાલુ ને ચાલુ રહે છે.

'**દૃષ્ટિ એક ચૈતન્યતત્ત્વનું આલંબન કરે છે. સાધનામાં દૃષ્ટિ મુખ્ય છે,...**' સાધના એટલે મોક્ષમાર્ગ પ્રગટ થયા પછી મોક્ષમાર્ગમાં દૃષ્ટિ મુખ્ય છે. કેમકે પૂરી શક્તિથી પરિણમે છે. એમાં જ્ઞાન સાથે હોય છે. દૃષ્ટિ મુખ્ય હોય છે એટલે જ્ઞાન ઊંધું કામ કરે છે, જ્ઞાન એને સાથ નથી દેતું એવું કાંઈ નથી. એક ગુણ પૂરો અંદરમાં ખેંચાય ત્યારે વસ્તુ અભેદ હોવાથી, એ ગુણ વસ્તુ સાથે અભેદ હોવાથી બીજા ગુણોનું પરિણમન પણ અંશે ખેંચાય છે એની પાછળ, એને જ અનુસરે છે. એનું જોર એટલું બધું છે કે દૃષ્ટિને બધા ગુણો અનુસરે છે. માટે બધા ગુણોને સમ્યક્ કહેવામાં આવ્યા છે.

મુમુક્ષુ :- સાધકદશામાં દૃષ્ટિ તો પૂર્ણ પ્રગટ થઈ ગઈ એટલે સિદ્ધ ભગવાન જેવી થઈ ગઈ. એટલે એને સિદ્ધ ભગવાનના લઘુનંદન કહી શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગુરુદેવ તો એમ કહેતા કે દૃષ્ટિ અપેક્ષાએ એક તિર્યંચને સમ્યગ્દર્શન થયું હોય તો એ તિર્યંચ અને સિદ્ધ ભગવાન બેય સરખા છે. એમ કહેતા. એ બંને સરખા છે એમ કહેતા હતા. દૃષ્ટિ અપેક્ષાએ બેય સરખા છે. બીજા ગુણોમાં ફેરફાર છે, પણ દૃષ્ટિ અપેક્ષાએ બેય સરખા છે.

'સાધનામાં દૃષ્ટિ મુખ્ય હોય છે, પણ જ્ઞાન સાથે હોય છે, બંને સાથે છે.' સાધનામાં બંને સાથે કામ કરી રહ્યા છે. આમ તો ચાર ગુણો મુખ્ય કામ કરી રહ્યા છે, પણ શ્રદ્ધા-જ્ઞાનની મુખ્યતા પાયામાં છે. પછી શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક આચરણ છે અને આચરણમાં પુરુષાર્થનું સ્ટેજ આવે છે. **'બંને સાથે છે. શરૂઆતમાં બધો નિર્ણય વિચાર દ્વારા જ થાય છે,...'** મુમુક્ષુની ભૂમિકામાં બધો નિર્ણય છે એ વિચાર દ્વારા થાય છે. ત્યાં શ્રદ્ધાનું કામ નથી. ત્યાં જેમ જેમ વિચાર થાય છે તેમ તેમ શ્રદ્ધા-મિથ્યાશ્રદ્ધા નબળી પડે છે એટલું કામ થાય છે.

મુમુક્ષુ :- આપ પણ એમ જ કહો છોને મુમુક્ષુને જ્ઞાન પ્રધાનતા (હોય છે).

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે. આમ તો બધાનો એક જ મત છે.

'પછી તો એની સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ થાય છે...' મોક્ષમાર્ગ પ્રગટે ત્યારે. **'વ્યવહાર અપેક્ષાએ પહેલાં જ્ઞાન આવે પછી દૃષ્ટિ આવે.'** નીચેથી લ્યો તો. વ્યવહાર અપેક્ષા એટલે પૂર્વભૂમિકાથી લ્યો, પૂર્વ ભૂમિકા વ્યવહાર છે અને ઉત્તર ભૂમિકા નિશ્ચય છે. તો **'વ્યવહાર અપેક્ષાએ પહેલાં જ્ઞાન આવે પછી દૃષ્ટિ આવે. છતાં યથાર્થ વસ્તુસ્થિતિએ...'** એટલે મોક્ષમાર્ગ પ્રગટ થયે **'દૃષ્ટિ મુખ્ય છે. નિશ્ચયની અપેક્ષાએ સાધનામાં દૃષ્ટિ મુખ્ય છે,...'** કેમકે ત્યાં નિશ્ચય ધર્મ પ્રગટ્યો છે. નિશ્ચય ધર્મ જ્યાં પ્રગટ્યો છે એમાં કોની મુખ્ય વાત છે? કે દૃષ્ટિની મુખ્ય વાત છે. નિશ્ચય સ્વરૂપનું અવલંબન દૃષ્ટિની પ્રધાનતામાં છે. આમ તો બધા ગુણો અવલંબે, પણ દૃષ્ટિ પૂરેપૂરી અવલંબે છે.

જેમકે છએ દ્રવ્યમાં અવગાહનગુણ સામાન્ય છે. છએ એકબીજાને અવગાહન આપે છે. પણ આકાશનો એ મુખ્ય ગુણ ગણાય છે. એટલે બીજાને અવગાહન શક્તિ હોવા છતાં પણ એને ત્યાંથી ઓળખાવાતું નથી. આકાશને અવગાહન શક્તિથી ઓળખાવાય છે. કેમકે એ બીજા પાંચેયને અવગાહન આપે છે અથવા અવગાહન આપવામાં એ મોટું દ્રવ્ય છે. બાકી તો બીજા પાંચેય આકાશને અવગાહન તો આપે જ છે. બીજા પાંચ કાંઈ આકાશને ધક્કો મારતા નથી. અથવા કોઈ કોઈને ધક્કો

મારતું નથી. અવગાહન આપવાની શક્તિ તો બધામાં છે. સામાન્ય ગુણ છે. છતાં આકાશનો મુખ્ય ગુણ છે. એવી રીતે. '**નિશ્ચયની અપેક્ષાએ...**' એટલે નિશ્ચય ધર્મ પ્રગટ્યો છે, નિશ્ચય સ્વરૂપ છે એનું અવલંબન છે, એનાથી નિશ્ચય ધર્મ પ્રગટ્યો છે એમાં દૃષ્ટિ મુખ્ય છે. બીજા ગુણો હોવા છતાં પણ દૃષ્ટિ મુખ્ય છે.

મુમુક્ષુ :- દૃષ્ટિનું મુખ્યપણે જે કાર્ય છે એ હુંપણે અવલંબન લેવાનું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ અવલંબન લેવાનું છે, અવલંબન લેવાનું છે. અને દીપચંદજીએ એક બહુ સરસ ભાવ દર્શાવવા વાત લીધી છે કે જેમ કોઈ ઔષધિ છે એ ઔષધિ એવી છે કે જેમ જેમ એને પુટ આપો એમ એની શક્તિ પ્રગટે. સહસ્રપુટી અબરખ ભસ્મ. તો અબરખને બાળીને ભસ્મ કરી. પછી પાછા ફરીને એને અગ્નિ આપે. એમ એક હજાર વાર એને—અબરખને અગ્નિ આપે. ત્યારે એ અબરખની શક્તિ છે એ પ્રગટ થાય. અબરખમાં બહુ શક્તિ છે. અહીંયાં ઈલેક્ટ્રિકલ ઈસ્ત્રી અને ઈલેક્ટ્રીક ટોસ્ટર એ બધામાં અબરખ વપરાય છે અંદર. એ ગરમ થાય, બીજાને ગરમી આપે પણ જલ્દી બળે નહિ. પોતે જલ્દી ન બળે. અમુક ડિગ્રીએ બળે, ભસ્મ થાય. એટલી ડિગ્રી એને ફરીને આપે. એટલી ડિગ્રી પાછી ફરીને એમ એક હજાર વાર આપે. ત્યારે એની ભસ્મમાં જે શક્તિ આવે એ અબરખ ભસ્મ ખાનારને એના રોગને હટાવી દે. રોગને, મહારોગને હટાવી દે. મોટો ભયંકર રોગ થયો હોય તો હટાવામાં એ કામ કરે. એટલી શક્તિ એનામાં અંદરથી પ્રગટ થાય છે.

એમ શ્રદ્ધા પ્રગટ થઈ, સમ્યક્ શ્રદ્ધા જે પ્રગટ થઈ અનંત શક્તિથી એ સમ્યક્ શ્રદ્ધાનો સમયે સમયે પુટ લાગે છે આત્માને. દીપચંદજીએ એમ લીધું છે. શ્રદ્ધાના પુટથી આત્મદ્રવ્યમાં રહેલા બીજા ગુણોની શક્તિ પણ ખીલવા લાગે છે. એ સ્વરૂપના અનંત ગુણોના ખિલવટનો ઉપાય છે. બીજા ગુણો જે ખીલવવા છે પૂરેપૂરા એ શ્રદ્ધાના પુટથી ખીલતા જાય છે. શ્રદ્ધાનો પુટ લાગ્યા કરે છે. એટલે સાધકદશામાં શ્રદ્ધાનો સમયે સમયે પુટ લાગ્યા જ કરતો હોવાથી બધા ગુણો છે એ પૂર્ણ થઈને અને પૂર્ણ દશા પ્રગટ થયા વિના નહિ રહે. એવી રીતે કામ થાય છે.

મુમુક્ષુ :- એવી રીતે ભાઈશ્રી, ભાવભાસન વખતે પણ રાગનો અંશે આધાર છોડીને અને જ્ઞાનનો અંશે આધાર લઈને ભાવભાસન આવે છે. આ હું, એવા પ્રકારે ભાવભાસન આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- આવે છે. હા બરાબર છે. જ્ઞાનલક્ષણ દ્વારા જ્ઞાનસ્વભાવને આધારે નિશ્ચય થાય છે. એ વખતે અવલંબનમાં ફરક પડે છે.

મુમુક્ષુ :- ફરક પડે છે અવલંબનમાં. તેમ છતાં અવલંબન પૂરેપૂરું છૂટી નથી

જતું ત્યાંથી.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે દૃષ્ટિ નથી પ્રગટ થઈ માટે. અહીંયાં જ્ઞાને થોડું કામ કર્યું. જ્ઞાને કામ કર્યું. કેમકે અહીંયાં શરૂઆતમાં જ્ઞાન જ કામ કરે છે. એટલે બીજા ગુણો અવલંબનનું કામ કરશે પણ દૃષ્ટિ મુખ્ય જ છે સાધકદશામાં. ભાવભાસનમાં જ્ઞાનથી શરૂઆત થાય. સાધકદશા થયા પહેલા શરૂઆતમાં જ્ઞાનનું કાર્ય છે, પછી દૃષ્ટિનું કાર્ય મુખ્ય છે. પહેલા જ્ઞાનનું કાર્ય મુખ્ય છે, પછી દૃષ્ટિનું કાર્ય મુખ્ય છે. ફરે છે વાત.

મુમુક્ષુ :- હુંપણે અવલંબનનો પુરુષાર્થ ચાલ્યા કરે છે. જે સ્વરૂપ ભાવભાસનમાં આવ્યું એ સ્વરૂપને અવલંબનનો પુરુષાર્થ ચાલ્યા કરે કે આ હું... આ હું... અંદરમાં નિરંતર એ ઘોલનમાં રહ્યા કરે. એવા પ્રકારે (ચાલે પછી) દૃષ્ટિ ત્યારબાદ સમ્યક્ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દૃષ્ટિ પછી સમ્યક્ થાય છે. અહીંયાં પુરુષાર્થ જોડાણો. જ્યાં જ્ઞાનની સાથે પુરુષાર્થ પણ જોડાણો એટલે જ્ઞાનબળ પ્રગટ થઈ ગયું, નિર્ણયબળ પ્રગટ થઈ ગયું. એટલે બે ગુણનું કામ ચાલુ થયું. પછી અનુભવ થશે ત્યારે દૃષ્ટિનું કામ ચાલુ થશે અને એ પૂરા જોશથી થશે. અહીં બેય થોડું થોડું કામ કરીને આગળ વધે છે—જ્ઞાન અને પુરુષાર્થ. એને ચૈતન્યવીર્યની સ્ફૂરણા કહે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભાવભાસનમાં શ્રદ્ધા કેટલા ડિગ્રીનું કામ કરે?

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વ મંદ થાય છે. બસ, મંદ થાય છે. વધારે મંદ થાય છે. ભાવભાસન થતા વધારે મંદ થાય છે. એટલે ઉપશમ થવાને યોગ્ય થાય છે. પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન થાય, ઉપશમ એટલે દબાવું, પહેલા તો ઊંધી દૃષ્ટિનું બળ ઘણું હતું તો દબાતી નહોતી, સ્વરૂપનિશ્ચયમાં જે પુરુષાર્થ પ્રગટ્યો એને લઈને એ ઉપશમને યોગ્ય થાય છે અને થોડા સમયમાં ઉપશમ થઈ જશે એમ કહેવું છે.

મુમુક્ષુ :- ભાવભાસન વખતે ભાઈશ્રી જ્ઞાનલક્ષણ લક્ષમાં રહે અને આગળ ભાવભાસન થાય કે આખું સ્વરૂપ એના...?

પૂજ્ય ભાઈશ્રી :- આખું સ્વરૂપ ભાસનમાં આવે છે, ભાસે છે, જ્ઞાનમાં અવભાસે છે બરાબર ચોક્કસપણે. જ્ઞાનલક્ષણથી.

મુમુક્ષુ :- પહેલા સ્વરૂપ લક્ષમાં આવ્યું...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલું કામ ઈ છે, પહેલું કામ ઈ કરવાનું છે-સ્વરૂપનિશ્ચયનું. સ્વરૂપ લક્ષગત થઈ ગયા પછી જરાક બળ - પુરુષાર્થ કામ કરવા માંડે તો અનુભવ સુધી લઈ જાય એ પુરુષાર્થ.

મુમુક્ષુ :- એટલે આમ લક્ષણ, જ્ઞાનલક્ષણ ઉપર વધારે આમ કેન્દ્રિકરણ કરવાનું

થાય કે આખું સમુચ્ચય?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જે ખોજ છે એમાં જ્ઞાનલક્ષણથી ઓળખાય છે અંતર ખોજમાં. સેમ્પલ છે એ. જ્ઞાનનો પર્યાય છે એમાં સેમ્પલ છે. સેમ્પલ ઉપરથી આખી વસ્તુ આવી છે એમ ગ્રહણ થઈ જાય છે. ત્યાં 'ગ્રહણ' શબ્દ શું કરવા લીધો? કે પોતાપણે ગ્રહાય છે કે હું આવો છું. કો'ક નહિ, હું આવો છું એમ આવે છે.

વ્યવહાર અપેક્ષાએ પહેલા જ્ઞાન આવે, પછી દૃષ્ટિ આવે. છતાં પણ યથાર્થ વસ્તુસ્થિતિએ દૃષ્ટિ મુખ્ય છે. એટલે સાધનામાં. નિશ્ચયની અપેક્ષાએ સાધનામાં દૃષ્ટિ મુખ્ય છે, '**પણ નિર્ણય કરવામાં વિચાર સાથે હોય છે.**' નિર્ણય કરવામાં જ્ઞાનનું કાર્ય છે. એમ '**બંને અપેક્ષાઓ સમજવી.**' 'જ્યાં જે યોગ્ય છે ત્યાં તે સમજવું.' નહિતર ક્રમભંગ થશે. અથવા ક્રમવિપર્યાસ થશે તોપણ કાર્યસિદ્ધિ નહિ થાય.

મુમુક્ષુ :- ક્રમવિપર્યાસ થયો ત્યાં મિથ્યાત્વ પણ ગાઢ થયુંને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં મિથ્યાત્વ થયું, વિપર્યાસમાં મિથ્યાત્વ આવે.

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાત્વ થયુંને ત્યાં?

પૂજ્ય ભાઈશ્રી :- હા ત્યાં ગૃહીત થઈ જાય. એટલે ઘણા એમ વિચારે કે આપણે દૃષ્ટિથી ઉપડો. (પણ) મુમુક્ષુની ભૂમિકામાં એમ નથી. એ ૧૨૧ થયો.

પ્રશ્ન-૧૨૨

પ્રશ્ન :- દૃષ્ટિ ને જ્ઞાન બંને સાથે સાથે છે તો અનુભવ વખતે કઈ રીતે સાથે હોય છે?

સમાધાન :- દૃષ્ટિ અને જ્ઞાન બંને સાથે હોય છે. અનુભવના કાળે જ્ઞાનમાં જે રાગમિશ્રિત વિચારો ચાલતા હોય તે છૂટી જાય છે. નિર્વિકલ્પ દૃષ્ટિ અભેદ ઉપર છે, ને રાગમિશ્રિત વિચારો જ્ઞાનમાંથી છૂટી જતાં જ્ઞાન પણ પોતે આત્મા સાથે એકાકારરૂપે થઈ જાય છે. આ રીતે બંને સાથે હોય છે. ૧૨૨.

પ્રશ્ન ૧૨૨ ઉપર પ્રવચન

૧૨૨. '**પ્રશ્ન :- દૃષ્ટિ ને જ્ઞાન બંને સાથે સાથે છે તો અનુભવ વખતે કઈ રીતે સાથે હોય છે?**' સાધકદશામાં દૃષ્ટિની મુખ્યતા છે એટલે દૃષ્ટિ અને જ્ઞાન બંને સાથે સાથે કામ કરે છે. તો નિર્વિકલ્પ અનુભવમાં એ કેવી રીતે સાથે હોય? પ્રશ્ન એટલો છે. અનુભવ એટલે નિર્વિકલ્પ અનુભવમાં. એમ કે સવિકલ્પ અનુભવમાં તો અનુમાન થાય છે કે દૃષ્ટિની સાથે જ્ઞાન પણ કામ કરતું હોય છે. પણ નિર્વિકલ્પદશામાં બેયનું કામ કેવી રીતે છે? એવો પ્રશ્ન છે. '**દૃષ્ટિ ને જ્ઞાન બંને સાથે સાથે હોય છે.**' એ સવિકલ્પદશામાં વાત લીધી. એ સ્વીકાર્યું. એમ. પ્રશ્નકારે એ સ્વીકાર્યું. હવે નિર્વિકલ્પદશામાં બંને સાથે કેવી રીતે હોય છે? એટલો પ્રશ્ન ઉઠાવ્યો છે.

'**સમાધાન :- દૃષ્ટિ અને જ્ઞાન બંને સાથે હોય છે. અનુભવના કાળે...**' અનુભવના કાળે પણ બેય સાથે જ હોય છે એમ કહે છે. '**અનુભવના કાળે...**' પહેલા વાક્યમાં પણ અનુભવના કાળે એ અધ્યાહાર છે. એ લઈ લેવું, અન્ડરસ્ટુડ છે. અનુભવના કાળે દૃષ્ટિ અને જ્ઞાન બંને સાથે હોય છે. હવે વિશેષ સ્પષ્ટીકરણ આપે છે કે અનુભવના કાળે જ્ઞાનમાં જે રાગમિશ્રિત વિચારો ચાલતા હોય છે તે છૂટી જાય છે. નિર્વિકલ્પ અનુભવના કાળે જે વિચારો ચાલતા હતા એ છૂટી જાય છે. જ્ઞાનીને પણ સવિકલ્પદશામાં વિચારો ચાલતા હોય છે. એને પાછો ફરીને નિર્વિકલ્પ અનુભવ થાય ત્યારે એ વિચારો બંધ થઈ જાય. એટલે કે વિકલ્પની ઉત્પત્તિ બંધ થઈ જાય.

વિચારની ભૂમિકામાં વિકલ્પનું મિશ્રણ છે. જ્ઞાન સાથે વિકલ્પનું મિશ્રણ છે અને એ વિકલ્પ એટલે રાગાંશ છે. વિકલ્પ એટલે રાગાંશ છે. અને એ ચારિત્રગુણનો પર્યાય છે. એટલે વિચાર કોને કહે છે? સાધકદશમાં જે જ્ઞાનની સાથે ચારિત્રનો વિભાવ જોડાયેલો હોય. એટલે અંશ છે. એક અંશ વીતરાગતા છે, એક અંશ સરાગતા છે. જ્ઞાનમાં પણ એક અંશ નિર્વિકલ્પ પરિણતિનો છે અને એક અંશ વિચારમાં છે. એમ બેયમાં બે ભાવ છે. સ્પષ્ટ કરીએ તો.

જે નિર્વિકલ્પ જ્ઞાનની પરિણતિ આત્મા સાથે અભેદ છે તેની સાથે વીતરાગતા પણ છે. એટલે પરિણતિમાં વીતરાગતા સાથે જાય છે. પછી જે ઉપયોગ બહાર છે એની સાથે ચારિત્રગુણનો રાગાંશ જોડાય છે. અને એ બેયના મિશ્રભાવને વિચાર

કહેવામાં આવે છે. વિકલ્પ પણ કહે અને વિચાર પણ કહે. વિકલ્પમાં પણ જ્ઞાન છે અને વિચારમાં પણ જ્ઞાન છે. વિકલ્પમાં પણ જ્ઞાન અને રાગ છે, વિચારમાં પણ જ્ઞાન અને રાગ બેય છે. એ બંનેનો વિભાવ અંશ છે. એ જ્ઞાનનો પણ વિભાવ અંશ છે અને ચારિત્રનો પણ વિભાવ અંશ છે. અને પરિણતિની અંદર જ્ઞાનનો પણ સ્વભાવ અંશ છે અને ચારિત્રનો પણ સ્વભાવ અંશ છે. એવી રીતે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાનમાં પણ વિભાવ અંશ છે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં પણ જ્યાં સુધી જ્ઞાન પૂર્ણ ન થાય, અધૂરું જ્ઞાન રહે અને જેટલો રાગ સાથે જોડાય અથવા અન્ય દ્રવ્ય ઉપર ઉપયોગ મૂકીને જોડાય એટલો વિભાવ અંશ છે. પરનું અવલંબન લેવું એ જ્ઞાનનો સ્વભાવ નથી. સ્વરૂપનું અવલંબન લેવું તે જ્ઞાનનો સ્વભાવ છે. તો આમાં પરસત્તાવલંબન થયું, વિકલ્પ ઉઠ્યો. પરદ્રવ્યની પ્રવૃત્તિ કરી એમાં જ્ઞાને પરસત્તાનું અવલંબન લીધું છે. એટલો વિભાવ છે. એટલો વિભાવ સ્વીકારવો જોઈએ. વિભાવ છે એટલો વિભાવ સ્વીકારવો જોઈએ. એમ છે.

જ્ઞાનના વિભાવ ત્રણ પ્રકારના. એક મિથ્યાજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન એટલે પરને સ્વ જાણે. પરને સ્વ જાણે અને રાગનો પોતારૂપે અનુભવ કરે, શરીરનો પોતારૂપે અનુભવ કરે. અજ્ઞાન એને કહે (છે) અથવા વિભાવિક જ્ઞાન કહેવાય છે. એ મટ્યા પછી વિભાવ બે પ્રકારે રહે. એક અંશે પરસત્તાને અવલંબવું તે. ચંચળતા, જ્ઞાનની ચંચળતા એ એનો વિભાવ છે. અને એક દિશા ઉપયોગની પર બાજુ થઈ તે. એક દિશાસૂચક છે અને એક ચારિત્રની પ્રધાનતા સૂચક છે. એમાં આચરણની પ્રધાનતા છે કે જ્ઞાનનું આચરણ છે એ પર બાજુ જાય છે. ઉપયોગ પર બાજુ ખેંચાય છે. એમાં બે ભૂલ થાય છે. એક દિશાની પણ ભૂલ થાય છે અને એક અવલંબનની પણ ભૂલ થાય છે. એ બે વિભાવ ઉપરના ગુણસ્થાને મટતા જાય છે. જેમ જેમ ઉપર જાય એમ સ્થિરતા વધે એટલી ચંચળતા ઘટે અને જેટલો સ્વરૂપમાં સ્થિર રહે એટલી દિશામાં પણ ફેર પડે. એમ. કેવળજ્ઞાન થાય એટલે બધું મટી જાય.

મુમુક્ષુ :- સ્વભાવ તો પરિપૂર્ણ અંતર્મુખ રહેવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વભાવ પરિપૂર્ણ અંતર્મુખ રહેવાનો છે અને કેવળજ્ઞાન પ્રગટ થાય ત્યારે એ પૂરો સ્વભાવ પ્રગટ થઈ ગયો. ત્યારે જ્ઞાનમાં ચંચળતા પણ નથી અને દિશા ફેર પણ નથી. બસ.

મુમુક્ષુ :- ચંચળતા ઘટે એટલે મનનો વ્યાપાર ઘટે એમ સમજવું?

પૂજ્ય ભાઈશ્રી :- મનની સ્પીડ ઘટે. જે પર સાથે સ્પીડથી પરિણમતો હતું

એ ગતિમાં ફેર પડે. જેમ કોઈ એક વ્હીલ ચક્કર-ચક્કર ફરે છે. પણ સ્પીડમાં પણ ફરે અને ધીમું પણ ફરે. એમ ધીમી ગતિ થઈ જાય છે. પર બાજુ જવાની ગતિ ધીમી થઈ જાય છે. બહુ ફાસ્ટ હોય ત્યારે વિચાર અસ્થિરતા પકડે. માણસ નથી કહેતા? કોઈ વખત કાંઈ એકદમ એક્સીડન્ટ કે તકલીફ કે બીજી મોટી તકલીફ આવી ગઈ હોય તો શું કહે છે? એકવાર એમ કરો થોડું શાંત ચિત્તે વિચારો. ઉતાવળો નિર્ણય નહિ લ્યો. એમ નથી કહેતા? નહિતર તમે અસ્થિરતાથી નિર્ણય લેશો તો તે હેલ્ધી ડિસિઝન નહિ આવે. ખોટો નિર્ણય લેવાઈ જશે, ફેર પડી જશે. એટલે ઘણી વખત માણસો કોઈ નિર્ણયાત્મક ભૂમિકામાં આવવા માટે સમય માગે છે. શું કરે? જે ઠરેલા માણસો હોય, બુદ્ધિશાળી માણસો હોય (ઈ એમ કહે), એમ કરો ભાઈ! મને થોડો ટાઈમ આપો તમે. હું જરાક સ્થિર ચિત્તે, શાંત ચિત્તે વિચાર કરીને મારો નિર્ણય તમને બતાવીશ. એમ કહે છે કે નથી કહેતા? એમાં સ્પીડ ઘટે છે, વિચારની સ્પીડ ઘટે. શાંતિથી વિચાર કરે એનો ફેર પડે. અને ઝટપટ ઝટપટ હેસ્ટી ડિસિઝન લે એમાં ફેર પડે.

મુમુક્ષુ :- એમ કહેને, ધીરા થઈને...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ધીરજથી કામ લેવાનું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ જે મેલપ છે એ શેની છે? જ્ઞાનમાં જે મેલપ છે...

પૂજ્ય ભાઈશ્રી :- મેલપ એ દૃષ્ટિ ઊલટી હોય ત્યારે રસ તીવ્ર હોય કષાયનો ત્યારે મેલપ વધારે આવે. અને દૃષ્ટિ સાફ થયા પછી ચંચળતાને લઈને થોડી મલિનતા આવે છે. અને ચંચળતા છે એ શિથિલતાને કારણે છે. તે શિથિલતાનો પણ દોષ છે જ્ઞાનનો કે જેવું એણે જાણ્યું છે એમાં જે સ્થિર રહેવામાં શિથિલ છે. સ્વરૂપમાં સહેજ સ્થિર રહેવામાં એ શિથિલ છે. એટલે શિથિલતા છે એ મલિનતાને લાવે છે, ઉત્પન્ન કરે છે. શિથિલતા પણ મલિનતાને ઉત્પન્ન કરે છે. કાલે શિથિલતાનો કોનો પ્રશ્ન હતો? ક્યા નુકસાનથી બીવાનું? મલિનતા લઈ આવશે. એનાથી બીવાનું. જ્ઞાનીને પણ જેટલી શિથિલતા છે એટલી મલિનતા આવે છે. શુદ્ધિ વધારે છે, વધતી જાય છે, પણ મલિનતા જેટલી રહે છે કે ઉત્પન્ન થાય છે એમાં શિથિલતા કારણભૂત છે.

મુમુક્ષુ :- પ્રમાદ ચોર છે એમ કીધુંને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એ પ્રમાદ છે—શિથિલતા છે એ પ્રમાદ છે. સમયસારમાં એ કળશ છે. નિર્જરા અધિકારમાં, નિર્જરા કે બંધ. બંધ અધિકારમાં પણ આવું છે. એક કળશ છે. નંબર યાદ નથી.

મુમુક્ષુ :- મુમુક્ષુ (કેવી રીતે લેવું?)

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુને મુમુક્ષુની ભૂમિકામાં શિથિલતા ઓછી થવી જોઈએ. જ્ઞાનીને પોતાના ગુણસ્થાન અનુસાર શિથિલતા ઓછી થવી જોઈએ. ચોથા ગુણસ્થાને ચોથા ગુણસ્થાનને યોગ્ય, છઠ્ઠા ગુણસ્થાને છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય એમ.

મુમુક્ષુ :- પોઝિટિવ સાઈડમાં શું એને હોવું જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- પોઝિટિવમાં પુરુષાર્થ.

મુમુક્ષુ :- સિનસ્યિારિટી કે...?

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થનું બળ. મુમુક્ષુની ભૂમિકામાં દઢતા કહીએ આપણે એને. શિથિલતાની સામે દઢતાને મૂકીએ અને જ્ઞાનદશાની અંદર શિથિલતાની સામે સ્થિરતા અને પુરુષાર્થ. શિથિલતાની સામે પુરુષાર્થને મૂકો.

મુમુક્ષુ :- અમારે તો અમારું વિચારવું. અમારે તો અમારી તકલીફ છે એ વિચારવાની.

પૂજ્ય ભાઈશ્રી :- તમારી તકલીફમાં દઢતા હોવી જરૂરી છે. મક્કમતા, દઢતા. એવો દઢ નિર્ધાર હોય... એવો દઢ નિર્ધાર હોય કે પાણી પત્થરને તોડી નાખે એવો. ભાવના એટલી બળવાન હોય, મક્કમ હોય કે કોમળ છે તોપણ મિથ્યાત્વને તોડી નાખે. પાણી પત્થરને તોડે એમ.

મુમુક્ષુ :- સજીવનમૂર્તિ જે આજ્ઞાનું કહે છે એમાં પાછળ પડી જવું? એ આજ્ઞાના અમલીકરણની પાછળ પ્રયોગમાં પડી જવું એ લઈ શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ મક્કમતામાં જાય છે.

'અનુભવના કાળે જ્ઞાનમાં જે રાગમિશ્રિત વિચારો ચાલતા હોય તે છૂટી જાય છે.' અથવા મટી જાય છે. **'નિર્વિકલ્પ દૃષ્ટિ અભેદ ઉપર છે,...'** નિર્વિકલ્પ દૃષ્ટિ છે તે તો દૃષ્ટિ તો અભેદ ઉપર જ છે. દૃષ્ટિનો બીજો વિષય નથી. **'ને રાગમિશ્રિત વિચારો જ્ઞાનમાંથી છૂટી જતાં જ્ઞાન પણ પોતે આત્મા સાથે એકાકારરૂપે થઈ જાય છે.'** એ દૃષ્ટિની સાથે થઈ ગયું જ્ઞાન. જ્યાં વિકલ્પ છૂટી ગયો એટલે શું થયું? પુરુષાર્થનું જોર થયું અને ઉપયોગ સ્વરૂપમાં આવ્યો એટલે વિકલ્પ ઉત્પન્ન થતા બંધ થઈ ગયા અને ઉપયોગ સ્વરૂપમાં લાગ્યો. દૃષ્ટિ તો સ્વરૂપમાં લાગેલી હતી, ઉપયોગ પણ સ્વરૂપમાં લાગ્યો. પરિણતિ લાગેલી હોય છે એમાં ઉપયોગ પણ લાગે છે. એટલે એકાકારરૂપે થઈ જાય છે. એટલે અનુભવમાં આ જ્ઞાન અને આ દર્શન એમ બે જુદાં જુદાં બે ભેદ પડતા નથી. અભેદ અનુભવમાં ભેદ નથી પડતા. એકાકાર (રહે છે) એનો અર્થ એકાકાર.

મુમુક્ષુ :- ભેદરૂપ અનુભવ નથી હોતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભેદરૂપ અનુભવ થાય તો એકાકારપણું ન રહે.

મુમુક્ષુ :- વિકલ્પ ઉભો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો બેય એકસરખું (પરિણમન થઈ ગયું), (જેવું) દૃષ્ટિએ પરિણમન કર્યું એવું જ જ્ઞાને પરિણમન કર્યું એમ કહેવું છે.

'આ રીતે બંને સાથે હોય છે.' આ રીતે અભેદ અનુભવના કાળે દૃષ્ટિ પણ હોય છે અને વિકલ્પ છૂટી ગયો હોવાથી જ્ઞાન પણ સાથે સાથે હોય છે. બંને સાથે હોય છે. બીજું શું કે અનુભવનો કાળ હોય કે વગર અનુભવનો કાળ હોય, બધા ગુણો પરિણમે જ છે. ગુણસ્થાન પ્રમાણે તો એનું પરિણમન હોય, પછી ક્યાં સવાલ છે? ગુણસ્થાન પ્રમાણે એનું પરિણમન હોય, હોય ને હોય જ. તો અનુભવકાળે એનું પરિણમન બંધ થઈ જાય કાંઈ જ્ઞાનનું? અથવા દૃષ્ટિનું બંધ થઈ જાય કાંઈ? કોઈ દિ' ન થાય. અનુભવકાળે પણ બેય પરિણમે છે અને બેય આત્માના અવલંબને જ પરિણમે છે. એમ. લ્યો ૧૨૨ થયો એ. આમ તો (આ બધા) જાણવાના પ્રશ્નો છે. બીજું વધારે મહત્ત્વ નથી. જાણવામાં બેય કેવી રીતે કામ કરે છે એ જાણવાનો વિષય છે. શું છે ખોટા વિચારોથી મિસકોન્સેપ્ટમાં ન જાય જીવ.

મુમુક્ષુ :- સમજણની વિપરીતતા ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલા પૂરતી વાત છે. સમજણની વિપરીતતામાં ન જાય. અપ્રયોજનભૂતમાં થોડો ફેર પડી જાય, પણ એટલું લાંબું નુકસાન નથી. પ્રયોજનભૂતમાં નુકસાન થાય. વિધિના વિષયમાં નહિ થવું જોઈએ.

મુમુક્ષુ :- ત્રિપટી દશા વાત આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રિપટીમાં ત્રણ વાત લીધી છે. સ્વરૂપનું અવલંબન અભેદ પણ છે, બહારનો ઉપયોગ પણ છે અને રાગ પણ છે. રાગ સાથે લીધો છે ત્રિપટીમાં. અને આકુળતા પણ છે થોડી, શાંતિ પણ છે. એ આમાં બહેનશ્રીના વચનામૃતમાં લીધું છે ત્રિપટી દશા. એ ત્રણ પાસા લીધા છે. ત્રિપટીમાં ત્રણ પાસા લીધા છે. એવા તો અનેક પાસા છે. પરિણમનની વાતોના અનેક પાસા છે. પણ મુખ્ય ગુણોથી વર્ણવે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૧૨૩

પ્રશ્ન :- સ્વભાવનું ગ્રહણ થતું નથી એટલે દુઃખ થાય છે-આકુળતા થાય છે, તો શું કરવું?

સમાધાન :- દુઃખ થાય તે ભાવનારૂપે હોવું જોઈએ, આકુળતારૂપે નહિ. ક્યાંય ગમે નહિ, શુભાશુભમાં ક્યાંય ચેન પડે નહિ, તો અંદર પોતાને ગ્રહણ કરે. પણ ગભરામણ થઈ જાય એમ નહિ. ભાવના એમ હોય કે ક્યાંય ચેન નથી પડતું, સ્વભાવને ગ્રહણ કરી લઉં. દુઃખની પાછળ એમ આવવું જોઈએ કે સ્વભાવ ગ્રહણ કરું.....સ્વભાવ ગ્રહણ કરું. દુઃખ દુઃખરૂપ રહી જાય તો કારણ ન બને. દુઃખમાંથી સ્વભાવ ગ્રહણ કરવા તરફ પરિણતિ જાય તો કારણ બને. પ્રયત્ન કરવો, આકુળતા થવા ન દેવી. જ્ઞાન-આનંદસ્વરૂપ આત્મા છે તેની શ્રદ્ધા કરવી, તેનું જ્ઞાન કરવું ને તેમાં લીનતા કરવી. ખરું આ કરવાનું છે. ૧૨૩.

તા. ૫-૨-૧૯૯૭, પ્રશ્ન-૧૨૩,૧૨૪
પ્રવચન નં. ૮૧

સ્વાનુભૂતિદર્શન પાનું-૮૯, ૧૨૩મો પ્રશ્ન.

'**પ્રશ્ન :- સ્વભાવનું ગ્રહણ થતું નથી એટલે દુઃખ થાય છે-આકુળતા થાય છે, તો શું કરવું?**'

'**સમાધાન :- દુઃખ થાય તે ભાવનારૂપે હોવું જોઈએ,...**' શું કહે છે? આકુળતા અને દુઃખના પણ કેટલાક પ્રકારો છે. સંયોગાશ્રિત જે પ્રકારો છે તે બધા પ્રકારો દુઃખના, સંસાર દુઃખના પ્રકારો છે અને એનાથી કોઈ પારમાર્થિક લાભ નથી. કેમકે એમાં સંયોગ-વિયોગના ઈષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ સંબંધી આર્તધ્યાનના પરિણામો

હોય છે. તે એકાંતે તે માઠા કર્મબંધનું કારણ છે. એનાથી લાભ તો નથી પણ નુકસાન છે. એને આપણે એમ કહીએ છીએ કે પરિણામ બગડ્યા. અહીંયાં જે સ્વભાવનું ગ્રહણ થતું નથી અને એટલે દુઃખ થાય છે, આકુળતા થાય છે અથવા પોતાને આત્મકલ્યાણ સધાતું નથી માટે દુઃખ અને આકુળતા થાય છે અથવા પરિભ્રમણ મટતું નથી માટે દુઃખ અને આકુળતા અને વેદના થાય છે તો એ ભાવનારૂપે છે. એનો એક પ્રકાર બહેનશ્રીએ વર્ણવ્યો કે એમાં જીવને આત્મકલ્યાણની ભાવના રહેલી છે. એ ભાવના ફળીભૂત થતી નથી માટે દુઃખ થાય છે. પેલા પ્રકારમાં ઈચ્છિત, ઈચ્છા પ્રમાણે બનતું નથી માટે દુઃખ છે. આમાં ઈચ્છાની જગ્યાએ ભાવના મૂકી છે કે ભાવના પ્રમાણે બનતું નથી માટે દુઃખ થાય છે. અને એ બરાબર છે, એમ થવું જોઈએ. શું કહ્યું?

'**દુઃખ થાય તે ભાવનારૂપે હોવું જોઈએ, આકુળતારૂપે નહિ.**' એટલે એ આકુળતામાં, આકુળતામાં ફેર છે. દુઃખ થાય એટલે આકુળતા તો હોય, પણ ઓલા પ્રકારની આકુળતા નહિ. આકુળતારૂપે નહિ એટલે? પેલા પ્રકારની આકુળતા નહિ. શબ્દોમાં કેવી રીતે ચોખ્ખું કરવું? ક્યાંય ગમે નહિ. જેમ ઉદાસીનતા આવે છેને? આ વેદનામાં, આ દુઃખમાં ઉદાસીનતાની પ્રધાનતા છે એટલે ક્યાંય ગમે નહિ. ઓલાપણે શું કરે છે? ઈચ્છા પ્રમાણે કર્તાબુદ્ધિ હોવાથી, કર્તાબુદ્ધિ તીવ્ર છે જીવને એટલે એ પ્રકારના પ્રયત્નો કરે છે અને પ્રયત્નો કોઈ કામ ન કરે તો લાચારીનું દુઃખ અનુભવે છે. અહીંયાં એ પ્રકાર નથી.

અહીંયાં '**ક્યાંય ગમે નહિ, શુભાશુભમાં ક્યાંય ચેન પડે નહિ,...**' શુભ-અશુભભાવમાં પણ ચેન પડે નહિ અને શુભ-અશુભ ઉદય આવે એમાં પણ ક્યાંય ચેન પડે નહિ. બેય લઈ લેવું. તો અંદર પોતાને ગ્રહણ કરે. એટલે કે શુભાશુભભાવ અને શુભાશુભભાવના ફળ એ બંને ગૌણ કરે તો પોતાને ગ્રહણ કરે. એની મુખ્યતા રહે તો એ તો સંસારમાં થાય જ છે બધાને. તો એ સંસાર પ્રત્યયી પરિણામ થઈ ગયા. અહીં તો સંસારથી પાછા વળવાના પરિણામ છે એટલે શુભ-અશુભમાં ક્યાંય ચેન પડે નહિ. '**તો અંદર પોતાને ગ્રહણ કરે. પણ ગભરામણ થઈ જાય એમ નહિ.**' એટલે મૂંઝાઈ જાય એમ નહિ અથવા મૂંઢાઈ જાય એમ નહિ. એમ લેવું છે અહીંયાં.

મુમુક્ષુ :- કાંઈ સુઝકો ન પડે એમ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા એમ નહિ, એવી રીતે મૂંઢાઈ જાય એમ નહિ. એટલે પરિણામ એવી રીતે ડિપ્રેશનમાં આવી જાય (એવી રીતે નહિ). ગભરામણ થાય ત્યારે

શું થાય? ડિપ્રેશનમાં આવી જાય. એમ નહિ. ડિપ્રેશનમાં ક્યારે આવે? કે અભિપ્રાયની અંદર ભૂલ થઈ જાય (કે) હું નબળો... હું નબળો... હું નબળો... હું નબળો... હું નબળો... હું કાંઈ કરી શકતો નથી, હું કાંઈ કરી શકતો નથી. એવો અભિપ્રાય પકડાય જાય તો આગળ જઈને જે ભવિષ્યમાં, નજીકના ભવિષ્યમાં જે પોતાના અનંત સામર્થ્યનો સ્વીકાર કરવો છે ઈ કેવી રીતે કરશે? કેમકે એમાં તો એ આખે આખો નબળો માનીને બેસી ગયો છે. અને આગળની વાત થોડી સમજાવવામાં આવે છે. આખો નક્શો પહેલેથી સમજવાનું કારણ એ છે કે તું કેવો આત્મા છો, તારે છેલ્લે ક્યાં સુધી તારા ધ્યેય સુધી પહોંચવાનું છે, કેટલો પુરુષાર્થ કરવાનો છે, એ બધી વાત આગળના ચણતરની પણ કરવામાં એટલે આવે છે. નહિતર તો શું છે કે 'અધમા અધમ અધીકો પતીત સકળ જગતમાં હું.' એ જાતના અભિપ્રાયમાં એવી રીતે આવી જાય કે પરિણામ ઉઠે જ નહિ. પછી ઉલ્લાસિત વીર્યથી જે પુરુષાર્થ કરવાનો છે એ થાય નહિ. બેસી ગયો એ તો ડિપ્રેશનમાં. એવો પ્રકાર નહિ. ગભરામણ થઈ જાય એમ નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પોતાના દોષિત પરિણામને જોઈને ખેદ થાય અને ખેદ થવો પણ જોઈએ, ન થાય એ પણ બરાબર નથી. પણ ખેદ એવા પ્રકારે ન થઈ જાય કે અભિપ્રાય એમાં બંધાઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અભિપ્રાય બંધાઈ જાય કે હું એવો જ છું કાયમી. એમ નથી લેવાનું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપની ડાયરીમાં એક બોલ છે કે પોતાના દોષ પ્રત્યે પૂર્વગ્રહ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ પણ થઈ જાય. એ તો આખું કાઢવું પડે. આગળ-પાછળનું જોઈને. અત્યારે તો બધું યાદ ન હોયને.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ૪૫ અંકમાં એમ છે. ૪૫ના અંકમાં.

પૂજ્ય ભાઈશ્રી :- આવ્યું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમાં એમ છે કે જો દોષનો ખેદ થાય, પુરુષાર્થ ઉપડે નહિ તો એ પૂર્વગ્રહ થઈ ગયો અને ખેદ થાય એને પુરુષાર્થ ઉપડે તો એ પૂર્વગ્રહ નથી એમ કહેવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ પૂર્વગ્રહ કહો કે પોતાના માટેનો અભિપ્રાય કહો. એમ. એવો એક અભિપ્રાય બાંધી લીધો કે હું તો બહુ નબળો અને હું કાંઈ કરી શકું નહિ. એવી રીતે બાંધી લીધું. એ રીતે કોઈ રીતે પછી આગળ નહિ ચાલી શકે.

મુમુક્ષુ :- આવડું મોટું કામ ક્યાંથી થશે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉલ્લાસિત વીર્યથી આગળ વધવામાં આવે તો મોક્ષ પાટણ સુલભ જ છે.

મુમુક્ષુ :- શૂરવીરપણું ગ્રહીને.

પૂજ્ય ભાઈશ્રી :- શૂરવીરપણું ગ્રહવાનું છે. હવે ડિપ્રેશનમાં આવે તો શૂરવીરપણું ન ઊભું થાય. ડિપ્રેશનમાં એવી રીતે આવે કે શૂરવીરપણું જ ઉત્પન્ન ન થાય તો શું કામનું? તો નિજ સામર્થ્યનો સ્વીકાર જ નહિ કરી શકે. એ પરિસ્થિતિ આવશે. એટલે આમ ભેદરેખા સૂક્ષ્મ છે. વેદના ન આવે, અધમાધમ ન લાગે તો સાધન શું કરશે? પણ એમાં શું છે? અપેક્ષિત વાત છે. ડિફરન્સ ઓફ પોટેન્શિયાલિટી એને સમજાણી કે ઓહો..! મારું આવું સ્વરૂપ! હું અહીં સુધી પહોંચવા માગનારો માણસ, અહીંયાં ઊભો છું હું! એનો એને ખેદ છે. એટલે એની સાથે રિલેટીવ છે, એવી રીતે સમજીને એ વાત છે. એમ ને એમ સીધો ડિપ્રેશનમાં આવવાની વાત નથી, દિશાસૂઝ વગર. આમાં તો દિશાસૂઝ આવે છે. શું થાય છે? પછી શું કરવું તે સમજાય છે. એટલે એમાં દિશાસૂઝ આવે છે. આ એવા પ્રકારની વેદના અને દુઃખ છે.

'**પણ ગભરામણ થઈ જાય એમ નહિ.**' એટલે શબ્દ પછી ગમે એ વાપરે, પણ સ્પષ્ટતા આ છે. '**ભાવનામાં એમ હોય કે ક્યાંય ચેન નથી પડતું, સ્વભાવને ગ્રહણ કરી લઉં.**' સ્વભાવને ગ્રહણ કરી લઉં એ જાતની અપેક્ષા છે અને એ ગ્રહણ નથી થતું માટે ચેન નથી પડતું. એવી રીતે અપેક્ષિત વાત છે. '**દુઃખની પાછળ એમ આવવું જોઈએ કે સ્વભાવ ગ્રહણ કરું... સ્વભાવ ગ્રહણ કરું.**' એમ એ અપેક્ષિત વાત છે. '**દુઃખ દુઃખરૂપ રહી જાય તો કારણ ન બને.**' ઘણા એમ કહે કે ભાઈ અમને વેદના તો આવી જાય છે. પણ કઈ જાતની આવે છે એ કહો. વેદના આવી ગઈ તો પછી આવી ગઈ ગણવી કે ન ગણવી? તો કઈ જાતની આવી એ તો ખબર નથી. યથાર્થ પ્રકારની હોવી જોઈએ કે જેમાં યથાર્થ પ્રકારે ઉદાસીનતા આવે અને પોતાના ધ્યેયનું લક્ષ બંધાય—પૂર્ણ શુદ્ધિનું લક્ષ બંધાય. એમ એ બધી સાંકળ છે આખી. જ્યાં સુધી ઈ પ્રકાર ન આવે ત્યાં સુધી અન્ય પ્રકાર છે, અન્યથા પ્રકાર છે તો એ પ્રકાર કામમાં નહિ આવે. આ બહુ સારો ચોખવટવાળો આવી ગયો બોલ, સ્પષ્ટીકરણવાળો આવી ગયો.

'સ્વયંકી મલિનતા દિખલાઈ પડતી હૈ કિ વહ પૂર્વગ્રહ તો નહીં હૈ ન? કૈસે તય કરના?' માને નિશ્ચય કરના. તય એટલે નિશ્ચય. કેમ નક્કી કરવું? 'પૂર્વગ્રહ હો તો હતોત્સાહ-નિરાશા આયે.' મિસ-કોન્સેપ્ટ થઈ ગયો હોય તો એકદમ હતાશ થઈ

જાય, નિરાશ થઈ જાય, ડિપ્રેશનમાં આવી જાય. હું કાંઈ કરી જ નહિ શકું, હું કાંઈ નહિ કરી શકું. એમ થઈ જાય એને. એ ઉપડે જ નહિ એના પરિણામ.

મુમુક્ષુ :- કામ અઘરું લાગવા માંડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવું અઘરું લાગે કે જાણે હું કરી જ નહિ શકું.

મુમુક્ષુ :- હરહરી જાય એમને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, હરહરી જાય, ડિપ્રેશનમાં આવી જાય.

'ઔર યદિ મધ્યસ્થભાવપૂર્વક અવલોકન કરને સે મલિનતા દિખલાઈ દે...' મધ્યસ્થપણે પોતાના ભાવોનું અવલોકન કરતા પોતાના ભાવમાં ઉત્પન્ન મલિનતા એને જોવામાં આવે **'તો દોષકી પક્કડ ન હો.'** મધ્યસ્થતામાં તો કોઈ પક્કડ હોતી નથી. **'બલકી ઉસકા નિષેધ હોકર અભાવ હો વૈસી વૃત્તિ રહા કરે.'** એનો નિષેધ આવે અને નિષેધ ગમે તેટલો કડક આવે એમાં વાંધો નથી. **'ઐસે અંતરકો મિલાન કરકે નિશ્ચય હો સકતા હૈ.'** એ રીતે મેળવીને નિશ્ચય નક્કી કરી શકે કે ક્યા પ્રકારે પોતે પોતાની મલિનતાને અથવા પોતાના ભાવને જોવે છે.

મુમુક્ષુ :- પોતાના નાનામાં નાના દોષને પણ મોટો કરીને જોવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મોટો કરીને જોવે.

મુમુક્ષુ :- ૮૧૯માં આવ્યુંને કે વિષય વિકાર થઈ જાય તો ખેદ કરે, ખેદ કરે પણ ખેદ કરીને અટકતા નથી, પણ જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી નીચે મને બેસતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નીચે મને બેસતા નથી. એટલ ઈ ભાવના છે એને. દોષ મટાડવાની અને શુદ્ધિની ભાવના છે એની અંદર. એ વાત કરી કે ભાવનારૂપે આવવું જોઈએ, દુઃખ આવે તે ભાવનારૂપે આવવું જોઈએ એ પહેલું જે વચન છે એ ટંકોત્કીર્ણ છે. દુઃખ ભાવનારૂપે આવવું જોઈએ. એટલે દુઃખ અને ભાવના સાથે હોવા જોઈએ, જોડાયેલા હોવા જોઈએ.

મુમુક્ષુ :- આવું વચન ક્યાંય વાંચ્યું ન હોય એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવમાંથી વાત નીકળી છેને. એટલે એ તો કાંઈ શીખવું પડતું નથી. પોતે પોતાના અનુભવને તપાસે છે કે મને દુઃખ તો થયું હતું. મને કેવી જાતનું દુઃખ થયું હતું? કે મારી ભાવના હતી એવી જાતનું દુઃખ થયું હતું. એટલે એમાંથી જવાબ દે છે. આવી વાતો કાંઈ શાસ્ત્રમાંથી ગોતી મળે નહિ કાંઈ.

મુમુક્ષુ :- એક ઠેકાણે આવે છેને કે રડવું આવે છે વેદનાથી તો એથી શું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. એટલે એની ગણતરી નથી કરતો એમ

એનો અર્થ છે. પોતાને રડવું આવે છે તો એની કાંઈ ગણતરીમાં નથી ઉતરતો કે ચાલો આટલી વેદના તો આવીને, આટલું આમ થયું તો ખરુંને. એમ નહિ. એથી શું થઈ ગયું?

મુમુક્ષુ :- એ રડવું પણ ખોટું છે. આગળ જવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આગળ જવાની વાત છે. એ તો કોઈપણ ભૂમિકામાં સંતોષ ન લેવાય તો અસંતોષ જ આવે. બે પ્રકાર છે. કાં સંતોષ અને કાં અસંતોષ. ત્રીજો તો પ્રકાર છે નહિ. જે આગળ વધનારો જીવ છે, સાધક જીવ છે, સાધકતાનો જે પ્રકાર છે એમાં તો અસંતોષ રહે. એટલે કોઈપણ ભૂમિકામાં આગળ વધે તો એથી શું? એથી શું? એથી શું? એમ જ થાય. એવો એક વિષય અમૃતચંદ્રાચાર્યે ૧૪૩ ગાથામાં લીધો છે. ક્યાં સુધી આગળ વધેલો છે? કે સ્વરૂપ નિશ્ચય થયો, ભાવભાસનમાં આવ્યો. ત્યાં શૈલી એવી લીધી છે કે વ્યવહારનયનો એને પક્ષ છૂટી ગયો અને નિશ્ચયનયના પક્ષમાં આવ્યો. નિશ્ચયનયનો વિષય શુદ્ધાત્મા છે એનો પક્ષ બંધાણો. એટલે એ તરફનું જોર વધ્યું, એ તરફના અવલંબનનો પુરુષાર્થ વધ્યો, એનો મહિમા વધ્યો, પણ મહિમા સાથે જે વિકલ્પ છે એ વિકલ્પમાં એકત્વબુદ્ધિ છે તો એને નિશ્ચયનય ન કીધો પણ નિશ્ચયનયનો પક્ષકાર કીધો. એટલે કેટલો આગળ વધ્યો એ ન લીધું. હજી એકત્વથી પક્ષ રહી ગયો છેને. તો પ્રશ્ન ઉઠાવ્યો કે તેથી શું? એ તેથી શું ઉપર તો એકવાર ગુરુદેવે બહુ મોટું વ્યાખ્યાન કરેલું.

તેથી શું? એટલે એમ કે તું નિશ્ચયનયના પક્ષમાં આવ્યો, તને સ્વરૂપનું ભાવભાસન થયું એટલે કાંઈ તું એમ માની લેતો નહિ કે હું બહુ આગળ વધી ગયો. તેથી શું? તેથી શું એમ કહીને એમ કહે છે કે તને રહી ગયું શું? કે હજી એકત્વ રહી ગયું છે. તને સ્વરૂપના વિકલ્પો આવે છે એ વિકલ્પોમાં હજી એકત્વ વર્તે છે. એટલે એ વિકલ્પ જેવો અને જેવડો હું એવો તારો અનુભવ વર્તે છે. તું કાંઈ વિકલ્પ જેવડો છો નહિ, વિકલ્પ સ્વરૂપે તું છો નહિ. તો કહે છે, એ વિકલ્પ સ્વરૂપે હું છું એવો અનુભવ એ અનુભવ કેવો? કે જૂઠો અનુભવ. રાજમલજીએ એને શું કીધું? 'જિતના વિકલ્પ હૈ ઉતના જૂઠા હૈ.' ત્યાં કેમ જૂઠો કીધો? કે એ વિકલ્પસ્વરૂપે પોતાનો અનુભવ વર્તે છે ત્યાં અને શુદ્ધાત્માના અનુભવમાં એ બાધક છે. એ પ્રકારનો વિકલ્પ અનુભવમાં બાધક છે. સાધક નથી લેતા, બાધક લે છે એને. એવા વિકલ્પ સુધી ન આવે નિશ્ચયનયના પક્ષમાં તોપણ કામ થાય નહિ અને એવા વિકલ્પમાં સંતોષાઈ જાય તોપણ કામ થાય નહિ. જોકે યથાર્થતામાં આવેલો જીવ સંતોષાતો નથી. પણ કોઈ સંતોષાઈ છે એને એ પ્રકાર યથાર્થ નથી એટલે એને લાલબત્તી મૂકે છે. કે તને સંતોષ થયો?

તો અમે એમ કહીએ છીએ કે તેથી શું? એમ વાત તો બધી આવે. કો-ઓર્ડિનેશન કરતા આવડે તો તો ખબર પડી જાય. વાત બધી આવે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યથાર્થપણે પૂર્ણતાનું લક્ષ બંધાય પછી એ વાત સૂઝે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. યથાર્થપણે પૂર્ણતાનું લક્ષ બંધાવું જોઈએ. પછી લગભગ વાંધો નથી આવતો. કેમકે સંતોષાય નહિ એ જીવ. યથાર્થપણે પૂર્ણતાનું લક્ષ બંધાય તો સંતોષાય નહિ. એને જ્યાં સુધી ન થાય ત્યાં સુધી અસંતોષ જ રહ્યા કરે. તેથી શું? તેથી શું? તેથી શું?

મુમુક્ષુ :- પૂર્ણતાનું લક્ષ બાંધ્યું છે એની પણ સાબિતી છે કે એને એમ નીકળ્યા કરે કે તેથી શું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, લક્ષ બાંધ્યું હોય એટલે ક્યાંય સંતોષાય નહિ. પૂર્ણ ન થાય ત્યાં સુધી સંતોષાય નહિ. મુનિદશા આવી તો બહેનશ્રીએ શું લખ્યું વચનામૃતમાં? કે આ ધીમી ધારે અમૃત પીવાય છે એ મને પોસાતુ નથી. નહિતર તો પ્રચુર સ્વસંવેદન છે અને આનંદનો એટલો ઉભરો છે કે ટાઢ-તડકાની ખબર પડતી નથી. મુનિને ઠંડી-ગરમીની ખબર પડતી નથી. એટલો આનંદ છે. એટલો બધો આનંદ એ નીચેની અપેક્ષાએ છે. ઉપરના અનંત પરમાનંદ પાસે એ ધીમી ધાર દેખાય છે અને એ ધીમી ધારે પોસાતું નથી. એટલે નજર ઉપર હોય એનું આમાં કામ છે. નજર નીચે જાય એનું આમાં કામ નથી. હું આટલો તો આગળ વધ્યોને. તો કહે ખલાસ. હવે પાછળ જવાની શરૂઆત થાશે. ત્યાંથી પાછો ગયો એ. એ વાત જ પાછળ જવાની છે.

મુમુક્ષુ :- ક્યારેક થાય છેને ભાઈશ્રી! કે આજ તો પરિણામ તો બહુત અચ્છે ચલે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આજે મને બહુ સારા ભાવ આવ્યા. પૂજા-ભક્તિ કરતો હતો એમાં પણ સારા ભાવ આવ્યા, સ્વાધ્યાયમાં પણ સારા ભાવ આવ્યા. કોની સાથે મેળવે છો તું? તો કહે, તારા નઠારા ભાવ સાથે મેળવે છે. એટલે તું નીચે જોવે છે. નીચા ભાવ સાથે તારી સરખામણી કરે છે વર્તમાન ભાવની, આ લાઈન બરાબર નથી, એ લક્ષણ બરાબર નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સોગાનીસાહેબ એમ કહે છે કે સમ્યગ્દર્શન હુઆ તો ક્યા હુઆ?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યા હો ગયા? સમ્યગ્દર્શન હો ગયા તો ક્યા હો ગયા? અઢી દ્વીપ કે બાહર સ્વયંભૂરમણસમુદ્ર મેં પંચમ ગુણસ્થાનવર્તી તિર્યંચ અસંખ્ય હૈ. કિતને? અસંખ્ય હૈં. યહાં એક-દો ચાર કો હોતા હૈ તો બહુત લગતા હૈ. લેકિન વહાં તો અસંખ્ય હૈં ઔર વહ તિર્યંચકો હૈ. ઈસસે ક્યા હો ગયા?

બહેનશ્રીએ એથી આગળ લીધું છે કે પર્યાયમાત્ર બધો વેષ છે. મારું સ્વરૂપ નથીને. પર્યાયમાત્ર વેષ છે તો સમ્યગ્દર્શન પણ પર્યાય છે. તો કહે હા એ પણ વેષ છે. મુનિદશા આવી, તો કહે વેષ છે. કેવળજ્ઞાન પ્રગટીને સિદ્ધપદ આવ્યું તો કહે વેષ છે. જાવ! મારું મૂળ સ્વરૂપ ત્રિકાળ એમ ને એમ છે. એની પાસે આ બધા વેષનો કોઈ હિસાબ નથી. કેમકે એ તો ક્ષણિક છે બધા. હું તો ત્રિકાળ એથી અનંતગુણ સમૃદ્ધ છું. સિદ્ધપદની એક સમયની પર્યાય કરતા હું અનંતગુણ સમૃદ્ધ ત્રણે કાળે છું. મારી દૃષ્ટિ એના ઉપર છે. મારી દૃષ્ટિ પર્યાય ઉપર નથી.

મુમુક્ષુ :- આપ કહો છોને, ફલાણીનો ધણી એમ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એને નીચું જોવાની વાત છે. પત્નીથી પતિને ઓળખાવવો એટલે એમણે-સોગાનીજીએ તો લીધું, કે મોક્ષપર્યાય સે મેરી પહચાન કરાના વહ તો મુઝે ગાલી દેને બરાબર હૈ. હું રાગી, હું દ્વેષી એ ઓળખાવાની વાત નથી, સિદ્ધપર્યાયથી ઓળખાવવો એ પણ મને ગાળ દેવા બરાબર છે. હું સિદ્ધપર્યાયથી ઓળખાવું એવો હું કાંઈ નીચી કોટીનો પદાર્થ નથી. એવી બધી એમણે દૃષ્ટિની વાત લીધી છે.

મુમુક્ષુ :- દ્રવ્યદૃષ્ટિનો પાવર કેટલો!

પૂજ્ય ભાઈશ્રી :- હા, દ્રવ્યદૃષ્ટિમાં એવી વાતો છે.

મુમુક્ષુ :- ધ્યેય ન બાંધ્યું હોય એ સજીવનમૂર્તિના, ગુરુના ખાતે જમા કરાવી દ્યે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ તો બધું જેટલો પર્યાયમાં આગળ વધે એ નાખે એ તો.

'દુઃખ દુઃખરૂપ રહી જાય તો કારણ ન બને. દુઃખમાંથી સ્વભાવ ગ્રહણ કરવા તરફ પરિણતિ જાય તો કારણ બને.' શું કહે છે? કે **'દુઃખમાંથી સ્વભાવ ગ્રહણ કરવા તરફ પરિણતિ જાય તો કારણ બને.'** એટલે વેદનાવાળો વેદનામાં રહી જતો નથી, પછી પૂર્ણતા તરફ પ્રયાણ શરૂ કરી દ્યે છે. સ્વભાવનો પુરુષાર્થ ચાલુ કરે છે. **'પ્રયત્ન કરવો, આકુળતા થવા ન દેવી.'** પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. **'જ્ઞાન-આનંદસ્વરૂપ આત્મા છે તેની શ્રદ્ધા કરવી, તેનું જ્ઞાન કરવું ને તેમાં લીનતા કરવી. ખરું આ કરવાનું છે.'** પોતાના જ્ઞાન, આનંદસ્વરૂપ અનંત સામર્થ્યનો શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર કરવો અને એટલી હદે સ્વીકાર કરવો કે એમાં લીન થઈ જવાય. એટલા હદે સ્વીકાર કરવો. આઘા ઊભા રહીને વખાણ કરવાની વાત નથી. અંદર એકાકાર થઈ જવાની વાત છે. એ ૧૨૩ થયો. સારું માર્ગદર્શન છે આમાં. નહિતર વેદનામાં

આવેલાને પાછું સમાધાન થતું નથી. વેદના આવી ગઈ હવે આગળ કેમ જવાતું નથી? વેદના તો થઈ હતી. તો કહે ક્યા પ્રકારની થઈ હતી? એમાં પ્રકાર છે પાછા. આમ બે (પ્રકાર)—એક યથાર્થ અને એક અયથાર્થ.

પ્રશ્ન-૧૨૪

પ્રશ્ન :- ગજસુકુમાર મુનિરાજકે સિર પર સગડી જલ રહી થી ઉસ સમય મુનિરાજકા ઉપયોગ આત્મામેં થા?

સમાધાન :- મુનિરાજકા ઉપયોગ ભગવાન આત્મામેં થા. સગડી જલ રહી થી મગર સગડી સગડીમેં રહ ગઇ ઔર ઉપયોગ સ્વાનુભૂતિમેં ઐસા ચલા ગયા કિ શ્રેણી ચઢકર કેવલજ્ઞાન હો ગયા. ઉપયોગ ચૈતન્યલોકમેં ચલા ગયા તો શરીરમેં ક્યા હોતા હૈ ઉસકા ધ્યાન ભી નહીં રહતા; શરીર ઔર શરીરકી વેદના પર ધ્યાન નહીં રહતા. જો ઉપયોગ બાહર આવે તો મસ્તક પર સગડી હૈ ઐસા જ્ઞાન હો. પર ગજસુકુમાર મુનિરાજ તો ભીતરમેં ગયા સો ગયા, શ્રેણી માંડ દી, બાહર આયા હી નહીં. સગડી સગડીમેં રહ ગઇ ઔર ચૈતન્ય ચૈતન્યલોકમેં ચલા ગયા, કેવલજ્ઞાન હો ગયા, સબ લોકાલોકકા પ્રકાશક હો ગયા, ચૈતન્યકે અનંતગુણ-પર્યાયકા વેદન હો ગયા, ચૈતન્યકી સ્વાનુભૂતિકા પૂર્ણ વેદન હો ગયા. ૧૨૪.

પ્રશ્ન ૧૨૪ ઉપર પ્રવચન

૧૨૪. '**પ્રશ્ન :- ગજસુકુમાર મુનિરાજકે સિર પર સગડી જલ રહી થી ઉસ સમય મુનિરાજકા ઉપયોગ આત્મામેં થા?**' જ્યારે એમના માથે સગડી સળગતી હતી ત્યારે એનો ઉપયોગ આત્મામાં હતો? હા. નહિતર તો શું દશા થાય? જો ઉપયોગ આત્મામાં ન હોય અને માથું સળગતું હોય તો તો આર્તધ્યાન થાય અને પરિણામ

તો એકદમ બગડી જાય.

'સમાધાન :- મુનિરાજકા ઉપયોગ ભગવાન આત્મામેં થા.' ઉપયોગ તો ભગવાન આત્મામાં આવી ગયો હતો. **'સગડી જલ રહી થી મગર સગડી સગડીમેં રહ ગઈ ઔર ઉપયોગ સ્વાનુભૂતિમાં ઐસા ચલા ગયા...'** સગડી સગડીમાં રહી ગઈ, ઉપયોગ સ્વાનુભૂતિમાં આવી ગયો. પોતાના અનુભવમાં ઉપયોગ છે. અનુભવમાં ઉપયોગ હોય ત્યારે શરીરનું ગમે તે થાય, ખબર ન પડે.

મુમુક્ષુ :- ખબર જ ન પડે?

પૂજ્ય ભાઈશ્રી :- ના, ખબર જ ન પડે. પ્રાણ છૂટી જાય એવો પ્રકાર છે આ. આ ઉપસર્ગનો કેવો પ્રકાર છે? પ્રાણ છૂટી જાય. અને પ્રાણ છૂટી ગયા. માથું સળગે, મગજ બળે પછી શું કાંઈ માણસનું આયુષ્ય હોય? હોય જ નહિ. આયુષ્ય પૂરું થઈ જાય. એવે વખતે આત્મામાં ઉપયોગ હોય અને મુનિદશાનો તીવ્ર ઉપયોગ હોય તો સીધો કેવળજ્ઞાન લઈ લે. તો ખબર જ ન પડે. આમ તો ચોથા ગુણસ્થાને પણ જઘન્ય સ્થિરતા છે, તોપણ ખબર ન પડે. શરીરમાં શું થાય છે એ ખબર ન પડે. વેદના હોય, ગમે તે હોય ખબર ન પડે. આ તો મુનિદશામાં હતા. એટલે ત્યાં તો વધારે એકાગ્રતા હતી. શ્રેણી માંડી હતી એમણે તો. અહીંયાં આ બાજુ ઉપસર્ગ શરૂ થયો અને પોતે શ્રેણી માંડી લીધી, પતી ગયું. એટલા લીન થયા કાંઈ ખબર જ ન પડે. શું થાય છે એ ખબર ન પડે. કેમકે ઉપયોગ બે જ્ઞેયને વિષય ન કરી શકે. ઉપયોગ આત્માને પણ વિષય કરે અને ઉપયોગ શરીરમાં કાંઈ થાય છે એને વિષય કરે એમ બે વાત ન બને.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને ખબર ન પડે એ કેટલા સમયમાં?

પૂજ્ય ભાઈશ્રી :- ભલે ગમે તેટલા સમયમાં, ભલે બહુ જઘન્ય સમય છે. પા સેકન્ડ છે માની લ્યો, પણ પા સેકન્ડ પણ ગયોને. ખબર ન પડે એ વખતે. આમને તો મુનિદશા છે એટલે લંબાય કેવળજ્ઞાન સુધી. કેમકે અંતર્મુહૂર્ત રહે—બે ઘડી રહે એટલે કેવળજ્ઞાન થઈ ગયું. આપણે આ સાઈકલના ટાયરનો નિયમ શું છે? સાઈકલનું ટાયર ફ્લેટ નથી, ગોળાકારે છે. કોઈ ફ્લેટ ચીજને અહીંયાં મૂકવી હોય તો આમ બરાબર રહે, પણ અહીંયાં ગોળાઈ હોયને તો ન રહે. રહે? દડી જાય. હવે એ લોકોએ શું નિયમ ગોત્યો? કે ટાયર તો ફ્લેટ થાય નહિ. કારણ કે એને ફ્રિક્શન જે છે એ ફ્રિક્શન નડે એને ચાલવામાં. એટલે એ લોકોએ ગોળ બનાવ્યું. તો કહે ગોળ તો રહે નહિ. તો કહે એમ નહિ. જરાક વાર રહે છે કે નહિ? સાયન્ટિફિક પ્રિન્સિપલ શું છે એ સમજો તમે. કે જરાક વાર રહે છે કે નહિ? બસ, આપણે

જરાકવારનું જ કામ છે. કેમ? કે પછી તો ફરતી ચીજ છે. એને ક્યાં એકધારી ત્યાં રાખવાની છે. જરાક રહે તો એ જરાક... જરાક... જરાક... જરાક... કરીને ફેરવે છે. જાવ, સાયકલ ઉપર વયા જાવ, સ્કુટર ઉપર વયા જાવ. સ્કુટરનું ટાયર ગોળ છે. મોટરમાં થોડા ફ્લેટ બનાવે છે હવે. કારણ કે એ તો ફોર વ્હીલર છે એટલે એને કાંઈ બેલેન્સનો સવાલ નથી. આમાં તો બેલેન્સનો સવાલ છે. બેલેન્સ રહે જ નહિ. તો કહે જરાક વાર તો રહે છે કે નહિ? આ એના ઉપર એક માઈલોના માઈલો દુનિયાની મુસાફરી કરી જાય સાઈકલ ઉપર લોકો. એ એક જરાકવાર રહે એના પ્રિન્સિપલ ઉપર.

એમ ચોથા ગુણસ્થાને જરાક વાર રહે છે કે નહિ? બસ, હવે વાંધો નહિ. જરાક વાર રહે એનો વાંધો નહિ, હવે કેવળજ્ઞાન લઈ લેશું. કેમકે એને ને એને ફરી ફરીને લાવે. જરાક-જરાકને જ ફરી ફરીને લાવે, જરાક-જરાકને જ ફરી ફરીને લાવે. આ તો વિજ્ઞાન છે. એક સમય તે સૌ સમય. એક સમયમાંથી સૌ સમય ઊભો કરી દે એવી વાત છે. એટલે જરાક છે એમ ન જોવાય.

તમે વેપાર કરો છો. એક ચીજ ખરીદીને લાવ્યા. મૂકતી વખતે તમને ખ્યાલ આવ્યો કે અરે! આ તો આપણે બાર આનાની ચીજ લાવ્યા તો આ તો બાર રૂપિયા સુધી ખપી જાય એવું છે અહીંયાં તો. ભલે તમે એક જ નંગ લાવ્યા એ વખતે. પછી? પછી તમે લાગી પડો. પછી આખી માલગાડી જ ભરે. રેક (ભરે). પછી વેગનમાં લાવે અને ટ્રેનબંધમાં જ લાવે. વેગનમાં ન લાવે. પછી ટ્રેનબંધનો હિસાબ કરે. આખી માલગાડી ભરી લે. એટલે એ એક ચીજ ન જોવે. પોસાણ થઈ ગયું કે નહિ? એટલું જોવે. પછી જીવ મોટો વેપાર કરી નાખે. એવો જીવનો સાહસિક સ્વભાવ છે. જેમ બહારમાં મોટો વેપાર કરે એમ આમાં પણ એવું જ છે. પછી ખેલો જ કરે. પોસાણ થવું જોઈએ. એમાં લિમિટ ન હોય પછી. એમાં કોઈ લિમિટ રાખતું નથી. જેટલું થાય એટલું કરી લ્યો એમ કહે છે.

'સગડી સગડીમેં રહ ગયી ઔર ઉપયોગ સ્વાનુભૂતિમેં ચલા ગયા કિ શ્રેણી ચઢકર કેવલજ્ઞાન હો ગયા, ઉપયોગ ચૈતન્યલોકમેં ચલા ગયા તો શરીરમેં ક્યા હોતા હૈ ઉસકા ધ્યાન ભી નહીં રહતા;...' ઉપર લક્ષ જ ન જાય, ધ્યાન રહે જ નહિ. શું થાય છે એ ખબર ન પડે. **'શરીર ઔર શરીરકી વેદના પર ધ્યાન નહીં રહતા.'** ખબર ન પડે. ધ્યાન ન રહે એટલે ખબર પડે નહિ. અહીંયાં આપણે ધ્યાનમાં હોય તો સાંભળતા નથી. ગમે એટલા મોટા અવાજને સાંભળતા નથી. કેમકે ઉપયોગ એબસન્ટ હોય તો ખબર ન પડે.

'જો ઉપયોગ બાહર આવે તો મસ્તક પર સગડી હૈ ઐસા જ્ઞાન હો. પર ગજસુકુમાર મુનિરાજ તો ભીતરમેં ગયા સો ગયા, શ્રેણી માંડ દી, બાહર આયા હી નહીં.' બહાર જ ન આવ્યા. પતી ગયું. શરીર શરીરમાં અને આત્મા આત્મામાં. **'સગડી સગડીમેં રહ ગઈ ઔર ચૈતન્ય ચૈતન્યલોકમેં ચલા ગયા, કેવલજ્ઞાન હો ગયા, સબ લોકાલોકકા પ્રકાશક હો ગયા.'** કેવળજ્ઞાન થયું. આખા લોકાલોકનું પ્રકાશક જ્ઞાન થઈ ગયું.

મુમુક્ષુ :- પૂજ્ય ગુરુદેવશ્રી આ પ્રસંગ આખો વર્ણવે પછી એમ કહેકે આવી ગજસુકુમારની ઘડી અમને હજો. ગુરુદેવની કેસેટમાં સાંભળ્યું હતું કે આવી ગજસુકુમારની ઘડી અમને હજો.

મુમુક્ષુ :- કૃપાળુદેવે પણ લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- કૃપાળુદેવે લખ્યું છેને. ગજસુકુમારની એક પળ જેટલું પણ દુઃખ નથી. પાંડવોના વનવાસનું એક દિવસનું નથી. એટલે એમ કે મને પ્રતિકૂળતા છે... પ્રતિકૂળતા છે... અને પ્રતિકૂળતા આવે ત્યારે હું કામ કરી શકતો નથી, એ બધા રોદણા મૂકી દે એમ કહે છે. એ રોવાનું મૂકી દે. તમને-અમને કાંઈ દુઃખ જ છે નહિ. કામ ઉપાડો હવે, કાંઈ દુઃખ છે નહિ. મફતનો શેનો બેસી રહ્યો છો? કાંઈ દુઃખ નથીને.

'સબ લોકાલોકકા પ્રકાશક હો ગયા, ચૈતન્યકે અનંતગુણ-પર્યાયકા વેદન હો ગયા,...' ચૈતન્યના અનંતગુણ-પર્યાયનું વેદન થઈ ગયું. પ્રગટ, પ્રગટ વેદન થઈ ગયું. **'ચૈતન્યકી સ્વાનુભૂતિકા પૂર્ણ વેદન હો ગયા.'** સ્વસંવેદન પણ અનંતુ. પૂર્ણ સ્વસંવેદન છે. ભગવાનની પ્રતિમામાં એ મુખ્ય વાત લીધી છે આમણે દીપચંદજીએ અનુભવપ્રકાશમાં. સ્વસંવેદન જોવે છે. જ્ઞાની શું જોવે છે? ભગવાનમાં અનંતુ સ્વસંવેદન જોવે છે તો અહીંયાં સ્વસંવેદન ઉપર અસર આવે છે સીધી. વેદન જોઈને વેદનમાં અસર આવે છે. એમ છે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૧૨૫

પ્રશ્ન :- ઈષ્ટોપદેશમેં આતા હૈ કિ જ્ઞાની દેખતે હુએ ભી નહીં દેખતા, ચલતે હુએ ભી નહીં ચલતા. તો ક્યા વિકલ્પમેં આને પર ભી ઐસા રહતા હૈ?

સમાધાન :- જ્ઞાનીકા ઉપયોગ બાહર આવે તો ભી વહ દેખતે હુએ નહીં દેખતા! જ્ઞાનીકી દૃષ્ટિ ચૈતન્ય પર રહતી હૈ, બાહર ઉપયોગ હોવે તો ભી દૃષ્ટિ તો ચૈતન્ય પર રહતી હૈ. ક્ષણે ક્ષણે જ્ઞાયકકી ધારા ચલતી હૈ-જ્ઞાનીકી દૃષ્ટિ પલટ ગઈ હૈ-એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ. મૈં જ્ઞાયક હૂં.....જ્ઞાયક હૂં.....જ્ઞાયક હૂં ઐસી જ્ઞાયકકી ધારા રહતી હૈ. ઈસ લિયે વહ ચલતે હુએ ભી નહીં ચલતા, દેખતે હુએ ભી નહીં દેખતા. જ્ઞાનીકી દૃષ્ટિ જ્ઞાયક ઉપર હૈ, તો ભેદજ્ઞાનકી ધારા ચલતી હૈ કિ યે પગ ચલતા હૈ, મૈં નહીં ચલતા. મૈં જ્ઞાયક હૂં ઐસા વિકલ્પ નહીં, પર સહજ જ્ઞાયકકી ધારા ચલતી હૈ. આંખ તો જડ હૈ, આંખસે મૈં નહીં દેખતા, મૈં તો જ્ઞાયક હૂં. શરીરસે ચલનેવાલા મૈં નહીં. મૈં તો જ્ઞાયક હૂં. ઐસી જ્ઞાયકકી ધારા જ્ઞાનીકી ચલતી હૈ. બાહ્ય દૃષ્ટિ નહીં હૈ, દૃષ્ટિ ભીતરમેં ચલી ગઈ હૈ, એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ, કર્તાબુદ્ધિ તૂટ ગઈ હૈ. ઔર સ્વભાવકો જાનને-દેખનેવાલા મૈં હૂં, ઐસી સહજદશા હો ગઈ હૈ. ૧૨૫.

તા. ૬-૨-૧૯૯૭, પ્રશ્ન-૧૨૫,૧૨૬
પ્રવચન નં. ૮૨

સ્વાનુભૂતિદર્શન પાનું-૯૦, ૧૨૫મો પ્રશ્ન છે.

'**પ્રશ્ન :- ઈષ્ટોપદેશમેં આતા હૈ કિ જ્ઞાની દેખતે હુએ ભી નહીં દેખતા, ચલતે હુએ ભી નહીં ચલતા. તો ક્યા વિકલ્પમેં આનેપર ભી ઐસા રહતા હૈ?**' ઈષ્ટોપદેશ શાસ્ત્ર પૂજ્યપાદસ્વામીની રચના છે. ઈષ્ટોપદેશ, સમાધિશતક પૂજ્યપાદસ્વામીના છે. '**જ્ઞાની દેખતે હુએ ભી નહીં દેખતા,...**' એટલે કે સવિકલ્પદશામાં એવું હોય છે?

એમ. ચાલે છે છતાં નથી ચાલતા એવું સવિકલ્પદશામાં હોય છે? કેવી રીતે છે?

'સમાધાન :- જ્ઞાનીકા ઉપયોગ બાહર આયે તો ભી વહ દેખતે હુએ નહીં દેખતા! જ્ઞાનીકી દૃષ્ટિ ચૈતન્ય પર રહતી હૈ, બાહર ઉપયોગ હોવે તો ભી દૃષ્ટિ તો ચૈતન્ય પર રહતી હૈ.' અંતર પરિણતિની મુખ્યતાથી આ વાત છે. ઉપયોગ બહાર નથી આવતો એમ કહેવા માંગતા નથી. ઉપયોગ બહાર જાય છે, પણ દૃષ્ટિ એ વખતે પોતાના સ્વરૂપ ઉપર રહે છે. દૃષ્ટિ ફરતી નથી, દૃષ્ટિ બદલાતી નથી. અને **'ક્ષણે ક્ષણે જ્ઞાયકકી ધારા ચલતી હૈ...'** અને જ્ઞાનધારા છે એ જ્ઞાનધારામાં જ્ઞાનની પ્રધાનતાપૂર્વક અનંત ગુણોની ધારા છે અને એ મુખ્ય પરિણતિ છે. પરિણામમાં મુખ્ય વિભાગ એ છે, ઉપયોગ બહાર જાય છે એ ગૌણ છે. તેથી મુખ્યને મુખ્ય કરીને એમ કહેવાય છે કે જ્ઞાની ચાલતા નથી, દેખતા નથી. મુખ્યને મુખ્ય કરવું તે યોગ્ય છે. મુખ્યને ગૌણ કરવું તે અયોગ્ય અને અનુચિત છે પણ મુખ્યને મુખ્ય કરવું તે ઉચિત છે તેથી એમ કહેવાય છે.

'ક્ષણે ક્ષણે જ્ઞાયકકી ધારા ચલતી હૈ-જ્ઞાનીકી દૃષ્ટિ પલટ ગઈ હૈ-એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ.' પારકાપણું થઈ ગયું છે. કાર્યો કરે છે પણ પારકાપણું રાખીને. જેમ નોકર કરે એવી રીતે. તેથી એ ચાલે છે તોપણ નથી ચાલતા, બોલે છે તોપણ નથી બોલતા. **'મૈં જ્ઞાયક હૂં... જ્ઞાયક હૂં... જ્ઞાયક હૂં ઐસી જ્ઞાયકકી ધારા રહતી હૈ. ઈસલિયે વહ ચલતે હુએ ભી નહીં ચલતા, દેખતે હુએ ભી નહીં દેખતા.'** એમ મુખ્ય કરીને વાત છે. એમ કહેવા પાછળ જ્ઞાનીની જ્ઞાનદશા બતાવવી છે કે કોઈ રીતે પણ એ સમજાય. કેમકે જ્ઞાનીનું સ્વરૂપ જીવ અનંત કાળમાં એકવાર પણ સમજી શક્યો નથી. અને એ વિટંબણા હોવાથી પ્રથમ સમકિત થયું નથી. બીજું અને ત્રીજું થવાનો કોઈ પ્રસંગ આવતો નથી, અવસર આવતો નથી. એટલે શાસ્ત્રોમાં જ્ઞાનીની અંતરંગ દશા બતાવવા માટે ઈષ્ટોપદેશ જેવા અનેક શાસ્ત્રોમાં એ પ્રકારે વાત કરી છે એની પાછળ કોઈ હેતુ છે કે જ્ઞાનીની દશા બતાવવી છે. ઓળખવા માટેની વાત છે. ઓળખાવાનો હેતુ છે એની પાછળ, બીજો કોઈ હેતુ નથી. કોઈ દોષ પોષવા છે કે દોષ સંતાડવા છે, ગોપવવા છે એવો પણ કોઈ અભિપ્રાય એમાં નથી. માત્ર ઓળખાણ કરાવવાનો હેતુ છે.

મુમુક્ષુ :- સામો જીવ પોતા સમાન કલ્પના ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એટલે.

'જ્ઞાનીકી દૃષ્ટિ જ્ઞાયક ઉપર હૈ, તો ભેદજ્ઞાનકી ધારા ચલતી હૈ...' બીજું સારું દૃષ્ટાંત છે. કોઈ દુશ્મનનું લશ્કર છે એમાં જાસૂસ તરીકે કોઈ માણસ ઘૂસી ગયો હોય

તો એની ડિસિપ્લિન એ એવી રીતે પાળે કે કોઈને જરાય શંકા ન પડે કે આ કોઈ પારકો માણસ અંદર આવી ગયો છે. એવી રીતે પહેલેથી બધો અભ્યાસ કરી લીધો હોય, સમજી લીધું હોય, જોઈ લીધું હોય, પછી ઘૂસ્યો હોય. કેમ? પકડાય જાય તો મરાય જાય, મારી નાખે એને. પછી કોઈ એને એમ કહે કે ભાઈ! એ તો બધું જ એનું કામ કરે છેને. જેટલું એ લોકો કહે એટલું કરે છે. સોએ સો ટકા પાલન કરે છે.

મુમુક્ષુ :- બીજા એટલું ન કરતા હોય એટલું કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બીજા ભૂલ કરે. એના દેશના સૈનિકો કોઈ ભૂલ કરે, આ માણસ ભૂલ ન કરે. તો એ કરે છે છતાં નથી કરતો અથવા કરે છે છતાં એ જાસૂસી કરે છે. ખરેખર એના કમાન્ડરના હુકમનું પાલન નથી કરતો પણ જાસૂસી કરે છે એમ ગણાય કે ઓલું પાલન કરે છે એમ ગણાય? શું ગણાય?

મુમુક્ષુ :- પોતાના દેશનું કામ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સામાના દેશનું કામ કરે છે? બહુ સારો સેવક થઈને કામ કરે, સૈનિક થઈને કામ કરે. કોનું કામ કરે છે? એની દૃષ્ટિ આ લોકોની નબળાઈ ક્યાં છે? આ લોકોને કેવી રીતે હરાવી શકાય? આના ઉપર કેવી રીતે રાજ કરી શકાય એ દૃષ્ટિ છે એની કામ કરવામાં એની દૃષ્ટિ નથી. એમ જ્ઞાની સંસારના કાર્યો કરતા દેખાય છે, પણ એ સંસારથી તરવા ઉપર એની દૃષ્ટિ છે. સંસારમાં રહેવા ઉપર એની દૃષ્ટિ નથી. એટલે એ તરે છે કે સંસાર ભોગવે છે? એ તરે છે.

મુમુક્ષુ :- તારે છે પણ ખરાને?

પૂજ્ય ભાઈશ્રી :- હા એ પછી કોઈને નિમિત્ત પડે ત્યારે તારે છે એમ પણ કહેવાય. પણ એ સ્વાભાવિક છે કે એને કોઈ સમજે ત્યારે એને પણ એ રીતે તરવાની ચાલ એને સમજાય છે. જ્ઞાનીને ઓળખે ત્યારે એને પણ સમજાય છે કે અરે..! આવી રીતે સંસારથી તરી શકાય છે. તો એ પણ એ રીતે પોતાની ચાલ બદલી નાખે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપ દૃષ્ટાંત આપો છોને, બરાબર ડિસિપ્લિનમાં રહે તો સજા જલ્દી પૂરી થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણા પડખેથી વાત લેવાય છે. એમ જ્ઞાની સમજે છે કે આ જે ઉદય છે એ મારા અજ્ઞાનભાવમાં, અજ્ઞાનદશામાં કરેલા અપરાધનું ફળ છે અને એ સજા પ્રમાણિકપણે મારે ભોગવવી. એ બહાના નીચે સંસારમાં નથી રહેવું, પણ એ ઉદય પણ છૂટે એમ નથી. એ પણ પોતાના હાથની વાત નથી.

પરવશ છે તો એ સજા પ્રમાણિકપણે ભોગવે તો સ્થિતિ ટુંકાઈ જાય. જલ્દી સજા પૂરી થવાનો અર્થ શું છે? કે જે કર્મો હજી ઉદયમાં નથી આવે એની સ્થિતિ ટુંકાઈ જશે. એને ઉદય વહેલો પૂરો થઈને મોક્ષમાં ચાલ્યા જશે. એ પણ એક ન્યાય છે. અનેક ન્યાયો છે એમાં તો. જ્ઞાનદશાને સમજવા માટે ઘણા ન્યાયો છે.

'**ज्ञानीकी दृष्टि ज्ञायक ऊपर है, तो भेदज्ञानकी धारा चलती है कि ये पग चलता है, मैं नहीं चलता.**' ચાલે તોપણ હું મારી જ્ઞાનધારામાં ચાલું છું. પગ ચાલે છે, શરીર ચાલે છે એ મારી ક્રિયા નથી. એ થવાયોગ્ય હોય તે થાય છે. મારું અસ્તિત્વ શરીરમાં નથી. મારું અસ્તિત્વ મારા સ્વરૂપમાં છે. એવી રીતે ખાય છે ત્યારે એ ખોરાકના પરમાણુનો સ્વાદ નથી લેતા, પણ પોતાના જ્ઞાનનો અને આનંદનો સ્વાદ લે છે. એ પણ સ્વાદ છે, આ પણ સ્વાદ છે. પોતાના સ્વરૂપના સ્વાદમાં તન્મય છે અને ખોરાકના સ્વાદમાં અતન્મય છે. તો પછી એનો સ્વાદ નથી લેતા એમ કહેવામાં શું ખોટું છે? એ ખોટું નથી, ઉચિત જ છે. જે પરદ્રવ્યના કાર્યો થાય છે અને વિકલ્પનું કાર્ય થાય છે એ હું કરતો નથી એવો એમને અનુભવ છે. પછી બીજાએ શા માટે આરોપ લગાવવો જોઈએ કે એ કરે છે? એ અન્યાય કરે છે, એ જ્ઞાનીને અન્યાય કરે છે.

'**ये पग चलता है, मैं नहीं चलता. मैं ज्ञायक हूं ऐसा विकल्प नहीं.**' એમ વિકલ્પ કરવાની વાત નથી. સમજાવ્યું એટલે કોઈ એવો વિકલ્પ કરવા માંડે અને એવો વિકલ્પ કરે અને એમ માને કે મને પણ એવી દશા ચાલે છે એમ વાત નથી. એવો વિકલ્પ કરવાની વાત નથી. '**ऐसा विकल्प नहीं, पर सहज ज्ञायककी धारा चलती है.**' અહીંયાં પરિણમનની વાત છે, વિકલ્પની વાત નથી. એવું સાક્ષાત્ પરિણમન ચાલે છે. '**आंख तो जड है, आंखसे मैं नहीं देखता,...**' દેખવાનું કામ તો મારું જ્ઞાન કરે છે. આંખ થોડી કરે છે? આંખ તો જડ છે. એનામાં દેખવાનો ગુણ નથી. દુનિયા ન માને. દુનિયામાં એમ કહો કે આંખમાં જોવાનો ગુણ નથી, એ દુનિયા નહિ માને. આંખમાં જોવાનો ગુણ નથી ત્યારે માથામાં જોવાનો ગુણ છે? શેમાં જોવાનો ગુણ છે? એમ કહે. ભાઈ! અહીંયાં જડ-ચૈતન્યની ભિન્નતાની વાત છે. આંખ રહી જાય છે, જાણવાનો જેનામાં ગુણ છે એ ચાલ્યો જાય છે તો આંખ શું જોવે છે? કે કાંઈ નહિ. ત્યારે આંખ જોતી નથી તો અત્યારે પણ આંખ જોતી નથી. જોનારો જોવે છે. તને આંખની કિંમત છે એટલી જોનારની કિંમત છે? એમ પૂછે છે.

બહારમાં એક ધડાકો થાય તો આંખ મીંચી જાય. છત પડે તો આંખ મીંચી જાય. અવાજ થાયને. કેમકે આંખમાં ધૂળ ભરાઈ જાય કે કાંઈક વાગી જાય. આંખને

બચાવવા જાય છે, જ્ઞાનને બચાવવા ક્યાં જાય છે? જ્ઞાન હણાય છે ત્યારે જ્ઞાનને કેમ બચાવતો નથી? જ્યારે જ્યારે જીવ જ્ઞાનનો દુરુપયોગ કરે છે ત્યારે જ્ઞાન હાનિ પામે છે કે નથી પામતું? જ્ઞાનને આવરણ આવે છે કે નથી આવતું? એ જ્ઞાનની હાનિ છે. તારે જ્ઞાનને બચાવવું જોઈએ. આંખમાં, શરીરમાં દેહાધ્યાસ હોવાથી પોતાપણું છે તો કેવું બચાવે છે! એમાં વિકલ્પ કરે છે કે હું આંખ મીંચી જાઉ, અવાજ થયો માટે આંખ મીંચી જાઉ, કદાચ આંખમાં વાગી જશે તો? એટલો વિકલ્પ કર્યા પછી આંખ મીંચે છે? કે નહિ. ઈ જેમ સહજ છે એમ જ્ઞાનીને વિકલ્પ કરવો પડતો નથી, સહજ છે. જ્ઞાનને એ સહજ બચાવે છે. જ્ઞાનમાં એકત્વ હોવાથી જ્ઞાનને સહજ બચાવે છે. એવી જ્ઞાનીને સ્વરૂપને વિષે અંતર સાવધાની હોય છે. એટલે એમ કહ્યું કે '**મૈં જ્ઞાયક હૂં ઐસા વિકલ્પ નહીં,...**' '**મૈં નહીં ચલતા ઐસા વિકલ્પ નહીં,...**' '**પર સહજ જ્ઞાયકકી ધારા ચલતી હૈ.**' અને એ જ્ઞાની એમાં ચાલે છે—જ્ઞાનધારામાં પોતે ચાલે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કેટલો મોટો જબરદસ્ત પુરુષાર્થ કર્યો હશે!

પૂજ્ય ભાઈશ્રી :- હા, પુરુષાર્થ છે એની અંદર. સ્વરૂપમાં એકત્વપણે પરિણમવાનો પુરુષાર્થ છે એની અંદર. એ અલૌકિક પુરુષાર્થ છે!

'**આંખ તો જડ હૈ, આંખસે મૈં નહીં દેખતા, મૈં તો જ્ઞાયક હૂં.**' હું તો જ્ઞાયક છું. '**શરીરસે ચલનેવાલા મૈં નહીં. મૈં તો જ્ઞાયક હૂં. ઐસી જ્ઞાયકકી ધારા જ્ઞાનીકી ચલતી હૈ.**' એ ધારા ચાલે છે. આ તો સમજાવવા માટે વિકલ્પ અને ભાષા આવે છે. એ વગર તો સમજાવવાનો કોઈ ઉપાય નથી. એટલે સમજાવે છે એ રીતે, પણ પરિણમન લેવું. વાચકનું વાચ્ય છે એને સમજવું. '**બાહ્ય દષ્ટિ નહીં હૈ, દષ્ટિ ભીતરમેં ચલી ગઈ હૈ,...**' દષ્ટિ ફરી ગઈ છે. '**એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ,...**' '**બાહ્ય દષ્ટિ નહીં હૈ, દષ્ટિ ભીતરમેં ચલી ગઈ હૈ, એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ, કર્તાબુદ્ધિ તૂટ ગઈ હૈ.**' આવો ફેરફાર થઈ ગયો છે. જ્યાં દષ્ટિ પોતાના સ્વરૂપ ઉપર ગઈ, બહારથી દષ્ટિ બંધ થઈ ગઈ. એકત્વબુદ્ધિ અને કર્તાબુદ્ધિ ને એ બધા પ્રકાર છે એ બધા તૂટી ગયા છે.

'**ઔર સ્વભાવકો જાનને-દેખનેવાલા મૈં હૂં, ઐસી સહજદશા હો ગઈ હૈ.**' વિકલ્પ વખતે પણ એ સહજદશા છે. માટે વિકલ્પને ગણવામાં આવતો નથી. મુખ્ય પરિણતિ છે, મુખ્ય દશા છે એને ગણવામાં આવે છે. તેથી સમયે સમયે જ્ઞાની મુક્ત થતા જાય છે. અને એ રીતે અલ્પ કાળમાં પૂર્ણ મુક્ત થઈ જશે. હવે એ મુક્ત થતા જાય છે એ તારે જોવું છે? કે કેટલો ભાવ રહી ગયો છે એ તારે જોવું છે? એમ

બીજા મુમુક્ષુ પણ જો આગળ વધતા હોય તો એ આગળ વધે છે એ જોવું છે કે એને શું રહી ગયું છે અને શું થઈ ગયું છે એ જોવું છે? ન્યાય શેમાં છે?

મુમુક્ષુ :- આગળ વધે છે એ જોવામાં.

પૂજ્ય ભાઈશ્રી :- એ જોવામાં ન્યાય છે. અને ફાયદો પણ એમાં છે જોનારને. બીજું જોનારને નુકસાન થાય છે. ફાયદો નથી થતો પણ નુકસાન થાય છે. એ ૧૨૫ થયો. કેમકે જ્યાં સુધી પૂર્ણ નહિ હોય ત્યાં સુધી દોષનો વિભાગ તો રહેવાનો છે. ભલે ઘટી ગયેલા, બચી ગયેલા દોષ તો રહેવાના છે. એને મુખ્ય કરવા? કે જે કામ કર્યું છે એને મુખ્ય કરવું? એમ. એ પોતે પોતાની દશાને મુખ્ય નથી કરતા, પોતે તો પોતાના સ્વરૂપને મુખ્ય કરે છે, દશાને મુખ્ય કરતા નથી. અને ત્યાં પાછો ન્યાય બદલે છે. પોતાના માટે ન્યાય બદલવાનો છે, બીજાના માટે ન્યાય બદલવાનો છે. એમ વાત છે. બેય જુદી જુદી વાત છે. એ ૧૨૫ થયો.

પ્રશ્ન-૧૨૬

પ્રશ્ન :- ત્રિકાળી ધ્રુવ અને પર્યાય વચ્ચે પ્રદેશભિન્નતા કઈ રીતે છે? ભાવભિન્નતા તો સમજાય છે, પણ પ્રદેશભિન્નતા કઈ રીતે છે?

સમાધાન :- દ્રવ્યદૃષ્ટિના બળે એમ કહેવાય કે પર્યાયના પ્રદેશ ભિન્ન છે. દ્રવ્યમાંથી પર્યાય આવે છે, પણ દ્રવ્યદૃષ્ટિમાં એકલું દ્રવ્ય ગ્રહણ થાય છે અને પર્યાય ગૌણ થાય છે. એટલે દ્રવ્યદૃષ્ટિના બળમાં પ્રદેશભેદ છે એમ કહેવાય. પર્યાય જેવો ક્ષણ પૂરતો મારો સ્વભાવ નથી, હું શાશ્વત આત્મા છું. એવી દ્રવ્યદૃષ્ટિની અંદર એકલું દ્રવ્ય જ દેખવામાં આવે છે. એકલા દ્રવ્યનું જ જોર છે. માટે પર્યાયનો ભાવ ભિન્ન છે ને તેથી તેનાં ક્ષેત્ર પણ ભિન્ન છે એમ દ્રવ્યદૃષ્ટિ કહી દે છે. દ્રવ્યદૃષ્ટિમાં પર્યાયનો ભાવ ભિન્ન છે અને પ્રદેશ પણ ભિન્ન છે.

પણ જ્ઞાનમાં એમ જણાય છે કે જે આ દ્રવ્ય છે તેમાંથી આ પર્યાય ઉત્પન્ન થાય છે, પર્યાય ક્ષણ પૂરતી છે અને હું ત્રિકાળ છું. આમ દ્રવ્યને અને પર્યાયને-બંનેને જાણનારું જ્ઞાન અપેક્ષાથી સમજે છે. દ્રવ્યદૃષ્ટિની

મુખ્યતામાં પર્યાય ગૌણ થાય છે. તેથી ભાવભિન્નતા ભાસે ત્યારે સાથે ક્ષેત્રભિન્નતા છે, એમ દૃષ્ટિના જોરમાં આવે છે. આ પર્યાય ક્ષણ પૂરતી છે એટલા પૂરતો હું નથી, હું તો ત્રિકાળ શાશ્વત છું. હું તો અનાદિ-અનંત છું. આ રીતે દૃષ્ટિ તો એકલા ધ્રુવ અસ્તિત્વ ઉપર જ છે, (પરિણમન કે કોઈ ભેદ ઉપર હોતી નથી.) માટે બધું જુદું કરી નાખે છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં અને તેના બળમાં આમ આવે છે, પણ જ્ઞાન તો સાથે ઊભું છે. તે બંનેનો વિવેક કરે છે.

પર્યાય જો અધ્ધર લટકતી હોય તો આત્માને વેદન કેમ થાય છે? આત્મામાં શુદ્ધ પર્યાય-અનુભૂતિનું વેદન થાય છે. માટે પર્યાય અધ્ધર નથી લટકતી. આત્માના સ્વભાવમાં પરિણમન થાય છે. અનુભૂતિમાં અનંતગુણ-પર્યાય પરિણમે તેનું વેદન આત્માને થાય છે. જો પર્યાયનું ક્ષેત્ર એકદમ ભિન્ન હોય તો આત્માને વેદન કેમ થાય? જ્ઞાન બંનેનો વિવેક કરે છે, પણ દ્રવ્યદૃષ્ટિ એટલી બળવાન છે કે તેની મુખ્યતાનું જોર ભાવાથી, ક્ષેત્રથી-બધી પ્રકારે જુદું પાડી દે છે. સાધકદશામાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય રહે છે અને તેમાં એમ આવે છે કે હું તો શાશ્વત આત્મા છું, બીજું કાંઈ નથી. ૧૨૬.

પ્રશ્ન ૧૨૬ ઉપર પ્રવચન

૧૨૬. '**પ્રશ્ન :- ત્રિકાળી ધ્રુવ અને પર્યાય વચ્ચે પ્રદેશ ભિન્નતા કઈ રીતે છે? ભાવભિન્નતા તો સમજાય છે, પણ પ્રદેશભિન્નતા કઈ રીતે છે?**' આ એક વાત વિવાદાસ્પદ થયેલી છે. અત્યારે પણ કેટલાક વિદ્વાનોને પ્રદેશભિન્નતાની વાત સંમત થતી નથી. સમયસારમાં આવે છે, સોગાનીજીના વચનામૃતમાં આવે છે, ગુરુદેવ પણ એ વાત સમયસારના પ્રવચનોમાં કરે છે, બહેનશ્રી પણ કરે છે. છતાં પણ આગમ દૃષ્ટિવાળા અને અધ્યાત્મદૃષ્ટિના અભાવમાં માત્ર આગમની દૃષ્ટિથી વિચારવા જનારને એ વાત સમજાતી નથી કે બેસતી નથી.

આગમ અને અધ્યાત્મની શૈલી જુદી-જુદી છે અને આગમની શૈલીથી અધ્યાત્મની શૈલી પર છે—હાયર લેવલ ઉપર છે. એ વાત જો સમજાય, તો આમાં કોઈ જાતનું કન્ફ્યૂઝન રહે એવું નથી. જોકે અધ્યાત્મની દૃષ્ટિએ આ વાત આમ છે એમ સમજાવા

છતાં પણ એ વાતનો નકાર આવે છે એ એક ટ્રેજેડી છે. નહિતર બધા ખુલાસા થઈ ગયા છે. એ બધા ખુલાસા થઈ ગયા છે કે આ અધ્યાત્મ શૈલીથી આમ હોય છે, આગમ શૈલીથી આમ હોય છે. ક્ષયોપશમમાં એ વાત ન સમજાય એવું નથી કાંઈ. એવો ક્ષયોપશમ નથી, વિદ્વાનોનો ક્ષયોપશમ એવો હોતો નથી. છતાં પણ એ વાતની અરુચિ હોવાને લીધે, અધ્યાત્મની અરુચિ હોવાને લીધે અને આગમની માત્ર બાહ્ય જાણપણાની રુચિ હોવાને લીધે, ક્ષયોપશમની રુચિ હોવાને લીધે એ પ્રકારની ગડબડ થઈ જાય છે. એવી સ્થિતિ છે. જાણી લેવાનું કે એવી સ્થિતિ છે અહીંયાં. આ પ્રકારની અહીંયાં સ્થિતિ થાય છે. પણ વિવાદનો પ્રશ્ન થયેલો હોવાથી જરા પેચીદો પ્રશ્ન થયેલો. ચુંથાયેલો બહુ.

બહેનશ્રી તો બહુ નહોતા બોલતા એના ઉપર, પણ ક્યારેક-ક્યારેક આ તો બધી અંદર ચર્ચા થયેલી. અંદર ખુલાસો કરતા, જાહેરમાં ખુલાસો નહોતા કરતા. કેમકે વિવાદ વધે. વિવાદ વધે કે જુઓ આમ કહે છે, જુઓ આમ નહિ, પણ એમની અપેક્ષા આમ છે. આગમની અપેક્ષા મુખ્ય કરે. એટલે એ વાતને વધારે ચકડોળે નહિ ચડાવવા માટે જાહેરમાં નહોતા કરતા. એવી ચર્ચા થઈ હતી બહેનશ્રી સાથે. એક વાર વિવાદાસ્પદ પ્રશ્ન મૂક્યા હતા. તો કહે, હું આવા પ્રશ્નોનો જવાબ જાહેરમાં નથી આવતી. તમારા ઉપર તો વિશ્વાસ છે એટલે વાત કરવામાં વાંધો નહિ એમ કરીને પછી ખુલાસો કર્યો. એટલે કે હું આ વાતને વિવાદમાં નહિ સંડોવાવું. એમ સમજીને વિશ્વાસ મૂક્યો કે આ વાતને વિવાદની એરણ ઉપર નહિ ચડાવું. જુઓ! બહેનશ્રી આમ કહે છે... જુઓ બહેનશ્રી આમ કહે છે. મારી સાથે તો વ્યક્તિગત બધા ખુલાસા થઈ ગયેલા અને ખાનગીમાં પણ બોલ્યા હશે. અથવા એ વખતે બોલેલું ટેપમાં આવ્યું હોય તોપણ ના નહિ કાંઈ. કારણ કે ટેપ તો લઈ લેતા હતા. સમયસારમાં એ વાત સંવર અધિકારની ૧૮૨ થી ૧૮૩, ૧૮૧-૮૨-૮૩ ગાથાની ટીકામાં છે. એક વસ્તુની બીજી વસ્તુ નથી માટે સત્તાભેદ હોવાને લીધે પ્રદેશભિન્નતાની વાત લીધી છે કે પ્રદેશો જ ભિન્ન છે. એમણે સ્પષ્ટ શબ્દ વાપર્યો છે.

'સમાધાન :- દ્રવ્યદૃષ્ટિના બળે એમ કહેવાય કે...' દ્રવ્યદૃષ્ટિ કહો કે અધ્યાત્મ દૃષ્ટિ કહો. દ્રવ્યદૃષ્ટિ કહો કે અધ્યાત્મ દૃષ્ટિ કહો, એના બળથી. એના બળથી એટલે શું? એના ઉપર જોર આપીને. અને જોર એનું જ હોય છે. જ્ઞાનીની પરિણતિમાં જોર એનું અધ્યાત્મનું જ બળ હોય છે, અધ્યાત્મનું જ જોર હોય છે. અને તે યોગ્ય છે. કેમકે એનાથી આત્મશુદ્ધિ વધે છે. એટલે સંવર અધિકારમાં એ વાતનું નિરૂપણ કર્યું, પ્રતિપાદન કર્યું એમાં સંવર કરાવવાનો હેતુ છે. અધિકાર સંવરનો ચાલે

છેને? શુદ્ધિનો હેતુ છે. સંવર એટલે શુદ્ધિ-આત્મ શુદ્ધિ.

'દ્રવ્યદૃષ્ટિના બળે એમ કહેવાય કે પર્યાયના પ્રદેશ ભિન્ન છે. દ્રવ્યમાંથી પર્યાય આવે છે, પણ દ્રવ્યદૃષ્ટિમાં એકલું દ્રવ્ય ગ્રહણ થાય છે...' દ્રવ્યદૃષ્ટિ પર્યાયને વિષય કરતી નથી **'અને પર્યાય ગૌણ થાય છે.'** એ દૃષ્ટિકોણ અપેક્ષાએ. જ્ઞાનના દૃષ્ટિકોણ અપેક્ષાએ પર્યાય ગૌણ થાય છે, દ્રવ્ય મુખ્ય થાય છે. દૃષ્ટિ તો વિષય જ કરતી નથી. દૃષ્ટિ શબ્દના બે અર્થ છે—એક દૃષ્ટિકોણ એ જ્ઞાનમાં જાય છે અને દૃષ્ટિ એટલે શ્રદ્ધા એ શ્રદ્ધામાં જાય છે, દર્શનમાં જાય છે. **'એટલે દ્રવ્યદૃષ્ટિના બળમાં પ્રદેશભેદ છે એમ કહેવાય.'** અને એમ કહેવાય તે બરાબર જ કહેવાય છે.

'પર્યાય જેવો ક્ષણપૂરતો મારો સ્વભાવ નથી,...' જ્ઞાન પણ એમ જાણે છે કે.. એમ. દૃષ્ટિમાં આવું લાંબું-લાંબું છે નહિ કાંઈ. આવો મારો સ્વભાવ છે અને આવો નથી. એ કાંઈ દૃષ્ટિને (નથી), એ તો અભેદને વળગી તે વળગી. વિકલ્પ જ કરતી નથી. એ વળગ્યા પછી વિકલ્પ કરતી નથી કે પર્યાયનો સ્વભાવ કેવો અને દ્રવ્યનો સ્વભાવ કેવો? કાંઈ એને જોવાનું રહેતું નથી. એ તો આંધળી થઈને બાજી તે બાજી, વળગી તે વળગી. ખલાસ, અભેદ થઈને રહે છે. **'પર્યાય જેવો ક્ષણપૂરતો મારો સ્વભાવ નથી, હું શાશ્વત આત્મા છું. એવી દ્રવ્યદૃષ્ટિની અંદર એકલું દ્રવ્ય જ દેખવામાં આવે છે.'** એ વાચ્ય છે. દ્રવ્યદૃષ્ટિનું એ વાચ્ય છે. એમાં એવું લાંબું-લાંબું વિકલ્પાત્મક પરિણમન ત્યાં નથી. એ સમજણ છે એ બધી જ્ઞાનમાં જાય છે.

'એવી દ્રવ્યદૃષ્ટિની અંદર એકલું દ્રવ્ય જ દેખવામાં આવે છે.' દ્રવ્ય સિવાય એને બીજું કાંઈ દેખાતું નથી. એ દ્રવ્યને પણ પોતા સ્વરૂપે જોવે છે. બીજું કાંઈ એને પોતાસ્વરૂપે દેખાતું નથી અને બીજું કાંઈ એને દેખાતું પણ નથી. **'એકલા દ્રવ્યનું જોર રહે છે. માટે પર્યાયનો ભાવ ભિન્ન છે...'** **'એકલા દ્રવ્યનું જોર રહે છે. માટે પર્યાયનો ભાવ ભિન્ન છે ને તેથી તેનાં ક્ષેત્ર પણ ભિન્ન છે એમ દ્રવ્યદૃષ્ટિ કહી દે છે.'** એને વાચા આપી. એમ કહી દે છે કે જાવ, મારા ક્ષેત્રમાં એ નથી.

ગુરુદેવ થોડુંક સૂક્ષ્મતાથી લેતા હતા કે એ ક્ષેત્રમાં જો હોય તો પછી બે અભેદ થઈ જાય. અને એ વાત લીધી છે દીપચંદજીએ, ચિદ્વિલાસમાં. દીપચંદજીએ ચિદ્વિલાસમાં એ વાત લીધી છે. ચિદ્વિલાસનું પાનું ૯૫ છે. આ ચર્ચાઓ બહુ ચાલેલી છે એટલે બધું યાદ છે. બહુ ચર્ચાઓ ચાલેલી છે. ગુરુદેવના વખતે જ એ ચર્ચા ચાલતી હતી. ગુરુદેવ પછી બધા આધાર આપતા હતા. ન માને એ તો ન જ માને, એ તો આજે પણ નથી માનતા. પણ ગુરુદેવ તો પાછા આધાર જુદાં-જુદાં શાસ્ત્રોમાંથી આપતા હતા. તો એમાં ચિદ્વિલાસમાંથી ૯૫માં પાનેથી આધાર

આપતા હતા. કોઈ પ્રતમાં ૯૭ પાનું છે, કોઈ પ્રતમાં ૯૫ પાનું છે. કે પર્યાયનું ક્ષેત્ર ભિન્ન, પર્યાયનો કાળ ભિન્ન, પર્યાયની શક્તિ ભિન્ન. એમ ત્રણ-ચાર ભેદ પર્યાયના લીધા છે. અને એક ક્ષેત્ર ભિન્નતા પણ એમાં લીધી છે. તો કહે કેમ? અને એક સોલિડ આર્ગ્યુમેન્ટ હોય તો એ છે કે જો પર્યાયનું અને દ્રવ્યનું ક્ષેત્ર સર્વથા એક હોય તો પર્યાયનો નાશ થાય ત્યારે એના ક્ષેત્રનો પણ નાશ થઈ જાય. તો દ્રવ્યના ક્ષેત્રનો પણ નાશ થઈ જાય. અને પર્યાયનો નાશ થાય છે, દ્રવ્યનું ક્ષેત્ર એમ ને એમ રહી જાય છે.

મુમુક્ષુ :- આમ તો પર્યાયનો નાશ કઈ રીતે? પર્યાય તો પાછી દ્રવ્યમાં જ સમાય જાય છેને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ પર્યાય થોડી રહે છે ત્યાં.

મુમુક્ષુ :- દ્રવ્યરૂપે થઈ જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પાણીનું તરંગ પાણીમાં સમાણું. પછી અંદર તરંગ જુદું પડે છે? એક જગ્યાએ લાખ, કરોડ તરંગ થયા અને ત્યાં ને ત્યાં સમાઈ ગયા. અંદર ગયા એ બધા લાખ-કરોડ તરંગ અંદર દેખાય છે? એકેય નથી તરંગ અંદર. ત્યાં તો પાણી-પાણી થઈ ગયું. માટે પર્યાયનું પર્યાયત્વ તો નાશ પામ્યુંને? પર્યાયનું પર્યાયપણું તો નાશ પામ્યું કે ન પામ્યું? કે રહી ગયું? ન રહ્યું. તો પછી એનું ક્ષેત્ર પણ જુદું હતું અને દ્રવ્યનું ક્ષેત્ર જુદું હતું. એવી એક બહુ ઠોસ આર્ગ્યુમેન્ટ ગુરુદેવ આપતા હતા.

મુમુક્ષુ :- તરંગનો આકાર તો વિલીન થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તરંગ જ ન રહ્યુંને ત્યાં. ગોતી દ્યો તરંગ હોય તો એમ કહે છે. પાણીમાં એ તરંગ સમાઈ ગયા પછી તરંગને પકડી દ્યો, પકડીને બતાવો કે અહીંયાં તરંગ છે. છે જ નહિ. નથી એટલે નથી, બીજું શું? સીધી વાત છે. એમ વાત છે. એમ દ્રવ્યમાં પર્યાય ઉપર ઉપર તરંગપણે ઉપજે છે. એમ કહેવું છે.

એકવાર એવી વાત લીધી હતી ત્યાં સોનગઢમાં સ્વાધ્યાય આપ્યો ત્યારે. ઉત્સવના દિવસોમાં સ્વાધ્યાય આપતાને? કે આ દર્શનમોહ છે એમાં પર્યાયબુદ્ધિની પક્કડ છે. 'પર્યાયમૂઢા પરસમયા.' અને એ બહુ મોટી નાગચૂડ છે. નાગચૂડ એટલે શું? કે નાગ ગળે ભરડો લે તો હડ્ડીયો પીસી નાખે. બહુ તાકાત હોય છે એનામાં. હાથે કે પગે ભરડો લે એટલે હાડકું ભાગી જાય અંદર. ફડાક દેતું અંદર ટુકડા કરી નાખે. એટલી એની અંદર તાકાત હોય છે. એમ આ દર્શનમોહની નાગચૂડ છે. હવે એને છોડાવવા માટે જોરથી એને ધક્કો મારો અને એટલો જોરથી ધક્કો મારો કે એ ફંગોળઈને ક્યાંય

જઈને પડે. અને એટલો ફંગોળાઈને જોરથી પડે કે લોહીલુહાણ થઈ જાય. એવો મરણતોલ માર એને વાગે. તો છોડાવનારને એની દયા આવે? કે બહુ જોરથી ધક્કો મારીશ અને આને વાગી જાશે તો? મારે બચવું છે, કોઈ હિસાબે મારે બચવું છે. એનું થાવું હોય તે થાય, પણ આને હું એક વખત તો પૂરી તાકાતથી છોડું. નાગચૂડ હોય. ગુંડો લ્યોને, ગુંડો કોઈ ગળુ દાબતું હોય તો એને ધક્કો મારવામાં દયા રાખે કે આને વાગી જાશે તો પાછું, વાંહે ભીંત પાછળ માથું ભટકાઈ જાશે તો?

મુમુક્ષુ :- છૂટી ગયા પછી દયા આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ જીવતો રહે તોને પછી. જીવતો ન રહે તો દયા કોની ખાવાની રહે? દર્શનમોહનું મૃત્યુ થાય છે અને આત્મા સજીવન થાય છે. એમ છે.

એટલે એવી રીતે દષ્ટિના જોરે ગમે તેટલો જોરથી ધક્કો મારવામાં વાંધો નહિ એમ કહે છે. દલીલ શું આવે છે? કે ભાઈ, અહીંયાં આગમનો સિદ્ધાંત તૂટી જાય છે. સિદ્ધાંત તોડીને અધ્યાત્મ ન હોય એમ કહે છે. દલીલ તો હોયને કાંઈક? બુદ્ધિશાળી માણસ હોય છે. સિદ્ધાંત તોડીને કાંઈ, વસ્તુના સ્વરૂપનો સિદ્ધાંત તોડીને કાંઈ અધ્યાત્મની પ્રરૂપણા અને ઉપદેશ હોય કાંઈ? અને એવી રીતે ઉપદેશ લાગે કાંઈ? એ તો કલ્પના થઈ ગઈ એમ કહે.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીને નહિ ખબર પડતી હોય?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એમાં શું છે કે એમાં સિદ્ધાંત તૂટે છે એવો દષ્ટિકોણ લેવો તો અસરળતા અને વક્રતા છે. કેમકે કહેનારનો ત્યાં સિદ્ધાંત તોડવાનું પ્રયોજન નથી. કહેનારને આગમનો સિદ્ધાંત બરાબર જ્ઞાનમાં સમજાયેલો છે અને માન્ય પણ રાખેલો છે અને એ સિદ્ધાંત તોડવા માટે એમ કહેતા નથી. માટે કહેનારનો હેતુ છોડીને બીજા હેતુમાં એને ઘટાવી દેવું કથનને એ તો વક્રતા થઈ ગઈ. દલીલો બધી આપેલી છે. બેય પક્ષની દલીલો તો રજુ કરવી જોઈએને. રુચિ હોય તો ઓલી દલીલ બેસી જાય અને આ દલીલ ન બેસે. એટલું જ છે. સમજાય ખરું, પણ પક્ષ એક બાજુનો કરે. જેને જે રુચે એનો પક્ષ કરે. એવું સામાન્ય રીતે વલણ થઈ જાય છે અને એના ઉપર પોતાના આત્માનો લાભ-નુકસાનનો આધાર પણ રહેલો છે. જો અધ્યાત્મનો પક્ષ હોય, અધ્યાત્મદષ્ટિ મુખ્ય કરે, આગમના સિદ્ધાંતને જાણીને ગૌણ રાખે કે એ તો માત્ર જાણવાની વાત છે, આદરવાનું તો આ રીતે છે, તો હિત થાય છે. હિત-અહિતનો દષ્ટિકોણ ચુકી જાય છે એ વાદવિવાદમાં પડી જાય છે. હિત-અહિતનો દષ્ટિકોણ મુખ્ય રાખે તો વાદવિવાદનો પ્રશ્ન રહેતો નથી. 'સદ્ગુરુ

કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' જેને હિત-અહિતમાં આંધળાપણું આવ્યું છે એ વાદવિવાદ કરશે, બાકી સહજ પરિણમન જેને દૃષ્ટિનું થશે એને તો આ સહજનો વેપાર છે ભાઈ! એ આ વાદવિવાદમાં પડતો નથી.

એટલે એમાં તો એકલા દ્રવ્યનું જ જોર રહે છે માટે પર્યાયનો ભાવ ભિન્ન છે અને તેથી તેનું ક્ષેત્ર પણ ભિન્ન છે એમ દ્રવ્યદૃષ્ટિ કહી દે છે. દ્રવ્યદૃષ્ટિમાં પર્યાયનો ભાવ ભિન્ન છે અને પ્રદેશ પણ ભિન્ન છે. ભાવભિન્નતા પણ છે અને પ્રદેશભિન્નતા પણ છે. પહેલા તો બહેનશ્રી એકલી ભાવભિન્નતા કહેતા હતા. પ્રદેશભિન્નતા નહોતા બોલતા. પછી લોકો વળગ્યા પણ આ ગુરુદેવ કહે છે અને આમાં બધું લખ્યું છે. તો કહે, છે ચાલોને. દ્રવ્યદૃષ્ટિએ એમ પણ છે. એમ લઈ લીધું છે. એ સ્પષ્ટ કર્યું છે. અહીં સુધી રાખીએ, વિશેષ લઈશું. બે પેરેગ્રાફ છે હજી. '**પણ જ્ઞાનમાં એમ જણાય છે...**' એમ કરીને જ્ઞાન અને સિદ્ધાંતની વાત લીધી છે.

તા. ૭-૨-૧૯૯૭, પ્રશ્ન-૧૨૬,૧૨૭
પ્રવચન નં. ૮૩

સ્વાનુભૂતિદર્શન પાનું-૯૧, ૧૨૬મો પ્રશ્ન ચાલે છે. ધ્રુવસ્વભાવ છે આત્માનો શાશ્વત ત્રિકાળી છે, પર્યાય ક્ષણવર્તી છે એમાં પ્રદેશ ભિન્નતા કઈ રીતે છે? એ પ્રશ્ન છે. ત્યારે એમ કહ્યું કે '**દ્રવ્યદૃષ્ટિના બળે એમ કહેવાય કે...**' આગમ-વિવક્ષાથી તો જે પ્રદેશમાં ત્રિકાળી ધ્રુવ છે એ પ્રદેશની અંદર પર્યાય પણ છે. પણ ધ્રુવ રહી જાય છે અને પર્યાયનો નાશ થાય છે. માટે બંનેનું ક્ષેત્ર જુદું કહેવા પાછળ કોઈ પ્રયોજન છે અને એ પ્રયોજન દ્રવ્યદૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. જેને દ્રવ્યદૃષ્ટિ નથી એને દ્રવ્યદૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. જેને દ્રવ્યદૃષ્ટિ છે એને દૃષ્ટિના બળથી આગળ વધવાનું પ્રયોજન છે. એમ પ્રયોજનવશ એ વાત કહેવામાં આવે છે.

પેરેગ્રાફથી ૯૧ પાને. '**પણ જ્ઞાનમાં એમ જણાય છે કે જે આ દ્રવ્ય છે તેમાંથી**

આ પર્યાય ઉત્પન્ન થાય છે,...' જ્ઞાનમાં એમ જણાય છે. ભલે કહેવામાં એમ આવે કે દ્રવ્યના અને પર્યાયના પ્રદેશો ભિન્ન છે, છતાં પણ જ્ઞાનમાં એમ જણાયેલું છે કે જે આ દ્રવ્ય છે તેમાંથી આ પર્યાય ઉત્પન્ન થાય છે. પર્યાય ક્ષણપૂરતી છે અને હું ત્રિકાળી છું. એમ ન લીધું કે દ્રવ્ય ત્રિકાળી છે અને મને ક્ષણિકપણું ઉત્પન્ન થાય છે. એમ નથી કીધું. હુંપણું ત્રિકાળીમાં રાખ્યું છે. '**પર્યાય ક્ષણ પૂરતી છે અને હું ત્રિકાળ છું. આમ દ્રવ્યને અને પર્યાયને-બંનેને જાણનારું જ્ઞાન અપેક્ષાથી સમજે છે.**' એટલે મર્યાદાથી સમજે છે. દ્રવ્યની મર્યાદા શું છે ત્રિકાળપણાની અને ક્ષણવર્તી પર્યાયની મર્યાદા શું છે એને સમજે છે.

'**દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં પર્યાય ગૌણ થાય છે.**' પર્યાય હંમેશા દ્રવ્યદૃષ્ટિવાળાને ગૌણ રહે છે. '**તેથી ભાવભિન્નતા ભાસે ત્યારે સાથે ક્ષેત્રભિન્નતા છે,...**' પહેલા ભાવભિન્નતા લેતા હતા. ક્ષેત્રભિન્નતાનો વિવાદ હતોને એટલે ક્ષેત્રભિન્નતા નહોતા કહેતા. લોકો જરાક પાછળ લાગે કે ક્ષેત્રભિન્નતા શાસ્ત્રમાં આવે છે, ગુરુદેવ કહે છે. તો કહે એમ કાંઈ કહેવામાં વાંધો નથી. દ્રવ્યદૃષ્ટિના બળે એમ કહી શકાય, પણ જ્ઞાન એની મર્યાદા સમજે છે. '**ભાવભિન્નતા ભાસે ત્યારે સાથે ક્ષેત્રભિન્નતા છે, એમ દૃષ્ટિના જોરમાં આવે છે.**' એમ દૃષ્ટિના જોરમાં આવે છે કે હું મારા ક્ષેત્રમાં ત્રિકાળ રહું છું, પર્યાય જે ક્ષેત્રમાં થાય છે એ મારું ક્ષેત્ર નથી.

મુમુક્ષુ :- એમ અવલંબન લેનારી પર્યાય છે પાછી પોતે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અવલંબન લેનારી પર્યાય છે કે હું ત્રિકાળ છું. એમ અવલંબન લેનારી પર્યાય છે. એટલે પર્યાય ત્રિકાળીને જોઈને ચાલી જાય છે, જોઈને ચાલી જાય છે. નવી નવી ત્રિકાળીને જોઈને ચાલી જાય છે. એનો દૃષ્ટાંત જે બેસે છે એ ટેલિવિઝનના દૃષ્ટાંતે બેસે છે. ટેલિવિઝનનો જે પડદો છે એ પડદાનું ક્ષેત્ર છે એ ક્ષેત્ર ઉપર નવા નવા ચિત્રો આવે છે અને જાય છે, આવે છે ને જાય છે. સેકન્ડના ઓછા ભાગમાં પણ એ બધા ફેરફાર થાય છે. હવે બંનેનું ક્ષેત્ર એક કે જુદું-જુદું? જો સર્વથા જુદું કહો તો ટેલિવિઝનના પડદા સિવાય બીજે કાંઈ એ ચિત્રો આવતા નથી. સર્વથા એક કહો તો એ ચિત્રમાં આગ લાગે ત્યારે પડદામાં પણ આગ લાગવી જોઈએ. ચિત્રનો નાશ થાય ત્યારે પડદાનો પણ નાશ થવો જોઈએ. પણ બેનું ક્ષેત્ર એક નથી. એટલે એક ક્ષેત્ર છે અને એક ક્ષેત્ર નથી. કથંચિત્ આમ છે અને કથંચિત્ આમ છે. હવે લાભ શેનામાં? કે લાભ એનામાં છે કે ક્ષેત્રભિન્નતા લે એનામાં છે. ક્ષેત્રઅભિન્નતા લે એનામાં લાભ નથી. તો લાભ લેવા માટે એમ કહેવું જોઈએ. એમ વજન દેવું જોઈએ.

એવો જ પ્રશ્ન છે, પર્યાયની ભિન્નતા અને અભિન્નતાનો કે પર્યાય દ્રવ્યથી અભિન્ન છે અને પર્યાય દ્રવ્યથી ભિન્ન છે. એ કથંચિત્ બંને પ્રકારે છે. હવે લાભ શેનામાં છે? કે ભિન્નતામાં. એટલે કથંચિત્ અભિન્ન છે એમ ન કહે. અધ્યાત્મવાળા એમ કહે કે કથંચિત્ ભિન્ન છે એમ કહે. કથંચિત્ ભિન્ન છે એમ કહેવામાં કથંચિત્ અભિન્ન છે એ વાત ગર્ભિતપણે તો, અનર્પિતપણે તો આવી જ જાય છે. પણ કહે એ આ સાઈડને કહે, ઓલી સાઈડને ન કહે. જોર દેવામાં તો સર્વથા પણ કહી દે. તોપણ જ્ઞાનમાં ખ્યાલ છે કે કથંચિત્ છે. એ તો જોર દેવા માટે કહે છે. એટલે એનું જોર ક્યાં છે? એ સ્પષ્ટ થાય છે કે અભિન્નતાને કહેતા નથી પણ ભિન્નતાને કહે છે.

મુમુક્ષુ :- એ વાત શાસ્ત્રમાંથી ખબર ન પડે. એ વાત ત્યાં ખબર ન પડે કે અહીંયાં શું કામ જોર દીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એ તો સમજવાનું એ છે. નહિતર તો કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન સમજ્યાનું પ્રયોજન શું પણ? એ તો એક બંધારણીય વસ્તુસ્થિતિ છે કે કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન એવી બંધારણીય પરિસ્થિતિ છે. પણ પછી શું? કે ઉપાસવા માટે તો કથંચિત્ ભિન્નતા જ ઉપાસવાયોગ્ય છે. એમ. કેમકે પર્યાયને મુખ્ય કરી છે અને પર્યાયમાં એકત્વ કરી લીધું છે. અને એ નાગચૂડ છે દર્શનમોહની, પર્યાયબુદ્ધિ છે. તો એને જોરથી ધક્કો મારવા માટે સર્વથા કહી દે.

મુમુક્ષુ :- કૃપાળુદેવનું વચનામૃત પ્રસિદ્ધ છેને, અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા...

પૂજ્ય ભાઈશ્રી :- નિજપદના પ્રાપ્તિના હેતુ અર્થે ઉપકારી છે. એમ કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન અનેકાંત છે. પણ સમ્યક્ એકાંત એવું જે નિજપદ છે એટલે ભિન્ન એવું નિજપદ છે એની પ્રાપ્તિ માટે એનો ઉપયોગ કરવો. એને ઉપકારી કરવું એટલે એનો ઉપયોગ કરવો. એ રીતે ઉપયોગ કરવો, બીજી રીતે ન કરવો એમ. સ્પષ્ટ આજ્ઞા છે.

મુમુક્ષુ :- સમ્યક્ એકાંત ન સધાતું હોય તો તારું એ અનેકાંતપણાના જ્ઞાનનું શું કામ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો નકામું ગયું. એનો કાંઈ ઉપયોગ ન થયો, વ્યર્થ ગયું એ. એ જાણેલું વ્યર્થ જાય છે.

'એમ દૃષ્ટિના જોરમાં આવે છે.' વિચાર તો એ ચાલ્યો હતો કે કોઈ ગુંડો માણસ છે એ ગળું દાબે છે. ગળું દાબે ત્યારે એને છોડાવવા માટે પૂરી શક્તિથી

ધક્કો મારે. અને એવો ધક્કો જોરથી માર્યો કે અગાસીમાં લડાઈ ચાલતી હતી, ધક્કો મારતા એ નીચે પડીને મરી ગયો. ધક્કો મારનારને મારી નાખવાનો અભિપ્રાય નહોતો. ધક્કો મારનારને મારી નાખવાનો અભિપ્રાય નહોતો, પણ પોતાને બચવાનો અભિપ્રાય તો સોએ સો ટકા હતો, પૂરેપૂરો હતો. અને પોતાની જાતને બચાવવા જતા એ મરી ગયો.

હવે કોર્ટમાં તો કેસ ચાલે. આ માણસ મરી ગયો અને અગાસીમાંથી પડીને મરી ગયો અને આનો ધક્કો લાગવાથી મરી ગયો. હવે આણે ખૂન કર્યું છે કે નથી કર્યું? એને ખૂનની સજા થાય કે ન થાય? એમ કહ્યું કે ભાઈ જુઓ. મારા ઘરમાં એ દાખલ થયો હતો. હું તો કાંઈ એના ઘરમાં મારવા (નહોતો ગયો). મારે એનું ખૂન કરવું હોત તો એના ઘરમાં હું મારવા જાત. મારા ઘરમાં એ મને મારવા આવ્યો. ઝપાઝપી થઈ એની આ સાબિતી છે. મારા કપડા ફાટી ગયા છે, મને ઉઝરડા થયા છે, મને વાગ્યું છે. અને ડૉક્ટરી તપાસમાં પણ મારા ગળે ભીંસ દીધી છે એ નીકળે છે. વધારે ભીંસ લાગી હોત તો કદાચ હું મરી ગયો હોત. મને છોડાવવા માટે મારે પૂરી શક્તિથી ધક્કો મારતા આમ થઈ ગયું એમાં હું શું કરું? એને ખૂનની સજા નથી થતી. કેમ? કે ન્યાયના પ્રકરણમાં પણ ઈન્ટેશન ઈસ ફોલ્ટ. ઈરાદો છે એને દોષ ગણવામાં આવે છે. કાર્યને દોષ નથી ગણવામાં આવતું. કાર્યને દોષ ગણવામાં આવે તો ડૉક્ટર પણ ખૂની ઠરે. કેમકે એના હાથમાં તો લોહીવાળી છરી છે અને માણસ ટેબલ ઉપર મરેલો પણ છે અને કાપેલો પણ છે. તો એ ડૉક્ટર ત્યાં બચાવવાનું કાર્ય કરવા જતા ઓલો મરી ગયો છે. એને ન્યાયના પ્રકરણમાં ઈન્ટેશન ઈઝ ફોલ્ટ--ઈરાદાને દોષ ગણવામાં આવે છે અને તે ન્યાયસંગત છે. એ વાત કાંઈ અન્યાયવાળી વાત નથી, પણ ન્યાયપૂર્ણ વાત છે.

એમ અહીંયાં ઈરાદો શું છે? સર્વથા ભિન્ન કહેનારનો ઈરાદો શું છે? ક્ષેત્રથી ભિન્ન કહેવાનો ઈરાદો શું છે? કે પોતાની જાતને બચાવવી છે. પોતાને મિથ્યાત્વથી બચવું છે, પોતાને દોષથી બચવું છે. એમ વાત છે. નિર્દોષ થવું છે.

'આ પર્યાય ક્ષણ પૂરતી છે એટલા પૂરતો હું નથી, હું તો ત્રિકાળ શાશ્વત છું. હું તો અનાદિ-અનંત છું. આ રીતે દૃષ્ટિ તો એકલા ધ્રુવ અસ્તિત્વ ઉપર જ છે,...' દૃષ્ટિ છે એ તો એકલા ધ્રુવ અસ્તિત્વ ઉપર જ છે. **'(પરિણમન કે કોઈ ભેદ ઉપર દૃષ્ટિ હોતી નથી.) માટે બધું જુદું કરી નાખે છે.'** બધું એટલે ક્ષેત્ર પણ જુદું કરી નાખે છે. જો એ ક્ષેત્રમાં પર્યાય હોત તો દૃષ્ટિએ એને વિષય કર્યો હોત એમ કહે છે. દૃષ્ટિ નથી વિષય કરતી માટે નથી, જાવ. અને તેથી આત્માની

નિર્દોષતાનો જે અભિપ્રાય છે, આશય છે એ પોષાય છે, પ્રાપ્ત થાય છે.

મુમુક્ષુ :- આમાં દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ એમ કહેવાય છે. પર્યાયદૃષ્ટિ પ્રગટ થઈ એમ નથી કહેવાતું. પર્યાય એક ક્ષેત્રમાં હોય તો પર્યાયદૃષ્ટિ પ્રગટ થઈ એમ કહેવાય, ખાલી દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ એમ જ કહેવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પર્યાયદૃષ્ટિ તો હતી જ અને દ્રવ્યથી અજાણ્યો હતો. પર્યાયદૃષ્ટિ અને દ્રવ્યદૃષ્ટિ બે સાથે ન રહે. સાથે રહેતી નથી, હોતી નથી. પહેલા એક હતી એનો નાશ થઈ અને બીજી પ્રગટ થઈ.

'માટે બધું જુદું કરી નાખે છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં અને તેના બળમાં આમ આવે છે,...' દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતામાં અને બળથી આમ બોલાય છે, આમ ભાવમાં આવે છે. **'પણ જ્ઞાન તો સાથે ઊભું છે. તે બંનેનો વિવેક કરે છે.'** જ્ઞાન તો જેમ છે એમ, જેની જે મર્યાદા છે એને બરાબર જાણે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ જે પ્રશ્ન ઊભો થયો એમાં મુમુક્ષુની ભૂમિકામાં ઊભો થયો કે મુમુક્ષુની પછી ભૂમિકામાં ઊભો થયો?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુની ભૂમિકામાં ઊભો થાય છે. કેમકે મુમુક્ષુને દ્રવ્યદૃષ્ટિ કરવાની છે.

મુમુક્ષુ :- તો આમાં દૃષ્ટિનું જોર આવી જાયને? જ્ઞાન ગૌણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એમાં શું છે કે નકશો તો બધો જાણી લેવો જોઈએ. સાત માળનું મકાન હોય તો સાતે સાતમા માળનો નકશો આવવો જોઈએને. પછી ઈંટ તો જ્યાં મૂકવાની હોય ત્યાં મૂકે. પાયામાં ઈંટ મૂકવાની હોય તો પાયામાં મૂકે. પાયો પુરાઈ ગયો હોય તો પહેલા માળમાં મૂકે. પહેલા માળનો સ્લેબ ભરાઈ ગયો હોય તો બીજા માળની ઈંટ મૂકે. નકશો તો સાતેસાત માળનો સમજવો પડેને. એમ વાત કેવળજ્ઞાન સુધીની સમજવામાં વાંધો નથી. કેવળજ્ઞાન સુધીની વાત જ્યાં પહોંચવું છે, જે ધ્યેય છે એને સમજવું તો જોઈએ કે મારે આ ધ્યેય પ્રાપ્ત કરવાનું છે. પછી મુમુક્ષુની ભૂમિકામાં જે પ્રકાર હોય એ ભૂમિકાથી શરૂઆત કરે. કાર્ય તો ત્યાંથી શરૂ કરે. એમ. એટલે ઉપરની ભૂમિકાની વાત સર્વથા અપ્રયોજનભૂત છે એમ નથી. તેમ અત્યારે એનું પ્રયોજન છે એમ પણ નથી. અત્યારે માત્ર એને જાણવાનું પ્રયોજન છે. આદરવાનું પ્રયોજન નથી એમ આવવું જોઈએ.

'પર્યાય જો અધ્ધર લટકતી હોય તો આત્માને વેદન કેમ થાય છે?' શું કહે છે હવે? કે પર્યાય સર્વથા ભિન્ન રહે છે દૃષ્ટિ, ખરેખર એમ જ સર્વથા હોય તો પછી વેદન ક્યાંથી આવે? આત્માને સ્વાનુભવનું વેદન ક્યાંથી આવે? સ્વસંવેદન ક્યાંથી

આવે? વેદન અપેક્ષાએ પર્યાયને ગૌણ કરાતી નથી. આશ્રય અપેક્ષાએ ગૌણ કરાય છે, વેદન અપેક્ષાએ ગૌણ નથી કરાતી. '**આત્મામાં શુદ્ધ પર્યાય-અનુભૂતિનું વેદન થાય છે. માટે પર્યાય અધ્ધર નથી લટકતી.**' દ્રવ્યના આધાર વિના દ્રવ્યથી સાવ જુદી પડીને ક્યાંય અધ્ધર પર્યાય થાય છે એમ બનતું નથી. પર્યાય કહેતા દ્રવ્યની પર્યાય થાય છે એમ વાત છે. પર્યાય કહેતા દ્રવ્યની પર્યાય થાય છે એમ વાત છે.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ જેવું કાંઈ રહેતું જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મોક્ષમાર્ગ, મોક્ષ, મિથ્યાત્વ, સમ્યક્ત્વ કાંઈ ન રહે.

'**આત્માના સ્વભાવમાં પરિણમન થાય છે.**' અને સ્વભાવ પણ શુદ્ધ પરિણમન કરવું એવો સ્વભાવ છે. સ્વભાવ સ્વભાવ છે પણ જો શુદ્ધ પરિણમવાની શક્તિ ન હોય તો શુદ્ધ પરિણમન આવે ક્યાંથી? માટે એ શક્તિ પણ છે અંદર, પરિણમન શક્તિ છે અંદર. શક્તિ છે એ પરિણમનસ્વરૂપ નથી, શક્તિ શક્તિસ્વરૂપ છે. શુદ્ધ પરિણમે એવી શક્તિ છે. આત્માને સ્વરૂપનું જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન પર્યાય છે પણ એવું સ્વરૂપનું જ્ઞાન થવાની શક્તિ છે. શક્તિ સ્વભાવમાં છે. એમ બંને વચ્ચે જે કંઈ સંબંધ છે એ પણ સમજવો જોઈએ અને બંને વચ્ચે ભિન્નતા છે એને પણ સમજવી જોઈએ. પછી આશ્રય કોનો લેવો એ પાછો વિવેક જુદો કરવાનો છે.

'**આત્માના સ્વભાવમાં પરિણમન થાય છે. અનુભૂતિમાં અનંતગુણ-પર્યાય પરિણમે તેનું વેદન આત્માને થાય છે. જો પર્યાયનું ક્ષેત્ર એકદમ ભિન્ન હોય...**' સર્વથા ભિન્ન હોય '**તો આત્માને વેદન કેમ થાય?**' કહેવાય કોઈવાર સર્વથાનું કહેવાય ખરું, છતાં પણ એમ સર્વથા નથી એમ જ્ઞાન બરાબર જાણે છે. આ તો ધક્કો મારવા માટેની વાત છે. છોકરાને ઘરમાંથી કાઢી મૂકે કોઈ મા-બાપ કે તું લાયક નથી અમારી સાથે રહેવા માટે. અમારી આબરૂ જાય છે આમાં. અથવા તારી પરિસ્થિતિથી અમને પણ ફૂટપાથ ઉપર આવી પડે, દેવાળું આવી પડે એવો તું ઉડાડુ છો. એને કાઢી મૂકે. તો કહે નહિ જાવ. મારો હક છે. હું તમારો દીકરો છું અને મારો હક છે. તો એનો બાપ એમ પણ ઉઠીને કહે કે હાલ હાલ, તું મારો દીકરો નથી. બહાર નીકળ અહીંથી, તું મારો દીકરો જ નહિ. હવે મારો દીકરો નહિ એમ કહેવામાં દીકરો છે એમ આવી ગયું. કેમકે પાડોશીના દીકરાને એમ કહેવાની જરૂર પડતી નથી કે તું મારો દીકરો નહિ. પાડોશીના દીકરાને એમ કહેવાની જરૂર પડે? કે નહિ. એનો દીકરો છે માટે એમ કહેવાની જરૂર પડી કે તું મારો દીકરો નહિ. તો દીકરો નહિ એમ કીધું એમાં ગર્ભિતપણે શું આવ્યું? દીકરો છે એમ આવ્યું છે. એવું છે આ બધું.

પર્યાયદૃષ્ટિનો સર્વથા નાશ કરવો છે ત્યારે એમ કહે છે કે આ પર્યાયનું ક્ષેત્ર

મારામાં નથી. પર્યાય સર્વથા મારાથી જુદી છે, પણ એમ કહેનાર સમજે છે કે ભેગી છે માટે જુદી છે એમ કહેવું પડે છે. પ્રયોજનવશ કહેવું પડે છે. એમાં પ્રયોજન રહેલું છે એટલી વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપ મુમુક્ષુને કહો છો કે જ્ઞાન જ્ઞાનનું વેદન કરે. તો એક બાજુ તો દૃષ્ટિના જોરમાં આ વાત કરો છો અને એક બાજુ આપ પર્યાય તરફ લઈ જાવ.

પૂજ્ય ભાઈશ્રી :- બેય વાત આવે. એટલા માટે તો એણે કોઈ સિસ્ટમ કામની નક્કી કરવી પડે છે. વાત છેને બે તરફી જ્યારે આવે... દ્રવ્યદૃષ્ટિની એને જ્ઞાનથી પર્યાયની વાત એ પરસ્પર વિરુદ્ધ દેખાય એવી આવે. બેયમાં પ્રયોજન વિરુદ્ધતા નથી. બંને વાતમાં પ્રયોજન વિરુદ્ધતા નથી. પ્રયોજન બંનેમાં એક જ સધાય છે. દ્રવ્યદૃષ્ટિથી એમ કહેવાય કે આત્મામાં ભવ નથી અને ભવનું કારણ પણ નથી. ત્રિકાળી શુદ્ધાત્મામાં ભવ નથી અને ભવનું કારણ પણ નથી. અને એકેય ભવ આ આત્માએ કર્યો જ નથી. પર્યાયદૃષ્ટિથી એમ કહે કે તેં અનંતા ભવ કર્યા અને હજી નહિ સમજ તો અનંતા ભવ કરવા પડશે. વાત તો પરસ્પર વિરુદ્ધ થઈ ગઈ. ઓલો એકેય ભવને સ્વીકારતો નથી દ્રવ્યદૃષ્ટિવાળો, પર્યાયદૃષ્ટિવાળો અનંતા ભવને સ્વીકારે છે. છતાં પ્રયોજન બંનેનું એક છે. ભવનો અભાવ કરવાનું પ્રયોજન છે. ભવ નથી એમ કહીને પણ ભવનો અભાવ કરવો છે અને અનંત કર્યા એમ કહીને પણ ભવનો અભાવ કરવો છે. પ્રયોજન ફરતું નથી. વાત વિરુદ્ધ દેખાય તોપણ અવિરુદ્ધતા છે. અને એ જ જૈનદર્શનની વિશિષ્ટ શૈલી છે. શૈલીની વિશિષ્ટતા એ છે. લોકોને બેસતું નથી, જૈનદર્શન સમજાતું નથી. ભલભલા બુદ્ધિવાળાને જૈનદર્શન નથી સમજાતું. ભાઈ! આ તો તમે વાતને ખીલે બાંધતા જ નથી. બેય કોર બોલો છો, બેય કોર ઢોલકી બજાવો છો આમાં તો તમે. આમાં નક્કી શું? ભવવાળો કે ભવ વગરનો? બેમાંથી એક તો નક્કી કરો. તમારી વાતમાં તમને જ શંકા હોય એવું લાગે છે. ઘડીક તમે આમ કહો છો અને ઘડીક તમે આમ કહો છે. એવું લે છે.

શંકરાચાર્ય જેવા શંકરાચાર્ય બુદ્ધિશાળી બુદ્ધિના ખાં કહેવાય એ બધા ઇ કહે, જૈનદર્શન હૈ વહ સંશયવાદ હૈ. શું કીધું? સ્યાદ્વાદ ન કીધું એણે. સંશયવાદ કીધો. જૈનદર્શન હૈ સો સંશયવાદ હૈ. વસ્તુકે સ્વરૂપકા ઠિકાના ઉસમેં નહીં હૈ. વાત ખીલે બાંધતા જ નથી આ લોકો. કોઈ નક્કી વાત કરતા જ નથીને. એમ કહે. એને સમજવું અઘરું પડે, પણ છતાં સમજાય એવું છે. સમજવા માગે તો સમજાય એવું છે. ગરજુ થઈને સમજવા માગે તો. સમજવાની ગરજ હોય તો. તો સમજાય એવું છે. નહિતર

સમજાય એવું નથી. બુદ્ધિનો ઠુંઠ થઈને ઊભો રહે કે હું પણ સમજું છું, મારામાં ઘણી બુદ્ધિ છે અને હું કાંઈ જેવો-તેવો નથી, બુદ્ધિવાળો છું. એને નહિ સમજાય. ગરજુ થઈને આવે એને સમજાય એવું છે.

'જો પર્યાયનું ક્ષેત્ર એકદમ ભિન્ન હોય તો આત્માને વેદન કેમ થાય? જ્ઞાન બંનેનો વિવેક કરે છે,...' જ્ઞાન તો બંનેનો વિવેક કરે છે. **'પણ દ્રવ્યદૃષ્ટિ એટલી બળવાન છે કે તેની મુખ્યતાનું જોર ભાવથી, ક્ષેત્રથી-બધી પ્રકારે જુદું પાડી દે છે.'** દૃષ્ટિ એમ કરે છે. દૃષ્ટિને દૃષ્ટિનું કામ કરવા દ્યો અને જ્ઞાનને જ્ઞાનનું કામ કરવા દ્યો. અને બંનેનું કામ કરીને પ્રયોજનને સાધો. પછી કાંઈ વાંધો નથી.

પણ તમારે કોઈ ઘરાકને સમજાવવો હોય તો શું કરો? તમે ખેંચો પણ ખરા અને ઢીલું પણ મૂકો, તો જ ઘરાક સમજે. જો તમે એવું ખેંચો કે હાલ હાલ હવે તારું કામ નથી, લીધા લીધા હવે. તો ઓલો લેવાનો હોયને એ પણ ચાલવા માંડે. અને ઘરાક એમ સમજે કે આને વેપાર કરતા આવડતું નથી. આમ ન બોલાય. એમ સમજી લે. પણ થોડુંક સારું પણ બોલે કે ભાઈ તમે તો સમજદાર છો. હું પાંચમા લાવ્યો અને સાડા પાંચમાં વેચું તો આઠ આનાનો હું નફો ન કરું પાંચ રૂપિયાના માલ ઉપર તો ઘરે પછી ચોળીને ખાવું શું? ખીચડી ખાવાનો પણ નફો જોઈશે કે નહિ જોઈએ મારે? એમ સમજાવે. તો કહે ના. મારે તો પોણા પાંચ સિવાય મારે તો લેવું જ નથીને. ઘરાક એમ કહે. એવી પક્કડ કરે. એ તો કોઈ રીતે નહિ બની શકે. આથી ઓછું તો નહિ આપી શકું. એમ મક્કમતા પણ દેખાડે અને ઢીલું પણ મૂકે. ઢીલું બોલે અને મક્કમતા (રાખે). એવી રીતે ઘરાક સધરે. વેપારી છે એ વેપારની રીતે વેપાર કરે. એમાં એક તરફી ઢીલું મૂકે અને મફતમાં માલ આપી દે એવું પણ બને નહિ. ભાઈ! તું જે ભાવ આપ એ. મારો માલ લઈ જા, એમ કાંઈ આપી દે? એમ પણ ન આપે. તેમ કાંઈ બહુ કડક પણ ન થાય. એકદમ કડક થાય તો ઘરાક ચાલ્યો જાય. એનું નામ સેલ્સમેનશીપ છે. એમ બેય રીતે (વાત કરે). આ તો વાટાઘાટ કરવા જાયને તો બે જણા જાય. નક્કી કરીને જાય કે તમારે ઢીલું મૂકવાનું અને હું ટાઈટ થઈશ. ટાઈટ થવાવાળો જરાક આકરું બોલે. ઢીલું મૂકવાવાળો એ ભલેને એમ કહે, આપણે તમને આટલું રાખશું, તમારું આટલું રાખશું. ઓલો એમ કહે. એમ કરીને સામાને...

મુમુક્ષુ :- છાશમાંથી માખણ એમ જ નીકળેને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છાશમાંથી માખણ એમ જ નીકળે છે. એ જિનનીતિ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં અમૃતચંદ્રાચાર્યદેવે એને જિનનીતિ કીધી છે. જિનેશ્વરદેવની

પોલીસી-નીતિ કીધી છે. કેવી રીતે? કે છાશ જેવી રીતે વલોવે છે એવી રીતે. એક નયથી ખેંચે છે અને બીજા નયથી ઢીલું મૂકે છે. દ્રવ્યાર્થિકનયથી ખેંચે છે અને પર્યાયાર્થિક નયથી શિથિલ કરે છે. ત્યાં એમ લીધું. શિથિલ શબ્દ વાપર્યો છે. દ્રવ્યાર્થિકનયથી ખેંચે છે અને પર્યાયાર્થિકનયથી શિથિલ કરે છે એમ લ્યે છે. એ જિનનીતિ છે. એવું લખ્યું છે એમણે અમૃતચંદ્રાચાર્યે. અને તો જ માખણ નીકળે. જે વલોણું હોય ત્યારે ખેંચે. એક ખેંચે ત્યારે બીજું દોરડું ઢીલું મૂકવું જ પડે. બે ખેંચે તો ક્યાંથી ફરે? વલોણું ફરે નહિ તો માખણ નીકળે નહિ, બેય ખેંચી રાખે તો. અને બેય ઢીલું મૂકે તોપણ ફરે નહિ.

મુમુક્ષુ :- એકાંત થઈ જાય નહિતર.

પૂજ્ય ભાઈશ્રી :- એકાંત થઈ જાય. બેય વાતે એકાંત કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિનું એકાંત કરવાનું નથી અને પર્યાયદૃષ્ટિનું પણ એકાંત કરવાનું નથી. પ્રયોજન કેમ સાધી લેવું એ સમજી લેવાનું છે અને એ સમજીને કામ કરી લેવાનું. અને વ્યવહારમાં એ રીતે કરે છે પછી ક્યાં સવાલ છે?

નિશાળમાં કોમર્સની લાઈન છે એ વેપારની લાઈન છે. પણ એમાં ઘરાકને કેમ સમજાવવો એ ન આવે. આવે? એ છોકરાને દુકાને બેસાડીને શીખવાડે. એ કોલેજમાં નથી પ્રકરણ. એનું કોઈ પુસ્તક નથી. સેલ્સમેનશીપ આવે છે. પણ છતાં પ્રેક્ટિકલી તો એને પ્રેક્ટિસ કરવી જ પડે દુકાને બેસીને. સેલ્સમેનશીપનું પુસ્તક વાંચીને પણ ઘરાકને ન સમજાવી શકાય. એની પ્રેક્ટિસ કરવી પડે. એટલે એમ કહે છોકરાને, ભણીને આવ્યો છે પણ એને પળોટજો જરા. દુકાને બેસાડીને પળોટજો. તૈયાર કરજો. પળોટજો એટલે તૈયાર કરજો. પ્રેક્ટિકલ સાઈડ છે બધી. એમ આમાં પણ એવું જ છે.

શું કહે છે? '**દ્રવ્યદૃષ્ટિ એટલી બળવાન છે કે તેની મુખ્યતાનું જોર ભાવથી, ક્ષેત્રથી-બધા પ્રકારે જુદું પાડી દે છે. સાધકદશામાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય રહે છે...**' સાધકદશામાં શું થાય છે? કે દ્રવ્યદૃષ્ટિ છે એ મુખ્ય રહે છે. '**અને તેમાં એમ આવે છે કે હું તો શાશ્વત આત્મા છું,...**' સરવાળે શું છે કે દ્રવ્યદૃષ્ટિની મુખ્યતા છે. પણ ભલે જ્ઞાન વિવેક કરે છે તોપણ મુખ્યતા તો દ્રવ્યદૃષ્ટિની છે. '**કે હું તો શાશ્વત આત્મા છું, બીજું કાંઈ નથી.**' કેમકે પર્યાયમાં તો હુંપણું સ્થાપેલું હતું જ. એ પર્યાયદૃષ્ટિથી તો પરિભ્રમણ કરતો હતો. હવે એ પર્યાયદૃષ્ટિ છોડાવવાની વાત છે. એ ૧૨૬ થયો.

પ્રશ્ન-૧૨૭

પ્રશ્ન :- ઉપયોગ અંદર વાળવા જઈએ તો વળતો નથી ને ઈન્દ્રિય મન બાજુ ખેંચાઈ જાય છે. તો, બહારની બાજુનો રસ તોડવો અને અંદરનો રસ ઉત્પન્ન કરવો-એમ બે કામ કરવાનાં છે?

સમાધાન :- અંતરનો રસ લાગે તેને બહારનો રસ રહેજે છૂટી જાય, તેને બે પ્રયત્ન કરવા પડતા નથી. એક તરફનું ખેંચાણ થાય ત્યાં બીજા તરફનો રસ સહેજે છૂટી જાય છે. જીવને પોતાના આત્મા તરફનો રસ જાગે, ત્યાં વિભાવ તરફનો રસ સહેજે છૂટી જાય છે. પોતા તરફની રમણતા વધે,-ચૈતન્યમાં લીનતા વધે ત્યાં બહારનો રસ સહેજે તૂટી જ જાય છે. જેમ કે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે ત્યાં અનંતાનુબંધીનો રસ તૂટી જ જાય છે. અંદરથી સ્વાનુભૂતિ વધે ત્યાં દેશવિરતિપણું સહેજે આવી જાય છે. તેને પછી આટલા વિષય છોડવા કે આ કરવું એમ રોકાવું પડતું નથી. જો બહારમાં ને બહારમાં રોકાય તો તેને રસ તૂટતો નથી. આ કષાય ઓછા કરવા કે આ કરવું એમ નથી, પણ પોતા તરફ વળે ત્યાં સહેજે રસ તૂટી જાય છે. તે શુભભાવનામાં આવે ત્યારે મંદ કષાય થાય, પણ કષાયનો અભાવ તો ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય અને ઉપયોગ પોતા તરફ જાય ત્યાં સહેજે થઈ જાય છે. તેને બે પ્રયત્ન કરવા પડતા નથી. એક પ્રયત્નમાં બીજો સમાઈ જાય છે. જ્યાં બહારથી રસ તૂટે ત્યાં અંતરનો રસ વધી જાય ને અંતરનો રસ વધે ત્યાં બહારથી રસ તૂટી જ જાય. જુદા-જુદા બે પ્રયત્ન કરવા પડતા નથી. ૧૨૭.

પ્રશ્ન ૧૨૭ ઉપર પ્રવચન

૧૨૭. 'પ્રશ્ન :- ઉપયોગ અંદર વાળવા જઈએ તો વળતો નથી ને ઈન્દ્રિય મન બાજુ ખેંચાઈ જાય છે. તો, બહારની બાજુનો રસ તોડવો અને અંદરનો રસ ઉત્પન્ન કરવો-એમ બે કામ કરવાનાં છે?' પ્રશ્ન તો ઉઠાવ્યો છે. પણ એ કામ તો

એક સાથે બે જ થાયને. બેય બાજુ કાંઈ રસ આવે? ઊલટી દશા છે. અંદરની અને બહારની દશા તો ઊલટી છે. પણ આમ બને છે. શું છે? ઉપયોગ અંદર વાળવાનો મુમુક્ષુને અભિપ્રાય હોય છે, પ્રયત્ન અને પુરુષાર્થ પણ કરે, પણ ઉપયોગ અંદર વળતો નથી. ઈન્દ્રિયો અને મન બાજુ એનું ખેંચાણ રહે છે એટલે અંદર વળતો નથી. શું કરવું જોઈએ? મૂળ તો પ્રશ્ન એ છે કે શું કરવું જોઈએ?

'**સમાધાન :- અંતરનો રસ લાગે તેને બહારનો રસ સહેજે છૂટી જાય,...**' છે. બે કામ કરવાના એટલે ઑટોમેટિક જ બે કામ થાય છે. પોતાને સ્વભાવનો રસ લાગે તેને બહારનો રસ સહેજે છૂટી જાય છે. '**તેને બે પ્રયત્ન કરવા પડતા નથી.**' એક બાજુના પ્રયત્નમાં બીજી બાજુનું કામ થઈ જાય છે. '**એક તરફનું ખેંચાણ થાય ત્યાં બીજા તરફનો રસ સહેજે છૂટી જાય છે.**' એક તરફ ખેંચાઈને વળે તો બીજી તરફ ક્યાંથી વળે? અવસ્થા તો એક તરફ વળે તો બીજી તરફ ન વળી શકે.

'**જીવને પોતાના આત્મા તરફનો રસ જાગે, ત્યાં વિભાવ તરફનો રસ સહેજે છૂટી જાય છે. પોતા તરફની રમણતા વધે,-ચૈતન્યમાં લીનતા વધે ત્યાં બહારનો રસ સહેજે તૂટી જ જાય છે.**' બે બાજુ રસ રહેતો નથી. જેને બહારનો રસ રહે એને અંદરનો રસ ન આવે. એ જોવામાં આવે છે. બધાયને કાંઈ અધ્યાત્મ રુચતું નથી, બધાને સ્વાધ્યાય રુચતો નથી. એમ ધર્મના ક્ષેત્રમાં પણ જે ક્રિયાકાંડમાં પડે છે એને સ્વાધ્યાય નથી રુચતો. કેમકે એને બહારની ક્રિયા રુચે છે. તો આ તો અંદરની લાઈન છે એ નહિ રુચે. અંદરમાં આવે છે એને ક્રિયાકાંડમાં રુચતું નથી. ભલે ક્રિયા કરશે, પણ એનો રસ નહિ ચડે એને.

મુમુક્ષુ :- અંદરમાં તો આવતો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાચી વાત છે. એટલે શું છે કે...

મુમુક્ષુ :- આકુળતા થઈ જાય એમ થાય કે કેવી રીતે થશે?

પૂજ્ય ભાઈશ્રી :- સાચી વાત છે. એ આકુળતા થાય એ સારું. એ આકુળતા થવી જોઈએ અને સારી રીતે થવી જોઈએ. ત્યારે દર્શનમોહ ઢીલો પડે. ત્યારે દર્શનમોહ ઢીલો પડે, નહિતર ઢીલો ન પડે.

મુમુક્ષુ :- .. બિચારી કહે કે હું .. ભાઈશ્રી અહીંયાં હતા નહિ. અને એમાં કાલે તો ખૂબ માંદી પડી ગઈ હતી તોપણ કહે મારે તો જવું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- રુચિ તો કેળવવા જેવી છે, રુચિ કરવા જેવી છે.

શું કહે છે? કે અંદરનો રસ લાગે અને વધે ત્યાં બહારનો રસ છૂટે છે. '**જેમ કે...**' દૃષ્ટાંત આપે છે હવે. '**સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે ત્યાં અનંતાનુબંધીનો રસ**

તૂટી જ જાય છે.' કેવું દૃષ્ટાંત લીધું? ચારિત્રગુણની પર્યાયનું દૃષ્ટાંત લીધું. અનંતાનુબંધીના પરિણામ ચીકણા પરિણામ છે. અનંતાનુબંધીનો જે કષાય છેને એમાં ચીકણા પરિણામ થાય. પણ જ્યાં સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે એટલે સ્વરૂપમાં જ્યાં લીનતા થઈ, ઉપયોગ શુદ્ધ થઈ અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રગટ્યું એટલે અનંતાનુબંધીની ચીકાશ ન રહે. જ્ઞાનીને ચીકણા પરિણામ નથી થતાં. એ એની નિશાની છે કે એને ચીકણા પરિણામ નથી થતા. કષાય કોઈવાર ઉગ્ર થાય, પણ ચીકણા પરિણામ ન થાય, લાળ ન લંબાય.

બાહુબલીજીએ મુઠ્ઠી ઉગામી, પણ દીક્ષા લેતા વાર કેટલી લાગી? એક સેકન્ડ. ભરત ચક્રવર્તીએ હજારો વર્ષ રાજ કર્યું. દીક્ષા લેતા કેટલી વાર લાગી? જરાય નહિ. કેમકે પરિણામ ચીકણા નહોતા. અનંતાનુબંધીનો કષાય નહોતો. એમ કષાય થાય, પણ ચીકણા પરિણામ ન થાય.

મુમુક્ષુ :- દીક્ષા તો લીધી પણ સીધું કેવળજ્ઞાન લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- સીધું કેવળજ્ઞાન. હા, ચીકણા પરિણામ નહોતા એની સાબિતી છે. એટલે અનંતાનુબંધીનો રસ તૂટી જ જાય છે. જ્યાં અંદર સ્વરૂપમાં લીન થયો, સમ્યગ્દર્શનના કાળમાં શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો એટલે ચીકાશ ગઈ.

'અંદરથી સ્વાનુભૂતિ વધે ત્યાં દેશવિરતિપણું સહેજે આવી જાય છે.' લાવવું પડતું નથી પણ સહેજે આવી જાય છે. સ્વાનુભૂતિ વધે એટલે પોતાની સાધના વધે ત્યાં પાંચમા ગુણસ્થાનમાં સહેજે પ્રવેશ થાય છે. **'તેને પછી આટલા વિષય છોડવા કે આ કરવું એમ રોકાવું પડતું નથી.'** એટલે કૃત્રિમતા નથી કરવી પડતી, પરાણે-પરાણે નથી કરવું પડતું. સ્વરૂપમાં સ્થિરતા વધતા, વીતરાગતા વધતા રાગ છૂટી જાય છે. રાગ ઊભો નથી થતો એને ત્યાગ કહેવામાં આવે છે. રાગ ઉત્પન્ન ન થાય એટલે એની ક્રિયા પણ ઉત્પન્ન ન થાય.

'જો બહારમાં ને બહારમાં રોકાય તો તેને રસ તૂટતો નથી.' બહારમાં ને બહારમાં રોકાય, ચીકણા પરિણામ હોય તો રસ તૂટતો નથી. **'આ કષાય ઓછા કરવા કે આ કરવું એમ નથી,...'** આ કષાય ઓછા કરવા કે આ કરવું એમ નથી. **'પણ પોતા તરફ વળે ત્યાં સહેજે રસ તૂટી જાય છે.'** એટલે પુરુષાર્થ છે એ અસ્તિનો કરે. એમ. પુરુષાર્થ છે તે અસ્તિનો કરે. પુરુષાર્થનું કાર્ય સ્વરૂપ રચનાનું છે. ઓલુ કષાય મટવાનું આપોઆપ થઈ જાય છે. **'તે શુભભાવનામાં આવે ત્યારે મંદ કષાય થાય,...'** સાધક શુભભાવનામાં આવે ત્યારે મંદ કષાય થાય. **'પણ કષાયનો અભાવ તો તો ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય...'** મુમુક્ષુ છે, મુમુક્ષુને લે તો શુભભાવમાં

કષાય મંદ થાય, પણ એને અભાવ ક્યારે થાય? કે '**ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય અને ઉપયોગ પોતા તરફ જાય ત્યારે સહેજે થઈ જાય છે.**' ત્યારે અભાવ સહેજે થાય છે. શું પોઈન્ટ લીધો છે આમાં? કે શુભભાવમાં આવ્યો ત્યારે કષાય મંદ થઈ ગયો. પણ હજી કષાયનો સદ્ભાવ છે એનું શું કરવું? એને કેવી રીતે બંધ કરવો? કે એના તરફ કાંઈ જોવાનો પછી પ્રશ્ન નથી રહેતો. ભેદજ્ઞાનનો પ્રયત્ન-પુરુષાર્થ કરે અને ઉપયોગ સ્વરૂપમાં લીન કરે, અસ્તિનો પુરુષાર્થ છે, એટલે એ શુભભાવ છે એ ઉત્પન્ન થતો બંધ થઈ ગયો. ઑટોમેટિક એનો અભાવ થઈ ગયો. અભાવ કરવા માટે બીજું કરવું પડતું નથી.

દૃષ્ટાંત લઈએ તો કે અંધારું છે. અંધારાનો નાશ કરવો છે. શું કરવું? તો કહે પ્રકાશ કરો. અંધારાને કાઢવું નહિ પડે. પ્રકાશ કરવાથી અંધારાને કાઢવું નહિ પડે. અંધારાનો નાશ થઈ જશે. અંધારું છે માટે અંધારાને ઉલેચવું કેવી રીતે? સાવરણીથી એને કાઢવું? કે છાલિયાથી, ડોલે ડોલે એને કાઢવું? શું કરવું? કે એમ અંધારું નહિ નીકળે. પ્રકાશ કરો એટલે અંધારું એક સેકન્ડમાં ગયું. એમ ભેદજ્ઞાનની ધારા પ્રગટ થઈને ઉપયોગ જ્યાં અંદરમાં વળશે ત્યાં સહેજે કષાયનો અભાવ થઈ જશે, વિકલ્પનો અભાવ થઈ જશે.

'**તેને બે પ્રયત્ન કરવા પડતા નથી.**' બે પ્રકારના પ્રયત્ન નથી કરવા પડતા. પ્રયત્ન એક પ્રકારનો કરે અને કામ બેય સાઈડનું થઈ જાય છે. '**એક પ્રયત્નમાં બીજો સમાઈ જાય છે.**' લ્યો ઠીક! એક પ્રયત્નમાં બીજો સમાઈ જાય છે. '**જ્યાં બહારથી રસ તૂટે ત્યાં અંદરનો રસ વધી જાય...**' બહારનો રસ ફીકો પડે તો અંદરનો રસ વધે. બહારનો રસ એમ ને એમ રાખે અને અંદરનો રસ વધે એમ ન થાય અને અંદરનો રસ વધારે એટલે બહારનો રસ તૂટી જાય છે.

મુમુક્ષુ :- એટલે એમ કહેવામાં આવે છે કે ભાવના વધારવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાવના વધારવી. ભાવના વધારો એટલે જે સંસારભાવના છે એ ભાવના નહિ રહે. ભાવના વધારવાથી બીજું જે ભાવે છે એ બીજો રસ તૂટી જશે. ભાવનાનો વિષય પહેલેથી છેલ્લે સુધી છે. મુનિદશા સુધી છે. જ્યાં સુધી વિકલ્પ છે ત્યાં સુધી ભાવના ભાવવી.

'**જ્યાં બહારથી રસ તૂટે ત્યાં અંતરનો રસ વધી જાય ને અંતરનો રસ વધે ત્યાં બહારથી રસ તૂટી જ જાય.**' બેય એક સાથે છે. '**જુદા-જુદા બે પ્રયત્ન કરવા પડતા નથી.**' એક પ્રયત્નમાં બીજાનું આવી જાય છે. બહારનો રસ હોય એને બહારના રસમાં ચેતી જવું જોઈએ કે આ રસ મને અંદરમાં જવા નહિ દે. તો અંદર નથી

જવાતું એને શું કરવું? કે એક તો સ્વભાવનો રસ કેળવવો તો બહારનો રસ તૂટશે. અને બહારનો રસ આવતો હોય ત્યાં એને જાગૃત થઈ જવું જોઈએ કે આ મને બહારનો રસ આમ ને આમ રહે તો અંદરનો રસ આવશે નહિ, અંદર નહિ વળી શકાય. એ રીતે જ્ઞાન બેય સાઈડ જાણી લે. અને પુરુષાર્થ છે (એમાં) એક પુરુષાર્થ કરે તો એમાં બીજી વાત સમાઈ જાય છે. એમ કહેવું છે. નહિતર શું થાય? બે વાત શું કરવા કરે છે? કે કોઈ જીવને એવું બને છે કે શાસ્ત્ર વાંચે, અધ્યાત્મના પુસ્તકો વાંચે એટલે એમ માને કે મને અધ્યાત્મરસ ઘણો છે. પણ પાછો ઉદયમાં, ખાવા-પીવામાં, બીજા-ત્રીજા ઉદયમાં એટલો ને એટલો રસ લેતો હોય. ત્યારે એને દેખાડવું પડે કે જો ભાઈ! જેને અંદરનો રસ હોય એને બહારનો રસ ન હોય. તને એ સાઈડ જાણવામાં તો, જ્ઞાનમાં તો હોવી જોઈએ તો ઓલો પુરુષાર્થ કામ લાગશે. નહિતર નહિ કામ લાગે. ૧૨૭ થયો. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૧૨૮

પ્રશ્ન :- આત્મ-અનુભવ નહિ થવામાં દૃષ્ટિ દોષ છે કે જ્ઞાનનો દોષ છે?

સમાધાન :- આત્માનો અનુભવ નથી થતો તેમાં દૃષ્ટિ અને જ્ઞાન-બંનેનો દોષ છે. દૃષ્ટિનો મુખ્ય દોષ છે. દૃષ્ટિનું જોર થાય તો જ્ઞાનનું જોર થાય. દૃષ્ટિ સમ્યક્ થાય તો જ્ઞાન પણ સમ્યક્ થાય છે. દૃષ્ટિ અને જ્ઞાન બંનેમાં વિપરીતતા છે, પણ દૃષ્ટિ મુખ્ય છે. દૃષ્ટિ ફરે તો જ્ઞાન ફરી જ જાય છે.

પહેલી ભૂમિકામાં સાચું જ્ઞાન, સાચા વિચાર આદિ બધું આવે છે; પણ મોક્ષમાર્ગમાં પહેલી મુખ્ય દૃષ્ટિ છે. દૃષ્ટિની સાથે જ્ઞાન હોય છે. દૃષ્ટિ સમ્યક્ થાય ત્યાં જ્ઞાન સમ્યક્ થઈ જાય છે. ગુરુદેવે એટલું સ્પષ્ટ કર્યું છે કે કાંઈ ભૂલ ન થાય. જે કોઈ અટકે તે પોતાની ભૂલથી અટકે છે. ૧૨૮.

તા. ૮-૨-૧૯૯૭, પ્રશ્ન-૧૨૮,૧૨૯
પ્રવચન નં. ૮૪

સ્વાનુભૂતિદર્શન પાનું-૯૨, ૧૨૮મો પ્રશ્ન છે. '**પ્રશ્ન :- આત્મ-અનુભવ નહિ થવામાં દૃષ્ટિનો દોષ છે કે જ્ઞાનનો દોષ છે?**' ગુણ-ભેદથી પ્રશ્ન કર્યો છે. આત્માનો અનુભવ નહિ થવામાં બેમાંથી કયા ગુણનો દોષ છે? એમાં ગુણભેદ જાણવાની જિજ્ઞાસા છે. કયા પ્રકારનો દોષ છે એ સમજવાની જિજ્ઞાસા યોગ્ય છે, ગુણભેદથી કાંઈ પ્રયોજન નથી.

'**સમાધાન :- આત્માનો અનુભવ નથી થતો તેમાં દૃષ્ટિ અને જ્ઞાન-બંનેનો દોષ છે. દૃષ્ટિનો મુખ્ય દોષ છે.**' શું છે કે આત્માનો અનુભવ નહિ થવામાં એક ગુણનો જ જો દોષ હોય અને બીજા ગુણનો બિલકુલ દોષ ન હોય એમ કેમ બને? શ્રદ્ધા અને જ્ઞાન, એમાં જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય છે. અને શ્રદ્ધાનનું હંમેશા બળવાનપણું હોવાથી શ્રદ્ધા મુખ્ય રહે છે. કેમકે ઊલટી શ્રદ્ધા પણ પૂરી ઊલટી છે, સૂલટી છે એ પણ પૂરી સૂલટી છે. એમ છે. એટલે એમ કહે છે કે દોષ તો બંનેનો છે. અજ્ઞાન પણ છે અને મિથ્યાત્વ પણ છે. દૃષ્ટિનું મિથ્યાત્વ છે, જ્ઞાનમાં વિપરીત જ્ઞાન છે. દૃષ્ટિનો મુખ્ય દોષ છે એટલા માટે કે દૃષ્ટિ પૂરેપૂરી ઊંધી છે. જ્ઞાન તો થોડોઘણો પણ વિવેક કરે છે, સમજણ કરે છે પણ દૃષ્ટિ ફરતી નથી. તો એટલે સમજણ સફળ નથી થતી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાન જ થોડો વિવેક કરે? દૃષ્ટિ પણ થોડીક વિવેકમાં હોય એવું...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે મિથ્યાત્વ પાતળું પડે છે. જ્ઞાનમાં જ્યારે વિવેક થાય છે ત્યારે મિથ્યાત્વ પાતળું પડે છે. એમ બને છે. એમ બેય સાથે જ ચાલે છે. દોષ થવામાં પણ બેય સાથે ચાલે છે, નિર્દોષ થવામાં પણ બેય સાથે ચાલે છે અને બેયની એકબીજા ઉપર અસર હોય છે, આવે છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાન જેટલો વિવેક કરે છે એટલા જ પ્રમાણમાં દૃષ્ટિ પણ વિવેક કરે?

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિમાં મિથ્યાત્વ પાતળું પડે એના પ્રમાણમાં, મિથ્યાત્વ પાતળું પડે. સવળું તો જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે, અનુભવ થાય ત્યારે. ત્યાં સુધી પાતળું... પાતળું... પાતળું... પાતળું... પડતું આવે મિથ્યાત્વ.

મુમુક્ષુ :- પણ જ્ઞાન જેટલું જ પાતળું પડે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં નિર્મળતા આવે અને પ્રયોજનનો વિવેક વધારે તીક્ષ્ણ અને સૂક્ષ્મ થાય. એટલું જ્ઞાનની અંદર કામ થાય. પણ બેયનું વિજ્ઞાન એવું છે કે અરસપરસ એક બીજાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધે સાથે ચાલવાનો પ્રકાર છે.

મુમુક્ષુ :- એટલે દૃષ્ટિ કરતા જ્ઞાનનો વિવેક થોડો વધારે હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દૃષ્ટિ ઊંધી પડી છેને. ઊંધાઈમાં એની શક્તિ ઘટે છે, ઊંધાઈનું જોર ઘટે છે. એટલું બને છે. બાકી ઊંધી તો ઊંધી જ છે. જ્યારે જ્ઞાનમાં સર્વથા ઊંધાપણું નથી. જેટલો વિવેક કરે છે એટલું યથાર્થપણું આવતું જાય છે એમ છે.

મુમુક્ષુ :- અભિપ્રાયમાં જ્ઞાનમાં?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અભિપ્રાયમાં ફેર પડતો જાય છે એટલો વિપર્યાસ મટતો જાય છે.

મુમુક્ષુ :- આ ત્રણ પ્રકારના જે સમકિત બતાવ્યા તે જ્ઞાનના વિવેકની અપેક્ષાએ બતાવ્યા?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં જ્ઞાનની પ્રધાનતા છે અને મિથ્યાત્વ પાતળું-પાતળું થતું જાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઊંધાઈનું જોર ઘટવું એટલે? દૃષ્ટિ ઊંધી તો થઈ પણ એનું જોર ઘટવું એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- જોર ઘટવું એટલે બહુ તીવ્ર મિથ્યાત્વ હોય ત્યારે ગૃહીત મિથ્યાત્વમાં જાય, એથી વધારે મિથ્યાત્વ થાય ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષના વિરોધમાં જાય. એ બધું મિથ્યાત્વનું જોર વધારે છે. જેમ જેમ મિથ્યાત્વનું જોર વધે તો છેક નિગોદ સુધી ચાલ્યો જાય. મિથ્યાત્વના જોરમાં નિગોદ સુધી ચાલ્યો જાય. જેમ જેમ મિથ્યાત્વ પાતળું પડે એમ ઉપર આવતો જાય. ડિગ્રી છે, પરિણમનમાં દરેક ગુણના પરિણમનમાં એની ડિગ્રી છે. પુરુષાર્થમાં એની ડિગ્રી છે. પુરુષાર્થ તો સવળો થયો પણ ચોથા ગુણસ્થાને છે એથી મુનિદશામાં છઠ્ઠે-સાતમે વધારે છે અને કેવળજ્ઞાન થાય પૂર્ણ દશા ત્યારે અનંતવીર્ય પ્રગટે છે. તો સવળો તો પહેલેથી થયો છે પણ ડિગ્રીનો ફર્ક છે.

એવી જ રીતે વીતરાગતામાં ડિગ્રીનો ફર્ક છે. વીતરાગતા પ્રગટ થઈ. પાંચમા

ગુણસ્થાને વધી, છઠ્ઠે-સાતમે એથી વધી, બારમા ગુણસ્થાને પૂર્ણ થઈ. એવો જ સુખ-શાંતિની ડિગ્રીમાં ફેર છે. સુખ પ્રગટ્યું ચોથા ગુણસ્થાને પછી વધતું જાય છે, પછી વધતું જાય છે. તેરમે ગુણસ્થાને પરમાનંદ પ્રગટે છે. એવી રીતે એક ગુણના પરિણમનમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. શાસ્ત્ર પરિભાષાએ એમ કહેવાય છે. અને એમાં ષટ્‌ગુણ હાનિ-વૃદ્ધિ લીધી છે. અગુરુલઘુ પ્રમાણે ષટ્‌ગુણ હાનિ-વૃદ્ધિ લીધી છે. એટલે એવું બધું પરિણમનમાં એક જ ગુણની પર્યાયમાં હાનિ-વૃદ્ધિ હોય છેને? એની વાત છે. એવું મિથ્યાત્વમાં, દષ્ટિના પરિણમનમાં પણ એવું થાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગૃહીત મિથ્યાત્વ કરતા જોર વધે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રની...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પણ ગૃહીત જ છે. પણ ગૃહીત-ગૃહીતમાં બે પ્રકાર છે કે કોઈ જીવો વિરોધ નથી કરતા અને કોઈ જીવો કરે છે. એમ.

મુમુક્ષુ :- જ્ઞાને એક જ કામ કરવાનું રહ્યુંને મુમુક્ષુની ભૂમિકામાં કે આ એક જ ડ્યૂટી...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન વિવેક કરે છે.

મુમુક્ષુ :- જોર ઓછું થાય. એ જ ચાલવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

'દષ્ટિનો મુખ્ય દોષ છે. દષ્ટિનું જોર થાય તો જ્ઞાનનું જોર થાય.' પછી જે સાધકદશા છે એમાં સવળી દષ્ટિના જોરે જ્ઞાન-ચારિત્ર બધા ગુણો ખીલવા માંડે. ખીલવા માંડે એમ કહો કે બધાની ડિગ્રી વધતી જાય છે એમ કહો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં એમ લઈએ તો ભાવ ભાસ્યો હોય તો દષ્ટિનું જોર વધી ગયું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવભાસન સુધી હજી દષ્ટિ મિથ્યા છે. પણ જોર એનું ઘટે છે, મિથ્યાત્વનું જોર ઘટે છે. ભાવભાસન થયું એટલે સમ્યગ્દષ્ટિપણું તો થયું નથી. એટલે મિથ્યાદષ્ટિપણું છે, પણ મિથ્યાદષ્ટિનું બળ એકદમ ઘટી જાય છે. એમ બને છે. સમ્યગ્દર્શન થાય ત્યારથી દષ્ટિ સવળી થઈ અને એનું જોર પણ, પૂરેપૂરી સવળી થવાથી એનું જોર પણ અનંતું હોય છે. એક ગુણમાં અનંત શક્તિ છે એ અનંતેઅનંત શક્તિ પ્રગટ થઈ ગઈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અજ્ઞાન-વિક્ષેપ-મળ છે જે કૃપાળુદેવે લીધા, એ આમાં કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અજ્ઞાનમાં તો જ્ઞાનનો વિપર્યાસ છે. મળ છે એમાં દષ્ટિ ઊંધી છે અને વિક્ષેપમાં ચારિત્રગુણમાં ડિસ્ટર્બન્સ છે.

મુમુક્ષુ :- ઉપયોગની ચંચળતા છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચંચળતા છે. એ ડિસ્ટર્બન્સ એ વિક્ષેપ છે.

મુમુક્ષુ :- તો ભાવભાસનમાં દૃષ્ટિ કરતા જ્ઞાનનું જ જોર વધારે છે? એમ જ લેવાનું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનબળ છે. ભાવભાસન પોતે જ જ્ઞાનની પર્યાય છે, ભાસન પોતે જ્ઞાનની પર્યાય છે.

'**દૃષ્ટિનું જોર થાય તો જ્ઞાનનું જોર થાય.**' મોક્ષમાર્ગમાં. '**દૃષ્ટિ સમ્યક્ થાય તો જ્ઞાન પણ સમ્યક્ થાય છે.**' કોઈવાર દૃષ્ટિપૂર્વક જ્ઞાન કહેવાય છે, કોઈવાર જ્ઞાનપૂર્વક દૃષ્ટિ કહેવાય છે. બંનેમાં જુદી જુદી અપેક્ષા છે.

મુમુક્ષુ :- દૃષ્ટિપૂર્વક જ્ઞાન કહેવામાં વાંધો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વાંધો નથી. કહેવાય છેને. અને સૂત્રમાં તો એમ જ છે 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ' ત્યાં દર્શન પહેલા મૂક્યું છે. કારણ-કાર્યમાં જ્ઞાન કારણ છે અને દૃષ્ટિ કાર્ય છે.

'**દૃષ્ટિ અને જ્ઞાન બંનેમાં વિપરીતતા છે, પણ દૃષ્ટિ મુખ્ય છે. દૃષ્ટિ ફરે તો જ્ઞાન ફરી જ જાય છે.**' એ દૃષ્ટિપૂર્વક જ્ઞાનની વાત લીધી છે. હવે વધારે સ્પષ્ટીકરણ આપે છે. '**પહેલી ભૂમિકામાં...**'

મુમુક્ષુ :- પણ ભાઈશ્રી! અહીંયાં આ ખુલાસો ન કરો તો અમે તો ન સમજી શકીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નીચે છે. નીચે થોડું આવે છે.

'**પહેલી ભૂમિકામાં સાચું જ્ઞાન, સાચા વિચાર આદિ બધું આવે છે;...**' મુમુક્ષુની ભૂમિકામાં. '**પણ મોક્ષમાર્ગમાં પહેલી મુખ્ય દૃષ્ટિ છે.**' સ્પષ્ટીકરણ કર્યું છે. મુમુક્ષુની ભૂમિકા અને મોક્ષમાર્ગની ભૂમિકાનું સ્પષ્ટીકરણ કર્યું છે. '**દૃષ્ટિની સાથે જ્ઞાન હોય છે.**' દૃષ્ટિની સાથે જ્ઞાન હોય જ છે. '**દૃષ્ટિ સમ્યક્ થાય ત્યાં જ્ઞાન સમ્યક્ થઈ જાય છે. ગુરુદેવે એટલું સ્પષ્ટ કર્યું છે કે કાંઈ ભૂલ ન થાય. જે કોઈ અટકે તે પોતાની ભૂલથી અટકે છે.**' સમજે પણ છતાં ભૂલ કરે તો શું કામ લાગે? અટકે છે એ પોતાની ભૂલે અટકે છે. ગુરુદેવે તો ઘણું સ્પષ્ટીકરણ આપ્યું છે, સ્પષ્ટતા તો ઘણી આવી છે. કેમકે ૧૭-૧૮ ગાથામાં એ વાત લીધી છે—જ્ઞાનપૂર્વક શ્રદ્ધા. પહેલા તો રાજાને જાણે, પછી પ્રતીત કરે. અને જાણ્યા વિનાની શ્રદ્ધા એ ગધેડાના શિંગડા જેવી છે. અમૃતચંદ્રાચાર્યે પણ ચોખવટ તો કરી જ છે આ વિષયમાં. એ ૧૨૮મો થયો.

પ્રશ્ન-૧૨૯

પ્રશ્ન :- આપ અમને સાચું માર્ગદર્શન આપશો તેવી સવિનય વિનંતિ કરીએ છીએ.

સમાધાન :- મુક્તિનો એક જ માર્ગ છે. તે એક જ માર્ગે ચાલવાનું છે. ગુરુદેવે એક માર્ગ બતાવ્યો છે. બધું કરી કરીને આત્માનું કરવાનું છે.

તત્ત્વનું ચિંતવન કરે, શાસ્ત્રભ્યાસ કરે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરે કે આત્માની મહિમા કરે તે બધાંમાં એક આત્માનું જ ધ્યેય રાખવાનું છે. આત્માને ઓળખવો તે જ કરવાનું છે. આત્માનો સ્વભાવ કેવી રીતે પ્રગટ થાય? તેનો મૂળ સ્વભાવ જે જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંતગુણોથી ભરેલો છે તે શુદ્ધરૂપે કેવી રીતે પરિણમે? જે આનાદિથી વિભાવ પર્યાય થઇ રહી છે તે પલટીને સ્વભાવ પર્યાય કેવી રીતે થાય? શુદ્ધ આત્મા શુદ્ધતારૂપે કેવી રીતે પરિણમે?- આ પ્રયત્ન કરવાનો છે. વિભાવ તરફ દૃષ્ટિ કરવાથી વિભાવ પર્યાય થઇ રહી છે તે છૂટીને શુદ્ધરૂપે પરિણમન થાય તે તેના સમ્યક્ સ્વભાવની પ્રગટતા છે તે સ્વભાવ તેનું ઘર છે, રહેવાનું મૂળ સ્થાન છે. સમયસારમાં આવે છે ને? કે જ્ઞાયકભાવ જ સ્થાતાનું સ્થાન છે, રહેનારનું રહેઠાણ છે, તે સર્વસ્વ છે. પણ અજ્ઞાની પોતાનો સ્વભાવ નથી, પોતાનું ઘર નથી, અર્થાત્ જે પરઘર છે, ત્યાં બહારમાં ચાલ્યો ગયો છે.

ચૈતન્યનું સ્વામિત્વ ચૈતન્યમાં છે, છતાં પરનું સ્વામિત્વ અજ્ઞાન અવસ્થાથી માન્યું છે. પરનું કરી શકું એમ માનવું તે અજ્ઞાનતા છે. તે પરનું કરી શકતો નથી અને પરનું કરવા મથી રહ્યો છે. પોતે ચૈતન્ય તરફ દૃષ્ટિ કરે તો પોતે પોતાનું કરી શકે છે. પોતાની પર્યાય શુદ્ધરૂપે પરિણમે તે પોતે કરી શકે છે. આ બધું પરઘર છે તેનાથી ભેદજ્ઞાન કરીને પોતાના સ્વભાવમાં દૃષ્ટિ સ્થાપે અને શુદ્ધ સ્વભાવમાંથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય તે કરવાનું છે.

આચાર્યદેવ કહે છે કે અહીં આવ.....અહીં આવ.....આ તારું રહેવાનું રહેઠાણ છે. આ તારું પદ છે. બીજું બધું અપદ છે. પોતાનું પદ તો ચૈતન્યપદ છે, તેમાં તું આવ. તારે તે કરવાનું છે. બહારની વિભાવની પ્રવૃત્તિથી નિવૃત્ત

થઈ નિવૃત્તસ્વરૂપ આત્મામાં જ પરિણતિ પ્રગટ કરવા જેવી છે. પોતામાં જ પરિણતિ કરવી અને પર સાથેની પ્રવૃત્તિ તોડવી તે જીવનમાં કરવાનું છે. તેને માટે શાસ્ત્રાભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવવી જોઈએ. ચૈતન્યની પરિણતિ કેમ પ્રગટ થાય? શુદ્ધાત્મા તરફ લક્ષ કરી દ્રવ્યદૃષ્ટિ કેમ પ્રગટ થાય? અનુભૂતિ કેમ થાય? તે કરવા જેવું છે. તે જીવનનું ખરું કર્તવ્ય છે. ૧૨૯.

પ્રશ્ન ૧૨૯ ઉપર પ્રવચન

૧૨૯. '**પ્રશ્ન :- આપ અમને સાચું માર્ગદર્શન આપશો તેવી સવિનય વિનંતિ કરીએ છીએ.**' માર્ગદર્શન તો સાચું જ આપેને, કાંઈ થોડું બીજું આપે? એ વિશેષણ લગાડવાની કાંઈ જરૂર નહોતી. જ્ઞાનીને બીજી રીતે માર્ગદર્શન આપવાનો કાંઈ સવાલ નથી અને વિકલ્પ નથી અને કાંઈ નથી. આ તો અમુક પ્રશ્ન તો ઊભા કરેલા છે.

'**સમાધાન :- મુક્તિનો એક જ માર્ગ છે. તે એક જ માર્ગે ચાલવાનું છે. ગુરુદેવે એક માર્ગ બતાવ્યો છે. બધું કરી કરીને આત્માનું કરવાનું છે.**' શું કહે છે? માર્ગ તો એક જ છે અને માર્ગદર્શન એક જ પ્રકારનું છે. પછી એમાં સાચા-ખોટાનો પ્રશ્ન નથી. અમુક ખોટું હોય અને અમુક સાચું હોય એવું કાંઈ નથી. એક જ પ્રકારે માર્ગ છે, એક જ માર્ગે ચાલવાનું છે. અનાદિ-અનંત એક માર્ગ છે. મોક્ષમાર્ગ છે એ ત્રણે કાળે નિયત છે, ફેરફારવાળો નથી ક્યારેય. અને બધાને એક જ માર્ગે ચાલવાનું છે. ગુરુદેવે એ એક માર્ગ બતાવ્યો છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એ કૃપાળુદેવે પણ આત્મસિદ્ધિમાં એ ગાથામાં સ્પષ્ટ કર્યું છે. સૂત્ર જેવી ગાથા છે. પાછા આ લોકો એમાંથી તર્ક ઉઠાવે કે પંદર ભેદે સિદ્ધ કહ્યા છેને. પંદર માર્ગ નથી. પંદર પ્રકારની યોગ્યતા જુદી-જુદી હોય, માર્ગ તો એક જ છે.

'**બધું કરી કરીને આત્માનું કરવાનું છે. તત્ત્વનું ચિંતવન કરે, શાસ્ત્રાભ્યાસ કરે,...**' સાધન જુદાં-જુદાં, બાહ્ય સાધનમાં જુદાં-જુદાંપણું છે, અંતરંગ સાધન તો એક જ છે. '**તત્ત્વનું ચિંતવન કરે, શાસ્ત્રાભ્યાસ કરે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરે કે આત્માની મહિમા કરે તે બધાંમાં એક આત્માનું જ ધ્યેય રાખવાનું છે.**' એક ધ્યેયવાળાને એ બધા પ્રકારના પરિણમનનું કો-ઓર્ડિનેશન થાય છે. એવું છે. હવે ન સમજે એ

શું કરે? કે ભાઈ, આપણે આ એક જ કરો. આપણે તો શાસ્ત્રભ્યાસ કરો. એમ નહિ. આપણે દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા કરવા માટે પૂજા-ભક્તિ અને એ પ્રકારના અનેક પ્રકારના વિધાન પૂજાનું એનું આયોજન કરો.

'દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરે કે આત્માની મહિમા કરે તે બધાંમાં એક આત્માનું જ ધ્યેય રાખવાનું છે.' એટલે આત્મકલ્યાણનું ધ્યેય, પૂર્ણ થવાનું ધ્યેય. એના માટે **'આત્માને ઓળખવો તે જ કરવાનું છે.'** આ બધું કરીને શું કરવાનું છે? આત્માને ઓળખવો. ઓળખવાની વાત લગભગ ઘણી જગ્યાએ પોતે કરે છે. **'આત્માનો સ્વભાવ કેવી રીતે પ્રગટ થાય? તેનો મૂળ સ્વભાવ જે જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંતગુણોથી ભરેલો છે તે શુદ્ધરૂપે કેવી રીતે પરિણમે? જે અનાદિથી વિભાવ પર્યાય થઈ રહી છે તે પલટીને સ્વભાવ પર્યાય કેવી રીતે થાય? શુદ્ધ આત્મા શુદ્ધતારૂપે કેવી રીતે પરિણમે?-આ પ્રયત્ન કરવાનો છે.'** પ્રશ્નો બધા જુદાં-જુદાં ઉઠાવ્યા છે, પ્રયોજન અંદર એક જ છે. જુદી-જુદી ભાષા કરી છે. વાત તો એક જ, મુદ્દો તો એક જ છે પ્રશ્નનો કે આ આત્મા ઊલટું પરિણમન કરી રહ્યો છે એ સૂલટું કેવી રીતે થાય. તેનો જ પ્રયત્ન કરવાનો છે. જે પ્રયત્ન કરવાનો છે તે તેનો જ પ્રયત્ન કરવાનો છે અને એ એક જ મુક્તિનો માર્ગ છે. મુક્તિનો માર્ગ કોઈ અનેક પ્રકારે છે એવું તો નથી.

ઉમાસ્વામી મહારાજે સૂત્ર બાંધ્યું. 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ' બસ ખલાસ. બે જ શબ્દો છે. આ ત્રણ પદનો એક શબ્દ બનાવ્યો. 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી' 'મોક્ષમાર્ગઃ' બીજો શબ્દ. મોક્ષમાર્ગમાં બે શબ્દ છે પણ એનો એક શબ્દ બનાવ્યો છે સંયોજન કરીને. કુલ પાંચ પદ છે, પણ બે શબ્દમાં એને સમાવ્યા છે. ટૂંકું કરીને એક સૂત્ર મૂકી દીધું. ત્રણે કાળે અફર અને અકાટ્ય. બીજી રીતે મોક્ષમાર્ગની કલ્પના કરવા જેવી નથી. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર મોક્ષમાર્ગ છે એ સિવાય અન્ય પ્રકારે મોક્ષમાર્ગની કલ્પના કરવા જેવી નથી. વાત ફિનીશ થઈ ગઈ.

'વિભાવ તરફ દૃષ્ટિ કરવાથી વિભાવ પર્યાય થઈ રહી છે...' વિભાવ તરફ દૃષ્ટિ કરવાથી એટલે શું? કે વિભાવમાં હુંપણું સ્થાપ્યું છે જીવે. દૃષ્ટિ કરી છે એટલે શું છે, ત્યાં જ દૃષ્ટિ રહે છે. મને આમ થયું અને મને આમ થયું. આવો ભાવ થયો અને આવો ભાવ થયો. જેટલા-જેટલા પ્રકારના રાગ-દ્વેષ-મોહના પરિણામ થાય છે વિભાવના, દૃષ્ટિ ત્યાં ને ત્યાં રહે છે. હું એવો અને હું એવડો, હું એવડો અને હું એવો. એ અનાદિથી આ દૃષ્ટિ છે જીવની. એટલે એને જ આત્મા માન્યો છે.

મુમુક્ષુ :- કાલે રાતના પ્રવચનમાં વાત આવી હતીને, અવલોકનમાં પાછી એની

પક્કડ ન થઈ જાય કે મને આવા પરિણામ થાય છે, મને આવા પરિણામ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અવલોકનમાં પરિણામનું અવલોકન કરે છે અને પરિણામમાં અનેક પ્રકારો ભજે છે. અનાદિની પરિણામ ઉપરની દૃષ્ટિ દૃઢ થવા અર્થે એ વાત ન હોવી જોઈએ. એટલે પહેલેથી જ્યાં પૂર્ણતાનું લક્ષ થયું ત્યાં એક વિચાર સૂઝે છે કે મોક્ષમાર્ગની શરૂઆતથી લઈને પૂર્ણતા સુધીનું પરિણમન પોતાના સ્વરૂપને અવલંબને સહજપણે પ્રગટ થાય છે, તો એ સ્વરૂપનું અવલંબન લેવાનું છે માટે એ સ્વરૂપ કેવું? અવલોકનમાં એની શોધ પણ ચાલે છે.

એક તબક્કે એને અપૂર્વ જિજ્ઞાસા પ્રગટે છે. એ જિજ્ઞાસા એવી પ્રગટે છે કે એની પાછળ આત્મા પોતે ખોવાયેલો રહે છે, ખોવાઈ જાય છે. મારું સ્વરૂપ કેવું? મને કેમ મારું સ્વરૂપ જડતું નથી, મળતું નથી, દેખાતું નથી, ભાસતું નથી. એની એવી જિજ્ઞાસા તીવ્ર થાય, એવી તીવ્ર થાય કે જે ઉદાસીનતા વેદનામાં પ્રગટી હતી એના કરતા ઘણી અધિક ઉદાસીનતા આ જિજ્ઞાસામાં પ્રગટે. પોતાનું ખોવાયેલું રત્ન-ચૈતન્યરત્ન, પોતાનું ખોવાયેલું રત્ન ગોતવા માટે પોતે ખોવાઈ જાય. ગોતવા માટે પોતે ખોવાઈ જાય એક વાર. એટલો ખોવાયેલો રહે એની પાછળ. આ અંતરખોજની ડિગ્રી શું છે.

જેમ એક માણસને પોતાનું સ્વજન ખોવાઈ ગયું, કોઈ કિડનેપ કરી ગયું કે ખોવાઈ ગયું. ઘણીવાર મગજ અસ્થિર હોય તો માણસ ચાલ્યો જાય. એની પાછળ માણસ ગાંડો થઈ જાય. એટલો એને પ્રતિબંધ હોય કે ગાંડો થઈ જાય. એવા કિસ્સા જોયા છે, એવા કિસ્સા બને છે. આના નાના છે દાદા. એને જોયેલા. એને આ કેસ બનેલો. ૨૦૩૩ની સાલ હશે ઘણું કરીને. કલકત્તા દસલક્ષણ પર્યુષણમાં ગયો હતો. ૨૫-૩૦ વર્ષની નાની ઉંમર. મગજની અસ્થિરતા પણ રહેતી હતી. પછી કોઈ ઉપાડી ગયું ભગવાન જાણે. રાત્રે ૯-૧૦ વાગે પાન ખાવા નીચે ઉતર્યા. શ્રીમંત માણસ. પોતાનું બિલ્ડિંગ ચાર-પાંચ માળનો મોટો માળો છે. અત્યારે તો પછી એ લોકો બધા એ બિલ્ડિંગ વેચીને બધા ભાઈઓ જુદાં-જુદાં થઈ ગયા. એ વખતે તો એનું પોતાનું જ બિલ્ડિંગ હતું અને નીચે ગ્રાઉન્ડફ્લોર ઉપર એમની પોતાની પેઢી ચાલતી હતી. ઉપર રહેતા હતા. બાકીનું ભાડે આપ્યું હશે. મોટું બિલ્ડિંગ હતું. લઈ ગયા મને ત્યાં. એ છોકરો ખોવાઈ ગયો. ૨૦ ગાડીઓ રોકી હતી, ટેક્સી ને સગાસંબંધીઓની થઈને. કેટલી? ૨૦ ગાડીઓ ચારે કોર ફેરવતા હતા એને ગોતવા માટે રાત-દિવસ. ૨૦ ગાડી મૂકી હતી. ગાડીઓ તો ફરતી હતી પણ એનું મગજ એટલું બધું ફરી ગયું હતું (કે) ન ધંધામાં મન લાગે, પર્યુષણના દિવસો હતા તો ન સ્વાધ્યાયમાં

મન લાગે. (એક મુમુક્ષુ હતા) એ લોકો સગા થાય, એમના ભાગીદાર થાય. ઘણા વખતથી ભાગીદારીમાં ધંધો હતો. એટલે એ એને સ્વાધ્યાયમાં લઈ આવ્યા, મને ઘરે લઈ ગયા. કાંઈક એને સંભળાવો. પણ સાંભળવામાં ચિત્ત ઠેકાણે હોય તો સાંભળેને? સ્વાધ્યાયમાં આવે, ચિત્ત ઠેકાણે રહે નહિ અને સંભળાવા જાવ તો ચિત્ત ઠેકાણે રહે નહિ, ખાવાનું ભાવે નહિ, ઊંઘી શકે નહિ, ખાય શકે નહિ. એવી ઉદાસીનતા લાવવી પડે? છોકરો ખોવાઈ ગયો હોય તો ઉદાસીનતા લાવવી પડે? કાઢી જાય નહિ. લાવવી તો પડવાનો સવાલ નથી પણ મટાડી મટે નહિ. મટાડવાનો ઉપાય બીજા કરે. ઠીક. બેય કોર ઢોલકી વગાડે બીજા તો, કે છોકરો ખોવાઈ ગયો છે એટલે થાય જ ને માણસને. પાછું થાતું હોય એને મટાડવાનો ઉપાય કરે, ભાઈ તમે લાડવો ખાવ, તમે ફલાણું કરો, તમે આમ કરો, તમે આમ કરો, જરાક તમે ટીવી જોવો, જરાક તમે વ્યાખ્યાન સાંભળો, તમે મંદિર દર્શન કરો, તમે પૂજા કરો, તમે માળા ફેરવો. થાય તો ખરું જને પાછો એમ કહે અને મટાડવાનો ઉપાય કરે. બેય કોર બજાવે લોકો. દુનિયાનું તો દોરંગી છે.

એથી વધારે ઉદાસીનતા આવે. મારો પરમાત્મા ખોવાઈ ગયો છે. ઓલો તો છોકરો ખોવાઈ ગયો છે. આ તો મારો આત્મા જ ખોવાઈ ગયો છે, મારો જ આત્મા ખોવાઈ ગયો છે. અને લહેર કરે છો? દૂધપાક ખાવાનો મળે તો રાજી થઈ જા છો, બાસુંદી ખાવાને મળે તો રાજી થઈ જા છો. શું થઈ ગયું? પરમાત્મા ખોવાઈ ગયો છે એનું કાંઈ નથી? એ વખતે ઘરમાં મીઠાઈ ન બનાવે પછી કાંઈ. છોકરો ઘરમાં ખોવાઈ ગયો હોય અને બધા ચોધાર આંસુએ રોતા હોય ત્યાં કાંઈ મોહનથાળ અને મૈસુબ ન બનતો હોય ઘરમાં કાંઈ. બને? અહીં તો લહેર કરે. મન થાય જીવને. આમ આનંદ કરીએ, આમ મનને ઠીક રાખીએ, આમ મનને આનંદ કરીએ. પરમાત્મા ખોવાઈ ગયો છે. ઉદાસ... ઉદાસ... ઉદાસ પરિણામ ભજે. એવો એક તબક્કો આવ્યા પછી ભાવભાસન આવે છે. ભાવભાસન ક્યારે આવે? આમાં મિથ્યાત્વ ગળી જાય. આ અપૂર્વ જિજ્ઞાસામાં જે ઉદાસીનતા વધે એમાં મિથ્યાત્વ ગળી જાય પછી ભાવભાસન આવે. ભાવભાસન આવે ત્યારે મિથ્યાત્વ ઓર ગળી જાય પાછું. શું કહે છે?

મુમુક્ષ :- ભાઈશ્રી! પરિભ્રમણનો પણ આવો જ ભય લાગવો જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એના કરતા આ વધી જાય છે ઉદાસીનતા. ઉપરનું સ્ટેજ છેને. પરિભ્રમણનો ભય લાગે ત્યારે ઉદાસીનતા આવે, આત્માની ખોજ ચાલે ત્યારે પણ ઓર ઉદાસીનતા આવે.

'આત્માને ઓળખવો તે જ કરવાનું છે.' ભાષા સાવ સાદી અને હળવી લાગે.

ઓળખાણ આવી જ રીતે થાય છે. '**આ પ્રયત્ન કરવાનો છે. વિભાવ તરફ દૃષ્ટિ કરવાથી વિભાવ પર્યાય થઈ રહી છે તે છૂટીને શુદ્ધરૂપે પરિણમન થાય...**' પર્યાયબુદ્ધિ છૂટીને વિભાવની દૃષ્ટિ છૂટીને શુદ્ધરૂપે પરિણમન થાય. '**તે તેના સમ્યક્ સ્વભાવની પ્રગટતા છે...**' પરિણમનમાં શુદ્ધિ થઈ ત્યારે સ્વભાવ પણ સમ્યક્ થઈને પ્રગટ્યો. '**તે સ્વભાવ તેનું ઘર છે, રહેવાનું મૂળ સ્થાન છે.**' આત્માનો જે સ્વભાવ છે એ મૂળ સ્થાન છે. સ્થાતાનું સ્થાન. ત્યાં એવો શબ્દ છે સમયસારમાં. સ્થાતાનું સ્થાન છે. એ જ લીધું છે.

'**સમયસારમાં આવે છેને? કે જ્ઞાયકભાવ જ સ્થાતાનું સ્થાન છે,...**' સ્થાતા એટલે રહેનાર. '**રહેનારનું રહેઠાણ છે. અને તે સર્વસ્વ છે.**' પોતાનું સ્વરૂપ છે, જ્ઞાયકભાવ છે એ જ પોતાનું સર્વસ્વ છે. અનંત અનંત દિવ્યગુણોથી ભરેલો ખજાનો, ભંડાર તે જ્ઞાયકભાવ છે. અનંત ગુણરત્નોથી ખીચોખીચ ભરેલો છે. શબ્દ એક જ્ઞાયકભાવ છે. પણ અનંત અનંત દિવ્યગુણોથી છલોછલ ભરેલો એવો ભાવ તે જ્ઞાયકભાવ છે અને તે પોતાનું સર્વસ્વ છે. એક મજાનો સરસ હીરો હોય, ઝીણો ભલે હોય પણ બહુ સારો ચોખ્ખો હોય. ઈંગ્લિશ કટનો એમ કહેવાય. એ બજારની ભાષા છે. એ લોકોનો કટ એક સરખો હોય-યુનિફોર્મ. સાચવી-સાચવીને રાખે. એ રતન છે જરા સાચવજો. મોંઘુ રતન છે. રતનનું જતન કરે છે. આ ચૈતન્યનો ખજાનો, રત્નોનો ખજાનો છે. ચૈતન્યરત્ન છે એ તો અનંત રત્નોનો ખજાનો છે. એને મલિનતાથી બચાવવો. શેનાથી બચાવવો? મલિનતાથી એને બચાવવો. એવું જતન કરવું એમ વાત છે.

'**તે સર્વસ્વ છે.**' સર્વસ્વ કરીને એમ લેવું છે એને મલિનતાથી બચાવવો. '**પણ અજ્ઞાની, પોતાનો સ્વભાવ નથી, પોતાનું ઘર નથી, અર્થાત્ જે પરઘર છે, ત્યાં બહારમાં ચાલ્યો ગયો છે.**' પણ અજ્ઞાની બહારમાં ચાલ્યો ગયો છે. મૂળ વાક્ય એટલું છે. ક્યાં ક્યાં ચાલ્યો ગયો છે? કે પોતાનો સ્વભાવ નથી, પોતાનું ઘર નથી અને જે પરઘર છે ત્યાં ચાલ્યો ગયો છે. અજ્ઞાની પાસે કોમા મૂકો એટલે સીધું નીકળી જાય. પણ અજ્ઞાની બહારમાં ચાલ્યો ગયો છે. '**પોતાનો સ્વભાવ નથી, પોતાનું ઘર નથી અર્થાત્ જે પરઘર છે, ત્યાં બહારમાં ચાલ્યો ગયો છે.**' અને ચાલ્યો ગયો છે ત્યાં રાચે છે પાછો જઈને. ત્યાં રાચે છે અને ત્યાં નાચે છે. નવાઈ લાગે.

છોકરાના લગન હોય, પોતે મોટી ઉંમરનો હોય પણ છોકરાના લગનમાં નાચવા માંડે. જોયું છે કે નથી? બને છે કે નહિ? અમથા કોઈ એમ કહે કે તમે જરાક નાચોને. ભાઈસાહેબ આ ઉંમરે કાંઈ હવે સારા ન લાગીએ. એમ કહે. મોટી ઉંમરનો હોય અને કોઈ એમ કહે તમે જરા નાચ કરોને. તો કહે શું વાત કરો છો ભાઈસાહેબ!

મશ્કરી કરો છો તમે! આ ઉંમરે કાંઈ અમે સારા લાગીએ, પણ છોકરાના લગન હોય તો નાચે છે. રસ્તા ઉપર પાછા, ઘરમાં પણ નહિ. આ બધું નજરે જોયું છે. અમારે એક રિલેટીવ છે. આમ સામાજિક રીતે હાયર ડિગ્રીટીમાં દેખાતા હોય, ગંભીર રહેતા હોય, બધાની સાથે બહુ ઓછું બોલે, હળે મળે ઓછું, મિક્સ થાય ઓછું. હાઈ ડિગ્રીટીવાળા માણસનું તો એવું હોયને. એના છોકરાના લગન હતા તો રસ્તા ઉપર નાચતા હતા. નવાઈ લાગે કે આને વળી આ ક્યાંથી હોંશ ચડી ગઈ? એ પરઘરમાં જઈને આ બધો પ્રકાર આવે છે. સ્વરૂપને ભૂલી ગયો છે અને પરઘરમાં જઈને રાચે છે અને નાચે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એ લોકોને તો તત્ત્વ નથી મળ્યું તોપણ નાચે છે. અમે તો મુમુક્ષુને જોયા છે મોટી ઉંમરના.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ તો બધો લૌકિક ભાવ. અત્યારે મુમુક્ષુ તો બધા કહેવાના-નામમાત્ર છે. મંદિર આવે એટલે આપણે બધા મુમુક્ષુ કહીએ. બાકી તો નામમાત્ર છે. કાંઈ ઠેકાણા હોતા નથી.

'ચૈતન્યનું સ્વામિત્વ ચૈતન્યમાં છે,...' એટલો મહિમા છે બહારનો. બહારમાં ચાલ્યો ગયો છે એટલે શું છે કે એટલો જીવને બહારનો મહિમા છે, સંયોગનો મહિમા છે, પ્રસંગનો મહિમા છે કે અમારા ઘરે આવા અવસર આવ્યા. હવે એ બધા પરિણામ સાવ અધોગતિમાં જવાના છે. એ જેટલા હોંશ કરીને રાચે-નાચે એ બધા પરિણામ અધોગતિમાં જવાના છે. ખબર નથી. પોતે નુકસાન કરે, હાથે કરીને પગ ઉપર કુહાડો મારે અને રાજી થાય.

મુમુક્ષુ :- ગાંડપણના સનેપાત કીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગુરુદેવ સનેપાત કહેતા હતા કે એને સનેપાત થયો છે. રીતસર ગુરુદેવ તો એમ જ કહેતા કે આને સનેપાત થયો છે. ચોખ્ખું જ્ઞાનીની દૃષ્ટિમાં એમ છે. ગુરુદેવ એટલે જ્ઞાની કહેતા હતા એનો અર્થ કે જ્ઞાનીની દૃષ્ટિમાં એમ છે કે એ એને સનેપાતિયો છે એમ જોવે છે.

મુમુક્ષુ :- કૂતરાને લઈને નીકળે છે તો એ...

પૂજ્ય ભાઈશ્રી :- ઠંડીમાં. એનો છોકરો પાંચ વાગ્યામાં એમ કહે કે ચાલ તું મને બહાર લઈ જા. તો કહે, અત્યારે નહિ, સૂઈ જા. ગાંડપણ તો એવું કાંઈ થોડું ગાંડપણ નથી. બાપ છોકરાને લઈ જાય નહિ અને છોકરો બાપને લઈ જાય નહિ. કહે અત્યારમાં ન હોય, ટાઢ છે. નિરાંત રાખો. એવું છે. અત્યારે તો છોકરાને ઉઠાડાય નહિ. મોડા ઉઠતા હોય તો વહેલા ઉઠાડાય પણ નહિ. એવું છે.

'ચૈતન્યનું સ્વામિત્વ ચૈતન્યમાં છે, છતાં પરનું સ્વામિત્વ અજ્ઞાન અવસ્થાથી માન્યું છે.' ચૈતન્યનું સ્વામિત્વ તો ચૈતન્યમાં છે. પોતાની નિધિને ભૂલ્યો છે. તાત્પર્ય એ છે કે જીવ પોતાની ચૈતન્યનિધિને ભૂલ્યો છે. ભગવાન ધ્યાનસ્થ અવસ્થામાં રહીને પણ ચૈતન્યનિધિ દર્શાવે છે. જે પોતાની ચૈતન્યનિધિ દર્શાવે છે, જોવે છે એ ભગવાનને એમ કહે છે કે અરે! આપે અમને અમારી ચૈતન્યનિધિ આપી. આપે અમને નિધાન, ચૈતન્યના નિધાન આપ્યા એમ કહે. એવો ધ્વનિ કરે છે. **'ચૈતન્યનું સ્વામિત્વ ચૈતન્યમાં છે, છતાં પરનું સ્વામિત્વ અજ્ઞાન અવસ્થાથી માન્યું છે.'** પોતાનું સ્વામિત્વ છોડી દીધું છે અને પરનું સ્વામિત્વ અજ્ઞાન અવસ્થાથી માન્યું છે.

'પરનું કરી શકું એમ માનવું તે અજ્ઞાનતા છે.' પરનું કરી શકું એમ માનવું એ અજ્ઞાનતા છે. એમાં સ્વામિત્વ આવી જાય છે. પરનું કરી શકું એમાં પરનું સ્વામિત્વ આવી જાય છે. એટલે સમયસારમાં તો એ મુખ્ય ન્યાય છે કર્તા-કર્મ અધિકારનો કે કર્તૃત્વ છે ત્યાં એકત્વ છે અને એકત્વ છે ત્યાં કર્તૃત્વ છે. કર્તાકર્મપણું અભેદતામાં હોય. એ છઠ્ઠી ગાથામાં એ પાયો નાખ્યો છે. કર્તાકર્મપણું જ્યાં અભેદતા સાધી હોય ત્યાં જ હોય, એકત્વબુદ્ધિએ જ હોય. એટલે સ્વદ્રવ્યમાં કર્તાકર્મપણું કેમ છે? કે ત્યાં તો અભેદ છે. પર સાથે અભેદ નહિ હોવા છતાં કર્તાપણું તે એકત્વ છે એ મિથ્યાત્વ છે. કેમકે એ વસ્તુસ્થિતિ નથી. એટલે કરી શકતો નથી છતાં કરી શકું એમ માનવું તે અજ્ઞાનતા છે અથવા તો મિથ્યાત્વ છે.

'તે પરનું કરી શકતો નથી અને પરનું કરવા મથી રહ્યો છે.' વસ્તુતાએ કરી શકતો નથી. મથી મથીને મથે તોપણ કરી શકવાનો નથી. એ મથામણમાં એને આકુળતા ઊભી થાય છે અને દુઃખ ઊભું થાય છે અને ખોટી મથામણ હોવાથી ઘણી આકુળતા થાય છે. વળી એને એક કાર્ય નથી કરવું. અનંતા પરમાણુનું, અનંતા દ્રવ્યનું કાર્ય કરવું છે, અનંતા જીવોનું કાર્ય કરવું છે. ઓલા ભાઈ કહેતા હતાને કે અમે પરની સેવા કરીએ એમાં શું વાંધો? કે કર્તૃત્વ દઢ થાય એનું શું? મિથ્યાત્વ દઢ થાય એનું શું? હું કરી શકું છું, બીજાનું ભલું હું કરી શકું છું. મિથ્યાત્વ દઢ થશે. એને મોક્ષ શું કરવા ન મળે? મોક્ષ ન મળે. મિથ્યાત્વ દઢ થાય એટલે અધોગતિમાં જાય. પ્રશ્ન એ કરતા હતા કે એને મોક્ષ શું કરવા ન મળે? મધર ટેરેસાને મોક્ષ શું કરવા ન મળે? મિથ્યાત્વ દઢ થાય એને. મિથ્યાત્વ દઢ થાય એ ક્યાં જાય? અધોગતિમાં જાય. મોક્ષનો માર્ગ લોકો સમજે એવો નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એને આમ શુભભાવમાં જ જાય સેવા જે કરે...?

પૂજ્ય ભાઈશ્રી :- શુભભાવમાં જાય એટલે એકાદ ભવ સારો મળે. પછી

ઓહો..હો..! એ જે દઢ કર્યું છે એને છોડાવવું આકરું પડી જાય. છોડાવવું બહુ આકરું પડી જાય. મોટી મુસીબત તો એ છે. એકાદ ભવ કાંઈક સગવડતાવાળો મળે, દેવનો ભવ મળે કે શ્રીમંતાઈનો, રાજા થાય કે ગમે તે થાય. શું પણ હવે, એ ચાર દિ'ની ચાંદની નથી, પાછું ઘોર અંધારું થઈ જાય.

મુમુક્ષુ :- જ્ઞાની તો એમ જ કહે છે કે એ ભવ બગાડે છે. અજ્ઞાની કહે છે કે એકાદ ભવ સારો મળે, પણ જ્ઞાની તો એમ જ કહે કે ભવ બગાડી રહ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એણે ભવ બગાડ્યો છે અને બીજા કેટલા બગાડશે એનો હિસાબ નથી. એમ છે. અહીં સુધી રાખીએ.

તા. ૯-૨-૧૯૯૭, પ્રશ્ન-૧૨૯,૧૩૦
પ્રવચન નં. ૮૫

સ્વાનુભૂતિદર્શન પાનું-૯૩. ૧૨૯મું વચનામૃત ચાલે છે. પેરેગ્રાફથી. '**ચૈતન્યનું સ્વામિત્વ ચૈતન્યમાં છે,...**' માર્ગદર્શન માંગ્યું છે. એમ કહ્યું કે તત્ત્વનું ચિંતવન કરે, શાસ્ત્ર અભ્યાસ કરે, દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા કરે અને આત્મકલ્યાણના ધ્યેયપૂર્વક કરે. એ બધી પ્રવૃત્તિ એકમાત્ર આત્મકલ્યાણના ધ્યેયપૂર્વક કરે. અને જે પોતાની સ્વભાવદશા પ્રગટ નથી થઈ એ દશા પ્રગટ કરવાની છે. બાહ્ય પરિણામોને રોકીને અંતર્મુખ થવાનું છે.

આગળ કહે છે કે '**ચૈતન્યનું સ્વામિત્વ ચૈતન્યમાં છે, છતાં પરનું સ્વામિત્વ અજ્ઞાન અવસ્થાથી માન્યું છે.**' પોતે પોતામાં છે, પોતાનું અસ્તિત્વ પોતામાં છે છતાં કલ્પના કરીને બીજા પદાર્થો ઉપર અધિકાર સ્થાપ્યો છે. એણે પોતાપણું કર્યું છે. એકત્વ કર્યું હોવાથી પરનું કરી શકું છું એમ પણ માન્યું છે. '**તે અજ્ઞાનતા છે.**' પછી પોતાનું છે અને જ્યાં પોતાપણું એને લાગે છે ત્યાં એ કાર્ય કરી શકું છું એવું પણ અજ્ઞાનપણે માન્યું છે. વાસ્તવિકતાએ કોઈ પરના કાર્ય આત્મા કરી શકતો નથી. ભાવ કરે છે. અજ્ઞાનભાવ કરે કે જ્ઞાનભાવ કરે પણ ભાવ કરે છે. ભાવ કરવાથી

આગળ કોઈ કાર્યક્ષેત્રની મર્યાદા નથી.

'પરનું કરી શકું એમ માનવું તે અજ્ઞાનતા છે. તે પરનું કરી શકતો નથી અને પરનું કરવા મથી રહ્યો છે.' કરી શકતો નથી છતાં કરવા માટેનો પરાણે પ્રયત્ન કરે છે. એમાંથી આકુળતા ઊભી થાય છે. કરી શકતો નથી છતાં કરવા જાય અને નિષ્ફળતા મળે ત્યારે વધારે ખેદખિન્ન થાય, વધારે આકુળતા થાય. સફળતા મળે ત્યારે મિથ્યાત્વને દઢ કરે કે હું કરી શકું છું. જુઓ! હું કરી શકું છું એટલે મેં કર્યું. **'પોતે ચૈતન્ય તરફ દષ્ટિ કરે તો પોતે પોતાનું કરી શકે છે.'** પોતાને જોવે તો પોતાના પરિણામ કરી શકે છે, એથી વધારે કાંઈ કરી શકતો નથી. **'પોતાની પર્યાય શુદ્ધરૂપે પરિણમે તે પોતે કરી શકે છે.'**

મુમુક્ષુ :- પોતાના પરિણામ કરી શકે છે એટલે પોતે પોતાને જોઈને પરિણમી શકે છે પોતામાં?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચૈતન્ય તરફ દષ્ટિ કરે એટલે પોતાની દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદા સમજે તો પોતાના અસ્તિત્વમાં પોતાની કાર્યક્ષેત્રની મર્યાદા સમાપ્ત થઈ જાય છે. સ્વભાવથી જોવે તો શુદ્ધ પરિણમે એવું જ કરી શકે છે. સ્વભાવથી તો અશુદ્ધ પરિણમન કરી શકાય એવું દેખાય નહિ. સ્વભાવ જુઓ તો એમાં દેખાય એવું નથી કે અશુદ્ધ પરિણમન પણ સ્વભાવ દ્વારા કરી શકાય. સ્વભાવ વડે તો શુદ્ધ પરિણમે તેટલું જ પોતે કરી શકે છે. તો કહે, અશુદ્ધ પરિણમે છે. તો કહે છે, એ ભૂલીને પરિણમે છે, એવા સ્વભાવને ભૂલીને પરિણમે છે.

'આ બધું પરઘર છે...' બીજાનું ઘર છે. **'એનાથી ભેદજ્ઞાન કરીને પોતાના સ્વભાવમાં દષ્ટિ સ્થાપે અને શુદ્ધ સ્વભાવમાંથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય તે કરવાનું છે.'** આ માર્ગદર્શન આપ્યું. બધું પર છે. તેનાથી ભેદજ્ઞાન કરે અને સ્વભાવમાં દષ્ટિ સ્થાપે. એટલે પોતાનું અસ્તિત્વ જ્યાં છે ત્યાં અસ્તિત્વ ગ્રહણ કરે. અને શુદ્ધ સ્વરૂપમાંથી શુદ્ધ પર્યાય પ્રગટે એટલું કરવાનું છે. ત્યાં સુધી કાર્ય કરવાનું છે, એ કરવું જોઈએ. **'આચાર્યદેવ કહે છે કે અહીં આવ... અહીં આવ... આ તારું રહેવાનું રહેઠાણ છે. આ તારું પદ છે.'** આચાર્યદેવ તો બોલાવે છે. અહીં આવ એટલે તારા સ્વરૂપમાં આવ એમ કહે છે. તારું રહેવાનું રહેઠાણ તો તારું સ્વરૂપ છે. એને ભૂલીને, એને છોડીને બીજે માન્યું છે કે આ મારું ઘર. એ ભૂલ્યો છે.

મુમુક્ષુ :- આચાર્ય મહારાજને કરુણા આવી.

પૂજ્ય ભાઈશ્રી :- કરુણા છે. નહિતર એ તો બધું છોડીને નીકળ્યા છે. સર્વસંગ પરિત્યાગ કર્યો છે. તોપણ જગતના દુઃખી જીવો પ્રત્યે કરુણાભાવ રહી ગયો છે

તો જંગલમાં બેઠા બેઠા પણ શાસ્ત્ર લખી જાય છે. નિઃસ્પૃહ એટલા છે કે પાનું લખ્યું, તાડપત્ર ઉપર લખ્યું એ ત્યાં છોડીને વયા જાય. ધર્મલોભી જીવો, શ્રાવકો એ પછી બધું એકઠું કરે. અને એવું કરવા માટે એ વાંહે વાંહે ફરે ઘર છોડીને જંગલમાં. એવા એક જમાનામાં ગરજવાન જીવો હતા. આત્મકલ્યાણની એવી ગરજવાળા હતા. મુનિઓ જંગલમાં ફરતા હોય એની વાંહે વાંહે ફરે. આ કીધા વગર ક્યાંય વયા જાય. પાછા ગોતવા નીકળે. પર્વતમાં, ગુફામાં, સ્મશાનમાં ગોતી પાડે પાછા. અને ક્યાંય લખ્યું હોય, પડ્યું હોય એ ભેગું કરી લે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! શાસ્ત્ર લખીને સાથે ન રાખે એ પાના?

પૂજ્ય ભાઈશ્રી :- ના, ના. એ મૂકીને વયા જાય છે. વિકલ્પ આવ્યો, લખીને વયા જાય છે.

મુમુક્ષુ :- સમયસાર ને એ બધું એવી જ રીતે ભેગું થયું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં તો શું છે કે કુંદકુંદાચાર્ય રહ્યા છે. પોન્નુરહીલ વગેરે ક્ષેત્રમાં રહ્યા છે. એ ચોમાસુ રહે ત્યારે એક ઠેકાણે હોય. એક ઠેકાણે હોય ત્યારે આવવા-જવાની પ્રવૃત્તિનો ટાઈમ બગડે નહિ. નહિતર તો આવવા-જવામાં જે ટાઈમ જાય એ ટાઈમમાં તો કાંઈ ચાલતા-ચાલતા તો લખાય નહિ. એટલે સ્થિર જ્યાં હોય ત્યાં એવું કામ વિશેષ હોય છે. સ્થિર હોય ત્યાં એ પ્રકારે જો ઉપયોગ ચાલી ગયો તો શાસ્ત્ર લખાઈ જાય.

મુમુક્ષુ :- શેનાથી લખે ભાઈશ્રી?

પૂજ્ય ભાઈશ્રી :- એ કાંટો હોય. કાંટા હોયને? તાડપત્ર અને કાંટો. એનાથી લખી નાખે. કાંટાથી આમ લખે એટલે અંદર ઘીસી પડી જાય. અક્ષરની ઘીસી પડી જાય. એ જાય નહિ. હજારો વર્ષ સુધી જાય નહિ. કાગળ ફાટી જાય, કાગળ ઉપરની શાહી ઘસાઈ જાય કે ઊડી જાય. આની ડ્યુરેબિલીટી બોન્ડ પેપર કરતા વધારે છે. મકાનના દસ્તાવેજો માટે જે બોન્ડ પેપર વપરાય છે એનું આયુષ્ય ૨૦૦ વર્ષનું ગણાય છે. ૨૦૦ વર્ષે એ પણ ખરાબ એટલો થઈ જાય છે કે સાચવવો મુશ્કેલ પડે. અને થોડુંક આ પ્લાસ્ટિક નીકળ્યું છે એટલે પ્લાસ્ટિકની અંદર રાખી દે. નહિતર તો ફોલ્ડ કરે એટલે ખલાસ. આ તાડપત્રને ફોલ્ડ કરવામાં આવતા નથી. એને કાણા પાડીને એમ ને એમ બે પૂંઠા વચ્ચે મૂકી દે. એટલે એને વાળવાના હોતા નથી અને એમાં જે અણિદાર કાંટાથી લખ્યું હોય એ અંદર ખોદાઈ ગયા જેવું હોય. જેમ આરસમાં ખોદાઈ તો એ જાય નહિ એવી રીતે. હજારો વર્ષ સુધી ચાલે છે. બબ્બે હજારના શાસ્ત્રો અત્યારે મોજૂદ છે.

મુમુક્ષુ :- સમયસાર આદિ એ બધું મોજૂદ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા મોજૂદ છે. એ કહે છે કે દક્ષિણમાં મૂડબિદ્રીમાં, શ્રવણબેલગોલામાં બધે મોજૂદ છે. હવે તો ત્યાં તાડપત્રો ઉપર લખાય છે. હજી પણ શાસ્ત્રો લખે છે લોકો તાડ ઉપર લખે છે. હવે તો લખવાના એના ખીતા સ્પેશ્યલ બનાવડાવે છે. આગળ લોખંડના. લોખંડની કલમ જેને કહીએ શાહી વગેરેની, એનાથી ભીંસ દઈને લખે એટલે ખાડો પડી જાય.

'આચાર્ય દેવ કહે છે કે...' 'આ તારું પદ છે. બીજું બધું અપદ છે.' તારા માટે અપદ છે, તારું પદ જ નથી. આપણે એમ કહીએને કે મારું પણ કોઈ સ્થાન છે, મારું પદ છે. તો કહે છે, તું આત્મા છો એટલું તારું પદ છે અને આત્માપણે પરમાત્મા છો એવું તારું પદ છે. હવે બીજું કયુ પદ તારે જોઈએ છે? જગતના બધા પદ છે એ બધા નીચપદ છે. પરમાત્મપદ પાસે નીચપદ છે. આ એટલું ઉચ્ચપદ છે. હવે બીજા પદ માટે શું કરવા તું ફાંફાં મારે છો?

'બીજું બધું અપદ છે. પોતાનું પદ તો ચૈતન્યપદ છે, તેમાં તું આવ.' તેમાં તું આવ એટલે એનો સ્વીકાર કર. બાકી તો છે ઈ તો છે. પણ સ્વીકાર નથી તો હોવા છતાં નહિ હોવા બરાબર છે. **'તારે તે કરવાનું છે.'** તારે તે કરવાનું છે. તારો સ્વીકાર કરવાનો છે. તારા નિજપદનો સ્વીકાર કરવાનો છે. જેવું તારું નિજપદ સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં જોયું છે એવું તું ઓળખ, ઓળખીને સ્વીકાર કર, સ્વીકાર કરીને એકાગ્ર થા. એટલે એમાં રહે. એકાગ્ર થા એટલે એમાં રહે. એને છોડીને તારા પરિણામ બીજે ન જાવ.

મુમુક્ષુ :- શૈલી કેટલી સરસ આવી છે!

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો બહુ જ પ્રેમથી બોલાવ્યો છે. સમયસારમાં આ વિષય લીધો છે. જીવને બહુ પ્રેમથી બોલાવ્યો છે. ભાઈ! તું આવ, અહીંયાં આવ, અહીંયાં આવ. તારું આ પદ છે. બાકી બધું તારું અપદ છે. મફતનો દુઃખી થા છો.

મુમુક્ષુ :- સાગમટે નોતરું આપ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજા કોઈ જીવને એમ નથી કીધું કે તારા માટે આ વાત છે અને આને માટે આ નથી. એવો વેરોવંચો રાખ્યો નથી. કોઈપણ જીવ માટે. જે આ ભાવને આદર કરે એ બધાને લાગુ પડે છે.

'બહારની વિભાવની પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ નિવૃત્તસ્વરૂપ આત્મામાં જ પરિણતિ પ્રગટ કરવા જેવી છે.' બધી વિભાવની પ્રવૃત્તિથી તું નિવૃત્ત થઈ જા, છોડી દે એ બધી પ્રવૃત્તિ. તું પોતે નિવૃત્તસ્વરૂપ છો. પરની પ્રવૃત્તિથી રહિત છો. એ આત્મામાં

જ પરિણતિ પ્રગટ કરવા જેવી છે. સ્વરૂપમય, સ્વરૂપાકાર દશા પ્રગટ કરવા જેવી છે. '**પોતામાં જ પરિણતિ કરવી અને પર સાથેની પ્રવૃત્તિ તોડવી તે જીવનમાં કરવાનું છે.**' શું? જીવનમાં આ કરવાનું છે. આની મુખ્યતા આવવી જોઈએ. '**પોતામાં જ પરિણતિ કરવી...**' અંતર્મુખ થઈને અંદર સમાઈ જવું એમ કહે છે. અને '**પર સાથેની પ્રવૃત્તિ તોડવી...**' જે કરી રહ્યો છે એ મૂકી દેવી. '**તે જીવનમાં કરવાનું છે. તેને માટે શાસ્ત્રાભ્યાસ,...**' શાસ્ત્રનું જાણપણું કરવા માટે નહિ, '**તેને માટે શાસ્ત્રાભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવવી જોઈએ.**' અને એવું બતાવનારા છે માટે એની મહિમા આવવી જોઈએ. ગુરુ પણ એ બતાવનારા છે.

'**ચૈતન્યની પરિણતિ કેમ પ્રગટ થાય? શુદ્ધાત્મા તરફ લક્ષ કરીને દ્રવ્યદૃષ્ટિ કેમ પ્રગટ થાય?**' જુઓ, એ કર્મ લીધું. '**શુદ્ધાત્મા તરફ લક્ષ કરીને દ્રવ્યદૃષ્ટિ કેમ પ્રગટ થાય?**' લક્ષ જ્ઞાનની પર્યાય છે. '**અનુભૂતિ કેમ થાય?**' સ્વાનુભવ. '**તે કરવા જેવું છે.**' ચૈતન્યમય ચૈતન્યરૂપે પરિણતિ પ્રગટ થાય, દૃષ્ટિ પ્રગટ થાય, અનુભૂતિ પ્રગટ થાય. પરિણતિમાં બધા આવી જાય છે. તે કરવા જેવું છે અને '**તે જીવનનું ખરું કર્તવ્ય છે.**' બાકી તો બધું દુઃખી થવા માટેનું પરિણમન છે. આ સુખી થવાનું ખરું કર્તવ્ય આ પ્રકારનું છે. એ માર્ગદર્શનનો વિષય ચાલ્યો. ૧૨૯ થયો.

પ્રશ્ન-૧૩૦

પ્રશ્ન :- એક સમયની એક પર્યાયમાં ત્રણકાળની પર્યાયને જાણવાનું સામર્થ્ય કેવી રીતે હોય તે સમજાવવા વિનંતી છે.

સમાધાન :- જ્ઞાનની અસાધારણ શક્તિ છે. પૂર્ણ વીતરાગતા જ્યાં પ્રગટ થઇ ત્યાં નિર્મળ કેવળજ્ઞાન પ્રગટ થયું. તે પર્યાય એક સમયની હો, પણ તેની શક્તિ અનંત છે. તે અનંતતામાં શું ન જણાય? તેને ભૂતકાળ-વર્તમાન કે ભવિષ્યકાળની અપેક્ષા રહેતી નથી. વર્તમાન પર્યાયમાં ત્રણે કાળ આવી જાય છે. ત્રણેય કાળ ભિન્ન-ભિન્ન નથી જોવા પડતા. ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં જઇને જોવું નથી પડતું, પણ વર્તમાનવત્ બધાને જાણી લે છે. તે પર્યાયમાં મર્યાદિત શક્તિ હોય તો તે પૂર્ણ જ્ઞાન જ નથી. કેવળજ્ઞાનની દરેક પર્યાયમાં જાણવાની પૂર્ણ શક્તિ હોય છે. ૧૩૦.

પ્રશ્ન ૧૩૦ ઉપર પ્રવચન

૧૩૦. **'એક સમયની એક પર્યાયમાં ત્રણ કાળની પર્યાયને જાણવાનું સામર્થ્ય કેવી રીતે હોય તે સમજાવવા વિનંતી છે.'** ચર્ચા ચાલી હશે. એક સમયની પર્યાય ત્રણ કાળની પર્યાયને જાણી લે છે. એ પ્રશ્ન ઉઠાવીને વાત મૂકી. આવું સામર્થ્ય કેવી રીતે હોય છે? આકાશમાં જોવે અમાસની રાતે, કેટલા તારા દેખાય? ગણવા બેસે તો ગણ્યા ગણાય નહિ એટલા. કેટલા એરિયામાં દેખાય છે? ચણાની દાળ જેટલા. જેને આંખનો પડદો કહે છે એનું ક્ષેત્ર એટલું જ છે, ચણાની દાળ જેટલું. કેટલા તારા દેખાય છે? અસંખ્ય તારા, અસંખ્ય યોજન દૂર છે એટલા. દૂર છે તોપણ દેખાય છે. આ સામર્થ્ય છે, જાણવાનું આ સામર્થ્ય છે.

મુમુક્ષુ :- ક્યાંય ગયા વગર.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંય ગયા વગર અને કોઈપણ જાતની ઉપાધિ કર્યા વગર જાણવાનું સામર્થ્ય છે. કાંઈપણ ચાર્જ દીધા વગર. બીજે તો તમે જાવ તો ભાઈ આ જોવાના પૈસા, આ જોવાના પૈસા. જગતના પદાર્થોમાં તો એવું છે. અંદરની અંદરમાં ઉપાદાનની શક્તિ છે આ તો.

મુમુક્ષુ :- ત્યાં તો પૈસા દઈને ઉપાધિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

'સમાધાન :- જ્ઞાનની અસાધારણ શક્તિ છે.' જુઓ, સમાધાનમાં લીધું છે. **'જ્ઞાનની અસાધારણ શક્તિ છે.'** અચિંત્ય શક્તિ છે આમ જુઓ તો. આ તો કહેવાય છે એ થોડું-ઘણું કહેવાય છે સંકેતમાત્રપણે. એક ગુણની એક શક્તિની પૂરી વાત કરવા કોઈ સમર્થ નથી. જો પૂરી વાત કરવા કોઈ સમર્થ હોય તો એ શક્તિનો અંત આવી જાય છે. કોઈ સમર્થ નથી. ત્યારે ભગવાને એમ કહ્યું કે આવી જે જ્ઞાનશક્તિ છે એ તને સમજાય એવી છે થોડા દાખલા ઉપરથી. જો ભાઈ, આટલા આ ક્ષેત્રની અંદર અસંખ્ય યોજનના અસંખ્ય પદાર્થો એકસાથે જાણવામાં આવે છે. અહીં બેઠો બેઠો એનું માપ કાઢે. આટલા લાખ યોજન, આટલા કરોડ યોજન દૂર છે, આટલું મોટું ક્ષેત્ર છે. આ તો વિભાવજ્ઞાનનું સેમ્પલ છે. કેટલું? સ્વભાવજ્ઞાનનું તો કહી શકાય એવું નથી અને શક્તિનું પણ કહી શકાય એવું નથી. એટલા માટે. કહી શકાય નહિ,

ચિંતવન પણ કરી શકાય એવું નથી. એટલે એને અચિંત્ય કહે છે. એ વાત તો જ્ઞાનના નમૂનાથી થઈ. પણ જીવને પ્રયોજન સુખ-શાંતિનું છે. તો એ પણ તારી શક્તિ છે. સુખ પણ તારી શક્તિ છે, અનાકુળતારૂપ છે. એનો સેમ્પલ કેવો છે? અનાકુળતારૂપ છે. અને શાંતિ પણ તારી શક્તિ છે. એ કેટલી છે? કે એને જો તું જોવા જા તો અંતે થંભી જા એવું છે. ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે... તારે એટલું જાવું પડે અને તોપણ તળિયું હાથમાં આવે નહિ. અંદર થંભી જવાય એવું છે. એવું તારું સ્વરૂપ છે એમ કહે છે. પોતાનું આ સ્વરૂપ એવું છે.

'જ્ઞાનની અસાધારણ શક્તિ છે. પૂર્ણ વીતરાગતા જ્યાં પ્રગટ થઈ ત્યાં નિર્મળ કેવળજ્ઞાન પ્રગટ થયું.' જ્યાં રાગનો અનંતમા ભાગે પણ કોઈ એક કણ ન રહ્યો એટલી નિર્મળતા થઈ દશામાં તો જ્ઞાન પણ પૂરેપૂરું પ્રગટ થઈ ગયું. તે પર્યાય ભલે એક સમયની હો. પર્યાય તો બધી એક સમયની જ છે, બીજા સમયે બીજી છે. **'તે પર્યાય ભલે એક સમયની હો, પણ તેની શક્તિ અનંત છે.'** જેમ અગ્નિના કણિયામાં બાળવાની શક્તિ અનંત છે એમ શક્તિ આમાં અનંત છે. એક સમયની પર્યાયમાં કેટલી શક્તિ છે? કે પાર નથી એટલી શક્તિ છે. **'તેની શક્તિ અનંત છે. તે અનંતતામાં શું ન જણાય?'** એમ કહે છે. કેટલું જણાય એ પ્રશ્ન જ નથી. શું ન જણાય એ બોલ. કાંઈ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- બધું કોળિયો કરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- બધું કોળિયો કરી જાય. લોકાલોકનો કોળિયો કરી જાય અને એવા અનંતા લોકાલોક હોય તોપણ કોળિયો કરી જાય. અને પાછો ઊભો રહે કે લાવ હજી છે કાંઈ? હોય તો લાવ. એટલી કોઈ હદ વગરની શક્તિ છે. એક-એક શક્તિ એટલી હદ વગરની છે. ગુરુદેવ શક્તિનું વર્ણન પ્રવચનમાં કરતાં-કરતાં એકવાર બોલેલા કે આમાંથી બહાર નીકળાતું નથી. એક શક્તિ ઉપર એક કલાક ચાલે, પાછું કોઈ વખત બીજે દિવસે ઈ જ શક્તિ ઉપર બીજી એક કલાક ચાલી જાય. એક વાક્ય લખ્યું, અમૃતચંદ્રાચાર્યે તો એક વાક્ય લખ્યું. પોતાને એટલું રુચે, એટલો મહિમા આવે. આમાંથી બહાર નીકળાતું નથી એમ કહે. વાંચનમાં આગળ નથી ચાલવાનું થાતું. તો પછી કોઈ કહે કે સાહેબ! પણ બે કલાક થયા એક શક્તિ ઉપર. તો કહે પણ આમાં બે કલાક શું પૂરું જ પડે એવું નથી. શક્તિમાં એટલું બધું ભર્યું છે કે કહેવા બેસે તો પૂરું જ પડે એવું નથી. એટલે એમ કહેતા હતા કે જ્ઞાનમાં જેટલું આવે છે એટલું કાંઈ વિચારમાં આવે નહિ. કૃપાળુદેવે શૈલીથી જરા લખ્યું કે જ્ઞાનમાં પદાર્થ જેટલો સમજાય છે તેટલું મન જાણતું નથી. જોકે મન પણ એક

જ્ઞાનનો ક્ષયોપશમભાવ છે. તો કહે, એટલું મન નથી જાણતું. તમે તો કહો છો કે જ્ઞાનમાં જણાયું. અને મન જાણતું નથી. તો કહે, જે જ્ઞાનમાં જણાયું એ બીજું જ્ઞાન અને મન જાણે છે એ બીજું જ્ઞાન. મન બહિર્મુખભાવે જાણે છે અને અમે જાણ્યું તે અંતર્મુખ જ્ઞાને જાણ્યું. એમ કહે છે. અંતર્મુખ જ્ઞાને જે પદાર્થનું સ્વરૂપ જાણ્યું એ મનમાં સમાવેશ ન પામે. તેથી તેને અચિંત્ય કહેવામાં આવ્યું છે. મન તો ચિંતવે. એ તો મર્યાદિત વાત આવે. ચિંતવનમાં પણ મર્યાદિત આવે, જ્ઞાનમાં એટલું અમર્યાદિત આવે છે.

મુમુક્ષુ :- ગુરુદેવ તો શ્રુતનો દરિયો હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમને ઘણું શ્રુત પ્રગટ થયેલું અને મહિમા એમ જ કરે બધા. પણ પોતે શું કહે? કે હજી તો અનંતુ બાકી છે. આ તો હજી કાંઈ નથી એમ કહે. આ તો હજી કાંઈ નથી. પોતે એમ કહે. બીજા મહિમા કરે. શ્રુતનો દરિયો ઉછળે છે. ગુરુદેવને તો અંદરમાં શ્રુતજ્ઞાનના દરિયા ઉછળ્યા છે એમ કહે. નીકળ્યું છે ઘણું. દરેકની દષ્ટિ જુદી જુદી હોય છે.

'પર્યાય એક સમયની હો, પણ તેની શક્તિ અનંત છે. તે અનંતતામાં શું ન જણાય? તેને ભૂતકાળ-વર્તમાન કે ભવિષ્યકાળની અપેક્ષા રહેતી નથી.' ઠીક! કેવી રીતે? કે એકસાથે બધું જણાય છે. તમે ઘડિયાળ સામું જોયું ડાયલ સામું તો બારે બાર આંકડા એક સાથે જોયા. એમાં મેં આટલો ભૂતકાળ જાણ્યો અને આટલો ભવિષ્યકાળ જાણ્યો એવી અપેક્ષા નથી. વર્તમાનવત્ ત્રણ કાળ એક સાથે જણાય છે એક પડદા ઉપર. બહુ સરસ વાત લીધી છે. એ કેવળજ્ઞાનને **'ભૂતકાળ-વર્તમાન કે ભવિષ્યકાળની અપેક્ષા રહેતી નથી.'** આટલો ભૂતકાળ અને આટલો ભવિષ્યકાળ એ અપેક્ષા નથી. એકસાથે બધું યુગપદ્ વર્તમાનવત્ જાણે છે. એવું સામર્થ્ય છે. સામર્થ્યની કોઈ હદ નથી. પાછા નિરવશેષ અંતર્મુખ છે. જગતના સર્વ પદાર્થોને તેની સર્વ કાળની પર્યાયો સહિત જાણવા છતાં પણ પૂરેપૂરા અંદર ડૂબેલા છે. અને બધું અંદર તો એક સમયમાં બધો ફોટો પડી જાય છે. એક સમય એટલે એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં. અત્યારે પકડી ન શકાય. એવું જ્ઞાનનું જબરદસ્ત સામર્થ્ય છે!

મુમુક્ષુ :- અંતર્મુખ રહેવાનું સામર્થ્ય એટલું અને પરપ્રકાશનનું સામર્થ્ય પણ એટલું.

પૂજ્ય ભાઈશ્રી :- અંતર્મુખ રહેવામાં શું છે કે સ્વરૂપ જ એવું છે કે અંતર્મુખ રહેવું. સ્વરૂપ કેવું છે? અંતર્મુખ રહેવું એવું જ જીવનું સ્વરૂપ છે. એ તો એનું સ્વરૂપ છે. પરિપૂર્ણ અંતર્મુખપણું એ જીવનું સ્વરૂપ છે. કેમ ઉપયોગ બહાર જતો નથી? કે સ્વરૂપ એવું અદ્‌ભુત છે માટે. એવું જ કોઈ સ્વરૂપ છે કે ઉપયોગ છૂટી શકે

નહિ. ઉપયોગ છૂટી શકે નહિ, ફરી શકે નહિ ત્યાંથી. પકડાયેલો ને પકડાયેલો રહે. એવું જ કોઈ સ્વરૂપ છે. એમ કેમ થાય છે? કે સ્વરૂપ કોઈ એવું છે માટે એમ થાય છે. એવું એટલે કેવું? એ અંતર જિજ્ઞાસાનો વિષય થઈ જવો જોઈએ. એવી જિજ્ઞાસાનો વિષય થવો જોઈએ... એવી જિજ્ઞાસાનો વિષય થવો જોઈએ (કે) ખોવાઈ જાય એની પાછળ આખે આખો. આ બહારમાં કુતૂહલ કરે છેને આનું શું, તેનું શું, ફલાણું શું ને ઢીકણું શું? તો કહે છે, એ તો બધું હેરાન થવાનું કામ છે. એમાં તો આકુળતા સિવાય કાંઈ હાથમાં આવવાનું નથી. ગમે તેટલું જીવ બહિર્મુખભાવે જાણે, સિવાય આકુળતા કાંઈ મળે એવું નથી. જેટલો અંદર જાય એટલી શાંતિ અને જાણવાનું એકસાથે થઈ જશે.

સોગાનીજીએ તો ત્યાં સુધી કહી દીધું કે જ્યારે મને પહેલી વહેલી એમ ખબર પડી કે કેવળજ્ઞાન થશે ત્યારે એકસાથે બધું જણાવાનું છે. તો એમ થયું કે બીજું તો કાંઈ મારે હવે જાણવું નથી, પણ આ શાસ્ત્ર વાંચીને પણ મારે હવે ક્ષયોપશમ વધારવો નથી. શાસ્ત્રો વાંચીને પણ એ સંબંધી જાણપણું પણ મારે કાંઈ ભેદ-પ્રભેદનું કરવું નથી. કેમકે એ તો બધા ભેદ-પ્રભેદો અનંતા એકસાથે જણાય જવાના છે. અત્યારે હું આકુળતા શું કરવા કરું? મારી પાસે જે સમય છે એ હું મારા ધ્યાનમાં બેસીને લીન ન રહું. એમ કહે છે. શાસ્ત્રની સગડી શું કરવા સળગાવું એમ કહેતા હતા. રાડ નાખી જાય બધા શાસ્ત્ર વાંચવાવાળા તો. ત્યાં તો બધા શાસ્ત્ર વાંચવાવાળા ભેગા થતા હતા એમની ચર્ચામાં, સોનગઢમાં તો. મંડ્યા રહે આખો દિ'. આ કહે હું એ સગડી શું કરવા સળગાવું? સગડીની ઉપમા દઈ દીધી હતી. એ બધું પછી અમે લીધું નથી. એવું ઘણું બહુ કડક હતું એ નથી લીધું. આટલામાં રાડ પાડી ગયા બધા તો પછી ઓલામાં તો શું થાય? લીધું એમાં પણ કોઈ સહન ન કરી શક્યા.

મુમુક્ષુ :- ખબર પણ હતી કે એવા લોકો જીરવી નહિ શકે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ખ્યાલ હતો પણ એ તો રાગ હતો કે આ એક પ્રસિદ્ધ તો કરવું. એટલે કરી નાખ્યું. પણ બીતા બીતા કર્યું જરા અને થોડું કાઢી નાખ્યું.

મુમુક્ષુ :- રાગ કહેવાય કે ભક્તિ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- એમના પ્રત્યે વ્યક્તિપણે એવો હતોને, વ્યક્તિગત રાગ હતો એટલે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે બીતા બીતા કર્યું તોપણ આ કયા પ્રકારનું કર્યું?

પૂજ્ય ભાઈશ્રી :- બહુ બધાને આકરું પડી જાય. આટલું ઘણું આકરું પડી ગયું હતું. એટલો ઉકળતો ચરુ હતો, એટલો ઉકળતો ચરુ હતો. બહુ બધું ઉકળ્યું હતું ત્યાં. એક દિવસ તો ગુરુદેવે મને રોક્યો. મને કહે રોકાવું છે? આમ ન કહે કે રોકાઈ જાવ. રોકાવું છેને? મેં કીધું, હા રોકાવું છે. એટલા માટે જ ગયો હતો. ખબર પડી અહીં બહુ ઉકળાટ છે વાતાવરણમાં એટલે ચાહીને ગુરુદેવ પાસે ગયો.

મુમુક્ષુ :- રાત્રી ચર્ચામાં કાંઈ વાત ચાલી.

પૂજ્ય ભાઈશ્રી :- હા એટલે સાંજે પહોંચ્યો. એકલા મળવું હતું એટલે. બહાર પાટે એકલા હોય ત્યારે વાત કરી કે અહીં બધો ચરુ ઉકળે છે. સાહેબ! જેમ આપની આજ્ઞા હોય એમ કરીએ. ના પાડે છે બધા કે આ પુસ્તકનું પ્રકાશન ન કરો. આપની આજ્ઞા પ્રમાણે કરવાનું છે. એમાં અમે કાંઈક કર્યું છે માટે પ્રકાશન થવું જ જોઈએ એવો અમારો હઠાગ્રહ નથી, અમારી કોઈ પક્કડ નથી. તો કહે રોકાવું છેને? મેં કીધું હા રોકાવું છે. પછી રાત્રિચર્ચામાં એક એકને પકડી પકડીને પૂછ્યું બધાયને.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક-એકને. શશીભાઈ આવ્યા છે અને પૂછે છે કેમ કરવું છે? બધાએ ના પાડી. જેટલાને પૂછ્યું એ બધાએ ના પાડી.

મુમુક્ષુ :- પછી?

પૂજ્ય ભાઈશ્રી :- પછી મને ખાનગીમાં કીધું કે હું મારા હાથે આપીશ બધાને. એક-એકને જોઈ જોઈને આપીશ. આપણા જે ખાસ-ખાસ છેને એને આપીશ. શબ્દ એમ વાપર્યો હતો. આપણા ખાસ-ખાસ છે એને વીણી-વીણીને આપશું. આપણે વેચાણમાં નથી મૂકવો. ત્રીજો ભાગ વેચાણમાં નથી મૂકવો.

મુમુક્ષુ :- બંધાઈ ગયું હતું પછી છોડાવી નાખવું એવી કાંઈક વાત હતી?

પૂજ્ય ભાઈશ્રી :- હા, (એક મુમુક્ષુ) કહે કે છોડાવી નાખો, તોડાવી નાખો પુસ્તક. ત્રીજો ભાગ જુદો પાડી દ્યો. ગુરુદેવે ખાનગીમાં ના પાડી કે એવું કાંઈ કરાય નહિ હોં. એવું કાંઈ કરવું નથી. કોઈ દિ' ગુરુદેવ જિંદગીમાં એવી ખાનગી પ્રવૃત્તિ ન કરે એવી કરી હતી. શાસ્ત્ર છે. એવું ન થાય. જ્ઞાનીની વાણી છેને. પોતાના હાથે આપ્યા બધાને.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે ત્રણ-ત્રણ જ્ઞાની પ્રત્યે વ્યક્તિગત રાગ કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- પછી જે મેટર નથી છપાણી, જે મેટર નથી છપાવી હજી એ કોની પાસે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ પછી જેનું જેનું મેટર આવ્યું હતું એને અમે પાછું મોકલાવી દીધું હતું. એ શરતે જ મગાવ્યું હતું સંકલન કરવા.

મુમુક્ષુ :- આપની પાસે નથી?

પૂજ્ય ભાઈશ્રી :- ના, મારી પાસે નથી. આમની પાસે હશે. આ વાત તો મારી સાથે થઈ હતી, શાસ્ત્રની સગડી. એ બીજી રીતે થઈ હતી. કોઈએ એમને પૂછેલું કે આપ કલકત્તામાં આખો દિવસ શું કરો છો? દુકાને જતા હશો, વેપાર-ધંધો (કરવા) બજારમાં જતા હશો. તો કહે, હા અડધો દિવસ, પોણો દિવસ જાવ છું. જેટલો વિકલ્પ ઉઠે એટલું. બહુ મસ્ત હતા એકદમ. આર્થિક સ્થિતિ ખરાબ હતી પણ એની મસ્તિથી જ કામ કરતા હતા. તો કહે, પછી સાંજે આવી જાવ ત્યારે શું કરો? પર્ટિક્યુલર પ્રશ્ન પૂછેને. તો કહ્યું, મૈં તો કમરા બંધ કરકે બૈઠ જાતા હૂં. તો કહે, શાસ્ત્ર ન વાંચો? કમરો બંધ કરીને બેસી જાવ તો શાસ્ત્ર ન વાંચો? એમાંથી આ વાત નીકળી. તો કહ્યું, બજારમાંથી કંટાળી ગયો હોય, પછી ઘરે આવીને શાસ્ત્રની સગડી ક્યાં સળગાવવી? એક તો ત્યાં કંટાળી ગયા હોઈએ. એમ એવી રીતે બોલેલા. એ બધું આકરું પડે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં અમુક વચનામૃત નહિ લેવામાં આવેલા એ કડક પડતા હતા તો એ તો આપની પાસે હશેને.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જેના જેના આવેલા લખાણ એ બધા પાછા મોકલી દીધેલા. આ તો મારી સાથે વાત થઈ હતી. મારી સાથે એટલે મારી હાજરીમાં કોઈ પૂછતા હતા અને એમાંથી વાત થઈ.

મુમુક્ષુ :- એમને બધો અધિકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો છે જ.

મુમુક્ષુ :- કૃપાળુદેવે કહ્યું છેને જેને જૈનનું કેવળજ્ઞાન નથી જોઈતું એને પરમાત્મા બીજું શું આપશે?

પૂજ્ય ભાઈશ્રી :- બીજું શું આપશે? એ તો લખ્યું છેને તીર્થંકર માટે જરાક કઠોર વચન લખાઈ ગયા છે તો ક્ષમા માંગી લઉં છું. જૈનની બાહ્ય શૈલી જોતા તીર્થંકરને કેવળજ્ઞાન નહિ હોય એમ લાગે છે. અધિષ્ઠાનનું જ્ઞાન નહિ હોય એમ લાગે છે. એમ લખ્યું છે. તીર્થંકરને અધિષ્ઠાનનું જ્ઞાન નહિ હોય એવું લાગે છે. એમ કરીને લખ્યું છે.

મુમુક્ષુ :- શૈલી કરી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ બાહ્ય શૈલી જોતા હોં! અંદરની શૈલીની વાત જુદી છે.

શું કહે છે? બહારની વિભાવની પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ નિવૃત્ત સ્વરૂપ... નીચેનું ચાલે છે. '**વર્તમાન પર્યાયમાં ત્રણે કાળ આવી જાય છે.**' ભૂત, વર્તમાન કે ભવિષ્યની અપેક્ષા રહેતી નથી. વર્તમાન પર્યાયમાં ત્રણે કાળ આવી જાય છે. '**ત્રણેય કાળ ભિન્ન-ભિન્ન નથી જોવા પડતા.**' ત્રણે કાળ છે એ જુદાં-જુદાં જોવા નથી પડતા કે આ ભૂતકાળ, આટલો ભવિષ્યકાળ, આટલો વર્તમાનકાળ એમ નહિ. એક સાથે એટ એ ગ્લાન્સ. સીધું જણાય જાય છે. '**ત્રણેય કાળ ભિન્ન-ભિન્ન નથી જોવા પડતા. ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં જઈને જોવું નથી પડતું,...**' એમ ઉપયોગ લંબાવવો પડતો નથી કે આવું આટલું અનંત ભૂત, આટલું અનંત ભવિષ્ય. એમ નહિ. એકસાથે બધું સામે આવે છે.

'**પણ વર્તમાનવત્ બધાને જાણી લે છે. તે પર્યાયમાં મર્યાદિત શક્તિ હોય તો તે પૂર્ણ જ્ઞાન જ નથી.**' શક્તિની મર્યાદા, જાણવાની મર્યાદા હોય તો અપૂર્ણ થઈ જાય છે શક્તિ એમ કહે છે. બહુ સારું લોજિક આવ્યું છે. '**પર્યાયમાં મર્યાદિત શક્તિ હોય તો તે પૂર્ણ જ્ઞાન જ નથી.**' જ્ઞાન અધૂરું છે એમ કહે છે. કેમકે સામે કાળ અનંત છે, સામે પદાર્થો અનંત છે. અહીંયાં મર્યાદિત જાણે તો તે પૂર્ણ નથી રહેતું. જૈન સિવાય એવી વાતો નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એટલી શક્તિ પ્રગટ થયા પછી પણ અંદરની શક્તિમાં કાંઈ ઓછું નથી થાતું.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ફરક જ પડતો નથીને. ઈન્ટેક્ટ એમ ને એમ વસ્તુ રહે છે. કોરેકોરી નક્કોરે નક્કોર. કાંઈ ફર્ક નહિને. નહિતર એમ ખબર પડે કે મારી મૂડી ઓછી નથી થતી તો રાજી રાજી થઈ જાય એવું છે. હેં! મારો કાંઈ આનંદ ઓછો થાય નહિ, મારી શાંતિ ઓછી થાય નહિ, મારું સુખ ઓછું થાય નહિ, મારું જ્ઞાન ઓછું થાય નહિ, એક શક્તિ જરાય ઓછી થાય નહિ એવો ને એવો હું કાયમ રહું. આનંદથી નાચવા માંડે કે હું એવો! અરે! હું એવો? શું વાત છે!

'**કેવળજ્ઞાનની દરેક પર્યાયમાં જાણવાની પૂર્ણ શક્તિ હોય છે.**' એ કેવળજ્ઞાન છે એમાં દરેક પર્યાયમાં, સમય સમયની પ્રત્યેક પર્યાયમાં પૂરેપૂરી જાણવાની શક્તિ હોય છે અથવા અનંતુ જાણવાની શક્તિ હોય છે. એવી કોઈ અચિંત્ય શક્તિ સ્વયમેવ દેવ. ગાયુંને અમૃતચંદ્રાચાર્યે. 'અચિંત્ય શક્તિ સ્વયમેવ દેવ.' આવી શક્તિ હોય એને અપેક્ષા શેની? નીચપદની અપેક્ષા કરવી છે? જેમાં એ શક્તિને કાંઈ લેવા-દેવા નથી એની અપેક્ષા કરવી છે? કોની અપેક્ષા કરવી છે? અપેક્ષા કરી કરીને દુઃખી થયો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અનંતકાળ સુધી એમ ને એમ ચાલ્યા કરે, તોપણ કાંઈ

ખૂટે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ખૂટવાનો સવાલ નથી. ફરક જ કાંઈ ન પડેને. એમ ને એમ જ વસ્તુ રહે. વસ્તુ એમ ને એમ રહે અને અવસ્થાઓ થયા કરે, વસ્તુ એમ ને એમ રહે અને અવસ્થાઓ થયા જ કરે... થયા જ કરે. થયા કરો. વસ્તુ એમ ને એમ રહે. એવું કોઈ અક્ષયપાત્ર છે. કાંઈ ફરક પડે નહિને. એનો આધાર શ્રદ્ધા લે છે. શ્રદ્ધા એનો આધાર લે છે, અવલંબન લે છે. એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ત્રિલોકના નાથને વશ કરીને બેઠા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રિલોકના નાથને વશ કરે છે. એ દૃષ્ટિ ત્રિલોકના નાથને વશ કરે છે. કબ્જો કરીને બેસી જાય છે. ઓહો..હો..! આવી ચીજ છે! પછી અંદર ગુમ થઈ જાય. પછી કાંઈ બહાર નીકળવાની વાત નથી. ગર્વગારવ તો દેખાડો કરવા માટે છે. અહીં તો એ વિકલ્પ જ ખલાસ છે. એ વિકલ્પ છે એ ખલાસ છે. જેવો છું એવો છું. બધા આત્માઓ એવા છે, હું એવો છું. શું એમાં શું કરવાનું? વિકલ્પ શેનો આમાં?

મુમુક્ષુ :- દેખાડો કરવામાં તો કલ્પના છે.

પૂજ્ય ભાઈશ્રી :- એના કરતા પણ આકુળતા...

મુમુક્ષુ :- ગંભીરતા કેટલી છે!

પૂજ્ય ભાઈશ્રી :- હા! એ તો ઘણી વસ્તુ એવી છે, વસ્તુ એવી જ છે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૧૩૧

પ્રશ્ન :- ગુરુદેવને કૌનસા માર્ગ બતલાયા હૈ? સંક્ષેપમેં બતાયેં.

સમાધાન :- ગુરુદેવને આત્માકી મુક્તિકા માર્ગ બતાયા હૈ. આત્મદ્રવ્ય હૈ વહ અલૌકિક, અનુપમ હૈ, ઈસમેં જ્ઞાન-દર્શન-સુખ-આનંદ હૈ, જ્ઞાન-દર્શન આદિ સબ ઈસમેંસે આતા હૈ, બાહરસે નહીં આતા. જિસકા જો સ્વભાવ હૈ ઉસમેંસે વહ આતા હૈ. અનંતકાળમેં બાહ્યક્રિયા બહુત કી, શુભ પરિણામ ભી કિયા, મગર ઈસસે પુણ્યબંધ હોતા હૈ. આત્મામેંસે જો દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ હોતા હૈ વહ આત્માકો સુખ, આનંદ દેનેવાલા હૈ. મૂળતત્ત્વમેંસે જો પ્રગટ

હોતા હૈ વહ યથાર્થ હોતા હૈ. ગુરુદેવને માર્ગ બતાયા હૈ કિ તૂ ભીતરમેં જા, ભેદજ્ઞાન કર, પહલે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ હોતી હૈ. ઈસસે આગે બઢતે લીનતા બઢતી હૈ, ચારિત્રદશા ભીતરમેં હોતી હૈ ઔર બાહરમેં નગ્ન મુનિદશા હોતી હૈ. તથા પૂર્ણ લીનતા હોનેસે કેવળજ્ઞાન હોતા હૈ. સ્વાનુભૂતિ હોતી હૈ તો ઈસ દુનિયાસે કોઈ અલગ દુનિયામેં ચલા જાતા હૈ. સમ્યગ્દૃષ્ટિકો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ, ઔર મુનિ તો વારંવાર આત્મામેં લીનતા કરતે હૈં. ઐસા માર્ગ ગુરુદેવને બતાયા હૈ. ૧૩૧.

તા. ૧૦-૨-૧૯૯૭, પ્રશ્ન-૧૩૧,૧૩૩,૧૩૪
પ્રવચન નં. ૮૬

સ્વાનુભૂતિદર્શન પાનું-૯૪, ૧૩૧મો પ્રશ્ન છે.

'**પ્રશ્ન :- ગુરુદેવને કૌનસા માર્ગ બતલાયા હૈ? સંક્ષેપમેં બતાયેં.**' હિન્દીમાં કાંઈક ચર્ચા ચાલી હશે.

'**સમાધાન :- ગુરુદેવને આત્માકી મુક્તિકા માર્ગ બતાયા હૈ.**' ગુરુદેવને અહિંસાકા માર્ગ બતાયા હૈ, દયા-દાનકા માર્ગ બતાયા હૈ, શાસ્ત્ર વાંચન યા પૂજા-ભક્તિકા માર્ગ બતાયા હૈ એવું નથી કીધું. અત્યારે આપણે ભગવાન મહાવીરની જયંતિ આવે છે. તો ભગવાન મહાવીર ઉપર જે બધા બોલશે એ અહિંસાનું બોલશે. ભગવાન મહાવીરે અહિંસાની વાત બહુ સારી કરી છે. ખરેખર મહાવીર ભગવાને મુક્તિનો માર્ગ બતાવ્યો છે. ગુરુદેવ અને બધા જ્ઞાનીઓ મુક્તિનો માર્ગ બતાવે છે કે પરિભ્રમણ કરતા એવા આ જીવને એ પરિભ્રમણથી છૂટીને મુક્તદશા કેવી રીતે થાય? એના જન્મ-મરણ કેવી રીતે મટે? '**ગુરુદેવને આત્માકી મુક્તિકા માર્ગ બતાયા હૈ.**'

'**આત્મદ્રવ્ય હૈ વહ અલૌકિક, અનુપમ હૈ,...**' બીજું શું છે કે આત્મસ્વરૂપ બતાવ્યું છે. પર્યાય અપેક્ષાએ મુક્તિનો માર્ગ બતાવ્યો. દ્રવ્ય અપેક્ષાએ આત્મદ્રવ્ય, આત્મસ્વરૂપ બતાવ્યું છે. '**વહ અલૌકિક, અનુપમ હૈ, ઈસમેં જ્ઞાન-દર્શન-સુખ-આનંદ હૈ, જ્ઞાન-દર્શન આદિ સબ ઈસમેં સે આતા હૈ, બાહરસે નહીં આતા.**' આત્મામાં જ્ઞાન-દર્શન-સુખ-આનંદ અનંતા છે અને જે આવે છે એ પણ એમાંથી બહાર આવે

છે. પુસ્તકમાંથી જ્ઞાન નથી આવતું. વાણી સાંભળતા વાણી સાંભળવામાંથી જ્ઞાન નથી થતું, જ્ઞાન આત્મામાંથી થાય છે, નિમિત્ત ગમે તે હો.

'જિસકા જો સ્વભાવ હૈ ઉસમેં સે વહ આતા હૈ.' જેમાં જે સ્વભાવ છે એ સ્વભાવ પરિણમન કરે છે. **'અનંતકાલમેં બાહ્યક્રિયા બહુત કી, શુભ પરિણામ ભી કિયા, મગર ઈસસે પુણ્યબંધ હોતા હૈ.'** પૂછવાવાળાને અનુસરીને જવાબ આપ્યો હોય છે, વાત કરી હોય છે. અને કોઈ હિન્દીભાષી હશે. તો કહે છે કે અનંતકાળની અંદર જીવે બાહ્ય ક્રિયા ઘણી કરી છે. એ તો બધા બાહ્ય ક્રિયામાંથી તો આવે છે સંપ્રદાયમાં, શુભભાવ પણ ઘણા કર્યા છે. એ પુણ્યબંધનું કારણ છે, આત્માને મુક્તિનું કારણ નથી. પુણ્યબંધનું કારણ છે. બંધનું કારણ હોય તે મુક્તિનું કારણ ન હોય. **'આત્મામેં સે જો દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ હોતા હૈ વહ આત્માકો સુખ, આનંદ દેનેવાલા હૈ.'** અને જ્ઞાન-દર્શન-ચારિત્ર જે સમ્યક્ પ્રકારે પ્રગટ થાય છે (એના) ફળસ્વરૂપે આત્માને આનંદ અને સુખની પ્રાપ્તિ થાય છે. પુણ્યભાવમાંથી સુખ-શાંતિ પ્રગટ થતી નથી. પોતે જ આકુળતારૂપ છે. પોતે જ આકુળતાસ્વરૂપ હોવાથી આકુળતાનો અનુભવ એમાં થાય છે.

'મૂળ તત્ત્વમેંસે જો પ્રગટ હોતા હૈ વહ યથાર્થ હોતા હૈ.' મૂળ તત્ત્વમાંથી-મૂળ સ્વરૂપમાંથી જે પ્રગટ થાય છે એ સ્વરૂપરૂપે પ્રગટ થાય છે. **'ગુરુદેવને માર્ગ બતાયા હૈ કિ તૂ ભીતરમેં જા,...'** અંદરમાં તું જા એવો માર્ગ બતાવ્યો. બહારમાં તું આમ કર અને તેમ કર, શાસ્ત્ર વાંચજે, આવા ભાવ કરજે એમ કરતા-કરતા તારું કલ્યાણ થઈ જશે એવું કાંઈ ન કીધું. તું અંતર્મુખ થા. **'ભીતરમેં જા, ભેદજ્ઞાન કર,...'** અને અંતર્મુખ થવા માટે ભેદજ્ઞાન કર. **'પહલે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ હોતી હૈ. ઈસસે આગે બઢતે લીનતા બઢતી હૈ, ચારિત્રદશા ભીતરમેં હોતી હૈ...'** શું કહ્યું? કે પહેલા મોક્ષમાર્ગના પ્રવેશ કાળે નિર્વિકલ્પદશા, નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશા પ્રગટ થાય છે. અહીંથી શરૂઆત થાય છે. એ પહેલા મોક્ષમાર્ગની શરૂઆત નથી. આમ પણ નિયમ એવો છે કે કોઈપણ ગુણસ્થાન નિર્વિકલ્પદશામાં બદલે. પહેલા ગુણસ્થાનમાંથી ચોથું આવે તોપણ નિર્વિકલ્પદશામાં, ચોથામાંથી પાંચમું આવે તોપણ નિર્વિકલ્પદશામાં અને છઠ્ઠું ગુણસ્થાન સવિકલ્પદશાનું હોવાને લીધે સીધું સાતમું આવે છે. ચોથા, પાંચમામાંથી કોઈને છઠ્ઠું ગુણસ્થાન ન આવે પહેલા. કેમકે એ સવિકલ્પદશાનું ગુણસ્થાન છે અને સાતમું નિર્વિકલ્પદશાનું છે એટલે સીધું સાતમું આવે, પછી છઠ્ઠું આવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ચોથાથી પાંચમામાં આવે તો એનો કઈ રીતે...

પૂજ્ય ભાઈશ્રી :- એ પોતાને જ ખ્યાલ આવી જાય. એટલી વીતરાગતા વધે અને રાગ ઘટે. પહેલા તો દર્શનવિશુદ્ધિની શરૂઆત થાય છે. પહેલી પડિમા જેને કહે છે, પ્રથમ પ્રતિમા એ દર્શનવિશુદ્ધિની છે. એટલે એની અંદર નિર્મળદર્શન વધારે નિર્મળ થાય છે, પણ એ નિર્મળદર્શન ચારિત્રની અપેક્ષાએ કહેવાય છે. ચારિત્રમાં લીનતા વધે છે. ગુણસ્થાન ચારિત્રનું છે. પછી જે જે પ્રતિમામાં એ પ્રતિજ્ઞા કરે છે તે સંબંધીનો ચારિત્રગુણમાં બુદ્ધિપૂર્વકનો રાગ ઉત્પન્ન થતો બંધ થઈ જાય છે અને ચારિત્રગુણમાં એ રાગની જગ્યાએ વીતરાગતાનું પરિણમન ચાલે છે. સ્વરૂપલીનતા અને સ્વરૂપસ્થિરતા વધે છે અને નિર્વિકલ્પ ઉપયોગનો અંતરાળ ઘટે છે. ચોથા ગુણસ્થાને જે જીવને ફરીને નિર્વિકલ્પદશા આવતી હોય એનો ગાળો ઘટી જાય છે પાંચમા ગુણસ્થાનમાં. એવા ફેરફારો અંદરમાં અને બહારમાં થાય છે. બહારમાં વિકલ્પ મટે, બુદ્ધિપૂર્વકના રાગનો અભાવ થાય એટલે એની સાથે સાથે તે રાગથી થતી જે ક્રિયા છે એનો પણ અભાવ થાય. એટલો બહારમાં ફેરફાર થાય. અંદરમાં જેટલી વીતરાગતા વધે અને બે નિર્વિકલ્પદશા વચ્ચેનો સમય ઘટે, ઓછો થઈ જાય અને વારંવાર નિર્વિકલ્પદશા આવે ચોથા ગુણસ્થાન કરતા પાંચમા ગુણસ્થાનમાં, એવો જે ફેરફાર અંદરનો થાય-એમ બેય અંદર અને બહાર બે ફેરફાર થાય.

એવી રીતે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આવે ત્યારે પણ નિર્વિકલ્પદશા ક્ષણે ક્ષણે આવતી થઈ જાય. પાંચમા ગુણસ્થાને ક્ષણે ક્ષણે ન આવે. અમુક ગાળો પડી જાય. બધાયને એક સરખો નથી, એટલે એનો કોઈ નિયમ નથી, પણ છઠ્ઠા-સાતમામાં નિયમ છે કે લઘુ અંતર્મુહૂર્તમાં નિર્વિકલ્પદશા આવે. અને બૃહત્ અંતર્મુહૂર્ત જો એ નિર્વિકલ્પદશા-લીનતા રહી જાય તો કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ જાય. નહિતર સવિકલ્પ અને નિર્વિકલ્પ, સવિકલ્પ અને નિર્વિકલ્પ ચાલ્યા કરે. એમ ગાળો પણ ઘટે અને લીનતા પણ વધે. એટલી સ્થિરતાની તારતમ્યતા વધે. અને ઉપર ઉપરના ગુણસ્થાને આનંદ અને શાંતિ વધે, બીજા ગુણોના ફેરફારમાં અંદરમાને અંદરમાં. અને ઉપર ઉપરના ગુણસ્થાને સ્વસંવેદનની ડિગ્રી પણ વધે. આ બધા ફેરફારો થાય એ કેમ ખબર ન પડે? કે ખબર પડે જ.

મુમુક્ષુ :- માતાજી માટે ગુરુદેવશ્રી કહેતા હતા, પાંચમા ગુણસ્થાન જેવા...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સ્પષ્ટ નથી એ સાંભળ્યું, પણ પછી એ વાત કોઈએ ચલાવી હોય તો પણ સંભવ છે. નથી બહેનશ્રી કોઈવાર બોલ્યા, તેમ ગુરુદેવને એમના મોઢેથી બોલતા નથી સાંભળ્યા.

મુમુક્ષુ :- મેં સાંભળ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- પાંચમા ગુણસ્થાનનું?

મુમુક્ષુ :- પાંચમા જેવા વર્તે છે. પાંચમામાં છે એવું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- તો ઠીક. પ્રશંસા ઘણી કરતા હતા એટલી વાત જરૂર છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ પ્રતિમા તો પડિમા તો સમ્યગ્દર્શન પછી જ આવેને? એ પહેલા તો હોય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પહેલા સાચી પ્રતિમા ન હોય. પહેલા ગુણસ્થાને પણ કોઈ પ્રતિમા લઈ લે, પહેલા ગુણસ્થાને કોઈ દીક્ષા પણ લઈ લે અને મુનિનો વેશ પણ લઈ લે. એમ થાય, પણ એ કાંઈ સાચું મુનિપણું નથી અને સાચું શ્રાવકપણું નથી.

એટલે તો એમ કીધું કે '**પહલે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ હોતી હૈ.**' એટલે કોઈ હિન્દીભાષી હશે. એ લોકો તો માનેને બધા પ્રતિમામાં ને એમાં, મુનિમાં ને એમાં. તો કહે છે, પહેલા નિર્વિકલ્પદશા આવે ત્યારે ચોથું ગુણસ્થાન શરૂ થાય. '**ઈસમેં આગે બઢતે લીનતા બઢતી હૈ,...**' એને ગુણસ્થાન કહેવાય છે. ત્યારે સંપ્રદાયમાં વિદ્વાનો પણ એવું માને છે કે વ્રત લીધા એટલે પાંચમું આવી ગયું. અણુવ્રત લીધા એટલે પાંચમું આવી ગયું, મહાવ્રત લીધા એટલે છઠ્ઠું આવી ગયું. અને થોડી શાંતિ દેખાય એટલે સાતમું (આવી ગયું).

'**ઈસમેં આગે બઢતે લીનતા બઢતી હૈ, ચારિત્રદશા ભીતરમેં હોતી હૈ...**' બહારમાં ફેરફાર કર્યો માટે ચારિત્રદશા નહિ. આ એક એક જે જવાબ આપે છે એ સંપ્રદાયની માન્યતાની સામે જવાબ આપે છે. '**ચારિત્રદશા ભીતરમેં હોતી હૈ...**' બહારમાં ત્યાગ કર્યો માટે ચારિત્રદશા આવી, ચારિત્ર અંગીકાર કર્યું એમ નહિ. '**બાહરમેં નગ્ન મુનિદશા હોતી હૈ.**' અને એ લીનતા વધે ત્યારે સહેજે સહેજે બહારમાં નગ્ન મુનિદશા હોય. મુનિને કપડા વગેરે પહેરવાનો કે રાખવાનો વિકલ્પ હોય નહિ. પરિગ્રહ જ નથી હોતો. પછી આ લોકોએ એને પરિગ્રહના બદલે ઉપકરણમાં ઠરાવ્યા. કેમકે મુનિ તો પરિગ્રહવાન હોય નહિ. શ્રાવકને પરિગ્રહ હોય, મુનિને પરિગ્રહ હોય નહિ. તો કહે, આ શું? તો કહે એ બધાને ઉપકરણમાં લઈ જાવ. તમે મોરપીંછી અને કમંડળ ઉપકરણમાં રાખ્યાને? અમે થોડાક વધારે રાખ્યા. પણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં વિકલ્પની મર્યાદા કેટલી હોય ઈ ખબર નથી. જોકે એ લોકોને તો સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિની પણ ખબર નથી, ભેદજ્ઞાનની પણ ખબર નથી. સ્વાનુભૂતિનું કારણ ભેદજ્ઞાનની ખબર નથી. એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર હોય નહિ. હોય તો વાંધો શું? એ તો પરદ્રવ્ય છે. તો કહે પરદ્રવ્ય સંબંધીનો વિકલ્પ કોને છે? એ વિકલ્પ તો પરદ્રવ્ય નથીને? એ

તો જીવને થાય છેને. તો એટલો વિકલ્પ વધારે થાય તો એમાં શું વાંધો? તો કહે છે, એમ નહિ. કપડા રાખવા અને પહેરવાના વિકલ્પની પાછળ એ કપડાને ધોવાના વિકલ્પ આવશે કે નહિ આવે? એ કપડા ધોવા હોય તો સાબુ-પાણીનો વિકલ્પ આવશે કે નહિ આવે? તો પછી અહિંસા મહાવ્રત ક્યાં રહેશે? જો એ સાબુ-પાણીથી કપડા ધોવે તો અહિંસા મહાવ્રત ક્યાં રહેશે? એની વ્યવસ્થા, પરમેનન્ટ વ્યવસ્થા વિચારવી પડશે. તો એ જંગલમાં રહી શકે નહિ. સાબુ-પાણી તો મકાન હોય ત્યાં એની વ્યવસ્થા કાયમ થાય. એટલે છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પની મર્યાદા કેટલી હોય એની ખબર નથી. એમ છે. '**ચારિત્રદશા ભીતરમેં હોતી હૈ ઔર બાહરમેં નગ્ન મુનિદશા હોતી હૈ. તથા પૂર્ણ લીનતા હોનેસે કેવળજ્ઞાન હોતા હૈ.**' અને એ લીનતા વધી પછી પૂર્ણ થઈ જાય. લીનતા બહાર નીકળે જ નહિ અને કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય. એ બારમા ગુણસ્થાને લીનતા પૂરી થાય અને તરત જ તેરમું ગુણસ્થાન પ્રગટ થઈ જાય—કેવળજ્ઞાન.

'**સ્વાનુભૂતિ હોતી હૈ તો ઈસ દુનિયાસે કોઈ અલગ દુનિયામેં ચલા જાતા હૈ.**' ઠીક! હવે જે હળવેકથી કીધું હતું કે પહેલા નિર્વિકલ્પ સ્વાનુભૂતિદશા પ્રગટ થાય છે. તો કહે છે કે એમાં શું થાય? કે એની દુનિયા બદલાઈ જાય. વિકલ્પની દુનિયામાંથી નીકળી ગયો, નિર્વિકલ્પની દુનિયામાં આવ્યો. '**સ્વાનુભૂતિ હોતી હૈ તો ઈસ દુનિયાસે કોઈ અલગ દુનિયામેં ચલા જાતા હૈ. સમ્યગ્દૃષ્ટિકો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ, ઔર મુનિ તો વારંવાર આત્મામેં લીનતા કરતે હૈં.**' '**સમ્યગ્દૃષ્ટિકો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ, ઔર મુનિ તો વારંવાર આત્મામેં લીનતા કરતે હૈં.**' એ પણ સ્વાનુભૂતિ જ છે. જે લીનતા કરે છે એ સાતમું ગુણસ્થાન સ્વાનુભૂતિનું છે. '**ઐસા માર્ગ ગુરુદેવને બતાયા હૈ.**' ગુરુદેવે માર્ગ કેવો બતાવ્યો? કે આવો અનુભૂતિનો માર્ગ બતાવ્યો અને ગુણસ્થાન અનુસાર આ પ્રકારે લીનતા થાય, બહારમાં આમ થાય એ બધું ગુરુદેવે બતાવ્યું.

અંતર-બાહ્ય પરિણામો ગુણસ્થાન અનુસાર કેવા હોય? એની ચોખવટ દિગંબર સંપ્રદાયમાં વિદ્વાનોને પૂરી નથી. કોઈ કોઈ વિદ્વાન મળી જાય છે ક્યાંક અને એ લોકો જે વાત કરે છે, ઈ તો કહે, નહિ, એ વ્રત લીધા એટલે એણે ચારિત્ર લીધું જ કહેવાય. વ્રત લે અને ચારિત્રની કેમ તમે ના પાડો? દીક્ષા લીધી એણે. એને ચારિત્રની કેમ ના પાડો? ભાઈ! અંતરમાં વીતરાગતા આવી છે કે નહિ? તો એ પ્રકરણની ખબર જ નથી કાંઈ. અંદરના પ્રકરણમાં, અંદરમાં કેવા ફેરફારો થાય છે એથી સાવ અજાણ્યા. બહારમાં જે બધું કરે એને લઈને એ લોકો ચારિત્ર અને ગુણસ્થાનનું માપ કાઢે છે. તો કહે છે કે એવો માર્ગ નથી. એટલે ચોખવટો કરી ગુરુદેવે અને

અંતર-બાહ્ય કેવો માર્ગ છે એ બતાવ્યો. અને મૂળ શાસ્ત્રોમાં, દિગંબર શાસ્ત્રોમાં એ વાત છે સ્પષ્ટ. એ લોકોને કેમ ખબર નથી પડતી એ તો ભગવાન જાણે. દૃષ્ટિ નહિ એટલે ન ખબર પડે. બાકી શાસ્ત્રોમાં એ બધી વાતો જે ગુરુદેવે કહી એ બધી વાતો છે. એ રીતે માર્ગનું સ્પષ્ટીકરણ ગુરુદેવે બતાવ્યું છે. પૂછે છે પેલા બહેનશ્રીને, બહેનશ્રી ગુરુદેવને માથે નાખે છે કે ગુરુદેવે આ બધું બતાવ્યું છે. પહેલા પણ ગુરુદેવનું નામ લીધું, છેલ્લે પણ ગુરુદેવનું નામ લીધું. ગુરુદેવે આ બધું બતાવ્યું છે. એ વાત પણ બરાબર છે. એ સ્પષ્ટીકરણ હતું નહિ. દિગંબર સંપ્રદાયમાં નથી તો શ્વેતાંબરમાં તો ક્યાંથી હોય જ તે. અને આ તો બધા શ્વેતાંબરમાં આવ્યા હતા, જન્મ્યા હતા. ગુરુદેવે ખોલીને સ્પષ્ટ કર્યું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ૧૩૩મો બોલ જે છેને, એ પહેલા લઈ શકાય? પછી ગેપ છેને પાછો એટલે. સમય નહિ રહે પછી.

પૂજ્ય ભાઈશ્રી :- લઈ લઈએ. ૧૫-૧૭ મિનિટ છે.

પ્રશ્ન-૧૩૩

પ્રશ્ન :- જ્ઞાની ગમે તેવાં વચનો મુમુક્ષુને કહે તો તેમાં શંકા કે અન્ય વિચાર ન આવવા જોઈએ એ બરાબર છે?

સમાધાન :- જેને આત્માર્થતા હોય કે મારે મુક્તિ જ જોઈએ છે તે બીજી કોઈ કલ્પનામાં પડતો નથી. મારે તો મારા આત્માનું કામ છે. સાચો માર્ગ જે જ્ઞાનીએ બતાવ્યો તે, ગમે તે કહે, મારે પ્રમાણ છે, પોતાના આત્માનું કલ્યાણ કરવા બધી રીતે જ્ઞાનીને અર્પણતા કરવી ને વર્તન કરવું. આવી મુમુક્ષુની પરિણતિ હોય છે. ૧૩૩.

પ્રશ્ન ૧૩૩ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :- જ્ઞાની ગમે તેવાં વચનો મુમુક્ષુને કહે તો તેમાં શંકા કે અન્ય વિચાર ન આવવા જોઈએ એ બરાબર છે?**' એ પ્રશ્ન ઉઠાવ્યો છે. મૂળ વાત તો એ છે

કે જ્ઞાની ગમે તેવા વચન કહે એમાં શંકા ન થવી જોઈએ કે એમાં બીજો વિકલ્પ ન ઉઠવો જોઈએ. અને તે ત્યાં સુધી કે શાસ્ત્રમાં એવું કહ્યું છે કે નથી કહ્યું એવો વિકલ્પ પણ ઉઠવો જોઈએ નહિ. જો શાસ્ત્રમાં એ વાત ગોતવા જાય તો એને કૃપાળુદેવે શાસ્ત્રસંજ્ઞા કહી છે.

જેમ લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞા છે એમ ત્રીજી એક શાસ્ત્રસંજ્ઞા છે. એ શબ્દો પણ કૃપાળુદેવના જ વચનોમાં મળે છે, બીજે મળતો નથી. એમની સ્પેશ્યાલિટી છે કેટલીક વાતમાં. ધારશીભાઈને એક પત્રમાં લખ્યું છે કે અમે જે કહીએ એ બાબતમાં તમને પૂરેપૂરી શ્રદ્ધા હોય, તમને શંકા પડે નહિ, તમને બીજો વિકલ્પ ઉઠે નહિ, તમને શાસ્ત્રસંજ્ઞા થાય નહિ (તો કાંઈક વાત કહેવી છે). શાસ્ત્રસંજ્ઞા એટલે શું? તો જ્ઞાનીએ કહ્યું છે એ ઠીક છે, પણ હવે આપણે શાસ્ત્રમાં મળે છે કે નહિ એ વાત જરાક જોઈ લઈએ, ગોતી લઈએ અને તો પાક્કું થાય. એટલે કે તેં સાંભળ્યું એ પાક્કું નથી, કાચું છે.

મુમુક્ષુ :- ભક્તિ પણ ક્યાં છે પછી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી તો સવાલ નથી રહેતો. એને શાસ્ત્રસંજ્ઞાનો દોષ કીધો છે, ગુણ નથી કીધો. જેમ ઓઘસંજ્ઞા દોષ છે, લોકસંજ્ઞા દોષ છે એમ શાસ્ત્રસંજ્ઞા પણ દોષ છે.

મુમુક્ષુ :- અભિનિવેશ એટલે શાસ્ત્રઅભિનિવેશ?

પૂજ્ય ભાઈશ્રી :- અભિનિવેશ એટલે અભિપ્રાય, વિપરીત અભિપ્રાય. એને અભિનિવેશ કહે છે. શાસ્ત્ર અભિનિવેશ એટલે વિપરીત અભિપ્રાયપૂર્વક શાસ્ત્ર વાંચે અને અર્થનો અનર્થ કરે, ઊલટો અર્થ કરે. અથવા શાસ્ત્ર વાંચે અને મતિ વિપર્યાસ હોય એટલે ઊલટો અભિપ્રાય ઘડે, ઉત્પન્ન કરે અથવા પાક્કો કરે. એને શાસ્ત્ર અભિનિવેશ કહે છે. અને એનું લક્ષણ શું? કે એ જીવને શાસ્ત્રનો અહંભાવ, અભિમાન, શાસ્ત્રજ્ઞાનનું અભિમાન હોય, હોયને હોય જ. એ એનું લક્ષણ છે. એટલે એને શાસ્ત્ર અભિનિવેશ કહે છે. એમ કહે કે અમે ઘણા શાસ્ત્રો વાંચ્યા છે, કાં એમ કહે કે અમે બધા શાસ્ત્રો વાંચ્યા છે અને કાં એમ કહે કે અમે આટલા વર્ષ સુધી શાસ્ત્ર વાંચ્યા. એણે જે શાસ્ત્ર વાંચ્યા હોય એનો અહંભાવ ઘણો વર્તે. એ શાસ્ત્રીય અભિનિવેશનું લક્ષણ છે અને એનો અભિપ્રાય ઊલટો હોય, હોય ને હોય જ. એટલે જે વિદ્વાનો એવું કહેતા સંભળાય કે અમે ઘણા શાસ્ત્રો વાંચ્યા, આટલા વર્ષ શાસ્ત્ર વાંચ્યા, બધા શાસ્ત્ર વાંચ્યા, એ વિદ્વાન શાસ્ત્રીય અભિનિવેશમાં વર્તે છે એમ સમજી લેવું. પછી વિદ્વાન હોય કે ગમે તે જીવ હોય. એને શાસ્ત્રીય અભિનિવેશ વર્તે છે. અહીંયાં તો પ્રશ્ન જ્ઞાનીના

વચનોમાં શ્રદ્ધા સંબંધીનો છે.

'સમાધાન :- જેને આત્માર્થતા હોય કે મારે મુક્તિ જ જોઈએ છે તે બીજી કોઈ કલ્પનામાં પડતો નથી.' કેવો સરસ જવાબ આપ્યો છે! આત્માર્થતા હોય. એટલે આત્માનું પ્રયોજન જેને હોય, આત્મકલ્યાણનું પ્રયોજન હોય કે મારે મુક્તિ જ જોઈએ છે, તે બીજી કલ્પનામાં કે બીજી ભાંજગડમાં પડતો નથી. એને અંદર ઊંડે-ઊંડે શંકા હોય કે એનો તર્ક, વિતર્ક કે વિકલ્પ ઉઠતો હોય એ ખરેખર આત્માર્થી નથી. બહુ સરસ કાઢ્યું છે. જ્ઞાનીના વચનો મળ્યા પછી પૂર્ણ શ્રદ્ધા ન થાય,.. સર્વજ્ઞ જેવી શ્રદ્ધા છે એ. કેવી? જિનવાણી કહે અને સર્વજ્ઞ ભગવાન કહે અને આ કહે એમાં કાંઈ ફેર નથી. એના બદલે બીજો વિચાર, તર્ક, વિકલ્પ ઉઠે કે શંકા પડે (તો) એ આત્માર્થી નથી.

મુમુક્ષુ :- પછી ગમે તે પ્રસંગ હોય. એટલે ધાર્મિક વાત જ હોય એવું જરૂરી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સવાલ જ નથી. એ કલ્પનામાં પડતો નથી.

'મારે તો મારા આત્માનું કામ છે.' 'કામ એક આત્માર્થનું બીજો નહિ મન રોગ.' આમ છે.

મુમુક્ષુ :- સત્પુરુષને તન, મન અને ધન અર્પણ કરી દેવાના. પછી એ શંકા કરે તો એનું ઓછું કેમ થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો એણે મન નથી અર્પણ કર્યું. શંકા કરે છે એણે મન અર્પણ નથી કર્યું. મન પાસે રાખ્યું છે, મારા કાબૂમાં. મારા મનમાં આમ વિચાર આવે છે. તો કહે, રાખ તારી પાસે. તારું મન તારી પાસે રાખ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આવે છેને મંત્ર મૂલં ગુરુ વાક્યં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગુરુ વાક્ય એટલે મંત્ર.

'મારે તો મારા આત્માનું કામ છે. સાચો માર્ગ જે જ્ઞાનીએ બતાવ્યો તે, ગમે તે કહે,...' જુઓ, સ્પષ્ટ કર્યું છે કે નહિ? **'સાચો માર્ગ જે જ્ઞાનીએ બતાવ્યો તે, ગમે તે કહે, મારે પ્રમાણ છે,...'** પ્રમાણ એટલે વિશેષે કરીને માન્ય રાખવું એનું નામ પ્રમાણ છે. જ્ઞાની જે કહે છે, મારે સર્વ માન્ય છે. ખાસ કરીને એ માન્ય જ છે. એમાં કાંઈ મને વિકલ્પ ઉઠવાનો હવે સવાલ નથી. જ્ઞાનીના વચન સત્યતા માટે નિર્વિકલ્પ થઈ જાય. કેવો થઈ જાય? નિર્વિકલ્પ થઈ જાય. એટલે અંદર શલ્ય આવવાની જગ્યા જ નહિ પછી. નહિતર ક્યાંક બીજો વિચાર ઉઠે એટલે એ શલ્ય ગર્યું. શું કીધું? અહીંથી જુઓ, તને માર્ગ સાચો બતાવ્યો કે નહિ? ત્યાંથી તોળજે.

બીજી વાતમાં પડતો નહિ. તને જો માર્ગ સાચો બતાવ્યો હોય, એ જે કહે તે મારે પ્રમાણ છે. અહીંથી નિર્ણય કરજે તું.

'પોતાના આત્માનું કલ્યાણ કરવા બધી રીતે જ્ઞાનીને અર્પણતા કરવી...' જુઓ, પોતાના આત્માનું કલ્યાણ કરવા બધી રીતે અર્પણતા કરવી. સર્વાર્પણબુદ્ધિ એને કહે છે. શું કહે છે? સર્વાર્પણબુદ્ધિ. મારે હવે ક્યાંય અધિકાર રાખવાનો સવાલ રહેતો નથી, અંતર રાખવાનો સવાલ રહેતો નથી. આ હું અને આ તું એ નથી રહેતું પછી. અંતર જ નથી. **'પોતાના આત્માનું કલ્યાણ કરવા બધી રીતે જ્ઞાનીને અર્પણતા કરવી ને વર્તન કરવું.'** પાછું મારા ભાવમાં તો એમ જ છે, મારા હૃદયમાં એમ જ છે. બહારમાં થોડો વિવેક રાખવો. વિવેક કેમ રાખવો? કે ભાઈ! આપણે પછી આગળ તકલીફ ઊભી ન થાય. બધું દઈ દીધું હોય, પછી પાછળ આપણે શું કરશું? એટલે ક્યાંક મને અગવડ પડશે તો? એમ એને લાગે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આણું ન જાણું, શેઠ વચન પ્રમાણું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે હું કાંઈ જાણું નહિ એમ. અહીંયાં તો ભાવમાં અર્પણતા અને દ્રવ્યે પણ અર્પણતા.

'આવી મુમુક્ષુની પરિણતિ હોય છે.' પરિણામ ન કીધા. **'આવી મુમુક્ષુની પરિણતિ હોય છે.'** પરિણતિ રસમાં છે અને તી દીર્ઘ જોઈએ હોં. ર છે એ હ્રસ્વ છે, ત છે એ દીર્ઘ છે. મુમુક્ષુને આવી પરિણતિ થઈ જવી જોઈએ.

મુમુક્ષુ :- એ સહજ જ થાય. એ કોઈ મુમુક્ષુને કરવું પડે પરાણે એવું છે નહિ. એ સહેજે થાય.

પૂજ્ય ભાઈશ્રી :- થાય. લીધું છે ૧૩૪માં કે આ પ્રકારની પરિણતિ આવ્યા વગર કોઈને સમ્યગ્દર્શન થાય ખરું? એવો જવાબ નથી આપ્યો કે આવી પરિણતિ ન હોય તો સમ્યગ્દર્શન ન થાય. એવો સોફ્ટ (જવાબ આપ્યો છે), કઠોર જવાબ નથી આપ્યો સીધો. જેને માર્ગે જવું છે તેને અર્પણતાની પરિણતિ હોય છે અને ન હોય તો શું છે? તેને સ્વચ્છંદ પરિણતિ હોતી નથી. એટલે ન હોય તો સ્વચ્છંદ પરિણતિ થઈ ગઈ. જવાબ કેવી રીતે આપ્યો છે જોયું! એમ કહે કે આવી પરિણતિ વગર સમ્યગ્દર્શન તો નથી પણ સ્વચ્છંદ છે, એમ નથી કીધું. જેને માર્ગે જાવું હોયને એને આવી અર્પણતાની પરિણતિ હોય અને એને સ્વચ્છંદ પરિણતિ ન હોય. ઠીક!

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ પ્રશ્ન સોગાની સાહેબને કરવામાં આવ્યો હોત તો?

પૂજ્ય ભાઈશ્રી :- સોગાનીજીની વાત જુદી છે. એ તો બહુ કડક બોલતા.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એક ભક્તિપ્રધાન જ્ઞાનદશા છે અને એક દૃષ્ટિપ્રધાન જ્ઞાનદશા,

આપ કહો છોને.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- છતાં બંનેની ભક્તિ ઉત્કૃષ્ટ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કો-ઓર્ડિનેશન તો હોય જ. શૈલીમાં ફર્ક પડે, બાકી પરિણામોનું કો-ઓર્ડિનેશ તો જે હોય તે હોય જ. એમ કહે કે ભાઈ બહુ દૃષ્ટિપ્રધાન દશા છે એટલે ભક્તિ ઓછી હોય (એમ નથી). આપણે તો એ વાત લઈએ છીએ કે જેનું અધ્યાત્મબળ વધારે એનું ભક્તિનું બળ હંમેશા હંમેશા વધારે જ. અને એ એની યથાર્થતાની નિશાની છે, એ યથાર્થતાની નિશાની છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એક બીજી વાત છે. જે મુમુક્ષુ પ્રશ્ન કરનાર છે, મુમુક્ષુ જે પ્રશ્ન કરતો હોય સત્પુરુષને અને સત્પુરુષ પણ એનો જવાબ એની પાત્રતા જોઈને પણ આપે?

પૂજ્ય ભાઈશ્રી :- ફરીથી.

મુમુક્ષુ :- મુમુક્ષુ જે સત્પુરુષને પ્રશ્ન કરે, તો સત્પુરુષ પણ એની પાત્રતા જોઈને જવાબ આપે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાત્ર જોઈને જવાબ આપે. બધાને એક સરખો ન આપે. જુઓ, એ પેરેગ્રાફમાં છેલ્લી લાઈન. '**પોતાની ઈચ્છાએ વર્તવું એવું ન હોય.**'

મુમુક્ષુ :- તો પછી લઈ જ લઈએ તો એ બોલ? સાથે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- '**બહારના કાર્યોમાં પરિણતિ પકડાય અથવા ન પકડાય.**' બહારથી નક્કી ન હોય. પોતાને સ્વચ્છંદ પરિણતિ અંદરમાં ન હોય. તેમ જ '**પોતાની ઈચ્છાએ વર્તવું એવું ન હોય.**'

મુમુક્ષુ :- ભાઈશ્રી! બહારના કાર્યોમાં પરિણતિ અને કદાચ એનું અવલોકન ન પણ ચાલતું હોય પણ આ તો ન જ ભૂલ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, બહારનાં કાર્યમાં પરિણતિ. બહારના કાર્યોમાં એટલે શું છે કે કામ કરે એમાં પરિણતિ પકડાય કે ન પકડાય એ બીજી વાત છે.

મુમુક્ષુ :- અચ્છા આવી પરિણતિ એની પકડાય કે ન પકડાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ પોતાની.. બીજાને પોતાની પરિણતિ કદાચ ન પકડાય, પણ પોતાને સ્વચ્છંદ પરિણતિ ન હોય એમ કહેવું છે. બીજા કદાચ ભૂલ કરી જાય એમ. સ્વચ્છંદ પરિણતિ એને અંદરમાં ન હોય એ વાત નક્કી છે. કેમકે એને પોતાની ઈચ્છાએ વર્તવું એવું ન હોય.

'**જે મુનિરાજ હોય છે તેને પણ પોતાથી મોટા ગુરુ કે આચાર્ય હોય તે**

શું કહે છે, તેમાં અર્પણતા હોય છે.' મુનિદશામાં આટલી વાત છે. પોતાના ગુરુ હોય, મોટા મુનિ હોય, વિશેષ ગુણવાન હોય તો એ જે કહે એમાં એ અર્પણ થઈ જાય. એ એમ જ ચાલે, બીજી રીતે ચાલે નહિ. આ શ્વેતાંબરમત છે એમાંથી નીકળ્યું એ તમને નહિ ખબર હોય. આપણે આમાં લીધું છે દંસણ મુલો ધમ્મોમાં. બાર દુકાળ પડ્યા. ત્યારે કેટલાક આચાર્યોએ એમ કીધું કે અહીંની પરિસ્થિતિ હવે બરાબર નથી રહી. માટે મુનિઓએ દક્ષિણમાં ચાલ્યા જવું. અમે પણ દક્ષિણમાં જઈએ છીએ અને બધા મુનિઓએ દક્ષિણમાં ચાલ્યા જવું. એમાં કેટલાક મુનિ દક્ષિણમાં ન ગયા, રોકાઈ ગયા.

મુમુક્ષુ :- આજ્ઞામાં ન રહ્યા, એમ થયુંને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આજ્ઞામાં ન રહ્યા. એ આજ્ઞામાં ન રહ્યા એટલે મુનિદશામાંથી ચ્યુત થયા, સમ્યગ્દર્શનમાંથી ચ્યુત થયા, શિથિલાચારમાં આવ્યા કેમકે દુકાળ પડ્યા હતા એટલે. એમાંથી વલ્કલ વસ્ત્ર અને થોડુંક ગામમાં આવવા-જવાનું વધાર્યું. એમાંથી આ પંથ ચાલુ થઈ ગયો. એ આજ્ઞા બહાર ગયા એટલે સ્વચ્છંદમાં ગયા. સ્વચ્છંદનો દોષ તો મુમુક્ષુને ન હોવો જોઈએ, મુનિને તો હોય જ ક્યાંથી?

એટલે '**જે મુનિરાજ હોય છે તેને પણ પોતાથી મોટા ગુરુ કે આચાર્ય હોય તે શું કહે છે, તેમાં અર્પણતા હોય છે. શ્રી કુંદકુંદાચાર્ય જેવા પણ કહે છે કે મને જે સ્વાનુભૂતિ થઈ છે તે સર્વજ્ઞદેવની પરંપરાથી જે મળ્યું છે તેનાથી થઈ છે.**' એ સર્વજ્ઞનો ઉપકાર માને છે. સર્વજ્ઞને બીજી રીતે મુનિંદ્ર પણ કહેવાય છે. મુનિઓમાં શ્રેષ્ઠ તે મુનિંદ્ર. પોતે મુનિદશામાં શ્રેષ્ઠ દશાએ પહોંચી ગયા કેવળજ્ઞાન સુધીની, માટે એમને મુનિંદ્ર પણ કહેવામાં આવે છે. જિનેન્દ્ર કહે છે, મુનિંદ્ર કહે છે. '**સ્વાનુભૂતિ થઈ છે તે સર્વજ્ઞદેવની પરંપરાથી જે મળ્યું છે તેનાથી થઈ છે.**' પ્રગટ પ્રત્યક્ષ નથીને કેવળજ્ઞાની એટલે. '**મુનિરાજના હૃદયમાં પણ દેવ-ગુરુ અને શાસ્ત્ર હોય છે.**'

મુમુક્ષુ :- હૃદયમાં?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમને-મુનિરાજને પણ બહુમાન હોય છે.

'**એવી પરિણતિ તેમની હોય છે, સ્વચ્છંદ પ્રવૃત્તિ હોતી નથી.**' બહુ સારો જવાબ આપ્યો છે. નહિતર અત્યારે સ્વચ્છંદે ચડવામાં વાર લાગતી નથી. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૧૩૨

પ્રશ્ન :- હમકો છોટાસા સંદેશ દીજિયે?

સમાધાન :- ભીતરમેં આત્મતત્ત્વ પીછાનો, જ્ઞાયકકા ભેદજ્ઞાન કરો, જો સિદ્ધિ હોતી હૈ વહ ભેદજ્ઞાનસે હોતી હૈ, ઐસા શાસ્ત્રમેં આતા હૈ. ચૈતન્યતત્ત્વ હૈ ઈસકે ઉપર દૃષ્ટિ કરો, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરો, ઈસકા જ્ઞાન કરો, ઈસમેં લીનતા કરો. યહ કરનેકા હૈ. મૈં ચૈતન્ય હૂં, યે સબ મૈં નહીં હૂં,-નહીં હૂં.- ઐસી ભીતરમેંસે પરિણતિ પ્રગટ કરો. ઈસસે આત્માકા જ્ઞાન-આનંદ પ્રગટ હોતા હૈ. જીવનકા સાફલ્ય ઈસમેં હૈ.

જૈસા અરિહંત ભગવાનકા દ્રવ્ય-ગુણ-પર્યાય હૈ, વૈસા મેરા દ્રવ્ય-ગુણ હૈ. મુઝે પર્યાય પ્રગટ નહીં હુઈ હૈ. મેરેમેં શક્તિરૂપ હૈ, ભગવાનમેં પ્રગટ હુઈ હૈ. એસે અંતરમેં જાકર અનંતશક્તિસે ભરપૂર અનુપમ આત્માતત્ત્વકી દૃષ્ટિ કરેં તો ચૈતન્યતત્ત્વ પ્રગટ હોતા હૈ. ૧૩૨.

તા. ૧૨-૩-૧૯૯૭, પ્રશ્ન-૧૩૨,૧૩૩,૧૩૪
પ્રવચન નં. ૮૭

સ્વાનુભૂતિદર્શન, ૧૩૨મો પ્રશ્ન છે, પાનું-૯૪. '**પ્રશ્ન :- હમકો છોટા સા સંદેશ દીજિયે.**'

'**સમાધાન :-**' હિન્દીમાં ચર્ચા ચાલે છે. ઉપરનો પ્રશ્ન પણ હિન્દીમાં જ ચાલે છે. એટલે હિન્દીમાં આ વાતચીત ચાલતી હશે એમાંથી પ્રશ્ન લીધો છે. '**ભીતરમેં આત્મતત્ત્વ પીછાનો,...**' ઓળખાણની વાત મુખ્યપણે બહેનશ્રી કરે છે કે આત્માને ઓળખવો. અંદરમાં પોતાનું જે મૂળ સ્વરૂપ છે, જીવ એને ભૂલ્યો છે. એ એક જ એવડી મોટી ભૂલ થઈ છે જેને કારણે જીવ અનંત દુઃખને ભોગવી રહ્યો છે.

અનંત જન્મ-મરણ કરી રહ્યો છે અને અનેક પ્રકારની આકુળતા અને દુઃખને ભોગવી રહ્યો છે. પાયાની ભૂલ આ છે કે પોતાના સ્વરૂપને ઓળખ્યું નથી.

'ભીતરમેં આત્મતત્ત્વ પીછાનો, જ્ઞાયકકા ભેદજ્ઞાન કરો,...' એટલે કે પોતાનું જે જ્ઞાયકસ્વરૂપ છે અંદરમાં એ જુદું છે એને જુદો અનુભવ કરો. જે કાંઈ ઉપાધિ છે, દુઃખ છે એ ભેદજ્ઞાનના અભાવને લઈને છે અથવા એની સાથેનો સંબંધ જોડવાથી છે કે જે સંબંધ ખરેખર નથી. ખરેખર એટલા માટે નથી કે આત્મા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી તદ્દન ભિન્ન છે. જે કોઈ સંયોગો છે એ તો જણાવાયોગ્ય પદાર્થો જાણનારની યોગ્યતામાં જણાય છે. આથી વિશેષ કોઈ સંબંધ છે નહિ. છતાં જીવ કલ્પના કરે છે ત્યારે દુઃખી થાય છે—પોતાપણાની કલ્પના કરીને દુઃખી થાય છે. આટલી જ વાત સંક્ષેપમાં તો છે.

૫૩૯ પત્રમાં પણ કૃપાળુદેવે એ વાત કરી કે જો જીવ પરમાં નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણ થાય અને નિજમાં નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણ જે થઈ રહ્યું છે એનો નાશ થાય. બસ, આટલી જ વાત છે. વાત એટલી છે પણ એ વાત સમજાવા છતાં પરિણમનમાં આવવી કઠણ થઈ પડી છે. આ એક સમસ્યા પણ છે. તો કહે, તમને એવું લાગ્યું છે કે પરમાં નિજબુદ્ધિ છોડવા જેવી છે અને નિજમાં નિજબુદ્ધિ કરવા જેવી છે? એવી જરૂરત લાગી છે? લાગ્યું છે એનો અર્થ શું છે? કે એવી જરૂરિયાત લાગી છે? તો કહે, લાગી તો છે. તો કહે, એવું જ્ઞાન જેના આત્મામાં વર્તતું હોય તેની દાસાનુદાસપણે ભક્તિ કરવી. ૫૩૯ પત્રમાં (એમ કહ્યું). એટલે એની જે સમસ્યા છે એ સમસ્યાનું ત્યાં સમાધાન આપી દીધું. એ વાત બરાબર છે પણ પરિણમન થતું નથી. પરિણમન હજી ઊંધું જ ચાલે છે. તો કહે, ઘણા વખતથી ઊંધું ચાલ્યું છે એટલે એને બંધ કરવું એટલું સહેલું તો નથી, પણ એનો ઉપાય છે ખરો પાછો અને આ એનો ઉપાય છે. ભક્તિ કરવી એટલે બહુમાનપૂર્વક સત્સંગ કરવો. ભક્તિનો અર્થ શું છે? બહુમાનપૂર્વક સત્સંગ કરવો. તો અંદર જે ફેરફાર કરવો છે એ ફેરફાર થવાની પરિસ્થિતિ આવશે, જરૂર આવશે.

મુમુક્ષુ :- ૫૬૯માં એમ લીધું છે કે સત્સંગનો આશ્રય કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આશ્રય કરવો. આશ્રય કરવો એટલે શું છે કે મને આધાર છે એવી બુદ્ધિએ સત્સંગ કરવો. સત્સંગ જ મને આધાર છે એવા અભિપ્રાયથી, એવી બુદ્ધિથી સત્સંગ કરવો. એમ.

મુમુક્ષુ :- ફક્ત સત્સંગ કરવો એમ નહિ, ફક્ત સત્સંગ કરી લેવો ટાઈમ થાય એટલે એમ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ઉપર ઉપરથી રુટિન પ્રમાણે જે સત્સંગ કરી લ્યે છે એની અસર આત્મામાં નથી આવતી અને પરિણામે જે પરિણમનમાં ફેરફાર થવો જોઈએ એ નથી થતો.

'ज्ञायकका भेदज्ञान करो, जो सिद्धि होती है वह भेदज्ञानसे होती है, ऐसा शास्त्रमें आता है.' સિદ્ધિ એટલે પ્રાપ્તિ. જે કાંઈ શાંતિની પ્રાપ્તિ, સ્વરૂપના અનુભવની પ્રાપ્તિ (થાય છે) એ ભેદજ્ઞાનથી જ થાય છે, બીજી રીતે થતી નથી. કેમકે જુદો ન પડે ત્યાં સુધી તો અભિન્ન બુદ્ધિએ, અભિન્નભાવે દુઃખી થઈ રહ્યો છે. એટલે જુદાં પડવું એ મુખ્ય વાત છે. અને શાસ્ત્રમાં પણ એ વાત આવે છે. **'चैतन्यतत्त्व है ईसके ऊपर दृष्टि करो, द्रव्य ऊपर दृष्टि करो, ईसका ज्ञान करो, ईसमें लीनता करो. यह करनेका है.'** પોતાનું જે ચૈતન્યતત્ત્વ છે એની દૃષ્ટિ કરવી. શ્રદ્ધા—દૃષ્ટિ એટલે એની શ્રદ્ધા કરવી, એનું અનુભવજ્ઞાન કરવું અને એમાં સ્થિર થવું, લીન થવું એ જ કરવાનું છે. આ કરવાનું કર્તવ્ય છે.

'मैं चैतन्य हूं,...' હું એકલો, ચૈતન્યમાત્ર હું એક આત્મા છું. આ જગતમાં અનાદિથી પરિભ્રમણ કરી રહ્યો છું. હવે મારા આત્માને એ પરિભ્રમણના દુઃખોથી છૂટવાની ભાવના થઈ છે તેથી હું મારું કલ્યાણ કરવા ઈચ્છું છું. અને જે રીતે જ્ઞાનીપુરુષ કહે એ રીતે મારે મારું કલ્યાણ કરી લેવું છે. આ મનુષ્યભવ એટલા માટે મળ્યો છે એમ અંદરથી આવવું જોઈએ. આ મનુષ્યભવ કમાવા અને ધમાવા મળ્યો છે કે ખાવા-પીવા મળ્યો છે એમ નહિ. આ મનુષ્યભવ મારું આત્મકલ્યાણ કરવા માટે મળ્યો છે. કેમકે અનંત કાળે મળે છે, જલ્દી-જલ્દી મળતો નથી. બહુ દુર્લભ છે. એમ અંદરથી વિચારણામાં આવે તો એ સુવિચારણા છે. એવી જે વિચારણા થાય તો એ સુવિચારણા છે. નહિતર એ સુવિચારણાના અભાવમાં કુવિચારણા તો ચાલવાની જ છે. વિચાર વગરનો તો છે નહિ માણસ. એટલે કુવિચારણા તો ચાલવાની જ છે. જે દુઃખદાયી છે.

મુમુક્ષુ :- એ તો ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ચાલુ જ છે. એ કાંઈ નવું શીખવાનું નથી અને એ દુઃખદાયી છે. છે એ દુઃખદાયી છે.

'मैं चैतन्य हूं, यह सब मैं नहीं हूं-नहीं हूं.' બે વખત લઈ લીધું છે. છૂટવું છેને? એટલે એવી રીતે અંદરથી આવવું જોઈએ. આ ફિલિંગ સેન્સ લીધી જુઓ. બે વખત લખીને શું કર્યું? કે એકદમ અંદરથી ભાવના આવી કે આ બધું હું નથી. જે સંયોગો છે એ હું નથી. આ સંયોગોમાં મમત્વ થાય છે એ મને દુઃખ દે છે.

આ હું નથી, આ હું નથી. જેમ કોઈ ભાગવા માગતો હોય એવી રીતે લીધું છે. **'ઐસી ભીતરમેં સે પરિણતિ પ્રગટ કરો.' 'મૈં નહીં હૂં-નહીં હૂં.'** એવી પરિણતિ પ્રગટ કરો. પરિણતિ થઈ જવી જોઈએ. પરિણતિ પ્રગટ કરો એનો અર્થ શું થયો? કે એટલું બધું એ રસથી ઘૂંટાવું જોઈએ કે એની પરિણતિ થઈ જાય. પછી વિકલ્પ ન કરવો પડે.

મુમુક્ષુ :- ઈસીકા અભ્યાસ ચલના ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- હાં.

'ઈસસે આત્માકા જ્ઞાન-આનંદ પ્રગટ હોતા હૈ.' ઈસસે એટલે કે આ પ્રકારની પરિણતિ પ્રગટ થવાથી આત્માને અંદરથી જ્ઞાનાનંદ દશા, શાંતિની દશા પ્રગટ થાય છે. **'જીવનકા સાફલ્ય ઈસમેં હૈ.'** આમાં જીવનની સફળતા છે. સાફલ્ય એટલે સફળતા છે. **'જૈસા અરિહંત ભગવાનકા દ્રવ્ય-ગુણ-પર્યાય હૈ, વૈસા મેરા દ્રવ્ય-ગુણ હૈ. મુઝે પર્યાય પ્રગટ નહીં હુઈ હૈ.'** ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય છે એવા દ્રવ્ય-ગુણ તો છે, પર્યાય એવી મારી નથી. એટલે એમના દ્રવ્ય-ગુણ-પર્યાય જોઈને જો મારા દ્રવ્ય-ગુણ-પર્યાય એવા હોય તો મારી પર્યાય એવી જ થવી જોઈએ. દ્રવ્ય-ગુણે સરખા છીએ તો પર્યાયે શું કરવા બીજી રીતે?

જેમ કોઈ માણસ એમ કહે કે આપણે એક બાપના બે દીકરા છીએ. તો બેયને સરખું મળવું જોઈએ. તને વધારે એવું શું કરવા? કોઈ છોકરો એમ કહે કે ભાઈ! મારે ૬૦-૭૦ કે ૯૦ ટકા જોઈએ, હું તને ૧૦-૨૦ ટકા આપું. તો કહે શું કરવા? જ્યારે આપણે સરખા જ છીએ, વારસદાર તરીકે આપણે સરખા જ છીએ તો આપણને સરખું જ મળવું જોઈએ.

એમ ભગવાનના દ્રવ્ય-ગુણ અને મારા દ્રવ્ય-ગુણ સરખા છે તો એની પર્યાય વધારે અને એની પર્યાયમાં સુખ પરમાનંદ અને મારી પર્યાયમાં દુઃખ એવું શું કરવા? દ્રવ્યે-ગુણે તો સરખા છીએ તો પર્યાયે પણ મને સરખું જ થવું જોઈએ. એમ ભગવાનના દર્શનમાં એમ વાત આવે છે કે ભગવાન તમારા દર્શન એટલા માટે કરું છું કે મારે પણ પર્યાયે તમારા જેવા જ થવું છે.

'જૈસા અરિહંત ભગવાનકા દ્રવ્ય-ગુણ-પર્યાય હૈ, વૈસા મેરા દ્રવ્ય-ગુણ હૈ.' એવા જ મારા દ્રવ્ય અને ગુણ છે. **'મુઝે પર્યાય પ્રગટ નહીં હુઈ હૈ. મેરેમેં શક્તિરૂપ હૈ, ભગવાનમેં પ્રગટ હુઈ હૈ.'** શક્તિ છે મારી. દ્રવ્ય-ગુણ છે એટલે મૂળ તો શક્તિરૂપ છે. પર્યાય પ્રગટ કરવાની શક્તિ તો છે, પ્રગટ નથી કરી. પ્રગટ કરવી જોઈએ એ મેં પ્રગટ કરી નથી એ મારો દોષ છે. **'ઐસે અંતરમેં જાકર અનંતશક્તિસે ભરપૂર**

અનુપમ આત્મતત્ત્વકી દૃષ્ટિ કરેં તો ચૈતન્યતત્ત્વ પ્રગટ હોતા હૈ.' આ રીતે પોતાના સ્વરૂપમાં વળીને, સ્વરૂપની અનંત શક્તિથી ભરપૂર એવા આત્મસ્વરૂપની દૃષ્ટિ કરવી. દૃષ્ટિ કરે તો દૃષ્ટિના કારણે અનંતે અનંત ગુણની દશા સમ્યક્ થઈ જાય છે. અને ચૈતન્યતત્ત્વ એટલે આખો આત્મા પ્રગટ થાય છે. એ સંક્ષેપમાં વાત લીધી છે.

આત્મતત્ત્વને ઓળખવાથી માંડીને ભેદજ્ઞાન સુધીની જે વાત કરી એ ઓળખવા માટે સ્વાધ્યાય છે અને એ સ્વાધ્યાયની અંદર એ પહેલા શું શું થવું જોઈએ એ વિષય પણ ગર્ભિતપણે આવી જાય છે. કેમકે સીધી તો ઓળખાણ થતી નથી. ઓળખાણ થવા માટે સત્સંગ કરવો જોઈએ અને સત્સંગમાં પોતાની યોગ્યતા કે અયોગ્યતાનો નિર્ણય કરવો જોઈએ અને જે સ્થિતિ છે એ યોગ્ય-અયોગ્યનું મિશ્રણ છે. યોગ્યતા એટલી છે કે જીવને આત્મકલ્યાણ કરવાનો ભાવ તો થયો એટલે અહીં સુધી આવ્યો, પણ આત્મકલ્યાણ હજી શરૂ થયું નથી એટલી અયોગ્યતા પણ છે. પોતાની જેવી યોગ્યતા-અયોગ્યતા હોય એને સત્સંગના યોગે સમજવી. સત્સંગના યોગે સમજીને પછી જે ક્રમથી પ્રવેશ કરવો છે એ ક્રમથી પ્રવેશ કરી અને પદાર્થ નિર્ણય એટલે આત્માની ઓળખાણ સુધી પહોંચવું જોઈએ. એ ઓળખાણપૂર્વક ભેદજ્ઞાન ચાલે તો આત્મશાંતિની દશા પ્રગટ થાય. એટલું વિશેષ લઈ લેવું. એ ૧૩૨મો થયો.

પ્રશ્ન ૧૩૩ ઉપર પ્રવચન

૧૩૩. **'પ્રશ્ન :- જ્ઞાની ગમે તેવાં વચનો મુમુક્ષુને કહે તો તેમાં શંકા કે અન્ય વિચાર ન આવવા જોઈએ એ બરાબર છે?'** અથવા યોગ્ય છે? બહુ સારો પ્રશ્ન ઉઠાવ્યો છે. કેમકે જીવ અનાદિથી સ્વચ્છંદ પરિણામી છે. કેવો છે? સ્વચ્છંદ પરિણામી છે એટલે જ્ઞાનીના વચનોમાં પણ શંકા કરે છે કાં તર્ક-વિતર્ક કરે છે. પરિણામે એને પોતાનું આત્મહિત જ્ઞાનીના આશ્રયે જે થવું જોઈએ તે થવાની પરિસ્થિતિ બંધ થઈ જાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જિસકો આત્મકલ્યાણકી ભાવના હોગી, વહ તો તર્ક-વિતર્ક કરેગા હી નહીં. વહ તો અપની બાત પકડકર ઉસમેં લગ જાયેગા.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનાકે દૌરાન સ્વચ્છંદ મિટા હોગા તો. જહાં તક સ્વચ્છંદ હૈ વહાં તક ગડબડ કરેગા. સ્વચ્છંદ મિટે તો ભાવના સહી હૈ, વરના ભાવના હૈ

વહ બાત કહનેકી હો ગયી, વહ માત્ર કહનેકી બાત રહ ગયી.

મુમુક્ષુ :- તો ભાઈશ્રી વહ ભાવના ભાવના કહાં હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વહ તો સ્વચ્છંદ હી હૈ, ભાવના કહાં હૈ, વહ તો કહનેકી બાત રહ ગયી.

મુમુક્ષુ :- ભાઈશ્રી, ઓળખાણ ન હોય તો જ્ઞાનીની...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનીપુરુષને જ્ઞાનીપુરુષ તરીકે ન ઓળખ્યા હોય ત્યાં સુધી વિટંબણા ઘણી છે. ત્યાં સુધી વિટંબણા છે અને ત્યાં સુધી જીવ ગોથું ખાવાની પરિસ્થિતિ ઊભી છે એટલે ઓળખવાની જરૂરિયાત ઊભી થઈ. ઓળખવા જોઈએ, ઓળખવા માટે યોગ્યતા જોઈએ, ઓળખવા માટે યોગ્યતા જોઈએ. યોગ્યતા માટે સત્સંગ જોઈએ. પાછી ગાડી ફરી ફરીને ત્યાં આવે છે. એ સિવાય બીજો ઉપાય નથી. સત્સંગ અમૃત છે. આ કાળનું તો અમૃત છે પણ એ ત્રણે કાળનું અમૃત છે એમ સમજી લેવું. એટલે અમૃતને મૂકીને જાવ એટલે ઝેર પીવાનું તો ચાલુ જ છે અનાદિથી. ઝેર તો ચડી જ ગયું છે. ટોક્સિકેશન તો થઈ જ ગયું છે. ઝેર તો ચડેલું છે એને ઉતારવા માટે સત્સંગરૂપી અમૃતનું પાન કરવું. એ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- નોળવેલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- નોળવેલ છે. નોળીયો અને સાપ એની લડાઈ થાતી હતી. સાપ ઝેરી હતો તો લડતો-લડતો ડંખ મારી દે નોળીયાને. ડંખ મારે એટલે એની ઝેરની અસર થાય. એટલે એક વનસ્પતિ આવે છે એને નોળવેલ કહે છે. વેલ-વેલો. નોળિયો ભાગી અને એ નોળવેલ પાસે વયો જાય અને એને સુંઘી લે. જેવી નોળવેલ સુંઘે એટલે ઓલું ઝેર ઉતરી જાય. વળી પાછો સાપની સામે લડવા જાય. એમ મુમુક્ષુજીવને સત્સંગ છે એ નોળવેલ બરાબર છે. અને બાકી ઘર ને દુકાન ને સમાજ ને એ બધું જેટલું છે એ બધું સાપનો સંગ કરવા જેવો અસત્સંગ છે. એટલે તેવીસ કલાક એ ચાલે. એક કલાક પાછું નોળવેલ પાસે જાય તો વળી ઝેર ઉતરે. એમ ને એમ કરતો-કરતો સાપની સામે લડ્યા કરે. એમાં સાપ મરી જાય તો જીતી જાય. સાપ મરી જાય એનો અર્થ શું અહીંયાં? કે પોતાની વૃત્તિ છૂટી જાય, પોતાની વૃત્તિ છૂટી જાય. એ જ સાપ છે અંદરમાં. પોતાની એ તરફની વૃત્તિ છે એ સાપ છે કે મને આ વગર નહિ ચાલે, મને આના વિના નહિ ચાલે, મારે આ જોઈએ, મારે આ જોઈએ. એ જ સાપ છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મારાપણું,...

પૂજ્ય ભાઈશ્રી :- હા, આધારબુદ્ધિ...

મુમુક્ષુ :- ભાઈશ્રી! જિસકો આત્મકલ્યાણકી ભાવના હોતી હૈ સચ્ચી, તો ઉસકો જ્ઞાનીપુરુષકા એક વચન ભી અગર ઉસકો પરિણમનને લાગુ હો જાયે, તો ફિર ઉસકો તર્ક વિતર્ક નહીં આતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, કિસકો નહીં આતા હૈ વહ બહેનશ્રી બતાતે હૈં દેખો. કિ કિસકો શંકા નહીં હોતી હૈ.

'**જેને આત્માર્થતા હોય...**' આત્મકલ્યાણ કરવું છે એ શંકા-કુશંકા, તર્ક-કુતર્ક એ નહિ કરે. '**જેને આત્માર્થતા હોય કે મારે મુક્તિ જ જોઈએ છે...**' મારે તો છૂટવું જ છે હવે. આ બધા દુઃખોથી અને પરિભ્રમણથી મારે છૂટવું છે. '**તે બીજી કોઈ કલ્પનામાં પડતો નથી.**' બીજી કલ્પના એટલે શું? કે મારા આત્મકલ્યાણની સિવાયની વાતમાં મારે પડવું નથી. આમાં મારું આત્મકલ્યાણ થાય આ વાતમાં? કે ન થાય. મૂકો, મારે આમાં પડવું નથી. કોઈ વાત કરવા આવે (તો કહે), મારું આત્મકલ્યાણ થાય એવી કોઈ વાત કરો. મને એમાં રસ છે. મારે બીજામાં રસ લેવો નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અપને દોષોંકો નિકાલને મેં લગા હૈ ઉસકા દૂસરેકે તરફ ધ્યાન જાયેગા કહાંસે? તો ઉસે અપના આત્મકલ્યાણ હી કરના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં.

'**તે બીજી કોઈ કલ્પનામાં પડતો નથી. મારે તો મારા આત્માનું કામ છે.**' હું દુઃખી થઈ રહ્યો છું અને મારે મને દુઃખથી છોડાવવો છે આ સિવાય મારે બીજું કામ નથી. '**સાચો માર્ગ જે જ્ઞાનીએ બતાવ્યો...**' જે જ્ઞાનીએ સાચો માર્ગ બતાવ્યો આમ લેવું અહીંથી. જે જ્ઞાનીએ સાચો માર્ગ બતાવ્યો તે. '**ગમે તે કહે, મારે પ્રમાણ છે.**' પ્રમાણ છે એટલે મારે એ માન્ય રાખવું છે. એ કહે તે મારે માન્ય રાખવું છે બસ. રાતને રાત કહે તો ભલે અને દિવસને રાત કહે તોપણ ભલે. ઠીક. અમે કહેતા, નવા નવા સોગનઢ ગયા ત્યારે કે આ ગુરુદેવ એમ કહે ધોળા દિવસે ખરે બપોરે કે આ તો અમાસની રાત છે. રાત છે એમ નહિ, અંધારી રાત છે. તો માનવું કે ન માનવું? અંદરોઅંદર પૂછીએ કે આપણે માનવું કે ન માનવું? કે શંકા કરવી? કે તર્ક ઉઠાવવો? માની લેવું.

મુમુક્ષુ :- નજર સામે દેખાતું હોય...

પૂજ્ય ભાઈશ્રી :- પણ માનવું કેવી રીતે? અજવાળું (હોય), ધોમધખતો બાર વાગ્યાનો સૂરજ તપતો હોય, તડકો હોય અને તમે કહો કે અમાવસ્યાની રાત છે. એને માનવું કેવી રીતે? બુદ્ધિ તો ના જ પાડે. બુદ્ધિ કેવી રીતે હા પાડે? તો કહે

બુદ્ધિને બે થપ્પડ મારીને બેસાડી દેવી કે મારા ગુરુ પાસે તારું કોઈ કામ નથી. તારું કામ ક્યાં સુધી હતું? કે એને ગુરુ તરીકે સમજવા સુધીનું. ક્યાં સુધીનું હતું? કે ગુરુ તરીકે એને સમજવાનું. હવે તારું કામ નથી.

મુમુક્ષુ :- સ્વીકારી લીધું પછી વાત પૂરી થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વીકારી લીધું એટલે સ્વીકારી લીધું. હવે તારું કામ નથી. હવે એ કહે એ બરાબર છે. તોપણ બુદ્ધિ તો ઊભી થાય. તોપણ બુદ્ધિ ઊભી થાય તો શું કરવું? ઘણા છોકરા એવા હોય કે બે થપ્પડ મારી હોય તો માને નહિ, જીદ કરે. તો કહે એને સમજાવી દેવો. એને વાળી લેવું સમજાવીને. કેવી રીતે વાળે? કે આવી રીતે કહે છે, ધોળા દિવસે તારા દેખાડે છે. અમાસમાં ચંદ્ર હોય તો તારા પણ ન દેખાય. અંધારી રાત હોય તો તારા દેખાયને. આપણે નથી કહેવત? ધોળા દિવસે તારા દેખાડ્યા. એમ જે ધોળા દિવસે તારા દેખાડ્યા (તો) કાંઈક રહસ્ય હશે આમાં. મારામાં બુદ્ધિ છે એટલી કાંઈ એમનામાં નથી એવો આંક તો મૂકવાનું સાહસ મારે કરવું જોઈએ નહિ. મને જેટલી બુદ્ધિ છે એટલી એમને નથી? એટલું તો દુઃસાહસ જેને કહવાય, એ તો દુઃસાહસ કરવા જેવું નથી. કાંઈક રહસ્ય હશે. કાંઈક આ વાતમાં રહસ્ય હશે. મારામાં જો બુદ્ધિ હોય તો એ રહસ્યને હું ગોતી કાઢું. બુદ્ધિને ત્યાં લગાવવી કે જો મારામાં બુદ્ધિ હોય તો એ રહસ્યને હું ગોતી કાઢું. આમાં કાંઈક પારમાર્થિક વાત કહેવા માંગે છે. પ્રોબ્લેમ અઘરો મારી સામે મૂક્યો છે, અઘરો કોયડો છે. હવે મને જો બુદ્ધિનો ફાંકો હોય તો આ કોયડો હું ઉકેલું, તો મારી બુદ્ધિ સાચી. નહિતર તારો બુદ્ધિનો ફાંકો તું એક કોર મૂકે દે.

એવું બન્યું હતું એકવાર હોં. એક દિવસ ગુરુદેવ કહે સોનાના ભાવ શું છે? એટલે કોક કહે સાહેબ ૪૩૦૦ છે, ૪૪૦૦ છે. જે ચાલતા હશે. કોઈ ૩૭૦૦ કહે. જે ચાલતા હશે એ કીધું હશે, ઈ વખતે જે ચાલતા હશે. અત્યારે તો વધારે છે. એ વખતે જે ચાલતા હશે. બજારની તો ખબર હોયને છાપા વાંચતા હોય તો. કોઈ પાંચ-પચ્ચીસ આઘા-પાછા બધાએ ભાવ બતાવ્યા. ગુરુદેવ હસવા મંડ્યા. હસવા એટલા માટે મંડ્યા કે આ લોકો મારો કહેવાનો આશય સમજી શકતા નથી. તો કહે, એમ કહેવું છે કે સોનાનો સ્વભાવ શું છે? ભાવ શું છે એટલે સોનાનો સ્વભાવ શું છે? સ્વભાવદૃષ્ટિમાં તો સ્વભાવની વાત મુખ્ય હોય. તો એનો સ્વભાવ શું છે? એમ આત્માનો સ્વભાવ શું છે એમ જોવાની વાત છે. સ્વભાવથી જુવો. એટલા માટે એમ આશય છે કે અમારે તો કાંઈ બૈરા-છોકરા છે નહિ કે દાગીના ઘડાવવા નથી, પછી અમે ઓલો ભાવ શું કરવા પૂછીએ? ઓલો ભાવ અમે શું કરવા પૂછીએ?

અમારે તો કાંઈ સોનું લઈને દાગીના ઘડાવાનો પ્રસંગ નથી કાંઈ. તો પછી વિચારશક્તિ હોય એને ખ્યાલ આવવો જોઈએ કે કાંઈક બીજું કહેવા માગે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કૃપાળુદેવે નહોતું કીધું તરસ લાગી છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ્ઞાની કોઈવાર એવી બધી ચિત્ર-વિચિત્ર વાત કરે તોપણ એની પાછળ આશય હોય છે. એવી જ એકવાર બીજી વાત કરી હતી. ભૂગોળનો પ્રશ્ન પૂછયો લ્યો ઠીક! આ પૃથ્વી ઉપર જમીન વધારે છે કે પાણી વધારે છે? એટલે કહે, સાહેબ પાણી વધારે છે, જમીન તો ઓછી છે. કોઈએ વળી વધારે સમજણ હશે એણે કીધું કે સાહેબ! જમીન એક તૃત્યાંશ જેટલી છે અને પાણી બે તૃત્યાંશ જેટલું છે. એટલું વધારે છે. એમ સૌ સૌને જેટલી એ વિષયમાં જાણકારી હતી એ બધા બતાવવા માંડ્યા. તો કહે, એમ નહિ. એ પાણીની નીચે પણ જમીન છે. એમ કહીને શું કીધું? અમારા પ્રશ્નમાં ઊંડાણ હોય છે. વાત સામાન્ય પૂછીએ તોપણ એવી છીછરી વાત નથી હોતી, ઊંડાણ હોય છે. તમને પાણી દેખાણું, પણ પાણીની નીચેની જમીન દેખાણી? એમ. એવી રીતે ઊંડાણ બતાવવા માટે વાત કરી દે.

તો કોઈ વખતે એ જ સમુદ્રની વાત એવી કરતા. કે ભાઈ આ સમુદ્ર કેટલો ઊંડો હશે? વધુમાં વધુ ક્યાં ઊંડો હશે? અને કેટલો ઊંડો હશે? તે વખતે તો હું હતો એટલે મેં કીધું સાહેબ! આ પૃથ્વી ઉપર તો જે સમુદ્ર છે આ ખારો સમુદ્ર, લવણ સમુદ્ર કહીએ છીએ એ સાડા-પાંચ છ માઈલ જેટલો ઊંડો છે. ભૂગોળમાં અમારે એમ આવતું હતું. ઊંચામાં ઊંચો પર્વત હિમાલય છે અને એની સીધે સીધી વર્ટીકલ ઊંચાઈ સાડા પાંચથી છ માઈલની છે. એ ટેકરો થઈ ગયો પૃથ્વીનો. અને આ પૃથ્વી ઉપર ખાડો જે છે એમાં પાણી ભર્યું છે એ સમુદ્ર છે. એ સીધે સીધું માપો નીચે તો સાડા પાંચથી છ માઈલનો ખાડો છે. આમ ખાડા-ટેકરા લગભગ વધુમાં વધુ જે છે, મેક્સિમમ છે એ સરખી પરિસ્થિતિના છે. એમ ભૂગોળમાં આવતું હતું. તો કહે બરાબર.

હવે આત્મા જ્ઞાન અને આનંદનો સમુદ્ર છે એ કેટલો ઊંડો હશે એ કહો. વાત પાછી ક્યાં લઈ ગયા? કે આત્મા જ્ઞાન અને આનંદનો સમુદ્ર છે એ કેટલો ઊંડો છે? એને તળિયું જ નથી નીચે, જમીન જ નથી. નીચે ચાલ્યા જ જાવ, નીચે ચાલ્યા જ જાવ, નીચે ચાલ્યા જ જાવ. ક્યાંય છેડો નથી આવતો, તળિયું જ નથી આવતું. એટલે દુનિયાના સમુદ્ર કરતા આત્માનો સમુદ્ર સૌથી મોટો છે. જેમાં જ્ઞાનજળ અને આનંદજળ ભર્યું છે એ સૌથી મોટો છે. એમ કરીને સ્વરૂપનો મહિમા કેવી

રીતે આવે એમ વાત કરી.

શું કીધું? '**સાચો માર્ગ જે જ્ઞાનીએ બતાવ્યો તે, ગમે તે કહે, મારે પ્રમાણ છે,...**' ઘણાએ શંકા કરીને કે ગુરુદેવ તીર્થંકર થવાના છે. એવું બહેનશ્રીનું સપનું હોય અને એવું સપનાના આધારે કાંઈ એવું થાય નહિ. અરે! બધું પ્રમાણ છે. ગુરુદેવે કીધું કે નથી કીધું? વાત પૂરી થઈ ગઈ. શાસ્ત્રમાં છે કે નહિ? કે એ શાસ્ત્રની વાત એક કોર મૂકી દે. તને શાસ્ત્રસંજ્ઞા થઈ છે. શું થયું છે? શાસ્ત્રસંજ્ઞા વર્તે છે. નહિ પામી શકે તું, તારું કામ નથી. '**તે, ગમે તે કહે, મારે પ્રમાણ છે, પોતાના આત્માનું કલ્યાણ કરવા બધી રીતે જ્ઞાનીને અર્પણતા કરવી ને વર્તન કરવું.**' બધી રીતે અર્પણ કરીને વર્તન કરવું અને બધી રીતે અર્પણતા કરીને ચાલવું. પોતાનો અભિપ્રાય જુદો પડતો હોય તોપણ એની મુખ્યતા કરવી નહિ. બધી રીતે હન્ડ્રેડ પર્સન્ટ, ટોટલ સરેન્ડરશીપ લઈ લીધી છે. '**આવી મુમુક્ષુની પરિણતિ હોય છે.**' લ્યો શું કીધું? '**આવી મુમુક્ષુની પરિણતિ...**' થઈ જાય છે. આત્માર્થી જીવ હોય એની એવી પરિણતિ હોય. એને વિચાર ન કરવો પડે કે માનવું કે ન માનવું? પરિણતિ એવી થઈ ગઈ હોય. વન સાઈડેડ. એક જ બાજુ ચાલે એના પરિણામ, બીજી બાજુ ચાલે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ વાતમાં, વિચારમાં એમ આવું ગયું કે આમ કહે છે, પણ મને કેમ આમ લાગે છે? લાગે એવું કોઈ વાતમાં. તોપણ એ વાતને મુખ્ય કરવી નહિ, ગૌણ કરી નાખવી. એ ૧૩૩ થયો.

પ્રશ્ન-૧૩૪

પ્રશ્ન :- આ પ્રકારની પરિણતિ આવ્યા વગર કોઈને સમ્યગ્દર્શન થાય ખરું?

સમાધાન :- જેને મોક્ષમાર્ગે જવું છે તેને અર્પણતાની પરિણતિ હોય છે, તેને સ્વચ્છંદ પરિણતિ હોતી નથી. બહારનાં કાર્યોમાં પરિણતિ પકડાય અથવા ન પકડાય; પણ પોતાની સ્વચ્છંદ પરિણતિ ન હોય. પોતાની ઇચ્છાએ વર્તવું એવું ન હોય.

જે મુનિરાજ હોય છે તેને પણ પોતાથી મોટા ગુરુ કે આચાર્ય હોય તે

શું કહે છે, તેમાં અર્પણતા હોય છે. શ્રી કુંદકુંદાચાર્ય જેવા પણ કહે છે કે મને જે સ્વાનભૂતિ થઈ છે તે સર્વજ્ઞદેવની પરંપરાથી જે મળ્યું છે, તેનાથી થઈ છે– મુનિરાજના હૃદયમાં પણ દેવ–ગુરુ અને શાસ્ત્ર હોય છે. એવી પરિણતિ તેમની હોય છે, સ્વચ્છંદ પ્રવૃત્તિ હોતી નથી. ૧૩૪.

પ્રશ્ન ૧૩૪ ઉપર પ્રવચન

૧૩૪. '**પ્રશ્ન :- આ પ્રકારની પરિણતિ આવ્યા વગર...**' આપણે ૧૩૩ લઈ લીધો હતો જતા પહેલા. લઈ લીધો હતો. અત્યારે થોડું વિસ્તારથી લઈ લેશું. '**આ પ્રકારની પરિણતિ આવ્યા વગર...**' એટલે શું? કે જ્ઞાની કહે અથવા એનું બધું માન્ય રાખવું, એની અર્પણતા કરવી એવી પરિણતિ આવ્યા વગર '**કોઈને સમ્યગ્દર્શન થાય ખરું?**' અમને એવું નથી થતું. છતાં અમે સત્સંગમાં તો જઈએ છીએ, વ્યાખ્યાન તો સાંભળીએ છીએ, તો સમ્યગ્દર્શન થાય કે ન થાય?

'**સમાધાન :- જેને મોક્ષમાર્ગે જવું છે તેને અર્પણતાની પરિણતિ હોય છે, તેને સ્વચ્છંદ પરિણતિ હોતી નથી.**' બહુ મૃદુ ભાષામાં જવાબ આપ્યો છે. સીધી ના પાડી નથી કે નહિ એમ નહિ થાય તો નહિ થાય. એમ ન થાય તો સ્વચ્છંદ છે એમ કહી દીધું. આડકતરી રીતે શું કહી દીધું? કે જેને મોક્ષમાર્ગે જવું છે તેને તો આવી જ પરિણતિ હોય અને તેને સ્વચ્છંદ પરિણતિ હોતી નથી. એટલે આવી પરિણતિ ન હોય એને શું થયું? એને સ્વચ્છંદ છે. તો સ્વચ્છંદ હોય એને સમ્યગ્દર્શન કેમ થાય? થાય નહિ. પ્રશ્ન જ નથી.

મુમુક્ષુ :- આજ્ઞાએ ચાલવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નહિતર સ્વચ્છંદ થઈ જાય. આજ્ઞાએ ચાલવાનો નિર્ધાર ન હોય તો સ્વચ્છંદ થયા વગર રહે નહિ.

'**બહારનાં કાર્યોમાં પરિણતિ પકડાય અથવા ન પકડાય; પણ પોતાની સ્વચ્છંદ પરિણતિ ન હોય.**' બહારના કાર્યોમાં પરિણતિ પકડાય અથવા ન પકડાય (એમ) બની શકે. બહારનું જે કામ છે એમાં શું પરિણતિ ચાલે છે એ પકડાય કે ન પકડાય. '**પણ પોતાની સ્વચ્છંદ પરિણતિ ન હોય.**' ઓછામાં ઓછું સ્વચ્છંદ પરિણતિ ન હોવી જોઈએ. બીજું પકડાય કે ન પકડાય. સ્વચ્છંદ છે એ તો સ્થૂળ છે. અને

એ તો એને પકડાવું જોઈએ. આત્મકલ્યાણ કરવું છે એને જો પોતાનો સ્વચ્છંદ ન સમજાય તો પછી સુધરવાનો કોઈ આરોવારો નથી.

મુમુક્ષુ :- બીજા દોષ કોક ન પકડાય એમ બને, પણ આ તો પકડાવો જ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ સ્થૂળ છે. સ્વચ્છંદ ન પકડાય, પતી ગયું. પછી છૂટવાનો કોઈ રસ્તો નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાનીકી બાત અગર અંદરમેં નહિ ઉતરે તો ઉસ સમય ઐસા લેના ચાહિયે કિ હમ અજ્ઞાની હૈં ઈસલિયે હમેં નહીં ઉતર રહી હૈ, લેકિન જ્ઞાનીકી બાત તો સહી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક હૈ. લેકિન નહીં ઉતર રહી હૈ તો ઉતારને કા પ્રયાસ તો હોના ચાહિયે.

'પોતાની સ્વચ્છંદ પરિણતિ ન હોય. પોતાની ઈચ્છાએ વર્તવું એવું ન હોય.' આજ્ઞામાં આવી ગયો એને તો બહુ ફાયદો છે કે ચાલો, મારા માથે છે, મારે શું ચિંતા? જેમ આપણે કોઈને મદદમાં સાથે રાખીએ તો ભાર ઓછો થાય છે કે નહિ? એ સાથેને બદલે અહીં માથે રાખે એટલે હળવોફૂલ થઈ જાય. મારે કાંઈ ચિંતા કરવાની જરૂર નથી. મારું આત્મકલ્યાણ થાય એ રસ્તો મને એ બતાવે છે. મારે એ રસ્તે ચાલવું છે. મારે આ સિવાય બીજો મતલબ છે નહિ. એટલે **'પોતાની ઈચ્છાએ વર્તવું એવું ન હોય.'** અને પોતાની ઈચ્છાએ વર્તવું એવું હોય એનું નામ સ્વચ્છંદ છે. એનું નામ જ સ્વચ્છંદ છે. એના માટે બહુ સમર્થ દૃષ્ટાંત આપ્યું છે પેરેગ્રાફમાં નીચે.

'જે મુનિરાજ હોય છે તેને પણ પોતાથી મોટા ગુરુ કે આચાર્ય હોય તે શું કહે છે, તેમાં અર્પણતા હોય છે.' છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની મુનિદશા મહાન દશા છે, ત્યાં પણ એ વાત એમણે માથે રાખી છે. મારા આચાર્ય હોય, મારા ગુરુ હોય, મારાથી મોટા છે એ કહે તે મારે માન્ય રાખવાનું છે. મને પણ સમ્યગ્જ્ઞાન થઈ ગયું છે, હું પણ મુનિદશામાં છું અને એ પણ મુનિદશામાં છે એમ ન હોય, એમ ન હોય. જુઓને! બહેનશ્રી જ્ઞાની હતા, ગુરુદેવ પણ જ્ઞાની હતા. હું પણ જ્ઞાની છું એમ આવે છે? આત્મા બોલતા શીખ્યા હોય તોપણ ગુરુના પ્રતાપે. અમને તો ક્યાં કાંઈ આવડતું હતું? સીધું ત્યાંથી જ લે. એમ છે.

મુમુક્ષુ :- લઘુત્વ ભાવ હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિશેષ લઘુત્વ ભાવ હોય છે.

'શ્રી કુંદકુંદાચાર્ય જેવા પણ કહે છે કે મને જે સ્વાભૂતિ થઈ છે તે સર્વજ્ઞદેવની

પરંપરાથી જે મળ્યું છે તેનાથી થઈ છે-' લીધું છેને પાંચમી ગાથામાં લીધું છે. મારા ગુરુની કૃપાથી, પર ગુરુ અને અપર ગુરુ એવી રીતે બધી વાતો લીધી. એટલે પરંપરાએ તીર્થંકરને પણ લઈ લીધા. જેમનું શાસન પ્રવર્તી રહ્યું છે એ બધાનો મારા ઉપર ઉપકાર છે. કેમકે એમણે કહ્યું એની પરંપરા ચાલીને? ત્યારે મારા ગુરુ સુધી વાત આવી અને મારા ગુરુએ મને વાત પહોંચાડી. માટે એ બધાયનો મને ઉપકાર વર્તે છે. એવી રીતે...

મુમુક્ષુ :- ૨૫૪માં પરમ દૈન્યત્વ નથી આવતું ત્યાં સુધી યોગ્યતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, યોગ્યતા આવે નહિ. પરમ દીનતા. ગુરુ પ્રત્યે પરમ અર્પણતા. પરમ પ્રેમાર્પણ એ બધાનું બીજ છે. બધા દોષ મટાડવાનું બીજ છે. એમ લેવું છે. શું કહે છે?

'**શ્રી કુંદકુંદાચાર્ય જેવા પણ કહે છે કે મને જે સ્વાનુભૂતિ થઈ છે તે સર્વજ્ઞદેવની પરંપરાથી જે મળ્યું છે, તેનાથી થઈ છે-મુનિરાજના હૃદયમાં પણ દેવ-ગુરુ અને શાસ્ત્ર હોય છે.**' અહીંથી એવું કાઢવા માગે કે પરદ્રવ્ય છે. સ્વચ્છંદ થઈ ગયો તને. મુનિઓના હૃદયમાં પણ એ દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન હોય છે. '**એવી પરિણતિ તેમની હોય છે.**' તેમની એવી પરિણતિ થઈ ગઈ હોય છે. સ્વચ્છંદ પ્રવૃત્તિ જરા પણ મુનિરાજને હોતી નથી. જ્ઞાનીને, મુનિને સ્વચ્છંદ તો હોય જ નહિ. મુમુક્ષુની ભૂમિકામાં અનાદિનો સ્વચ્છંદ નથી મટ્યો ત્યાં સુધી માથે ગુરુને, મોટાને રાખી લેવા જોઈએ. એ સ્વચ્છંદ મટવાનો મોટો ઉપાય છે. મોટો, શ્રેષ્ઠ અને સુગમ ઉપાય છે.

બીજો ઉપાય પોતાના દોષનું અવલોકન કરવું તે છે. પોતાના દોષને જોવે, એનો ખેદ થાય તો સ્વચ્છંદ ન થાય અને બીજી બાજુ માથે ગુરુને રાખે તો સ્વચ્છંદ ન થાય. નહિતર સ્વચ્છંદ છે એ જીવને પરિભ્રમણનું સૌથી મોટું કારણ સ્વચ્છંદ છે. પછી પ્રતિબંધ આવે છે. સ્વચ્છંદ છે એ સૌથી મોટું કારણ છે. કેમકે એનો ડાયરેક્ટ એપ્રોચ પોતાની વિરુદ્ધતાનો છે.

એટલે એ પ્રકારની પરિણતિ આવ્યા વગર કોઈને સમ્યગ્દર્શન થાય? કે ન થાય. બહુ સ્પષ્ટ વાત છે કે ન જ થાય તે ન જ થાય. એમ આમાંથી સ્પષ્ટ નીકળે છે. અને વિશેષ વાત એ કાઢી કે એ પરિણતિ વગર અનાદિની જે જીવની સ્વચ્છંદની સ્થિતિ છે એ હજી એમ ને એમ રહી છે.

પ્રશ્ન-૫૦

પ્રશ્ન :- હું જ્ઞાયક છું વગેરે બધા વિચાર પણ વિકલ્પ છે ને ?

સમાધાન :- બધા વિકલ્પ છે, હજી નિર્વિકલ્પ થયો નથી. પણ તે વિકલ્પની પાછળ પોતાની જે ભાવના છે અને પોતાની પરિણતિ જ્ઞાયક તરફ દોડે છે તે પોતાને લાભ આપે છે. વિકલ્પથી કાંઈ થતું નથી, પણ ચૈતન્ય તરફની જે પરિણતિ છે, પોતાની ભાવના છે, ચૈતન્ય તરફની પોતાની તીવ્ર જિજ્ઞાસા છે, તેનાથી લાભ થાય છે. વારંવાર જ્ઞાયક તરફ ગયા વગર ચેન ન પડે; ક્ષણે ક્ષણે તેની જ ભાવના થાય; જ્ઞાયકનું જ રટણ રહે; ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં, સ્વપ્નમાં-બધાંમાં જ્ઞાયકની લગની લાગે અર્થાત્ તે જાતની પરિણતિની દોડ થાય છે. તે લાભ આપે છે.

મુમુક્ષુ :- આ તો વિકલ્પ છે ને ?

બહેનશ્રી :- વિકલ્પથી થતું નથી, પણ વિકલ્પ પાછળ પોતાની અંદરની જિજ્ઞાસા, જ્ઞાયક તરફ દોડતી પોતાની પરિણતિ લાભ આપે છે, યથાર્થ તો પછી થાય છે, પણ પહેલાં આવી ભાવના અને આવી જિજ્ઞાસા થાય છે. ઊંડી જિજ્ઞાસા ને જ્ઞાયક સ્વભાવને પકડવા તરફ પોતાની પરિણતિ જોરદાર થાય તે સ્વભાવ-સન્મુખતા છે. ૧૩૫.

તા. ૧૩-૩-૧૯૯૭, પ્રશ્ન-૧૩૫,૧૩૬
પ્રવચન નં. ૮૮

સ્વાનુભૂતિદર્શન, ૧૩૫મો પ્રશ્ન છે, પાનું-૯૫.

'**પ્રશ્ન :- હું જ્ઞાયક છું વગેરે બધા વિચાર પણ વિકલ્પ છેને?**' જ્ઞાયકનો વિચાર આવે એ પણ વિકલ્પ જ છેને?

'**સમાધાન :- બધા વિકલ્પ છે, હજી નિર્વિકલ્પ થયો નથી.**' ત્યાં સુધી તો

વિકલ્પ ચાલે છે. '**પણ તે વિકલ્પની પાછળ પોતાને જે ભાવના છે અને પોતાની પરિણતિ જ્ઞાયક તરફ દોડે છે તે પોતાને લાભ આપે છે.**' શું થાય છે? સ્વરૂપની જે ભાવના છે, સ્વરૂપની જે રુચિ છે એનાથી પરિણામમાં જ્ઞાયક તરફની સમીપતા થાય છે એટલો લાભ છે. વિકલ્પ તો છે. ભાવના વિનાનો, રુચિ વિનાનો અને રસ વિનાનો વિકલ્પ હોય તો તે કોરો વિકલ્પ છે. એ વિકલ્પથી આત્માને કોઈ લાભ નથી. પણ આત્માનો વિકલ્પ આત્મા સંબંધીનો વિકલ્પ, આત્માની ભાવના, આત્માની રુચિપૂર્વક હોય તો તે દર્શનમોહને મંદ કરે છે અને જ્ઞાનને નિર્મળ કરે છે. એટલું કામ કરે છે. એટલે આત્મસ્વરૂપની ભાવના એ દર્શનમોહને મંદ થવાનું કારણ છે. ભાવના હોય ત્યાં વિકલ્પની મુખ્યતા ન લેવી એમ કહેવું છે. વિકલ્પ છે ખરો, પણ ત્યાં વિકલ્પ ન ગણવો, ભાવનાને ગણવી. અને જ્યાં ભાવના ન હોય (અને) એવા વિકલ્પ (હોય)—આત્માનો વિકલ્પ હોય, સ્વરૂપનો વિકલ્પ હોય તો એ વિકલ્પનું કોઈ મૂલ્ય નથી એમ લેવું.

'**વિકલ્પથી કાંઈ થતું નથી,...**' જે વિકલ્પ છે એનું મૂલ્ય નથી, ભાવનાનું મૂલ્ય છે. એટલે વિકલ્પથી કાંઈ લાભ થતો નથી, વિકલ્પથી કાંઈ થતું નથી એમ લઈ લેવું. એનો અર્થ એ થયો કે વિકલ્પની ગણતરી ન કરવી.

મુમુક્ષુ :- ગણતરી ન કરવી એટલે એમ ન આવવું જોઈએને કે આ તો વિકલ્પાત્મક છે, આ તો વિકલ્પાત્મક છે એમ કરીને પૂરેપૂરું વજન એના ઉપર ચાલ્યું જાય.

પૂજ્ય ભાઈશ્રી :- શું છે કે વિકલ્પ ઉપર વજન ન જાવું જોઈએ. ગણતરી ન કરવી એટલે એનું વજન ન જવું જોઈએ.

'**વિકલ્પથી કાંઈ થતું નથી,...**' એમ લઈ લેવું. '**પણ ચૈતન્ય તરફની જે પરિણતિ છે, પોતાની ભાવના છે, ચૈતન્ય તરફની પોતાની તીવ્ર જિજ્ઞાસા છે, તેનાથી લાભ થાય છે.**' પોતાના સ્વરૂપની ભાવના અને સ્વરૂપની જિજ્ઞાસા એ લાભનું કારણ છે. લાભનું કારણ છે એટલે દર્શનમોહને મંદ કરે છે એમ લેવું. દર્શનમોહ મંદ થાય એટલું લાભનું કારણ સમજવું. '**વારંવાર જ્ઞાયક તરફ ગયા વગર ચેન ન પડે;...**' જેને રુચિ હોય, પોતાના સ્વરૂપની રુચિ હોય તેને પોતાના જ્ઞાયક તરફના વિકલ્પ વગર, ભાવ વગર, વિકલ્પ એટલે અહીંયાં ભાવ વગર, ભાવનાપૂર્વકના ભાવ વગર એને ચેન ન પડે. અથવા એને બીજે રુચિ નથી હોતી. એને બીજા પ્રસંગોમાં, બીજા વિકલ્પોમાં એને રુચિ નથી, બીજા પદાર્થોમાં એને રુચિ નથી થતી.

મુમુક્ષુ :- સ્વરૂપ હજી પ્રગટપણે અનુભવમાં નથી આવ્યું તેમ છતાં અવ્યક્તપણે એની રુચિ કામ કરતી હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અવ્યક્ત રુચિની વાત છે. વ્યક્ત રુચિ તો ભાવભાસન પછી જ હોય, ભાવભાસન થવાથી જ હોય. એ પહેલા અવ્યક્ત રુચિ કોઈ કોઈ જીવોને હોય છે.

'વારંવાર જ્ઞાયક તરફ ગયા વગર ચેન ન પડે; ક્ષણે ક્ષણે તેની જ ભાવના થાય;...' વારંવાર તેની ભાવના થયા કરે. એ એની રુચિનું ચિહ્ન છે કે એની ભાવના રહ્યા કરે. જોકે ભાવના થાય અને વિકલ્પવાળી દશા હોય એટલે વિકલ્પસહિતની ભાવના થાય.

મુમુક્ષુ :- ક્ષણે ક્ષણે લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષણે ક્ષણે એટલે વારંવાર. જેવી રુચિ. પછી રુચિની ઉગ્રતા અનુસાર.

'જ્ઞાયકનું જ રટણ રહે; ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં, સ્વપ્નમાં-બધાંમાં જ્ઞાયકની લગની લાગે અર્થાત્ તે જાતની પરિણતિની દોડ થાય છે તે લાભ આપે છે.' અને આ વાત બહેનશ્રીએ પોતાના અનુભવથી કરી છે. પોતાના અનુભવ પ્રમાણે વાત કરે. એમનો અનુભવ એ પ્રકારનો વિશિષ્ટ પ્રકારનો હોવાનું પણ એક બીજું કારણ છે કે એમને પૂર્વ સંસ્કાર પણ હતા. પૂર્વ સંસ્કાર હતા, ગુરુદેવનો યોગ પણ થયો હતો. આ બાજુની લાઈનમાં આવ્યા એ ગુરુદેવના યોગને કારણે આવ્યા તો એમને એ પ્રકાર ચાલુ થઈ ગયો. એ પ્રકાર એમને ચાલુ થઈ ગયો. એમને તો જ્ઞાયકનું રટણ, એ જાતની ક્ષણે ક્ષણે ભાવના, ખાતા-પીતા, સૂતા-જાગતા, સ્વપ્નમાં બધામાં જ્ઞાયકની લગની (લાગેલી). લગની એમનો ખાસ પરિણમનનો પ્રકાર છે. લગની લાગી કે બસ! મારે આત્મા જોઈએ છેને. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. એની લગની લાગી. **'તે જાતની પરિણતિની દોડ થાય છે.'** એટલે એ પરિણતિ એ બાજુ દોડવા લાગી એમને. અને **'તે લાભ આપે છે.'** એટલે તે સમીપ જાય છે. તે પોતાના સ્વરૂપની સમીપ જઈ રહ્યો છે.

વિશાળતાથી વિચારીએ તો આને પણ એક પ્રકારની સ્વરૂપ સન્મુખતા કહેવાય છે. કેમકે સમીપ જાય છેને? સ્વરૂપ સન્મુખ જીવ હોય છે એના સ્વરૂપ સન્મુખ પરિણામો ચાલતા હોય છે, તો આ પણ જીવ સ્વરૂપ સન્મુખ જાય છે. એ ભાવભાસનમાં આવવાનો, અનુભવ થવાનો. એના બધા ચિહ્નો શરૂ થઈ ગયા. તો યોગ્યતાનો આવો પણ એક પ્રકાર હોય છે. જુઓ! વેદનામાં તો એ આવેલા હતા, આવ્યા હતા ખૂબ જ. સત્પુરુષનો યોગ થયો હતો. ગુરુદેવને ઓળખી લીધા હતા, પરમેશ્વરબુદ્ધિ પણ આવી હતી અને લગની લાગી હતી. કેમ ન પામે? આમાં શું એમને અવરોધ હતો?

અવરોધ તો માણસને ઉદય ભાવોની અંદર રુચિ અને રસ હોય એનો હોય છે. અવરોધ શેનો હોય છે? સંયોગની પ્રતિકૂળતાનો અવરોધ નથી. સંયોગની અનુકૂળતાનો અવરોધ નથી. પોતાના સંયોગ પ્રત્યેના રસવાળા, રુચિવાળા પરિણામ છે એ જ નુકસાન કરે છે, એ જ અવરોધ છે. તો એમણે તો મૂકી દીધું ઘર. આત્માના હિત માટે એમણે ઘર છોડી દીધું હતું. એટલે એમાં તો એમને રસ-રુચિનો સવાલ હતો જ નહિ.

હવે જે ઘરમાં રહેતા હતા પિતાજીની સાથે એ થોડું ઘણું ઘરકામ કરી લેતા હતા. ભાઈઓની સાથે (રહેતા) તો ત્યાં ભાભીઓની સાથે થોડું કામ જે એમના ભાગે આવે એ કરી લે અથવા ચીંધે એ કરી લે. લેબર વર્ક કરી લે. વાસણ ઉટકી નાખો તો વાસણ ઉટકી નાખે. અનાજ ઘરમાં આવ્યું તો કહે અનાજ સાફ કરી નાખો. તો અનાજ સાફ કરી નાખે. અમારો દીકરો નાનો છે અને રડે છે જરા હીંચકો નાખજો. તો ઘોડીયુંને હીંચકો નાખે. બધું કામ કરતા હતા. જે ઘરકામ હોય સામાન્ય રીતે, સામાન્ય માણસના ઘરમાં જે ઘરકામ હોય, તે દિ' કામવાળા રાખવાની પદ્ધતિ નહોતી ઘરમાં અને એવી સ્થિતિ માણસોની ખર્ચ કરવાની નહોતી. ખર્ચ કરવાની એવી સાઈકોલોજી પણ નહોતી. અત્યારે તો સામાન્ય માણસ હોય તો કામવાળાનો ખર્ચ કરી નાખે. પછી બીજું ભલે આઘું-પાછું ઓછું-વત્તું કરવું પડે તો કરી લે. તે દિ' એ પરિસ્થતિ નહોતી. તો ઘરકામ તો ઘરમાં જે સ્ત્રી વર્ગ હોય એ ઘરકામ કરે સૌ. એ પણ કરી લેતા હતા.

મુમુક્ષુની ભૂમિકામાં પણ કરતા હતા અને જ્ઞાનદશા પ્રાપ્ત થઈ પછી પણ કરતા હતા. એવું નથી કે જ્ઞાનદશા થયા પછી કામ ઘરનું મૂકી દીધું હતું, એવું કાંઈ નહોતું. બધું ઘરકામ કરતા હતા. વાસણ ઉટકે, કપડા ધોવે, સંજવારી કાઢવી, છોકરાઓને રાખવા કે હીંચકવા, અનાજ સાફ કરવું (એવું) બધું કામ કરતા હતા. પણ વાંચન, સ્વાધ્યાય, જ્ઞાન, ધ્યાનમાં વધારે રહેતા હતા. એમની લગની હતી એટલે જેટલો અવકાશ મળે એટલો એ પ્રવૃત્તિ, ધાર્મિક પ્રવૃત્તિ કરે. બાકી તો ખાતા-પીતા, સૂતા-જાગતા, સ્વપ્નમાં એનું કામ કરતા. અંદરના પરિણામ તો ચાલતા જ રહે. સંસારમાં પણ સંસારી જીવને બધા કામ કરતા પણ એની રસ અને રુચિવાળા વિષય તરફ પરિણતિ રહે છે કે નથી રહેતી? એ તો યશોવિજયજીએ એટલા માટે 'મન મહિલાનું વ્હાલા ઉપરે, બીજા કામ કરંત રે' દાખલો આપ્યો જ છેને. એટલે બીજા કામ આવે માટે મારા પરિણામ છૂટી જાય એ બહાનુ બરાબર નથી. તને પોતાને જ રસ અને રુચિ નથી. તને રસ-રુચિ હોય તો કોઈ કામ આડા આવતા નથી. આ કૃપાળુદેવે

આટલા મોટા ધંધા કર્યા. કરતા હતા કે નહિ? અને બહેનશ્રીએ બધું ઘરકામ કર્યું છે. બધું ઘરકામ કર્યું છે.

મુમુક્ષુ :- પોતાની રસ અને રુચિ ચેક કરતે રહના ચાહિયે કિ કિધર કામ કરતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, કઈ લોગ કહતે હૈં કિ દેખો, હમકો તો યે કામ આ ગયા, ઉદય આ ગયા તો હમારા પરિણામ બદલ ગયા, છૂટ ગયા. યે ગડબડ હૈ, રસ-રુચિકી ગડબડ હૈ.

મુમુક્ષુ :- કામ જ એટલું બધું રહે છે કે ટાઈમ જ નથી મળતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કામ રહે છે એટલે હવે અમને કાંઈ આત્માનું કરવાનો વખત નથી રહેતો, સમય નથી મળતો. ખોટી વાત છે. હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં એ બધે સમયે મળે છે. સૂતા-જાગતા. પછી તો રસ-રુચિ હોય તો એનું જ સ્વપ્નું આવે. સ્વપ્ના પણ એના આવે અને બીજા કામ કરતા પણ (એ) ચાલ્યા જ કરે.

'તે જાતની પરિણતિની દોડ થાય છે. તે લાભ આપે છે.' હવે કેટલો સરસ ખુલાસો છે. કોઈપણ મુમુક્ષુ જીવને આત્મકાર્ય કરવું હોય તો એને ઉદય ક્યા પ્રકારનો છે એ સાથે કાંઈ સંબંધ નથી. અહીંયાં તો આ મનુષ્યભવમાં મનુષ્યને લાયક બધાને ઉદય હોય છે. અહીંયાં કાંઈ નારકીને લાયક ઉદય હોય નહિ, તિર્યંચને લાયક ઉદય હોય નહિ કે ભાઈ, બળદ છે તને ગાડે જોડશે, ઘોડો છે તને ગાડીમાં જોડશે. એ તો કાંઈ છે નહિ અહીંયાં. કે કોઈ દેવને લાયક ઉદય નથી. મધ્યમ કક્ષાના મનુષ્યને લાયક બધાને ઉદય હોય છે. સૌના કુટુંબમાં ઘર ગૃહસ્થીમાં જે રીત-રિવાજ હોય (એ પ્રમાણેના). એ કાંઈ નડતું નથી એમ કહેવું છે. એવા જે ઉદયો છે સામાન્ય પ્રકારના એ કાંઈ આત્મકલ્યાણ કરવામાં નડતા નથી. તને રસ અને રુચિ કેટલો છે એ વાત કર. આવી સામાન્ય પ્રવૃત્તિવાળાને પ્રવૃત્તિ નડતી નથી, તો નિવૃત્તિવાળાને તો પ્રશ્ન જ ક્યાં છે? એને તો કોઈ બહાનું કાઢવાનો જ પ્રશ્ન રહેતો નથી.

ત્યારે પ્રશ્ન ઉઠાવ્યો છે કે **'આ તો વિકલ્પ છેને?'** હજી એમ કે આ બધું ચાલે છે એ તો વિકલ્પ સાથે ચાલે છે એટલે વિકલ્પ છેને? પ્રશ્નમાં શું છે? પહેલેથી જ તે પહેલા પ્રશ્નમાં પણ વિકલ્પ ઉપરનું વજન છે. ભાવના નહિ હોવાથી ભાવનાને સમજતા નથી. કીધું તોપણ વળી વિકલ્પ ઉઠાવ્યો કે આ તો વિકલ્પ છેને?

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભાવનામેં પરિપક્વતા આતી હૈ. જૈસે કામ કરતે કરતે અપના અભ્યાસ ચાલુ કરતે હૈં તો ઉદયમેં રહનેમેં પરિપક્વતા આતી હૈ ભાવનામેં.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના બઢતી હૈ.

ઉત્તર આપે છે. **'વિકલ્પથી થતું નથી, પણ વિકલ્પ પાછળ પોતાની અંદરની**

જિજ્ઞાસા,...' વિકલ્પ છે એનાથી કોઈ લાભ છે કે એનાથી કાંઈ કામ થયું એ આપણે નથી ગણતા જવા દો. કેમકે એ રાગનો એક પ્રકાર છે. પણ વિકલ્પ પાછળ પોતાની અંદરની જિજ્ઞાસા, '**જ્ઞાયક તરફ દોડતી પોતાની પરિણતિ લાભ આપે છે,...**' એટલે જ્ઞાયક તરફ જે પોતાનું ખેંચાણ છે, અવ્યક્તપણે પણ જે રુચિથી ખેંચાણ છે એ લાભનું કારણ છે. મુમુક્ષુની ભૂમિકામાં રસ અને રુચિનો ફેક્ટર મુખ્ય છે. જે કાંઈ કન્સીડર કરવા જેવું છે, વિચારવા જેવું છે એ ભાવના, રસ અને રુચિનું વિચારવા જેવું છે. એ લાભનું કારણ છે. '**યથાર્થ તો પછી થાય છે.**' પછી યથાર્થતામાં આવે છે, ભાવભાસનમાં આવે ત્યારથી યથાર્થતામાં આવે છે. '**પણ પહેલાં આવી ભાવના અને આવી જિજ્ઞાસા થાય છે.**' શરૂઆત અહીંથી થાય છે. ભાવનાથી, રુચિથી શરૂઆત થાય છે. તો એ લક્ષણો સારા છે, શરૂઆતવાળાને એ લક્ષણો સારા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હમેં તો ઘરમેં કોઈ કામ નહીં રહતા. અબ સમજો કોઈ વિશેષ કામ રહતા હૈ. પર હમારે યહાં તો નહીં બોલતે કિ મમ્મી તુમ કરો. પરંતુ કભી-કભી જૈસે મારવાડીમેં પાપડ જ્યાદા બનાતે હૈં. તો કભી કભી ઐસે ભાવ આ જાતે હૈ કિ બેચારી અકેલી હૈ તો અપન બટા દેના. વૈસા ભાવ આતા હૈ તો ક્યા યહ બુરા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, ચલાકે નહીં આના ચાહિયે. કોઈ અપને કો કામ બતા દે ઔર અપન કર લે વો અલગ બાત હૈ. ચલાકે જો ભાવ આતા હૈ ઉસમેં અપના રસ હૈ, ઉસમેં અપના રસ હૈ.

મુમુક્ષુ :- ભલે હી દયા ભાવ હો, પરંતુ રસ આયા.

પૂજ્ય ભાઈશ્રી :- દયામેં ક્યા હૈ વહ તો સબ અપના અપના કરતે હૈં, અપન અપના કામ કરે. સાંસારિક કાર્યકે પ્રતિ કરે-નહીં કરે ઉસસે કોઈ મતલબ નહીં હૈ, હમારા રસ-રુચિ કિતના વહ હમકો જાંચ-તલાશ કરકે ઉસ વિષયમેં હમકો જો રસ હો તો વહ રસ નહીં હોના ચાહિયે. તો નુકસાનકા કારણ બનેગા. ઉતની બાત હૈ.

મુમુક્ષુ :- ભલે દયાભાવ હોય તો ભી.

પૂજ્ય ભાઈશ્રી :- દયામેં તો ક્યા હૈ કિ કિસીકો તકલીફ હો તો ઠીક હૈ વિકલ્પ આ જાયેગા. લેકિન ઉતના રસ નહીં લેના. ઉસ વક્ત ભી અપને પરિણામકો સંભાલના. વો કામ કરતે-કરતે ભી હમ અપના જો રસ હૈ ઉસી ઓર હમારે પરિણામ ચલે જાના ચાહિયે. એકાકાર હોકર નહીં કરના હૈ. તીવ્ર રસ લેકરકે નહીં કરના હૈ. ઉદય આયે તો ભી તીવ્ર રસ લેકરકે નહીં કરના હૈ.

'**પહેલાં આવી ભાવના અને આવી જિજ્ઞાસા થાય છે. ઊંડી જિજ્ઞાસા ને જ્ઞાયક**

સ્વભાવને પકડવા તરફ પોતાની પરિણતિ...' સ્વરૂપની ઊંડી જિજ્ઞાસા હોય તો સ્વરૂપ ખોજ ચાલે. જ્ઞાયકને પ્રાપ્ત કરવા તરફ પોતાની પરિણતિનું જોર હોય. '**તે સ્વભાવ સન્મુખતા છે.**' તો એને વિશાળતાથી સ્વભાવ સન્મુખતા પણ કહી શકાય છે.

ફરીથી. '**ઊંડી જિજ્ઞાસા ને જ્ઞાયક સ્વભાવને પકડવા તરફ પોતાની પરિણતિ જોરદાર થાય તે સ્વભાવ-સન્મુખતા છે.**' એને પણ સ્વભાવ સન્મુખતા બ્રોડ લાઈનથી કહી શકાય છે. એટલે એ પ્રકાર હોય યોગ્યતાનો તો એ આદર કરવાલાયક છે, તે આદરવાલાયક છે. એવો પ્રકાર હોય તો એને જ્ઞાની પણ રિસ્પોન્સ આપે છે કે આ પોતાની સાચી દિશા તરફ આગળ વધશે માટે એને સન્મુખતા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આ ભૂમિકાને પણ સ્વસન્મુખતા કહેવાય, આ વાત પહેલી વાર આવી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, એ વખતે થોડી અમારે તો ચર્ચા થયેલી છે. ચર્ચા થતી હતી તો એ વખતથી એમના અભિપ્રાયનો ખ્યાલ હતો. પોતે સ્વભાવ સન્મુખતા માત્ર ભાવભાસનથી જ નથી લેતા, પહેલાથી પણ લ્યે છે. એ ખ્યાલમાં હતું. એમની સાથેની ચર્ચાથી ખ્યાલમાં હતું. એ ૧૩૫ થયો.

પ્રશ્ન-૧૩૬

પ્રશ્ન :- પર્યાયમાં અનુભવ તો પર્યાયનો થાય છે ને?

સમાધાન :- અનુભવ ભલે પર્યાયમાં થાય, પણ આત્મામાં અનંતા ગુણો છે તે ગુણો તેને ખ્યાલમાં આવે છે. દ્રવ્યને છોડીને પર્યાય અધ્ધર રહેતી નથી, પર્યાય દ્રવ્યની જ છે. વેદન ભલે પર્યાયનું થાય, પણ દ્રવ્ય તેમાં જણાય છે. દ્રવ્યમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંતા ગુણો છે ને પર્યાય તેને જાણે છે. દ્રવ્ય કોઈ વસ્તુ જ નથી કે સાવ શૂન્ય જ છે એવું નથી. તેમાં ગુણો ભરેલા છે. જેમ પુદ્ગલ વર્ણ-ગંધ-રસ-સ્પર્શરૂપે પરિણમે તે બધી તેની પર્યાય છે. કેરી ખટાશરૂપે પરિણમે, મીઠાશરૂપે પરિણમે તે બધી પુદ્ગલની પર્યાયો છે. પણ તેવા ગુણો કોના છે? કેરીના-પુદ્ગલના છે. તેમ આત્મા જ્ઞાન-દર્શન-આનંદરૂપે પરિણમે તે બધી તેની પર્યાયો છે. પણ પરિણમનાર કોણ છે? પોતે ચૈતન્ય વસ્તુ. ચૈતન્ય વસ્તુની તે પર્યાયો છે અને તે ચૈતન્યની પર્યાય

છે એટલે તે પર્યાય પોતે દ્રવ્યને જાણી શકે છે, દ્રવ્યના ગુણોને ખ્યાલમાં લઈ શકે છે કે ગુણો આવા છે.

વેદન ભલે પર્યાયનું થાય પણ તે જાણે છે દ્રવ્યને. તથા દ્રવ્યની પોતાની પર્યાય છે, બીજાની નથી. પર્યાય કાંઈ અધ્ધર લટકતી નથી. ચૈતન્યની પર્યાય જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપે પરિણમે તે પોતાની પર્યાય દ્રવ્યથી જુદી નથી. પર્યાયનો સ્વભાવ એ રીતે જુદો છે કે પર્યાય ક્ષણિક છે ને દ્રવ્ય શાશ્વત છે. છતાં પણ પર્યાય દ્રવ્યની છે, આત્માના આધારે પરિણમે છે, નિરાધાર નથી. જો દ્રવ્યના આધારે પર્યાય પરિણમતી ન હોય તો દ્રવ્ય અને પર્યાયના બે કટકા થઈ જાય. પર્યાય તો ક્ષણિક છે, તે ચાલી જાય છે અને આત્મા શાશ્વત છે. તેમાંથી બીજી-બીજી પર્યાય આવ્યા જ કરે છે. જ્ઞાનની જ્ઞાનરૂપે, ચારિત્રની ચારિત્રરૂપે, શ્રદ્ધાની શ્રદ્ધારૂપે એમ નવી નવી પર્યાય ચૈતન્યમાંથી આવ્યા જ કરે છે. જેમ પાણીમાં મોજાં થયા કરે તેમ ચૈતન્યમાંથી ગુણોની પર્યાય આવ્યા જ કરે છે. જેમ હીરામાં ચમક થયા કરે,તે હીરામાંથી આવે છે, તેમ આત્મામાંથી નવી નવી પર્યાય આવ્યા જ કરે છે.

જે અપેક્ષાએ દ્રવ્ય-પર્યાયના ભેદની વાત આવે છે, તે અપેક્ષાએ ભેદ છે પણ દ્રવ્ય-ગુણ-પર્યાયને સર્વથા ભેદ નથી. તેમને લક્ષણભેદ છે, સંખ્યાભેદ છે,-એવી રીતે ભેદ છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ જુદાં કહેવાય, પણ તેમને સર્વથા જુદાં ન સમજવાં. વસ્તુના કટકા ન સમજવા. ૧૩૬.

પ્રશ્ન ૧૩૬ ઉપર પ્રવચન

૧૩૬. '**પ્રશ્ન :- પર્યાયમાં અનુભવ તો પર્યાયનો થાય છેને?**' પર્યાયમાં અનુભવ તો પર્યાયનો થાય છેને? એવો એક પ્રશ્ન ઉઠાવ્યો છે. એટલે દ્રવ્યનો અનુભવ કે પર્યાયનો અનુભવ? મૂળ તો પ્રશ્ન એ (છે), ચોખવટ એ કરાવવી છે. દ્રવ્યનો અનુભવ થાય છે કે પર્યાયનો અનુભવ થાય છે?

'**સમાધાન :- અનુભવ ભલે પર્યાયમાં થાય, પણ આત્મામાં અનંતા ગુણો છે તે ગુણો તેને ખ્યાલમાં આવે છે.**' શું કહે છે? જેને અહીંયાં દ્રવ્ય તરફની દૃષ્ટિ છે એની વાત છે. કોની વાત છે આ? પોતાના દ્રવ્ય ઉપર જેની દૃષ્ટિ છે એની

ચર્ચા કરે છે. બીજા મિથ્યાદૃષ્ટિની અહીંયાં વાત ચાલતી નથી. તો કહે છે, પર્યાયમાં અનુભવ તો પર્યાયનો થાય છેને જ્ઞાનીને પણ? એટલે (કહ્યું કે) '**અનુભવ ભલે પર્યાયમાં થાય,...**' અને વેદન ભલે પર્યાયનું પર્યાયમાં હોય, પણ વિશેષ વાત છે કે '**આત્મામાં અનંતા ગુણો છે તે ગુણો તેને ખ્યાલમાં આવે છે.**' કે પોતાનું સામર્થ્ય છે એ સામર્થ્ય ખ્યાલમાં આવે છે. પોતાનું સામર્થ્ય છે. કોનું છે? પરદ્રવ્યનું સામર્થ્ય નથી જ્ઞાનમાં, પોતાનું સામર્થ્ય છે. ગુણો એટલે શક્તિઓ છે એ પોતાનું સામર્થ્ય છે. એ ખ્યાલમાં આવે છે એટલે એનું અવલંબન આવે છે. એ તરફ લક્ષ હોય છે, આવે છે. એમ છે.

આમ તો બધા જીવોને પર્યાયમાં વેદન છે પણ લક્ષ નથી એ ખામી છે. શેની ખામી છે? લક્ષ નથી એની ખામી છે. વેદન તો બધા જીવોને છે જ. તેથી શું થઈ ગયું? એથી કાંઈ સંસાર નથી એને? એ તો છે. તો પછી બાકી શું છે? કે લક્ષ નથી થયું તે બાકી છે. સામર્થ્ય પકડાણું નથી એ બાકી છે. હા, સામર્થ્ય પકડાય તો વેદન છે એ આવિર્ભૂત વિશેષ પ્રકારે થાય. એટલો વેદનમાં પણ લાભ થાય. માટે પર્યાયમાં માત્ર પર્યાયનો અનુભવ જ છે એવું અડધું ન પકડવું. એ અધૂરો વિચાર છે, અધૂરી સમજ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સામર્થ્યમેં ક્યા લિયા જાયેગા?

પૂજ્ય ભાઈશ્રી :- અપને ગુણોંકા, શક્તિયોંકા સામર્થ્ય હૈ, તાકત હૈ અપની અનંતી. અનંત જ્ઞાન હૈ, અનંત અસ્તિત્વ હૈ. કૈસે-કૈસે મરણ હોતા હૈ! ટ્રેન ચલતી હૈ. કિતને જીવ ઈસ પટરીકે નીચે આ જાતે હૈ. છોટે-છોટે જીવ હોતે હૈં. ઔર ચોમાસામેં તો બારીશકી સીઝનમેં તો બહુત હો જાતે હૈં જંગલમેં તો. ટ્રેનકે નીચે છોટા જીવ આ જાયે ક્યા હો જાયે? લેકિન ઉસકા અસ્તિત્વ કા નાશ નહીં હોતા.

મુમુક્ષુ :- જ્ઞાનકા નાશ નહીં હોતા.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, ઉસકી મૌજૂદગીકા નાશ હોતા હૈ ક્યા? અસ્તિત્વ પકડો. ઉસકી મૌજૂદગીકા નાશ નહીં હોતા.

મુમુક્ષુ :- મોજૂદગી કૈસે?

પૂજ્ય ભાઈશ્રી :- તો ક્યા ઉસકા અભાવ હો ગયા ક્યા? કિ મૌજૂદ રહા? પટરીકે નીચે કોઈ આ ગયા. પતંગા જૈસે છોટે-મોટે જીવ આ જાતે હૈં. વો તો કોમલ શરીરવાલે હોતે હૈં ઔર ટ્રેનકા તો પૂછના હી ક્યા, વો તો બડા હાથી આવે તો ભી મર જાવે ઔર કોઈ ભેંસ બડી આ જાવે તો ભી મર જાયે, ફિર છોટે જીવકી તો ક્યા મજાલ? તો વો તો બિલકુલ શરીરકા તો પતા હી નહીં લગે કિ કહાં શરીર

ચલા ગયા? ઈતની શરીરકી તો હાનિ હો જાતી હૈ. લેકિન વહ જીવ ત્રિકાલ મૌજૂદ હૈ. ત્રિકાલ મૌજૂદ હી રહેગા. તો વહ કિસ કારણસે? કિ ઈસકી અનંત અસ્તિત્વ શક્તિકે કારણસે. અસ્તિત્વ માને રહનેકી તાકત ભી અનંત હૈ. ઉસકો કોઈ મિટા નહીં સકતા. ઉસકી મૌજૂદગીકો કોઈ મિટા નહીં સકતા. એક અસ્તિત્વ ગુણમેં ઉતની તાકત હૈ. ઐસે-ઐસે અનંત ગુણોકી અનંત તાકત હૈ. વહ સબ ખ્યાલમેં આતા હૈ.

'અનુભવ ભલે પર્યાયમાં થાય છે,...' અનુભવની મર્યાદાનું ક્ષેત્ર વર્તમાન પર્યાય છે પણ એ પર્યાયમાં જેને સ્વરૂપનું જ્ઞાન છે તેને પોતાની અનંત શક્તિઓનો ખ્યાલ છે, પોતાના અનંત સામર્થ્યનો ખ્યાલ છે. બીજું દૃષ્ટાંત લઈએ કે કોઈ માણસને ગુંડાએ પકડ્યો. છરી કે પિસ્તોલ બતાવી. બોલ, આટલા પૈસા તારે મને આપવા પડશે. પાંચ લાખ આપી દે, દસ લાખ આપી દે. ઓલો ભલે કરોડપતિ હોય. એ શું કહેશે? ભાઈસાહેબ ગરીબ માણસ છું. શું કરશે? રડવા માંડશે. શું કરશે? સાચે જ. રોતો રોતો એમ કહે ભાઈસાહેબ ગરીબ માણસ છું, તું મને મૂકી દે. નહિ, તારે મને દેવું જ પડશે. આ સમજે કે સાવ નહિ દઉં તો અમથો અમથો મારી નાખશે. એટલે જેટલું બને એટલું ઓછું દેવાનો પ્રયત્ન કરશે. કેટલું? શું કરશે? અને એ ઓછું દેતી વખતે ગરીબાઈને ગાશે. શું કરશે? એ વખતે એને એની સંપત્તિનો ખ્યાલ છે કે નહિ? કે સાચે ગરીબ થઈ ગયો છે એ?

ઐસે જ્ઞાનીકો જિસકો આત્મજ્ઞાન હૈ ઉનકો ભલે પર્યાયમેં અનુભવ હૈ. આત્મામાં અનંત સામર્થ્ય છે એનો એને ખ્યાલ છે. પર્યાયમાં અનુભવ અલ્પ છે, રાગ પણ થાય છે અને રાગ છે એ દીનતા છે. જેટલો રાગ છે એટલી દીનતા છે. સોગાનીજી તો ત્યાં સુધી કહેતા હતા કે મંદિરમાં જઈને ભક્તિ-પૂજા કરે છે એ પણ દીનતા છે. એટલો રાગ થયોને? રાગ છે એટલી દીનતા. પોતાના સામર્થ્યનો ખ્યાલ છે. આત્મામાં અનંતા ગુણો છે એનો ખ્યાલ છે.

'દ્રવ્યને છોડીને પર્યાય અધ્ધર રહેતી નથી,...' વળી પર્યાયમાં અનુભવ થાય છે એટલે દ્રવ્યને મૂકીને અધ્ધર અધ્ધર અનુભવ થાય છે એમ નથી. એક ન્યાયે તો દ્રવ્ય જ પર્યાયરૂપે પાંગર્યું છે. દ્રવ્ય જ પર્યાયરૂપે, જેમ ઝાડ છે એ ફળ ફૂલરૂપે પાંગરી જાય છે, ઝાડ તો ઝાડ છે મોટું, ફળફૂલ તો એક એને છેડે આવે છે તોપણ એ ઝાડ જ પાંગર્યું છે, એમ પર્યાય દ્રવ્યમાંથી જ પાંગરેલી છે. દ્રવ્યને છોડીને પર્યાય અધ્ધર રહેતી નથી. **'પર્યાય દ્રવ્યની જ છે.'** પર્યાય કહેતા દ્રવ્યનું લક્ષ સાથે સાથે જ્ઞાનમાં આવવું જોઈએ. નહિતર એકાંત થઈ જાય પર્યાયદૃષ્ટિ. એટલે પર્યાય પણ દ્રવ્યની જ છે અથવા પર્યાય, દ્રવ્ય સાપેક્ષ છે. દ્રવ્યના જ્ઞાન વિના, દ્રવ્યના લક્ષ

વિના તને પર્યાયનું જ્ઞાન સાચું થાય નહિ. કલ્પના થઈ જાય. એટલે પર્યાય કહેતા જ દ્રવ્ય સાપેક્ષ જ્ઞાન છે પર્યાયનું. એટલે પર્યાય દ્રવ્યની જ છે. એ અપેક્ષાએ તો પર્યાય દ્રવ્યની જ છે.

'**વેદન ભલે પર્યાયનું થાય,...**' વેદન ભલે પર્યાયનું થાય '**પણ દ્રવ્ય તેમાં જણાય છે.**' પર્યાયને વેદતા-વેદતા દ્રવ્યનું પણ જ્ઞાન હોય છે. દ્રવ્યનું જ્ઞાન હોય છે એટલું જ નહિ દ્રવ્ય સ્વરૂપે હું છું એવું પોતાપણારૂપે દ્રવ્યનું જ્ઞાન હોય છે. અને એવું જે હુંપણું આવ્યું એને અવલંબન કહેવામાં આવે છે. એ દ્રવ્યના અવલંબને પર્યાયનું જ્ઞાન છે એમ કહેવું છે અહીંયાં.

મુમુક્ષુ :- ખરેખર તો મુખ્યતા જે અવલંબન વર્તે છે એની છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુખ્યતા એની છે. અને વેદન પર્યાયમાં થાય છે તોપણ હું પર્યાય છું એમ વેદન થતું નથી. હું દ્રવ્યસ્વરૂપે છું એમ ભાવમાં છે અને વેદન થાય છે. વેદન ભલે પર્યાયનું છે, તોપણ હું દ્રવ્યસ્વરૂપે છું એવા ભાવમાં વેદન થાય છે. એટલે '**પણ દ્રવ્ય તેમાં જણાય છે.**' એનો અર્થ આ છે કે સ્વસ્વરૂપે જણાય છે. દ્રવ્ય તેમાં સ્વસ્વરૂપે, પોતાસ્વરૂપે જણાય છે. પર્યાય પોતાસ્વરૂપે નથી જણાતી, દ્રવ્ય પોતાસ્વરૂપે જણાય છે.

'**દ્રવ્યમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંતા ગુણો છે...**' કેટલા? દ્રવ્યમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંતા ગુણો છે. '**ને પર્યાય તેને જાણે છે.**' એ ગુણોને એ સામર્થ્યને પર્યાય જાણે છે. '**દ્રવ્ય કોઈ વસ્તુ જ નથી કે સાવ શૂન્ય જ છે એવું નથી.**' જેને દ્રવ્યનું જ્ઞાન નથી એના માટે એવું થઈ જાય છે કે જાણે દ્રવ્ય કોઈ વસ્તુ જ નથી, એ તો શૂન્ય જ છે જાણે. એમ નથી કાંઈ. ખરેખર તો દ્રવ્યના અવલંબનમાં પોતે અનંતા ગુણોથી ભર્યો ભર્યો છે એમ લાગે છે. પોતાના સામર્થ્યથી ભર્યો ભર્યો છે એમ લાગે છે. જેમ માણસ એમ કહેને કે ભાઈ, મને મારું ઘર છે એ ભર્યું ભર્યું લાગે છે. બીજાના ઘરે રહું ત્યારે મને ખાલી ખાલી લાગે છે.

આપણે બહારગામથી મુમુક્ષુ આવે છે. સત્સંગ ભવનમાં રહે અને પોતાના ઘરે રહે એમાં લાગણીનો ફરે પડે કે ન પડે? કે ઘરે જઈને રહે ત્યારે એમ લાગે કે ઘર ભર્યું ભર્યું છે. એનો અર્થ શું? કે મને ત્યાં મારાપણું લાગે છે. અહીંયાં મને મારાપણું લાગતું નથી. એમ દ્રવ્યમાં મારાપણું લાગે તો દ્રવ્ય અનંત સામર્થ્યથી ભરેલું છે એમ ભર્યું ભર્યું લાગે છે. જેને દ્રવ્યનું સામર્થ્ય ખ્યાલમાં નથી આવતું એને દ્રવ્ય એટલે ખાલી શૂન્ય જેવું લાગ્યા કરે છે. દ્રવ્ય એટલે શું પણ? કાંઈ નહિ જાણે.

એવું નથી કે શૂન્ય જ છે, વસ્તુ નથી. '**તેમાં ગુણો ભરેલા છે.**' તેમાં અનંતા

ગુણો ભરેલા છે. જ્ઞાની તો એમ કહે છે કે મારા અનંત ગુણોની વસ્તીથી ભરેલું મારું આત્મનગર છે. જેમ નગરમાં વસ્તી ઘણી હોય. ઘર કરતા પણ નગરમાં વસ્તી ઘણી હોય. એમ મારા અનંત ગુણોની વસ્તીના નગરમાં હું વસુ છું. એમ કહેને કે ભાઈ તમે ક્યાં વસો છો? કે ભાવનગરમાં. કેટલી વસ્તી? સાત લાખની. તો કહે હું આત્મામાં વસુ છું. વસ્તી કેટલી? કે અનંતા ગુણોની. લાખની, કરોડની, અરબની નહિ. અનંતા ગુણોની વસ્તીથી ભરચક ભરેલું મારું દ્રવ્ય છે એમાં હું નિવાસ કરું છું. એમાં હું આરામથી નિવાસ કરું છું. એ મારું આરામધામ છે, એ મારું વિશ્રામધામ છે અને એ મારું સુખધામ છે અને એ જ મારું પરમધામ છે.

'**તેમાં ગુણો ભરેલા છે. જેમ પુદ્ગલ વર્ણ-ગંધ-રસ-સ્પર્શરૂપે પરિણમે તે બધી તેની પર્યાય છે.**' દૃષ્ટાંત લે છે પુદ્ગલનો. '**કેરી ખટાશરૂપે પરિણમે, મીઠાશરૂપે પરિણમે તે બધી પુદ્ગલની પર્યાયો છે.**' એના એ પરમાણુ છે. પહેલા ખાટા રસવાળા હતા, હવે મીઠા રસવાળા થયા. પલટ્યો. અંદરમાં અને અંદરમાં રસનો પલટો થયો. રસગુણ પરિણમે છેને. '**તે બધી પુદ્ગલની પર્યાયો છે. પણ તેવા ગુણો કોના છે?**' એ ગુણ કોના છે? કે પુદ્ગલના છે.

'**તેમ આત્મામાં જ્ઞાન-દર્શન-આનંદરૂપે પરિણમે...**' આત્મા પોતે '**જ્ઞાન-દર્શન-આનંદરૂપે પરિણમે તે બધી તેની પર્યાયો છે.**' એ બધી એની પર્યાયો છે. પરિણમન થાય છે એ બધી એની પર્યાયો છે. '**પણ પરિણમનાર કોણ છે?**' કોઈ વસ્તુ છે કે અદ્ધર પરિણમન ચાલે છે? એમ કહે છે. વસ્તુનું પરિણમન છે. દરિયાના મોજા દેખાય છે તે અદ્ધર થાય છે કે દરિયો છે એ ઉછળ્યો છે? ભરતી આવી એમાં દરિયો ઉછળ્યો કે મોજા અદ્ધર થાય છે? દરિયો પોતે જ ઉછળ્યો છે. એમ લેવું. એકલી પર્યાયને ન લેવી. '**પણ પરિણમનાર કોણ છે? પોતે ચૈતન્યવસ્તુ. ચૈતન્યવસ્તુની તે પર્યાયો છે...**' પોતે ચૈતન્ય વસ્તુ છે અને ચૈતન્ય વસ્તુની તે પર્યાયો છે. જેમ પાણીનો ધોધ પડતો હોય તેમ અનંતા ગુણોનો પરિણામનો ધોધ અંદરમાં પડે છે. ધોધ-ફોલ્સકો ક્યા કહતે આપ? પાનીકા બડા બડા ધોધ હોતા હૈ કિ નહીં પાનીકા? ઉપર સે પાની ગિરતા હૈ. ધારા પતલી હોતી હૈ. ફોલ્સ હોતા હૈન? પાનીકે બડે સમૂહકો ધોધ કહતે હૈ ઔર પતલીકો ધારા કહતે હૈ.

મુમુક્ષુ :- તેજીસે પાની જો આતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, તેજીસે આતા હૈ ઔર બહુત સમૂહમેં આતા હૈ, જથ્થાબંધ આતા હૈ ઉસકો ધોધ કહતે હૈં. તો આત્મામેં એક જ્ઞાનગુણ નહીં પરિણમતા હૈ, અનંતા ગુણોનો ધોધ પડે છે. આ તરફ પર્યાયમાં પ્રવાહ છે અનંતા ગુણોનો.

'પોતે ચૈતન્ય વસ્તુ. ચૈતન્ય વસ્તુની તે પર્યાયો છે અને તે ચૈતન્યની પર્યાય છે એટલે તે પર્યાય પોતે દ્રવ્યને જાણી શકે છે,...' એ પોતાની જ પર્યાય હોવાથી એ પોતાને જાણી શકે. પોતે કેવી રીતે પોતાની પર્યાયમાં અજાણ્યો રહે? એમ કહે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમાં પ્રેક્ટિકલ સાઈડ કેવી રીતે લેવાની?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રેક્ટિકલ સાઈડમાં શું છે કે પરિણમન છે એમાં અનુભવ છે. પણ પરિણમન કોઈ અન્દર થાય છે? પરિણમન તો અન્દર થતું નથી. લક્ષ દ્રવ્ય ઉપર લઈ જાય તો બરાબર દ્રવ્ય-પર્યાયનું યુગપદ્ જ્ઞાન થાય. તો દ્રવ્ય જ પરિણમે છે એમ પ્રેક્ટિકલી સમજાય. દ્રવ્યના લક્ષ વગર પ્રેક્ટિકલી ન સમજાય. એટલે ઝાડનું દૃષ્ટાંત આપ્યું, દરિયાનું દૃષ્ટાંત આપ્યું કે દરિયો જ ઉછળ્યો છે ભરતીમાં. ભરતીમાં એકલા મોજા નથી. દરિયો પોતે ઉછળ્યો છે. એમ આત્મા પોતે પરિણમે છે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપે. એ પોતાના અનુભવના પરિણામો છે. અનંત ગુણો છે એની અંદર. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. એમાં સર્વ એટલે અનંત ગુણો છે. એ અનંત ગુણોના પરિણમનનો લોઢ, ધોધ જ્ઞાનીઓને અનુભવગોચર થાય છે. હું આત્મા પોતે જ પરિણમું છું, હું આત્મા જ પોતે અનુભવરૂપે પરિણમું છું. એટલે એને સ્વાનુભૂતિ કહી છે. શું કહ્યું છે? સ્વની અનુભૂતિ.

મંગળિકનો કળશ લીધો સમયસારમાં 'નમઃ સમયસારાય.' એ દ્રવ્ય લીધું. 'સ્વાનુભૂત્યાચકાસતે.' એ સ્વાનુભૂતિમાં ચકચકીતપણે પ્રગટ થઈ જાય છે. એટલે વેદનમાં જ્ઞાનાનંદના વેદનમાં દ્રવ્યનું લક્ષ અને દ્રવ્યની સ્વપણે પક્કડ હોય છે. ત્યારે આવિર્ભૂત થઈ ગયું છે. અમથું તો વેદન વેદન છે જ, એ તો નકામું પડ્યું છે.

'ચૈતન્ય વસ્તુની તે પર્યાયો છે અને તે ચૈતન્યની પર્યાય છે એટલે તે પર્યાય પોતે દ્રવ્યને જાણી શકે છે,...' પોતાની ચૈતન્યની પર્યાય હોવાથી એમાં દ્રવ્યને એ જાણી શકે છે, **'દ્રવ્યના ગુણોને ખ્યાલમાં લઈ શકે છે...'** એટલે પોતાના સામર્થ્યને લક્ષમાં લઈ શકે છે. ખ્યાલ એટલે અહીંયાં લક્ષ લેવું. લક્ષમાં લઈ શકે છે **'કે ગુણો આવા છે.'** અસ્તિત્વ, જ્ઞાનશક્તિ, આનંદશક્તિ, વસ્તુત્વ, પ્રભુત્વ વગેરે બધા. વધારે સ્પષ્ટીકરણ આવશે. બે પેરેગ્રાફ છે હજી તો.

તા. ૧૪-૩-૧૯૯૭, પ્રશ્ન-૧૩૬
પ્રવચન નં. ૮૯

સ્વાનુભૂતિદર્શન પાનું-૯૬, ૧૩૬મો પ્રશ્ન ચાલે છે. પર્યાયમાં અનુભવ થાય છે. પ્રશ્ન પૂછનારનો અભિપ્રાય એવો છે કે દ્રવ્યમાં અનુભવ થતો નથી, દ્રવ્ય અને પર્યાય જુદાં છે અને એકલો પર્યાયમાં જ અનુભવ થાય છે તો સ્વાનુભવના વિષયમાં જે પ્રકાર છે એ પ્રકારને સ્પષ્ટ કરે છે કે અનુભવ છે એ અનુભવથી સમજવા જેવો વિષય છે. અનુમાન કરીને તર્ક-વિતર્ક કરીને અનુભવને સમજવાથી કાંઈ લાભ નથી. આમ તો અનુભવની દશા જ અચિંત્ય છે, મનાતીત છે, વિકલ્પાતીત છે. મનથી એને સમજવાનો પ્રયત્ન કરવા જાય કોઈ એટલે કાંઈને કાંઈ કલ્પના કરશે. એટલે સ્પષ્ટીકરણ આપે છે કે માત્ર પર્યાયમાં અનુભવ થાય છે તો પર્યાય અને દ્રવ્યને કાંઈ સંબંધ નથી એવું નથી. અનુભવકાળે જ્ઞાન પ્રમાણ થાય છે અને એક ન્યાયે તો પ્રમાણજ્ઞાનમાં અનુભવ થાય છે. પ્રમાણજ્ઞાન એટલે દ્રવ્ય-પર્યાયનું યુગપદ્ જ્ઞાન, એક સાથે જ્ઞાન. અને એ એવી રીતે છે કે અવલંબન દ્રવ્યનું છે ત્યારે પર્યાયમાં અનુભવ છે. સ્વાનુભવ જે છે એ છે પર્યાયમાં પણ દ્રવ્યના અવલંબનપૂર્વક છે. દ્રવ્યનું અવલંબન એટલે દ્રવ્યમાં હુંપણાનો અનુભવ. ભલે દ્રવ્યમાં અનુભવ નથી થતો તોપણ દ્રવ્યમાં હુંપણાનો અનુભવ એને સ્વાનુભવ કહે છે. પર્યાયમાં હુંપણાનો અનુભવ એને સ્વાનુભવ નથી કહેતા, એને મિથ્યા અનુભવ કહે છે. કેમકે એને પર્યાયને એકલી જુદી જોઈ દ્રવ્ય વિનાની. એમ વસ્તુ નથી. એ વિષય આપણે ચાલતો હતો. દૃષ્ટાંત આપ્યું. પાંચમી લીટીથી.

'જેમ પુદ્ગલ વર્ણ-ગંધ-રસ-સ્પર્શરૂપે પરિણમે તે બધી તેની પર્યાય છે. કેરી ખટાશરૂપે પરિણમે, મીઠાશરૂપે પરિણમે તે બધી...' તે કેરીના પુદ્ગલોની પર્યાય છે. પહેલા ખાટી હતી પછી મીઠી થઈ. **'પણ તેવા ગુણો કોના છે ?'** એ જે રસગુણ છે તે પુદ્ગલોમાં એ પહેલા ખાટા રસે પરિણમ્યો, તે જ રસગુણ પાછો પર્યાય પલટીને મીઠા રસે પરિણમ્યો, તે જ પુદ્ગલો પરિણમ્યા. કોઈ બીજા પુદ્ગલો પરિણમ્યા નથી. **'કેરીના-પુદ્ગલના છે.'** તે ગુણો કોના છે? કે કેરીના. કેરીના એટલે કેરીમાં જે પરમાણુ છે એના છે.

'તેમ આત્મા જ્ઞાન-દર્શન-આનંદરૂપે પરિણમે તે બધી તેની પર્યાયો છે.' આત્મા જ્ઞાન-દર્શન-આનંદરૂપે પરિણમે તે બધી આત્માની પર્યાયો છે અને આત્મા પરિણમ્યો છે, કોઈ બીજું પરિણમ્યું નથી. ભેદનયે જુઓ તો પર્યાય પરિણમી છે. ભેદ વિવિક્ષાથી કહો તો પર્યાય પરિણમી છે. અભેદનયે જુઓ તો આત્મા પરિણમ્યો છે. અભેદ વિવિક્ષાથી કહો તો આત્મા પરિણમ્યો છે. એમ છે. બંને નય છે અને બંને નયના નય વચનો, નય કથનો પણ છે. સમજવું કેવી રીતે? કે અનુભવ કરીને. એ વિષયને સમજવો કેવી રીતે? કે અનુભવ કરીને. એ પહેલા એની આઉટલાઈન એટલી છે કે ભેદનયથી આમ છે, અભેદનયથી આમ છે. આટલી વાત છે. પણ એની યથાર્થ સમજ અનુભવ વિના ન આવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ દર્શન-જ્ઞાનરૂપે પણ આત્મા જ પરિણમે છે એ પ્રમાણની મુખ્યતાથી ગણાય કે દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાથી ગણાય?

પૂજ્ય ભાઈશ્રી :- ના, પ્રમાણની મુખ્યતાથી., પ્રમાણની મુખ્યતાથી. પણ દ્રવ્યદૃષ્ટિવાળાને પ્રમાણજ્ઞાન હોય છે અને પ્રમાણજ્ઞાન હોય એને જ દ્રવ્યદૃષ્ટિ હોય છે. એમ છે. ડાયરીમાં (—અનુભવ સંજીવનીમાં) એ વિષયમાં ઘણું આવ્યું છે. પણ ક્યાં છે એ બધું કાંઈ ઘણું લખાઈ ગયું એટલે ગોતવું મુશ્કેલ પડે. પણ ઘણું કરીને છઠ્ઠી ડાયરીમાં હોવું જોઈએ કે પછી ત્રીજી-ચોથીમાં હોય, કદાચ ચોથામાં હોય. દૃષ્ટિ દૃષ્ટિની રીતે કામ કરે છે, પરિણમે છે, કામ કરે છે એટલે પરિણમે છે. જ્ઞાન જ્ઞાનની રીતે પરિણમે છે. દરેકની પરિણમવાની રીત પોતપોતાની આગવી છે અને સ્વતંત્ર છે. અને તેમાં ફેરફાર હોવા છતાં એકબીજાને એકબીજા વચ્ચે કાંઈ વાંધો પડતો નથી. પરિણમવાના સ્વભાવો જુદાં-જુદાં છે છતાં અંદરોઅંદર લડાઈ કે વાંધો પડતો નથી. આપણે એકબીજા સાથે રહીએ અને પ્રકૃતિ જુદી-જુદી હોય તો વાંધો પડે છે.

મુમુક્ષુ :- એકસાથ રહનેસે પ્રકૃતિ અલગ-અલગ હોતી હૈ.. પડતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યોંકિ હમ સહન નહીં કરતે. એકદૂસરેકે પરિણમનકો સહન નહીં કરતે. હમારેમેં સહિષ્ણુતા નહીં હૈ. ક્યા હૈ? જૈસે હિન્દુસ્તાનમેં બહુત ધર્મ હૈં. કિતને ધર્મકે લોગ હૈં? કિ બહુત તરહ-તરહ કે હૈં. કોઈ અનેક પ્રકારકી દેવ-દેવિયોંકો માનતા હૈ, કોઈ મુસલામન હૈ, કોઈ ક્રિશ્ચિયન હૈ, હિન્દુ હૈ, કોઈ જૈન હૈ, કોઈ બૌદ્ધ હૈ. તો લડાઈ કરતે હૈં? શીખોંકે ગુરુદ્વાર કો હમ નહીં બનાને દેંગે ઐસા ચલતા હૈ? મુસલમાનકી મસ્જિદ નહીં બનાને દેંગે, યહ તો હિન્દુસ્તાન હૈ. ઐસા ચલતા હૈ? અપની-અપની જાનો. હમકો ઉસમેં વિરોધ કરના નહીં હૈ. ઔર કરના ભી નહીં ચાહિયે. ઈસલિયે કિ હમારા અધિકારકા વિષય નહીં હૈ. યે હમારા અધિકારકા વિષય

નહીં હૈ. બસ હમારા અધિકારકા વિષય નહીં હૈ ઐસા લે લો તો બાત કોઈ બનનેવાલી નહીં હૈ. લેકિન હમ અધિકાર જમાનેકો જાયેંગે દૂસરેપર તો ફ્રિક્શન હોયેગા.

મુમુક્ષુ :- સામેના જીવની સ્વતંત્રતા સ્વીકારી લેવી.

પૂજ્ય ભાઈશ્રી :- તો હમેં અગલે જીવકી ભી સ્વતંત્રતાકા સ્વીકાર કર લેના ચાહિયે. હમ ક્યા માનતે હૈં? કિ હમ બાપ હૈ, વહ મેરે બેટે હૈં. હમારા અધિકાર હૈ. તો બેટા બોલેગા કિ મેરા ભી અધિકાર હૈ. ઐસે હર વ્યક્તિ અપને અધિકારકો જમાનેકા પ્રયાસ કરેગા તો ગડબડ હોગી, ક્લેશ હોગા. ક્યા હોગા? ક્લેશ ઔર દુઃખ હોગા. તો જબ હમારેમેં એક-દૂસરે ગુણ ઐસે ક્લેશ નહીં કરતે હૈં તો હમ બાહરમેં ક્યોં કરે? હમેં બાહરમેં કરના નહીં ચાહિયે. બસ, સીધીસાદી બાત હૈ.

મુમુક્ષુ :- એકદૂસરેકી પ્રકૃતિકો સહન કરનેકા યહી તરીકા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, યહી તરીકા હૈ. ઉસકી પ્રકૃતિકા બોજા ઉનકો હૈ, હમ ઉસમેં ક્યોં માથા લગાતે હૈ? આપણે માથું મારવું નહિ જોઈએ.

મુમુક્ષુ :- એક ગુરુના શિષ્ય પણ એમ હોય તો એમાં તો પ્રેમ હોવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રેમ હોવો જોઈએ. એમાં પ્રકૃતિભેદ હોય તો ચલાવી લેવું જોઈએ. એક ઘરનો દાખલો આપું. બેનનો સ્વભાવ પહલેથી જ તે જરા કડક અને ગરમ પ્રકૃતિ અને ઘરમાં એનું જ ચાલે. એટલે એની પ્રકૃતિ એવી કે હું કહું એ પ્રમાણે બધું થવું જોઈએ, મારું ધાર્યું થવું જોઈએ. તો એ ઘરમાં ૧૫ મુમુક્ષુને જમવાનું કહે તો એની સાસુ કે એના ઘરના વડીલોને કાંઈ એને પૂછવા કારવાનું હોય એવું લાગે નહિ આપણને. ૧૫ જણના ટોળાને જમાડી દે. એના સાસુ છે એ બહુ નરમ સ્વભાવના છે. એકવાર મારી સાથે બેઠા હતા. એ પણ વખાણ કરે એના સાસુના. મારા સાસુ બહુ સરળસ્વભાવી છે. ક્યાંય માથું મારે નહિ. એટલે મેં એકવાર એને પૂછ્યું કે યે બહુયેં હૈં, બે કે ત્રણ વહુરુ છે. ચાર દીકરા છે એમાં ત્રણેક પરણેલા છે. એક છેલ્લો કુંવારો છે. તો પછી એમ કે તમને ઘરમાં તમારા વખાણ કરે છે તો તમે શું સમજો છો? આની પાછળ તમારી સમજણ શું છે?

મુમુક્ષુ :- કોને પૂછ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- એમના સાસુને પૂછ્યું. તમે કાંઈ દખલબાજી કરતા નથી. વહુઓ તો બધી જુદી જુદી પ્રકૃતિની આવે. બધી વહુઓ એમ કહે છે કે સાસુ બહુ સારા છે, બહુ શાંત છે અને ક્યાંય માથું મારતા નથી. અમે જેમ કરીએ એમ કરવા દે છે. અમે લોકો જેમ કરીએ તેમ કરવા દે છે. એ કાંઈ માથું મારતા નથી. અમારા સાસુ બહુ ઘરમાં સારા છે. એના માટે બે મત નહિ વહુઓનો. તો મેં કીધું

આમાં તમારી એની પાછળ સમજણ શું છે? કે સમજણ એ છે કે પૈસે ટકે અમે લોકો સુખી છીએ. એક વખત અમારી પાસે પૈસો નહોતો. પછી આ છોકરાઓ કમાઈ ગયા. બધા મળીને કમાય છે. ચાર દીકરા અને એમના પતિ પાંચ જણા કમાય છે ઘરમાં. બહુ સારું કમાય છે. કરોડો રૂપિયા થઈ ગયા.

હવે માણસને તો ગરીબીનું દુઃખ હોય છે કહે. હવે એ દુઃખ તો અમારે રહ્યું નહિ કાંઈ. હવે જ્યારે બધી રીતે અમે સુખી છીએ. ખાધે-પીધે. સમાજમાં આબરૂ થઈ ગઈ. પૈસા થાય એટલે આબરૂ થઈ જાય સમાજમાં તો અત્યારે. જે લોકો અમને બોલાવતા નહોતા, પૂછતા નહોતા એ બધા હવે અમને માન-સન્માન આપે છે. અમે પણ પ્રસંગે પાર્ટીઓ કરીએ છીએ, આ કરીએ, તે કરીએ, બધાને ભેગા કરીએ છીએ, જમાડીએ છીએ. કેમકે અમારે ખર્ચનો હિસાબ નથી કાંઈ. પાંચ-પચ્ચીસ હજાર રૂપિયા વપરાઈ જાય તો કાંઈ અમને પચ્ચીસ-પચાસ હજારમાં કાંઈ દેખાતું નથી. ચાલતા પચ્ચીસ-પચાસ હજાર ખર્ચ કરી નાખીએ છીએ. એમ કે ભાઈ પર્યુષણ આવ્યા તો ઉપવાસ કર્યો તો ઉજવવા બધાને બોલાવી નાખે. ૨૦૦-૫૦૦ માણસને જમાડી દે. આબરૂ તો ૨૦૦-૫૦૦ માણસને જમાડો સમાજમાં એટલે આબરૂ-આબરૂ, બીજું શું? સારું જમાડો લ્યો. સારી હોટલમાં જમાડો. કેટલા રૂપિયાની થાળી? કે ૨૦૦ રૂપિયાની, ૪૦૦ રૂપિયાની ડિશ. આબરૂ મેળવવી એમાં શું? ૫૦૦ રૂપિયાની ડિશ. આબરૂ-આબરૂ. બીજું શું?

એટલે આબરૂ છે, પૈસો છે. કુટુંબ-પરિવાર બધાને ત્યાં સારું છે. કુટુંબ-પરિવાર ફાલ્યોફૂલ્યો છે. હવે મારે ક્લેશ કરીને દુઃખ શું કરવા ઊભું કરવું? બધા રાજી રહે એમાં હું રાજી. બહુ ઓછું ભણેલા છે. ભણેલા છે બહુ ઓછું. મારવાડીમાં અમસ્તા બૈરાઓ ક્યાં બહુ ઝાઝુ ભણતા એ જમાનામાં. બહુ ઓછું ભણેલા છે, પણ એની સમજણમાં આ એક જ સૂત્ર છે કે બધા રાજી એમાં હું રાજી. કોઈ નારાજ થાય એવું મારે શું કરવા કરવું જોઈએ? મારા તરફથી શું કરવા નારાજ થાય એવું કરવું? આટલા બધા જ્યારે એમકે ભગવાને આપણને સુખી કર્યા છે, તો હું એમાં દુઃખ ઊભું શું કરવા કરું? એ રાજી થાય એમ ભલેને કરે. અહીંયા પૈસાનો તૂટો નથી, કાંઈ ખર્ચનો તૂટો નથી. રાજી થાય એમ ભલે કરે. મારે પંદર જણને જમાડવા છે. તો જમાડી દે. અમારે ક્યાં પંદર જણનો હિસાબ છે? પંદરસોને જમાડીએ તોપણ વાંધો નથી તો પંદરમાં શું અમારે લાગે? ઘરે રસોઈયા છે, મહારાજ છે, નોકર-ચાકર છે. બધું છે. ગાડીઓ છે. માથાકૂટ શું કરવા હું કરું? હું કોઈને દુઃખી શું કરવા કરું? હું ઘરમાં ક્લેશ શું કરવા ઊભો કરું? જેને જેમ રાજી થાય એમ બધા

ભલે કરે. બસ, આ એક જ સૂત્ર એણે પકડ્યું છે. બધા રાજી થાય એમ ભલેને કરે. બસ! બધા ઘરમાં ખુશખુશાલ છે. બધા રાજીખુશીથી રહે છે. ઓછી સમજણમાં એણે પકડ્યું શું? કે અધિકાર છોડી દીધો. ઘરની મુખ્ય વ્યક્તિ હોવા છતાં એણે અધિકાર છોડી દીધો. વાત પૂરી થઈ ગઈ. ફિનીશ. હું પણ ખાઈ-પીને મજા કરું છું. મને કાંઈ દુઃખ નથી. બીજાને કાંઈ દુઃખ નથી.

મુમુક્ષુ :- મોટા પોઈન્ટ ખતમ હો ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, બાત ખતમ.

આ જીવ બીજા જીવ ઉપર કે બીજા પુદ્ગલો ઉપર અધિકાર જમાવે છે એમાંથી ક્લેશ જન્મે છે. સિદ્ધાંત આ નીકળ્યો. દૃષ્ટાંતમાંથી સિદ્ધાંત શું નીકળ્યો? કે આ જીવ બીજા જીવ ઉપર કે બીજા પુદ્ગલો ઉપર જ્યારે અધિકાર જમાવે છે ત્યારે એને એમ થાય છે કે મારી ઈચ્છા અને વિકલ્પ પ્રમાણે થવું જોઈએ. અને એ કોઈ દિવસ સંભવિત નથી. એ કોઈ દિવસ સંભવિત નથી. કેમ? કે એ પણ જગતના સ્વતંત્ર દ્રવ્યો છે. બીજા જીવો પણ સ્વતંત્રો દ્રવ્યો છે અને પુદ્ગલો પણ સ્વતંત્ર દ્રવ્યો છે. એની સ્વતંત્રતા ઉપર તમે તરાપ મારો તો ક્લેશ સિવાય બીજું કાંઈ થવાનું નથી.

આજે નવી વહુ આવીને પરણીને નહિ બોલે, પણ પાંચ વર્ષ પછી એ બોલશે ત્યારે તમને આકરું પડશે. નવી નવી આવેલી નહિ બોલે, પણ પાંચ-દસ વર્ષે તો એ બોલવાની. પછી કેવું લાગશે? એટલે એ તો તકલીફ થવાની જ છે. પહેલેથી સમજી લ્યો. મારો કાંઈ અધિકાર કોઈના ઉપર છે જ નહિ. એની તો બહુ ટૂંકી સમજણ શું હતી કે મારા કુટુંબનું સભ્ય ખુશી, આનંદ અને રાજીમાં રહે એમ હું ઈચ્છું? કે એને દુઃખ થાય એમ હું ઈચ્છુ? એ રાજી રહે એમાં હું રાજી. જાવ. કાંઈ લાંબી વિચારણા કરવાની જરૂર નહિ. અમે નિલકંઠમાં ઉતરેલાને, રાત્રે આવે કલાક-કલાક બેસે. સ્વાધ્યાય પૂરો થયા પછી આવે અને કલાક-કલાક બેસે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઈસમેં દૂસરા બાજુ આતા હૈ કિ જૈસે ઘરમેં કોઈ પૈસેકી ઉતની સામર્થ્યતા નહીં હોવે, લિમિટેડ આમદાની હોવે તો ઉસમેં ફિર ઉસકા રોલ ક્યા હોના ચાહિયે?

પૂજ્ય ભાઈશ્રી :- ઉસકા વહીવટ હમકો કરના હૈ? કિસકો કરના હૈ? આમદાનીકા વહીવટ કિસકો કરના હૈ? હમકો કરના હૈ?

મુમુક્ષુ :- જૈસે અપને હી ઉપર માનો જિમ્મેદારી હોવે.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, અપને ઉપર જિમ્મેદારી નહીં લેના. નહીં લેના. વહ જિમ્મેદારી આપ લોગ સંભાલો.

મુમુક્ષુ :- કમાનેવાલા કમાયે.

પૂજ્ય ભાઈશ્રી :- કમાનેવાલા કમાતા હૈ, આપ તો બાજારમેં જાતી નહીં. ફિર જિમ્મેદારી ક્યોં લેતે હો? સાસ હો ગયી ઈસલિયે? આજકલ તો બહુયેં પઢી-લીખી આતી હૈ. તો જિમ્મેદારી ઉનકો સોંપો ન. અપન ક્યોં લેતે હૈં? માથા ક્યોં લગાતે હૈ? ઉપાધિ બઢાના હૈ ક્યા? તુમ પઢી-લીખી આયી હો, તુમ્હી સંભાલો ઘરકે કારોબાર. એક જમાનેમેં ઐસા બોલનેમેં આતા થા કિ ઘરમેં બહુ આયી વહ તો લક્ષ્મી આયી બોલી જાતી. ક્યા? દીકરીકો લક્ષ્મી નહીં બોલતે, બહુકો લક્ષ્મી બોલતે હૈં. કુમકુમ પગલા ઉસકા પડાતે હૈં કિ નહીં પડાતે! હૈં? ફિર ચાબી અપને પાસ રખતે હૈં.

મુમુક્ષુ :- લક્ષ્મી બોલનેકે બાદમેં ભી ચાબી અપને પાસ રખે.

પૂજ્ય ભાઈશ્રી :- ચાબી અપને પાસ રખે. તો ફિર ક્યા હોગા? બહુ જાન લેતી હૈ કિ મેરે પર વિશ્વાસ નહીં હૈ. ઐસે ભી લોગ હોતે હૈં કિ ચલો ભાઈ તુમ આયી હો તો યહ ચાબી તુમકો સોંપ દિયા. અબ હમ તો ભગવાન કા નામ લેંગે. હમારા જીવન તો કાફી બીત ચુકા હૈ. શેષ જીવન રહા હૈ તો હમકો તો હમારે આત્મકલ્યાણમેં લગાના હૈ. યે તુમકો સોંપા. ચલાઓ તુમ ઘરકા કારોબાર તુમ ચલાના. જૈસા તુમ ચાહો વૈસા કર લેના. હમ હમારે કામમેં લગે હૈ. બાત ખતમ.

મુમુક્ષુ :- સોભાગભાઈને તો કેવી પરિસ્થિતિ હતી છતાં ચિંતા છોડાવી કૃપાળુદેવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- વસ્તુસ્વરૂપનું જ્ઞાન છે એ સુખનું કારણ છે. સ્વરૂપનું જ્ઞાન છે એ સુખનું કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સુખનું કારણ છે. વસ્તુનું સ્વરૂપજ્ઞાન એ વસ્તુનો સિદ્ધાંત બોધ છે. અને ઉપદેશબોધમાં સ્થિર થવાનું એકમાત્ર એ જ કારણ છે. ઉપદેશ તો સારો સારો બધા જ સંપ્રદાયના લોકો આપે છે. પણ જૈનદર્શનમાં સિદ્ધાંતબોધ છે એવો ક્યાંય વસ્તુ સ્વરૂપનો સિદ્ધાંત બોધ છે નહિ એટલે એ લોકો મોક્ષ પામતા નથી. મોક્ષ ઈચ્છવા છતાં અને ઉપદેશ સારો હોવા છતાં. કોઈ કહેતા નથી કે ક્રોધ, માન, માયા, લોભ કરો. ક્રોધ, માન, માયા, લોભનો નાશ કરો એમ જ કહે છે એ લોકો. પણ વસ્તુના સ્વરૂપજ્ઞાનના સિદ્ધાંતને અવલંબીને નાશ કરવો એનો ઉપાય એ લોકો પાસે નથી. એટલે ટકી શકતા નથી, એ ઉપદેશમાં ટકી શકતા નથી. આમાં તમે ટકી શકો એવી વાત છે.

મુમુક્ષુ :- જીવને મૂળ પ્રયોજન છે સુખી થવાનું અને દુઃખથી મુક્ત થવાનું જે પ્રયોજન છે એ અહીંયાંથી સિદ્ધ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે કૃપાળુદેવે એમ લીધું ઉપદેશબોધ એવો કે સિદ્ધાંતબોધને કારણભૂત થાય એવો ઉપદેશબોધ. એ જૈનદર્શનનો ઉપદેશબોધ છે. ૫૦૬ પત્રમાં એ વાત લીધી.

મુમુક્ષુ :- એક-એક વચનામૃતમાં કેટલી ગંભીરતા છે! કૃપાળુદેવના એક-એક વચનામૃતમાં..

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ-બહુ. કહ્યું છેને, એક વાક્યમાં અમારો ઉપયોગ હજારો આગમમાં ફરી વળે છે. ત્યારે એક વાક્યનું જ્ઞાન કરીએ છીએ એવી રીતે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એવા ઉપયોગની ભૂમિમાંથી નીકળેલા વચનો છે અને એને એમ કહે કે આગમ ન કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો શું છે કે જેને કાંઈ ભાન નથી. સ્વચ્છંદ ફાટી ગયો હોય તો જ્ઞાનીના વચનો ઉપર પોતાના જજમેન્ટ આપે.

'તેમ આત્મા જ્ઞાન-દર્શન-આનંદરૂપે પરિણમે તે બધી તેની પર્યાયો છે. પણ પરિણમનાર કોણ છે? પોતે ચૈતન્યવસ્તુ. ચૈતન્ય વસ્તુની તે પર્યાયો છે અને તે ચૈતન્યની પર્યાય છે એટલે તે પર્યાય પોતે દ્રવ્યને જાણી શકે છે,...' પોતાની પર્યાય છે એટલે પોતાને જાણી શકે છે. જાણી શકે છે એટલે **'દ્રવ્યના ગુણોને...'** એટલે પોતાના સામર્થ્યને **'ખ્યાલમાં લઈ શકે છે કે...'** મારામાં આવા ગુણો છે અને મારું આવું સામર્થ્ય છે. કેમકે એ ગુણો જ પર્યાયમાં પરિણમે છે. કૃપાળુદેવે લીધુંને? ૫૩૭માં એક પ્રશ્ન ઉઠાવ્યો કે પોતે પોતાથી અજાણ કઈ રીતે રહી શકવાયોગ્ય છે? બીજાની વાત હોય તો કદાચ ન જાણે, પણ પોતે પોતાના સ્વરૂપથી અજાણ કઈ રીતે રહી શકવાયોગ્ય છે. કેમકે ગુણો જ પરિણમે છે. તો પોતાના ગુણોને કેમ ન જાણે? અને પોતાના ગુણોને જાણે તો પોતાના સામર્થ્યને જાણી લે. વાત પૂરી થઈ ગઈ.

આગળ કહે છે. **'વેદન ભલે પર્યાયનું થાય પણ તે જાણે છે દ્રવ્યને.'** જ્યારે સ્વાનુભવ થાય ત્યારની વાત ચાલે છે. પર્યાયમાં અનુભવ-સ્વાનુભવ. તો કહે છે, સ્વાનુભવ વખતે વેદન ભલે પર્યાયનું થાય છે. દ્રવ્યમાં વેદન થતું નથી કેમકે તે શક્તિરૂપ છે. **'પણ તે જાણે છે દ્રવ્યને.'** અવલંબે છે દ્રવ્યને. પોતાના સામર્થ્યને જાણતો સ્વાનુભવ છે. સામર્થ્યના મહિમાથી પ્રગટેલો સ્વાનુભવ છે. સ્વાનુભવ એટલે સ્વરૂપનો મહિમા. સ્વાનુભવ એટલે શું? સ્વરૂપનો અત્યંત અત્યંત મહિમા તેનું નામ સ્વાનુભવ. સ્વાનુભવ બીજી કોઈ ચીજ નથી. એટલે જાણે છે સ્વરૂપને.

'તથા દ્રવ્યની પોતાની પર્યાય છે, બીજાની નથી.' દ્રવ્ય પોતે પરિણમ્યું છે, કાંઈ બીજો પરિણમ્યો નથી. **'પર્યાય કાંઈ અધ્ધર લટકતી નથી. ચૈતન્યની પર્યાય**

જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપે પરિણમે તે પોતાની પર્યાય દ્રવ્યથી જુદી નથી.' દ્રવ્યદૃષ્ટિપ્રકાશ વાંચો એટલે પર્યાયની ભિન્નતાની જ વાતો આવવાની. મૈં ત્રિકાલી હૂં, એક સમયકી પર્યાય મૈં નહીં હૂં. એ દૃષ્ટિપ્રધાન કથન છે, આ જ્ઞાનપ્રધાન કથન છે. અને બંનેમાં અવિરોધપણું છે, બંનેમાં અવિરોધપણું છે. એ ચોથી ડાયરીમાં ઘણું કરીને એ અવિરોધપણા વિષય ઉપર ઘણું ચાલેલું છે અને ઘણું લખાયેલું છે.

'**ચૈતન્યની પર્યાય જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપે પરિણમે તે પોતાની પર્યાય દ્રવ્યથી જુદી નથી. પર્યાયનો સ્વભાવ એ રીતે જુદો છે કે પર્યાય ક્ષણિક છે ને દ્રવ્ય શાશ્વત છે.**' પર્યાયનો સ્વભાવ ઉત્પાદ-વ્યયવાળો છે, દ્રવ્યનો સ્વભાવ ધ્રુવ રહેવાનો છે એમ પરસ્પર વિરુદ્ધ સ્વભાવી છે તોપણ ઘર્ષણ નથી. પર્યાયનો સ્વભાવ ક્ષણિક ઉત્પાદ-વ્યયવાળો છે, અવલંબે છે દ્રવ્યને. દ્રવ્યનો સ્વભાવ ધ્રુવ રહેવાનો છે. તોપણ જોડે પર્યાય પરિણમે છે એનો દ્રવ્યને કાંઈ વાંધો નથી. એ ધ્રુવ જ રહે છે, એ ઉદાસીન જ રહે છે. પર્યાયને પરિણમવા દો. હું છે તું છું. તોપણ ફ્રિક્શન નથી. વિરુદ્ધ સ્વભાવી હોવા છતાં પણ ફ્રિક્શન નથી. એટલું જ નહિ, સમયસારની ૪૭ શક્તિમાં ૪૭ સે ૪૭ સ્વભાવો લીધા છે દ્રવ્યના. એવા અનંત સ્વભાવો છે. એમાંથી ૪૭ સ્વભાવો વર્ણવ્યા આચાર્યદેવે. એમાં એક સ્વભાવ એટલે શક્તિ, શક્તિ એટલે સ્વભાવ એવો વર્ણવ્યો વિરુદ્ધધર્મત્વ શક્તિ. વિરોધી ધર્મોને ધારણ કરે એવી પણ આત્મામાં શક્તિ છે, એ પણ આત્માનો જ સ્વભાવ છે. વિરોધી ધર્મોને ધારણ કરીને અવિરોધપણે રહેવું એવો આત્માનો સ્વભાવ અને સ્વરૂપ છે. માટે આ જગતમાં તારાથી મેળ ન ખાય એવા દ્રવ્ય હોય કે એવા પર્યાયો હોય એનો તને વાંધો હોવો જોઈએ નહિ. બાકીના પાંચ દ્રવ્યો જડ છે તો તારા સ્વભાવ સાથે તો મેળ ખાતા નથી. તને શું વાંધો એનાથી? તું જગતમાં રહે અને એ જગતમાં રહે એમાં વાંધો શું? હવે રહ્યા બીજા જીવો. એ બીજા જીવો એના દ્રવ્ય-ગુણ-પર્યાયની યોગ્યતા અનુસાર પરિણમે એમાં તને વાંધો શું? કે તને કાંઈ વાંધો નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાનીકી મહિમામેં હી અપને સ્વભાવકી મહિમા હૈ. અપના સ્વભાવ તો અભી અનુભવમેં આયા નહીં. તો જ્ઞાનીકે સ્વભાવકી મહિમામેં અપને સ્વભાવકી મહિમા આયેગી ન?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વો તો હૈ. જ્ઞાનીકી મહિમામેં ઈનડાયરેક્ટલી અપને સ્વરૂપકી મહિમા હૈ. વહ તો હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ સિદ્ધાંત એકદમ દૃઢ થઈ જાય તો બીજા દોષોની ઉપેક્ષા થાય અને ગુણોની જ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજાના દોષોની ઉપેક્ષા થઈ જ જવાની. કોઈના દોષ સાથે મારે શું? આ જગતમાં અનંતા જીવો છે. કેટલા છે? અનંતા જીવો છે એ બધા સંસારી જ છેને. અને સંસારી જીવોમાં દોષ ન હોય તો એ સંસારી ક્યાંથી હોય? તો તો સિદ્ધાલયમાં બધા બિરાજમાન હોત. આ બધું ખાલી હોત વિશ્વ. પણ સંસારમાં અનંતા જીવો છે એ બધા દોષવાળા છે. હવે તું કેટલીક જગ્યાએ માથું મારીશ ઈ કહેને? કેટલી જગ્યાએ તારે માથું મારવું છે? હેરાન થઈ જઈશ, અમથો-અમથો હેરાન થઈ જઈશ. એટલું નક્કી કર કે મારે એકેયના જોવા નથી. એકના જોઈશ તો અનંતના જોવાનો અભિપ્રાય અંદર પડ્યો છે. એક જીવના દોષ જોવાના અભિપ્રાયમાં અનંત જીવોના દોષો જોવાનો અભિપ્રાય પડ્યો છે. હવે એકના જોઈને તું દુઃખી થા છો તો અનંતના જોઈને તારું શું થાશે એ નક્કી કર. દુઃખી થાવું છે કે સુખી થાવું છે એ નક્કી કર. તારે શું કરવું છે? તારે સુખી થાવું છે કે તારે દુઃખી થાવું છે?

જીવ શું કરે છે? ઉદયમાં બે-પાંચ, પંદર જણા હોય. જીવો તો અનંતા છે. કેટલા જણા હોય? બે-પાંચ ઘરવાળા કે પાંચ-પંદર જણ આજુબાજુના સર્કલવાળા સગાસંબંધી કે જે સર્કલ હોય એ. એટલામાં આખો સંસાર એનો ચાલ્યો જાય છે. એટલાની માથાફોડમાં, એટલાના દોષ જોવામાં એનો આખો સંસાર ચાલ્યો જાય છે, આયુષ્ય પૂરું થઈ જાય છે. પોતે સંસાર વધારે છે. પોતે સંસારને વધારી દે છે કારણ વગરનો. મારે લેવા કે દેવા. મારે શું?

મુમુક્ષુ :- ભાઈશ્રી! .. જ્યારે પોતાને કોઈના થકી કાંઈ પણ પરિણામની તકલીફ થતી હોય તો ઉદય તો પોતાનો જ છે. માની લ્યો દોષ હોય તોપણ ગૌણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં પણ તકલીફ શાની? એ તો ઉપકારી જ છે. તકલીફ શેની? કોઈ જીવ પ્રતિકૂળ ચાલે છે. ઉપકારી છે લઈ લ્યો ને. આપણું કર્મ ખેરવવા માટે આવ્યા એ. આપણે એનું કર્જ કર્યું હતું એ લેવા આવ્યા. તો એ ઉપકાર કર્યો કે નહિ? આપણે જવાનો આંટો બચ્યો કે નહિ? નહિતર જ્ઞાનીઓ ઉદીરણા કરીને કર્મ ખપાવે છે. તો એણે ઉદય કર્યો એમાં આપણે તો ઉદીરણા કરવી બચી કે નહિ? તમે મને પૈસા આપ્યા તો મારે તો તમારા ઘરે દેવા આવવા જોઈએ કે નહિ? એના બદલે તમે લેવા આવ્યા. તો મારે તો આંટો બચ્યો કે ન બચ્યો? મારો તો પરિશ્રમ બચાવ્યો તમે. એમાં શું ખોટું થયું? એટલે ક્યાંય ક્લેશ થવાનો, દુઃખી થવાનો જ્ઞાને કરીને તો જગ્યા જ નથી, અવકાશ જ નથી. જેટલો જીવ દુઃખી થાય છે

એ અજ્ઞાને કરીને થાય છે. જ્ઞાને કરીને તો દુઃખી થવાની જગ્યા છે જ નહિ. એય..! આનંદ કરો. આત્માના આનંદમાં જ રહ્યો. જ્ઞાન કરીને આત્માના આનંદમાં જ રહો. આનંદ... આનંદ... સિવાય બીજું કાંઈ (નહિ). અંદર આનંદ એટલો બધો ભર્યો છે કે જેનું તળિયું નથી એવો આનંદનો સમુદ્ર અંદર હિલોળા લે છે. તું મોઢું ફેરવીને ઊભો છો એટલે તને દેખાતું નથી. તું આનંદમાં રહેને બાપુ! આનંદથી ભરેલો છો. શું કરવા દુઃખી થા છો? દુઃખી થવાનું કોઈ કારણ જ નથી આ જગતમાં તારે. આ જગતમાં દુઃખી થવાનું કોઈ કારણ છે જ નહિ. આખું જગત સમ્યગ્જ્ઞાનનું નિમિત્ત છે. અને સમ્યગ્જ્ઞાન છે એ આનંદની મહોરવાળું છે—આનંદની છાપવાળું. આમ કહીને ભગવાને અને શ્રીગુરુએ બધાને સુખી કરી દીધા. જાવ! તમારા સુખનો ખજાનો તમે ભોગવો, આનંદનો ખજાનો તમે ભોગવો અને આનંદમાં રહો. આનંદો આનંદો બસ. એવી સરસ સુંદર વાત છે.

નિયમસારમાં તો એમ કહ્યું, આવા સુંદર માર્ગની પણ કોઈ નિંદા કરનારા નીકળશે. ઈ ગાથા છે નિયમસારમાં તો કે આ સુંદર માર્ગની કોઈ નિંદા કરશે. તો એનાથી પણ તું ઉપેક્ષિત થઈ જજે. તોપણ તારે કોઈ એની સાથે પણ વાંધો લેવાની જરૂર નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જૈસે સંસારવાલોંસે અપનકો કોઈ મતલબ નહીં હોતા વૈસે અપને સર્કલવાલોં સે કોઈ મતલબ નહીં હોના ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, દૂસરોંસે તો મતલબ હૈ હી નહીં. જો કુછ મતલબ હૈ, જિસકે સાથ ઉદડ જુડતા હૈ ઉસકે સાથ. તો ઉદયકો કાટો. એક કેંચી રખ લો. ઉદયકો કાટો. બસ, બાત ખતમ. ચૌબીસ ઘંટા વહ કેંચી સાથમેં રખકર હી ફિરના. ચૌબીસ ઘંટા ઉદય ચલેગા, કાટતે રહના. બસ, અપના વહી કામ હૈ. દેખો કિતના આનંદ હૈ, કિતની શાંતિ રહતી હૈ, કિતના આનંદ આતા હૈ દેખ લો. હર હાલતમેં આપકો શાંતિ ઔર આનંદ ઈતના રહેગા. ક્યા ચાહિયે ફિર? જીવકો ચાહિયે ભી ક્યા?

મુમુક્ષુ :- ભિન્નતા જોવી એમને? કેચી એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- હા ભિન્નતા, ઉદયથી ભિન્ન. ઉદય મારો નથી. એ ગડબડ કરે છે તો એનો છે, મારો નથી. એના પરિણામમાં ગડબડ થઈ માટે ઉદય એનો, મારો નહિ.

મુમુક્ષુ :- સોગાનીજીએ કીધુંને કોઈ પ્રતિકૂળતા આપે તો હમ ઐસે નપુંસક થોડી હૈ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, કિ હમ કષાય કર લેવે. હમ તો હમારે પુરુષાર્થમેં ખડે હૈ. ઐસે. ઉદયને કહી દેવું કે હું તને ઓળખતો નથી. અજાણ્યો માણસ એમ કહે કે એય..! ભાઈ! કેમ તમે મારા ફલાણા-ફલાણા...? કે હું તો ઓળખતો નથી. જાવ તમ તમારે તમારા રસ્તે ચાલ્યા જાવ.

મુમુક્ષુ :- સમયસારમાં આવેલુંને કર્મની ઘટાનું જોર ગમે તેટલું હોય પણ જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા છોડતું નથી, એવું છે. વાદળાની ઘટા જોઈને સૂર્ય કાંઈ પાછો વયો જાતો નથી કે બહુ વાદળા છે આજે, આપણે ભાગી જાવ હવે. બાદલ હોવે તો ભી ભલે, નહીં હોવે તો ભલે, વહ તો સૂર્ય ઉદય હોકરકે ઈધર સે ઉધર જાયેગા હી જાયેગા. વહ વાપિસ જાયેગા નહીં. ઉદય કે સમય ઉસકો માલૂમ પડ ગયા કિ બહુત બાદલ હૈ. તો હોગા. હોવે તો ભી ઠીક, નહીં હોવે તો ભી ઠીક. વહ તો જાયેગા તો જાયેગા અપને રાસ્તે.

મુમુક્ષુ :- નદી નીકળે છે પર્વતમાંથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વહ પાની ભી વાપિસ જાતા નહીં હૈ. વહ તો પત્થરોંકી ચટ્ટાન દેખકર ભી વાપિસ નહીં જાતી. તોડકર જાયેગી.

મુમુક્ષુ :- તું ચૈતન્ય થઈને આવો ગેંગે ફેંફે થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- તૂ અનંત શક્તિકા ધણી હોકરકે રોતા હૈ? ક્યા બાત હૈ?

મુમુક્ષુ :- ગુરુદેવ કહે છેને તને શરમ નથી આવતી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગુરુદેવ કહેતાને આવડો મોટો ઢગો થઈને રોવે છો? છોટે-છોટે બચ્ચે રોતે હૈં. તૂ બડા હોકરકે રોતા હૈ? ઐસા. તુમ તો બડા હૈ. ક્યોં રોતા હૈ? ઐસા. ગુરુદેવ કહેતા હોં! ખાસ શબ્દ છે ગુજરાતી, ખાસ શબ્દ છે ઈ. આપકે હિન્દીમેં હોગા. હિન્દીમેં કુછ હોગા કુછ ઐસા શબ્દ. કોઈ બડા હોકરકે કોઈ રોતા હૈ બચ્ચોંકી તરહ તો આપ લોગ કુછ બોલતે નહીં હૈં.

મુમુક્ષુ :- ભૈંસા જૈસા હો ગયા હૈ ફિર ભી રોતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- કેવા? ભેંસ? હા ઠીક છે. અમારે તો ખાસ શબ્દ છે આ.

મુમુક્ષુ :- ઈતના બડા ઢીમડા હો ગયા ફિર ભી રોતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઢીમડા. કાંઈક હોવું જોઈએ, કાંઈક હોવું જોઈએ. દરેક ભાષામાં પોતપોતાના શબ્દો કાંઈક હોવું જોઈએ.

મુમુક્ષુ :- દરેક ભાષામાં એવા જીવો પણ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હોય છે.

મુમુક્ષુ :- દરેક ભાષામાં જીવ પણ હોય છેને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દરેક ભાષામાં જીવોમાં તો બધા પ્રકારો હોય જ ને. એવું છે. એ જ્યારે પોતે ક્લેશ કરેને ત્યારે આ વાત લેવા જેવી છે. પોતે ક્લેશ કરે ત્યારે, દુઃખી થાય ત્યારે (આ વાત લેવી). શું કહે છે?

'પર્યાયનો સ્વભાવ એ રીતે જુદો છે કે પર્યાય ક્ષણિક છે ને દ્રવ્ય શાશ્વત છે. છતાં પણ પર્યાય દ્રવ્યની છે, આત્માના આધારે પરિણમે છે, નિરાધાર નથી. જો દ્રવ્યના આધારે પર્યાય પરિણમતી ન હોય તો દ્રવ્ય અને પર્યાયના બે કટકા થઈ જાય.' અથવા બે જુદાં-જુદાં દ્રવ્ય થઈ જાય. પણ એવું થતું નથી. એ તો બે ભાગ પડી જાય. **'પર્યાય તો ક્ષણિક છે, તે ચાલી જાય છે અને આત્મા શાશ્વત છે.'** દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં ભિન્નતા લીધી છે, તોપણ પ્રમાણની કેટલીક વાતો એમણે મૂકી છે. ઈ એમ બતાવે છે કે એમને બેય બાજુનું યથાર્થ જ્ઞાન હતું. બે વાત આવે છે અને એ ધ્યાન પણ ખેંચ્યું છે. અમુક-અમુક જગ્યાએ એ વાત ધ્યાનમાં ખેંચી છે કે બેય વાત આવે છે આમાં.

મુમુક્ષુ :- એક પ્રશ્નમાં જ એ વાત લીધી છેને, કે જ્ઞાન પર્યાયને સર્વથા જુદી જાણે છે કે અભિન્ન પણ જાણે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણા બોલ આવે છે, ઘણા પોઈન્ટ એવા આવે છે.

'આત્મા શાશ્વત છે. તેમાંથી બીજી-બીજી પર્યાય આવ્યા જ કરે છે. જ્ઞાનની જ્ઞાનરૂપે, ચારિત્રની ચારિત્રરૂપે, શ્રદ્ધાની શ્રદ્ધારૂપે એમ નવી નવી પર્યાય ચૈતન્યમાંથી આવ્યા જ કરે છે. જેમ પાણીમાં મોજા થયા કરે તેમ ચૈતન્યમાંથી ગુણોની પર્યાય આવ્યા જ કરે છે.' પાણીના તરંગ દરિયામાંથી જ આવે છે. પાણી જ પરિણમે છે. કાંઈ બે કટકા થોડા છે? નીચે સ્થિર દળ છે, ઉપર મોજા છે તોપણ. વચ્ચે કાંઈ સાંધ છે? અમુક લેવલ નીચે જાવ એટલે સ્થિર પાણી છે, ઉપર મોજા છે. પણ એ બધું પાણી તો સળંગ જ છે. પાણી છે એ સળંગ છે. એમ દ્રવ્ય-પર્યાયના ભેદ છે એ સમજવા માટે છે વસ્તુના સ્વરૂપને, પણ વસ્તુના સ્વરૂપના કટકા કરવા માટે નથી. **'જેમ પાણીમાં મોજા થયા કરે છે તેમ ચૈતન્યમાંથી ગુણોની પર્યાય આવ્યા જ કરે છે. જેમ હીરામાં ચમક થયા કરે છે તે હીરામાંથી આવે છે,...'** હીરો જ ન હોય તો ચમક ક્યાંથી આવે? દરિયો જ ન હોય તો મોજા ક્યાંથી થાય? દ્રવ્ય જ ન હોય તો પર્યાય ક્યાંથી થાય? **'તેમ આત્મામાંથી નવી નવી પર્યાય આવ્યા જ કરે છે.'** થોડી ચર્ચા લઈશું એના ઉપર. ટાઈમ થયો છે.

તા. ૧૫-૩-૧૯૯૭, પ્રશ્ન- ૧૩૬ થી ૧૩૮
પ્રવચન નં. ૯૦

સ્વાનુભૂતિદર્શન પાનું-૯૬, ૧૩૬મો બોલ ચાલે છે. છેલ્લો પેરેગ્રાફ બાકી છે. ઉપરનો વિષય એમ ચાલ્યો કે અનુભવ પર્યાયમાં થાય છે. એ પ્રશ્ન છે. પણ એ અનુભવની પર્યાય આત્મામાંથી આવે છે. એટલે એક ન્યાયે આત્માનુભવ કરે છે એમ કહીએ તોપણ યોગ્ય છે, એક ન્યાયે પર્યાય અનુભવ કરે છે એમ કહીએ તોપણ યોગ્ય છે. પોતે પોતાના પરિણમનને, પોતાની પર્યાયને તપાસે તોપણ સમજાય એવું છે કે મારી પર્યાય મારામાં ઉત્પન્ન થાય છે, મારામાંથી જ ઉત્પન્ન થાય છે, કોઈ અન્ય પદાર્થમાંથી મારી પર્યાય ઉત્પન્ન થાતી નથી. એવું સ્પષ્ટ પ્રત્યક્ષ અનુભવગોચર થઈ શકે એવું છે.

હવે છેલ્લે ખુલાસો કરે છે કે '**જે અપેક્ષાએ દ્રવ્ય-પર્યાયના ભેદની વાત આવે છે,...**' કે ભાઈ દ્રવ્ય અને પર્યાય જુદાં છે એવી પણ એક અપેક્ષા છે. ઉપર અભેદની અપેક્ષા લીધી, પણ પછી ભેદની અપેક્ષાનો ખ્યાલ છે કે જે અપેક્ષાએ દ્રવ્ય-પર્યાયના ભેદની વાત આવે છે તે અપેક્ષાએ ભેદ છે. ભેદ નથી જ એમ કહેવા માગતા નથી. અને ભેદ છે તો બે કટકા છે, બે દ્રવ્ય જુદાં છે, સર્વથા ભેદ છે એમ પણ નથી. '**તે અપેક્ષાએ ભેદ છે પણ દ્રવ્ય-ગુણ-પર્યાયને સર્વથા ભેદ નથી.**' કથંચિત્ ભેદ છે, સર્વથા ભેદ નથી. '**તેમને લક્ષણભેદ છે,...**' જે દ્રવ્યનું લક્ષણ છે ધ્રુવત્વ, તો પર્યાયનું લક્ષણ છે ઉત્પાદ-વ્યય. એક નિત્ય છે, એક અનિત્ય છે. એમ લક્ષણભેદ છે. '**સંખ્યાભેદ છે,...**' દ્રવ્ય એક છે, પર્યાયો અનેક છે. '**એવી રીતે ભેદ છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ જુદાં કહેવાય,...**' દ્રવ્યને લક્ષમાં લેનારી દૃષ્ટિ છે એ અપેક્ષાથી કથન કરીએ તો જુદાં કહેવાય. કેમકે દૃષ્ટિ પર્યાયને વિષય કરતી નથી. '**પણ તેમને સર્વથા જુદાં ન સમજવાં.**' સમજણની અંદર તો એક અખંડ દ્રવ્યની સત્તામાં એ પર્યાય રહેલી છે અને દ્રવ્ય પોતે પર્યાયરૂપે પરિણમે છે. જ્ઞાનગુણ છે એ જાણવાનું કાર્ય કરે છે, શ્રદ્ધાગુણ શ્રદ્ધવાનું કામ કરે છે. એમ સમજવું. '**વસ્તુના કટકા ન સમજવા.**' અંદર ટુકડા ન સમજવા. એ રીતે બંને પડખેથી સ્પષ્ટીકરણ આપ્યું છે.

પ્રશ્ન-૧૩૭

પ્રશ્ન :- પર્યાય દેખાય છે, દ્રવ્ય કાંઇ દેખાતું નથી-શૂન્યતા જેવું લાગે છે!

સમાધાન :- પોતે શાશ્વત દ્રવ્ય છે, તેમાં અનંત ગુણો છે. તેમાં જાણવાનો ગુણ છે, આનંદ ગુણ છે, અસ્તિત્વ-શાશ્વત રહે તેવો-ગુણ છે, વસ્તુત્વ ગુણ છે, ચારિત્ર ગુણ છે, વેદકતા ગુણ છે, વગેરે અનંતા ગુણ છે જે શબ્દમાં ન આવે તેવા છે પણ પોતે જાણતો નથી એટલે શૂન્ય જેવું ભાસે છે. અંતરમાં જો દૃષ્ટિ કરે તો પોતે શૂન્ય નથી; ગુણોથી ભરેલો છે. અંદરમાં વિકલ્પ તોડીને જો લીનતા કરે તો તેમાં આનંદ ભરેલો છે, જ્ઞાન ભરેલું છે, તે દેખાય. ૧૩૭.

પ્રશ્ન ૧૩૭ ઉપર પ્રવચન

૧૩૭મો પ્રશ્ન. '**પ્રશ્ન :- પર્યાય દેખાય છે, દ્રવ્ય કાંઈ દેખાતું નથી-શૂન્યતા જેવું લાગે છે!**' જાણે કાંઈ છે જ નહિ. પર્યાય દેખાય છે, દ્રવ્ય તો જાણે શૂન્ય જેવું કાંઈ છે જ નહિ એવું લાગે છે. તો શું કરવું? વાસ્તવિકતા શું સમજવી? એમ. આવો પ્રશ્ન દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં પણ થયો છે. છે? દ્રવ્યદૃષ્ટિપ્રકાશ છે?

'**વર્તમાન જ્ઞાન-વેદન ખ્યાલમેં આતા હૈ વૈસે ત્રિકાલી સત્ ખ્યાલમેં ક્યોં નહીં આતા હૈ?**' અહીંયાં (એમ પૂછ્યું કે) '**પર્યાય દેખાય છે, દ્રવ્ય કાંઈ દેખાતું નથી.**' બેય એક જ પ્રશ્ન છે. ૧૨૫મો (બોલ) છે. '**વર્તમાન જ્ઞાન-વેદન ખ્યાલમાં આવે છે,...**' એટલે પર્યાય દેખાય છે અથવા જણાય છે, સમજાય છે. '**ત્રિકાલી સત્ ખ્યાલમેં ક્યોં નહીં આતા હૈ?**' અહીં દ્રવ્ય દેખાતું નથી. એક જ પ્રશ્ન લીધો છે. હવે જુઓ ઉત્તરમાં શું બેય જણા કહે છે. પ્રશ્ન તો એક જ સામે આવ્યો છે.

'**પોતાની ભાવના પોતે સાથે લઈને જાય છે.**' ઉપર. '**પોતે શાશ્વત દ્રવ્ય છે,...**' પોતે શાશ્વત દ્રવ્ય છે '**તેમાં અનંત ગુણો છે. તેમાં જાણવાનો ગુણ છે, આનંદ ગુણ છે, અસ્તિત્વ-શાશ્વત રહે તેવો-ગુણ છે,...**' શાશ્વત રહેવાનો છે. '**વસ્તુત્વ ગુણ છે, ચારિત્ર ગુણ છે, વેદકતા ગુણ છે, વગેરે અનંતા ગુણ છે જે શબ્દમાં ન**

આવે તેવા છે...' બીજા પણ અનંતા ગુણ છે કે જેના કોઈ નામ નથી. **'પણ પોતે જાણતો નથી એટલે શૂન્ય જેવું ભાસે છે. અંતરમાં જો દૃષ્ટિ કરે તો પોતે શૂન્ય નથી; ગુણોથી ભરેલો છે. અંદરમાં વિકલ્પ તોડીને જો લીનતા કરે તો તેમાં આનંદ ભરેલો છે, જ્ઞાન ભરેલું છે, તે દેખાય.'** સોગાનીજીએ થોડું લોજિક આપ્યું છે આ વિષયમાં. (આ) સીધું અનુભવ ઉપર લઈ ગયા છે કે તું જાણતો નથી, કેમકે તને તારો અનુભવ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ચારિત્રમેં મુનિદશા લી હૈન? ચારિત્રમેં મુનિદશા ભી અંદરમેં ગર્ભિત હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, સબ હૈ. સ્થિરતા હૈ, ચારિત્રમેં સ્થિરતા હૈ.

'અંતરમાં જો દૃષ્ટિ કરે તો પોતે શૂન્ય નથી; ગુણોથી ભરેલો છે.' એટલે જો સ્વરૂપદૃષ્ટિ થાય તો એ દ્રવ્યનું ગ્રહણ થશે. જે દ્રવ્ય તને દેખાતું નથી એ દૃષ્ટિમાં આવશે. અને વિકલ્પ તોડીને અંદર લીનતા કરે એ ચારિત્ર થયું. તો આનંદ ભરેલો છે, જ્ઞાન ભરેલું છે અંદરમાં. અનંતુ જ્ઞાન અને અનંત આનંદ ભરેલો છે એવું તને જ્ઞાનમાં પણ જણાશે. અનુભવ પ્રધાનતાથી ઉત્તર આપ્યો છે.

સોગાનીજીએ લોજિકથી જરા વાત કરી છે. કે **'જે ઉઘાડમાં ન્યાયથી ખ્યાલમાં આવી તે ખ્યાલવાળી જ્ઞાનપર્યાય...'** એ તને ખ્યાલમાં આવ્યું ન્યાયથી કે મને પર્યાય જણાય છે. તો કહે એ જેના ખ્યાલમાં આવ્યું કે પર્યાય જણાય છે, એ ખ્યાલવાળી જ્ઞાનની પર્યાય છે. એ **'પણ કોઈ આધાર ઉપર ઉભી છે,...'** **'જ્ઞાનપર્યાય પણ કોઈ આધાર ઉપર ઉભી છે,...'** **'ખ્યાલવાળી જ્ઞાનપર્યાય પણ કોઈ આધાર ઉપર ઉભી છે, તે આધારવાળી વસ્તુ શું છે,...'** આમાં તો શું છે અનુભવ હોય એને જ ખબર પડે. અહીંયાં હવે વગર અનુભવી તું છો એને પણ જરાક પ્રેરણા આપી છે કે તને ખ્યાલમાં આવે છેને પર્યાય? તો એ પર્યાય અદ્ધર ઉભી છે કે કોઈ વસ્તુના આધારે રહી છે? શેમાં ઉભી થઈ? કોઈ વસ્તુના આધારે ઉભી થઈ કે ક્યાંય અદ્ધર લટકી આધાર વગર?

'એ દેખીને તે આધારવાળી શક્તિમાં જ થંભી જવું-પ્રસરી જવું, તે જ સત્ સ્વભાવ છે.' તો એ જે તને આધારનો ખ્યાલ આવે તો તું એમાં થંભી જા, એમાં પ્રસરી જા, એમાં વ્યાપી જા. એ સત્ સ્વભાવ છે, એ ત્રિકાળી સ્વભાવ છે. પછી અહીંયાં અનુભવ જોડ્યો એમણે. પહેલા એક લોજિક આપી અને પછી કીધું કે હવે તું અનુભવમાં વયો જા.

મુમુક્ષુ :- આ ટેકનિક આપીને ભાઈશ્રી! આ કળા થઈને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ કળા છે.

આમણે થોડું સ્પષ્ટીકરણ આપ્યું છે. '**કિ ત્રિકાલી સ્વરૂપમાત્ર ખ્યાલમેં લેના હૈ ઐસા અભિપ્રાય નહીં રખકરકે, અંતરમેં ત્રિકાલી આધારભૂત શક્તિકો સ્વયંકે રૂપમેં દેખનેકા પ્રયાસ કરના ચાહિયે.**' શું કહેવું છે? કે ત્રિકાળી સ્વરૂપને વિકલ્પથી ખ્યાલમાં લેવો એમ અભિપ્રાય નહિ રાખવો, પણ પ્રેક્ટિકલ સાઈડથી અંદરમાં પોતાના ત્રિકાળી આધારભૂત શક્તિને પોતાના સ્વરૂપે જોવાનો પ્રયાસ કરવો જોઈએ. એ જોવાનો પ્રયાસ કરવાથી સહજ સ્થિરતા આવી જશે. એ પ્રકારે પર્યાયથી દ્રવ્ય સુધી જાવું. તો દ્રવ્ય પણ સમજાશે.

મુમુક્ષુ :- પર્યાય વચ્ચે ચેનલ છે, પણ પર્યાયત્વને લક્ષમાં નથી લેવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- ના. એમ છે કે પર્યાય છે એ શૂન્યમાંથી આવી? કે વસ્તુમાંથી આવી? પર્યાય નવી આવી. શૂન્યમાંથી આવી કે કોઈ વસ્તુ હતી એમાંથી આવી? એમ. પણ આમાં પણ સ્પષ્ટીકરણ આપણે જે આપ્યું છે એ જરા વિશેષ ખ્યાલ કરીને આપ્યું છે કે એ તો એક ખ્યાલ થયો, એક વિચાર થયો, એક અભિપ્રાય થયો. કોઈ વસ્તુ, લોજિકથી કોઈ વસ્તુમાંથી પર્યાય આવી. એટલું જ નહિ રાખીને, અંદરમાં જે શક્તિનું રૂપ છે એને પોતાના સ્વરૂપે જોવાનો પ્રયાસ કરવો. જે ત્રણે કાળે શક્તિનું સ્વરૂપ છે એ તને જે સમજવામાં આવ્યું, એ માત્ર સમજીને ખ્યાલમાં રાખવાનું નહિ પણ એને તું જો, એને જોવાનો પ્રયાસ કર તો લીનતા અથવા સ્થિરતા આવી જશે. એ વસ્તુ એવી છે કે એને જોતા તને સ્થિરતા અને લીનતા આવી જશે. એવી રીતે તું ત્રિકાળીનું જ્ઞાન કર. માત્ર અનુમાનથી, લોજિકથી જ નહિ કર.

બહેનશ્રીએ લીધું, તું દૃષ્ટિ કર. વિકલ્પ તોડીને લીનતા કર. પણ કેવી રીતે કરવી? એ પાછો પ્રશ્ન ઉભો થશે. તું તારી જે શક્તિ છે એને પોતાના રૂપે જોવાનો પ્રયત્ન કર. જ્ઞાન-દર્શન દ્વારમાં સ્વરૂપશક્તિને દેખવી. જેમ અગ્નિના તણખામાં આખા ગામને બાળવાની શક્તિ જોવામાં આવે છે તેમ. રૂના અને કાગળના કેટલા ગોડાઉન બાળે એક તણખો નાખ્યો હોય તો? કેમ? કે શક્તિ છે, એનામાં શક્તિ છે. એમ તું પર્યાયમાં શક્તિને જો અને અહીંયાં તારી પર્યાયમાં શક્તિને તારા સ્વરૂપે તું જો. કેવી રીતે જો? તારા સ્વરૂપે તું જો, પોતાના સ્વરૂપે તું જો. ત્યારે પ્રશ્ન એમ થાય કે એને પોતાના સ્વરૂપે કેવી રીતે જોવી? કે પોતાના સ્વરૂપે છે માટે પોતાના સ્વરૂપે જોવી છે.

મુમુક્ષુ :- દેખાતો જ નથીને શું જોવે?

પૂજ્ય ભાઈશ્રી :- એક થોડુંક દૃષ્ટાંત આપું કે શરીરને પોતાના સ્વરૂપે જોવે છે કે નહિ? હું આવો રૂપાળો છું, મારું આવું રૂપ છે, મારું આવું રૂપ છે એમ જોવે

છે કે નહિ? હવે જે શરીર તારું રૂપ નથી, કેમકે એની રાખ થવાની છે, જે શરીર તારું રૂપ નથી એને તું તારા રૂપે કેમ જોવે છો? એ તને કોણે શીખડાવ્યું? એ કહે અને કઈ રીતે તું જોવે છો? તારા સ્વરૂપે નથી એને તું તારા સ્વરૂપે જોવે છો. ત્યાં તને પ્રશ્ન ઉઠતો નથી. અને જે શક્તિ તારું કાયમી સ્વરૂપ છે, ત્રિકાળી સ્વરૂપ છે એને મારે કેમ જોવું મારા સ્વરૂપે? એવો તું પ્રશ્ન ઉઠાવે છો. અચરજની વાત છે! પ્રયત્ન કરવો જોઈએ.

જ્ઞાનદર્શન દ્વારમાં—જ્ઞાનદર્શનની પર્યાયમાં, દ્વારમાં કહો કે પર્યાયમાં કહો, પોતાની સ્વરૂપશક્તિને પોતા સ્વરૂપે જોવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને પોતાના સ્વરૂપે છે. તું પ્રયત્ન કરીશ તો તને તારા સ્વરૂપે જરૂર દેખાશે. કેમકે તારા સ્વરૂપે છે. માટે તને જરૂર તારા સ્વરૂપે દેખાશે. તું પ્રયત્ન તો કર એમ કહે છે. અંદરમાં પ્રયત્ન તો કર એટલી વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં એક ધર્માત્મા એમ કહે છે કે દષ્ટિ કર, બીજા ધર્માત્મા કહે છે કે લીનતા કર, ત્રીજા ધર્માત્મા કહે છે કે જો. હવે શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- વાત તો બધા એક જ કરે છે. જુદાં-જુદાં ગુણોથી (વાત કરે છે). દષ્ટિ કરવામાં શ્રદ્ધાથી વાત કરે છે, લીનતા કરવામાં ચારિત્રની વાત કરે છે, જોવામાં જ્ઞાનની વાત છે. મુમુક્ષુને જ્ઞાનની પ્રધાનતા છે. સાધન છે, જ્ઞાન છે એ સાધન છે.

મુમુક્ષુ :- રાગની તીવ્ર પરિણતિમાં ઉભો છે એટલે આ જણાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જણાતું નથી.

મુમુક્ષુ :- એટલે ક્રમમાં આવીને પરિણતિ તોડવી જોઈએ. પાયાની વાત આ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. સીધી વાત આ છે. બહેનશ્રીએ શું કીધું? કે જો શ્રદ્ધા કરે તો દ્રવ્યની શ્રદ્ધા થાય, લીનતા કરે તો દેખાય. એમ શરતી વાત મૂકી કે આમ કરે તો આમ થાય. અહીંયાં એમ લીધું કે ભાઈ, તું જરાક વિચાર કર કે જો પર્યાય છે એ કાંઈ અદ્ધર નથી. કોઈ વસ્તુ છે એના આધારે પર્યાય છે. અને કોઈપણ પર્યાય કોઈપણ વસ્તુના આધારે જ હોય છેને? જેમકે ચમક છે હીરાની. તો હીરાની ચમક હીરા વગર તો નથીને? ચમક... ચમક... ચમક... ચમક.. થાય છે. ચમક દેખાય છે. હવે તું એમ કહે છે કે ચમક દેખાય છે પણ મને હીરો નથી દેખાતો. તો વાત કાંઈ વાસ્તવિક નથી, કાલ્પનિક થઈ જાય છે. હીરા વગર હીરાની ચમક તને કઈ રીતે દેખાણી? કે ન દેખાય. વાસ્તવિક રીતે એમ જ દેખાય કે હીરો ચમકે છે. ચમક દેખાય છે અને હીરો મારે કેમ જોવો? એવો પ્રશ્ન કોઈ નથી કરતું. એમ

જ્ઞાન આત્મા કરે છે. જ્ઞાન કોણ કરે છે? આત્મા કરે છે. તો જાણવાની શક્તિને તું પોતારૂપે જોવાનો પ્રયત્ન કર, જરૂર દેખાશે તને. એમ કહેવું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમ તો ચમક એ જ હીરો થઈ ગયોને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક ન્યાયે ચમક એ હીરો છે. જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. એક ન્યાયે ચમક એ હીરો છે અને એક ન્યાયે ચમક છે તે હીરાની પર્યાય છે. કેમકે બીજી પણ ઘણી પર્યાયો છે. સફેદાઈ વગેરે, નિર્મળતા વગેરે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપણે સમયસાર સંવર અધિકાર ચાલેલોને, એમાં એક દૃષ્ટાંત હતો કે આંગળીથી ચંદ્રમા દેખાડે છે તો આંગળીને જોવાની છે છતાં આંગળીને મૂકી દેવાની છે. જાણનક્રિયાના આધારે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. આંગળી છે એ ચીંધવા માટે છે, આંગળીને જોઈ રહેવા માટે નથી. આંગળીની દિશામાં ચંદ્રને જોવા માટે આંગળી બતાવી છે. એવી રીતે પર્યાય દ્વારા દ્રવ્યને જોવાનું છે, પર્યાયને જોતા રહેવાનું નથી. એમ. લક્ષણથી લક્ષ દેખાયને.

મુમુક્ષુ :- આગળના પ્રશ્નમાં વાત આવી ગઈને કે જેમ હીરામાં ચમક થયા કરે છે એ હીરામાંથી આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે, ખરું છે.

મુમુક્ષુ :- એમ જ્ઞાન થયા કરે છે એ જ્ઞાનસ્વરૂપમાંથી જ્ઞાન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનની શક્તિમાંથી જ્ઞાન આવે છે. શક્તિની વ્યક્તિ થઈ છે. શક્તિની વ્યક્તિ થઈ છે અથવા ગુણે પોતાનું કાર્ય કર્યું છે પર્યાયમાં. ગુણે ગુણરૂપે રહીને પોતાનું ગુણત્વ છોડ્યા વિના ગુણસ્વરૂપે એમ ને એમ રહીને, ... થયા વિના પાછો, એક કાર્ય કર્યું પોતાનું. હવે જ્ઞાનગુણે શું કાર્ય કર્યું? કે જાણવાનું. શ્રદ્ધાગુણે શું કાર્ય કર્યું? કે શ્રદ્ધવાનું. એમ. ગુણ ગુણરૂપે રહીને ગુણ પોતાનું સ્વરૂપ છોડ્યા વિના પર્યાયમાં કાર્ય કરે છે. આમ છે. ગુણ ગુણરૂપે પણ રહે છે અને પર્યાયમાં કાર્ય પણ કરે છે. એમ.

મુમુક્ષુ :- આપે ડાયરીમાં પણ એક ઠેકાણે કહ્યું છે કે શક્તિ સીધી કોઈને દેખાતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શક્તિ તો શક્તિરૂપે છે ક્યાંથી દેખાય? વ્યક્તિ ઉપરથી જ શક્તિ દેખાય. સીધી વાત છે.

મુમુક્ષુ :- કારણ કે શક્તિ છે એ જ પર્યાયમાં પરિણમી છે.

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ પર્યાયમાં પરિણમી છે અને શક્તિ શક્તિરૂપે રહે છે

એટલે શક્તિરૂપે એને જાણવી જોઈએ એમ છે. શક્તિ, પર્યાય દેખાય એવી રીતે ક્યાંથી દેખાય? કેમકે પર્યાય તો પ્રગટે છે, શક્તિ પ્રગટે છે થોડી? એ તો અપ્રગટ જ રહે છે, શક્તિરૂપે જ રહે છે. આ ઈલેક્ટ્રિસિટીની જેમ. આ દોરડાની અંદર કરંટ છે કે નહિ? કે લાઈટ થાય તો ખબર પડે. બાકી દોરડાની અંદર કરંટ દેખાતો નથી. એટલે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ હોવો જોઈએ. આપણા બધા શાસ્ત્રોમાં વિજ્ઞાન ભરેલું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સિદ્ધ પરમાત્મા સત્પુરુષમાં વ્યક્તિરૂપે દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સત્પુરુષનો પર્યાય પ્રગટ છેને એટલે.

પ્રશ્ન-૧૩૮

પ્રશ્ન :- સ્વભાવ સન્મુખ જોરદાર પરિણતિ ન થાય અને ભવ પૂરો થઈ જાય તો શું થાય?

સમાધાન :- પોતાની ભાવના પોતે સાથે લઈને જાય છે. પોતાની અંતરની તૈયારી હોય અર્થાત્ માત્ર કલ્પના પૂરતી નહિ, પણ અંતરની ઊંડી ભાવના હોય તે સાથે આવે છે. ચૈતન્ય તરફની પરિણતિ જે જ્ઞાયકને પકડવા તરફ જતી હતી તે ઊંડી હોય, જિજ્ઞાસા તીવ્ર હોય તો બીજા ભવમાં તે સાથે આવે છે અને તેનો પુરુષાર્થ જાગે છે, માત્ર બોલવા પૂરતું કે ધારણા પૂરતું હોય તો તે છૂટી જાય છે. જે અંદરથી ઊંડાણપૂર્વકનું હોય તે તો સાથે આવે જ છે. ૧૩૮.

પ્રશ્ન ૧૩૮ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :- સ્વભાવ સન્મુખ જોરદાર પરિણતિ ન થાય અને ભવ પૂરો થઈ જાય તો શું થાય?**' આ પ્રશ્ન ઘણાને મૂંઝવે છે કે ભાઈ આપણે કાર્ય કર્યું નથી અને આમ ને આમ મનુષ્યભવ પૂરો થઈ જશે તો શું કરશું? કામ તો થતું નથી.

ઈચ્છા છે કે કામ થાય તો સારું. કોણ જાણે ભવ ક્યારે પૂરો થઈ જાય, કાંઈ કહેવાય તો નહિ. કોઈનું કાંઈ કહેવાય એ તો. ઓચિંતું બની જાય છે.

'સમાધાન :- પોતાની ભાવના પોતે સાથે લઈને જાય છે.' સ્વભાવ સન્મુખ પરિણતિ ન થઈ હોય પણ જો ભાવના હોય—આત્મકલ્યાણની ભાવના હોય તો એ સાથે લઈને જાય છે. **'પોતાની અંતરની તૈયારી હોય...'** ઉપરછલ્લી નહિ. અંદરથી તૈયારી હોય આત્માની **'અર્થાત્ માત્ર કલ્પના પૂરતી નહિ,...'** ઉપર ઉપરની નહિ **'પણ અંતરની ઊંડી ભાવના હોય...'** જુઓ લીધું છે. **'અંતરની ઊંડી ભાવના હોય તે સાથે આવે છે.'** ઠીક! કેટલું બધું પ્રોત્સાહન આપ્યું છે કે તને સમ્યગ્દર્શન ન થયું હોય ઠીક છે, તને સંસ્કાર ન પડ્યા હોય ઠીક છે. સ્વભાવ સન્મુખતામાં સંસ્કાર પડે. હવે કાંઈ આધાર ખરો? કે હજી એક આધાર છે. અને એ આધાર અત્યારે પણ એ આધારમાં તું પરિણામ કરી શકે એમ છો. ભાવના. નવામાં નવો જીવ, સાવ નવો આવેલો જીવ એને પહેલીવહેલી ભાવના થઈ શકે એવું છે.

મુમુક્ષુ :- કોઈ પૂર્વ શરત નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કોઈ પૂર્વ શરત નહિ.

અમે લેસ્ટર ગયા હતા. લંડનની બાજુનું ગામ છે. આપણા કલકત્તાના એક મુમુક્ષુ છે એના સગા થાય. પહેલા તો લંડનનો પ્રોગ્રામ થઈને કેન્સલ થયો હતો. પછી અમને ખબર પડી કે આપણા (એક મુમુક્ષુ) છે એ ત્યાં કલકત્તામાં સ્વાધ્યાયમાં આવે છે. હમણા પૂના રહેવા ગયા છે. મારી એક ભત્રીજી છે એને અને મારે ખૂબ સંબંધ છે. ભત્રીજી એટલે ભાઈની દીકરી. મારે ખૂબ મેળ છે અને મેં એને ફોન કર્યો હતો કે આ રીતે આ લોકોનો પ્રોગ્રામ થઈને કેન્સલ થયો છે, પણ જો તું બોલાવ તો તને બહુ લાભનું કારણ છે. એ છોકરી તૈયાર થઈ ગઈ. તો એણે વાત કરી કે આવી રીતે મારે ફોનમાં વાત થઈ છે. મેં કીધું, એમ નહિ, તમે વાત કરો કે અમે ૧૫-૧૭ જણા છીએ અને ત્યાં બધી મુશ્કેલી છે. કેમકે લંડનનો પ્રોગ્રામ એ પોઈન્ટ ઉપર જ કેન્સલ થયો હતો કે ભાઈ અહીંયાં અમારે ૧૫-૧૭ જણાની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે. ૨-૪ જણા આવતા હોય તો વાંધો નથી. ભાવના બતાવી. એ બહેનનું નામ પણ ભાવનાબહેન હતું અને બહુ જ ભાવનાવાળી બહેન હતી. એણે તૈયારી બતાવી કે ભલે તમતમારે ૧૭ જણા આવે હું વ્યવસ્થા કરીશ. એણે શું કર્યું? કે ત્યાં આપણું જે જૈન સેન્ટર છે એમાં એણે વાત કરી કે અહીંયાં જમવાની જો વ્યવસ્થા થાય અને વ્યાખ્યાનની વ્યવસ્થા થાય તો આ લોકો આવવા માગે છે. ખર્ચો બધો હું કરીશ, ખર્ચો હું કોઈના માથે નહિ નાખું. મંડળવાળા માથે કે સેન્ટરવાળા

માથે ખર્ચો નહિ નાખું.

મારી ભાવના છે આ લોકોને બોલાવાની. તમને બધાને લાભ મળશે. ઓલા શું કરવા ના પાડે? જગ્યા તો જગ્યા જ છે. ત્યાં જમવાનો હોલ, વ્યાખ્યાનનો હોલ, બધી વ્યવસ્થા હતી. ખર્ચ કરવાવાળાને ખર્ચ કરવો હતો. પ્રોગ્રામ નક્કી કર્યો. ઓલા લોકો સાથે નહોતા જોડાવાના. કીધું ભાઈ, તમે આવો અમારી સાથે, ભલે બે જણા વધારે. તમારી ભત્રીજીને ત્યાં અમે જઈએ અને તમે અહીંયાં રહો? એ લોકોએ રિક્વેસ્ટ કરેલી કે અમારે આવવું છે પણ જગ્યા નહોતી પહેલા. પછી એમ થયું કે હવે આ લોકોએ પ્રોગ્રામ કર્યો છે તો એમને સાથે લઈ લઈએ. એમને સાથે લીધા. ઈ બેય જણાને સાથે લીધા. સાવ નવે નવા હતા આ લાઈનમાં. એકદમ ન્યુ કમર હતા.

સ્વાધ્યાયમાં એણે પ્રશ્ન કર્યો કે હું તો સાવ નવી છું. પહેલું વહેલું મારામાં શું હોવું જોઈએ કે જેથી આ દિશામાં હું આગળ વધી શકું? એવું મારામાં પહેલું શું હોવું જોઈએ? એ મને કહો મારી યોગ્યતા સમજીને. તો મારે પહેલા ઈ શરૂ કરી દેવું છે. મેં કીધું, પહેલીવહેલી તો આત્મકલ્યાણની ભાવના હોવી જોઈએ. તો બધાએ કહ્યું કે એનું નામ જ ભાવના છે. મેં કીધું, એ મને ખબર છે. ભાવના છે એમ નહિ. ભાવનાવાળા છે એ પણ મને ખબર છે. કેમકે અમે એના ઘરે ઉતર્યા હતા. એનું ઘર એવડું મોટું નહોતું કે ૧૭ જણને ઉતારી શકે. એટલે એણે પોતાના પરિવારમાં બીજા દેરિયા-જેઠીયા જે રહેતા હતા એને ત્યાં ઉતાર્યા હતા. અને એક ગેસ્ટ હાઉસ પણ હતું સેન્ટરનું એમાં પણ થોડાકને ઉતાર્યા હતા. બે બેડરૂમની જગ્યા ત્યાં હતી. ત્યાં પણ થોડા ઉતર્યા હતા. એમ બધા વહેંચાઈ ગયા હતા. વ્યવસ્થા બધી એણે ઉભી કરી હતી બહુ ભાવનાથી અને બહુ જ સારી રીતે એણે એટલા દિવસ જોબ છોડી દીધી અને ખર્ચ કરવામાં પણ બહુ સારી રીતે લાવવા-લઈ જવાની વ્યવસ્થામાં બધી રીતે ખૂબ જ રાખ્યું. ત્યારપછી અમે અમેરિકા ગયા તો ત્યાં પણ એમના ફોન આવતા હતા કે ભાઈ! મારું પરિણમન આમ ચાલે છે, મારું પરિણમન આમ ચાલે છે. પૂછી લીધું હતું કે માર્ગદર્શન કરવા માટે મારે શું કરવું? મારે વાતચીત કરવી હોય તો કેવી રીતે કરવી? બધા ફોન નંબર લઈ લીધા હતા જ્યાં જ્યાં જવાના હતા ત્યાંના. બરાબર ચર્ચા કરતા હતા કે મારું આમ ચાલે છે... મારું આમ ચાલે છે... આમ ચાલે છે...

બહેનશ્રી એવી વાત કરે છે '**પોતાની ભાવના...**' હોય. સાવ નવો જીવ હોય, પણ પોતાની અંતરની ઊંડી ભાવના હોય આત્મકલ્યાણની, તો એનું આયુષ્ય પૂરું

થઈ જાય તો એ ભાવના સાથે લઈને જાય છે. જેમ સંસ્કાર સાથે લઈને જાય એમ ભાવના સાથે લઈને જાય. સંસ્કાર છે એથી જરાક આગળની ડિગ્રીના પરિણમનનો વિષય છે. એટલે ભૂંસાતા નથી. ઊંડી ભાવના હોય પણ જો એની સામે એ ભાવનાથી આગળ વધીને સંસ્કાર સુધી ન જાય તો પછી ગડબડ થવાની શક્યતા ખરી. કારણ કે એમાં સંસ્કાર જેટલું બળ નથી. પણ ભવાંતર થાય તો સાથે લઈને જાય એટલું બળ છે. ઓલા તો કોઈ ભવમાં ભૂંસાય જ નહિ સંસ્કાર પડ્યા હોય તો. અને એ તો પામે, પામે ને પામે જ. ભાવના હોય તો એકાદ ભવમાં સાથે લઈને જાય. પછી બીજા ભવમાં એ ભાવના વૃદ્ધિ કરીને કામ કરી જાય તો કરી જાય અને નહિતર પાછું ચોપટ થઈ જાય. એટલે થોડું કામ થઈ શકે એવું છે. પહેલે પગથિયે પગ મૂક્યો હોય તોપણ આટલો રિસ્પોન્સ છે એને. જ્ઞાનીઓએ કેટલે હદ સુધી પ્રેરણા આપી છે અને પ્રોત્સાહન આપ્યું છે!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વખતે સારી યોગ્યતામાં હતા. પછી પાછો સંગ ફેર થયો અને ફેરફાર થઈ ગયો. પછી આવતા તો મળતા નહોતા અને આઘે બેસતા હતા, વાત નહોતા કરતા. એ બધો ફેરફાર થઈ ગયેલો. નામ ભૂલી ગયો હું. પણ એ પહેલી વખત આવ્યા ત્યારે તો બહુ ભાવના લઈને આવ્યા હતા. કોઈ વખત ભાવના ભાવુક્તાવાળી પણ હોય છે. ભાવના ભાવનાના સ્વરૂપે પણ હોય છે. પણ ઊંડી ભાવના હોય તો ભવાંતર થાય તો સાથે આવે છે.

હવે આગળની વાત. **'ચૈતન્ય તરફની પરિણતિ જે જ્ઞાયકને પકડવા તરફ જતી હતી તે ઊંડી હોય, જિજ્ઞાસા તીવ્ર હોય તો બીજા ભવમાં તે સાથે આવે છે...'** આ ભાવના અહીં સુધીની હોવી જોઈએ લ્યો! શું કહે છે? કે જાણે એને આત્માને પકડવાની એવી ઊંડાણવાળી હોય, આત્માને પકડવાના ઊંડાણવાળી હોય. બહુ તીવ્ર જિજ્ઞાસાવાળી હોય. કેમકે સ્વરૂપથી અજાણ છે એટલે એકદમ તીવ્ર જિજ્ઞાસા હોય. એવા બે સિમ્પટમ લીધા ઊંડી ભાવનાના. તો એ બીજા ભવમાં સાથે આવે છે. અને બીજા ભવમાં સાથે આવે ત્યાં **'તેનો પુરુષાર્થ જાગે છે, માત્ર બોલવા પૂરતું કે ધારણા પૂરતું હોય તો તે છૂટી જાય છે.'**

મુમુક્ષુ :- આ ભેદ પાડવો રહ્યો એને.

પૂજ્ય ભાઈશ્રી :- આ ભેદ પોતાને પાડવો રહ્યો કે મારી પરિણતિ મારા આત્માને ઊંડાણથી પકડવા માટે જાય છે? અને મને સ્વરૂપની તીવ્ર જિજ્ઞાસા વર્તે છે? તીવ્ર એવી કે અંદરમાં પછી એ જિજ્ઞાસા સ્વરૂપની ઓળખાણપૂર્વક તૃપ્ત ન થાય, શાંત

ન થાય ત્યાં સુધી જીવને ચેન પડે નહિ. ત્યાં સુધી ચેન ન પડે. એવી ઊંડી હોવી જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમાં પુરુષાર્થ જાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજા ભવમાં.

મુમુક્ષુ :- અને સંસ્કારમાં પણ પુરુષાર્થ જાગે જ?

પૂજ્ય ભાઈશ્રી :- આમાં પણ જાગે જ. જો એવી ભાવના લઈને જાય તો જાગે. કારણ કે અહીં તો પ્રોત્સાહન આપવું છે કે જો તું આવી ભાવના લઈને જઈશ, કેવી? કે સ્વરૂપને પકડવા માટેની પરિણતિ જતી હોય, તલપાપડ થતી હોય કે તીવ્ર જિજ્ઞાસા હોય કે બીજા ભવમાં તને આના માટેનો પુરુષાર્થ જાગશે અને તું આગળ વધી શકીશ ખરો. એટલે કે જો તને અંતરના ઊંડાણમાંથી ભાવના જાગી હશે તો એ ભાવના આગળ વધે એ પહેલા આયુષ્ય પૂરું થઈ જશે તોપણ બીજા ભવમાં અનુસંધાન થાશે ખરું અને તારો પુરુષાર્થ જાગશે અને તું આગળ વધી શકીશ. માટે ઓછામાં ઓછું આટલી ભાવના સુધી આવી જા. એમ કહેવું છે.

મુમુક્ષુ :- અહીંયાં ભાઈશ્રી ભાવનામાં આવતા ભવે સત્પુરુષનું વિશેષ સાન્નિધ્ય મળે એમ લેવાનું?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે જો સત્પુરુષની પણ ભાવના ભાવી હોય તો. સત્પુરુષના યોગની ભાવના રાખી હોય તો એ પ્રકારના એ ભાવનાને કારણે પૂર્વ કર્મ ઉભા થઈ ગયા હોય, કર્મ બંધાઈ ગયા હોય, તો બીજા ભવમાં યોગ થાય.

મુમુક્ષુ :- અહીંયાં આત્માની ભાવના ભાવી હોય તો બીજા ભવમાં પણ સત્પુરુષ, જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા જોઈએ, જોઈએ. પણ શું છે કે એ સૂઝ આવે કે મારે જોઈએ. અને જોઈએ એને મળે. એમ છે. એ કુદરતની વ્યવસ્થા છે. પુરુષાર્થ જાગે અને જેને યોગ્યતા પાકે એને મળ્યા વગર રહે નહિ.

મુમુક્ષુ :- બીજો પ્રશ્ન થાય કે દાખલા તરીકે વારંવાર સત્પુરુષ વર્તમાનમાં મળતા હોય જીવને, તો પૂર્વે એ પ્રકારની ભાવના ભાવી હોય પણ પુરુષાર્થ ન કરે એવું બને.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે ઉપર ઉપરના એવા પુણ્ય બાંધ્યા હોય લોલમાં લોલ કરવાના, સમજણ વગર ઓઘસંજ્ઞાએ, તો પુણ્ય તો પુણ્યનું કામ કરવાનું જ, પુણ્ય તો પુણ્યનું કામ કરશે જ. તો ફરીને યોગ થશે. જેમ અહીંયાં યોગ થયો અને પુરુષાર્થ ન કર્યો એમ ફરીને યોગ થાય અને પુરુષાર્થ નહિ કરે તો પછી પાછું ક્યાં

સુધી આમ ને આમ ચાલવાનું? પછી તો કુદરત એમ કહેશે કે તું દરકાર કરતો નથી. જાવ! પછી શું થશે કે પોતે પણ સત્પુરુષનો યોગ થાય અને સત્પુરુષની આજ્ઞા પ્રમાણે આગળ ન વધે અને પછી એ સત્પુરુષને ઈચ્છે છે એ વાત પણ રહેવાની નથી, પરિણામ ફરી જવાના. પરિણામ ફરી જવાના એટલે સંયોગ પણ ફરી જવાના. એમ પૂર્વે અનંત વાર સત્પુરુષનો યોગ થયો છે, પણ આવી રીતે ને આવી રીતે. એટલે પાછો એ યોગ ટાળ્યો છે. પોતે ને પોતે ટાળ્યો છે પાછો. એવા જ પરિણામ કરીને. તો એવું અનંત વાર બન્યું છે. હવે એવું ન બને એની જાગૃતિ રાખવી રહી. તાત્પર્ય શું છે કે હવે એવું ન બને એની જાગૃતિ રાખવી રહી. હવે ફરી ફરીને આવી ભૂલ ન થાય.

મુમુક્ષુ :- એટલે ભાવનાપૂર્વકનો સત્પુરુષનો યોગ, પૂર્વના પુણ્યથી સત્પુરુષનો યોગ બેમાં ફેર?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ફેર છે એમાં. બેયમાં ફેર છે. ઘણો ફેર છે. બે પ્રકારે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુને આગળ વધવામાં સત્પુરુષની જ દેન છેને. આવી ભાવના થવાનું જે કારણ બને છે, એનું જ કારણ છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ કહેવાય પણ એ તો પોતાને અંદરથી થવી જોઈએ. બાકી તો સત્પુરુષ તો બધાને દેવા માગે છે. લે એને ને. લે એને ને? વાત તો બધાને માટે ખુલ્લી છે. એમ કીધું છે કે તારા માટે ખુલ્લી નથી અને બીજાના માટે ખુલ્લી છે એવું તો નથી અહીંયાં. પુસ્તકમાં જે વાત આવી એ તો પ્રાઈવેટ મિટિંગ તો રહી જ નહિ. એ તો બધાને માટે ખુલ્લી વાત થઈ ગઈ. લેવાની ગરજ પોતાને હોવી જોઈએ. પોતાનું આત્મકલ્યાણ કરવાની પોતાને ગરજ હોવી જોઈએ. અને કેટલી ગરજ હોવી જોઈએ? કે પૂરેપૂરી ગરજ હોવી જોઈએ. આ સીધી વાત છે. ગરજ ન હોય તો એનો ઉપાય નથી. પોતાના જ આત્મકલ્યાણની પોતાને ગરજ ન હોય તો કાંઈ નહિ, આમ પણ સંસારમાં અનંતા રખડે છે, ભેગો તું પણ રખડ. અનંતા જીવો રખડે છે, તું પણ સાથે સાથે રખડીશ. બીજું શું છે? આ તો છૂટી જવું હોય એની વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સબ જીવોંકો જીવરૂપ માને, સારે જીવોંકો જીવરૂપ માને તો અપને આપ ... કિ મેરા હી ઐસા હાલ હોનેવાલા હૈ ઔર પૂર્વમેં ભી ઐસા હી હુઆ હૈ. તો અપને આપ હી .. હોગા કિ છૂટના હૈ કિ ઐસે હી રહના હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- બસ, આત્મકલ્યાણની ભાવના પૂરેપૂરી હોવી જોઈએ. અને એમાંથી આ ધ્યેય બંધાશે. ભાવના હશે તો ધ્યેય બંધાશે. કોઈપણ ભોગે મારે મારું

કામ કરી લેવું છે. એમાં મારે કોઈ અનુકૂળતા-પ્રતિકૂળતાની વચ્ચે કોઈ પરિસ્થિતિને મુખ્ય કરવી નથી. કોઈપણ ભોગે આત્મકલ્યાણ આ ભવમાં કરી જ લેવું છે. આવી તક વારંવાર મળતી નથી અનંત કાળમાં પણ, માટે કરી જ લેવું છે. અને જો ધ્યેય બાંધ્યું તો પછી સંવેગ—એનો વેગ આવશે, પુરુષાર્થ આવશે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સત્પુરુષના સાનિધ્યમાં જ મુમુક્ષુ ભાવના ભાવે અને સત્પુરુષના સાનિધ્ય વિના એ ભાવના ભાવે તો એ તો લુખી ભાવના કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એમ છે કે કોઈને આવે છે અંદરથી. આત્મા છેને. આવે છે ભાવના તો આવે. ન જ આવે એવું કાંઈ નથી. એને પછી યોગ થાય. સોગાનીજી છે એમને ખૂબ ભાવના આવી. કેવી ભાવના આવી? ફાટંફાટ ભાવના આવી. તો આત્મધર્મ મળતા સૂઝ આવી. આત્મધર્મ તો ઘણાને મળ્યું હતું, મળતું હતું. એમને કેમ સૂઝ આવી કે હું ત્યાં વયો જાવ? તો એની ભાવનાએ સૂઝ કરી દીધી. ભાવનાએ વાતને સુઝાડી. અંતરની સૂઝ ભાવના લઈ આવે છે.

મુમુક્ષુ :- એ યથાર્થ ભાવના હતી એટલે.

પૂજ્ય ભાઈશ્રી :- યથાર્થ ભાવના હતી તો સૂઝ આવી કે મારે ત્યાં જાવું જોઈએ. નહિતર આર્થિક પરિસ્થિતિ પણ જવાની નહોતી અને અજાણ્યા સ્થળમાં, અજાણ્યા ક્ષેત્રમાં, અજાણી ભાષાવાળા લોકો પાસે જવાનું હતું. તોપણ એની ભાવનાએ કામ કર્યું. તો ક્યાંને ક્યાંય પહોંચી ગયા. સિદ્ધાલય સુધી પહોંચી જશે. આવું કામ છે. ભાવના સિદ્ધાલય સુધી પહોંચાડે એમ છે. અને ભાવના કરવા માટે તું છૂટો છે. તને શું વાંધો છે એ બોલ? તારા આત્મકલ્યાણની તારે ભાવના કરવી એમાં તને વાંધો શું એ બોલ? શું વાંધો પડ્યો છે તને? કોની સાથે પડ્યો છે? કઈ જાતનો વાંધો છે? આના માટે તો ખુલ્લો-ઓપન છો. તને કોઈ બાંધે એમ નથી. બસ આટલું કરને ભાઈ! જો તારી લાઈન સિદ્ધાલય સુધી છેડો અડી જશે, (તો) વાંધો નહિ આવે. આટલી પ્રેરણા આપી છે. આ બોલમાં આટલી સરસ પ્રેરણા આપી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એકવાર તો ઐસી ભાવના હોની ચાહિયે કિ...

પૂજ્ય ભાઈશ્રી :- નહીં મિલેગા. વહ તો હૈ હી. અનંતા જીવોને જે મન નથી, મન વગરના પ્રાણી થઈ ગયા, અસંજ્ઞી પાંચ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, બે ઈન્દ્રિય, એકેન્દ્રિય, કેમ થયા? કે મન મળ્યું ત્યારે એનો દુરુપયોગ કર્યો. મન મળ્યું ત્યારે પૈસા કમાવા દોડ્યો, મન મળ્યું ત્યારે દુનિયાની પંચાત કરવા દોડ્યો. મન મળ્યું ત્યારે આત્મકલ્યાણ સિવાય બધી દુનિયાદારીનું ડહાપણ ડહોળવા દોડ્યો. કુદરતે મન લઈ લીધું કે જા! અસંજ્ઞી એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર

ઈન્દ્રિય, જા. હવે તને વિવેક કરવાની જગ્યા નહિ મળે. એ અવસર ચૂકી ગયો. કુદરતે એ વાત છોડી દીધી. આમ છે લ્યો.

મુમુક્ષુ :- જાણકારી ..

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ઠીક હૈ. અહીં સુધી રાખીએ.

વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

	ગ્રંથનું નામ તેમજ વિવરણ	મૂલ્ય
૦૧	અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો)	૦૨-૦૦
૦૨	અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો)	અનુપલબ્ધ
૦૩	આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૦૪	અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન)	૧૫૦-૦૦
૦૫	અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૬	અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૭	અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૮	અધ્યાત્મ પરાગ	-
૦૯	બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૦	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)	-
૧૧	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)	-
૧૨	ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૩	દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત	૦૨-૦૦
૧૪	દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા)	૦૪-૦૦
૧૫	દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો)	૦૬-૦૦
૧૬	ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન)	૧૦-૦૦
૧૭	દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો)	૧૦-૦૦
૧૮	ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ)	૦૫-૦૦
૧૯	ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૨૦	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૨૧	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી	

	શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૨૨	જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૮-૦૦
૨૩	કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૨૪	કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૨૫-૦૦
૨૫	કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૩૦-૦૦
૨૬	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૭	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૮	ક્રમબદ્ધપર્યાય	-
૨૯	મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૧૫-૦૦
૩૦	નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)	૧૦-૦૦
૩૧	પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત)	૧૫-૦૦
૩૨	પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત)	૧૧-૨૫
૩૩	પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	અનુપલબ્ધ
૩૪	પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	૨૫-૦૦
૩૫	પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો)	૩૫-૦૦
૩૬	પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો)	૭૫-૦૦
૩૭	પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	૬૫-૦૦
૩૮	પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	-
૩૯	પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ)	૦૩-૦૦
૪૦	પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૬-૦૦
૪૧	પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૪૨	પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૩	પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૮૫-૦૦
૪૪	પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૫	પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૬	પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૭	પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦

૪૮	પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૪૯	પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૦	પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૧	પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૨	પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૩	પ્રવચનસાર	અનુપલબ્ધ
૫૪	પ્રચારિસ્તકાય સંગ્રહ	અનુપલબ્ધ
૫૫	પદ્મનંદીપંચવિશતી	-
૫૬	પુરુષાર્થ સિદ્ધિ ઉપાય	અનુપલબ્ધ
૫૭	રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૮	રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૯	રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૬૦	રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૬૧	સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક)	૧૫-૦૦
૬૨	જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો)	૦૬-૦૦
૬૩	સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૬૪	સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૫	સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો)	૩૫-૦૦
૬૬	સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન)	૨૫-૦૦
૬૭	સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૮	સમકિતનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૩૦-૦૦
૬૯	તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ)	-
૭૦	વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૭-૦૦
૭૧	વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો)	૨૫-૦૦
૭૨	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧)	-

૭૩	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨)	-
૭૪	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩)	-
૭૫	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪)	-
૭૬	યોગસાર	અનુપલબ્ધ
૭૭	ધન્ય આરાધક	-
૭૮	અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૭૯	અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૮૦	છ ઢાળા પ્રવચન (ભાગ-૧)	૨૦-૦૦
૮૧	છ ઢાળા પ્રવચન (ભાગ-૨)	૨૦-૦૦
૮૨	છ ઢાળા પ્રવચન (ભાગ-૩)	૨૦-૦૦
૮૩	મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન)	૨૦.૦૦
૮૪	રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૫	રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૬	રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૭	રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૮	રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૦	રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૧	રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦

૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૪	રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૫	રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૬	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૭	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૮	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૯	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૦	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૧	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૨	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૩	રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૪	રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૫	રાજહૃદય (ભાગ-૧૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૬	અધ્યાત્મ સુધા (ભાગ-૮) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૦૭	અધ્યાત્મ સુધા (ભાગ-૯) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૦૮	અધ્યાત્મ સુધા (ભાગ-૧૦) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર	

	પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૦૯	અધ્યાત્મ સુધા (ભાગ-૧૧) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૧૦	અધ્યાત્મ પિપાસા (ભાગ-૧) 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૪૦.૦૦
૧૧૧	અધ્યાત્મ પિપાસા (ભાગ-૨) 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૪૦.૦૦
૧૧૧	અધ્યાત્મ પિપાસા (ભાગ-૩) 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૪૦.૦૦

श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
उपलब्ध प्रकाशन (हिन्दी)

	ग्रंथ का नाम एवं विवरण	मुल्य
०१	अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल)	-
०२	आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०-००
०३	अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन)	१५०-००
०४	आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा)	५०-००
०५	आत्मअवलोकन	-
०६	बृहद द्रव्यसंग्रह	अनुपलब्ध
०७	द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा)	३०-००
०८	दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन)	०६-००
०९	दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार)	०६-००
१०	धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन)	-
११	दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
१२	धन्य पुरुषार्थी	-
१३	धन्य अवतार	-
१४	गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति)	१५-००
१५	गुरु गिरा गौरव	-
१६	जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन)	०८-००
१७	कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
१८	कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	३०-००
१९	मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन)	०८-००
२०	मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	-
२१	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन)	१०-००
२२	निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई)	१०-००
२३	परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त)	-

२४	प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई)	०४-००
२५	परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०-००
२६	प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०-००
२७	प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०-००
२८	प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन)	२०-००
२९	प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन)	२०-००
३०	प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०-००
३१	प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०-००
३२	पथ प्रकाश	२०.००
३३	प्रवचनसार	अनुपलब्ध
३४	प्रंचास्तिकाय संग्रह	अनुपलब्ध
३५	सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक)	१५-००
३६	ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त)	-
३७	सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	१८-००
३८	सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
३९	सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	४०-००
४०	समयसार नाटक	अनुपलब्ध
४१	समयसार कलश टीका	अनुपलब्ध
४२	समयसार	अनुपलब्ध
४३	स्मरण संचिका	२०.००
४४	स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन)	२०-००
४५	तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई)	२०-००
४६	तत्थ्य	अनुपलब्ध
४७	विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन)	१०-००
४८	वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन	२०-००
४९	भगवान आत्मा	२०.००
५०	जिन प्रतिमा जिन सारखी	२०.००

५१.	छः ढाला प्रवचन (भाग-१)	२०.००
५२.	छः ढाला प्रवचन (भाग-२)	२०.००
५३.	छः ढाला प्रवचन (भाग-३)	२०.००
५४.	प्रवचनसुधा (भाग-६)	३०.००

श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

	ग्रंथ का नाम	मुल्य
०१	प्रवचनसार (गुजराती)	१५००
०२	प्रवचनसार (हिन्दी)	४२००
०३	पंचास्तिकायसंग्रह (गुजराती)	१०००
०४	पंचास्तिकाय संग्रह (हिन्दी)	२५००
०५	समयसार नाटक (हिन्दी)	३०००
०६	अष्टपाहुड (हिन्दी)	२०००
०७	अनुभव प्रकाश	२१००
०८	परमात्मप्रकाश	४१००
०९	समयसार कलश टीका (हिन्दी)	२०००
१०	आत्मअवलोकन	२०००
११	समाधितंत्र (गुजराती)	२०००
१२	बृहद द्रव्यसंग्रह (हिन्दी)	३०००
१३	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती)	१०००
१४	योगसार	२०००
१५	अध्यात्मसंदेश	२०००
१६	पद्मनंदीपंचविंशती	३०००
१७	समयसार	३१००
१८	समयसार (हिन्दी)	२५००
१९	अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित)	३०००
२०	द्रव्यदृष्टि प्रकाश (गुजराती)	१०,०००
२१	द्रव्यदृष्टि प्रकाश (हिन्दी)	७६००
२२	पुरुषार्थसिद्दिउपाय (गुजराती)	६१००
२३	क्रमबद्धपर्याय (गुजराती)	८०००
२४	अध्यात्मपराग (गुजराती)	३०००
२५	धन्य अवतार (गुजराती)	३७००
२६	धन्य अवतार (हिन्दी)	८०००
२७	परमामगसार (गुजराती)	५०००
२८	परमागमसरा (हिन्दी)	४४००
२९	वचनामृत प्रवचन भाग-१-२-३-४	५०००
३०	अनुभव प्रकाश (हिन्दी)	२०००
३१	निर्भ्रांत दर्शननी केडीए (गुजराती)	५०००

३२	निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी)	७५००
३३	गुरुगुण संभारणा (गुजराती)	३०००
३४	गुरुगुण संभारणा (हिन्दी)	७५००
३५	जिण सासणं सव्वं (गुजराती)	२०००
३६	जिण सासणं सव्वं (हिन्दी)	२०००
३७	द्वादश अनुप्रेक्षा (गुजराती)	२०००
३८	दस लक्षण धर्म (गुजराती)	२०००
३९	धन्य आराधना (गुजराती)	१०००
४०	धन्य आराधना (हिन्दी)	१५००
४१	प्रवचन नवनीत भाग-१-४ (गुजराती)	५८५०
४२	प्रवचन प्रसाद भाग-१-२	२३००
४३	पथ प्रकाश (गुजराती)	२०००
४४	पथ प्रकाश (हिन्दी)	५००
४५	प्रयोजन सिद्धि (गुजराती)	३५००
४६	प्रयोजन सिद्धि (हिन्दी)	२५००
४७	विधि विज्ञान (गुजराती)	२०००
४८	विधि विज्ञान (हिन्दी)	२०००
४९	भगवान आत्मा (गुजरात)	२०००
५०	भगवान आत्मा (हिन्दी)	१५००
५१	सम्यक्ज्ञानदीपिका (गुजराती)	१०००
५२	सम्यक्ज्ञानदीपिका (हिन्दी)	१५००
५३	तत्त्वानुशीलन (गुजराती)	४०००
५४	तत्त्वानुशीलन (हिन्दी)	२०००
५५	बीजुं कांई शोध मा (गुजराती)	४०००
५६	दूसरा कुछ न खोज (हिन्दी)	२०००
५७	मुमुक्षुता आरोहण क्रम (गुजराती)	२५००
५८	मुमुक्षुता आरोहण क्रम (हिन्दी)	३५००
५९	अमृत पत्र (गुजराती)	२०००
६०	अमृत पत्र (हिन्दी)	२५००
६१	परिभ्रमणना प्रत्याख्यान (गुजराती)	१५००
६२	परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी)	४०००
६३	आत्मयोग (गुजराती)	१५००
६४	आत्मयोग (हिन्दी)	३०००
६५	अनुभव संजीवनी (गुजराती)	१०००
६६	अनुभव संजीवनी (हिन्दी)	१०००

६७	ज्ञानामृत (गुजराती)	३५००
६८	ज्ञानामृत (हिन्दी)	१५००
६९	वचनामृत रहस्य (गुजराती)	१०००
७०	वचनामृत रहस्य (हिन्दी)	१०००
७१	दिशा बोध (हिन्दी-गुजराती)	३५००
७२	कहान रत्न सरिता (भाग-१)	१०००
७३	कहान रत्न सरिता (भाग-२)	१०००
७४	कुटुम्ब प्रतिबंध (गुजराती)	१५००
७५	कुटुम्ब प्रतिबंध (हिन्दी)	२५००
७६	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती)	१५००
७७	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी)	२०००
७८	गुरु गिरा गौरव (हिन्दी-गुजराती)	३५००
७९	समयसार दोहन (गुजराती)	७५०
८०	समकितनुं बीज (गुजराती)	१०००
८१	स्वरूपभावना (गुजराती)	१०००
८२	स्वरूपभावना (हिन्दी)	१०००
८३	सुविधि दर्शन (गुजराती)	१०००
८४	सुविधिदर्शन (हिन्दी)	१९००
८५	आत्मसिद्धि शास्त्र पर प्रवचन	१२५०
८६	प्रवचन सुधा (भाग-१) (गुजराती)	१४००
८७	प्रवचन सुधा (भाग-२) (गुजराती)	७५०
८८	प्रवचन सुधा (भाग-३) (गुजराती)	१०००
८९	प्रवचन सुधा (भाग-४) (गुजराती)	१०००
९०	प्रवचन सुधा (भाग-५) (गुजराती)	१०००
९१	प्रवचन सुधा (भाग-६) (गुजराती)	१०००
९२	प्रवचन सुधा (भाग-७) (गुजराती)	७५०
९३	प्रवचन सुधा (भाग-८) (गुजराती)	७५०
९४	प्रवचन सुधा (भाग-९) (गुजराती)	७५०
९५	प्रवचन सुधा (भाग-१०) (गुजराती)	७५०
९६	प्रवचन सुधा (भाग-११) (गुजराती)	७५०
९७	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती)	१०००
९८	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती)	१०००
९९	द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती)	१०००
१००	द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती)	१०००
१०१	राज हृदय (भाग-१) (गुजराती)	१५००

१०२	राज हृदय (भाग-२) (गुजराती)	१५००
१०३	राज हृदय (भाग-३) (गुजराती)	७५०
१०४	अध्यात्मस्धा (भाग-१) (गुजराती)	१०००
१०५	अध्यात्मसुधा (भाग-२) (गुजराती)	१०००
१०६	अध्यात्म सुधा (भाग-३) (गुजराती)	१०००
१०७	अध्यात्म सुधा (भाग-४) (गुजराती)	७५०
१०८	अध्यात्म सुधा (भाग-५) (गुजराती)	७५०
१०९	गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन)	१०००
११०	गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन)	७५०
१११	मुक्तिनो मार्ग (गुजराती)	१०००
११२	प्रवचन नवनीत (भाग-१) (हिन्दी)	१०००
११३	प्रवचन नवनीत (भाग-२) (हिन्दी)	१०००
११४	प्रवचन नवनीत (भाग-३) (हिन्दी)	१०००
११५	प्रवचन नवनीत (भाग-४) (हिन्दी)	१०००
११६	धन्य आराधक (गुजराती)	७५०
११७	छः ढाला प्रवचन (गुजराती) (भाग-१)	१०००
११८	छः ढाला प्रवचन (गुजराती) (भाग-२)	१०००
११९	छः ढाला प्रवचन (गुजराती) (भाग-३)	१०००
१२०	जिन प्रतिमा जीन सारखी	५००
१२१	स्मरण संचिका	१५००
१२२	दंसण मूलो धम्मो	३५००
१२३	प्रवचन सुधा (भाग-१) (हिन्दी)	१०००
१२४	प्रवचन सुधा (भाग-२) (हिन्दी)	१०००
१२५	प्रवचन सुधा (भाग-३) (हिन्दी)	१०००
१२६	प्रवचन सुधा (भाग-४) (हिन्दी)	१०००
१२७	प्रवचन सुधा (भाग-५) (हिन्दी)	१०००
१२८	प्रवचन सुधा (भाग-६) (हिन्दी)	१०००
१२७	धन्य पुरुषार्थी (गुजराती)	१५००
१२८	धन्य पुरुषार्थी (हिन्दी)	६५००
१२९	छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१)	१०००
१३०	राज हृदय (भाग-४) (गुजराती)	५००
१३१	राज हृदय (भाग-५) (गुजराती)	५००
१३२	राज हृदय (भाग-६) (गुजराती)	५००
१३३	राज हृदय (भाग-७) (गुजराती)	१५०
१३४	राज हृदय (भाग-८) (गुजराती)	१५०

१३५	राज हृदय (भाग-९) (गुजराती)	१५०
१३६	राज हृदय (भाग-१०) (गुजराती)	१५०
१३७	राज हृदय (भाग-११) (गुजराती)	१००
१३८	राज हृदय (भाग-१२) (गुजराती)	१००
१३९	राज हृदय (भाग-१३) (गुजराती)	१००
१४०	राज हृदय (भाग-१४) (गुजराती)	१००
१४१	राज हृदय (भाग-१५) (गुजराती)	१००
१४२	राज हृदय (भाग-१६) (गुजराती)	१००
१४३	अध्यात्म सुधा (भाग-६) (गुजराती)	१५०
१४४	अध्यात्म सुधा (भाग-७) (गुजराती)	१५०
१४५	अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती)	१५०
१४६	अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती)	१५०
१४७	अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती)	१५०
१४८	अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती)	१५०
१४९	अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती)	१५०
१५०	अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती)	१००
१५१	अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती)	१००
१५२	अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती)	१००
१५३	राज हृदय (भाग-१७) (गुजराती)	२००
१५४	राज हृदय (भाग-१८) (गुजराती)	२००
१५५	राज हृदय (भाग-१९) (गुजराती)	२००
१५६	अध्यात्म सुधा (भाग-८) (गुजराती)	१५०
१५७	अध्यात्म सुधा (भाग-९) (गुजराती)	१५०
१५८	अध्यात्म सुधा (भाग-१०) (गुजराती)	१५०
१५९	अध्यात्म सुधा (भाग-११) (गुजराती)	२००

પાઠકોની નોંધ માટે

પાઠકોની નોંધ માટે

પાઠકોની નોંધ માટે

પાઠકોની નોંધ માટે